ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# નિયમસાર

## ભાગ-૭

અધ્યાત્મયુગપુરુષ

**પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

નિયમસારજી શાસ્ત્ર ઉપરના શુદ્ધોપયોગ અધિકારની ગાથા ૧૫૯ થી ૧૮૭ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૩૧ મંગલમયી પ્રવચનો


: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ-૩૬૦૦૦૧.
ટેલી નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
| --- | --- | --- | --- |
| ૩૫ | ૨૫૪૧ | ૨૦૭૧ | ૨૦૧૪ |


**પ્રકાશન**

**શ્રી કુંદકુંદાચાર્ય પદવી દિન માગશર વદ ૮, રવિવાર, તા.૧૪-૧૨-૧૪**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦
પડતર કિંમત – રૂ. ૧૬૦
મૂલ્ય - રૂ. ૬૦

**પ્રાપ્તિ સ્થાન**

(૧) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૫૮

(૨) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ તથા મલ્ટીકલર તથા મુખપૃષ્ઠ ફોટા

**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત 'નિયમસાર' નામનું શાસ્ત્ર અધ્યાત્મપ્રધાન 'દ્વિતીય-શ્રુતસ્કંધ'ના સત્શાસ્ત્રોમાનું એક સર્વોત્કૃષ્ટ તેમજ ચારિત્રપ્રધાન શ્રેષ્ઠતમ શાસ્ત્ર છે.

પરમભટ્ટારક શાસનનાયક શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી અન્ય કેવળી તથા શ્રુતકેવળી કથિત આગમ અને અધ્યાત્મવિદ્યાનું સંકલન ચાર અનુયોગના અસંખ્ય શાસ્ત્રોમાં અનેક આચાર્યમુનિભગવંતો વડે સંપન્ન થયું. સનાતન દિગંબર જૈન સંપ્રદાયમાં કળિકાળ સર્વજ્ઞ એવા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે. આશરે ૮૪ પાહુડ શાસ્ત્રોની ભેટ તેઓશ્રીએ આપી હોવા છતાં હાલમાં ગણતરીના બાર–પંદર પાહુડ જ ઉપલબ્ધ થઈ શક્યા છે.

તેમાનાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર સમાય જાય છે. જેમ 'સમયસાર'માં શુદ્ધનયથી નવતત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ 'નિયમસાર'માં શુદ્ધનયથી જ જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ વિગેરે વિષયોનું વર્ણન છે.

વર્તમાનમાં ઉપલબ્ધ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના ઉત્કૃષ્ટ પરમાગમોમાં અપ્રતિબુદ્ધને સમજાવવા અર્થે રચાયેલા સર્વોત્કૃષ્ટ શ્રી સમયસારજીમાં દ્દષ્ટિપ્રધાન કથનથી શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. દિવ્યધ્વનિના સાર શ્રી પ્રવચનસારજીમાં જ્ઞાનપ્રધાન કથનથી તે જ સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રી નિયમસારજીમાં ચારિત્રની મુખ્યતાથી તે જ સ્વરૂપનું વર્ણન છે. વીતરાગતા પ્રગટ કરવાના પ્રયોજનથી દ્દષ્ટિ-જ્ઞાન-ચારિત્રના આશ્રયભૂત શુદ્ધાત્માનું જ વર્ણન અનેક પ્રકારે કરવામાં આવે છે.

શ્રી નિયમસારજીની તો આચાર્યદેવે પોતાના જીવનના સંધ્યાકાળમાં નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે.

આ અસાધારણ પરમાગમની ટીકા ભાવિ તિર્થાધીનાથ અતીન્દ્રિયઆનંદના રસિક ભાવલિંગી મુનિરાજ શ્રીમદ્ પદ્મપ્રભમલધારીદેવે કરી છે. જેમના મુખમાંથી પરમાગમરૂપી મકરંદ ઝરે છે એવા મુનિરાજ કહે છે કે ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા તથા શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી આ ટીકા સહજ રચાઈ ગઈ છે. ટીકાકારે શ્રી કુંદકુંદાચાર્યદેવના હ્રદયમાં રહેલા આધ્યાત્મિક ભાવોને સ્વાનુભૂતિથી પ્રમાણ કરી પરમ પારિણામિકભાવમાં રહેલ અંતર રહસ્યોને ખોલ્યા છે.

શ્રી નિયમસાર ભરતક્ષેત્રનાં ઉત્તમોત્તમ શાસ્ત્રોમાનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. બ્રહ્મચારી શીતલપ્રસાદજી વિ.સં.૧૯૭૨માં હિન્દી નિયમસારની ભૂમિકામાં ખરું જ લખે છે કે, 'આજ સુધી શ્રી કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ રત્નો જ બહુ પ્રસિદ્ધ છે. ખેદની વાત છે કે તેમના જેવું છતાં કેટલાક અંશોમાં તેમનાથી પણ ચઢિયાતું કે અધિક છે એવું નિયમસારરત્ન છે તેની પ્રસિદ્ધિ એટલી બધી ઓછી છે કે કોઈ કોઈ તો તેનું નામ પણ જાણતા નથી.'

'નિયમસાર' એટલે ભાગવતશાસ્ત્ર (ગા.૧૮૭) શ્રુતપરંપરામાં શાસ્ત્રોનું પ્રણયન શિષ્યોને સંબોધવા માટે અથવા વ્યક્તિગત ઉદ્દેશ્યથી કરવામાં આવે છે પરન્તુ આ ગ્રંથાધિરાજની રચના આચાર્યશ્રીએ પોતાના દૈનિક પાઠ માટે કરેલી હોવી જોઈએ. કેમકે આચાર્યશ્રીની ગ્રંથની છેલ્લી ઉક્તિવડે સ્પષ્ટ થાય છે કે **'णियभावणाणिमित्तं'** અર્થાત્ નિજભાવના અર્થે/નિમિત્તે પૂર્વાપર દોષોથી રહિત જિનોપદેશને જાણીને મેં 'નિયમસાર' નામનું શાસ્ત્ર રચ્યું છે.

નિયમસાર એટલે વ્યવહાર રત્નત્રયની અપેક્ષા વગરનું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ. આ ગ્રંથમાં પર્યાયની મુખ્યતાથી કથન હોવા છતાં ભાવલિંગી સંતોની દૃષ્ટિ તો તેના કારણ પર જ રહ્યા કરે છે.

ભવ્ય જીવોના ભાગ્યોદયથી આ નિયમસાર કૃતિ પર **'તાત્પર્યવૃત્તિ'** નામક સંસ્કૃત ટીકા લખનાર મહાસમર્થ મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવ મળ્યા જેઓ શ્રી વીરનંદી સિદ્ધાન્તચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની તેરમી સદીમાં થઈ ગયા છે.

આ શાસ્ત્રજીમાં ૧૮૭ ગાથાઓમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર
(૨) અજીવ અધિકાર
(૩) શુદ્ધભાવ અધિકાર
(૪) વ્યવહાર ચારિત્ર અધિકાર
(૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર
(૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર
(૭) પરમ આલોચના અધિકાર
(૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર
(૯) પરમ સમાધિ અધિકાર
(૧૦) પરમ ભક્તિ અધિકાર
(૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર
(૧૨) શુદ્ધોપયોગ અધિકાર

## શુદ્ધોપયોગ અધિકારનો ટૂંકમાં પરિચય

નિજભાવના માટે રચાયેલા નિયમસાર પરમાગમનો આ છેલ્લો અધિકાર છે. સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.

અધિકારનો શુભારંભ જ શ્રેષ્ઠ પ્રતિજ્ઞાની પ્રતીતિ કરાવે છે.

જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે. આવી ઉત્થાનિકા સાથે જ્ઞાનના સ્વ-પરપ્રકાશક સ્વભાવના રહસ્યને વાચા આપીને પછીની અનેક ગાથાઓમાં વિગતે આ અત્યંત પ્રયોજનભૂત અને સૂક્ષ્મ વિષયની વિચારણા પ્રસ્તુત કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણમાં નિશ્ચય-વ્યવહાર બંને નયોની મુખ્યતાથી તથા સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વ જેવા ભગવાનઆત્માના મૂળ ગુણધર્મોને, વિશેષતાઓને સચોટતાપૂર્વક સુસ્પષ્ટ કરવામાં આવેલી છે.

ગુણ-ગુણીમાં ભેદનો અભાવ દર્શાવતા શ્રી આચાર્ય કુંદકુંદદેવ મૂળ ગાથામાં સમજાવે છે કે,

**રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે**
**તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે.**

પછીની ગાથાઓમાં વીતરાગતાની પરાકાષ્ઠા સમજાવતા સર્વજ્ઞતા તેમજ વીતરાગતા વચ્ચેની અપૂર્વ સંધિ સ્થાપિત કરવામાં આવી છે.

સિદ્ધત્વને પામનારા, સિદ્ધિને સાધનારા કેવળી સિદ્ધભગવંતોની આગમ-અધ્યાત્મને અનુકૂળ પ્રસ્તુતીકરણ કરતા કરતા નિર્વાણ તથા સિદ્ધની વ્યાખ્યાના સંદર્ભમાં સિદ્ધિ અને સિદ્ધના એકત્વના પ્રતિપાદનરૂપ અપૂર્વ કાવ્યની (ગાથાની) રચના કરી છે. મૂળ ગાથા આ પ્રમાણે છે.

**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક અગ્રે જાય છે.**

આ શુદ્ધોપયોગ અધિકારના અંતમાં શાસ્ત્રજીના પ્રારંભે આવેલ 'નિયમ' શબ્દનો અને તેના ફળનો ઉપસંહાર કરતા ગ્રંથકર્તા ફરમાવે છે કે આ બધું કવિપણાના અભિમાનથી નહિ પણ પ્રવચનની ભક્તિથી પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. ત્યારબાદ ભવ્યજીવોને શિખામણ આપતા કહે છે કે,

**પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષ્યા વડે**
**તેના સૂણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે.**

નિજભાવના માટે લખેલા નિયમસાર પરમાગમનો ઉપસંહાર કરતા ગ્રંથકર્તા જણાવે છે કે 'મેં નિજભાવના નિમિત્તે અને અશુભ વંચનાર્થે નિયમસાર નામનું શાસ્ત્ર બનાવ્યું છે.'

આ અંતિમ શુદ્ધોપયોગ અધિકાર મૂળ ગાથાઓ ૨૭ છે, જ્યારે કળશકાવ્યો ૩૯ છે.

આ નિયમસાર શાસ્ત્ર ઉપરના સળંગ અક્ષરશઃ પ્રવચનો ૨૧૪ ટોટલ ૭ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ શાસ્ત્ર પ્રકાશન માટે અમેરિકામાં રહેતા ભાઈશ્રી **ડૉ. તનસુખભાઈ ઉદાણી**નો સ્વર્ગવાસ થવાથી તેમની ભાવના રાજકોટ મંદિરને તત્ત્વજ્ઞાન પ્રકાશન માટે દાનરાશિ આપવાની હોઈ તેમના નિમિત્તે આ ૭ ભાગ રાજકોટ દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

તરફથી પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેના માટે તેમના તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા.૭/- (સાત લાખની) દાનરાશી મંદિરને ભેટ આપવામાં આવેલી છે. તથા બીજી દાનરાશી જે મુમુક્ષુઓ દ્વારા પ્રાપ્ત થયેલ છે તેનું લીસ્ટ પણ છાપવામાં આવેલ છે. આ સર્વે મુમુક્ષુઓએ ખૂબ જ ભાવપૂર્વક દાનરાશી આપી હોય સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત સાતમા ભાગમાં ગ્રંથના શુદ્ધોપયોગ અધિકાર ઉપર થયેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અતીન્દ્રિય આનંદથી તરબોળ એવા કુલ ૩૧ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે

આ સમગ્ર પ્રવચનોનું કોમ્પ્યૂટરાઈઝ્ડ ટાઈપસેટીંગ સી.ડી. ઉપરથી અક્ષરશઃ ઉતારવાનું કાર્ય તથા ડીઝાઈનવર્ક **શ્રી નિલેષભાઈ જૈન–ભાવનગર** દ્વારા થયેલ છે તથા સમગ્ર પ્રવચનોને ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી **મણિભાઈ ગાલા, મુંબઈ** દ્વારા તથા તેમને વાંચીને યથાયોગ્ય કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી **ચેતનભાઈ મહેતા–રાજકોટ** દ્વારા થયેલ છે. જે પ્રવચનો હિન્દીમાં છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવેલા છે. આ કાર્ય બદલ સંસ્થા સર્વનો આભાર માને છે. આ પ્રવચનોમાં કાંઈપણ ક્ષતિ રહી હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

સમગ્ર પુસ્તકબાઈન્ડીંગ તથા પ્રિન્ટીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા **ધર્મેશભાઈ શાહ–રાજકોટ** દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક **http://www.atmadharma.com** પર તથા **vitragvani.com** પર મૂકવામાં આવેલ છે.

ટ્રસ્ટીશ્રી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

# મુનિવર પદ્મપ્રભમલધારિદેવ

મૂલસંઘ કુંદકુંદ અન્વય, પુસ્તકગચ્છ અને દેશીગણના વિદ્વાન આચાર્યશ્રી વીરનંદિ સિદ્ધાંત ચક્રવર્તીના તેઓ શિષ્ય હતા. તેમનું વિશેષણ 'મલધારિ' હતું. આ વિશેષ અનેક વિદ્વાન મુનિવરોને લાગેલું જોવામાં આવે છે. જેમ કે મલધારિ માધવચંદ્ર, મલધારિ બાલચંદ્ર, મલધારિ મલ્લિષેણ, મલધારિ ગંડવિમુક્તદેવ .... વગેરે.

આચાર્ય કુંદકુંદ ભગવાન પ્રણિત 'નિયમસાર' ગ્રંથની 'તાત્પર્યવૃતિ' નામની ટીકા મુનિવર શ્રી પદ્મપ્રભદેવે કરેલી છે. આ ગ્રંથના બાર અધિકાર છે. દરેક અધિકાર પૂરો થતાં મુનિરાજ લખે છે :-

**'इति सुकविजनपयोजमित्र पंचेन्द्रियप्रसरवर्जित गात्रमात्र परिग्रह पद्मप्रभमलधारिदेव विरचितायां नियमसार व्याख्यांय तात्पर्यवृतौ शुद्धोपयोगधिकारो द्वादशम् श्रुत स्कन्धः।।'**

અર્થ :- આ રીતે સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્યસમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત, દેહમાત્ર જેમને પરિગ્રહ હતો, એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત નિયમસારની 'તાત્પર્યવૃતિ' નામની ટીકામાં શુદ્ધોપયોગ નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

આમ સ્વયં મુનિરાજે પોતે જ પોતાના માટે ત્રણ વિશેષણ વાપર્યા છે. (૧) સુકવિજન પયોજમિત્ર (૨) પંચેન્દ્રિય પ્રસર વર્જિત (જિતેન્દ્રિય) અને (૩) ગાત્ર માત્ર પરિગ્રહ, અર્થાત્ શરીરમાત્ર પરિગ્રહ-નગ્ન દિગંબર નિર્ગ્રંથ મુનિ.

મુનિરાજે, ટીકાની શરૂઆતમાં (કળશ નં.૩) અને પાંચમાં અધ્યાયના અંતિમ કળશમાં (કળશ નં.૧૨૬) પોતાના ગુરુ શ્રી વીરનંદમુનિને ભક્તિપૂર્વક વંદન કર્યા છે.

આ 'તાત્પર્યવૃત્તિ' ટીકામાં, આચાર્ય અમૃતચંદ્રની જેમ, ગદ્યની સાથે પદ્યમાં અનેક મધુર, માર્મિક અને અધ્યાત્મરસ ભરેલા કળશોની રચના કરી છે. કળશ નં.૨૧૨ નો શબ્દાર્થ જોઈએ :

'જો શુદ્ધ દષ્ટિવંત (સમ્યગ્દષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમમુનિને તપમાં, નિયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઉર્ધ્વ (મુખ્ય) રહે છે. (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે, ધ્રુવમાંથી દષ્ટિ ખસતી નથી), તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશના લીધે અભિરામ (મનોહર, સુંદર) એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'

આ સંબંધમાં દિવ્યભાવશ્રુતજ્ઞાનધારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્પષ્ટતા કરતા કહે છે કે : 'અહીં ભવભયહર' 'સર્વજ્ઞ' શબ્દ હોવો જોઈએ-તેના બદલે 'ભાવિ તીર્થાધિનાથ' લખ્યું તે મુનિરાજનો પોતાનો અંતરનો ધ્વનિ છે, તે એમ સૂચવે છે કે મુનિ તીર્થંકર થઈને મોક્ષ જવાના છે.'

આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવ, કારણશુદ્ધ પર્યાય તથા સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાનનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને પ્રમોદિત કરે છે. ટીકાની ઉલ્લેખનીય વિશેષતા એ છે કે ગ્રંથકાર આચાર્યદેવે જ્યાં જ્યાં મોક્ષમાર્ગરૂપ નિર્મળ પરિણતિનું (કાર્યશુદ્ધપર્યાયનું) કથન કર્યું છે, ત્યાં ત્યાં આ ટીકાકાર મુનિરાજે તેના કારણરૂપ શુદ્ધાત્મદ્રવ્યની (કારણશુદ્ધપર્યાયની) અદ્‌ભૂત સ્પષ્ટતા કરી છે. કારણશુદ્ધપર્યાયની આટલી વિસ્તૃત સ્પષ્ટતા જિનાગમમાં, અન્યત્ર બહુ જૂજ-ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે. વળી, આચાર્યદેવે જ્યાં જ્યાં વ્યવહાર મોક્ષમાર્ગરૂપ પરાશ્રિત રાગપરિણતિનું કથન કર્યું છે. ત્યાં ત્યાં તેની સાથે વર્તતી શુદ્ધ પરિણતિનું જ્ઞાન ટીકાકાર મુનિરાજે

અનિવાર્યરૂપે કરાવ્યું છે. આ જ પ્રમાણે, અજીવ અધિકારમાં આચાર્યદેવે જ્યાં પુદ્ગલ આદિ અજીવના કથન કર્યા છે. ત્યાં શુદ્ધાત્માની અનુભૂતિની ચર્ચા કરવી, તે ખરેખર ટીકાકાર મુનિરાજની એક અદ્ભુત કથનશૈલી છે.

મુનિરાજ પદ્મપ્રભદેવે પોતાની ટીકામાં યથાસ્થાને અનેક મુનિરાજ અને વિદ્વાનોના કળશોનો, ગ્રંથકર્તાના નામ લખીને અથવા નામ લખ્યા વિના જ આધાર આપ્યા છે. તેમાં શ્રીસમંતભદ્ર, સિદ્ધસેન, પૂજ્યપાદ, અમૃતચંદ્ર, સોમદેવ, ગુણભદ્ર, વાદિરાજ, યોગીન્દુદેવ, ચંદ્રકીર્તિ, વિદ્યાનંદ તથા મહાસેન આદિ આચાર્યોના તેમજ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, અમૃતાશીતિ, ઉપાસકાધ્યયન, માર્ગપ્રકાશ, પ્રવચનસાર વ્યાખ્યા, સમયસાર વ્યાખ્યા, પદ્મનંદિ પંચવિંશતિ, તત્ત્વાનુશાસન, શ્રુતબિંદુ, વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે. આ તેમનું વિશાળ શાસ્ત્રજ્ઞાન સૂચવે છે.

પદ્મપ્રભમલધારિદેવની બીજી એક રચના પણ પ્રાપ્ત થયેલ છે. જેનું નામ 'પાર્શ્વનાથ સ્તોત્ર' છે. (બીજું નામ લક્ષ્મી સ્તોત્ર) આ સ્તોત્ર સંસ્કૃત ટીકા સહિત પ્રકાશિત થઈ ચુકી છે. તેમાં ૯ પદ્ય છે. અંતિમ પદ્યમાં કવિએ પોતાને તર્ક, નાટક, વ્યાકરણ અને કાવ્યકૌશલ્યમાં પ્રવીણ લખ્યું છે. અંતમાં પોતાનું નામ પણ બતાવ્યું છે.

**'श्री पद्मप्रभदेव निर्मितमिदं स्तोत्रं जगन्मंगलं ।।'**

મદ્રાસ પ્રાંતના 'પાટશિવપુરમ્' નામના ગામમાં, દક્ષિણ પ્રવેશદ્વાર પર સ્થિત એક સ્તંભના ખંડિત શિલાલેખમાં એક શ્લોક અંકિત કરેલો છે, જેમાં પદ્મપ્રભમલધારિદેવના દેહ-પરિવર્તનની તિથિનો ઉલ્લેખ છે.

**'सकवर्ष सप्त खेंदु क्षिति ११०७ परिमिति विश्वावसु प्रान्त फाल्गुण्यकनच्छुद्वा चतुर्थीतिथियुतभरणी सोमवाराद्ध रात्रा धिकनाऽ्येकांत्य दोल्लुं निर्म्म लभति मल्लम्टं नाम पद्मप्रभं। पुस्तक गच्छं मूलसंघं यतिपतिनुत देसीगणं मुकतनादं ।।'**

શક સંવત ૧૧૦૭ વિશ્વાવસુ, ફાગણ સુદ ૪, ભરણી, સોમવારે (વિ.સં.૧૨૪૨), ૨૪, ફેબ્રુઆરી, ઈ.સ.૧૧૮૫ના દિવસે પદ્મપ્રભમલધારિદેવનો સ્વર્ગવાસ થયો. આ લેખ પશ્ચિમી ચાલુક્ય રાજા સોમેશ્વર ચતુર્થના રાજ્યકાળ સમયનો છે. (Jainisim in South India, P.૧૫૯)

<u>મુનિવર પદ્મપ્રભમલધારિદેવનો સમય :-</u>

ઉપર મુજબના શિલાલેખના આધારે તેમજ મુનિરાજે ટીકામાં લખેલા પૂર્વવર્તી આચાર્યોના સમયનો વિચાર કરતાં, તેઓશ્રીનો સમય ઈ.સ.ની ૧૨ મી શતાબ્દિ (અર્થાત્ વિક્રમની ૧૩મી શતાબ્દિ) સિદ્ધ થાય છે.

ભાવિ તીર્થાધિનાથ શ્રી પદ્મપ્રભમલધારિદેવના ચરણોમાં કોટિ કોટિ વંદન.

********

**આધાર :**

(૧) તીર્થંકર મહાવીર ઔર ઉનકી આચાર્ય પરંપરા - ૩ પેઈજ-૧૪૫ થી ૧૪૮

(૨) જૈન ધર્મકા પ્રાચીન ઇતિહાસ ભાગ-૨ (પરમાનંદ શાસ્ત્રી) - પેઈજ-૩૨૯ થી ૩૩૧

(૩) જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ-૧ પેઈજ-૩૩૧(Sr.૩૩૩)
પેઈજ.૩૪૪ (Sr.૩૯૨-૩૯૩)

(૪) પરમાગમ શ્રી નિયમસાર

(૫) Jainisim in South India, P.૧૫૯

## અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો
## સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

**'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'**

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે – **'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'**

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે –

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે– **'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક–એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'** સિંહ સમાન વૃત્તિના

ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન **'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'**નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી **'આત્મધર્મ'** નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ **'આત્મધર્મ'** ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું **'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'** સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના

પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ. ૧૯૫૭ તથા ઇ. સ. ૧૯૬૭માં–એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં – એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના

દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ–દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હ્રદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને

તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

ટ્રસ્ટીશ્રી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૧૮૫ | ૧૮-૦૭-૮૦ | ગાથા-૧૫૯ | ૦૦૧ |
| ૧૮૬ | ૧૯-૦૭-૮૦ | ગાથા-૧૫૯ | ૦૧૪ |
| ૧૮૭ | ૨૦-૦૭-૮૦ | શ્લોક-૨૭૨, ગાથા-૧૬૦ | ૦૨૫ |
| ૧૮૮ | ૨૧-૦૭-૮૦ | શ્લોક-૨૭૩ | ૦૩૮ |
| ૧૮૯ | ૨૨-૦૭-૮૦ | શ્લોક-૨૭૩ થી ૨૭૬ | ૦૪૯ |
| ૧૯૦ | ૨૩-૦૭-૮૦ | ગાથા-૧૬૧ | ૦૬૩ |
| ૧૯૧ | ૨૪-૦૭-૮૦ | શ્લોક-૨૭૭ | ૦૭૪ |
| ૧૯૨ | ૨૫-૦૭-૮૦ | ગાથા-૧૬૨ | ૦૮૬ |
| ૧૯૩ | ૨૬-૦૭-૮૦ | શ્લોક-૨૭૮, ગાથા-૧૬૩ | ૦૯૮ |
| ૧૯૪ | ૨૭-૦૭-૮૦ | ગાથા-૧૬૪, શ્લોક-૨૭૯ | ૧૧૦ |
| ૧૯૫ | ૨૮-૦૭-૮૦ | ગાથા-૧૬૪ | ૧૨૩ |
| ૧૯૬ | ૨૯-૦૭-૮૦ | શ્લોક-૨૮૦-૨૮૧, ગાથા-૧૬૫ | ૧૩૪ |
| ૧૯૭ | ૩૦-૦૭-૮૦ | ગાથા-૧૬૬, શ્લોક-૨૮૨ | ૧૪૬ |
| ૧૯૮ | ૩૧-૦૭-૮૦ | ગાથા-૧૬૭, શ્લોક-૨૮૨ | ૧૫૯ |
| ૧૯૯ | ૦૧-૦૮-૮૦ | શ્લોક-૨૮૩, ગાથા-૧૬૮ | ૧૬૯ |
| ૨૦૦ | ૦૨-૦૮-૮૦ | ગાથા-૧૬૮-૧૬૯, શ્લોક-૨૮૪ | ૧૮૨ |
| ૨૦૧ | ૦૩-૦૮-૮૦ | શ્લોક-૨૮૫, ગાથા-૧૭૦ | ૧૯૫ |
| ૨૦૨ | ૦૪-૦૮-૮૦ | શ્લોક-૨૮૬, ગાથા-૧૭૦ | ૨૦૮ |
| ૨૦૩ | ૦૫-૦૮-૮૦ | ગાથા-૧૭૧, શ્લોક-૨૮૬-૨૮૭ | ૨૧૯ |
| ૨૦૪ | ૦૬-૦૮-૮૦ | શ્લોક-૨૮૮, ગાથા-૧૭૨ | ૨૩૨ |
| ૨૦૫ | ૦૭-૦૮-૮૦ | ગાથા-૧૭૩-૧૭૪, શ્લોક-૨૮૯-૨૯૦ | ૨૪૬ |
| ૨૦૬ | ૦૭-૧૨-૭૧ | ગાથા-૧૭૫-૧૭૬, શ્લોક-૨૯૦ થી ૨૯૨ | ૨૬૦ |
| ૨૦૭ | ૦૮-૧૨-૭૧ | ગાથા-૧૭૭, શ્લોક-૨૯૩ થી ૨૯૬ | ૨૭૮ |
| ૨૦૮ | ૦૯-૧૨-૭૧ | શ્લોક-૨૯૭, ગાથા-૧૭૮ | ૨૯૨ |
| ૨૦૯ | ૧૦-૧૨-૭૧ | ગાથા-૧૭૯, શ્લોક-૨૯૮-૨૯૯ | ૩૦૫ |
| ૨૧૦ | ૧૨-૧૨-૭૧ | ગાથા-૧૮૦ | ૩૧૯ |
| ૨૧૧ | ૧૩-૧૨-૭૧ | ગાથા-૧૮૧-૧૮૨, શ્લોક-૩૦૦-૩૦૧ | ૩૩૨ |
| ૨૧૨ | ૧૪-૧૨-૭૧ | ગાથા-૧૮૨ થી ૧૮૪, શ્લોક-૩૦૨-૩૦૩ | ૩૪૭ |
| ૨૧૩ | ૧૫-૧૨-૭૧ | ગાથા-૧૮૫-૧૮૬, શ્લોક-૩૦૪-૩૦૫ | ૩૬૨ |
| ૨૧૪ | ૧૬-૧૨-૭૧ | ગાથા-૧૮૭, શ્લોક-૩૦૬-૩૦૭ | ૩૭૬ |
| ૨૧૫ | ૧૮-૧૨-૭૧ | શ્લોક-૩૦૮ થી ૩૧૧ | ૩૯૧ |

ॐ

परमात्मने नमः।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

શ્રી

# નિયમસાર

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'નિયમસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૭)

– ૧૨ –

## શુદ્ધોપયોગ અધિકાર

### ગાથા–૧૫૯

अथ सकलकर्मप्रलयहेतुभूतशुद्धोपयोगाधिकार उच्यते।

जाणादि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।
केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।१५९।।

जानाति पश्यति सर्वं व्यवहारनयेन केवली भगवान्।
केवलज्ञानी जानाति पश्यति नियमेन आत्मानम्।।१५९।।

अत्र ज्ञानिनः स्वपरस्वरूपप्रकाशकत्वं कथंचिदुक्तम्।

आत्मगुणघातकघातिकर्मप्रध्वंसनेनासादितसकलविमलकेवलज्ञानकेवलदर्शनाभ्यां व्यवहारनयेन जगत्त्रयकालत्रयवर्तिसचराचरद्रव्यगुणपर्यायान् एकस्मिन् समये जानाति पश्यति च स भगवान्

परमेश्वरः परमभट्टारकः, पराश्रितो व्यवहारः इति वचनात्। शुद्धनिश्चयतः परमेश्वरस्य महादेवाधिदेवस्य सर्वज्ञवीतरागस्य परद्रव्यग्राहकत्वदर्शकत्वज्ञायकत्वादिविविधविकल्पवाहिनी-समुद्भूतमूलध्यानाषादः* (?) स भगवान् त्रिकालनिरुपाधिनिरवधिनित्यशुद्धसहजज्ञानसहजदर्शनाभ्यां निजकारणपरमात्मानं स्वयं कार्यपरमात्मापि जानाति पश्यति च। किं कृत्वा? ज्ञानस्य धर्मोऽयं तावत् स्वपरप्रकाशकत्वं प्रदीपवत्। घटादिप्रमितेः प्रकाशो दीपस्तावद्भिन्नोऽपि स्वयं प्रकाशस्वरूपत्वात् स्वं परं च प्रकाशयति; आत्मापि व्यवहारेण जगत्त्रयं कालत्रयं च परं ज्योतिःस्वरूपत्वात् स्वयंप्रकाशात्मकमात्मानं च प्रकाशयति।

उक्तं च षण्णवतिपाषंडिविजयोपार्जितविशालकीर्तिभिर्महासेनपण्डितदेवैः --

(अनुष्टुभ)

``यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत्।
तत्स्वार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक्।।''

अथ निश्चयपक्षेऽपि स्वपरप्रकाशकत्वमस्त्येवेति सततनिरुपरागनिरंजनस्वभावनिरतत्वात्, स्वाश्रितो निश्चयः इति वचनात्। सहजज्ञानं तावत् आत्मनः सकाशात् संज्ञालक्षणप्रयोजनेन भिन्नाभिधानलक्षणलक्षितमपि भिन्नं भवति न वस्तुवृत्त्या चेति, अतःकारणात् एतदात्मगतदर्शनसुखचारित्रादिकं जानाति स्वात्मानं कारणपरमात्मस्वरूपमपि जानातीति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः

(मंदाक्रांता)

``बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।
एकाकारस्वरसभरतोऽत्यन्तगंभीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।

---

હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

અન્વયાર્થ :– [ व्यवहारनयेन ] વ્યવહારનયથી [ केवली भगवान् ] કેવળી ભગવાન [ सर्वं ] બધું [ जानाति पश्यति ] જાણે છે અને દેખે છે; [ नियमेन ] નિશ્ચયથી [ केवलज्ञानी ] કેવળજ્ઞાની [ आत्मानम् ] આત્માને (પોતાને) [ जानाति पश्यति ] જાણે છે અને દેખે છે.

---

* અહીં સંસ્કૃત ટીકામાં અશુદ્ધિ લાગે છે તેથી સંસ્કૃત ટીકામાં તથા તેના અનુવાદમાં શંકાને સૂચવવા પ્રશ્નાર્થનું ચિહ્ન કર્યું છે.

ટીકા :– અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.

'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી સચરાચર દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે અને દેખે છે. શુદ્ધનિશ્ચયથી પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગને, પરદ્રવ્યનાં ગ્રાહકત્વ, દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી (?), તે ભગવાન ત્રિકાળ-નિરુપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને, પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ, જાણે છે અને દેખે છે. કઈ રીતે? આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વપરપ્રકાશકપણું છે. ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી સ્વ અને પરને પ્રકાશે છે; આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.

૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

[શ્લોકાર્થ :–] વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.

હવે 'स्वाश्रितो निश्चयः (નિશ્ચય સ્વાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત *નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ. (તે આ પ્રમાણે:) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી; આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને–કારણપરમાત્માના સ્વરૂપને–પણ જાણે છે.

(સહજજ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતાં તેનાં બધા ગુણો પણ જણાઈ જ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદઅપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું બધું–દર્શન, સુખ વગેરે–પર છે; તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે.)

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

* નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર.

**"[શ્લોકાર્થ :-] કર્મબંધના છેદી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું (-સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું), પોતાના અચળ મહિમામાં લીન થયું."**

## પ્રવચન નં. ૧૮૫, ગાથા-૧૫૯, શુક્રવાર, અષાઢ સુદ ૬, તા.૧૮-૦૭-૮૦

'નિયમસાર' શુદ્ધોપયોગ અધિકાર. અહીં એ કહેવું છે કે આત્મા પરનું તો કાંઈ કરી શકતો નથી. પોતામાં પોતાની પર્યાયમાં પર્યાય ઉલટપલટ કરી શકે છે. પરમાં તો કાંઈ કરી શકતો નથી. અને પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! ક્યાં લઈ જવું છે! પરને જાણે છે એ પરમાં તન્મય થઈને જાણતો નથી, પરથી ભિન્ન રહીને જાણે છે. પોતાના અસ્તિત્વમાં સ્વ અને પરને જાણવાની તાકાત છે તો પોતાના અસ્તિત્વમાં જ જાણે છે. પરના અસ્તિત્વથી અને અસ્તિત્વમાં જાણતો નથી. આહાહા..! પરનું તો કરી શકતો નથી. નિશ્ચયથી તો પોતાના રાગનો પણ કર્તા નથી. પર્યાયદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિમાં કર્તા છે. આહાહા..! સ્વભાવદૃષ્ટિમાં એનો કર્તા નથી. આહાહા..! એવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં સ્વ-પરને જાણવું પોતાથી સ્વતઃ થાય છે. એ વાત ચાલે છે.

ફરીને લઈએ. '**पराश्रितो व्यवहारः**' જેટલો પરાશ્રિત હોય એ બધાને વ્યવહાર કહે છે. '**એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન...**' આહાહા..! '**પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં...**' નિમિત્તથી કથન છે. '**ઘાતિકર્મોના નાશ વડે...**' પોતાના ગુણમાં ઘાત કરવામાં નિમિત્ત છે. એ નિમિત્તને પણ પોતાના ગુણથી ઘાત કરીને. એને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. પરનો ઘાત કરવો એ પોતાના અધિકારની વાત નથી. એ પરમાણુની પર્યાય પોતાના પલટવાના કાળે પલટે છે. અહીંયાં રાગ-દ્વેષ ન કર્યો તો એણે પલટાવી, એણે કર્મનો નાશ કર્યો એમ વ્યવહાર કહેવામાં આવે છે. ઓહોહો..! અહીં સુધી વ્યવહાર. અહીં તો હજી બહારનું આ કરવું.. આ કરવું.. ને આ કરવું... આહાહા..! પરનું તો કાંઈ કરતો નથી પણ પોતામાં રાગ થાય છે એનો પણ પરમાર્થે કર્તા નથી. પરમાર્થે તો એને જાણનાર પણ નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્વપરપ્રકાશક શક્તિ હોવાથી પોતાને જાણે છે. પરને જાણે છે એમ કહેવું એ વ્યવહારનય છે.

'**વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી...**' ત્રિલોકવર્તી, ત્રિકાળવર્તી. આહાહા..! ત્રણલોકમાં વર્તનારા અને ત્રણકાળમાં વર્તનારા '**સચરાચર...**' આહાહા..! '**દ્રવ્યગુણપર્યાયોને...**' દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની

શક્તિ, પર્યાય એટલે એની અવસ્થા. પ્રત્યેક દ્રવ્ય, ગુણ, પર્યાયને એક સમયમાં જાણવાની તાકાત છે. **'એક સમયે જાણે છે અને દેખે છે.'** આહાહા..!

**'શુદ્ધનિશ્ચયથી પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞ વીતરાગને, પરદ્રવ્યનાં ગ્રાહકત્વ,...'** પરદ્રવ્યના જાણનારા અને પરદ્રવ્યના દેખનારા **'પરદ્રવ્યનાં ગ્રાહકત્વ, દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરેના (પરદ્રવ્યને દેખવું અથવા ગ્રહણ કરવું વગેરે) વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી...'** મૂળમાં છે નહિ. આહાહા..! પરને ગ્રહણ કરવું, પરને જાણવું, પરને દેખવું... આહાહા..! એ પોતાના મૂળ ધ્યાનમાં નથી. **'તે ભગવાન ત્રિકાળ-નિરુપાધિ...'** આહાહા..! નિર અવધિ–મર્યાદારહિત **'નિત્યશુદ્ધ...'** ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય અને પર્યાય સાદિઅનંત.

**'નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને,...'** આહાહા..! નિજ કારણપરમાત્મા, ત્રિકાળી ચીજ, ધ્રુવ ચીજ.. આહાહા..! **'પોતે કાર્ય(રૂપ) પરમાત્મા હોવા છતાં પણ,...'** આહાહા..! પોતાના સ્વરૂપમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન **'કાર્યપરમાત્મા હોવા છતાં પણ, જાણે છે અને દેખે છે.'** પોતાને દેખે-જાણે છે. આહાહા..! પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું તોપણ પોતાને દેખે-જાણે છે. આહાહા..! **'કઈ રીતે? આ જ્ઞાનનો ધર્મ તો,...'** આ જ્ઞાનનો સ્વભાવ, જે જ્ઞાન પોતાનો સ્વભાવ, એનો સ્વભાવ ધર્મ **'દીવાની માફક,...'** દીવાની પેઠે. પોતાના જ્ઞાનનો સ્વભાવ દીવાની માફક... આહાહા..! **'સ્વપરપ્રકાશકપણું છે.'** જેમ દીવો પોતાને પ્રકાશે અને ઘટપટાદિ પદાર્થને પ્રકાશે છે. એમ આત્મા પોતાને જ્ઞાન-દર્શનરૂપ જાણે છે. પોતાને જાણે છે. આહાહા..!

**'ઘટાદિની પ્રમિતીથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં...'** ઘટાદિની પ્રમિતીથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં. પરપણે પ્રકાશેલી ચીજથી દીવો કથંચિત્ ભિન્ન છે. આહાહા..! **'ઘટાદિની પ્રમિતીથી પ્રકાશ-'** આહાહા..! **'દીવો (કથંચિત્) ભિન્ન...'** સ્વથી ભિન્ન છે. પોતાને જાણે છે અને જાણનાર, એમ કથંચિત્ ભિન્ન છે. આહાહા..! પોતાને જાણે છે અને જાણનાર પણ પોતે, એ પણ કથંચિત્ ભિન્ન છે. આહાહા..! તો પરચીજની વાત ક્યાં કરવી? પરચીજ તો ભિન્ન જ છે. આહાહા..! પરચીજની સાથે કાંઈ સંબંધ નથી, સ્પર્શ નથી. પરચીજ સાથે સ્પર્શ નથી, પ્રવેશ નથી. આહાહા..! પોતાની ચીજમાં દીવો જેમ પ્રમિતીથી અને પ્રમાણ, પોતે પોતાને જાણે અને જાણવાયોગ્ય, એમ કથંચિત્ ભિન્ન પડે છે. આહાહા..! **'ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી...'** દીવાનો પ્રકાશ સ્વયં છે. આહાહા..! **'સ્વ અને પરને પ્રકાશે છે;...'** આહાહા..! દીવો પોતામાં રહીને સ્વ અને પરને પ્રકાશે છે. આહાહા..!

**'આત્મા પણ...'** આ થોડી ઝીણી વાત છે. **'જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને...'** આહાહા..! પ્રકાશસ્વરૂપ હોવા છતાં, ચૈતન્યનો પ્રકાશ સ્વભાવ, જાણવાનો સ્વભાવ એમ હોવા છતાં પણ... આહાહા..! **'આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી**

**વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને...'** આહાહા..! ઝીણી વાત બહુ! પોતાનો પ્રકાશ સ્વભાવ સ્વપરપ્રકાશક હોવા છતાં પણ પરને વ્યવહારથી જાણે-દેખે છે. **'ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.'** વ્યવહારથી. પોતાને અને પરને જાણવું એ બેમાં વ્યવહાર થયો. આહાહા..! પોતાને પણ જાણે અને પરને પણ જાણે એ વ્યવહાર થઈ ગયો. પરને જાણવું એ (વ્યવહાર થઈ ગયો). સમજાય છે આ? ઝીણી વાત બહુ! આહાહા..! ચૈતન્યજ્યોત.... દીવો જેમ પોતામાં રહીને પોતાને પ્રકાશે છે અને ઘટપટાદિને પ્રકાશે છે. એ પોતામાં રહીને એ વ્યવહાર. એમ જ્યોતિરૂપ ચૈતન્ય આત્મા પોતાને જાણે છે અને ત્રિલોક અને ત્રિકાળ જે પોતાથી ભિન્ન છે એને વ્યવહારથી જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :– પરને તો વ્યવહારથી જાણે અને પોતાને તો નિશ્ચયથી જાણે છે.

ઉત્તર :– પોતાને નિશ્ચયથી. વ્યવહાર થઈ ગયો ને? પરવસ્તુ એ વ્યવહાર. સ્વવસ્તુ એ નિશ્ચય. સ્વને જાણવું એ નિશ્ચય, પરને જાણવું એ વ્યવહાર. આહાહા..! પરને પોતાના માનવા એ તો મિથ્યાત્વ છે. આહાહા..! અને પોતાના સ્વભાવમાં પરથી કાંઈ થાય છે, મારામાં પરથી ફેરફાર થાય છે એ પણ મિથ્યાભ્રાંતિ છે. પણ પોતામાં જાણવાની તાકાત છે એ ત્રિકાળ અને ત્રિલોકને જાણે.. આહાહા..! એને પણ વ્યવહાર કહેવામાં આવે છે. ઓહોહો..! અહીં સુધી ક્યાં જાય? હજી તો અહીં પરનું કરવું છે, આખો દિ' પરનું કરવું અને મદદ કરવી, સહાય કરવી, પરના કાર્ય કરવા, તે વિના રળી શી રીતે શકાય? પચ્ચીસ-પચાસ હજારનો બાર મહિને ખર્ચ હોય. એ બધું રળે, દુકાન ચલાવે, આ કરે, આ કરે, તો એ બધું થાય કે નહિ? આહાહા..! કાંઈ થતું નથી. એ પચ્ચીસ-પચાસ હજારનું આવવું કે ન આવવું એ પરમાણુની પર્યાયની તાકાત છે.

ગુજરાતીમાં એમ કહેવામાં આવે છે ને? હિન્દીમાં પણ છે. દાને દાને પે લિખા હૈ ખાનેવાલે કા નામ. નામ છે? પણ એ ચીજ જે આવવાની હશે એ આવશે. એક પરમાણુનો ફેરફાર નહિ થાય. જેટલા પરમાણુ જેટલા પ્રમાણમાં આવવાના હશે એ આવશે, નહિ આવવાના હોય એ નહિ આવે. આત્મા એમાં કાંઈ લાવી શકે કે ઘટાડી શકે કે ફેરફાર કરી શકે (નહીં). આહાહા..! દાળ-ભાત, રોટલી ખાવામાં પણ ઓછું ખાવી અને વધુ ખાવી એ આત્મા નથી કરી શકતો.

મુમુક્ષુ :– ચાવીને તો ખાવું જોઈએ ને?

ઉત્તર :– આત્મા ચાવી શકતો જ નથી ને. આત્મા પરને ચાવી શકતો જ નથી. પરને અડતો જ નથી. આહાહા..!

દુનિયામાં તો એમ કહેવાય છે કે પેટમાં કાંઈ દાંત નથી. માટે બરાબર ચાવીને ખાવું કે જેથી અંદર જઈને પચે. આહાહા..! બધું ખોટું છે. એક પરમાણુને દબાવી શકે કે અડી શકે એમ બનતું નથી. આહાહા..! આ તો વીતરાગનો માર્ગ છે. વીતરાગ–ત્રણકાળનું જ્ઞાન, ત્રિકાળી સર્વજ્ઞ પરમાત્મા જાણે છે બધું. પણ કહે છે કે સર્વને જાણે એમ કહેવું એ વ્યવહાર છે.

આહાહા..!

મુમુક્ષુ :– પરને જાણે એ વ્યવહાર...

ઉત્તર :– પર છે ને? જેમાં તન્મય થઈને ન જાણે એ વ્યવહાર છે. આત્મા શરીરને તન્મય થઈને નથી જાણતો. આત્મા અરૂપી, શરીર રૂપી. આહાહા..! દાળ-ભાત, રોટલી રૂપી, જડ અને આત્મા ચૈતન્ય. એ ચૈતન્ય પરને અડીને ખાય છે-પીવે છે એમ છે નહિ. આહાહા..! લ્યો, આવી વાત! પરથી તો બિલકુલ પાંગળો છે. પોતામાં પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે. પર માટે તો પાંગળો છે.

મુમુક્ષુ :– પરમાત્મા તો સર્વશક્તિમાન છે.

ઉત્તર :– એ પોતાની શક્તિમાં. પોતાની શક્તિ પોતાનામાં. એ પ્રશ્ન પણ ઉઠ્યો છે કે આત્મામાં તો અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ હોવી જોઈએ, એ લાવો તો શું તકલીફ છે? પરનું કરી શકે એવી એક શક્તિ હોય તો શું તકલીફ છે? એ પણ પ્રશ્ન ઉઠ્યો હતો શાસ્ત્રમાં. પોતાને જાણે છે એમ પરને પણ જાણે અને પરનું કરી શકે, અનંત શક્તિ છે તો એમાં એક શક્તિ આ લેવી. પણ એવી શક્તિ હોતી નથી. આહાહા..!

પોતાના સ્વરૂપમાં પરનો તો કર્તા નથી, રાગનો કર્તા નથી પણ રાગને અને પરને જાણે એ પણ વ્યવહાર છે. આહાહા..! જાણવું એ વ્યવહાર છે. કરવાનું તો છે જ નહિ. આહાહા..! આવો માર્ગ કોને રુચે! આખો દિ' કામ કરવું હોય. હવે અંદરથી ભિન્ન પડીને મડદું થઈ જાય. પરને માટે તો મડદું થઈ જાય ત્યારે થાય. આહાહા..!

**'આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ...'** આહાહા..! ત્રણકાળને જાણે એ પણ વ્યવહાર છે. આહાહા..! વસ્તુને જાણે એ તો વ્યવહાર છે પણ ત્રણકાળને જાણે એ પણ વ્યવહાર છે. કેમકે પર ચીજ છે. આત્મા પોતાને પોતામાં જાણે છે એ પણ એક ભેદ છે, વ્યવહાર છે. એ પહેલા આવી ગયું. આત્મા આત્માને જાણે એ પણ વ્યવહાર છે. એ તો જ્ઞાયક જ્ઞાયક જ છે, બસ. આહાહા..! એ પહેલા આવી ગયું. સમજાણું કાંઈ?

પરનો કર્તા નથી, પરને જાણતો નથી, પોતામાં પોતાને જાણે છે, જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર પણ અભૂતાર્થ છે. જ્ઞાયક જ્ઞાયક છે. જાણનાર જાણનાર છે, બસ. કોને જાણે એ પ્રશ્ન નથી. જાણનાર છે. આહાહા..! પોતાને જાણે છે એ પણ વ્યવહાર છે. અરે..! પહેલું આવી ગયું છે. 'સમયસાર'માં. આવી વાત બેસવી. વ્યવહાર ક્રિયાકાંડમાં આખો દિ' રચ્યાપચ્યા (હોય). એક તો દુકાનમાં આખો દિ' રચ્યાપચ્યા હોય, એમાંથી થોડો વખત લઈને સાંજે સામાયિક કરવી. એકાદ સાંજે અને એકાદ સવારે ઉઠીને. એ પથરણું પાથરીને નમો અરિહંતાણં... તિકખુત્તો.. એમ કરીને થઈ ગઈ સામાયિક, થઈ ગયો ધર્મ, લ્યો! અરે..! ભાઈ એ ધર્મ નથી. આહાહા..!

પોતાની ચીજ પરને અડતી નથી તો પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. શું કીધું? પોતાની ચીજ પરને અડતી નથી તો પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર

છે. આહાહા..! પોતામાં ભેદ પાડવો કે જ્ઞાન આત્માને જાણે એ પણ વ્યવહાર છે. એ સદ્‌ભુત વ્યવહાર છે. પરને જાણે એમ કહેવું એ અસદ્‌ભુત વ્યવહાર છે. આહાહા..! હવે આવો ધર્મનો ઉપદેશ! આખો દિ' આ કરવું-કરવું ચાલે એમાં કાંઈક જાણવામાં પણ તું તને જાણે છો અને જાણનારો જાણનારને જાણે એવો ભેદ પણ વ્યવહાર (છે). આહાહા..! પરને જાણે એ તો વ્યવહાર છે જ. કેમકે પરને કદી અડતો નથી અને એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કદી પ્રવેશ કરતું નથી. આહાહા..! અને એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! વીંછી કરડે તો વીંછી શરીરને અડ્યો નથી. સર્પ કરડે તો સર્પ શરીરને અડ્યો પણ નથી. આહાહા..! હવે અહીં આટલે બધે જાવું! નવરાશ ક્યાં?

મુમુક્ષુ :– ઝેર તો ચડી જાય છે ને?

ઉત્તર :– ઝેર ચડે છે એ તો પોતાના પરમાણુમાં (ફેરફાર થાય છે). એ પોતાના પરમાણુને કારણે છે. એવી ચીજ આકરી છે. અનંત પરમાણુ પોતામાં છે. પોતામાં એ પર્યાય થવાની હોય તો એ નિમિત્ત છે. નિમિત્તથી કાંઈ થયું નથી. આહાહા..! આકરી વાત છે. દુનિયાથી જુદી જાત છે. સત્યને તો સત્ય રાખવું જોઈએ. સત્યને અસત્ય કરવાથી તને લાભ નહિ થાય. આહા..!

જ્યોતિસ્વરૂપ ભગવાનઆત્મા, જાણન-દેખન સ્વભાવ એ પરને જાણે-દેખે કહેવું એ વ્યવહાર છે. કેમકે પરમાં તન્મય થઈને જાણતો નથી, પરને અડીને જાણતો નથી. પરમાં પ્રવેશીને જાણતો નથી. પોતામાં પ્રવેશ કરીને પોતાને જાણે છે. આહાહા..! આવો વ્યવહાર ધર્મ! અહીં તો કહે, એકેન્દ્રિયની દયા પાળો, બેઇન્દ્રિયની દયા પાળો, તસ્સમિચ્છામી દુક્કડમ કરો, પાપ લાગ્યું હોય તો. આહાહા..! તસ્સઉતરી કરણેણ પ્રાયશ્ચિત કરણેણ વિસોહિ કરણેણ કાયોત્સર્ગ કરો. અહીં કહે છે, શરીરને હલાવી શકતો નથી એમાં શું કરે? કાયોત્સર્ગ તો એને કહીએ કે રાગરૂપી પરિણામ છે એને પણ અડે નહિ અને પોતાના આનંદમાં રહેવું એ કાયોત્સર્ગ છે. આહાહા..! ક્યાં બહારની અને ક્યાં અંતરની ચીજ! બહુ ફેર થઈ ગયો.

એ કહે છે. '**પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.**' આહાહા..! વ્યવહારથી ત્રિલોકને અને ત્રિકાળરૂપ પરને '**તથા સ્વયં પ્રકાશસ્વરૂપ (હોવાથી) આત્માને (પોતાને) પ્રકાશે છે.**' આહાહા..! છે છેલ્લી લીટી? '**૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**' આહાહા..! નીચે ભાઈએ લખ્યું છે. ટીકામાં કાંઈક અશુદ્ધિ છે. '**વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે.**' એ શ્લોકનો અર્થ છે. આહાહા..!

વસ્તુનો યથાર્થ નિર્ણય (અર્થાત્) જેવી ચીજ છે એવો નિર્ણય થવો એનું નામ સમ્યગ્જ્ઞાન છે. ભગવાને કાંઈ બનાવ્યું નથી. કોઈ ભગવાને કાંઈ કર્યું નથી. વાણી પણ ભગવાને બનાવી નથી. આહાહા..! વાણી પણ વાણીને કારણે નીકળી છે. ભગવાને જાણ્યું છે તો સ્વપરપ્રકાશક પોતાની શક્તિ છે. વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે. એ વાણી વાણીથી નીકળે છે. ભગવાનના મુખને કારણે નહિ. હમણા છાપામાં એની ચર્ચા ચાલી હતી. કોઈ કહે કે,

ભગવાનના મુખારવિંદથી વાણી નીકળે છે. મુખારવિંદ ભાષા બધે ઠેકાણે આવે છે. આ શબ્દ ઘણી જગ્યાએ આવે છે. મુખારવિંદથી વાણી નીકળે છે. મોટી ચર્ચા ચાલી છે. હમણા લખાણ આવે છે. કોઈ કહે કે મુખારવિંદથી નહિ, આખા શરીરમાંથી નીકળે છે. ભગવાનને વાણી નીકળે એ આખા શરીરમાંથી નીકળે. ૐ ધ્વનિ છૂટે છે. એ સત્ય છે. આહાહા..! પોતાથી નીકળે છે. પરથી નથી નીકળતી. આહાહા..! વાણી પણ પોતાને કારણે નીકળે છે. ભગવાન તો વાણીમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ કે નિમિત્ત વાણીને કાંઈ કરતું નથી. વાણીને જ્ઞાન અડતું પણ નથી. કેવળજ્ઞાનીનું જ્ઞાન... આહાહા..! એ વાણીને અડતું પણ નથી. તો ભગવાન વાણીના કહેનાર છે એ તો વ્યવહારનું કથન છે. આહાહા..! ઓહોહો..!

ભેદજ્ઞાન ઝીણી વાત છે, ભાઈ! પદાર્થને જેવો છે એવો ભિન્ન, ભિન્નરૂપ જેમ પદાર્થ રહે, જાણનાર પરને જાણે છતાં ભિન્ન રહે છે, તેથી પરને જાણવું વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..! પરને જાણવાના કાળમાં આત્મા પોતાનું જ્ઞાન પરમાં તન્મય નથી કરતો, પરને અડતું નથી, ચુંબતું નથી. આહાહા..! તો પરને જાણે કહેવું એ તો વ્યવહાર છે. પોતાને જાણે એ નિશ્ચય સદ્‌ભુત વ્યવહાર છે. ઓલો તો અસદ્‌ભૂત જૂઠો વ્યવહાર છે. આહાહા..! આકરી વાતું! આ બધી ભગવાનની વાણી ને શાસ્ત્ર બનાવ્યું એ માનવું કે નહિ? 'ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' નિમિત્ત-નિમિત્તના કથન તો એવા આવે છે, પણ એને સમજવું જોઈએ. નિમિત્ત વ્યવહારનું કથન તો આવે છે.

ભગવાનને આવો અતિશય હતો. અતિશય તો અતિશયમાં છે, ભગવાન ભગવાનમાં છે. આહાહા..! બહુ વાત ઝીણી! ભગવાન દિવ્યધ્વનિથી બોલતા હતા, ૐકારથી બોલતા હતા. એ પણ વ્યવહાર છે. ૐ ૐકારથી સ્વતંત્ર નીકળે છે. આત્મા સ્વતંત્ર પોતાના જ્ઞાનમાં જાણે છે. બસ. આહાહા..! આટલે બધે (પહોંચવું). હજી આ હાથને હલાવી શકે નહિ, એને આમ કરી શકે નહિ, આંગળીથી આમ થયું જ નથી. એની પર્યાય એવી થવાની હતી તો થઈ તો નિમિત્ત કહેવામાં આવ્યું. નિમિત્ત છે તો આમ થયું, એમ છે નહિ. આહાહા..! વીતરાગની વાણી આકરી ઘણી. દરેક વસ્તુ જેવી છે એવી જાણી અને જાણીને વાણીમાં પ્રકાશ કરવાનો સ્વભાવ ધર્મ છે તો પ્રકાશિત થઈ. આહાહા..! તેથી વાણીને પણ વ્યવહારથી (પૂજ્ય કહી છે). પહેલા 'સમયસાર'માં આવી ગયું. વ્યવહારથી પૂજ્ય છે. આહાહા..! આત્મા બોલી શકે નહિ, બોલે છે એને જાણી શકે નહિ. આહાહા..! કેમકે ભાષા પર છે, આત્મા પર છે. તો પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! હવે જાણે છે કે નથી જાણતું, બેને નક્કી તો કરવું કે નહિ?

મુમુક્ષુ :– પહેલા જ્ઞાનને જાણે.

ઉત્તર :– કોણ જાણે? પ્રભુ પોતાને જાણે છે. વ્યવહારથી જણાય છે. પોતાની પર્યાયમાં એ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં પોતાને કારણે પ્રગટ થયું છે. એ ચીજ છે તો ચીજની અસ્તિથી અહીંયાં જ્ઞાન પ્રગટ્યું એમ નથી. આહાહા..! એ પરચીજનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન

થયું છે. પોતાના જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી. આહાહા..! અહીં સુધી લઈ જવું.

**'વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે.'** શ્લોકનો અર્થ. છે? શ્લોકનો છે? શ્લોકનો અર્થ. પહેલો શ્લોક છે ને. **'તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક,...'** એ સમ્યગ્જ્ઞાન દીવાની માફક **'સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે...'** જાણનાર છે. આહાહા..! **'તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** આહાહા..! જાણવાની ક્રિયા... આહાહા..! કથંચિત્ ચેતનદ્રવ્યથી ભિન્ન છે. આહાહા..! પ્રમિતિ જે જાણવાની ક્રિયા છે, તો જાણવાની ક્રિયા તો એક સમયની છે. વસ્તુ ત્રિકાળી છે. ત્રિકાળીમાં એ પર્યાયનો પ્રવેશ નથી. અને એ પર્યાયની ઉત્પત્તિ પોતાથી છે, દ્રવ્યથી પણ નથી. આહાહા..! બધી વાતું આવી હવે લખવા જાય કે દિ'? યાદ રાખે કે દિ'? આહાહા..! સંપ્રદાયમાં તો બહારની વાત. એકેન્દ્રિય(ની દયા) કરો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. અને એ કરતા-કરતા.. એ ક્રિયા હું કરું છું એમ માનવું એ મિથ્યાત્વ છે. આહાહા..! હું પથરણું પાથરું છું, હું ણમો અરિહંતાણં બોલું છું... આહાહા..! બધું મિથ્યાત્વ છે. ગજબ વાત છે, પ્રભુ! કેટલાકે તો આવી વાત કદી સાંભળી નથી. આહાહા..!

અહીં તો કહે છે, **'પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** પોતામાં જાણવાની પર્યાયથી પણ દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે. પર્યાય તો એક સમય રહે છે અને દ્રવ્ય તો ત્રિકાળ છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો કથંચિત્ અભિન્ન પણ કહ્યું.

ઉત્તર :- એ એની પર્યાય છે ને? એ અપેક્ષાએ. પણ પર્યાય અને દ્રવ્ય એક નથી. આહાહા..! પર્યાયની એક સમયની મુદ્દત, દ્રવ્યની ત્રિકાળ મુદ્દત. આહા..! તો પોતાની જાણવાની શક્તિ પર્યાયમાં થઈ એ જાણવાની શક્તિ પણ પરથી તો નહિ, પરને તો જાણતો નથી પણ જાણવાની શક્તિ દ્રવ્યની છે એ કથંચિત્ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

જાણનાર જાણે છે. પરને અને સ્વને બેયને પૂર્ણ સ્વરૂપ ભગવાન જાણે છે. પણ પરને જાણવું એ પરને અડતો નથી. પર તરફ ઉપયોગ ગયો નથી. ઉપયોગ તો સ્વ તરફ છે. ભગવાનનો ઉપયોગ તો સ્વ તરફ છે. પરમાં ઉપયોગ નથી. અને સ્વ તરફના ઉપયોગમાં પરનું જ્ઞાન થઈ ગયું. આહાહા..! એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! આવું ઝીણું! આ છેલ્લો અધિકાર ઝીણો છે.

સવારમાં આવ્યું હતું ને પ્રકૃતિનું એ ઝીણું હતું. પ્રકૃતિ પૂર્વે બાંધેલી બધાને સરખી હોય નહિ. જેને જેટલી જે પ્રકૃતિ હોય એટલી. બંધાયેલી હોય એ ઉદયમાં આવે એને આત્મા ભોગવતો નથી. આહાહા..! અહીં તો ખાવું, પીવું, ઓઢવું, પહેરવું બધી ક્રિયા હું કરી શકું છું. આહાહા..!

વાત એ છે, તું છે કોણ? તું છે કોણ? અને તારામાં છે શું? તું આત્મા છો અને તારામાં જ્ઞાન છે. તું આત્મા છો અને આત્મામાં જ્ઞાન છે. તો એ જ્ઞાન જાણે. એ પોતાને જાણે એ નિશ્ચય. કેમકે પોતામાં તન્મય છે. પણ મેં મને જાણ્યો એ પણ ભેદ છે. આહાહા..! જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એ પહેલા આવી ગયું. જ્ઞાયક જ્ઞાયક જ છે. જ્ઞાયક પોતાને જાણે અને પરને જાણે એમ નથી, જ્ઞાયક તો જ્ઞાયક છે. આહાહા..! હવે એને પરની દયા પાળવાનું

કહેવું, સત્ય બોલવું, શરીરથી બ્રહ્મચર્ય પાળવું, શરીરને બ્રહ્મચર્યમાં અટકાવી રાખવું. આ ક્રિયા જડની છે એ પોતાથી અટકે છે? પોતાથી થાય છે? પોતાથી થાય છે તો પોતાથી અટકે? વાત આવી છે, બાપુ! ભગવાનનો માર્ગ જેમ બહુ ખુલ્લો કરવા જાય તો બહુ ઝીણો છે. આહાહા..!

એક પરમાણુમાં અનંત ગુણ, એક આત્મામાં અનંત ગુણ. એ ગુણ અનંત કહેવું એ પણ ભેદ છે. ગુણ-ગુણીનો ભેદ પાડવો એ પણ વ્યવહાર છે. આહાહા..! અરે..! ગુણ-ગુણીનો ભેદ પાડીને રહેવું એ પણ વિકલ્પ છે. આહાહા..! હું જ્ઞાયક છું એમ કહેવું અને એ વિકલ્પમાં રહેવું એ પણ વિકલ્પ છે. આહાહા..! હું ગુણી છું અને આ ગુણ છે એ પણ વિકલ્પ છે. પછી દ્રવ્ય છે અને ગુણ છે અને પર્યાય છે, એ પણ વિકલ્પ છે, રાગ છે. આહાહા..!

અહીં તો જાણનાર જાણે છે, પોતાથી પ્રમિતિને જાણે છે એ પણ ભેદ વ્યવહાર છે. આહાહા..! આવ્યું ને અંદર? '**પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.**' જાણવાની પર્યાયથી તો ભિન્ન છે પણ પોતાનો આત્મા કથંચિત્ ભિન્ન છે. આહાહા..! અહીં તો એ પરપદાર્થમાં લીધું છે. '**દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.**' આહાહા..! દીવાનો પ્રકાશ, દીવો અને એનો પ્રકાશ પ્રકાશે છે એ પણ ભિન્ન થઈ ગયું. એ પણ સદ્‌ભુત વ્યવહાર છે. આહાહા..! દીવો પરને પ્રકાશે છે એ તો અસદ્‌ભુત વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે. આહાહા..! એમ આત્મા પરને જાણે છે એ અસદ્‌ભુત વ્યવહાર-જૂઠો વ્યવહાર છે. આત્મા પોતાની પર્યાયને જાણે છે એ પણ અસદ્‌ભુત વ્યવહાર છે. આહાહા..! હવે અહીં વાત ક્યાં લેવી? નવરાશ ન મળે.

આવો વખત ચાલ્યો જાય છે. મૃત્યુની સમીપ જાય છે. દેહની છૂટવાની જે મુદ્દત છે એ સમય ફરે એવો નથી. લાખ ઇન્દ્ર ઉતરે અને કોઈ દવા, ઇંજેક્શન લગાવી દે ને 'અમેરિકા' લઈ જાય અને ફલાણે લઈ જાય. અત્યારે લઈ જાય છે ને? ફલાણી દવા માટે 'અમેરિકા' લઈ જાય, 'ઇંગ્લેન્ડ' લઈ જાય, 'લંડન' લઈ જાય. આહાહા..! લાખ લઈ જાય. જે પર્યાય જે કાળે જે થવાની તે થવાની. તેને ફેરફાર કરવા ઇન્દ્ર, નરેન્દ્ર અને જિનેન્દ્ર સમર્થ નથી. આહાહા..! આવી વાત વીતરાગ સિવાય બીજે સાંભળવા મળે નહિ. વીતરાગ પરમાત્મા સિવાય (બીજે ક્યાંય છે નહિ.) પાગલ જેવું લાગે.

પ્રત્યક્ષ કરીએ છીએ ને? એ કીધું ને તે દિ' એ વાત થઈ હતી. 'ચીમન ચકુ' કહે, લ્યો, આ કર્યું. નથી કરી શકતા... નથી કરી શકતા... અરે..! પણ પ્રભુ! ધીમો–ધીમો થા. આમ કર્યું એમાં શું થયું? અંદરમાં શું થયું? આમાં શું થયું? બે પદાર્થ ભિન્ન છે કે નહિ? આ શરીર પદાર્થ ભિન્ન છે અને આત્મા અંદર ભિન્ન છે. તો આત્માની પર્યાય આત્મામાં થઈ છે, શરીરની પર્યાય શરીરમાં થઈ છે. 'બાબુભાઈ'! કહે કે આ કર્યું, લ્યો. શું કર્યું તેં? તું કોણ છો? ક્યાં છો? એ તો આત્મા છે. આત્મામાં તો પર્યાય થઈ. હું કહું એ પર્યાય થઈ ભલે. પણ

એ પર્યાય આત્મામાં રહી અને આ થઈ એ તો એની પર્યાયમાં થઈ. તો આત્માની પર્યાય એની પર્યાય કરે છે એ બિલકુલ જૂઠ છે. આહાહા..! એ તો મોટો વકીલ છે. (સંવત) ૧૯૯૭ન સાલની વાત છે, હોં! ઘણો વખત થઈ ગયો. ૩૯ વર્ષ થયા. મંદિર થાતું હતું ત્યારે હતા. આહાહા..!

**'હવે स्वाश्रितो निश्चयः' 'स्वाश्रितो निश्चयः'** છે? **'(નિશ્ચય સ્વાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.'** આહાહા..! પોતાનો, હોં! અંદર પોતામાં. **'નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર.' 'નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...'** એ ત્યાં પડ્યો છો પ્રભુ તું. **'લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.'**

**'(તે આ પ્રમાણે :) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા,...'** શું કહ્યું સમજાણું? પરની વાત નથી, હોં! નિશ્ચયનયથી સ્વપરપ્રકાશકપણું છે. એટલું. આ શું કહ્યું? કે પોતાથી પોતામાં નિશ્ચયથી સ્વપરપ્રકાશક છે જ. પરને પ્રકાશે એ અત્યારે પ્રશ્ન નથી. નિશ્ચયથી પોતામાં પોતાના કારણે સ્વપરપ્રકાશક જાણવું એ નિશ્ચયથી પોતામાં પોતાને કારણે છે. પરને કારણે નથી. આહાહા..! આવી વાત! શું કહ્યું?

ફરીને. **'स्वाश्रितो निश्चयः' '(નિશ્ચય સ્વાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.'** શું કીધું? જ્ઞાન તો પોતામાં જ રહે છે. સ્વપરપ્રકાશકપણું પણ પોતામાં છે. પરને લઈને પરપ્રકાશકપણું છે કે પરને જ્ઞાન સ્પર્શે છે માટે પરપ્રકાશક છે એમ છે નહિ. નિશ્ચયનયથી તો પોતામાં સ્વપરપ્રકાશક એ સ્વરૂપ જ એનું છે. એ તો પોતાનું સ્વતઃ સ્વરૂપ છે. આહાહા..! એ નિશ્ચયથી, હોં! સ્વપરપ્રકાશક એ તો પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ સ્વપરપ્રકાશક સ્વભાવ તો નિશ્ચયથી પોતાનો જ છે. સમજાણું કાંઈ? જ્યાં અહીં વ્યવહારને નિશ્ચય કહી દીધો. કેમ?

**'નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ...'** વ્યવહાર તો ઠીક પરને જાણે પણ **'નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.'** શું? પરનો પ્રકાશ એમ નહિ. અહીંયાં સ્વભાવ નિશ્ચયથી તો સ્વપરપ્રકાશકપણું અંદર છે. એ પોતાનો સ્વભાવ પોતામાં છે. પરને પ્રકાશે માટે સ્વપરપ્રકાશક છે એમ નથી. આહાહા..! આવું ઝીણું ક્યાં વાંચવા જાય? હીરા-માણેકના થોથા આડે નવરાશ ક્યાં છે? 'શાંતિભાઈ'ને ...

મુમુક્ષુ :- જ્ઞાન ...

ઉત્તર :- જ્ઞાન પોતે. જ્ઞાનનો સ્વભાવ સ્વપ્રકાશક નિશ્ચયથી છે. પરને પ્રકાશે એમ કહેવું એ વ્યવહાર છે. પણ આનો સ્વભાવ નિશ્ચયથી સ્વપરપ્રકાશક નિશ્ચય સ્વભાવ છે. સમજાય છે કાંઈ? પરને જાણવું એ અહીં અત્યારે નથી. અહીંયાં તો આત્માનો સ્વભાવ નિશ્ચયથી સ્વપરપ્રકાશક નિશ્ચયથી છે, એ પરને પ્રકાશે માટે પરપ્રકાશક છે એમ નહિ. એ પરપ્રકાશક અને સ્વપ્રકાશક પોતાનો સ્વભાવ જ છે. આહાહા..! સમજાય છે? 'વાડીભાઈ'!

એક કોર એમ કહેવું કે પરને પ્રકાશે એ વ્યવહાર છે. એ બીજી વાત. એ તો પરને પ્રકાશે છે પણ અડતો નથી. પણ આ સ્વપરપ્રકાશક નિશ્ચય તો સ્વતઃ સ્વભાવ છે. પરને લઈને નહિ. પરને પ્રકાશે છે માટે નહિ. સ્વપરપ્રકાશક નિશ્ચયથી પોતાનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત ક્યાં (છે)? પ્રભુ ત્રિલોકનાથ જિનવરદેવની. વળી અહીં નિશ્ચયથી '**નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...**' શું કહ્યું? કે પરપ્રકાશકની પર્યાય કાંઈ પરમાં લીન નથી. સમજાણું કાંઈ? પરપ્રકાશકની અને સ્વપ્રકાશકની પર્યાય પરમાં લીન નથી. એ સ્વપરપ્રકાશકની પર્યાય પોતામાં લીન છે. આહાહા..! સમજાણું કાંઈ?

ફરીથી, '**(જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...**' જ્ઞાન જ્ઞાનમાં લીન છે. અને જ્ઞાનનો સ્વભાવ નિશ્ચયથી સ્વપરપ્રકાશક છે. પરને પ્રકાશે એ અત્યારે વાત નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! નિશ્ચય પરને પ્રકાશે તે જ્ઞાન આત્મામાં પોતાથી પોતામાં લીન છે. એ જ્ઞાન કોઈ પરને પ્રકાશે માટે પરમાં જાય એમ છે નહિ. આહાહા..! ઝીણી વાત છે.

જ્ઞાન તો અહીંયા છે અને પરપ્રકાશક કહેવું, પરને પ્રકાશક કહેવું એ વ્યવહાર છે. પણ પરની પ્રકાશકની પર્યાય પોતામાં લીન છે. એ પરપ્રકાશકની પર્યાય પરથી ઉત્પન્ન થઈ નથી અને પરમાં નથી. સમજાણું કાંઈ? આ લાકડીને જાણવું, એમ આ લાકડીને જાણવું એ વ્યવહાર. પણ લાકડી સંબંધીનું જ્ઞાન આવ્યું એ જ્ઞાન તો આત્મામાં લીન છે. એ તો સ્વપરપ્રકાશક નિશ્ચયથી પોતે પોતાનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક કોર કહેવું સ્વપરપ્રકાશક એ વ્યવહાર છે. બીજી કોર કહેવું, એ સ્વપરપ્રકાશક એ પોતાનો સ્વભાવ પરને કારણે નહિ. એ પોતાનો સ્વભાવ છે માટે નિશ્ચયપક્ષ છે. આહાહા..! આવી વાત છે. આ જુવાનિયાઓને સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :– જુવાનિયાને તો જલ્દી સમજાય.

ઉત્તર :– આવી વાત જિંદગીમાં આવી પણ ન હોય ને.

કહે છે : બે વાત. જ્ઞાન પોતાનું. એ જ્ઞાન પરને જાણે એમ કહેવું એ વ્યવહાર. તો નિશ્ચય અને વ્યવહાર બે થયા. પણ પરને જાણનાર જ્ઞાન એ પરમાં લીન નથી. એ તો પોતામાં છે. નિશ્ચય અને વ્યવહાર બેય પોતામાં છે. આહાહા..! સમજાણું કાંઈ? માટે નિશ્ચયથી... આહાહા..! પર સંબંધી જ્ઞાન અને પોતા સંબંધી જ્ઞાન, એમાં આત્મા લીન છે. પરમાં લીન નથી. પરને જાણે છે તો પરમાં લીન નથી. પરને જાણવાની શક્તિની લીનતા તો પોતામાં છે. આહાહા..! એ માટે તેને નિશ્ચયનયથી '**નિશ્ચયનયપક્ષે પણ...**' શું કીધું ? એમ કેમ કહ્યું? કે વ્યવહારથી તો પરને જાણે એ તો ઠીક પણ નિશ્ચયથી પણ સ્વપરપ્રકાશક સ્વભાવ લીનતા પોતામાં છે. આહાહા..! 'પણ' કહ્યું ને 'પણ'? પરની અપેક્ષા લઈને પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ સ્વપર જાણવાની શક્તિ છે એ પોતામાં લીન છે. એ પરપ્રકાશક શક્તિ કાંઈ પરમાં લીન નથી. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૮૬, ગાથા-૧૫૯, શનિવાર, અષાઢ સુદ ૭, તા.૧૯-૦૭-૮૦**

શુદ્ધોપયોગ અધિકાર. પહેલું તો એમ આવ્યું કે પરાશ્રિત વ્યવહાર. ભગવાનને કેવળજ્ઞાન થાય છે. એ પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે પરમાં તન્મય થતા નથી. લોકાલોકને જાણતાં લોકાલોક સાથે તન્મય નથી. તન્મય તો પોતાના જ્ઞાન-દર્શનની સાથે છે. એથી લોકાલોકને જાણે છે એ વ્યવહાર છે. એ પહેલું આવ્યું હતું–પરાશ્રિત. આહાહા..! આવી વાત. પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રને પોતાને પોતે જાણે છે. એ એક અપેક્ષાએ વ્યવહાર છે. પોતે વસ્તુ અને પોતાનો ધર્મ, એને જાણવો એ અપેક્ષાએ વ્યવહાર છે. અને બીજી અપેક્ષાએ વ્યવહાર છે. અહીં જુઓ!

''**स्वाश्रितो निश्चयः**' '**(નિશ્ચય સ્વાશ્રિત છે' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...**' આહાહા..! કેવળજ્ઞાન પોતામાં લીનતા છે. કેવળજ્ઞાન પરને જાણે છે (પરંતુ) પરમાં તન્મય નથી. આહાહા..! હવે આવું જાણવું.. કારણ કે '**નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.**' શું કહે છે? '**નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.**' એ પરને જાણવું અને પોતાને જાણવું એ પોતાનું છે. કાંઈ પરને જાણે એ કાંઈ પર નથી. એ અપેક્ષાએ સ્વ-પરને જાણવું એ નિશ્ચય છે. એ તો પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ પર સંબંધી પોતાનું જ્ઞાન અને નિશ્ચય સંબંધી પોતાનું જ્ઞાન, એને જાણે એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? આહાહા..! વિષય ચાલ્યો ન હોય માટે (અઘરો લાગે). અહીં તો નિશ્ચયપક્ષે... ત્યાં સુધી આવ્યું ને? '**નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.**' આહાહા..!

'**(તે આ પ્રમાણે :) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી...**' પોતાનું જ્ઞાન, એનું જાણવું એ લક્ષણ છે. આત્મા તો સર્વને જાણે છે. અને આ તો એક જાણવું-દેખવું એક એક ગુણનું લક્ષણ છે. એ ગુણના લક્ષણથી આત્માથી સંજ્ઞા લક્ષણથી ભિન્ન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! હવે આવું (સમજવા) ક્યાં નવરાશ? આત્મા પોતાને જાણે છે એ સ્વપરપ્રકાશક છે એ નિશ્ચય છે. એ તો પરને પ્રકાશે છે એમ કહેવું વ્યવહાર છે. બાકી પર અને સ્વ બેનો પ્રકાશક આત્મા નિશ્ચયથી પોતામાં છે.

એ જીવશક્તિમાં (સર્વજ્ઞશક્તિમાં) આવ્યું છે ને? ભાઈ! સર્વને જાણે તે આત્મજ્ઞ. ૪૭ શક્તિ. આત્મજ્ઞાનની શક્તિ આવી છે. ત્યાં એમ કહ્યું છે કે જ્ઞાન સર્વને જાણે છે પણ છે આત્મજ્ઞાન. એ પરનું જ્ઞાન નથી. એ આત્માના જ્ઞાનમાં જ સ્વ-પરને જાણવું આવી ગયું. પરની અપેક્ષા એમાં લેવી એ વ્યવહાર થઈ ગયો. આહાહા..! આવું ઝીણું. અને નિશ્ચયથી પોતે પોતાને જાણે એ નિશ્ચય છે. પણ પોતાના એક એક જ્ઞાન-દર્શન-આનંદ, એના ભિન્ન

ભિન્ન લક્ષણ છે. તોપણ એને જાણે એ પણ નિશ્ચય છે. ભાષા તો સાદી પણ હવે... આહાહા..! આ પરની સાથે શું સંબંધ છે? આ તો જડ વાણી, મન, પુણ્ય-પાપ એ બધું ભિન્ન છે. અંદર વસ્તુ ચૈતન્ય પ્રભુ અનંતગુણનું ધામ તદ્દન ભિન્ન છે. હવે એ આત્માને નિશ્ચયથી સ્વપરપ્રકાશક જાણવાનો પોતાનો સ્વભાવ (છે). એમાં એકલું પરને જાણવું કહેવું એ વ્યવહાર (થયો). બાકી પર અને સ્વને જાણવાનો સ્વભાવ પોતાનો છે. માટે નિશ્ચયથી પોતાને જ જાણે છે, પરને નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં નિશ્ચય અને વ્યવહાર. ઓલી ક્રિયાકાંડમાં નિશ્ચય અને વ્યવહાર વળી ક્યાં ગયા. દયા, દાન, ભક્તિ, વ્યવહાર એ પુણ્ય. એ ધર્મ નહિ. અને એનાથી ભિન્ન આત્માનો આશ્રય કરવો એ ધર્મ. હવે એ ધર્મ અને પુણ્ય નિશ્ચય-વ્યવહાર જુદો, આ જુદી ચીજ. આહાહા..! આ તો પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ એ પર અને સ્વને જાણે છે એ પોતાની ચીજ પોતામાં છે. પોતાને જાણે છે તો સ્વપરપ્રકાશક શક્તિ પોતાની છે. નિશ્ચયથી પોતાને જ જાણે છે. વ્યવહારથી (જાણે છે) એમ નહિ. અને એના જ્ઞાન-દર્શનને જાણવું એવા આત્માના જ્ઞાન-દર્શનાદિના લક્ષણ ભિન્ન, નામ ભિન્ન પણ વસ્તુ અભિન્ન છે. નિશ્ચયથી પોતાના ધર્મને પણ જાણે છે. આહાહા..! વ્યવહારથી એમ કહેવાય છે કે ગુણીનો ગુણ ભિન્ન છે. પણ અહીં તો કહે છે કે ગુણના નામ ભલે ભિન્ન ભિન્ન હોય પણ છે આત્માની અંદર. એ આત્માને જ જાણે છે. નિશ્ચયથી પોતાને જ જાણે છે. આહાહા..! આવી વાત માટે નવરાશ ક્યાં? આહાહા..!

એમાં શું કહેવું છે? કે પર ઉપર લક્ષ કરવું નહિ. સ્વપરપ્રકાશક છે એ કારણથી પર ઉપર લક્ષ કરવું એ એમાં આવતું નથી. એ તો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે? સ્વપરપ્રકાશકમાં પર આવ્યું તો એકલા પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ સ્વ અને પરને જાણવાનો તો પોતાનો સ્વભાવ છે. પરને જાણે એ કાંઈ પરનો સ્વભાવ નથી. પરને જાણે એ પરનો સ્વભાવ નથી. પરને જાણવાનો અને સ્વને જાણવાનો સ્વભાવ પોતાનો છે. નિશ્ચયથી સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. આહાહા..! આવી વાત છે. આ શુદ્ધોપયોગ અધિકાર. અહીં સુધી ચાલ્યું છે.

'**નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.**' ત્યાં સુધી આવ્યું છે. '**નિશ્ચયપક્ષે પણ...**' છે? પોતાને જ જાણે છે. એ પરને જાણે એમ કહેવું એ અપેક્ષિત વ્યવહાર છે. પણ પર સંબંધી અને પોતા સંબંધી જે જ્ઞાન છે એ પોતાનું છે. પોતે પોતાને જાણે છે. પરને જાણે છે એમ નહિ. આહાહા..! હવે આમાં વેપારીને નવરાશ (ન મળે). આવો આત્મા.. સ્વતંત્ર આત્મા બતાવે છે.

ભાઈ! તું પરને જાણે એમ છે નહિ. પરનું કરવું અને પરને અડવું એ તો છે જ નહિ. ત્રણકાળમાં નથી. આહાહા..! પણ પરને જાણે એમ વ્યવહાર કહેવામાં આવે છે. પણ

પરને જાણે એ જ્ઞાન પોતાનું છે. પોતાના જ્ઞાનમાં સ્વપર જાણવાની શક્તિ પોતાની છે. તો નિશ્ચયથી સ્વપરપ્રકાશક પોતાનું છે. સમજાણું કાંઈ? આહાહા..! આ કાંઈ હીરાના કામમાં આવું કાંઈ આવે નહિ. આમાં શું કામ આવે ત્યાં? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારી ચીજમાં જે ભિન્ન ભિન્ન ધર્મ છે ને? ગુણ ભિન્ન ભિન્ન છે ને? એ ગુણના નામ ભલે ભિન્ન હોય, છતાં ગુણ અને ગુણી નિશ્ચયથી તો એક જ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભિન્ન નથી. આમ જ્યાં લઈએ તો એમ લેવાય કે ગુણી આત્મા અને ગુણ, એમ જો ભેદ કરીશ તો વિકલ્પ થશે. એ જુદી ચીજ છે, એ જુદી ચીજ છે. આહાહા..! અહીંયાં તો પોતે અને પોતાનો ધર્મ એટલે ગુણ, બેયને જાણે એ નિશ્ચય છે. આહાહા..! અહીંયાં નજર કરવાની છે, બહાર નજર કરવાની નથી. પરને જાણે માટે પર ઉપર લક્ષ કરવું, પર ઉપર ઉપયોગ જાય તો પરને જાણી શકે એમ છે નહિ. આહાહા..! પોતા ઉપર લક્ષ કરવાથી સ્વ અને પરને બેયને જાણવાનો નિશ્ચયથી પોતાનો સ્વભાવ છે. તો નિશ્ચયનયથી પણ પોતાને જ પ્રકાશે છે. પરની વાત નથી. આહાહા..! હવે અહીં સુધી જાવું.

હજી તો આખો દિ' પરનું કરી શકું, કરું છું, આ કર્યું... ને આ કર્યું... ને આ કર્યું... ને આ કર્યું... અને હું ન હોત તો ન થાત. આ બે દિ' મારે બહાર જાવું પડ્યું એમાં પાછળથી આ બધું અવ્યવસ્થિત થયું. રાડું પાડે છે ને એમ? અહીં કામ બરાબર ન થાય, પોતે ક્યાંક બહાર ગયા હોય. બહાર ગયા હોય. એ બે દિ'માં આ બરાબર ઠીક ન ચાલ્યું. આટલું કામ કરવું જોઈએ એ કામ એટલું થયું નહિ. આહાહા..! કોણ કરે? આહાહા..! ત્યાં હાજરી હોય તો જાજું થાય અને હાજરી વિના થોડું થાય છે, એવી કોઈ ચીજ છે નહિ. આહાહા..! જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થવાની હોય તે થાય છે. એને કોઈ કાળ કે પરની અપેક્ષા નથી. આહાહા..! એવો સ્વભાવ છે. પ્રભુ! તારે નજર તો દ્રવ્ય ઉપર કરવાની છે. ભલે એ પરને જાણવાનો સ્વભાવ રાખે પણ પરમાં ઉપયોગ ન લગાવવો. આહાહા..! અહીં એ કહેવું છે.

સ્વપરને જાણવાનો ઉપયોગનો સ્વભાવ છે. પણ પરને જાણે માટે પર ઉપર ઉપયોગ દેવો પડે, એમ નથી. સમજાણું કાંઈ? આવો ધર્મ. શું કહ્યું? એક તો પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. વ્યવહારથી કહેવાય છે. કેમકે જાણવામાં આવે એમાં એ ચીજ નિમિત્ત છે માટે એને વ્યવહાર કહે છે. પણ પરને જાણે એ પર છે માટે પરને જાણે છે એમ નથી. પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી સ્વ અને પરને પોતામાં રહીને પોતાને કારણે જાણે-દેખે છે. આહાહા..! આવું આકરું કામ છે. દુનિયાને આકરું પડે. નિવૃત્ત સ્વરૂપ તદ્દન પ્રભુ (છે).

૪૭ શક્તિમાં તો લીધું છે કે આત્મા સર્વજ્ઞાનમય એ આત્મજ્ઞાનમય છે. શબ્દ એમ

લીધા છે ને? આત્મા સર્વને જાણે છે પણ એનો અર્થ એ છે કે એ આત્મજ્ઞાનમય છે. એ પરને જાણે માટે પરનું જ્ઞાન છે એમ છે નહિ. પરનું અને સ્વનું જ્ઞાન પોતામાં પોતાથી થયું છે. તો એ સ્વ અને પરનું જ્ઞાન એ આત્મજ્ઞાનમય છે. સ્વ અને પરનું જ્ઞાન એ આત્મજ્ઞાનમય છે. સ્વપરનું જ્ઞાન પર તરફના વલણને કારણે પરનું છે એમ છે નહિ. આહાહા..! આવી ધર્મની વાત હવે. નવરાશ ન મળે. ઓલા એકેન્દ્રિય, બેઇન્દ્રિય કરતા હતા સામાયિક થઈ સવારમાં. સાંજે પડિક્કમણા. પર્યુષણ આદિ હોય, ધર્મના દિ' હોય એટલે થઈ ગયો ધર્મ.

અરે..! પ્રભુ! તારી ચીજ આટલી કિંમતી છે. અનંત... અનંત... અનંતગુણથી ભરેલો (ભગવાન છે). એ દરેક ગુણના નામ, લક્ષણ ભલે ભિન્ન હોય છતાં એ સ્વપ્રકાશક જ છે. પરપ્રકાશક નથી. આત્મા અને ગુણ, બે ભિન્ન પડ્યા અને ગુણ પર અને આત્મા સ્વ એમ ભિન્ન નથી. જ્યારે વિચાર કરવો હોય ત્યારે ગુણી આત્મા અને ગુણ જ્ઞાન-દર્શન એવા ભેદ પાડવાથી વિકલ્પ ઉઠે છે. એ તો રાગી પ્રાણી છે તેથી. પણ વસ્તુનું સ્વરૂપ જુઓ તો પોતાના ધર્મને પણ જાણે અને પોતાને પણ જાણે, બેય નિશ્ચય છે.

પોતાથી જુદો ધર્મ એવું લક્ષણ આવ્યું કે આત્માનું નામ જ્ઞાન. આત્માનું નામ આત્મા અને જ્ઞાનનું નામ જ્ઞાન. આત્માનું નામ આત્મા, સમકિતનું નામ સમકિત. એવા નામ અને લક્ષણ ભેદ પડ્યા માટે વ્યવહાર છે એમ નથી. આવી વાતું છે. કઈ જાતનો આ ધર્મ હશે! વીતરાગનો ધર્મ આવો છે, ભાઈ! આહાહા..! કઈ અપેક્ષાથી કહ્યું? એ અહીં છેલ્લે કહ્યું. આહાહા..!

ત્રીજી લીટી. '**(તે આ પ્રમાણે :) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન...**' જ્ઞાન, આત્માથી પ્રયોજન અપેક્ષાએ ભિન્ન છે. આત્મા સર્વ ગુણનો આશ્રય છે. જ્ઞાન એક ગુણ છે. જ્ઞાનનો જાણન સ્વભાવ છે. આત્માનો અનંત ગુણનો સ્વભાવ છે. આત્માનું નામ આત્મા છે. જ્ઞાનનું નામ જ્ઞાન છે. નામફેર પણ છે. આહાહા..! છે? '**સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા,...**' સંજ્ઞા એટલે નામ. નામફેર પણ છે. આત્માને આત્મા કહીએ અને જ્ઞાનને જ્ઞાન કહીએ, એવા નામભેદ છે. સંજ્ઞા, સંજ્ઞા છે ને? એ સંજ્ઞાનો અર્થ નામભેદ છે. કોઈ દિ' વાંચ્યું ન હોય તો ખબર પણ ન હોય. વાંચવા ક્યાં નવરા છે? પુસ્તક તો હશે, પડ્યું હશે. આહાહા..! ઝીણી વસ્તુ બહુ, બાપુ! અંદરમાં ઊંડે ઉતરે ત્યારે કાંઈક પકડાય એવું છે. ઉપરટપકે પકડાય એવું નથી. આહાહા..!

કહે છે, '**સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ...**' છે. '**ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી)...**' જ્ઞાનનું પ્રયોજન જાણવું અને આત્માનું પ્રયોજન અનંતગુણને જાણવું. આહાહા..! '**(તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી;...**' આહાહા..! એ જ્ઞાન કોઈ શાસ્ત્રનું જ્ઞાન નથી, કોઈ ધારણાનું જ્ઞાન એ નહિ. આહાહા..! એ જ્ઞાન તો એનો

સ્વભાવ છે. છતાં સ્વભાવ અને સ્વભાવવાન, અથવા જ્ઞાન જાણવું અને જ્ઞાન નામ અને આત્માનું નામ આત્મા, એમ સંજ્ઞાભેદ હોવા છતાં... આહાહા..! અને લક્ષણભેદ છે. જ્ઞાનનું જાણવું (લક્ષણ) અને આત્માનું લક્ષણ જ્ઞાન છે. આહા..! લક્ષણ અને પ્રયોજનભેદ છે. જ્ઞાનનું એકને જ જાણવું એ પ્રયોજન છે, આત્માનું સર્વને જાણવાનું પ્રયોજન છે. શું કહે છે? આત્મા અને આત્માનો ગુણ. એ ત્રણમાં સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન ભિન્ન હોવા છતાં સ્વ છે. પરપ્રકાશક નથી. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનને માટે જ્ઞાન સ્વ અને બીજા ગુણો પર કહેવાય.

ઉત્તર :– એ જુદી વાત છે. એ તો જાણવા માટે છે. જ્ઞાન પોતે પોતામાં છે. નિશ્ચયથી પોતે જ્ઞાન છે અને જ્ઞાન બીજાને જાણે એ પણ નિશ્ચયથી. એ નિશ્ચય છે. એ જ આવે છે, જુઓ!

**'(તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી;...'** વસ્તુ અખંડપણે તો જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન, સમકિત તે આત્મા અને આત્મા તે સમકિત, આનંદ તે આત્મા ને આત્મા તે આનંદ (એમ) અભિન્ન વસ્તુ છે. જરીક ઝીણું છે, ભાઈ! કોઈ દિ' અભ્યાસ કર્યો નથી. એટલે આ તો અંતરમાં ઠેઠની વાત કરી. આહાહા..! એ તો 'નિયમસાર' આચાર્ય મહારાજ કહે છે, મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..! આકરું કામ છે. અપૂર્વ કામ છે એમ લ્યો. પૂર્વે કદી નહિ નક્કી કરેલી એવી વાત છે. આહાહા..! આચાર્ય એમ કહે છે કે, મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..! એમાં આ આવ્યું છે.

આત્મા, નામ આત્મા. જ્ઞાનના ગુણનું નામ જ્ઞાન. એમ સમકિતનું પ્રતીત પ્રયોજન, આત્માનું સર્વ ગુણનું પ્રયોજન. એમ ભિન્ન હોવા છતાં નિશ્ચયથી એક જ છે. આમ જુઓ તો એક ગુણ અને ગુણીનો ભિન્ન વિચાર કરે તો વિકલ્પ ઉઠે છે. એ જુદી વસ્તુ છે. શું કીધું? આત્મા અને આ જ્ઞાન, એમ ગુણ-ગુણીનો વિચાર કરતાં વિકલ્પ ઉઠે છે. જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે, ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત કરવી હોય, એને આત્મા જ્ઞાન અને આત્મા જ્ઞાનસ્વરૂપ એવો ભેદ કરવો નહિ. એવો ભેદ કરવા જશે તો રાગ થશે. આહાહા..! અહીંયાં કહે છે કે એ ભેદ છે એ બધા એક છે. ભલે નામ, લક્ષણ અને પ્રયોજન, ગુણ અને ગુણીમાં ત્રણેમાં ફેર છે. છતાં વસ્તુ નિશ્ચયથી પોતાની છે. આહાહા..! આવી વાત! ધર્મના નામની આવી વાતું! બાપુ! એ વસ્તુ બતાવે છે. એ ધર્મ અને ધર્મી વસ્તુ છે. ધર્મી છે એ એક છે અને ધર્મ એના ગુણ છે એ અનંત છે. એ અનંત અને એક એમ બે નામ ભલે જુદા પડે, છતાં એ અનંત એકરૂપે જ છે. અને એક અનંતરૂપે જ છે. નિશ્ચયથી સ્વસ્વરૂપે જ છે. આહાહા..!

મુમુક્ષુ :– અનુભવ વગર આ વાત છે?

ઉત્તર :– વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! અનુભવ કરે કે ન કરે, અનુભવ થઈને પછી ધંધાના વિકલ્પમાં ભલે હો. પણ વસ્તુ તો આવી છે. આહાહા..!

પહેલા એ આવ્યું હતું, **'पराश्रितो व्यवहारः'** અહીંયાં (આવ્યું) **'स्वाश्रितो निश्चयः'**. **'स्वाश्रितो निश्चयः'**માં પરનું જ્ઞાન એ પરમાં-વ્યવહારમાં ગયું. અને બીજી રીતે પરનું જ્ઞાન પોતાનું છે તો નિશ્ચયમાં ગયું. આહાહા..! આવી વાત છે. જરીક ઝીણી છે.

**'આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલા) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે...'** જ્ઞાન પોતાના ગુણને જાણે છે એ નિશ્ચય છે. જ્ઞાન પોતાના ગુણને જાણે એ પણ નિશ્ચય છે. આહાહા..! ગુણભેદ છે. જ્ઞાન, દર્શન, આનંદ ગુણભેદ છે. ભેદ છે તો પરને જાણે છે એ વ્યવહાર છે પોતાનો ગુણ, એમ નથી. પરને જાણે એ વ્યવહાર છે. પોતાના ગુણ અને પોતાના ગુણ સિવાય બીજા ગુણ એ બધાને જાણવું નિશ્ચય છે. આહાહા..!

આવું નવરાશ ક્યાં હતી? ધંધા આડે નિવૃત્તિ લે નહિ. છોકરા-બોકરા સરખા કામ કરે પછી આપણે નિવૃત્તિ લઈ લઈશું. છોડી દીધું એટલે શું? કે છોકરા કરે છે. એ અમારે ત્યાં પણ એમ હતું ને. બધે ઘરે ઘરે એમ જ છે. આહાહા..! 'હસમુખ' તો એમ કહે કે આ છોકરો સરખે કામે ચડી જાય તો આપણે.. એમનેમ મરી ગયો સનેપાત કરીને. આહાહા..! સનેપાત થઈ ગયો. બે લાખની પેદાશ. દસ લાખ રૂપિયા રોકડા. ગયો ક્યાંય. અરે..રે..! કોઈની ક્યાં પડી છે? આહાહા..!

નિશ્ચય અને વ્યવહાર બેને સમજાવે છે. જે પરને જાણે એ વ્યવહાર કહ્યો તેથી એ કાંઈ પરનું જ્ઞાન છે એમ નથી. એ જ્ઞાન તો પોતાનું જ છે. પણ પોતાના જ્ઞાનમાં પર જણાય છે એ અપેક્ષાએ પરનું કહ્યું. બાકી પરનું અને સ્વનું જ્ઞાન નિશ્ચય તો પોતાનું જ છે. અને અનંત ધર્મના નામ-લક્ષણ ભિન્ન છે અને દ્રવ્યનું નામ-લક્ષણ ભિન્ન છે. એમ ભિન્ન હોવા છતાં નિશ્ચયથી પોતાને જ જાણે છે. આહાહા..! ભિન્ન છે માટે વ્યવહાર છે, અહીંયાં એ નથી. છતાં વસ્તુ ભિન્ન નથી.

**'આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને—કારણપરમાત્માના સ્વરૂપને—પણ જાણે છે.'** જુઓ! સ્વઆશ્રયની વાત ચાલે છે. ઉપર લખ્યું ને પહેલી લીટીમાં? **'स्वाश्रितो निश्चयः'**. એનો આ અર્થ ચાલે છે. પોતાના ધર્મને જાણે અને પોતાને જાણે એ બધું નિશ્ચય છે. આહાહા..!

પરનું કરવું એ તો ક્યાંય રહી ગયું. પરને તો અડતો પણ નથી. આહાહા..! શરીરને કોઈ દિ' અનંતકાળમાં અડ્યો નથી. કેમ બેસે? દાળ, ભાત, રોટલા, શાક, મોસંબી, મેસુબ એને કોઈ દિ' ત્રણકાળમાં આત્મા અડ્યો નથી. એને અડ્યો પણ નથી, એને સ્પર્શતો જ નથી. કેમકે એક દ્રવ્ય અને બીજા દ્રવ્યની વચ્ચે અભાવ છે. અત્યંત અભાવ છે એમાં એકબીજાને અડે ક્યાંથી? આહાહા..! આ વાત છે. એક થપાટ આમ મારી. તો કહે કે

આ થપાટ ગાલને અડી જ નથી.

મુમુક્ષુ :– ગાલ રાતો થઈ ગયો.

ઉત્તર :– ગાલ તો એને કારણે થયો. એના કારણે લાલ થાય છે. આ તો આને અડ્યો જ નથી. આવી વાત છે.

દ્રવ્ય અનંત છે ને? વેદાંતની જેમ સર્વવ્યાપક માને છે, એકાંત મિથ્યાદષ્ટિ (માને છે) એમ નથી. વેદાંત એક સર્વવ્યાપક માને, પર્યાયને માને નહિ. એ તો મિથ્યાદષ્ટિ છે. એક બાવો હતો અમારે ત્યાં. (સંવત) ૧૯૯૯ની સાલમાં. ત્યાં તમારા ગામ. આહાહા..! 'ધ્રાંગધ્રા'નો હતો. એક-એક કરતો, બસ. સાંભળે. એક.. એક.. શું એક-એક? બધું એક જ છે. સાંભળવા બેસતો. એક એક કર્યા કરે. ૧૯૯૦ની સાલની વાત છે. ૧૯૯૦ની સાલ. ૩૬-૩૭ વર્ષ થયા. બાવો હતો. વ્યાખ્યાનમાં આવે. આહાહા..! એલા પણ તું એક એક કરે છે. એક નથી માનતો અને એક માને છે, ત્યાં જ બે થઈ ગયા. એક માનતો નથી અને એક માને છે. તું કહે છે કે અમારે એક માનવું છે. તું પહેલા એક માનતો નહોતો અને બીજો એક માનતો નથી. તો નથી માને છે અને માને છે તો બે ભેદ થઈ ગયા. પણ વિચાર કરવાનો અવકાશ પણ ક્યાં છે? નવરાશ ન મળે. આહાહા..! અહીં આ પહેલી ઝીણી વાત લીધી છે.

મુમુક્ષુ :– પોતામાં ને પોતામાં નિશ્ચય-વ્યવહાર કેવી રીતે ઘટે?

ઉત્તર :– વ્યવહાર અને નિશ્ચય પોતે પોતાને જાણે છે. નિશ્ચય છે.

મુમુક્ષુ :– જ્ઞાન ગુણને જાણે એ વ્યવહાર, ને ધ્યેયને જાણે એ નિશ્ચય.

ઉત્તર :– નહિ. દરેક ગુણ પોતાનો નિશ્ચય છે. દરેક ગુણ પોતાનો નિશ્ચય છે. અત્યારે એ છે. દરેક ગુણના નામભેદ જુદાં હોવા છતાં અને આત્માના નામ અને લક્ષણ જુદાં હોવા છતાં દરેક વસ્તુ નિશ્ચયથી પોતાની છે. આહાહા..! અત્યારે એ વાત નથી. એ વાત આવે ત્યારે જુદી. કઈ આવે ત્યારે? એક આત્મા જ્ઞાનસ્વરૂપી છે એ પણ ભેદ પડ્યો. એ વિકલ્પ-રાગ છે. અરે..! જ્ઞાયક આત્મા છે એમ આવ્યું તોપણ રાગ છે. એમાં આત્મા નથી આવ્યો. રાગ આવ્યો. એ બીજી વાત છે. અહીંયાં તો જાણવા-દેખવાની વાત ચાલે છે. ત્યાં તો આચરણ કરવાની વાત ચાલે છે. આહાહા..! હવે આવું સમજે ઓલું સામાયિક ને પોષા ને પડિક્કમણા કરીને મરી જાય બિચારા એમ ને એમ ને. આખી જિંદગી વઈ જાય. આત્માને કાંઈ (લાભ નહિ). આહાહા..! ચોર્યાશીના અવતાર...

મુમુક્ષુ :– ગુણ-ગુણીના આશ્રિત છે માટે સ્વઆશ્રિત?

ઉત્તર :– આશ્રિત નહિ. ગુણ-ગુણીને આશ્રિત છે એ વ્યવહાર. ગુણી પણ સ્વતંત્ર છે અને ગુણ પણ સ્વતંત્ર છે. બહુ ઝીણી વાત છે.

અત્યારે જે ચાલે છે એ અપેક્ષાએ ગુણી અને ગુણ બેય એક સ્વરૂપે છે. આહાહા..! કારણ કે બેયના ભલે ધર્મ, નામ, લક્ષણ, પ્રયોજન જુદાં છે, છતાં વસ્તુ એક છે. આહાહા..!

અને જ્યારે ધ્યાન અને આત્માની નિર્વિકલ્પની વાત ચાલતી હોય ત્યારે તો આત્મા જ્ઞાયક છે. જાણવું-દેખવું તો ઠીક પણ એ જ્ઞાયક છે એ પણ વિકલ્પ છે. ૧૪૨-૪૩ કર્તા-કર્મ (અધિકાર). આત્મા જ્ઞાયક છે, શુદ્ધ છે, એકરૂપ છે, બ્રહ્મરૂપ છે, આનંદરૂપ છે. એ પણ ભેદ થયા. વિકલ્પ થયો. એનાથી પ્રાપ્ત નહિ. એનાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય. આહાહા..! અરે..! પ્રભુ! તારે ક્યાં જાવું છે? આહાહા..! તારું ઘર છે ત્યાં જાવું છે ને. તારું ઘર નથી ત્યાં રખડે છે. આહાહા..! રાગ અને દ્વેષ ને પુણ્ય ને પાપ અને દયા ને દાન. આહાહા..! જે તારી ચીજમાં ત્રિકાળમાં નથી. આહાહા..! અહીં તો ત્રિકાળમાં છે અને પોતામાં છે, એ બધું નિશ્ચયમાં લેવું છે. આહાહા..! અને 'કર્તા-કર્મ અધિકાર'માં તો હું જ્ઞાયક, હું શુદ્ધ, હું એક, હું બુદ્ધ, હું અખંડ એવો વિકલ્પ કરે તો રાગ છે, સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો અભેદનો પક્ષ છે ને?

ઉત્તર :- પક્ષ થયો, નયપક્ષ થયો. રાગ આવ્યો ને? અહીં તો જાણવાની અપેક્ષાએ વાત ચાલે છે. જાણવામાં કાંઈ કોઈ વિકલ્પને અવકાશ નથી. પરને જાણતાં પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે, એટલું. પરને જાણતા જ્ઞાન પરનું થઈ જાય છે અને પર છે માટે પરને જાણે છે, પર છે માટે પરને જાણે છે, એમ પણ નથી. આહાહા..! તેમ પરને જાણવા માટે પરનો ઉપયોગ દેવો પડે છે (એમ નથી). આહાહા..! આ તો કેવળીની વાત છે, હોં! નીચલા છદ્મસ્થને તો પરને જાણવામાં પરનો ઉપયોગ કરે ત્યારે બંધ છે, બંધનું કારણ છે. આહાહા..! નીચે રાગી પ્રાણી છે. રાગી પ્રાણી એકમાં ભેદ કરશે તો રાગ થશે. અને જ્યાં કેવળજ્ઞાન, કેવળદર્શનની વાત ચાલે ત્યાં અનંતગુણનો ભેદ પણ એક સમયમાં આત્મા જાણે. જાણે એ નિશ્ચય છે. આહાહા..! આમાં કેટલું યાદ રાખવું? 'ઘીયા'! ત્યાં જુદું ચાલે. 'સોનગઢ'માં તો ક્યાંક જુદી ચીજ ચાલે છે. જુદી નથી તારા ઘરની જ છે આ. આહાહા..! તારા ઘરમાં જ આ વસેલું છે. ઘરમાં આ વસેલું છે પણ કોઈ દિ' જોવાને, સાંભળવાને નવરાશ લેતો નથી. પછી સમજાય શી રીતે? આહાહા..!

અહીંયાં તો કહે છે, **'દર્શન, સુખ ચારિત્ર વગેરેને જાણે છે ને સ્વાત્માને—કારણપરમાત્માના સ્વરૂપને—પણ જાણે છે.'** જુઓ! આવ્યું? બીજા પેરેગ્રાફની છેલ્લી લીટી. પરને પણ જાણે છે અને પોતાને પણ જાણે છે તેથી નિશ્ચય છે. આવ્યું કે નહિ? **'આત્મગત (આત્મામાં રહેલા) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને—કારણપરમાત્માના સ્વરૂપને—પણ...'** પોતામાં પોતાના ગુણને જાણે છે અને ગુણીને પણ જાણે છે. બસ! ત્યાં ભેદ પાડવો નહિ. આહાહા..! જાણવાનો સ્વભાવ બેયને જાણે. આહાહા..!

કૌંસમાં **'(સહજજ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતાં તેના બધાં ગુણો પણ જણાઈ જ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદઅપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું**

**બધું દર્શન, સુખ વગેરે—પર છે; તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે.)**' પરને એટલે પોતાના ગુણ સિવાય. પર નહિ. આહાહા..! નિશ્ચયથી પણ પોતાને અને પોતાના બીજા ધર્મને જાણે છે એવો નિશ્ચયનયનો પક્ષ છે. આહાહા..! ઝીણું છે, ભાઈ! આહાહા..! એ ઉપર કહ્યું એની વાત કરી છે. એનું સ્પષ્ટ કર્યું.

'**નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે.**' નિશ્ચયપક્ષે પણ. એમ નહિ કે પરને જાણે એ વ્યવહાર છે અને સ્વને જાણે એ નિશ્ચય. આહાહા..! આ પર તો પોતાના ગુણ સિવાયના ગુણ પર લેવાના છે. અને ઓલા પર તો પોતાના સિવાય પરવસ્તુ લેવી છે. આહાહા..! ધીમે ધીમે સમજવું. ઝીણો ધર્મ (છે). અનંતકાળ થયો.

આઠ-આઠ વર્ષના, દસ-દસ વર્ષના છોકરા ચાલ્યા જાય છે. ખબર પણ પડતી નથી. આ કીધું ને આ છોકરા મરી જાય. 'હીરાભાઈ'ના દીકરાના દીકરા ને એનો દીકરો. અમે જે મકાનમાં રહેતા હતા એ. દસ વર્ષનો. અડધા કલાકમાં (મરી ગયો). અહીં કાંઈક થાય છે. અડધી કલાકમાં. કાંઈક રોગનું નામ હતું. રોગ હશે એવો કો'ક. સ્થિતિ પૂરી થાય તો કાંઈ થાય તો ખરું ને? એ કાંઈક થયું અંદર. બસ! બીજું કાંઈ ન મળે. રોગ-બોગ કાંઈ નહિ. આમ કાંઈક અંદરમાં એકદમ બળવા માંડ્યું ને શ્વાસ બંધ થઈ ગયો. દેહ છૂટી ગયો. આહાહા..!

આ જાણે અમે જુવાન છીએ. બધું ધ્યાન રાખશું. ઇન્દ્રિયોનું, શરીરનું, ખાવા-પીવાનું. ધૂળેય ધ્યાન નહિ રહે. આહાહા..! પરને માટે ધ્યાન? અહીં તો પરને જાણવું એને હજી વ્યવહાર કહે છે. આહાહા..! પરનું કાંઈક કરવું અને પરને અડવું અને પરમાં ફેરફાર કરવો એ પ્રશ્ન તો તદ્દન જૂઠો છે. આહાહા..! તું તારામાં જા, પ્રભુ! એમ કહે છે. તારા ગુણભેદ ભલે હો, તોપણ ગુણ તારા છે. એ ગુણ કોઈ રાગ ને વિકાર ને શરીર નથી. એ શરીર, વાણી, વિકાર પરવસ્તુ છે. આહાહા..!

કોઈપણ ગુણથી ઉપાડ કે આનંદરૂપી આત્મા (છે). તોપણ આનંદ અને આત્મા અભેદ છે. જ્ઞાન આત્મા (છે). તો જ્ઞાન અને આત્મા અભેદ છે. સમકિત આત્મા (છે). આત્મા તે સમકિત અભેદ છે. આહાહા..! તારી નજર બહારથી તો ઉઠાવી લે, રાગ ઉપરથી તો ઉઠાવી લે પણ ગુણભેદ છે એ ભલે હો, એનું જ્ઞાન કરવામાં કોઈ હરકત નથી. આહાહા..! ગુણભેદને લક્ષમાં ન લેવા. રાગી પ્રાણી છે તેથી. ગુણભેદ કોઈ રાગનું કારણ નથી. ગુણભેદ રાગનું કારણ નથી. પણ રાગી છે તેથી ગુણભેદ રાગનું કારણ છે. ગુણભેદ જો રાગનું કારણ હોય તો કેવળી તો ત્રણકાળ ત્રણલોકને જાણે છે. એ પોતાના અનંત ધર્મને પોતાને જાણે છે. બંને જાણે છે એ વ્યવહાર છે. આહાહા..!

અહીં વાત લઈ ગયા, જાણવા સુધી. આહાહા..! પરને જાણવું એ વ્યવહાર છે. પર એ પોતાના જ્ઞાન સિવાય અનંતગુણ, એને જાણવું એ વ્યવહાર નથી. સમજાણું કાંઈ? પર

કહેવામાં પણ બે પ્રકાર. એક પોતાનો આત્મા જ્ઞાન એ પર છે. આત્માનું નામ અને જ્ઞાન, એ પર એમ. અને રાગાદિ, શરીરાદિ પર છે. પણ રાગ અને શરીર તો પૃથક્ તદ્દન જુદા છે. અને પોતાનું જ્ઞાન અને આત્મા એ નામભેદ હોવા છતાં, લક્ષણભેદ હોવા છતાં નિશ્ચયથી તો બેય એક છે. નિશ્ચયથી એને પણ જાણે છે. આહાહા..! આવું કે દિ' સાંભળ્યું હશે? ધંધા આડે નવરાશ જ નથી લીધી. આહાહા..! બધાને માટે છે ને આ તો. અમારી દુકાને પણ હતા. આખો દિ' કરતા ને. આખો દિ' હોળી કર્યા કરે. મારે તો કહેવું પડ્યું. (સંવત) ૧૯૬૪ની સાલ. કેટલા વર્ષ થયા? ૧૯૬૪-૬૪.

મુમુક્ષુ :– ૭૨ વર્ષ.

ઉત્તર :– ૬૫? ૭૨ વર્ષ, લ્યો ઠીક! તે દિ' કહેવું પડ્યું કે આ શું આખો દિ'? બાપુ! કરવું પડે. દુકાને બેસીએ ધંધો કરીએ. પણ આખો દિ' લોહવાટ? આ કર્યું... આ કર્યું... આ કર્યું... આ કર્યું... આ કર્યું... એની હોંશિયારી બતાવવા માટે અમે આમાં હું મોઢા આગળ હતો. મેં આ કર્યું, મેં આ કર્યું. મરી જશો. મરીને ઢોરમાં જાશો, કીધું. 'બાબુભાઈ'! તે દિ' કહ્યું, હોં! સાંભળે. મારી સામું બોલે નહિ. એ ભગત છે. બોલશો નહિ સામે. બીજો બોલવા જાય તો બીજો એને કહે, ભગત છે, એ બોલતા હશે એ બરાબર બોલે છે. એની સામું ન બોલવું.

અરે..! બાપુ! આ તો.. આહાહા..! આ તો સત્‌ના સાધનનો અવતાર છે. આ કાંઈ રખડવા માટેનો અવતાર નથી આ. આહાહા..! ભવના અભાવ કરવાનો આ તો અવતાર છે. એ અવતારમાં ભવનો અભાવ ન કરે... આહાહા..! (તો) ચોર્યાશીના અવતારમાં જઈને રખડશે. કોઈ શરણ ન મળે. આહાહા..! કીડા ને કાગડા.. આહાહા..! ભૂંડ ને... ઓલા કહેતા હતા 'નારણભાઈ'. એક પારસી ત્યાં હતા. ગામમાં ... એક ભૂંડના પગને સળિયાથી બાંધ્યા. પગ બાંધીને સળગતી અગ્નિમાં જીવતો નાખ્યો. જીવતા નાખીને બાળ્યા. સળગી ગયા. 'નારણભાઈ' કહેતા હતા. આહાહા..! આવા અવતાર! અને આ વાણિયાનો અવતાર મળ્યો. ક્યાં અનાર્ય ક્ષેત્રમાં અનાર્ય નાત, અનાર્ય નાત. આવા જીવતા ભૂંડ બાંધી અગ્નિમાં પડીને ભાગે તો? આહાહા..! 'નારણભાઈ' કહેતા હતા. નાખ્યા. જોવાય નહિ. બળે. આવા અવતાર અનંતવાર કર્યા. આહાહા..! પણ આ સત્તાને સંભાળવા અને તે ચીજ શું કેમ કઈ રીતે કહેવાય છે? (એની દરકાર કરી નહિ).

એક બાજુ એમ કહે છે કે આત્મા પરને જાણે એ વ્યવહાર કહેવાય. એક કોર એમ કહે છે કે એ સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ જ છે, નિશ્ચય જ છે. આહાહા..! પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર. કેમકે પર આમાં આવતા નથી અને આ ત્યાં જાતો નથી. પણ પોતાના જે અનંત ગુણ છે એમાં અનંત ગુણને જ્ઞાન જાણે એ સ્વ છે, નિશ્ચય છે. ભલે જ્ઞાનથી પર છે ગણો, છતાં તેને અહીંયાં નિશ્ચય કહેવામાં આવ્યા છે. આહાહા..! એક ગુણને

જાણતા અનંતગુણને જાણશે. આહાહા..! અનંતગુણને જાણનારો પ્રભુ આત્મા જણાશે. એવું નિશ્ચય લાગે, એકાંત લાગે. ઘડ બેસે નહિ એટલે જાણે આ આવી વાત હશે? બાપુ! માર્ગ તો આ છે. આહાહા..! નહિતર તો આમ.. આહાહા..!

૨૦-૨૦ વર્ષના જુવાન આમ ટળવળા મારીને બિચારા ખાટલામાં મરી જાય છે. આહાહા..! કીધું નહિ ઓલી એક બાયનું? એને બિચારીને શિતળા નીકળ્યા હતા. 'લાઠી'માં. દાણા દીઠ જીવડા, ઇયળું. ઇયળું આમ બટકા ભરે. એણે ત્યાં સુધી કહ્યું, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. મારાથી સહન થાતું નથી. સુવાતું નથી, બેઠુ થવાતું નથી. આમ ફરે તો ઇયળું પડે. અરે..રે..! આવા પાપ મેં આ જિંદગીમાં કર્યા નથી. ૧૮ વર્ષની ઉંમર. આહાહા..! એવા ભવ અનંતી વાર કર્યા છે, બાપા! એ ભૂલી ગયો છે. જરીક બહારની સગવડતા જુએ ત્યાં બસ, થઈ રહ્યું.

મુમુક્ષુ :- યાદ ન રાખવાની ટેવ છે.

ઉત્તર :- આહાહા..!

પ્રભુ! તું આત્મા છો ને! તારામાં અનંતા ગુણો ભર્યા છે ને. પરને જાણવું એ વ્યવહાર કહ્યું પણ એક ગુણ બીજા ગુણને જાણે એ વ્યવહાર એમ નથી, એમ કહે છે. પરને જાણવું એ વ્યવહાર કહ્યો, પણ એક ગુણ બીજા ગુણને જાણે એ વ્યવહાર નથી. એ તો એની ચીજ જ છે. આહાહા..! શું આવ્યો એમાં ન્યાય? કે પરને જાણવા માટે તારે ઉપયોગનો ભેદ પાડવો નથી પડતો. ઉપયોગમાં વિકલ્પનો ભેદ પાડવો પડતો નથી. આહાહા..! સર્વ અને તું બેય એક જ છો. એને જાણતા તારે ઉપયોગમાં રાગ કરવો પડતો નથી. એ બેય નિશ્ચય છે. આહાહા..! બેયને જાણતા નિર્વિકલ્પ થઈ જવાય છે. આહાહા..! અને એ નિર્વિકલ્પ એટલે રાગ વિનાની દશા થવી. એ દશા વિના જનમ-મરણના આરા આવે એવા નથી ક્યાંય. આહાહા..! આટલા અપવાસ કર્યા, આટલા દાન દીધા, આટલી પાંજરાપોળમાં ૫૦ વર્ષથી કામ કર્યું. ધૂળેય કામ નથી કર્યા. મરીને જશે ક્યાંય. આહાહા..!

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**''बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।**
**एकाकारस्वरसभरतोत्यन्तगंभीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।''**

આહાહા..! **'કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું,...'** આહાહા..! આત્મા પોતાના ગુણમાં રહેતા કર્મનો નાશ થાય છે. આહાહા..! અહીં કર્મના

નાશની વાત કરી છે. **'કર્મબંધના છેદથી અતુલ અક્ષય...'** આહાહા..! તુલના નહિ એવા અક્ષય **'મોક્ષને અનુભવતું,...'** મોક્ષ થયો એ અક્ષય છે અને અવિનાશી છે અને અતુલ છે. આહાહા..! કરવાનું આ છે. આહાહા..! લાંબી પથારી કરીને પડ્યો હોય એનું કરવું શું? પાંચ-પાંચ, છ-સાત છોકરા હોય, બે-ચાર દીકરીયું હોય. હવે એને ઠેકાણે પાડવામાં રોકાવું કે ધંધો કરવો કે ધર્મમાં આવવું? આહાહા..! એકલો છો, બાપુ! તારે કરવું હોય એ કર. માનવું હોય એમ માન. છો તો એકલો. આહાહા..! ગમે તે તું માન. તું છો એકલો એ બેકલો થવાનો નથી. આહાહા..!

**'કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે...'** ભગવાનને. મોક્ષની. **'એવું, એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર...'** ઓહોહો..! એક એક શબ્દમાં ઘણી ગંભીરતા. **'નિજરસની (આત્મામાં આનંદરસમાં) અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું...'** ઝગમગી ઊઠ્યું અંદરથી. આહાહા..! દીવાની પેઠે દેખાય નહિ. દીવો દેખાય ઝગમગમાં આ દેખાય નહિ. દેખનાર છે પોતે અને દેખનારને દેખે નહિ. એ કાંઈ દીવો દેખતો નથી. આ તો આ દેખે છે કે આ દીવો છે ને આ છે. દેખનારને દેખતો નથી. ચીજ દેખાય ત્યાંથી ખસતો નથી. આહાહા..! એ કહે છે.

**'એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું (-સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું), પોતાના અચળ મહિમામાં લીન થયું.'** પોતાના સ્વરૂપમાં લીન થવાથી પોતાની મોક્ષદશા, અચળ દશામાં લીન થયો. એનું નામ મોક્ષ. કરવાનું હોય તો એ કરવાનું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૭૨

(स्त्रग्धारा)

आत्मा जानाति विश्वं ह्यनवरतमयं केवलज्ञानमूर्तिः
मुक्तिश्रीकामिनीकोमलमुखकमले कामपीडां तनोति।
शोभां सौभाग्यचिह्नां व्यवहरणनयाद्देवदेवो जिनेशः
तेनौच्चैर्निश्चयेन प्रहतमलकलिः स्वस्वरूपं स वेत्ति।।२७२।।

**[શ્લોકાર્થ :–] વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે અને મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના કોમળ મુખકમળ પર કામપીડાને અને સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે. નિશ્ચયથી તો, જેમણે મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે એવા તે દેવાધિદેવ જિનેશ નિજ સ્વરૂપને અત્યંત જાણે છે. ૨૭૨.**

**પ્રવચન નં. ૧૮૭, શ્લોક-૨૭૨, ગાથા-૧૬૦, રવિવાર, અષાઢ સુદ ૮, તા.૨૦-૦૭-૮૦**

૧૫૯-ગાથા. એની ટીકા. ટીકા પૂર્ણ કરી. હવે શ્લોક છે. શ્લોક ચાલે છે. આહાહા..! ૨૭૨?

**आत्मा जानाति विश्वं ह्यनवरतमयं केवलज्ञानमूर्तिः**
**मुक्तिश्रीकामिनीकोमलमुखकमले कामपीडां तनोति।**
**शोभां सौभाग्यचिह्नां व्यवहरणनयाद्देवदेवो जिनेशः**
**तेनौच्चैर्निश्चयेन प्रहतमलकलिः स्वस्वरूपं स वेत्ति।।२७२।।**

**શ્લોકાર્થ :-** **'વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ...'** પોતાનો સ્વભાવ-કેવળજ્ઞાન સ્વભાવ, એ સ્વભાવ જ્યારે પ્રગટ્યો ત્યારે કેવળજ્ઞાનમૂર્તિ **'આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે...'** આહાહા..! વ્યવહારનયથી. વિશ્વ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. ઓહોહો..! આત્મા પરને જાણે એ વ્યવહાર છે. પરનું કરવું, સંભાળ કરવી, પરની વ્યવસ્થા કરવી... આહાહા..! એ તો ઘણું દૂર રહી ગયું. હજી તો અહીં પરને જાણવું એ વ્યવહાર છે. ઓલા કહે છે ને કે વ્યવહાર જોઈએ.. વ્યવહાર જોઈએ. અહીં તો કહે છે, પરને જાણવું એ હજી વ્યવહાર છે. કેમકે પરમાં જ્ઞાન તન્મય થયું નથી. જ્ઞાન (તન્મય) થયું નથી. જ્ઞાન તો ભિન્ન છે. એ જ્ઞાન પરને જાણે છે એ વ્યવહારનયથી છે. આવ્યું ને એટલું?

**'વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર...'** વ્યવહારનયથી ખરેખર **'જાણે છે...'** આહાહા..! **'અને મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના કોમળ મુખકમળ પર...'** પોતાની નિર્મળ જ્ઞાનદશા, વીતરાગીદશા, નિર્વિકલ્પ વીતરાગી ચમત્કારિક એક સમયમાં ત્રણકાળને જાણે એવી એ કોમળ, નિર્મળ... આહાહા..! **'મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના કોમળ મુખકમળ...'** નિર્મળ પરિણતિ જેની. **'પર કામપીડાને અને સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે.'** પોતાના આનંદને ફેલાવે છે અને જ્ઞાનની શોભાને ફેલાવે છે. શું કીધું? કેવળજ્ઞાનમૂર્તિ વ્યવહારનયથી પરને જાણે છે તો પોતાના કેવળજ્ઞાનની પર્યાયની પણ શોભા છે અને સાથે આનંદની પણ શોભા છે. આહાહા..!

આવું જાણીને કરવું શું? કરવું એ કે, આત્મા અંદર જ્ઞાન-દર્શન-આનંદાદિથી ભરેલું પરિપૂર્ણ તત્ત્વ છે. એનો વિકાસ થતાં વિશ્વને વ્યવહારથી જાણે છે, છતાં જાણવામાં પોતાની

નિર્મળ મોક્ષરૂપી લક્ષ્મી, (તેનું) કોમળ મુખકમળ, પોતાની ભાવનારૂપી આનંદથી અને **'સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે.'** આનંદને પણ ભોગવે છે અને પરિપૂર્ણ જ્ઞાનની શોભાને પણ ફેલાવે છે.

એ કેમ લીધું? કે વિશ્વને જાણે તો આનંદને વેદે છે કે નહિ? વિશ્વને જાણવામાં દુઃખ છે એમ નહિ. ફક્ત જાણે. છતાં આત્માની પર્યાયમાં આનંદ ફેલાવે છે અને પોતાના જ્ઞાનની શોભા પણ પ્રગટ થાય છે. સ્વપર જાણવાના વિશ્વના ભાવને જાણવા છતાં પોતાની આનંદની પીડા, પીડા શબ્દે આનંદ ત્યાં. કામપીડા છે ને? કામપીડા એટલે ઇચ્છા નહિ, આનંદ. આહાહા..! એ આનંદને પણ ભોગવે છે અને જ્ઞાનની પર્યાય પરને જાણે છતાં જ્ઞાન જ્ઞાનથી પણ શોભે છે. જ્ઞાન પરને જાણે માટે પરથી શોભે છે (એમ નહિ). આહાહા..! આવું છે. શું કીધું સમજાણું કાંઈ?

ચૈતન્યસ્વરૂપ ભગવાન પોતાના નિર્મળ કેવળજ્ઞાન દ્વારા, જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે પોતાના ઉપાયથી થાય છે એ તો કહ્યું. ત્યારે એ લોકાલોકને જાણે છે. જાણે છે એ વખતે દુઃખ છે એમ નથી. કામની પીડા એટલે ભાવ અને ભોગ. પોતાના ભાવના ભોગને કોઈ કરે છે અને જ્ઞાનની શોભા પણ થાય છે. પરને જાણે માટે જ્ઞાન હિણું થઈ જાય છે (એમ નથી). આહાહા..! સમજાણું કાંઈ? આત્માની પૂર્ણતાની શક્તિ કેટલી છે એ બતાવે છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય, કોઈ દિ' કર્યું નથી. આહાહા..!

ભગવાનઆત્મા પરના કર્તૃત્વ અને ભોક્તૃત્વથી છૂટીને... ૪૯ ભાગ આવ્યા ને? (નેપથ્યથી) છૂટીને પોતાના જ્ઞાનની પર્યાય જ્યારે પ્રગટ થાય છે તો એ વ્યવહારથી પરને જાણે છે. જાણવા છતાં પોતાના આનંદનો અનુભવ કરે છે અને પોતાનું જ્ઞાન પરને જાણે માટે અશોભા થઈ જાય એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ જ્ઞાનસ્વરૂપ પરને જાણે માટે ત્યાં આગળ આત્માના આનંદની વેદના નથી, એમ નથી. અને પરને જાણે માટે જ્ઞાનની શોભા અશોભા થઈ જાય છે, એમ પણ નથી. આહાહા..! આવું જાણવું. ગુણની પરિપૂર્ણતા. 'નવરંગભાઈ' વયા ગયા? સમજાણું કાંઈ? આહાહા..!

વ્યવહારથી પરને જાણવા છતાં... આહાહા..! **'કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે અને મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના...'** નિર્મળ પરિણતિરૂપી કોમળ પર્યાય, તેના **'મુખકમળ પર કામપીડા...'** એટલે આનંદનું વેદન **'અને સૌભાગ્યચિહ્નવાળી..'** પરને જાણે માટે અશોભા થઈ જાય છે, એમ નથી. **'સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે.'** આહાહા..! કેવી રીતે ગોઠવ્યું છે! હવે આ બહારમાં જ્યાં રોકાય એમાં આ ક્યાં સમજે? એ ચૈતન્યસ્વરૂપ પ્રકાશમાન જ્યાં થયું, તો પરને જાણે છતાં પોતાના આનંદથી છૂટતો નથી અને પરને જાણવા છતાં પોતામાં અશોભા થતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ઘરે કોઈ દિ' વાંચ્યું તો નહિ હોય. નવરાશ નહિ ને. 'હરિભાઈ'! આહાહા..! આ શું કહે છે? મર્મ કહે છે, મર્મ.

ભગવાનઆત્મા પરનું કર્તા-ભોક્તાપણું છોડીને... એ ૪૯ ભંગમાં આવ્યું ને? પ્રકૃતિનું કર્તા અને ભોક્તાપણું છોડીને પોતાના જ્ઞાનપ્રકાશનો ફેલાવ થાય છે. એ જ્ઞાન વ્યવહારનયથી પરને જાણે છે. વ્યવહારનયથી પરને જાણે છે એથી એની આનંદની દશા ચાલી જાય છે કે આનંદની દશા ઓછી થાય છે એમ છે નહિ. એટલું જ નહિ પણ પરને જાણે છે તો જ્ઞાનમાં અશોભા ફેલાય છે, પરને જાણવાથી પોતાની શોભાની સમૃદ્ધિમાં કાંઈક ઉણપ થાય છે, પરને જાણવાથી સ્વભાવમાં કાંઈક ઓછપ થઈ જાય છે, એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની લક્ષ્મીની શોભા બતાવે છે કે એ ભલે પરને જાણે. જાણવા છતાં પોતાનો આનંદ ચાલ્યો નથી જતો. અને પરને જાણે એથી કાંઈ પોતાની શોભા ચાલી નથી જાતી. આહાહા..! આવી વાતું! લોઢામાં આવું ક્યાંથી સાંભળવા મળે? આહાહા..! શું કહે છે?

ચૈતન્યનો પ્રકાશ પરના કર્તા-ભોક્તાથી છૂટી જાય છે. પરના કર્તા-ભોક્તા, હોં! પોતાનો કર્તા-ભોક્તા તો રહે છે. પોતાની પર્યાયનો કર્તા-ભોક્તા રહે છે. આહાહા..! પરનો કર્તા-ભોક્તા છૂટી જાય છે અને જ્ઞાનની નિર્મળતા પ્રગટે છે. એ નિર્મળતા પરને જાણે એ કારણે નિર્મળતાના આનંદમાં ઓછપ થઈ જાય એમ નથી. પોતાનો આનંદ તો એવો ને એવો ભોગવે છે. પરને જાણવા છતાં પણ આનંદ તો એવો ને એવો છે. અને પરને જાણવા છતાં જ્ઞાનની શોભા, જે પ્રકાશ પ્રગટ્યો એમાં પરને જાણવાથી કાંઈ ઓછપ થઈ જાય છે કે શોભામાં અશોભા થાય છે, એમ છે નહિ. આહાહા..! આવી વાત છે. આહાહા..!

ભગવાન પણ અંદર આ આત્મા... આહાહા..! જેનું કરવું છે પહેલું એને રાખ્યું છેલ્લું. જેને રાખવું છે છેલ્લું, એને રાખ્યું છે પહેલું. આહાહા..! પરને જાણવું એ તો પછી, એમ કહે છે. પ્રકાશ થયો પછી પરને જાણે છે. આહાહા..! પોતાની શક્તિ... આહાહા..! આનંદ અને જ્ઞાન અને વીર્યની પૂર્ણ શક્તિનો વિકાસ થયો ત્યારે પ્રથમ તો પોતાનું કામ કર્યું. એમાં પરને જાણે એમ પર આવ્યું, એનાથી પોતાના આનંદ અનુભવમાં કોઈ ખામી આવી એમ પણ નથી અને જ્ઞાન પરને જાણે માટે શોભામાં કાંઈક અશોભા થઈ કે ઓછપ આવી એમ છે નહિ. આહાહા..!

**‘વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે અને મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના કોમળ મુખકમળ પર કામપીડાને...’** પોતાના આનંદને ભોગવવો, એ ભોગવે છે. આહાહા..! પરને જાણવા છતાં પોતાના આનંદ અને અનુભવમાં કંઈક ઓછપ આવી છે એમ નથી. આહાહા..! વાત ભારે મૂકી છે. **‘અને (પરને જાણતા) સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે.’** પોતાની શોભાને ફેલાવે છે, વિસ્તારે છે. નિશ્ચય અને વ્યવહાર બેને જાણવાની તાકાત (છે) એ તાકાત ખીલી જાય છે. પરને જાણવાની તાકાત ઓછી થઈ જાય એમ છે નહિ. આવું વાંચ્યું પણ નહિ હોય, તે દિ’ ક્યાં નવરાશ હતી?

મુમુક્ષુ :– વાંચે તો સમજાય નહિ.

ઉત્તર :– વાત સાચી છે. 'પંકજ'ને પ્રેમ છે. નવરાશ ન મળે. આ જગતનું પહેલું કરવું.

મુમુક્ષુ :– હવે અહીંયાં જ રહેવાના છે.

ઉત્તર :– એ ભલે રહેવાના પણ છોકરાનું માંડ્યું છે એનું શું? દરેકને પોતાનું કરવાની વાત છે ને? આહાહા..! અને છોકરાઓ બરાબર કામ કરે તો હું નિવૃત્તિ લઉં તો એમાં એ ઇ નહીં લઈ શકે. આહાહા..! એ બરાબર કામ ચલાવે તો મારું જ્ઞાન બરાબર રહે... આહાહા..!

અહીં તો પ્રગટ થયેલું જ્ઞાન પરને જાણે તોપણ જેવું છે એવું જ રહે છે. આહાહા..! અને જ્ઞાન પ્રગટ્યું તે પરને જાણે તોપણ એની શોભા તો જેટલી છે તેટલી જ રહે છે. ત્રણકાળ, ત્રણલોક જાણવામાં કાંઈ કમી નથી. પરને જાણવાથી કાંઈ ઓછપ થઈ જાય છે, એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો દાખલો. બધાને એમ છે ને. 'ચીમનભાઈ'ને કાંઈ નહોતું તો છોડી લીધી. કાંઈક તો લપ લેવી પડે ને? લપ. આહાહા..! આ તો નિયમ એમ ચાલે છે. એ કાંઈ એકને માટે નથી. બધે ઠેકાણે કાંઈક.. કાંઈક.. કાંઈક... પોતાનું પોતે...

અરે..! હું ક્યાં જઈશ? મારી સત્તા ક્યાં ઊભી રહેશે? દેહ છૂટીને મારી સત્તા ક્યાં ઊભી રહેશે? અને અહીં તો ત્યાં સુધી કીધું... ઓહોહો..! દેહમાં રહ્યા છતાં કેવળજ્ઞાન અને કેવળદર્શનની લક્ષ્મી એવી પ્રગટી... આહાહા..! પરને જાણવા છતાં કામની પીડા નામ આનંદને ભોગવવામાં ખામી નથી રહેતી. ઓછપ નથી થતી અને કદી થતી નથી. આહાહા..!

મુમુક્ષુ :– કામપીડાનો અર્થ આપે પરમાર્થથી જુદો જ કરી નાખ્યો.

ઉત્તર :– કામપીડા એટલે એ. માણસને ઇચ્છાની પીડા થાય, એમ આ ભાવનાની ભાવના છે. કામપીડા એકકોર રહી. પરને દેખવાની ભાવના છે ને એટલી? એમાં પીડા નથી પણ આનંદ છે એમ કહે છે. આહાહા..! આકરું છે, (એમ) ભાઈ 'શાંતિભાઈ' કહે છે. ઘરે વાંચે તો બરાબર સમજાય નહિ. આવી ઝીણી વાત છે, બાપુ! આહાહા..! કેવી રીતે આચાર્યે મૂક્યું છે! ઓહોહો..!

પ્રભુ! તારી બલિહારી છે. તું એકલો ચૈતન્ય જ્યાં પ્રકાશમાં આવ્યો, પરનો કર્તા-ભોક્તા રહિત થઈને તારું ચૈતન્યનું તેજ જેવું હતું એ આવ્યું, આવ્યું એ તેજ ભલે પરને જાણે છતાં તેજ સાથેના શાંતિ અને આનંદના વેદનમાં કાંઈ ફેર પડતો નથી. તેમ કંઈ એની શોભાને અશોભા થાય છે (એમ નથી). પરને જાણ્યું, પરને જાણ્યું એટલે અશોભા થઈ, એમ નથી. એ તો અપેક્ષાથી કહેવાય કે પરને જાણે છે. એ તો પોતાને જ જાણે છે. આહાહા..! કહો, 'હરિભાઈ'! આવું છે આ. કોઈ દિ' સાંભળ્યું ન હોય હજી. આહાહા..!

અહીં ચૈતન્યપ્રભુ એટલો શક્તિવંત છે કે પરનું કર્તા-ભોક્તાપણું છૂટીને પોતાના આનંદનો કર્તા-ભોક્તા થાય છે. એ આનંદના કર્તા-ભોક્તામાં પરને જાણવાથી કાંઈક ખામી થઈ જાય અને પરને જાણવાથી ખીલી ગયો અને પરને જાણે માટે કાંઈ શોભા ઓછી થઈ જાય, એમ

છે નહિ. એવી તાકાત ભગવાનઆત્મામાં છે. આહાહા..! પરને જાણે છતાં આનંદમાં રહે છે. પરને જાણે છતાં પોતાની શોભામાં રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણ, એની વાણી બાપુ! ઝીણી છે. લોકો પોતાને ગોઠે તેવા અર્થ કરે અને વ્યવહારમાં લઈ જાય. એમ નથી. અહીં તો કહે છે, વ્યવહારથી જાણે તોપણ વસ્તુ તો એમ ને એમ છે, એમ કહે છે. ભાઈ, 'બાબુભાઈ'! આહાહા..!

વ્યવહારથી પરને જાણે એમ કહ્યું. પરમાં તન્મય તો થતો નથી માટે વ્યવહાર કહ્યો. જાણે છે તો વ્યવહાર કહ્યો. પર તો પર છે. સ્વને જાણે તો નિશ્ચય અને પરને જાણે એ વ્યવહાર છે. પણ પરને જાણવા છતાં પોતાની જે જ્ઞાનશક્તિ વિકાસ અને પૂર્ણપણે પ્રાપ્ત થઈ એ વિકાસ જરા ખામી આવે છે અને કાંઈક શોભા ઘટે છે, એમ છે નહિ. આહાહા..! આવી વસ્તુ છે. ગાથા જરી ઝીણી છે. આહાહા..!

આ તો 'પદ્મપ્રભમલધારિદેવ'નો શ્લોક છે. 'અમૃતચંદ્રાચાર્ય'નો નહિ. 'પદ્મપ્રભમલધારિદેવ' ગજબ થયા છે. આહાહા..! આનંદ... આનંદ... આનંદમાં મુનિ ઝુલે. આહાહા..! પહેલા કળશમાં આવી ગયું છે. ભગવાનમાં અને મુનિમાં જરા ફેર છે. પણ ફેર માને તો જડ છીએ એમ કહ્યું. આહાહા..! અમે જડ છીએ. અર..ર..! શું કહે છે એ? આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન... આહાહા..! પરને જાણે એવી મુનિની એટલી તાકાત છે. મુનિમાં અને કેવળજ્ઞાનીમાં ફેર માને તો આપણે જડ છીએ, કહે છે. આહાહા..! એ મુનિપણાની દશા તો જુઓ! અરે..! એ મુનિપણું છે ક્યાં? મુનિપણું કોને કહેવું! આહાહા..! જેના તળિયા જોઈ લીધા છે, જેની શક્તિ ખીલી ગઈ છે, જેની શક્તિ પરને જાણવા છતાં ઓછી થતી નથી. જેની શક્તિ પરને જાણે છતાં આનંદમાં કમી આવતી નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા, એવું એનું સ્વરૂપ છે. વ્યવહારથી કહ્યું ત્યાં આ નાખ્યું. 'બાબુભાઈ'! વ્યવહારથી જાણે તોપણ આવી શોભા છે. આહાહા..! વ્યવહારનો અર્થ એ તો ફક્ત જાણે. એ તો કહેવું વ્યવહાર છે. બાકી પોતાને જાણે છે. આહાહા..! પણ વ્યવહારથી જાણતા પોતાના આનંદમાં અને શોભામાં કાંઈ કમી આવી જાય, એમ છે નહિ. આહાહા..!

આવો ચૈતન્યભગવાન દેહદેવળમાં બિરાજે છે. ભગવાન પ્રભુ આનંદની મૂર્તિ, પ્રભુ! ક્યાં છો તું તને ગોતે છે. સુખનો સાગર અંદર પડ્યો છે ને. આહાહા..! એ સુખના સાગરમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ્યું એ કદાચ ભલે વ્યવહારે પરને જાણે. એથી એના સુખસાગરમાં કમી આવતી નથી. આહાહા..! એવો નાથ! તારો સ્વભાવ છે, પ્રભુ! ભગવાન! તું તારી આવી શક્તિ રાખે છો. એ શક્તિને માને નહિ ને અલ્પ-અલ્પ આનું કરવું ને આનું કરવું. આહાહા..! એક રૂની પુણીને આમ કરવી, એ આત્મા કરી શકતો નથી. રૂ-રૂ. પુણી કરે છે ને પુણી? શું કહેવાય એ? રેંટિયો-રેંટિયો. રેંટિયામાં આમ થઈ રહે એટલે જોડી દે દોરો. આહાહા..!

છદ્મસ્થના જ્ઞાનમાં પણ એવો સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાનો છે કે પર જણાયું તોપણ જ્ઞાનમાં જે કાંઈ આનંદ અને શોભા છે એ એવી ને એવી છે. છદ્મસ્થને પણ એવી ને એવી છે. આહાહા..! અરે..રે..! એ કોણ છે? પ્રભુ! કેવડો છે? એની એક એક શક્તિ ખીલેલી કેટલી કેવડી છે? એને જાણવાનો પ્રયત્ન કર્યો નહિ ને બહારના થોથા (કર્યા). આહાહા..!

**'નિશ્ચયથી તો, જેમણે મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે...'** શું કહે છે? પરને જાણવા-દેખવા છતાં... પહેલી નિર્મળતા અને શોભા બતાવી. હવે કહે છે કે મળ અને અશોભા એમાં કાંઈ છે જ નહિ. છે? **'નિશ્ચયથી તો, જેમણે મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે એવા તે દેવાધિદેવ જિનેશ નિજ સ્વરૂપને અત્યંત જાણે છે.'** વ્યવહારથી પરને જાણે છતાં નિશ્ચયથી સ્વને જાણે છે. આહાહા..! એક વ્યવહાર-નિશ્ચયમાં કેટલું નાખ્યું! આહાહા..! આ વાત ક્યાંય ન મળે. દિગંબર મુનિ સિવાય, દિગંબર ધર્મ સિવાય આ વાત ક્યાંય નથી. શી વાત કરે છે! શું શોભા કરે છે! આહાહા..! પ્રભુ! તારી શોભાનો પાર નથી. તું અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિનો સાગર (છો). એ પૂર્ણ પ્રગટે પરને જાણવામાં તને કાંઈ ખામી આવી જાય કે અશોભા આવે, એમ છે નહિ. કેમ? કે **'મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે...'** આહાહા..! આવ્યું ને?

**'નિશ્ચયથી તો,...'** આહાહા..! ખરેખર તો જેમણે **'મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે...'** વ્યવહારને જાણે તો મળ અને ક્લેશ આવી જાય, એમ છે નહિ. આહાહા..! શું કહેવા માગે છે! દિગંબર મુનિઓની બલિહારી છે, ભાઈ! બીજાને દુઃખ લાગે. બીજા પણ ભગવાન છે, ભાઈ! તારી પણ શોભા આટલી જ છે. આટલી અને એવડી જ છે. તારી શક્તિ ખીલતા તું બીજાને જાણ તોપણ તારી ખીલવટમાં કોઈ ખામી નથી. આહાહા..! તારા પ્રકાશમાં બીજા જણાવા છતાં તારી શક્તિની અશોભા નથી. આહાહા..! એવી મહિમા એના પ્રકાશની છે. આહાહા..! પરને જાણે છતાં પ્રભુ સ્વપરપ્રકાશક સામર્થ્ય હોવાથી, પરને જાણવા છતાં પર તરફ કાંઈ લક્ષ નથી. આહાહા..! ઉપયોગ પર તરફ નથી. પરને કેવળી જાણે એમાં ઉપયોગ પર ઉપર નથી. આહાહા..! ઉપયોગ તો પોતે પોતામાં જ છે. આહાહા..!

અહો..! **'નિશ્ચયથી તો, જેમણે મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે એવા તે દેવાધિદેવ જિનેશ નિજ સ્વરૂપને અત્યંત જાણે છે.'** વ્યવહારથી પરને ભલે જાણે એમ કહેવામાં આવ્યું. પછી એમ પણ કહ્યું કે નિશ્ચયથી તો પ્રભુ પોતાને જાણે છે. આહાહા..! એમ દરેક આત્માની વાત છે. દરેક આત્મા સ્વપરપ્રકાશક તાકાત રાખે છે. પ્રકાશમાં ભલે પર જણાય, તેથી કોઈ ચૈતન્યપ્રકાશમાં મલિનતા આવી જાય એમ નથી. કે પરને જાણે માટે ક્લેશ આવી જાય એમ નથી. રાગી પ્રાણી છે તો પરને જાણવામાં રાગ આવે એ તો પોતાનો દોષ છે. એ પરને જાણવાથી રાગ થાય છે (એમ છે નહિ). કેવળી તો ત્રણકાળ, ત્રણલોકને દેખે છે. સાતમી ગાથામાં કહ્યું ને, ભાઈ! પરને જાણે તો રાગ થાય છે. ભેદને જાણે તો રાગ

થાય છે. ભગવાન તો ત્રણકાળ ત્રણલોકને દેખે છે. એને કેમ રાગ નથી? ભેદને જાણવાથી રાગ થતો નથી. રાગીને રાગ છે, એ ભેદને જાણે છે તો રાગ થાય છે. અરે..! આવો બધો ફેર. આવું જુવાનિયાએ કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. આહાહા..! ધંધા આડે... આહાહા..! શું કીધું સમજાણું? **'જિનેશ નિજસ્વરૂપને અત્યંત જાણે છે.'** આહાહા..!

## ગાથા-૧૬૦

जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा।
दिणयरपयासतावं जह वट्टइ तह मुणेयव्वं।।१६०।।

युगपद् वर्तते ज्ञानं केवलज्ञानिनो दर्शनं च तथा।
दिनकरप्रकाशतापौ यथा वर्तेते तथा ज्ञातव्यम्।।१६०।।

इह हि केवलज्ञानकेवलदर्शनयोर्युगपद्वर्तनं दृष्टान्तमुखेनोक्तम्।

अत्र दृष्टान्तपक्षे क्वचित्काले बलाहकप्रक्षोभाभावे विद्यमाने नभस्थलस्य मध्यगतस्य सहस्रकिरणस्य प्रकाशतापौ यथा युगपद् वर्तेते, तथैव च भगवतः परमेश्वरस्य तीर्थाधिनाथस्य जगत्त्रयकालत्रयवर्तिषु स्थावरजंगमद्रव्यगुणपर्यायात्मकेषु ज्ञेयेषु सकलविमलकेवलज्ञानकेवलदर्शने च युगपद् वर्तेते। किं च संसारिणां दर्शनपूर्वमेव ज्ञानं भवति इति।

तथा चोक्तं प्रवचनसारे-

``णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी।
णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तुं तं लद्धं।।''

अन्यच्च -

``दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवओग्गा।
जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि।।''

---

જે રીતે તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,
તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.

અન્વયાર્થ :– [ केवलज्ञानिनः ] કેવળજ્ઞાનીને [ ज्ञानं ] જ્ઞાન [ तथा च ] તેમ જ [ दर्शनं ] દર્શન [ युगपद् ] યુગપદ્ [ वर्तेते ] વર્તે છે. [ दिनकरप्रकाशतापौ ] સૂર્યના પ્રકાશ અને તાપ [ यथा ] જેવી રીતે [ वर्तेते ] (યુગપદ્) વર્તે છે [ तथा ज्ञातव्यम् ]

તેવી રીતે જાણવું.

ટીકા :– અહીં ખરેખર કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્ વર્તવાપણું દૃષ્ટાંત દ્વારા કહ્યું છે.

અહીં દૃષ્ટાંતપક્ષે કોઈ વખતે વાદળાંની ખલેલ ન હોય ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ જેવી રીતે યુગપદ્ વર્તે છે, તેવી જ રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી, સ્થાવર-જંગમ દ્રવ્યગુણપર્યાયાત્મક જ્ઞેયોમાં સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન અને કેવળદર્શન યુગપદ્ વર્તે છે. વળી (વિશેષ એટલું સમજવું કે), સંસારીઓને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે (અર્થાત્ પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે, યુગપદ્ થતાં નથી).

એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૬૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–

''[ગાથાર્થ :–] જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે; સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને જે ઇષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે.''

વળી બીજું પણ (શ્રી નેમિચંદ્રસિદ્ધાંતિદેવવિરચિત બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–

''[ગાથાર્થ :–] છદ્મસ્થોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે (અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે), કારણ કે તેમને બન્ને ઉપયોગો યુગપદ્ હોતા નથી; કેવળીનાથને તે બન્ને યુગપદ્ હોય છે.''

## ગાથા–૧૬૦ ઉપર પ્રવચન

૧૬૦-ગાથા.

**जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा।**
**दिणयरपयासतावं जह वट्टइ तह मुणेयव्वं।।१६०।।**
**જે રીતે તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,**
**તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.**

'**ટીકા :– અહીં ખરેખર કેવળજ્ઞાન...**' કોઈ એમ કહે કે પૂર્ણની વાત આવી કેમ કરી? પણ પહેલા બધી વાત થઈ ગઈ છે. સમ્યગ્દર્શન શું? સમ્યગ્દર્શન કેવી રીતે થાય? સમ્યગ્જ્ઞાન શું? એ બધી વાત થઈ ગઈ છે. હવે આ તો સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત ચારિત્રની સ્થિરતાથી કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થાય છે તેની વાત ચાલે છે. જે વાત શરૂ કરી છે એ વાત પૂરી કરે છે, (નહિતર) એ વાત અધૂરી રહી જાય. આહાહા..! ચારિત્રની વાત ન કરે તો

અધૂરી રહે અને ચારિત્રથી પ્રાપ્ત શું થાય છે (તે વાત કહી છે). આહાહા..! અંતર જ્ઞાન અને આનંદમાં રમણતા (થાય ત્યારે પૂર્ણતા થાય છે). એકલી જ્ઞાન અને શ્રદ્ધા કોઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણેય મળીને છે. એ કહે છે. અને ભલે ત્રણેય હો, અને ત્રણેય પ્રગટ થાય છે એ કેવી ચીજ છે? આહાહા..! અલૌકિક ચીજ! અલૌકિક ચીજ!!

પોતામાં સૂક્ષ્મ સ્વભાવ અરૂપી હોવા છતાં પણ રાગ અને કર્તાભોક્તાનો નાશ થઈને પોતાનો જ્યાં અરાગ અને... આહાહા..! પોતાના સ્વરૂપનો પૂર્ણ અનુભવ ભોક્તા (થાય છે). કેમકે કર્તા-ભોક્તા આત્માનો ગુણ છે. ૪૭ નયમાં છે. 'પ્રવચનસાર'. કર્તા-ભોક્તા આત્માનો ગુણ છે તો એ પોતાની પર્યાયને કરે અને ભોગવે એ પોતાનો સ્વભાવ છે. આહાહા..! રાગાદિ પરને કરે એ પણ એનો સ્વભાવ છે. એમ પણ કહ્યું. આહાહા..! કેમકે એની પર્યાયમાં થાય છે ને? કર્તા-ભોક્તા–રાગના કર્તા અને રાગના ભોક્તા એ પણ પોતામાં પોતાથી નયથી છે. આહાહા..! અહીં તો કર્તા-ભોક્તાનો નાશ કરીને પૂર્ણ દશા પ્રગટ થઈ તે કેવી છે, એ વાત ચાલે છે. આહાહા..!

**'અહીં ખરેખર...'** જુઓ! **'કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્ વર્તવાપણું...'** આહાહા..! જ્ઞાન એ જાણે છે, દર્શન દેખે છે. દર્શનમાં આ જ્ઞાન અને આ આત્મા એવા ભેદ બિલકુલ નથી. અને જ્ઞાનમાં અનંતગુણના ભેદ અને એ અનંતગુણની અનંતી પર્યાય, એવી એક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ, બધાને ભેદ કરીને જાણે છે. છતાં વિકલ્પ નથી. આહાહા..! **'અહીં ખરેખર કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્...'** એકસાથે વર્તે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન ભગવાનને એકસાથે (છે). આહાહા..! છદ્મસ્થને પહેલું દેખે અને પછી જ્ઞાન (થાય). કેવળીને એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ શ્વેતાંબરમાં કહ્યું છે. ખોટી વાત છે. એ બધી વાતમાં બહુ ફેરફાર કરી નાખ્યો. એના આચાર્યે જ ફેરફાર કરી નાખ્યો પાછો. આમ કહ્યું છે ને કે, એક સમયે કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શન? એમ ન લેવું. એ તારા માટે નથી, જૈન માટે નથી. બીજા માટે છે. હવે કહ્યું છે જૈન માટે જૈનને,.. પ્રભુ! પ્રભુ! શું કરવું? કોઈ સામે વિરોધ કરવો નહિ. કોઈ પ્રાણી પૂર્ણ પરમાત્મા છે, દ્રવ્યે ભગવાન છે એનો અનાદર કરવો નહિ. પણ વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું વર્ણવે તો છે. આહાહા..!

કહે છે, એકકોર બે વસ્તુ. એકકોર દર્શન ત્રણકાળ ત્રણલોકને બિલકુલ ભેદ પાડ્યા વિના દેખે અને એકકોર તે જ સમયનું જ્ઞાન એક એક દ્રવ્યના અનંતગુણના ભેદ પાડી અને ગુણની પર્યાયના ભેદ પાડીને જાણે. આ કોઈ અદ્ભુત રસ છે! આહાહા..! 'દીપચંદજી'એ લખ્યું છે. પંચ-પંચ છે ને? પંચમાં લખ્યું છે ને? 'અધ્યાત્મપંચસંગ્રહ'. 'અધ્યાત્મપંચસંગ્રહ'

એમાં 'દીપચંદજી'એ લખ્યું છે. આહાહા..! અદ્ભુતરસ એની વ્યાખ્યા શું? અદ્ભુતરસ. એક ગુણ બેને ભેદ પાડીને જાણે નહિ. અને એની સાથે એક ગુણ ભેદ પાડી પાડીને અનંતગુણની અનંતી પર્યાયને જાણે. આહાહા..! એમાં લખ્યું છે. એ અદ્ભુતરસ છે એમ લખ્યું છે. આહાહા..!

શું કહ્યું? સાધારણ માણસને વાત સાધારણ લાગે. સાધારણ વાત નથી, પ્રભુ! એમ કહે છે કે પ્રભુ! તું આત્મા એક. એના ગુણ બે. છે અનંત એમાંથી બેની મુખ્યતાથી વાત કરી. અને બે તે રહેનાર એક સમયે સાથે. યુગપદ્ કીધું ને? યુગપદ્ વર્તતા. **'કેવળજ્ઞાન અને કેવળદર્શન...'** એકસાથે **'વર્તવાપણું દૃષ્ટાંત દ્વારા કહ્યું છે.'** આહાહા..! **'અહીં દૃષ્ટાંતપક્ષે કોઈ વખતે વાદળાની ખલેલ ન હોય...'** સૂરજમાં. **'ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ જેવી રીતે યુગપદ્ વર્તે છે,...'** સૂર્યમાં જ્યારે વાદળાનો અભાવ હોય ત્યારે પ્રકાશ અને તાપ... આહાહા..! એકસાથે વર્તે છે.

**'તેવી જ રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી,...'** ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી... આહાહા..! ત્રણલોક અને ત્રણકાળ, એમાં વર્તનારા... આહાહા..! **'સ્થાવર-જંગમ દ્રવ્યગુણપર્યાયાત્મક જ્ઞેયોમાં સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન અને કેવળદર્શન યુગપદ્ વર્તે છે.'** આહાહા..! કેવળદર્શન સર્વને દેખે એમાં ભેદ નથી. કેવળજ્ઞાન એક એક સમયમાં દરેક ગુણાદિનો ભેદ પાડીને દેખે છે. એક જ સમયે બે ગુણની પર્યાય એક સમયે રહે એ અદ્ભુતરસ છે. આહાહા..! કઈ વાત બેસે!

મુમુક્ષુ :– કેવળદર્શન કેવળજ્ઞાનને દેખે કે નહિ?

ઉત્તર :– બધું જ દેખે. બધું જ જાણે. પણ દેખે ભેદ પાડીને (દેખે) નહિ. કેવળદર્શન ભેદ પાડીને (દેખે) નહિ કે હું દર્શન છું, આ જ્ઞાન છે. એમ નહિ. આહાહા..! આ તો વીતરાગનો માર્ગ, ભાઈ! આહાહા..! એ કીધું નહિ? 'અધ્યાત્મપંચસંગ્રહ'માં તો એમ લીધું છે. જ્યાં નવ રસ વર્ણવ્યા છે એમાં એક અદ્ભુત રસ વર્ણવ્યો છે. એ અદ્ભુતરસમાં આ કીધું છે. ઓહો..! પ્રભુ! તારા પ્રકાશની એક પર્યાય કોઈને ભેદ પાડ્યા વિના દેખે. અને એક સમયની એક પર્યાય દરેકને ભેદ પાડીને (જાણે) કે આ જીવ છે, આ જડ છે, આ ચૈતન્ય છે, જ્ઞાન છે, આનંદ છે, દરેકને ભિન્ન પાડીને જાણે. પ્રભુ! એક સમયે બે પર્યાય. એ જ પર્યાયનો એક સ્વભાવ અને એક પર્યાયનો આ સ્વભાવ, કોઈ અદ્ભુતરસ છે! ગૂઢ વાત છે, ભાઈ! આ કાંઈ વાર્તા નથી. આહાહા..! આ પ્રભુના ઘરની વાત છે અને પ્રભુના ઘરમાં જવાની વાત છે. આહાહા..!

કહે છે, **'અહીં દૃષ્ટાંતપક્ષે કોઈ વખતે વાદળાંની ખલેલ ન હોય ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ...'** પ્રકાશ પણ કરે છે અને તાપ–ગરમી પણ આપે છે. એક સમયમાં બે થાય છે. આ તો દૃષ્ટાંત આપ્યું. આહાહા..! સૂર્યનું એવું છે. **'જેવી રીતે યુગપદ્ વર્તે છે, તેવી જ રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને ત્રિલોકવર્તી...'** ઈશ્વર, પરમેશ્વર

ત્રિલોક પ્રભુ, અનંત તીર્થંકરો... આહાહા..! એ પણ પોતાના કેવળદર્શન અને કેવળજ્ઞાનથી એક સમયમાં બેય દેખે છે. જેમ સૂર્યમાંથી તાપ અને પ્રકાશ એક સમયે થાય છે. એમ આત્મામાં જ્ઞાન અને દર્શન ત્રણલોકને જાણે એવું જ્ઞાન અને ત્રણલોકને ભેદ પાડ્યા વિના દેખે-દર્શન, એમ એક સમયમાં બેય થાય છે. આહાહા..! આવી વાત! સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. અર..ર..! અરે..! ભાઈ! એ બધું કર્યું છે પહેલા. આહાહા..! એ વાત મૂળ ચીજ (રહી ગઈ).

ચૈતન્યપ્રકાશ 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી' 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતે વચનભેદ ભ્રમ ભારી, નિજરૂપા નિજશક્તિ ભાસી, પરરૂપા પર ભાસી.' સ્વજ્ઞેય અને પરજ્ઞેય બેય. આત્મા એક સ્વજ્ઞેય અને પરજ્ઞેય બેયને જાણે. પણ પરજ્ઞેયને જાણવાથી આત્મામાં કાંઈ ખામી આવી જાય છે... આહાહા..! કે વિશેષ થઈ જાય અથવા પરને નથી જાણતું એમ નથી. આહાહા..! પર સંબંધી પોતાના જ્ઞાનની પર્યાયના સામર્થ્યમાં એને જાણવામાં સ્વ-પર પૂર્ણ જણાય છે. પોતાની પર્યાયને જાણવામાં જ ત્રણકાળને જાણવું-દેખવું એક સમયમાં આવે છે. આહાહા..! અરે..! એનું મહાત્મ્ય આવતું નથી. અને બહારનું મહાત્મ્ય (છૂટતું નથી). આહાહા..! દીકરો કાંઈક સારો આવે હોંશિયાર તો રાજી રાજી થઈ જાય અને લાપસી રાંધો. એક દિવસમાં પાંચ હજાર પેદા થાય ત્યાં આજે આ ફલાણું કરો. શું ધૂળમાં છે? ત્રણલોકનો નાથ ચૈતન્ય અનંત સમૃદ્ધિથી ભરેલો ભગવાન... આહાહા..!

મુમુક્ષુ :– ભગવાન ભૂલ્યા.

ઉત્તર :– ભગવાન ભૂલ્યો છે અનાદિથી. આહાહા..!

કહે છે, જેમ સૂર્યમાં વાદળના અભાવને લઈને આતાપ અને પ્રકાશ એકસાથે હોય છે **'તેવી જ રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી,...'** આહાહા..! ત્રણલોકમાં વર્તનારા અને ત્રણકાળમાં વર્તનારા. ત્રણકાળ કોને કહે? પ્રભુ! આહાહા..! ક્ષેત્ર પણ ક્યાંય અંત વિનાનું. આ લોક અસંખ્ય યોજનમાં છે. પછી ખાલી જગ્યા–આકાશ છે. એ આકાશ નામનો પદાર્થ ક્યાં ગયો? ક્યાં રહ્યો? ચાલતા... ચાલતા... ચાલતા... ક્યાંય એનો અંત નથી. આકાશ નામના પદાર્થનો ક્યાંય અંત નથી. આહાહા..! એ ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી. ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી. આહાહા..! ત્રિકાળવર્તી એટલે ભવિષ્યમાં વર્તનારને અત્યારે જાણે. આહાહા..! એમ આવ્યું કે નહિ?

**'ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી,...'** ભવિષ્યમાં વર્તનારને પણ વર્તમાનમાં જાણી લે. આહાહા..! જેનો અંત નથી એને પણ અત્યારે જાણી લે. આહાહા..! જેના ક્ષેત્રનો અંત નથી. અંત હોય તો પછી શું? આકાશમાં પછી... પછી... પછી... પછી... પછી... (શું)? એ સર્વને જાણનાર ભગવાન... આહાહા..! એના જ્ઞાનમાં તર્કમાં મુશ્કેલી પડી જાય એવી ચીજને પણ ભગવાન તો એક સમયમાં દેખે-જાણે છે. આહાહા..! ત્રણકાળ આદિ-અંત વિનાનો કાળ.

કાળની આદિ નથી, કાળનો અંત નથી. એને પણ જાણે. ક્ષેત્રની આદિ અહીંથી છે પણ અંત નથી. આમ જુઓ તો આદિ ને અંત નથી. આકાશની શ્રેણી. એક શ્રેણી ક્યાં પૂરી થઈ અને ક્યાંથી શરૂ થઈ? અનંત શ્રેણીઓ આકાશની છે. આહાહા..! એ ત્રિકાળ અને ત્રિલોકવર્તી. ત્રણકાળમાં વર્તનારા અને ત્રણલોકમાં વર્તનારા... આહાહા..! તે સર્વને **'યુગપદ્ જાણે છે.'** છે?

**'સ્થાવર-જંગમ દ્રવ્યગુણપર્યાયાત્મક જ્ઞેયોમાં સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન અને કેવળદર્શન યુગપદ્ વર્તે છે.'** આહાહા..! દેખવું અને જાણવું એક સમયમાં વર્તે છે. સૂર્યમાં જેમ પ્રકાશ અને તાપ એક સમયમાં વર્તે છે. એમ ભગવાનઆત્મામાં એક સમયમાં જાણવું અને દેખવું (થાય છે). ભલે બેના સ્વભાવ ભિન્ન છે, છતાં એક સમયે બેયને જાણે. આહાહા..! વિચાર કર્યો નથી. ભગવાનને કેવળજ્ઞાન છે... કેવળજ્ઞાન છે... એટલું. પણ શું એ વસ્તુ છે?

કોઈ દિ' વિચાર કર્યો કાંઈ? કે આ લોક છે, આ ક્ષેત્રનો અંત તો આવશે, આ જડ ચૈતન્ય છે. પછી ખાલી જગ્યા (છે) એનો ક્યાંય અંત (છે)? એનો ક્યાં અંત? આહાહા..! એમ કાળની શરૂઆત ક્યાંથી? કે પહેલો સમય આ શરૂઆત છે. પહેલું શું? દ્રવ્યની પહેલી પર્યાય કઈ? પર્યાય ભિન્ન છે, દ્રવ્ય ભિન્ન છે. દ્રવ્યની પર્યાય છે. તો દ્રવ્યમાં પહેલી પર્યાય કઈ? આહાહા..! ગજબ વાત છે. અનાદિ... અનાદિ... અનાદિ દ્રવ્ય.. દ્રવ્ય અને પર્યાય અનાદિ અનંત. દ્રવ્ય પણ અનાદિ અને એની પર્યાય પણ અનાદિ. આહાહા..! એમ અહીં આકાશનો અંત નહિ અને કાળનો અંત નથી. આહાહા..! એને જ્ઞાનદર્શન જાણે-દેખે. યુગપદ્ જાણે-દેખે.

**'વળી (વિશેષ એટલું સમજવું કે), સંસારીઓને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે...'** એટલો ફેર. કેવળજ્ઞાનીઓને કેવળજ્ઞાન અને દર્શન એક સમયે થાય છે. છદ્મસ્થને પહેલા દર્શન અને પછી જ્ઞાન એમ થાય છે. દર્શનપૂર્વક જ્ઞાન હોય છે. આહાહા..! ભેદ પાડ્યા વિનાની વસ્તુ પહેલી દેખે અને પછી ભેદ પાડવાની વસ્તુ દેખે. એવો દર્શન અને જ્ઞાનનો સ્વભાવ છદ્મસ્થને એમ હોય છે. આહાહા..! કોઈપણ ચીજને જોવામાં છદ્મસ્થ અલ્પ જ્ઞાનીને પહેલા દર્શન (ઉપયોગ થાય છે). આહાહા..! સામાન્યપણું તે ચીજના ભેદ, વિસ્તારના અભાવવાળું દર્શન અને એ જ સમયે... કેવળીને એ જ સમયે અને આને સમય ફેર–છદ્મસ્થને સમયફેર. દર્શન વખતે જ્ઞાન નહિ અને જ્ઞાન વખતે દર્શન નહિ. આહાહા..! હવે આવું સમજવા ક્યારે નવરા થાય? ધંધાનું કરવું, બાયડી-છોકરાનું કરવું, આબરૂનું કરવું કે આ કરવું? આહાહા..! બધું આ કરીને મૂકે છે. પરનું કરવાનું મૂકે છે. આહાહા..!

હું કોણ છું? કેવડો છું? ક્યાં છું? મારી શક્તિની અપરિમીતતા કઈ રીતે છે? અને આ ક્ષેત્ર અને કાળ એની મર્યાદા કેટલી છે? એનો વિચાર કરતા ગંભીર... ગંભીર.. ગંભીર... એ વસ્તુ ગંભીર અને એને જાણનારું જ્ઞાન ને દર્શન ગંભીર. આહાહા..! કેવળી એક સમયે

જાણે-દેખે. છદ્મસ્થને પહેલું દર્શન અને પછી જ્ઞાન (થાય છે). **'(અર્થાત્ પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે, યુગપદ્ થતા નથી).'** આહાહા..! એમ ભગવાન 'કુંદકુંદાચાર્યે' 'પ્રવચનસાર'માં કહ્યું છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૮૮, શ્લોક-૨૭૩, સોમવાર, અષાઢ સુદ ૯, તા.૨૧-૦૭-૮૦

---

'નિયમસાર' ૧૬૦ ગાથા થઈ ગઈ. એનો આધાર આપે છે. **'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૬૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**''णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी।**
**णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तुं तं लद्धं।।''**

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ ઉપાય તો બધા કીધા. તો એ કેવળજ્ઞાન જ્યારે થાય ત્યારે **'જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે...'** કોઈ બાકી નથી. ક્ષેત્ર અને કાળ, અનંત અનંત ક્ષેત્ર અને અનંતકાળ અને અનંત અનંત ગુણનો ભાવ, એ બધાને પારને પામેલું છે. જ્ઞાન સર્વથી પાર પામેલું છે. આહાહા..! એવી શક્તિ છે–એવી તાકાત એમાં છે કે પોતાની સત્તામાં રહીને જ્યારે નિર્મળ ઉત્પન્ન થયો ત્યારે પરદ્રવ્યને અડ્યા વિના પરદ્રવ્યના ક્ષેત્ર-કાળનો અંત નથી (એ) સર્વને જ્ઞાન એક સમયમાં જાણે છે. આહાહા..! એવી આત્માની મતિ છે. એવો શક્તિવાન પ્રભુ અંદર છે. આહાહા..!

એક સમયમાં ક્ષેત્રનો અંત નથી એનું જ્ઞાન થઈ જાય છે, કાળનો અંત નથી એનું જ્ઞાન થઈ જાય છે. ભાવ અનંત અનંત ગુણ છે. ત્રણકાળના સમય એથી અનંતગુણા ગુણ છે. આહાહા..! ત્રણકાળને જાણે એથી અનંતગુણા ગુણને જાણે. એક એક આત્મામાં એક એક પરમાણુમાં ત્રણકાળના સમય (તેને જાણે). એક સેકન્ડમાં અસંખ્ય સમય થાય. આહાહા..! એની મોટપની એને ખબર નથી. એક આત્મા છે અને આ દેહ હું છું, બસ. પણ કોણ છે? કેવો છે? એની કિંમત, એની મોટપ, એની મહિમા.. સર્વજ્ઞ પણ એની મહિમાનો પાર નથી એમ કહે છે. આહાહા..!

**'જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે...'** પદાર્થમાં બધું આવી ગયું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સર્વ પદાર્થોથી પાર થઈ ગયું. આહાહા..! **'અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે;...'** એ લોકાલોકને જાણે છે, દેખે છે. લોકાલોકને દર્શન દેખે છે. દેખે છે એનો અર્થ અહીં વિસ્તૃત છે. છે. લોકાલોક છે એવું દર્શન દેખે છે. આહાહા..! એવી શક્તિ છે એ વ્યક્ત પ્રગટ થઈ ગઈ. ભગવાનઆત્મામાં અનંતજ્ઞાન ને દર્શનશક્તિ એ પર્યાય–અવસ્થામાં અનંત અનંત પ્રગટ થઈ ગઈ. આહાહા..! ત્યારે એ આત્માનું જ્ઞાન સર્વ પદાર્થના પારને પામ્યું

અને દૃષ્ટિ સર્વ લોકાલોકમાં વિસ્તૃત છે. આહાહા..! એવું પ્રભુનું સામર્થ્ય છે. તો શું થયું? **'સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે...'** પોતાનું જ્ઞાન, દર્શન ને આનંદ અંતરમાં દૃષ્ટિ કરીને જ્યાં પ્રગટ થયા, ત્યાં સર્વ અનિષ્ટ નાશ પામ્યું. અનિષ્ટ કંઈ બાકી રહ્યું નહિ. આહાહા..! બહારની ચીજ કોઈ અનિષ્ટ નહિ. અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા આદિ અનિષ્ટ છે. એનો નાશ થઈ ગયો. આહાહા..! બહારની ચીજ ઇષ્ટ-અનિષ્ટ નથી. બહારની ચીજ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. બહારની ચીજ કોઈ સારી અને નરસી એવા બે ભેદ જાણવાલાયક જ્ઞેયમાં નથી. આહાહા..! **'સર્વ...'** આહાહા..! લોકો જેને પ્રીતિથી, પ્રેમથી રાગ કરે છે, પ્રતિકૂળતામાં દ્વેષ કરે છે એ સર્વનો નાશ થઈને, જ્ઞાન અને દર્શન પ્રગટતાં અનિષ્ટ નાશ પામ્યું. આહાહા..! **'અને જે ઇષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે.'**

મુમુક્ષુ :– એ તો પૈસા છે.

ઉત્તર :– પૈસા આદિ ધૂળ છે. પૈસાએ પૈસાવાળાને મારી નાખ્યા છે. જુઓને 'મુંબઈ'માં હીરાની ઊંચી વીંટી પહેરીને જાતો હતો. ઊંચા હીરાની કિંમતી હશે. એક જણો જોઈ ગયો ગુંડો. ગુંડાને ખ્યાલ આવ્યો કે આણે પહેરી છે. એક શેરીમાં ઓલો ગર્યો અને પોતે ગર્યો અને લઈ લીધી મારી નાખ્યો. આહાહા..! પાછો એને ઓળખે. જે અનુકૂળતા માટે હતું. આંગળીમાં શોભા રાખી. ઊંચી ચીજ હતી. આ ધૂળની શોભા છે. મારી નાખ્યો એને. લઈને પછી મને ઓળખે તો મારે પાછો. મને ઓળખે ને પકડશે.

મુમુક્ષુ :– એકને મારી નાખે ને બીજાને મોટપ આપે.

ઉત્તર :– મોટપ કોને આપે છે? આપે છે એમ માને છે. માને છે મોટપ. પૈસાવાળા હોય, મોટા હોય બધા ધૂળના ધણી છે. મરતા મોઢા ફાટી જાશે. અસાધ્ય પીડા-પીડા. એકની પીડા જોઈ છે. બેની પીડા (જોઈ છે). 'ધ્રાંગધ્રા'માં. (સંવત) ૧૯૭૬ની વાત છે. 'ધ્રાંગધ્રા'માં અપાસરાની પાસે એક 'જેઠાલાલ' હતા. 'ધ્રાંગધ્રા'માં અપાસરો છે ને. 'જેઠાભાઈ' હતા. પણ ૧૯૭૬ની વાત છે. એને આ હાર્ટ ઉપડ્યું. એવી વ્યાધિ... એવી વ્યાધિ.. ૧૯૭૬ની સાલ. કહે, મહારાજને બોલાવો. અમે ગયા હતા. નીચે પથારીમાં રહી શકે નહિ. ખાટલામાં તો સુવાડી શકે નહિ. 'જેઠાલાલ સંઘવી' હતા. અપાસરાની જોડે. ઓલા 'સૂરચંદ સંઘવી' હતા ને? આહાહા..! એ પીડા. માંગલિક સાંભળવાનું ભાન ન રહે. લોકોએ બોલાવ્યા. એટલી પીડા. આમ પથારીથી હેઠે ઉતરી જાય. હેઠે આમથી આમ (થાય). આહાહા..!

એક 'વઢવાણ'માં જોયું. આ કેવા કહેવાય? 'દાદભાવાળા'. 'દાદભાઈ' હતા ને 'ચંદભાઈ' એની જોડે મકાન હતું. એ વાત (સંવત) ૧૯૮૨ની છે. ૧૯૮૨ની સાલની. એમાંથી એક શેઠિયો કોઈક હશે. આપણે બહુ ઓળખતા નથી. એને પીડા ઉપડી તો કહે મહારાજને બોલાવો. અમે ગયા પણ અંદર... આહાહા..! ક્યાંય બેસી શકે નહિ. પથરણા પાથરેલા હતા. આહાહા..! એટલી મુંઝવણ. આ દશા, બાપા!

અહીં કહે છે, જેણે જ્ઞાન અને દર્શન (જે) ભગવાનઆત્માનો સ્વભાવ–એની શક્તિ એ આત્માનું સત્ત્વ છે. જાણવું-દેખવું તો આત્માના સત્‌નું સત્ત્વ છે. એ જ્યાં પ્રગટ્યું ત્યાં અનિષ્ટનો નાશ થયો અને ઇષ્ટની પ્રાપ્તિ થઈ ગઈ. પૂર્ણ ઇષ્ટની પ્રાપ્તિ થઈ. આ ઇષ્ટ-અનિષ્ટ છે. પૈસા કરોડ મળ્યા માટે ઇષ્ટની પ્રાપ્તિ અને નિર્ધનતાનો નાશ થયો માટે અનિષ્ટનો નાશ (થયો એમ નથી). આહાહા..! ક્ષય રોગ થયો અને નાશ થયો કદાચિત, એ કાંઈ અનિષ્ટ નથી. આહાહા..! આ તો જ્ઞાન અને દર્શન જેનો સ્વભાવ છે, એની અપૂર્ણતા અને વિપરીતતા એ અનિષ્ટ છે. એ સર્વ અનિષ્ટોનો નાશ થઈ પોતાની પૂર્ણતા પ્રગટી એ ઇષ્ટની પ્રાપ્તિ છે. ત્યાં તમારા પૈસા-બૈસા ન આવ્યા કે પૈસા મળ્યા ઇષ્ટ પ્રાપ્ત થઈ ગયું. બાયડી સારી મળી માટે ઇષ્ટ પ્રાપ્ત થઈ ગયું, છોકરા સારા મળ્યા, એની મેળાએ કામ કરે છે, હવે નવરા થયા માટે ઇષ્ટની પ્રાપ્તિ (થઈ, એમ નથી).

મુમુક્ષુ :– સારા છોકરા હોય એને તો સારા કહેવા પડે ને?

ઉત્તર :– સારા કહેવા કોને પણ? જ્ઞેયમાં સારી (એવી) છાપ મારી છે?

મુમુક્ષુ :– આપણું કહ્યું માને એટલે સારા.

ઉત્તર :– કોઈનું માને નહિ. ભગવાનનું માને, એનું પોતાનું માને. આહાહા..!

જાણનાર ને દેખનાર હું છું. મારી અપૂર્ણતા પણ મારે માટે અનિષ્ટ છે. મારી પૂર્ણતા એ મારે માટે ઇષ્ટ છે. આહાહા..! વાત સાંભળી પણ નથી. કોઈ દિ' દરકાર પણ કરી નથી. અરેરે..! સમય ચાલ્યો જાય છે, કાળ ચાલ્યો જાય છે. મૃત્યુનો સમય છે તે ફરે એવો નથી. ભગવાને જોયો છે કે આ સમયે, આ ક્ષેત્રે, આ કાળે દેહ છૂટશે. એ સ્થિતિ તે રીતે થવાની. આહાહા..!

અહીં તો એમ કહે છે કે, ઇષ્ટ-અનિષ્ટ બીજી કોઈ ચીજ નથી. એમ કહે છે. અનિષ્ટ તો પોતાની અપૂર્ણતા છે. જે જ્ઞાનસ્વભાવ પૂર્ણ જાણવો જોઈએ એને ન જાણે, અલ્પ જાણે એ અનિષ્ટ છે. અલ્પ દેખે એ અનિષ્ટ છે. એનો નાશ થઈને પૂર્ણ દેખવું-જાણવું થયું, અતીન્દ્રિય અનંતઆનંદ પ્રગટ થઈ ગયો. આહાહા..! શરીર પ્રમાણે રહેવા છતાં મુક્તિ શરીરમાં થાય છે. શું કીધું? ભગવાનઆત્મા અહીં રહે છે. સંસાર પણ એની પર્યાયમાં અહીં છે અને કેવળજ્ઞાન પણ અહીં શરીર હોય એમાં રહે છે. કેવળજ્ઞાન તો ઠીક પણ મુક્તિ સુધી લીધું છે. મુક્ત થઈ ગયો તોપણ અહીં રહે છે. એક સમય અહીંથી મુક્ત થયો, એક સમયમાં પછી આમ જાય. ત્યાં એક સમયમાં પહોંચે. મુક્તિ થઈ અહીં રસ્તામાં અને ત્યાં પહોંચે જ્યાં સિદ્ધ ભગવાન છે. એક સમયમાં. આહાહા..! એની ગતિ તો કેવી હશે, લ્યો! અહીં ઝટ પહોંચ્યા હોય જાણે કોઈક ગામમાં. અને ઝટ જાણે ઝટ ઠીક આવી ગયા. અહીં તો કહે ઝટ અને હટ કાંઈ નથી. આહાહા..! પોતે પ્રભુ અનંત આનંદ સંપન્ન છે. એ અનંતજ્ઞાન ને દર્શન જ્યાં પ્રગટ થયા, ત્યાં અનંત આનંદ સાથે પ્રગટ થયો. અપૂર્ણ આનંદનું દુઃખ હતું

એ અનિષ્ટ હતું. પૂર્ણ આનંદમાં ઇષ્ટમાં પૂર્ણ આનંદ છે. અનિષ્ટનો નાશ અને ઇષ્ટની પ્રાપ્તિ (છે).

અહીં બીજી વાત ઇ કહેવી છે કે ઇષ્ટ-અનિષ્ટ કોઈ જગતની ચીજને માને તો એ વાત મિથ્યાભ્રમ છે. આહાહા..! દુનિયાની કોઈ ચીજને ઇષ્ટ માને, લગન કર્યા ને પાંચ-પચ્ચીસ હજાર ખર્ચ્યા ને ઇષ્ટ થયું. એ ઇષ્ટ નથી, પ્રભુ! એ તો મહા અનિષ્ટ છે. મહા દુર્ઘટના (થઈ). ભાઈએ લખ્યું છે–'હુકમચંદજી'એ. 'દસલક્ષણીપર્વ'માં. સ્ત્રી થઈ એટલે દુર્ઘટના થઈ. ભૂતડાનો વળગાડ વળગ્યો છે. આહાહા..! ભૂતડાનો વળગાડ વળગ્યો. હવે એ દુર્ઘટના. આહાહા..! વાંચ્યું છે? 'હુકમચંદજી'નું 'દશલક્ષણીપર્વ'. પુસ્તક બહુ સરસ છે. ક્રમબદ્ધ પુસ્તક છે. બે પુસ્તક બહુ સારા. આહાહા..! એ એમ કહે છે... એમાં લખ્યું છે.

ઇષ્ટ–પોતાની સંપદા પૂર્ણ પડી છે એની પ્રાપ્તિ એ ઇષ્ટ છે. આહાહા..! અને પોતાની સંપદા હીનપણે રહે એ અનિષ્ટ છે. આહાહા..! એ સર્વનો નાશ થયો. એટલા શબ્દમાં તો ઘણું ભર્યું છે. ઇષ્ટ-અનિષ્ટ કોઈ ચીજ નથી. પોતાના ગુણની હિનતા તે અનિષ્ટ અને પૂર્ણતા તે ઇષ્ટ. બાકી કોઈ બહારની ચીજ (ઇષ્ટ-અનિષ્ટ) નથી. આહાહા..! પાંચ-પચ્ચીસ લાખ એક દિવસમાં પેદા કર્યા એટલે આજનો દિવસ માંગલિક. પાપનો દિવસ છે મોટો. આહાહા..! એક દિવસે પચ્ચીસ લાખ પેદા કર્યા એ પૂર્વનું પુણ્ય હતું એ બળી ગયું અને પૈસા એ પાપ છે તો એ પાપી થયો. સમજાણું કાંઈ? પૂર્વનું પુણ્ય હતું માટે પૈસા મળ્યા. પણ જે ચીજ મળી એ પાપ છે, પરિગ્રહ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ. એ પરિગ્રહ પાપ છે. આહાહા..! એને ઇષ્ટ માને. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... આહાહા..! આ થોડા પૈસા છે તો દાનાદિમાં ખર્ચ કરું, મંદિર આદિ બનાવશું અને આપણે ધર્મ કરશું. એ કોઈ રીતે ધર્મ થાય નહિ.

મુમુક્ષુ :– પૈસા હોય તો પંચકલ્યાણક કરી શકાય.

ઉત્તર :– પંચકલ્યાણકની એ વાત હમણા ચર્ચામાં આવી છે. હમણા ચર્ચામાં આવી છે, કે પ્રતિષ્ઠામાં પંચકલ્યાણક એ છે કે નહિ. આ શું છે? આ પ્રવૃત્તિ શેની છે? શાસ્ત્ર આધારે છે કે અધ્ધર? ચર્ચા ચાલી છે. એક ઇ ચાલી છે અને એક બાહુબલ. બાહુબલ ... તો એ શલ્ય હતું કે નહિ? ત્રણમાં શલ્ય હતું. તો કેમ કેવળ ન થયું? એ શલ્ય નહોતું. શલ્ય હોય તો ... હોય. મુનિપણું ન હોય. નિઃશલ્ય વૃત્તિ એવો પાઠ છે. શલ્યરહિત હોય એ વૃત્તિ. એ બાર મહિના રહ્યા એ તો અસ્થિરતા છે. શલ્ય નથી. છાપામાં મોટી ચર્ચા ચાલી હતી છે. અને આ એક 'વર્ધીચંદ' છે. પ્રતિષ્ઠામાં પંચ પરમેષ્ઠીની પ્રતિષ્ઠા આવી રીતે કરવી એ કઈ વિધિ છે? કારણ કે એ તો બધા પરપદાર્થ છે. પંચકલ્યાણકમાં પરપદાર્થ સાથે સંબંધ છે. સ્વપદાર્થ સાથે એમાં કાંઈ સંબંધ નથી. અને સ્વપદાર્થના આશ્રય વિના આહાહા..! ક્યાંય ઇષ્ટપણું છે નહિ. આહાહા..! એ વાત આવી.

**'અનિષ્ટ નાશ પામ્યું છે...'** આહાહા..! પોતાની અલ્પજ્ઞદશા દુ:ખરૂપ હતી એ નાશ પામી અને પોતાની સર્વજ્ઞદશા આનંદરૂપ હતી એ પ્રગટ થઈ. આહાહા..! આ બે વચ્ચે બીજાને ઇષ્ટ-અનિષ્ટ માનવું, બે વિના બીજાને ઇષ્ટ-અનિષ્ટ માનવું એ મિથ્યા ભ્રમ છે. શું કીધું? આહાહા..! અપૂર્ણ અવસ્થા તે અનિષ્ટ અને પૂર્ણ અવસ્થા તે ઇષ્ટ. એ સિવાય કોઈપણ બીજી ચીજને ઇષ્ટ-અનિષ્ટ માનવું એ ભ્રમણા અને મિથ્યાત્વ છે. આહાહા..! આવી વાત છે. આખી દુનિયાનો ફેરફાર કરી નાખે ત્યારે ધર્મમાં રહી શકાય એવું છે. આહાહા..! આ 'કુંદકુંદાચાર્ય'ના 'પ્રવચનસાર'ના વચન છે.

**'વળી બીજું પણ (શ્રી નેમિચંદ્રસિદ્ધાંતિદેવવિરચિત બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**''दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवओग्गा।**
**जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि।।''**

**શ્લોકાર્થ :- 'છદ્મસ્થોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે...'** આહાહા..! અલ્પજ્ઞ પ્રાણીને અંદર એકસાથે ગુણ હોવા છતાં અલ્પ જ્ઞાન અને અલ્પ દર્શન છે એ કારણે **'(પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે),...'** અહીં વાત લઈ જવી. આહાહા..! હવે દયા, દાન, પુણ્ય છે, ધર્મ નથી એ તો ક્યાંય ગયું. આહાહા..! અરે..! પ્રભુ! તારી સંપદા, અનંત આનંદ અને અનંત જ્ઞાન-દર્શનની સંપદા, એ સંપદાની પૂર્ણતામાં... આહાહા..! છદ્મસ્થ પ્રાણી પહેલા દર્શન અને પછી જ્ઞાન કરી શકે છે. કારણ કે અપૂર્ણ અને અલ્પજ્ઞ છે. કેવળજ્ઞાની સિવાય છદ્મસ્થ પ્રાણી દર્શન-જ્ઞાન પોતાની શક્તિ હોવાથી વિકાસમાં અપૂર્ણતા છે, તેથી દર્શનપૂર્વક જ્ઞાન થાય છે. પહેલા દેખે અને દેખ્યા પછી એને વિશેષ જાણે. આહાહા..! ક્યાં સુધી લઈ ગયા! બધું કાઢી નાખ્યું. હવે અલ્પજ્ઞપણું કાઢી નખાવે છે. આહાહા..!

પરચીજ ઉપરથી લક્ષ છોડ. નારકીને કાંઈ પરના સંયોગનું દુઃખ નથી. નરકમાં અગ્નિ અને શીતનો પાર નથી. ધગ... ધગ... ધગ... ધગ.. અગ્નિ (છે) એનું દુઃખ નથી એના તરફનું લક્ષ કરે છે, તે અટકે છે એ દુઃખ છે. આહાહા..! સંયોગ અડતો નથી. સંયોગનું દુઃખ ભઠ્ઠીમાં પડ્યો માટે દુઃખ છે એમ નહિ. આહાહા..! કેમકે સંયોગને તો એ અડતો પણ નથી. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું પણ નથી. અડતો નથી. આહાહા..! અગ્નિમાં હાથ નાખ્યો, તો કહે છે કે હાથ અગ્નિને અડ્યો પણ નથી. અને જે પીડા થાય છે એ અગ્નિથી નહિ. એના પરમાણુની પર્યાય એવી પરિણમી. આહાહા..! એને લઈને દુઃખી છે. આહાહા..! તારા સંસારમાં પોતાની સંપદા પૂર્ણ છે એ સંપદામાં અપૂર્ણતા તે અનિષ્ટ છે અને એ સંપદામાં પૂર્ણતા ઇષ્ટ છે. આમાં ક્યાંય તમારા હીરા-બીરા ન આવ્યા. આહાહા..!

આની પાસે દસ કરોડ રૂપિયા છે. 'સરદાર શહેર'માં છે ને? 'સરદાર શહેર'. આપણે 'દીપચંદજી' આવતા હતા ને. એના મામા પાસે દસ કરોડ રૂપિયા. એમ ને એમ પટારામાં

પડ્યા હોય. પણ વાપરી શકે નહિ. આહાહા..! પીવાની ઓલી શીશી લાવ્યા હોય. આ પીવાની શું કહેવાય? દવા. ... શું કહેવાય આ? આ છોકરા નથી લેતા? મીઠાશ હોય એ પીવે ને? નામ તમારું ભૂલી ગયા. એ પીવે એની મીઠાશ છે, કહે છે કે એ તો દુઃખ છે. આહાહા..! આ શું કહેવાય તમારે? કુલફી. નામ ભૂલી ગયા. એ કુલફી પીવે એમાં એને જે... ઉનાળાના દિ' હોય અને કુલફી (પીવે). આહાહા..! એ બધું કર્યું હતું. 'પાલેજ'થી 'ભરૂચ' જતાં ત્યારે ગરમી બહુ. ઉનાળામાં માલ લેવા જતા ત્યારે. પછી કુલફી-બુલફી લઈએ અને પીએ. આહાહા..! એ કુલફી પીતો નથી અને આત્મા એને અડતો પણ નથી. આહાહા..! આત્માનું જ્ઞાન ત્યાં રોકાણું એ જ અનિષ્ટ અને દુઃખ છે. આહાહા..! વ્યાખ્યા તે વ્યાખ્યા!

ગમે તે અનુકૂળ ચીજ દુનિયા માને, ત્યાં જ્ઞાન રોકાણું કે આ ઠીક છે, એ અનિષ્ટ અને એ દુઃખ છે. એમાંથી ખસીને જ્ઞાન જ્ઞાતાપણે પૂર્ણ જ્ઞાન જ કરે. કોઈ ઠીક-અઠીક કાંઈ છે જ નહિ. પૂર્ણ જ્ઞાન કરે તે જ ઇષ્ટ છે. આહાહા..! કહો, 'હરિભાઈ'! આવી વ્યાખ્યા છે. કોઈ દિ' સાંભળી ન હોય. ઇષ્ટ-અનિષ્ટ કોઈ ચીજ જ નથી. આહાહા..! ઇષ્ટ અને અનિષ્ટ તારી પર્યાય (છે). આહાહા..! જે તારું સામર્થ્ય છે એટલું પ્રગટ નહિ કરીને અલ્પમાં રહેવું એ દુઃખ છે અને પૂર્ણની પ્રાપ્તિ કરી પૂર્ણમાં રહેવું તે આનંદ છે. આહાહા..! દુનિયાથી બીજી જાત છે. બીજાને તો આકરું લાગે. અડતો નથી? કહે છે. હીરા-માણેકના હાર પહેરે આમ. લાખો રૂપિયાના-કરોડો રૂપિયાના. ચક્રવર્તીઓ કરોડો રૂપિયાના હાર, કરોડોનો હાર પહેરે. કરોડો રૂપિયાની અંગુઠી હોય, અંગુઠી! આહાહા..!

મુમુક્ષુ :– એ તો ઇષ્ટ છે ને?

ઉત્તર :– ધૂળેય ઇષ્ટ નથી. 'શ્રીકૃષ્ણ' વનમાં ગુજરી ગયા. તૃષા... તૃષા... તૃષા... જેની દેવો સેવા કરતા, એને કોઈ માણસ પાણી પાનાર રહ્યો નહિ. એના ભાઈ પાણી લેવા ગયા. પાંદડાનું (વાસણ) બનાવી (પાણી લાવે છે). ત્યાં જંગલમાં વાસણ-બાસણ ક્યાં હોય? પાંદડા અને સળીથી વાસણ બનાવીને પાણી લઈને જ્યાં આવે છે ત્યાં ભાઈનો દેહ છૂટી ગયો. આહાહા..! એટલી તૃષા. એ દુઃખ નથી.

તારી ઋદ્ધિ પરમાં રોકાય એનું નામ અનિષ્ટ અને દુઃખ છે. પણ તારી ઋદ્ધિ પરમાં રોકાય નહિ તે આનંદ છે. આહાહા..! આવી વ્યાખ્યા પણ સાંભળી ન હોય. આહાહા..! વીતરાગ ત્રણલોકના નાથ પરમેશ્વર અનંત તીર્થંકરોનું આ કથન છે. અનંત તીર્થંકરો દિવ્યધ્વનિ દ્વારા આમ પોકાર કરી ગયા છે. આહાહા..! શાસ્ત્રોમાં એ વાત રહી ગઈ. આહાહા..!

અહીં એ કહે છે કે **'છદ્મસ્થોને...'** છદ્મસ્થ એટલે કેવળજ્ઞાની નહિ એવા અલ્પ જ્ઞાનીને. **'દર્શનપૂર્વક જ્ઞાન હોય છે....'** કારણ કે એનું જ્ઞાન ઓછું અને દર્શન ઓછું (છે). એટલે પહેલું દર્શન હોય અને પછી જ્ઞાન હોય. આહાહા..! જોકે શ્વેતાંબરમાં તો એમ નાખ્યું છે (કે) કેવળીને પણ પહેલું જ્ઞાન અને પછી દર્શન. આહાહા..! અહીં પહેલું દર્શન અને જ્ઞાન.

એ વાત કલ્પિત છે. કેવળીને પહેલા જ્ઞાન અને પછી દર્શન એમ હોય નહિ. એક જ સમયમાં બેય પૂર્ણ હોય. આહાહા..! અહીં સુધી પહોંચવું. સંપ્રદાયના આગ્રહ મૂકી અને દુરાગ્રહ પકડ્યા હોય એ મૂકી દેવા. આહાહા..! સત્ય હોય એને લેવું. એમાં બહુ પુરુષાર્થ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– મોક્ષતત્ત્વમાં જ મોટી ભૂલ છે.

ઉત્તર :– મોટી ભૂલ છે તત્ત્વમાં. એકેએક તત્ત્વમાં, નવેય તત્ત્વમાં. નવેય તત્ત્વમાં ભૂલ છે. આહાહા..! શું કરે? ક્યાં વાદવિવાદ કરે? એ તો પહેલા આવી ગયું. **'णाणा कमा णाणा जीवा णाणा लब्धि'** અનેક પ્રકારના જીવો જુદી જુદી જાતની એને ક્ષયોપશમ ભાવની પ્રાપ્તિ. એ જેને બેઠું હોય એ બીજાની વાત શી રીતે કબુલ કરશે? એક વિચારવાળા બધા કેમ થાશે? આહાહા..! એટલે વાદવિવાદ કરીશ નહિ, બાપુ! આકરી વાત છે.

અહીં કહેવું (છે કે) આત્મા કર્મને અડતો નથી. અને જૈનનો આખો પોકાર કે કર્મને લઈને વિકાર થાય. અર..ર..ર..! આ ધર્મ. જૈનના છોકરાથી માંડીને બધા મોટા પંડિતો વિકાર કર્મથી થાય.. વિકાર કર્મથી થાય.. વિકાર કર્મથી થાય... આવું ઊંધું શીખ્યા. આહાહા..!

મુમુક્ષુ :– દિગંબરમાં પણ એમ છે.

ઉત્તર :– એ પછી આમ ઊંધુ શીખ્યા. આહાહા..! સ્વતંત્ર આત્મા છે. પોતાની ભૂલ પોતે પોતાથી કરે છે. જે કોઈ નિમિત્તને અવલંબતો પણ નથી. નિમિત્ત ઉપર લક્ષ કરતો પણ નથી. આહાહા..! પોતાનું અલ્પપણું છે એ દુઃખ છે. આહાહા..!

એથી છદ્મસ્થને... છદ્મસ્થ એટલે આવરણમાં રહેલા પ્રાણીને પહેલું દર્શન હોય પછી જ્ઞાન હોય. આહાહા..! છે? **'દર્શનપૂર્વક જ્ઞાન હોય છે. (અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે), કારણ કે તેમને બન્ને ઉપયોગો યુગપદ્ હોતા નથી;...'** અહીં સુધી જાવું. આહાહા..! જાણવા અને દેખવાનો ઉપયોગ એકસાથે છદ્મસ્થને, અલ્પજ્ઞ પ્રાણીને હોતા નથી. આહાહા..! એની ઋદ્ધિ એકસાથે ભરેલી છે. જ્ઞાન અને દર્શન તો એક સાથે શક્તિમાં રહેલું છે. છતાં વ્યક્તમાં અપૂર્ણતાને લઈને પહેલું દર્શન અને પછી જ્ઞાન (થાય છે). આહાહા..! આ પણ જ્યાં સંસારને ખટકે, હવે એને અહીં સુધી આવીને એ છોડાવવું... આહાહા..! કેમકે ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શનના સ્વભાવથી, પોતાના તત્ત્વથી, પોતાની સત્તાના સત્‌થી પૂર્ણ ભરેલ છે. એને પ્રગટતામાં ઓછું દર્શન અને જ્ઞાનને લઈ, પહેલું દર્શન અને જ્ઞાન પછી... આહાહા..! એ દુઃખ છે. એ અલ્પજ્ઞતા એ દુઃખ છે. આહાહા..! છે?

**'તેમને બન્ને યુગપદ્ હોય છે.'** ભગવાનને. એને (–છદ્મસ્થને) બન્ને ઉપયોગ યુગપદ્ નથી હોતાં. **'કેવળીનાથને...'** આહાહા..! આ શું કહે છે, પ્રભુ! તારામાં એટલી સંપદા છે, પ્રભુ! ઓછો રહે એ વસ્તુ શક્તિ નથી. પૂર્ણાનંદનો નાથ અનંતગુણથી પૂર્ણ ભરેલો એ પૂર્ણ ભરેલો (છે) એવી પૂર્ણ પર્યાય પ્રગટ થાય એવી તાકાતવાળો તું છો. એને ઓછો ન માન, એને અલ્પજ્ઞ ન માન, એને વિપરીત ન માન. આહાહા..! એ માન્યતામાં તો બિલકુલ વિપરીતતા

મિથ્યાત્વ છે. આહાહા..! એવી પૂર્ણ અંદર શક્તિ ભરી છે. એ પર્યાયમાં પૂર્ણ ન આવે ત્યાં સુધી દર્શન અને જ્ઞાન ઓછાને લઈને ઉપયોગ એકસાથે બેનો થઈ શકતો નથી. અલ્પજ્ઞને લઈને દર્શન-જ્ઞાન ઉપયોગ એકસાથે થઈ શકતો નથી. કેવળજ્ઞાની નાથને... છે?

**'કેવળીનાથને....'** આહાહા..! કેવળી નાથ છે. પોતાના અનંત ગુણનો નાથ છે, લોકાલોકનો નાથ છે. આહાહા..! જાણે છે ને? આહાહા..! પણ બેસે કેમ? એક જરીક શેરડીનો સાઠો મીઠો ઠીક આવ્યો જ્યાં ત્યાં ગલગલા થઈને રોકાય. હવે એને એમ કહેવું કે, પ્રભુ! તું અનંત આનંદનો ધણી (છો). પ્રભુ! તારામાં અનંત આનંદ ભર્યો છે. એ આનંદમાં પણ અપૂર્ણતા એ દુઃખ છે. આહાહા..! અહીં સુધી જાવું.. અહીં બહારની હોંશુનો પાર ન મળે. બહારની પ્રવૃત્તિની હોંશુ, આ ઉત્સાહ ને હરખ. આહાહા..! આ દશા જ્યાં સુધી ન થાય, પૂર્ણ છે અને પૂર્ણ જ્યાં સુધી ન થાય... આહાહા..! ત્યાં સુધી પ્રાણી, પ્રભુ! તું દુઃખી છો. પૂર્ણ છે. આહાહા..! જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણ પૂર્ણ ભર્યા છે. આહાહા..! એને કોઈ ક્ષેત્રની જરૂર નથી કે બહુ મોટું ક્ષેત્ર જોઈએ તો ઝાઝા ગુણ રહી શકે. આહાહા..! એ અલ્પ ક્ષેત્રમાં, અરે...! અંગૂલના અસંખ્યભાગમાં નિગોદના જીવમાં અનંતા જીવમાં એક એક જીવમાં અનંત આનંદાદિ પૂર્ણ ભર્યું છે. શક્તિ પૂર્ણ ભરી છે. આહાહા..! વીતરાગની વાત એક એક વાત જુદી છે. સાંભળવા મળી નથી. બહારમાં બધું માનીને બેઠા. જિંદગી ચાલી જાય છે. આહાહા..!

કહે છે કે ભગવાન કેવળીને તો એક સાથે યુગપદ્ હોય છે. છે ને?

**'વળી (આ ૧૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :–'**

## શ્લોક–૨૭૩

**तथा हि -**

(स्त्रग्धारा)

**वर्तेते ज्ञानदृष्टी भगवति सततं धर्मतीर्थाधिनाथे**
**सर्वज्ञेऽस्मिन् समंतात् युगपदसदृशे विश्वलोकैकनाथे।**
**एतावुष्णप्रकाशौ पुनरपि जगतां लोचनं जायतेऽस्मिन्**
**तेजोराशौ दिनेशे हतनिखिलतमस्तोमके ते तथैवम्।।२७३।।**

**[શ્લોકાર્થ :–] જે ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે, જે અસદૃશ છે (અર્થાત્ જેના સમાન અન્ય કોઈ નથી) અને જે સકળ લોકના એક નાથ છે એવા આ સર્વજ્ઞ ભગવાનમાં**

**નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે. જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં જેવી રીતે આ ઉષ્ણતા અને પ્રકાશ (યુગપદ્) વર્તે છે અને વળી જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે (અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોનાં નેત્ર દેખવા લાગે છે), તેવી જ રીતે જ્ઞાન અને દર્શન (યુગપદ્) હોય છે (અર્થાત્ તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે). ૨૭૩**

## શ્લોક–૨૭૩ ઉપર પ્રવચન

**वर्तेते ज्ञानदृष्टी भगवति सततं धर्मतीर्थाधिनाथे**
**सर्वज्ञेऽस्मिन् समंतात् युगपदसदृशे विश्वलोकैकनाथे।**
**एतावुष्णप्रकाशौ पुनरपि जगतां लोचनं जायतेऽस्मिन्**
**तेजोराशौ दिनेशे हतनिखिलतमस्तोमके ते तथैवम्।।२७३।।**

આહાહા..! આ શ્લોકમાં સાધારણને સારું ન લાગે. મુનિરાજને એવું લાગે ચાર શ્લોક કર્યાં. એ શ્લોકના આધાર માટે ચાર આપ્યા. ભાઈ! પ્રભુ! તારી મોટપનો પાર નથી. એ મોટપ ક્યાંય લેવા જાવી પડે એમ નથી. ક્યાંયથી તે મોટપ મળે એવી નથી. મોટપથી ભરેલો છો ને, ભગવાન! આહાહા..! સ્ત્રી કે ગધેડો કે દેવ, એ શરીરને ન જો. આહાહા..! કે નારકીનું શરીર, એને ન જો. એમાં આત્મા ભરેલો છે એ આત્મા કોણ છે? આહાહા..! એના ચૈતન્ય ચમત્કારના અપારનો પાર ન મળે. આહાહા..!

કહે છે કે, ઉઘડેલા જ્ઞાનમાં અલ્પ જ્ઞાન હોય તો દુઃખી છે. આહાહા..! તો બીજી ચીજ દુઃખી છે એ છે ક્યાં? આહાહા..! ૨૭૩.

**શ્લોકાર્થ :- 'જે ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે,...'** ધર્મતીર્થના નાયક. તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ અરિહંત પરમાત્મા. આહાહા..! **'ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે, જે અસદૃશ્ય છે (અર્થાત્ જેના સમાન અન્ય કોઈ નથી)...'** સદૃશ્ય અને અસદૃશ્ય. એની સમાન સદૃશ્ય કોઈ છે નહિ. આહાહા..! ત્રણલોકના નાથને જ્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું, અંદર એ પડ્યું છે એ પ્રગટે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. નથી એમાંથી લાવવું હોય તો ન આવે. આ તો ભરેલો છે ને, ભગવાન! એવો પ્રભુ જેને પર્યાયમાં પ્રગટ્યો છે એ અધિનાથ છે. આહાહા..! એ ધર્મતીર્થના નાયક છે. એ અસદૃશ્ય છે. (અર્થાત્) એની સમાન અન્ય કોઈ છે નહિ. આહાહા..!

અહીં તો પાંચ, પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ મળે. ત્યાં કીધું ને? ભૂલી ગયા. ત્યાં 'નાઈરોબી'માં ૪૫૦ તો કરોડપતિઓ. ૪૫૦ કરોડપતિ અને પંદર અબજપતિ. પાંચ-દસ

લાખ, પાંચ-દસ લાખ હોય એ ગરીબ માણસ. એવા તો સાધારણ કેટલાય. આહાહા..! લોકો બહારનું માનીને બેસે જાણે... આહાહા..! અમે પૈસાવાળા છીએ, અમે સુખી છીએ. અમને પુણ્ય ફળ્યા છે. વાત સાચી પુણ્ય ફળ્યા છે, પણ ફળ છે એ પાપ છે અત્યારે. આહાહા..!

મુમુક્ષુ :– બીજા પૈસાવાળા સામું જોવે છે તો વધારે દુઃખી છે.

ઉત્તર :– એ તો પોતે પોતાને .. એની સામું જોવે માટે નહિ. એ તો પોતે રાગી છે તેથી દુઃખ ઉત્પન્ન કરે છે. એને જોવું એ તો જ્ઞેય છે. જ્ઞેયને જોતા એને કારણે નથી. આહાહા..! એને રાગ-દ્વેષ થાય એ જ્ઞેયને કારણે નથી. આહાહા..! વાત વાતમાં ફેર છે. આહાહા..! બહુ વીતરાગમાર્ગ... ઓહોહો..! દુનિયામાં, ચૌદ બ્રહ્માંડમાં વીતરાગ સર્વજ્ઞના માર્ગ સિવાય કોઈ શરણ નથી. કોઈ શરણ નથી અને કોઈ સત્ય નથી. આહાહા..! પણ ગૂઢતા ઘણી, પ્રભુ! એની ગંભીરતાનો પાર ન મળે. આહાહા..!

શરીરમાત્રમાં રહેલો, એમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા.. ગમે તેવા અનંતા કરો, અનંતને અનંતગુણા ગુણો તોપણ એ ગુણનો પાર ન આવે એટલા ગુણ છે તારી પાસે. આહાહા..! અનંતને અનંતે એકવાર ગુણો. એમ જે અનંત છે એટલી વાર એ અનંતને ગુણીને ગુણો. આહાહા..! એક પાંચ અને પાંચ સાથે ગુણ્યા તો પચ્ચીસ થયા. પાછા પચ્ચીસને પચ્ચીસ ગુણ્યા કરતા આંકડો વધે એમ અનંતને અનંતગુણા ગુણી નાખો તોપણ પાર ન આવે એવા અનંતા ગુણ છે, પ્રભુ! આહાહા..! તારામાં ચૈતન્યરતન ભર્યા છે, નાથ! ભગવાન તો પ્રભુ... આહાહા..! એને આ હીણી દશા ન પાલવે. આહાહા..! હીણી દશામાં રાજીપો ન પાલવે, નાથ! આહાહા..! અધિક દશા પૂર્ણ થાય એને તો રાગ હોતો નથી. આહાહા..!

અહીં તો કાંઈક થોડો જ્ઞાનનો ઉઘાડ થાય ત્યાં પ્યાલો ફાટી જાય. અમને આવડે છે ને અમે પંડિત છીએ, પ્રભુ! પંડિત કોને કહેવા? એ પાઠ આવે છે ને? એને પંડિત અને શૂરવીર કહેવા કે જેને સમકિત હોય એને. પાઠમાં આવે છે. આહાહા..! 'અષ્ટપાહુડ'માં આવે છે. પૂર્ણાનંદના નાથને ઓળખીને પ્રતીત કરવી અને અનુભવ કરવો એના જેવું કોઈ મોટું નથી. આહાહા..! આ દુનિયામાં બહારની ચીજની કોઈ મોટપ લઈ જાય એવી કોઈ ચીજ જ નથી. બહારની ચીજ તો જ્ઞાનમાં પર વ્યવહાર જ્ઞેય તરીકે જાણવા લાયક છે. આહાહા..! એને ઠેકાણે એ પરજ્ઞેયને વ્યવહાર તરીકે જાણવા લાયકની મર્યાદામાં (નહિ રાખીને), એ મર્યાદાને તોડીને 'એ ચીજ મારી છે, હું એનો છું' (એમ માને છે). પ્રભુ! આનું ફળ શું આવે? ભાઈ! આહાહા..! લોકોને ખ્યાલ નથી આવતો કે આવું શું? પણ મહાપાપ છે. આહાહા..! મહા અનંત અનંતગુણનો ધણી, એને અલ્પજ્ઞ સ્વીકારીને રાજીપામાં રહેવું અને ખુશીપો વેદવો.. આહાહા..! એના જેવું કોઈ પાપ નથી. આહાહા..! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! આહાહા..!

**'ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે, જે અસદૃશ છે (અર્થાત્ જેના સમાન અન્ય કોઈ નથી) અને જે સકળ લોકના એક નાથ છે એવા આ સર્વજ્ઞ ભગવાન...'** આહાહા..! એવો

(તું) સર્વજ્ઞ ભગવાન જ છો, પ્રભુ! શક્તિ અને સ્વભાવે તો એવો જ છો. આ તો પ્રગટની વાત છે. પણ એ છે એ આવ્યું છે કે નથી એ આવ્યું? આહાહા..! જે કૂવામાં હોય એ અવેડામાં આવે કે કૂવો ખાલી હોય ઇ પાણી અવેડામાં આવે? આહાહા..! પ્રભુ! તને ભરોસો નથી. આહાહા..! પ્રભુ! તારા આત્મામાં અનંત અનંત સંપદા ભરી છે. આહાહા..! એ સંપદા આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલા તરણા જેવા દેખાય. એવો સંપદાનો ધણી એ ભીખ માગે.. આહાહા..! પૈસા લાવો, બાયડી લાવો, છોકરા લાવો, આબરૂ લાવો, આ લાવો.. આ લાવો.. કેટલા લાવા લેવા છે તારે અગ્નિના? અગ્નિના લાવા છે એ. આહાહા..! દુનિયાથી ઊંધું છે બધું. આહાહા..!

**'એવા આ સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે.'** એને તો દર્શન અને જ્ઞાન એક સમયમાં હોય છે. છદ્મસ્થને એક સમયમાં ન હોય. જ્ઞાનનો ઉઘાડ પૂરો નથી. એથી એને દર્શન પહેલું અને જ્ઞાન પછી. આહાહા..! જોકે શ્વેતાંબર શાસ્ત્રમાં પણ એમ નાખ્યું છે. પહેલું જ્ઞાન થાય પછી દર્શન થાય. એવી તો બધી કલ્પિત વાતો કરી. આહાહા..! શું થાય? એને દુઃખ લાગે. એના શાસ્ત્રોને કલ્પિત કહેવા એ દુઃખ લાગે. પ્રભુ! માફ કરજે. તારી સંપદાની વાતું કરતા વિરુદ્ધતાની વાત જરી આવી જાય છે. પ્રભુ! તું આ સામર્થ્યવાળો છો, નાથ!

ધર્મીની ભાવનામાં તો વિરોધી કે અવિરોધી કોઈ નથી. બધા ભગવાન છે અને બધા ભગવાન થઈ જાવ. આહાહા..! પ્રભુ! તમે ભગવાન છો અને ભગવાન થઈ જાવ. આહાહા..! આચાર્યોના હૃદય તો જુઓ! 'દ્રવ્યસંગ્રહ'માં આ કહ્યું છે. આહાહા..! તું તો આઠ કર્મ રહિત થઈ જા. કારણ કે એ ચીજ જ છે, શક્તિ અને સ્વભાવે બધા ભગવાન છે તો ભગવાન થઈ જાવ. આહાહા..! કોઈપણ નરક ને મનુષ્યપણે ન રહો. આહાહા..! કારણ કે હું પણ એ પણે ન રહું. અલ્પપણે માનવાથી મને પણ દુઃખ લાગે તો પ્રભુ! તને પણ દુઃખ લાગે. અને તને દુઃખ લાગે એ કોઈ રાજી થવાનો રસ્તો નથી, પ્રભુ! તને દુઃખ લાગે એ કાંઈ ઠીક નથી. એ દુઃખ ટાળવા માટે તું થઈ જા તૈયાર. આહાહા..! જેવો છે એવો તૈયાર થઈ જા એમ કહે છે. જોયું?

**'જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે...'** હવે શું કહે છે? પ્રભુ તો એટલા પ્રગટ્યા પણ જગતને જ્ઞાનનું નેત્ર મળે છે. સૂર્ય પ્રગટ્યો તો સૂર્યના પ્રકાશમાં આંખને જોવાનું મળે છે. એમ તારામાં પ્રકાશમાં તને જોવાનું મળશે, પ્રભુ! આહાહા..! કંદમૂળની એક કટકી, એમાં અસંખ્યમા ભાગમાં... એમાં અનંતા ભગવાન બિરાજે. આહાહા..! કયે માપે માપ (કરે)? એ સ્વભાવની મહિમા અને સ્વભાવની શક્તિનું સામર્થ્ય આવું હોય, એવું જેને હજી અનુમાનમાં ન બેસે... આહાહા..! એને એવો નાથ પ્રગટે ક્યાંથી?

અહીં તો એ કહે છે, **'જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે...'** ભગવાનને કેવળજ્ઞાન

થયું તો લોકોને જ્ઞાન મળ્યું. આહાહા..! છે? **'જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં જેવી રીતે આ ઉષ્ણતા અને પ્રકાશ (યુગપદ્) વર્તે છે અને વળી જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે (અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોનાં નેત્ર દેખવા લાગે છે), તેવી જ રીતે જ્ઞાન અને દર્શન (યુગપદ્) હોય છે...'** ભગવાનને. આહાહા..! એટલું મહાત્મ્ય સાંભળે ત્યાં કહે છે, તને જ્ઞાન થઈ જાય. આહાહા..! આવા ભગવાન છે કે એને એક સમયે જ્ઞાન અને દર્શન ઊઘડી ગયા. આહાહા..! એવું સાંભળતા પ્રભુ! તને વિસ્મય આવી જાય, જ્ઞાન આવી જાય.

**'(અર્થાત્ તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે....'** જુઓ! નિમિત્તેનો અર્થ? એનાથી કાંઈ થયું નથી. ગોટો અહીં વાળે. **'જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.'** આહાહા..! ભગવાન સર્વજ્ઞ પ્રગટ થાય છે ત્યારે જગતના પ્રાણીના આંખ-નેત્ર ખુલી જાય છે. ઓહો...! આ દેહમાં રહેલો ભગવાનઆત્મા ત્રણકાળ, ત્રણલોકને જાણે. એની શક્તિ બીજી કેટલી અંદર છે! એમ બીજાને નેત્ર મળે એવી એ વસ્તુ છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૮૯, શ્લોક--૨૭૩ થી ૨૭૬, મંગળવાર, અષાઢ સુદ ૧૦, તા.૨૨-૭-૮૦

---

૨૭૩ (કળશ). **'જે ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે,...'** તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર પૂર્ણ જ્ઞાન-દર્શનને પ્રાપ્ત (થયા), એ ધર્મના નાયક છે. આહાહા..! લોકાલોકના જાણનાર (છે) એ અપેક્ષાએ અધિનાથ કહ્યા છે. એક એક આત્મા એટલી તાકાત ધરાવે છે. આહાહા..! ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે એવી તાકાત અંદર ભરી છે. આહાહા..! વીર્ય–શૂરવીર પૂર્ણ ભરેલો છે. દરેક આત્મા બળથી પૂર્ણ ભરેલો ભગવાન છે. વિશ્વાસ બેસે નહિ. આહાહા..! એક અહીં બીડીમાં રાજી થઈ જાય એને આ (માનવું). આહાહા..! અનંત અનંત આનંદ અને અનંત અનંત શાંતિ, એમાં પૂર્ણ ભરેલો એવો ભગવાનઆત્મા, એ નાયક છે, એમ કહે છે.

**'જે અસદશ છે...'** એની સાથે કોઈ મળે એવો મેળ નથી. આહાહા..! એવો તું છો, પ્રભુ! આ વ્યક્ત પ્રગટ દશા છે. તારી શક્તિ અને સ્વભાવ, તારું બળ પણ એટલું ને એવડું જ છે. આહાહા..! અનંતબળ છે, અનંતજ્ઞાન છે, અનંતશાંતિ છે. અહીં પ્રગટની વાત છે. **'જેના સમાન અન્ય કોઈ નથી અને જે સકળ લોકના એક નાથ છે...'** આખા લોક ને અલોકને જાણવામાં નાથ તરીકે કહેવામાં આવે છે. આહાહા..! પોતાની સંપદા જે પ્રગટ થઈ છે એ તો રાખે છે પણ લોકના નેત્ર સમાન, દુનિયાને નેત્ર સમાન એ છે. નિમિત્ત તરીકે એ કહે છે.

**‘એવા સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે.’** આહાહા..! એ વિશ્વાસ આવવો. સર્વજ્ઞ ભગવાનને એક સમયમાં સર્વજ્ઞ અને સર્વદર્શન એક સાથે વર્તે છે. ભલે બે ગુણ જુદા છે, બે ગુણનો વિષય પણ જુદો છે. આહાહા..! દર્શનનો વિષય એકરૂપ છે, જ્ઞાનનો વિષય ભેદરૂપ છે. છતાં એક સમયમાં બેય વર્તે છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા.. પ્રગટ થયેલી દશાની વાત છે. આહાહા..!

**‘જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે...’** જેણે સમસ્ત અંધકાર ચૈતન્યના તેજના બળ વડે... આહાહા..! ચૈતન્યના તેજના બળ વડે સમસ્ત અંધકાર–તિમિરનો નાશ કર્યો છે **‘એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં...’** જેમ તેજરાશિ. તેજનો રાશિ સૂર્ય. **‘જેવી રીતે આ ઉષ્ણતા અને પ્રકાશ (યુગપદ્) વર્તે છે...’** તાપ અને પ્રકાશ સૂર્યમાં એકસાથે વર્તે છે એ તો પ્રત્યક્ષ છે. એવી રીતે ભગવાનઆત્મામાં **‘જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે.’** સૂર્ય. સૂર્ય પ્રગટ થાય ત્યારે નેત્રથી દેખે. અંધકાર હોય ત્યારે ન દેખે. આહાહા..! સૂર્ય ઊગે એટલે આમ આ દેખે. **‘(અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોનાં નેત્ર દેખવા લાગે છે), તેવી જ રીતે...’** કાલે અહીં સુધી આવ્યું હતું.

**‘જ્ઞાન અને દર્શન (યુગપદ્) હોય છે....’** સૂર્યમાં જેમ આતાપ અને પ્રકાશ એક સાથે દેખે છે. એમ ભગવાનઆત્મા પ્રગટ દશામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન બે ગુણ (હોવા) છતાં એક સમયમાં વર્તે છે. આહાહા..! એનો વિશ્વાસ લાવવો એ કાંઈ ઓછી વાત છે? આહાહા..! એ બધી વાતું દુનિયામાં માને. આ આત્મા અંદર પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન પ્રગટ કરતાં એક સમયે જાણી શકે એવી એની તાકાત છે. આહાહા..!

**‘તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે...’** આહાહા..! ભગવાનને જ્યારે જ્ઞાન પ્રગટ્યું અને દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશ કર્યો ત્યારે **‘જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.’** જેમ સૂર્યના પ્રકાશ અને આતાપમાં આંખની વસ્તુ દેખવાની નજરું આમ પડે છે. પ્રગટ જાણવું-દેખવું (છે) એવી જેને પ્રતીત થાય છે એની નજરમાં સર્વ દેખાય આવે છે. આહાહા..! ઓહો! કેમ બેસે? બહાર ક્રિયા-પ્રવૃત્તિ બેસે. જે એની ચીજમાં નથી. શાંત, સબળ, જ્ઞાન-દર્શન-આનંદ અને વીર્યનું પૂર્ણ સ્વરૂપ. જગતના જીવોને પદાર્થ જોવાની આંખ પ્રગટી. આહાહા..! ભગવાનને જ્ઞાન-દર્શન થયું. છે?

**‘સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને...’** આહાહા..! ખૂબી શું છે? કે સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન થયા, છે. પણ બધાને એની સામું જોવાની શ્રદ્ધા નથી અને નજરે પણ પડતો નથી. આહાહા..! એમ લીધું છે. જેને સર્વજ્ઞ, સર્વદર્શી અંદરમાં બેઠા, સર્વજ્ઞ સર્વદર્શી,... સર્વજ્ઞ એટલે શું? ભાઈ! આહાહા..! જે જ્ઞાનમાં ત્રણકાળ જેનો આદિ નહિ, અંત નહિ, જેના જ્ઞાનમાં... આહાહા..! ત્રણલોક અને અલોક એક સમયમાં જાણે. આહાહા..! અલોકનો અંત નથી, કાળનો અંત નથી એને એક સમયમાં જાણે. ભાઈ! એ વાત બેસવી (જોઈએ). એમ ને

એમ જૈનમાં જન્મ્યા. ભગવાન આવા છે ને તેવા એમ માનીને બેઠા એમ નહિ. અંતર એને નથી બેઠું, બાપા! આહાહા..!

અહીં તો એ કહે છે, **'સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે...'** એનાથી નહિ. પણ થનારને તે નિમિત્ત છે. નિમિત્તથી થતું નથી. આહાહા..! પણ ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે બિરાજે છે, હાજરાહજુર છે. સમવસરણ છે, ઇન્દ્રો આવે છે, જેની સભામાં વાઘ અને સિંહ બકરાના ટોળાની જેમ આવે. આહાહા..! બકરા જેમ નરમાઈથી આવે. એમ જંગલમાંથી સિંહ ને વાઘ પ્રભુની વાણી સાંભળવા અત્યારે આવે છે. આહા..!

અહીં તો એમ કહેવું છે કે જેને સર્વજ્ઞ અને સર્વદર્શી જગતમાં છે એમ જેને બેસે એને અંદરની આંખ પદાર્થ જોવાને માટે પ્રગટ થાય છે. આહાહા..! શું કીધું એ?

જેમ સૂર્યનો પ્રકાશ અને તાપ. તાપ-તાપ-ગરમી. ગરમી અને પ્રકાશ એ બેય એકસાથે છે. પ્રકાશ બહાર પડે ત્યારે આંધળા એટલે જેને રાત્રે આંખે દેખાય નહિ એ બધા દેખતા થઈ જાય. આહાહા..! એમ ત્રણલોકના નાથ સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્મા પ્રગટ થયે એમના નિમિત્તે અહીં તો જગતના જીવોને... આંકડો લીધો નથી. આહાહા..! **'જગતના જીવોને...'** આહાહા..! ઢગલાબંધ જીવો અનંત પડ્યા છે. એ **'જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.'** પરમાત્માને જ્ઞાન ને દર્શન પ્રગટે છે. એને માનનારને પણ અંદર જ્ઞાનદૃષ્ટિ પ્રગટ થાય છે. આહાહા..! એમ કહેવા માગે છે.

જેમ સૂર્યના પ્રકાશમાં પહેલા અંધારે નહોતું દેખાતું એ આ પ્રકાશમાં, ભલે પ્રકાશ દેખાડતું નથી, પ્રકાશ તો નિમિત્ત છે, દેખે છે તો એ પોતે પોતાના બળથી. એમ સર્વજ્ઞ અને સર્વદર્શી આ જગતમાં છે. આહાહા..! એ વાત જેના હૃદયમાં બેઠી એનું હૃદય પદાર્થને જાણવાને તૈયાર થઈ ગયું છે. ભગવાનનું જ્ઞાન અને દર્શન જ્યાં પૂર્ણ છે એમ જાણ્યું. અરે..! એણે અનંતબળથી પ્રગટ કર્યું છે. એ મારામાં પણ અનંતબળ છે. હું અનંતબળનો ધણી એક સમયમાં જ્ઞાન ને આનંદ પૂર્ણ પ્રગટ કરનાર મારી તાકાત છે. આહાહા..! જેણે એક સમયમાં પ્રગટ કર્યું તો મારામાં પણ એક સમયમાં એટલું બળ ભર્યું છે, એટલી વીર્યતા અંદર ભરી છે કે એક સમયમાં હું પણ જ્ઞાન ને દર્શનને પ્રગટ કરી શકું.

ભગવાનનો જ્ઞાન-દર્શનનો નિર્ણય થતાં પોતાના આત્માને પણ પોતે વસ્તુને જાણવા શીખ્યો અને જાણતા ત્રણકાળ ને ત્રણલોકને જાણે એવી દશા પ્રગટ થશે. એવી દશા પ્રગટ થશે. આહાહા..! ભગવાન છે... છે... છે... એવી વાતું તો બધા ઘણા કરે. બાપુ! એને અંતરમાં.. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું દેખવું અને એવા દર્શન ને જ્ઞાન પ્રગટ થયા છે. એવું જેને પ્રતીતમાં આવે છે એણે ભગવાનનું જ્ઞાન નિમિત્ત થાય છે. શેમાં? જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા..! એ શ્લોક છે, ટીકાકારનો શ્લોક છે.

મુમુક્ષુ :– અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે...

ઉત્તર :– પર્યાયને જાણે. અહીં તો એક જ વાત લીધી છે. એ જાણે એને આત્મા જાણવામાં આવે. ૮૦-ગાથામાં આવ્યું ને? એ તો પરદ્રવ્ય છે. પણ પરદ્રવ્યમાં આટલી શક્તિ, આટલું બળ કે જ્ઞાન ને દર્શન એક સમયમાં પ્રગટ કર્યું, એવા બળવંત પરમાત્માની હાજરી છે. એવી હાજરી અંદરમાં બેસી જાય એને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પહેલી પ્રતીત અને અનુભવ તો થઈ જાય. આહાહા..! ઝીણી વાત છે, બાપા! દુનિયાથી બહુ.. દુનિયાનો આખો રસ્તો ... થઈ ગયો. પણ આ શું ચીજ છે? અને આને માન્યે શું થાય છે? એવો અંતરમાં એને વિશ્વાસ નથી. આહાહા..! ત્રણલોકના નાથને જાણે, યુગપદ્ જાણે અને દેખે એવી શક્તિવાળા પ્રભુ, એ જેને બેસે એને નેત્ર ખુલી જાય. આહાહા..! એને સમ્યગ્દર્શન-જ્ઞાન નેત્ર તો ખૂલી જાય અને પછી એને કેવળજ્ઞાન, કેવળદર્શન પણ ખુલ્યા વિના રહે નહિ. આહાહા..! ગજબ વાત છે. આમ તો અરિહંત છે ને સિદ્ધ છે એમ તો ઘણીવાર ગોખી ગયો. મોઢે કરી ગયો. નિશાળમાં પાસ કરી ગયો. અહીં પાસ ન કર્યું. આહાહા..!

ત્રણલોકનો નાથ જેને એક સમયમાં ઉપયોગ પરમાં લીધા વિના સ્વ ને પર પૂર્ણ જાણવું-દેખવું એક સમયમાં થાય એવી તાકાત અંદર હતી તે પ્રગટ થઈ છે. આહાહા..! એવી પ્રગટ થઈ છે તેને માનનાર, તેને જ્ઞાન ને દર્શન અનંત મારું બળ છે એવી પ્રતીતિ અનુભવ થયા વિના રહે નહિ, એમ અહીં તો કહે છે. જેમ તાપ અને પ્રકાશ થતાં જીવોને નેત્રમાં દેખવાનું થાય જ. આહાહા..! દેખનારને. આતાપ અને સૂર્ય હોય અને આંધળા કે બીજા આંખ હોય તોપણ જેની સામું જોવે નહિ અને ઘરમાં અંધારામાં પડ્યા હોય. આહાહા..!

આ દેહદેવળમાં બિરાજતા ભગવાન બધા પ્રભુ છે, બધા ભગવાન છે. સ્ત્રી-પુરુષ આત્મા, કાગડા, કૂતરા ને તિર્યંચ, નારકી, દેવ અને એકેન્દ્રિય... આહાહા..! એ બધા ભગવાન છે. દ્રવ્યે ભગવાન છે. એ આ પ્રગટ જેને થયું એ ઉપરથી બધા દ્રવ્ય એ ભગવાન છે એમ પ્રતીત થઈ અને પોતાને પણ પ્રતીત થઈ કે હું પણ હવે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ કરી શકીશ. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. આહાહા..! અંદરમાં બેસવું જોઈએ. ભાષામાં નહિ, ધારણામાં નહિ. આહાહા..! જ્ઞાનની મૂર્તિ પ્રભુ, આનંદનો સાગર, શાંતિના– અનંત અનંત શાંતિના પ્રવાહથી ભરેલો ભગવાન, એને એક સમયમાં જ્ઞાન અને દર્શન પ્રગટ થયા, એવો જ આત્મા હું છું. એમ કીધું ને?

એમના '**નિમિત્તે જગતના જીવોને...**' આહાહા..! '**જ્ઞાન પ્રગટે છે.**' આહાહા..! એને અંતરમાં વિશ્વાસ બેસે. પૂર્ણાનંદનો નાથ આત્મા પ્રભુને પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ એ આવી ક્યાંથી? પ્રભુ! એ અંદરમાં બળ હતું એ બહાર આવ્યું છે. આહાહા..! એમ મારો આત્મા પણ પ્રભુ! અનંતબળ ને અનંતજ્ઞાન ને આનંદનો સાગર છે. આહાહા..! એને માનતા પર્યાયમાં ભરતી આવે ત્યારે તો પહેલું સમ્યગ્દર્શન-જ્ઞાન થાય અને પછી સ્થિરતા કરે ત્યારે કેવળજ્ઞાન

થાય. એવો એ આત્મા છે. એ નમાલો નથી. એ સંસારમાં રહે એવી તાકાતવાળો નથી. એવી તાકાત નથી. એ તો પર્યાયમાં છે. તાકાત તો મોક્ષમાં અનંતજ્ઞાન-દર્શનરૂપે રહે એવી તાકાત છે. આહાહા..! અરે..! એ તો પોતાની પડી હોય એની વાત છે ને, ભાઈ! આહાહા..! જુઓને! આમાં ઘણું સમાડી દીધું!

**'તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે...'** નિમિત્તેનો અર્થ? જેને થાય છે તેને એ નિમિત્ત કહેવાય છે. આહાહા..! એનાથી થતું હોય તો એ તો ભગવાન બિરાજે છે તો બધાને થવું જોઈએ. ભગવાન તો બિરાજે છે. અહીં ભરતક્ષેત્રમાં ભગવાન બિરાજતા. એમનાથી થાય તો બધાને થવું જોઈએ. પણ થાય તેને એ નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! નિમિત્તવાળા જોર આમ આપે. અહીં પાઠમાં નિમિત્ત શબ્દ આવ્યો ને? એના નિમિત્તથી–ભગવાનના નિમિત્તથી.

મુમુક્ષુ :– તું કર ત્યારે નિમિત્ત કહેવાય ને?

ઉત્તર :– પણ તું પોતે પ્રગટ કર ત્યારે એને નિમિત્ત કહેવાયને? આંધળા હોય એની સામું પણ જોતા નથી. ત્રણલોકના નાથના ભલે ભરતમાં વિરહ પડ્યા, પણ મહાવિદેહમાં તો સદાય છે. આહાહા..! અનંતજ્ઞાન અને અનંતદર્શન (સ્વરૂપ) એવા તીર્થંકરનો વિરહ મહાવિદેહમાં કદી નથી. આ અત્યારે ભરત અને ઐરાવતમાં વિરહ પડી ગયા. આહાહા..! એ ચીજ જેને અંદરમાં બેઠી... આહા..! જગતમાં છે. ભલે આ ક્ષેત્રે નથી પણ બીજે ક્ષેત્રે છે. એનું કારણ કે એ આત્માની એટલી તાકાત છે. એને ગમે તે ક્ષેત્ર કાંઈ નડતું નથી. એની તાકાત છે. અનંતબળ (છે). આહાહા..! અનંતબળનો બળિયો! આહાહા..! ઓલા નથી કહે ને બળ? છોકરાને લગન માથે બળિયો... ઓલા પાણિયારા ઉપર રાખે નહિ? પાણિયારું હોય ત્યાં પત્થર ઉપર. આ તો તે દિ'ની વાત છે. પોણો સો વર્ષ પહેલાની. માટીનો બળ.. બનાવે. તમારે તો હોય કે ન હોય. અહીં કાઠિયાવાડમાં હોય. આહાહા..! એ તો બળદેવ આ (છે). આહાહા..! ઘરે ઘરે બનાવતા. ખબર નથી તમને? નહિ? શું નામ કહેતા એને?

પ્રશ્ન :– બળિયા દેવ.

ઉત્તર :– બળિયા દેવ. પાણીનું પાણીયારું હોય ને પાણીયારું? એના ઉપર બળિયાદેવ કરે. તે દિ' આ તો અમારે ૮૦ વર્ષ પહેલાની વાત છે. અમારે ઘરે થાતું, બધું નજરે જોયું છે. બળિયાને માને. પણ એ બધી બહારથી ધૂળથી. આહાહા..! ચૈતન્યનો નાથ ઝળહળ જ્યોતિએ ભરેલો અનંતબળનો ધણી એક સમયમાં પૂર્ણ જ્ઞાન અને દર્શન એક સમયે યુગપદ્ જાણે તેમ પ્રગટ કરે. એ જીવનું નિમિત્તપણું જેણે ઉપાદાનમાં જ્યાં લીધું એને એ નિમિત્ત થયું કહેવાય. ત્યારે એણે પોતાથી પ્રગટ કર્યું છે. આહાહા..!

**'જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.'** આમાં ગજબ કર્યું છે! આહાહા..! એની આટલી ઋદ્ધિવાળા પ્રભુ અને હું આત્મા, મારામાં એનાથી ઋદ્ધિ ને બળ ઓછું, એ આત્મા નહિ.

આહાહા..! પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન અને પૂર્ણ આનંદથી ભરેલા લાખો કેવળીઓ મહાવિદેહમાં બિરાજે છે. વીસ તીર્થંકરો બિરાજે છે. આહાહા..! અરે..! એવા પરિણામ આવી ગયા (કે) ત્યાંથી છૂટીને અહીં અવતાર થઈ ગયા. પરમાત્મા બિરાજે છે ત્યાં. આહાહા..! એ પોતાની કચાશની જ વાત છે. આહાહા..! પછી એમ કહેતા કે, હે પ્રભુ! તમારી કરુણા થઈ કે હું અહીં આવ્યો. આપના જ્ઞાનમાં અહીં આવવાનું આવ્યું એ કરુણા. આહાહા..! ભગવાનને દયા વર્તે છે ઇ આ. ઇ જાણે છે ને? એ દયા. આહાહા..! આમાં આટલામાં નાખી દીધા. **'ભગવાનના નિમિત્તે જગતના જીવોને...'** આંકડો બાંધ્યો નથી. **'જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.'** ભગવાન ચૈતન્યની જ્યોત ઝળહળી ઉઠી... આહાહા..!

## શ્લોક-૨૭૪

(वसंततिलका)

सद्बोधपोतमधिरुह्य भवाम्बुराशि-
मुल्लंघ्य शाश्वतपुरी सहसा त्वयाप्ता।
तामेव तेन जिननाथपथाधुनाहं
याम्यन्यदस्ति शरणं किमिहोत्तमानाम्।।२७४।।

**[શ્લોકાર્થ :–] (હે જિનનાથ!) સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો. હવે હું જિનનાથના તે માર્ગે (–જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું; (કારણ કે) આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે? ૨૭૪.**

## શ્લોક-૨૭૪ ઉપર પ્રવચન

सद्बोधपोतमधिरुह्य भवाम्बुराशि-
मुल्लंघ्य शाश्वतपुरी सहसा त्वयाप्ता।
तामेव तेन जिननाथपथाधुनाहं
याम्यन्यदस्ति शरणं किमिहोत्तमानाम्।।२७४।।

**શ્લોકાર્થ :-** **'(હે જિનનાથ!)'** હે જિનનાથનો પોકાર કોણ કરે? આહાહા..! જેને વીતરાગી પરમાત્મા અનંત સિદ્ધ થઈ ગયા અને લાખો મનુષ્યપણે બિરાજે છે. આહાહા..! અનંત અનંત

વીતરાગી સિદ્ધો થઈ ગયા અને લાખો કેવળીઓ બિરાજે છે. વીસ તીર્થંકર બિરાજે છે. એ તો મનુષ્યક્ષેત્રમાં બિરાજે છે. આહાહા..! **'(હે જિનનાથ!) સદ્દ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો.'** આહાહા..! આ બધી પ્રતીત આવી છે કે નહિ? આ કોણ બોલે છે આ? આહાહા..!

હે નાથ! **'સદ્દ્જ્ઞાનરૂપી નાવમાં...'** અંતરની સમ્યગ્જ્ઞાનરૂપી નાવમાં, તેમાં **'આરોહણ કરી...'** પ્રભુ! આપ જ્ઞાનમાં આરોહણ કરીને. કોઈ ક્રિયા કરીને તમે કેવળજ્ઞાન મુક્તિ પામ્યા એમ નથી. આહાહા..! એમ કહ્યું ને? જ્ઞાનમાં આરોહણ કરી. આહાહા..! **'ભવસાગરને ઓળંગી જઈને,...'** આહાહા..! ચોર્યાશીના અવતાર છોડી દીધા. ઓળંગી ગયા. પોતાના જ્ઞાન અને દર્શનના બળથી ભવસાગરને ઓળંગી ગયા. **'તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો.'** અને અલ્પકાળમાં તમે શાશ્વત સિદ્ધપુરીમાં પ્રભુ એક સમયમાં પહોંચી ગયા.

**'હવે હું જિનનાથના તે માર્ગે...'** આહાહા..! જુઓ! આ શિષ્ય એમ કહે છે. શિષ્ય એનું નામ. એને અંદરથી વિશ્વાસ ઊપજી જાય. **'હવે હું જિનનાથના તે માર્ગે (–જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું;...'** આહાહા..! પાંચમાં આરાના છદ્મસ્થ મુનિ આવું જોર કરીને વાત કરે છે. આહાહા..! આ પંચમઆરામાં હજાર વર્ષ પહેલા. પાંચમાં આરામાં ન થઈ શકે અને ફલાણું ન થાય, પાંચમો આરો નડે છે. ધૂળેય નડતો નથી. આહાહા..! શું કહે છે? જુઓને!

**'હવે હું જિનનાથના તે માર્ગે (–જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું;...'** આહાહા..! એ શાશ્વત સિદ્ધપુરી ત્યાં હું જાઉં છું, પ્રભુ! આહાહા..! પંચમઆરાના અલ્પજ્ઞ પ્રાણી પરમાત્માના વિરહમાં તેના અસ્તિત્વની માન્યતામાં કરીને... આહાહા..! તેના વિરહકાળમાં પણ એ છે. અહીંયાં છે ક્યાંક એમ માનીને પોતાને કહે, હે નાથ! આપ ભવને ઓળંગી ગયા. શાશ્વતપુરીમાં ચાલ્યા ગયા. હું પણ હે નાથ! તમારા માર્ગને લઈને... આહાહા..! તમે જે માર્ગ કહ્યો તે માર્ગ. એ સિવાય કોઈ માર્ગ છે નહિ.

**'(–જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું;...'** આહાહા..! એક તો દર્શન-જ્ઞાન તો છે પણ અલ્પ કાળમાં મોક્ષે જઈશ, એમ કહે છે. આહાહા..! પ્રભુ! હું અલ્પ કાળમાં શાશ્વતપુરીમાં આવીશ. આહાહા..! સંસારને ઓળંગીને આપ જેમ ચાલ્યા ગયા, એમ હું પણ ભવને ઓળંગીને પ્રભુ આવું છું ત્યાં. આહાહા..! આ અનુભવનો વિશ્વાસ કેટલો હશે! આહાહા..! પંચમઆરાનો પ્રાણી કહે છે, પ્રભુ! આપ જે રસ્તે ગયા, શાશ્વતપુરીને પામ્યા એ રસ્તે હું આવું છું. આહાહા..! અહીં રાંકાની ને દરિદ્રની વાતું નથી આમાં. આહાહા..! અનંત અનંત આનંદ અને અનંત બળનો ધણી પ્રભુ! આપે પ્રગટ કર્યું એવું પ્રગટ કરીને પ્રભુ! હું ચાલ્યો આવું છું. એમ કહે છે. આહાહા..! છદ્મસ્થને ખબર પડી જતી હશે? કેવળીને પૂછ્યા વિના? આહાહા..!

**'તે જ શાશ્વતપુરીમાં જાઉં છું; (કારણ કે) આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે?'** આહા..! આ લોકમાં ઉત્તમ પુરુષોને. ઉત્તમ પુરુષોને. સાધારણ પ્રાણી તો કંઈકને શરણ માનીને પડ્યા છે. બાયડીના, છોકરાના, પૈસાના, આબરૂના, દુકાનના, ધંધાના. આહાહા..! **'આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય)...'** વીતરાગે કહેલો જે માર્ગ... આહાહા..! પૂર્ણાનંદના નાથની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા, એવો જે પ્રભુએ મારગ કહ્યો તે મારગને... આહાહા..! **'ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે?'** બીજું શરણ છે શું? આહાહા..! અહીં તો વ્યવહાર શરણ પણ કાઢી નાખ્યું.

વ્યવહાર આવ્યું હતું ને? વ્યવહાર સાધન છે. સવારે નહોતું આવ્યું? વ્યવહાર સાધન. પછી પાછું આવ્યું હતું કે એવું કાંઈ નથી. એના એ શબ્દમાં આવ્યું કે આ ઉપાય નથી. આહાહા..! આવા અર્થ કરવામાં ફેર પડે. પોતાની નબળાઈને શાસ્ત્રના અર્થમાં ગોઠવી નાખે. પ્રભુ! તું અનંતબળનો ધણી, એક સમયમાં અનંત વીર્ય પ્રગટ કરી શકે એવી તારામાં તાકાત (છે). એને તું નબળો અને હીણો માનીને રખડી રહ્યો છે. આહાહા..! એને લઈને રખડવું થયું. નબળો અને હીણો માનવો એ જ મિથ્યાત્વ છે. આહાહા..! સબળો અને પૂર્ણ. આહાહા..! દેહમાં બિરાજતા ભગવાન આ બધા પૂરા પૂરા ભર્યા છે, કહે છે. આહાહા..! શક્તિએ, ગુણે, સ્વભાવે... આહાહા..! પૂર્ણ છે તેને ન પામી શકે એ પ્રશ્ન રહેવા દે. એ વાત અહીં નથી, કહે છે. પ્રભુ! તું જે રસ્તે ગયો તે રસ્તે હું આવું છું. આહાહા..! પાંચમા આરાનો જીવ કહે છે. અહીં પાંચમા આરાનો કહે છે ને? કોણ કહે છે આ? આહાહા..! એને આરો-ફારો ક્યાં નડતો હતો? આહાહા..! પાંચમો આરો હોય કે પહેલો આરો હોય કે... આહાહા..!

પહેલા આરામાં પણ જુગલિયા સમકિત પામે છે ને? જુગલિયા. પહેલા આરે એટલે ઓલા .. આગળ, હોં! અહીંના પહેલા આરામાં નહિ. આહાહા..! **'(તે સિવાય બીજું શું શરણ છે?'** કોને શોધવું છે? આત્માના અંતર આનંદના અનંતબળથી ભરેલો ભગવાન, એને શોધવું મૂકીને હવે તારે શોધવું છે શું? એનું શરણ મૂકીને શરણ અહીં તો ભગવાનનું શરણ છે એમ પણ ન કહ્યું. અરિહંતા શરણં, સિદ્ધા શરણં માંગલિકમાં આવે છે ને? આહાહા..! અહીં તો આત્મા આ શરણ છે. અરિહંત પણ શરણ નથી. કારણ કે બીજાને યાદ કરવા જાશે ત્યાં વિકલ્પ આવશે. આહાહા..!

અહીંયાં તો કહે છે, અન્ય આના સિવાય, હે નાથ! આપ જે માર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષને પામ્યા, એ માર્ગ સિવાય પ્રભુ બીજું શરણ ક્યાં છે? આહાહા..! હું પણ એ માર્ગે ચાલ્યો આવું છું. તમે જે સિદ્ધપુરી પામ્યા, હું પણ પંચમઆરાનો જીવ એમ કહું છું, પ્રભુ! હું પણ પામીશ. આહાહા..! કેટલું જોર મૂક્યું! જુઓને! અહીં રાંકાના કામ નથી. નબળાઈના અને રાંકાના કામ નથી. આ તો વીરના કામ છે. આહાહા..! જેને અંદરમાં ત્રણલોકનો નાથ બિરાજે છે. એક ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ કરી શકે. અનંતબળ જેમાં ભર્યું છે. એ શરીર,

વાણી, મનને લઈને નહિ. એ તો પર જડ છે. એનામાં અનંતબળ ભર્યું છે. અનંતવીર્ય. જે બળના જોરે અંતરમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પામી શકે. આહાહા..! એવા આત્માનો અનુભવ, એવા આત્માની પ્રતીતિ, એવા આત્માનો અંતરંગ ભરોસો (કરવા જેવો છે). આહાહા..! એ સિવાય દુનિયામાં કાંઈ કરવા જેવું છે નહિ. આહાહા..! ૨૭૪ થયો એ.

## શ્લોક–૨૭૫

(मंदाक्रांता)

**एको देवः स जयति जिनः केवलज्ञानभानुः**
**कामं कान्तिं वदनकमले संतनोत्येव कांचित्।**
**मुक्तेस्तस्याः समरसमयानंगसौख्यप्रदायाः**
**को नालं शं दिशतुमनिशं प्रेमभूमेः प्रियायाः।।२७५।।**

**[શ્લોકાર્થ :–] કેવળજ્ઞાનભાનુ (–કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય) એવા તે એક જિનદેવ જ જયવંત છે. તે જિનદેવ સમરસમય અનંગ (-અશરીરી, અતીંદ્રિય) સૌખ્યની દેનારી એવી તે મુક્તિના મુખકમળ પર ખરેખર કોઈ અવર્ણનીય કાન્તિને ફેલાવે છે; (કારણ કે) કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી? ૨૭૫.**

## શ્લોક–૨૭૫ ઉપર પ્રવચન

૨૭૫.

**एको देवः स जयति जिनः केवलज्ञानभानुः**
**कामं कान्तिं वदनकमले संतनोत्येव कांचित्।**
**मुक्तेस्तस्याः समरसमयानंगसौख्यप्रदायाः**
**को नालं शं दिशतुमनिशं प्रेमभूमेः प्रियायाः।।२७५।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'કેવળજ્ઞાનભાનુ (–કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય)...'** ઘટઘટમાં બિરાજે છે. આહાહા..! પ્રભુ દૂર નથી. એક સમય દૂર નથી. તારી નજરને આળસે રહી ગયો છે. આહાહા..! શરીરમાં અનંતો કેવળજ્ઞાનભાનુ (મોજૂદ છે). જે વસ્તુ હોય એ અપૂર્ણ ન હોય, અશુદ્ધ ન હોય... આહાહા..! એવો જે ભગવાનઆત્મા પૂર્ણ અને શુદ્ધ છે. **'(–કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય) એવા તે એક જિનદેવ જ જયવંત છે.'** આહાહા..!

આ જગતમાં એક આ દેવ જ બિરાજમાન છે. આહાહા..! બીજી હયાતી હો, એની અહીં કાંઈ કિંમત નથી, કહે છે. જિનદેવ એક છે એની કિંમત છે મારે તો. આહાહા..! છે?

**'કેવળજ્ઞાનભાનુ (–કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય) એવા તે એક જિનદેવ જ જયવંત છે.'** આહાહા..! **'તે જિનદેવ સમરસમય અનંગ (–અશરીરી, અતીંદ્રિય) સૌખ્યની દેનારી એવી તે મુક્તિના...'** આહાહા..! એવા **'તે જિનદેવ સમરસમય અનંગ (-અશરીરી, અતીંદ્રિય) (સમતારૂપી) સૌખ્યની દેનારી...'** ઇન્દ્રિયના સુખો તો ઝેરના સુખો (છે). પાડી નાખે નિગોદમાં જવાના. આહાહા..! એક કપડાનો કટકો રાખીને મુનિ માને અને નિગોદમાં જાય. આવી જે ભાષા વીતરાગની... આહાહા..! એ બધાને લાગુ પડે ને? જૈન સિવાય બધાને લાગુ પડે ને? આહાહા..! પૂર્ણાનંદના નાથને કોઈ કર્તા માને અને કોઈ ફળ માને કે કાંઈક મળશે તો દેવલોકમાં જાશું. આ મળે ને તે મળે ને... આહાહા..!

અહીં કહે છે કે, **'કેવળજ્ઞાનભાનુ (–કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય) એવા તે એક જિનદેવ જ જયવંત છે.'** આહાહા..! અમારા હૃદયની તો અંદર ભગવાન જિનદેવ જયવંત વર્તે છે. આહાહા..! બાકી બધી કોઈ શાશ્વત ચીજ છે નહિ. બધી નાશવાન.. નાશવાન.. નાશવાન. આહાહા..! ઓલાને કીધુંને જુઓને એ. 'હિંમતભાઈ' કહેતા હતા. ડોક્ટરોએ એટલી મહેનત કરી. ઇંજેક્શન આપીને ચીર્યું. પેટ ચીર્યું, આ ચીરે આખું, બધું ચીરી નાખ્યું પણ આ ઊલટી કેમ થાય છે એ પત્તો ન ખાધો. આ બધા ડોક્ટર ભણેલા. મોટા મોટા ડોક્ટરો. કારણ કે એ તો કરોડપતિ છે. 'ગુણવંતભાઈ'. મીઠાના વેપારી. 'ભાવનગર' છે. સ્વામિનારાયણ છે. આહાહા..! બધું ચીર્યું. બહુ જોયું. ઇંજેક્શન મારીને ચામડીને ઓલી કરીને. એને દુઃખ ન લાગે એટલે. ખરાબ ચામડીને... પત્તો ખાધો નહિ. આ તો પત્તો ખાધા વિના રહે નહિ, કહે છે. આહાહા..! રાગ અને આત્માને ચીરી નાખ્યે કેવળજ્ઞાન પ્રગટ થયા વિના રહે નહિ. આહાહા..! એ ડોક્ટર કરી શક્યા નહિ પણ આ ડોક્ટર કરી શકે એવો છે. આહાહા..! એ તો કરોડપતિ છે, સ્વામિનારાયણ છે. 'ભાવનગર'માં મીઠાનું કારખાનું (છે). આહાહા..!

અહીં કહે છે, હે નાથ! એક જિનદેવ જયવંત છે. શું કહે છે આ? પ્રભુ! અમને તો બીજું બધું જયવંત દેખાતું જ નથી. એક જિનદેવ જ જયવંત છે. આહાહા..! એક વીતરાગી પરમાત્મા જેણે વીતરાગી દશા પ્રગટ કરી એ જ એક જયવંત દેખાય છે. બાકી કોઈ જયવંત છે નહિ કાંઈ. આહાહા..! એ કરોડો રૂપિયાના મહેલ ને અબજો રૂપિયા ને પૈસા, આહાહા..! ધૂળ ને ધાણી. આહાહા..! અબજોપતિ. ત્યાં ઓલા કીધું ને 'નાઈરોબી'. પંદર જણા તો અબજોપતિ, અબજપતિ. એક જણો આવ્યો. 'રતિલાલ' કરીને. બિચારો એકલો છે. મોટો ભાઈ મરી ગયો. અબજપતિ. આવ્યા. આવે તો ખરા ને મોટું નામ સાંભળીને. પાછા ત્યાં પણ આવ્યા હતા. 'મલાડ' 'મુંબઈ'. પણ આ વાત ક્યાં? આહાહા..! બધી એકે આત્મા સિવાય કોઈપણ ચીજની વિસ્મયતા અને આશ્રયતા લાગે ત્યાં સુધી પ્રભુનો અનાદર થાય

છે. આહાહા..!

પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા, એની અતિશયતા સિવાય કોઈપણ ચીજની અતિશયતા અને વિશેષતા ભાસે તો પ્રભુનો અનાદર છે. આહાહા..! તું વિશેષ અને વિશેષ તો આ છે. આહાહા..! અહીં કહે છે કે વિશેષ હોય તો હું એક આત્મા છું. પ્રભુ! તમે વિશેષમાં જયવંત વર્તો છો. **'તે જિનદેવ સમરસમય અનંગ (–અશરીરી, અતીંદ્રિય) સૌખ્યની દેનારી એવી...'** આહાહા..! ભગવાન ત્રણલોકનો નાથ સમરસમય અનંગ. સમતામય સુખ, અનંગનું સુખ. આ તો અંગનું સુખ. એ દુઃખ. અંગનું સુખ એ દુઃખ. અનંગનું સુખ એ સુખ. આહાહા..!

**'અનંગ (–અશરીરી, અતીંદ્રિય) સૌખ્યની દેનારી એવી તે મુક્તિના મુખકમળ પર...'** આહાહા..! મુક્તિનું મુખકમળ એટલે મુક્તિની પ્રગટ દશા ઉપર **'ખરેખર કોઈ અવર્ણનીય કાન્તિને ફેલાવે છે;...'** આહાહા..! આપ તો પ્રભુ પર્યાયમાં અવર્ણનીય–વર્ણન કરી શકાય નહિ, કથનમાં આવે નહિ એવી શાંતિને ફેલાવી રહ્યા છો. આહાહા..! ગાથા અરિહંતના... એનો અર્થ કે તું એવડો છો. આહાહા..! **'એવી તે મુક્તિના મુખકમળ પર ખરેખર કોઈ અવર્ણનીય કાન્તિ...'** આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ ત્યાં અવર્ણનીય કોઈ કાન્તિ ફેલાણી. આહાહા..! જે શક્તિરૂપે કેવળજ્ઞાન હતું, અનંતબળ હતું એ બધું ફેરવીને પર્યાય ઉપર આમ શોભામાં લાવ્યા તમે. એ પર્યાયમાં શોભામાં લાવ્યા. આહાહા..! જેમાં નહોતું ત્યાં લાવ્યા. હતું એમાંથી લાવ્યા. આહાહા..! છે?

**'કોઈ અવર્ણનીય કાન્તિને ફેલાવે છે;...'** આહાહા..! આનંદની અવસ્થા, હે પરમાત્મા! તારા અનંગ સૌખ્ય, અશરીરી સુખ, એના આનંદની શોભા તું ફેલાવે છે. આહાહા..! અવર્ણનીય શોભે છે. આહાહા..! **'(કારણ કે) કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર...'** આહાહા..! પરિણતિ પર્યાય પોતાની છે એમ કહે છે. પર્યાયને કોણ પૂર્ણ શોભા ન આપે? એમ કહે છે. આહાહા..! **'કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી?'** આહાહા..! દુનિયામાં પણ અજ્ઞાની એ પ્રમાણે કરે છે. આહાહા..! પોતાની જે નિર્મળ પરિણતિ, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ એવી જે દશા અંતરમાં ભરી હતી તે પ્રગટ કરી, પ્રભુ! એને આપ શોભાવો છો અને આપને કાન્તિ શોભે છે. એનાથી આપની કાન્તિ છે. આહાહા..! છે?

**'અવર્ણનીય કાન્તિને ફેલાવે છે; (કારણ કે) કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી?'** આહાહા..! પોતાની જે પર્યાય છે એ પોતાની પ્રિયા છે. એમાં કોણ ન શોભા કરે? અનંતી અનંતી જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદની પર્યાયમાં શોભા કરે છે, પ્રભુ! આહાહા..! બહુ સરસ આવી ગયું આજે. આહાહા..! પ્રભુ આવા છે અને એવો તું છો. તારામાં અને પ્રભુમાં દ્રવ્યદૃષ્ટિએ ફેર કાંઈ નથી. પર્યાયમાં ફેર (છે)–સંસાર અને સિદ્ધ. આહાહા..! ભગવાનઆત્મા સ્ત્રીનું શરીર હોય કે પુરુષનું હોય, પશુનું હોય કે દેવનું હોય, નારકીનું હોય. ભગવાન તો પરિપૂર્ણ અંદર બિરાજે છે. આહાહા..!

અહીં કહે છે કે, હે નાથ! આપની પરિણતિની શોભા કેમ કરાતી નથી? **'સુખોત્પત્તિનું કારણ થતું નથી?'** પૂર્ણ સુખોત્પત્તિનું કારણ આત્મા છે. આત્માની પર્યાયમાં પૂર્ણ સુખની ઉત્પત્તિનું કારણ તમે છો. આહાહા..! બહાર ક્યાંય સુખ નથી. આહાહા..! પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં, શરીરના બળમાં, તેજમાં, શરીરના તેજફળમાં ધૂળેય નથી. આહાહા..! પ્રભુ! તારી અંતરની કાન્તિ એ જે પર્યાયમાં પ્રગટ થાય... આહાહા..! એ અવર્ણનીય છે. કથન કરી શકાય નહિ, એનું વર્ણન કરી શકાય નહિ. આહાહા..! આવો ભગવાન દેહમાં બિરાજે છે. આ છતી ચીજ બિરાજે, એને છતીને ન માને અને અછતી જે નથી, જે કાયમ રહેનારી નથી એને છતી તરીકે માને! આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! હું તો આપના પૂર્ણ આનંદના સુખમાં શોભા જે કરો છો એ મને પ્રિય છે. આહાહા..! અને એ **'સુખોત્પત્તિનું કારણ થતું નથી?'** આહાહા..! ૨૭૫ થઈ.

## શ્લોક-૨૭૬

(अनुष्टुभ्)

जिनेन्द्रो मुक्तिकामिन्याः मुखपद्मे जगाम सः।
अलिलीलां पुनः काममनङ्गसुखमद्वयम्।।२७६।।

**[શ્લોકાર્થ :–] તે જિનેંદ્રદેવે મુક્તિકામિનીના મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી (અર્થાત્ તેઓ તેમાં ભ્રમરની જેમ લીન થયા) અને ખરેખર અદ્વિતીય અનંગ (આત્મિક) સુખને પ્રાપ્ત કર્યું. ૨૭૬.**

## શ્લોક-૨૭૬ ઉપર પ્રવચન

૨૭૬.

जिनेन्द्रो मुक्तिकामिन्याः मुखपद्मे जगाम सः।
अलिलीलां पुनः काममनङ्गसुखमद्वयम्।।२७६।।

**શ્લોકાર્થ :–** આહાહા..! **'તે જિનેંદ્રદેવે મુક્તિકામિનીના મુખકમળ પ્રત્યે...'** મુક્તિરૂપી કામિની એવા મુખકમળ **'પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી...'** આહાહા..! મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી. આ ભમરા ફરે છે ત્યાં આત્માના આનંદ જેમાં ફૂલના રસમાં ભમરા ફરે એમ આત્માની પર્યાયના રસમાં આપની આનંદની દશા અંદર ફરે છે. આહાહા..!

સમય સમયની પર્યાય ફરે છે. આહાહા..! એક સમયનો આનંદ એ જ બીજે સમયે આનંદ અને પછી... આહાહા..! **'જિનેન્દ્રદેવે મુક્તિકામિનીના મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી (અર્થાત્ તેઓ તેમાં ભ્રમરની જેમ લીન થયા)'** ભમરો જેમ રસમાં લીન થઈ જાય એમ પ્રભુ આત્માના આનંદમાં લીન થઈ ગયા.

**'અને ખરેખર અદ્વિતીય અનંગ (આત્મિક) સુખને પ્રાપ્ત કર્યું.'** આહાહા..! અદ્વિતીય અપૂર્વ અનંતકાળમાં કદી એક સેકન્ડ પણ નથી કર્યું, એવા પ્રભુ આપે અનંતસુખની પ્રાપ્તિ કરી. આહાહા..! આવો વિશ્વાસ અને અનુભવ જેને બેસે એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૬૧

**णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव।**
**अप्पा सपरपयासो होदि त्ति हि मण्णसे जदि हि।।१६१।।**

ज्ञानं परप्रकाशं दृष्टिरात्मप्रकाशिका चैव।
आत्मा स्वपरप्रकाशो भवतीति हि मन्यसे यदि खलु।।१६१।।

आत्मनः स्वपरप्रकाशकत्वविरोधोपन्यासोऽयम्।

इह हि तावदात्मनः स्वपरप्रकाशकत्वं कथमिति चेत्। ज्ञानदर्शनादिविशेषगुणसमृद्धो ह्यात्मा, तस्य ज्ञानं शुद्धात्मप्रकाशकासमर्थत्वात् परप्रकाशकमेव, यद्येवं दृष्टिर्निरंकुशा केवलमभ्यन्तरे ह्यात्मानं प्रकाशयति चेत् अनेन विधिना स्वपरप्रकाशको ह्यात्मेति हंहो जडमते प्राथमिकशिष्य, दर्शनशुद्धेरभावात् एवं मन्यसे, न खलु जडस्त्वत्तस्सकाशादपरः कश्चिज्जनः। अथ ह्यविरुद्धा स्याद्वादविद्यादेवता समभ्यर्चनीया सद्भिरनवरतम्। तत्रैकान्ततो ज्ञानस्य परप्रकाशकत्वं न समस्ति; न केवलं स्यान्मते दर्शनमपि शुद्धात्मानं पश्यति। दर्शनज्ञानप्रभृत्यनेकधर्माणामाधारो ह्यात्मा। व्यवहारपक्षेऽपि केवलं परप्रकाशकस्य ज्ञानस्य न चात्मसम्बन्धः सदा बहिरवस्थितत्वात्, आत्मप्रतिपत्तेरभावात् न सर्वगतत्त्वम्; अतःकारणादिदं ज्ञानं न भवति, मृगतृष्णाजलवत् प्रतिभासमात्रमेव। दर्शनपक्षेऽपि तथा न केवलमभ्यन्तरप्रतिपत्तिकारणं दर्शनं भवति। सदैव सर्वं पश्यति हि चक्षुः स्वस्याभ्यन्तरस्थितां कनीनिकां न पश्यत्येव। अतः स्वपरप्रकाशकत्वं ज्ञानदर्शनयोरविरुद्धमेव। ततः स्वपरप्रकाशको ह्यात्मा ज्ञानदर्शनलक्षण इति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः-

(स्रग्धरा)

``जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं
मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।
तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-
ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः।।''

---

દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,
નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.

અન્વયાર્થ :– [ ज्ञानं परप्रकाशं ] જ્ઞાન પરપ્રકાશક જ છે [ च ] અને [ दृष्टिः आत्मप्रकाशिका एव ] દર્શન સ્વપ્રકાશક જ છે [ आत्मा स्वपरप्रकाशः भवति ] તથા આત્મા સ્વપરપ્રકાશક છે [ इति हि यदि खलु मन्यसे ] એ જો ખરેખર તું માનતો હોય તો તેમાં વિરોધ આવે છે.

ટીકા :– આ, આત્માના સ્વપરપ્રકાશકપણા સંબંધી વિરોધકથન છે.

પ્રથમ તો, આત્માને સ્વપરપ્રકાશકપણું કઈ રીતે છે? (તે વિચારવામાં આવે છે.) 'આત્મા જ્ઞાનદર્શનાદિ વિશેષ ગુણોથી સમૃદ્ધ છે; તેનું જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશવામાં અસમર્થ હોવાથી પરપ્રકાશક જ છે; એ રીતે નિરંકુશ દર્શન પણ કેવળ અભ્યંતરમાં આત્માને પ્રકાશે છે (અર્થાત્ સ્વપ્રકાશક જ છે). આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે.'—આમ હે જડમતિ પ્રાથમિક શિષ્ય! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે માનતો હોય, તો ખરેખર તારાથી અન્ય કોઈ પુરુષ જડ (મૂર્ખ) નથી.

માટે અવિરુદ્ધ એવી સ્યાદ્વાદવિદ્યારૂપી દેવી સજ્જનો વડે સમ્યક્ પ્રકારે નિરંતર આરાધવાયોગ્ય છે. ત્યાં (સ્યાદ્વાદમતમાં), એકાન્તે જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી; સ્યાદ્વાદમતમાં દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી (અર્થાત્ માત્ર સ્વપ્રકાશક જ નથી). આત્મા દર્શન, જ્ઞાન વગેરે અનેક ધર્મોનો આધાર છે. (ત્યાં) વ્યવહારપક્ષે પણ જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો, સદા બાહ્યસ્થિતપણાને લીધે, (જ્ઞાનને) આત્મા સાથે સંબંધ રહે નહિ અને (તેથી) *આત્મપ્રતિપત્તિના અભાવને લીધે સર્વગતપણું (પણ) બને નહિ. આ કારણને લીધે, આ જ્ઞાન હોય જ નહિ (અર્થાત્ જ્ઞાનનું અસ્તિત્વ જ ન હોય), મૃગતૃષ્ણાના જળની માફક આભાસમાત્ર જ હોય. એવી રીતે દર્શનપક્ષે પણ દર્શન કેવળ +અભ્યંતરપ્રતિપત્તિનું જ કારણ નથી, (સર્વપ્રકાશનનું કારણ છે); (કેમ કે) ચક્ષુ સદૈવ સર્વને દેખે છે, પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી (માટે ચક્ષુની વાતથી એમ સમજાય છે કે દર્શન

**અભ્યંતરને દેખે અને બાહ્યસ્થિત પદાર્થોને ન દેખે એવો કોઈ નિયમ ઘટતો નથી). આથી, જ્ઞાન અને દર્શનને (બન્નેને) સ્વપરપ્રકાશકપણું અવિરુદ્ધ જ છે. માટે (એ રીતે) જ્ઞાનદર્શનલક્ષણવાળો આત્મા સ્વપરપ્રકાશક છે.**

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ચોથા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**"[શ્લોકાર્થ :–] જેણે કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે."**

---

પ્રવચન નં. ૧૯૦, ગાથા-૧૬૧, બુધવાર, અષાઢ સુદ ૧૧, તા.૨૩-૦૭-૮૦

---

'નિયમસાર'. ૧૬૧-ગાથા.

**णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव।**
**अप्पा सपरपयासो होदि त्ति हि मण्णसे जदि हि।।१६१।।**
**દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,**
**નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.**

**ટીકા :–** શું કહે છે? **'આ, આત્માના સ્વપરપ્રકાશકપણા સંબંધી વિરોધકથન છે.'** કોઈ એમ કહે કે આત્મા સ્વપરપ્રકાશક છે. પણ દર્શનથી સ્વપ્રકાશક, જ્ઞાનથી પરપ્રકાશક (છે). એમ કોઈ કહે તો એ વિરોધ છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? આત્મા સ્વપરપ્રકાશક અને એના ગુણો બે. અને જ્ઞાન પરપ્રકાશક, દર્શન સ્વપ્રકાશક, એમ કરીને આત્મા સ્વપરપ્રકાશક એ વિરોધ છે. આવી વાતમાં પડે ક્યાં? સૂક્ષ્મ વાત છે. શ્વેતાંબરમાં એમ કહે છે. શ્વેતાંબરના પાઠમાં છે. દર્શન પોતાને દેખે, જ્ઞાન પરને જાણે.

**'પ્રથમ તો, આત્માને સ્વપરપ્રકાશકપણું કઈ રીતે છે?'** એ કહે છે. **'આત્માને સ્વપરપ્રકાશકપણું કઈ રીતે છે (તે વિચારવામાં આવે છે.)'** એના ઉપર વિચાર કરવામાં આવે છે. **"આત્મા જ્ઞાનદર્શનાદિ વિશેષ ગુણોથી સમૃદ્ધ છે;..."** આત્મા જ્ઞાન, દર્શન, આનંદ, બળ, પુરુષાર્થ, પ્રભુતા આદિ અનંત ગુણોથી સમૃદ્ધ છે. અનંતગુણથી ભરેલો પ્રભુ છે.

---

* આત્મપ્રતિપત્તિ = આત્માનું જ્ઞાન; સ્વને જાણવું તે.
+ અભ્યંતરપ્રતિપત્તિ = અંતરંગનું પ્રકાશન; સ્વને પ્રકાશવું તે.

આહાહા..! કોઈ એક ગુણ બીજા ગુણથી નથી. બધા ગુણની સમૃદ્ધિ છે. બધા ગુણનું એકરૂપ છે.

**'આત્મા જ્ઞાનદર્શનાદિ વિશેષ ગુણો...'** એટલે ખાસ ગુણોથી **'સમૃદ્ધ છે;...'** ભર્યો પડ્યો છે. આહાહા..! અનંતગુણથી આત્મા અંદર ભર્યો પડ્યો છે. ગુણની અનંત અનંત સંખ્યા. બધા ગુણથી ભરેલો છે. **'તેનું જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશવામાં...'** એનું જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશિત કરવામાં **'અસમર્થ હોવાથી પરપ્રકાશક જ છે;...'** એમ કોઈ માને. એમ કોઈ માને. એમ છે નહિ. શું કીધું સમજાણું? આત્માનું જ્ઞાન શુદ્ધાત્માને જાણે. આત્માનું જ્ઞાન આત્માને જાણે, પ્રકાશિત કરે. એ પ્રકાશવામાં સમર્થ હોવાથી. પોતાનું જ્ઞાન પ્રકાશવામાં જ્ઞાન અસમર્થ છે. કેટલાક એમ કહે છે. જ્ઞાન પોતાનું છે એ પોતાને જાણવામાં અસમર્થ છે. (એવો) અભિપ્રાય છે. ધર્મને નામે સૂક્ષ્મ ફેરફાર, ઘણો ફેરફાર છે. બહારમાં સ્થૂળપણે એકસરખા દેખાય. અંદર સૂક્ષ્મપણામાં ફેર શું છે એ ઘણો ફેર છે. કહે છે કે આત્માનું જ્ઞાન છે એ પોતાને જાણવામાં અસમર્થ છે. આહાહા..! એમ કોઈ કહે અને કહે ને માને છે અત્યારે. એ મત પણ છે અને માને પણ છે.

**'એ રીતે નિરંકુશ દર્શન પણ...'** શું કીધું? કે જ્ઞાન જેમ પોતાને પણ જાણે અને પરને પણ જાણે, પોતાને જાણવામાં અસમર્થ છે, એમ દર્શન પણ પોતાને જ દેખે, પરને જાણવામાં (દેખવામાં) અસમર્થ છે. એ તો ચર્ચામાં આવે ત્યારે ખબર પડે ને. ત્યાં કોણે વિચાર કર્યા હોય. સંપ્રદાયમાં માથે જે કહેતા હોય એ માનીને હાલી નીકળે. આહાહા..! **'એ રીતે...'** જ્ઞાનની જેમ. જેમ જ્ઞાન પોતાને નહિ જાણીને એકલું પરને જ જાણે, એમ દર્શન કેવળ પોતાને જ દેખે, પરને ન દેખે. આહાહા..! એમ કોઈ કહે, **'નિરંકુશ દર્શન પણ કેવળ અભ્યંતરમાં આત્માને પ્રકાશે છે...'** આહાહા..! દર્શન અંતરમાં આત્માને દેખે છે. **'(અર્થાત્ સ્વપ્રકાશક જ છે.). આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે.'** આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે એમ કોઈ માને તો એ વિરુદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાન-દર્શન આદિ અનંતગુણથી સમૃદ્ધ છે. તો એમાં જ્ઞાનગુણ છે એ પોતાને જાણવામાં અસમર્થ છે અને પરને જાણવામાં સમર્થ છે. એમ દર્શન પણ નિરંકુશ પોતાને જ દેખે અને પરને જાણવામાં (દેખવામાં) અસમર્થ છે. એમ બે ગુણની વ્યાખ્યા આવી કોઈ કરે તો એ વિરુદ્ધ છે. આહાહા..! હવે એવા ઊંડા વિચારમાં કોણ જાય? બહારનું કાંઈ કરવું. કરવું એટલે કર્યું કાંઈક દેખાય કે અમે કાંઈક કરીએ છીએ. હવે આ વાત તો અંદરની છે. આહાહા..!

અંતર આત્મા દેહના રજકણે રજકણથી ભિન્ન, કર્મના પરમાણુથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકારી ભાવથી ભિન્ન અને પોતાના આનંદ અને જ્ઞાન-દર્શનગુણથી અભિન્ન. પણ પોતાના ગુણથી અભિન્ન (છે), એમાં અજ્ઞાની ભેદ પાડે છે કે જ્ઞાન પોતાને જાણે નહિ. જ્ઞાન પોતાને જાણે નહિ અને દર્શન પોતાને દેખે. આહાહા..! દર્શન પરને દેખે નહિ. જ્ઞાન પોતાને જાણે નહિ, દર્શન પરને દેખે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

સમૃદ્ધ આત્મામાં બે ગુણ છે. આત્મામાં એકસાથે બેય ગુણ છે. એવા અનંતગુણ છે. છતાં અજ્ઞાની એનો વિરોધ કરે છે કે જ્ઞાન જે છે એ પોતાની ચીજને ન જાણે, એ પરને દેખે છે. અને દર્શન... આહાહા..! એ પરને નથી દેખતું. દર્શન પોતાને દેખે છે. એકસાથે રહેનારા પોતાના ગુણ, પોતામાં સમૃદ્ધ, એનું કાર્ય પણ એક સમયમાં એકસાથે બેયનું કાર્ય છે. એક સમયમાં બેય ગુણનું કાર્ય એકસાથે છે, છતાં દર્શનગુણનું કાર્ય સ્વને દેખવું અને જ્ઞાનગુણનું કાર્ય પરને જાણવું, એવા ભેદ પાડે છે. આહાહા..! શ્વેતાંબરમાં છે. કેવળીને પહેલું જ્ઞાન જાણે અને પછી દર્શન દેખે. આહાહા..!

મુમુક્ષુ :– શ્વેતાંબર મત તો બારસો વર્ષથી નીકળ્યો છે અને આ તો 'કુંદકુંદાચાર્યદેવ'નો મત છે.

ઉત્તર :– 'કુંદકુંદાચાર્ય'નો મત આ ક્યાં છે? 'કુંદકુંદાચાર્ય' કહે છે.

મુમુક્ષુ :– એ વખતે શ્વેતાંબર મત હતો?

ઉત્તર :– હતો ને. નીકળી ગયા હતા. શ્વેતાંબર, 'કુંદકુંદાચાર્ય' હતા ત્યારે ૧૦૦ વર્ષ પહેલા નીકળી ગયા હતા. અને એ વાત અહીંયાં કહે છે. 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે કે એક આત્મામાં અનંતગુણ હોવા છતાં સમૃદ્ધિ તો એકસાથે ભરી છે. એક ગુણ છે એ પરને જાણે અને એક ગુણ સ્વને દેખે, એવો ગુણમાં ફેર છે, એમ માને છે તો એ વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? કેમ વિરુદ્ધ છે એ બતાવે છે, કઈ રીતે વિરૂદ્ધ છે એ બતાવે છે. આહાહા..! (એ પ્રકારે એ સ્વપરપ્રકાશક છે)

**'આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે– (એમ કહે છે એ પ્રકારે) આમ હે જડમતિ...'** 'કુંદકુંદાચાર્ય' કહે છે એનો 'અમૃતચંદ્રાચાર્ય' અર્થ કરે છે. '**હે જડમતિ...**' આહાહા..! તારી જડ બુદ્ધિ છે. જ્ઞાન પોતાને ન જાણે (દેખે) અને દર્શન પરને ન દેખે તો જડ બુદ્ધિ છે. આહાહા..! બન્ને ગુણ પોતાના છે અને એક ગુણ પોતાને જાણે અને એક ગુણ પરને જાણે, એ જડમતિ છે. પણ આવા વિચારમાં આવ્યા પણ કે દિ' હોય? એય..! એવા ઝીણા વિચાર કરીને.. મોટો ફેર છે. આત્મામાં જેટલા અભેદ ગુણ છે. એક ગુણનું કાર્ય સર્વ ગુણનું કાર્ય સરખું છે. ફેરફાર કાંઈ નથી.

તેથી એ કહ્યું, તેથી આચાર્ય 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે, '**હે જડમતિ પ્રાથમિક શિષ્ય!**' પ્રાથમિક શિષ્ય. શરૂઆતવાળા, પહેલેથી આવનાર તું આમ કહે છે એ વિરુદ્ધ છે. પ્રાથમિક એટલે શરૂઆતમાં તું આવ્યો અને એ વાત તું કરે છે (તો) જડ છે. જ્ઞાન પરને જાણે અને સ્વને ન જાણે, દર્શન પરને ન દેખે અને સ્વને દેખે, એ જડમતિ છે. આહાહા..! પણ એ કોણ કહે છે? શું કામ કહે છે? એની ખબર ક્યાં છે? કાંઈ ખબર હતી? હીરા-માણેકની હતી ત્યાં. સૌને આ તો છે ને. જેને જે ધંધો હોય. આહાહા..!

અમારે ત્યાં એક 'આણંદજી' હતો. પહેલા નોકર હતો અને પછી ભાગીદાર થયો.

'ખુશાલભાઈ' નીકળી ગયા જ્યારે ભાઈ ગુજરી ગયા. હું દીક્ષા લઈને નીકળી ગયો. એને ઘણી ધારણા. ધારણા આ જડની. ક્યા ભાવે માલ આવ્યો છે, એમાંથી અત્યારે ભાવ કેટલો વર્તે છે અને એમાંથી જે ભાવે આવ્યો એ માલ કેટલો રહ્યો અને કેટલો વેચાણો?

મુમુક્ષુ :– બધું યાદ રાખે છે.

ઉત્તર :– અમને એવું બહુ નહોતું. આપણને તો માલ આવે એ.. એને આવી ત્રણપટ્ટી યાદ હતું. આ ભાવે માલ આવ્યો હતો. એમ કહે કેસરના ડબ્બા (આટલા પડ્યા છે). તે દિ' તો રૂપિયાભાર હતું ને. અત્યારે મોંઘુ થઈ ગયું. રૂપિયાના ભાવે. એના આ ભાવે ડબ્બા આવ્યા હતા. આટલા અત્યારે વેચાણા છે અને અત્યારે એટલા બાકી છે અને અત્યારે આટલો ભાવ ચડી ગયો છે. 'બાબુભાઈ'! એક એકની ત્રણ ત્રણ વાત યાદ. એવી હજારો (વસ્તુનો) દુકાનમાં માલ (હોય). આહાહા..! બસ, ધુન ઉપડી'તી એ તો. બાયડી હતી એક. છોકરા કાંઈ હતા નહિ. એમાં બેય મરી ગયા. બુદ્ધિવાળો હતો. 'કુંવરજીભાઈ' કરતા પણ બુદ્ધિવાળો હતો. અરે..રે..! મને કોઈએ કહ્યું નહિ. મને કોઈએ નિવૃત્તિ લઈને આત્માનું કરવાનું કહ્યું નહિ. એમ છેલ્લે બોલીને મરી ગયો. દેહ છૂટી ગયો. ભાઈ! અહીં તને કહ્યું હતું. મારી પાસે આવતો ત્યારે. તારે બાયડી નહિ, છોકરા નહિ. બાયડી-ભાયડો બે, લાખો રૂપિયા છે. આહાહા..! હવે ક્યાં સુધી આમ ને આમ મજુરી કરવી છે? બે કલાક દુકાને જાય. ભાગ કાઢી નાખેલો. બે કલાક જાય તે ખુરશીમાં. ચાલી ન શકે એટલે ખુરશીમાં બેસાડીને લઈ જાય. બે કલાક જાય. કાગળ વાંચે, આમ થાય, વાતું કરે ત્યારે હખ આવે. આહાહા..! એમ જ આખી દુનિયા પડી છે. જેમાં વસ્તુ જ છે. એમાં એકાકાર અને બીજો વિચાર આવતો નથી.

અરે..! પણ હું અહીંથી જઈશ ક્યાં? હું તો નિત્ય છું. અનાદિ નિત્ય અવિનાશી પદાર્થ છું. હું તો અનાદિઅનંત પદાર્થ છું. તો અહીંથી જઈશ ક્યાં? આહાહા..! કોઈ સ્થાન, કોઈ ક્ષેત્ર, કોઈ સંબંધી, કેવા અવતરેલા... વિચાર પણ નથી.

અહીં તો આ ઝીણી વાત લે છે. એક આત્મા અનંતગુણથી ભરેલો સમૃદ્ધ આત્મા. અનંતગુણથી ભરેલો સમૃદ્ધ આત્મા. એક સમૃદ્ધ આત્મામાં સર્વ ગુણ. છતાં એક ગુણ જ્ઞાન પરને જાણે અને સ્વને નહિ. અને દર્શન પોતાને દેખે અને પરને નહિ, એવી પણ એક માન્યતા છે. આહાહા..!

તો કહે છે, **'હે જડમતિ પ્રાથમિક શિષ્ય! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે...'** તને દર્શનશુદ્ધિ નથી. તને સમકિત નથી એમ કહે છે. આહાહા..! સમકિતના અભાવે તને આ લપ પેસી ગયું છે. કુગરુએ એ લપ નાખી દીધું (અને) તને બેસી ગયું. એટલો વિચાર નથી આવતો કે હું આત્મા છું અને મારા જેટલા ગુણો છે એ બધા ગુણોમાં તાકાત એટલી છે. જ્ઞાનમાં પણ સ્વ-પર જાણવાની તાકાત, દર્શનમાં પણ સ્વ-પર દેખવાની તાકાત છે. દર્શન સ્વને દેખે અને પરને ન દેખે, જ્ઞાન પરને જાણે અને સ્વને ન દેખે, (જાણે) એમ હોઈ

શકે નહિ. આહાહા..! અરે..! પણ કોઈને નવરાશ ન મળે.

આમ નથી માણસ કહેતા? હમણાં મરવાની નવરાશ નથી. 'ચીમનભાઈ'! વેપાર કરતા હોય ને વેપાર? મોટો વેપાર કરતા હોય પછી કહે, હમણા તો મરવાનો પણ સમય નથી. આવી વાત, બાપુ! મરણ આવશે ત્યારે પડ્યો રહીશ, થઈ રહ્યું. પગ પણ ચાલશે નહિ અને કાંઈ ચાલશે નહિ. એમ ને એમ પડ્યો રહીશ. મરવાની પણ નવરાશ નથી, એમ (કહે). આહાહા..! બોલવામાં કાંઈ ધીઠાઈ, અવળાઈ કેટલી પણ અરે..રે..! હું શું બોલું છું? શું કહું છું? આ મારા માટે શું બોલું છું? મરવાની પણ નવરાશ નથી, એટલું બધું અમારે કામ છે. એટલો બધો હું કામગરો (છું). એટલો બધો હું કામગરો–કામ કરવાવાળો છું કે મને મરવાની પણ નવરાશ નથી. આહાહા..! મરવાનો સમય આવશે તો બેઠો હોઈશ ને ફૂ થઈ જઈશ આહાહા..!

કહ્યું હતું ને આ. ક્યુ ગામ કીધું? 'મલકાપુર'. 'મલકાપુર'માં એક 'સ્વરૂપચંદ' કરીને (મુમુક્ષુ છે). નાની ઉંમરનો હતો. પરણેલો નહોતો ત્યારથી દસ-દસ હજારનો કાપડનો વેપાર. કાપડની દુકાનમાં દસ હજારનો વેપાર. નાની ઉંમરનો કુંવારો. અમે ત્યાં ગયેલા. એને 'મોક્ષમાર્ગપ્રકાશક' આખું કંઠસ્થ. એ પરણ્યો અને અત્યારે તો મોટો વેપાર છે. એનો ભાઈબંધ હતો અને બે જણા વાતું કરતા હતા. અમથા. કાંઈ ન મળે. બેઠા (હતા). ૨૮ વર્ષની ઉંમરનો પોતે વાતું કરતો હતો. એક અડધી મિનિટ આમ જોયું.. ફૂ... એટલું જ્યાં થયું ત્યાં મરી ગયો. બેઠા બેઠા કાંઈ નહિ. રોગ નહિ. આહાહા..! આ શું થયું? ફૂ... થયું ને ઢળી ગયો. આમ જોયું ત્યાં તો થઈ રહ્યું, મડદું. દેહની સ્થિતિ પૂરી થવાને માટે ફલાણી રાહ, રાહ જોવી પડે! આહાહા..! એક સમયમાં દેહ પલટી જાય ફડાક દઈને. એમાં આત્માનું જો કાંઈ ન કર્યું તેં તો રખડવાના રસ્તે છે. આહાહા..! રખડવું એટલે પરિભ્રમણ.

અહીં કહે છે, **'હે જડમતિ પ્રાથમિક શિષ્ય! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે...'** તને સમકિત નથી. તને દર્શનશુદ્ધિનો અભાવ છે તેથી આમ તું માને છો. **'અભાવને લીધે માનતો હોય, તો ખરેખર તારાથી અન્ય કોઈ પુરુષ જડ (મૂર્ખ) નથી.'** આહાહા..! એમ તું માનતો હોય તો તારાથી અન્ય કોઈ પુરુષ મૂર્ખ નથી. આહાહા..! ભગવાન અંદર ચૈતન્યપ્રકાશ અને દર્શનપ્રકાશની મૂર્તિ (છે). ભલે દર્શન ભેદ ન પાડે. એથી કરીને... દર્શન ભેદ ન પાડે ને, એથી એમ કહે કે સ્વને દેખે. અને જ્ઞાન ભેદ પાડીને દેખે એટલે પર ઘણા છે અને ઘણા છે માટે (જાણે) દેખે. જ્ઞાન બધાને જાણે એટલે આમ જાણે. દર્શન તો અભેદ છે તેથી એકને (દેખે) જાણે. **'હે જડમતિ પ્રાથમિક શિષ્ય! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે...'** મૂર્ખ છે. આહાહા..! આવો કરોડોપતિ હોય તો મૂર્ખ! દુનિયામાં ડાહ્યો કહેવાતો હોય, નાતમાં અગ્રેસર હોય, સંઘનો શેઠ હોય. પણ ઊંધી માન્યતા હોય તો મૂર્ખ છે. કહે છે. ઊંધી શ્રદ્ધા... આહાહા..! **'દર્શનશુદ્ધિના અભાવને લીધે માનતો હોય, તો ખરેખર**

**તારાથી અન્ય કોઈ પુરુષ જડ (મૂર્ખ) નથી.**' આહાહા..!

'**માટે અવિરુદ્ધ એવી સ્યાદ્વાદવિદ્યારૂપી દેવી...**' સ્યાદ્વાદ. '**માટે અવિરુદ્ધ...**' તું માને છે એનાથી વિરુદ્ધ, '**અવિરુદ્ધ એવી સ્વાદ્વાદવિદ્યારૂપી દેવી સજ્જનો વડે સમ્યક્ પ્રકારે નિરંતર આરાધવાયોગ્ય છે.**' સ્યાદ્વાદ–કથંચિત્ કઈ અપેક્ષાએ કહ્યું છે એ જાણીને આરાધના કરવામાં ધ્યાન રાખવું. છે? '**નિરંતર આરાધવાયોગ્ય છે.**' કઈ અપેક્ષાએ છે? અને કઈ અપેક્ષાએ નિષેધ છે? વ્યવહારની વાત એમ આવે કે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. ત્યાં પકડે કે જુઓ! સાધન છે. પણ કઈ અપેક્ષાએ કહ્યું? સાધનનો નિષેધ કર્યો છે. સાધન એ હોય જ નહિ. સ્વતંત્ર પોતે છે. પોતાનું સાધન તો પોતાનો ગુણ છે. કરણ નામનો પોતામાં ગુણ છે. એ પોતે પોતાથી પોતાનું સાધન સાધે છે. એના સાધનમાં બીજા સાધનની જરૂર નથી. આહાહા..!

એમ ન માનતા '**ત્યાં (સ્યાદ્વાદમતમાં), એકાન્તે જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી;...**' જુઓ! તું એકાન્તે એમ કહે કે જ્ઞાન પરને જ જાણે. તો એવું એકાન્ત નથી. આહાહા..! છે? શુદ્ધાત્માને નથી (જાણતો) દેખતો. '**એકાન્તે જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી;...**' એમ તું એકાંતે માને તો ખોટું છે. '**સ્યાદ્વાદમતમાં દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી...**' આહાહા..! સ્યાદ્વાદ અપેક્ષામતથી એકલું દર્શન પોતાને દેખે (એમ નથી કહેતું).

આમ થવાનું કારણ શું? કે, જ્ઞાનમાં બધું જાણવાની શક્તિ છે. દર્શનમાં ભેદ પાડ્યા વિના એકલી શક્તિ અભેદ. દર્શનમાં અભેદ છે. અને જ્ઞાનમાં બધા ભેદ પાડે છે. એમાં એને ભ્રમ પડી ગયો. દર્શન જ્યારે એક જ દેખે તો પોતાને દેખે. અને જ્ઞાન સર્વને જાણે તો સર્વને જાણવામાં રોકાય, એ પોતાને ન જાણે. આહાહા..! સમજાણું કાંઈ? લોજિકથી, ન્યાયથી સમજવું જોઈએ. આહાહા..! નવરાશ ક્યાં છે? નિવૃત્તિ ન મળે. આહાહા..!

'**સ્યાદ્વાદમાં દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી (અર્થાત્ માત્ર સ્વપ્રકાશક જ નથી).**' દર્શનમાત્ર સ્વપ્રકાશક જ નથી. આ કયું દર્શન? સમકિતદર્શન કે દર્શનઉપયોગ? દર્શનઉપયોગની વાત ચાલે છે. સમકિત નહિ. દર્શનઉપયોગ અને જ્ઞાનઉપયોગ–બે ઉપયોગની વાત ચાલે છે. દર્શન–શ્રદ્ધા અને જ્ઞાન જાણવું એની અહીં વાત ચાલે છે. એ તો પહેલું કહ્યું કે દર્શન સ્વને દેખે અભેદ. એનો અભેદ દેખવાનો સ્વભાવ છે માટે એમ કહ્યું. અને જ્ઞાનનો જાણવાનો સ્વભાવ હોવાથી બધું જાણે એમ કહ્યું તો તું દર્શનશુદ્ધિ રહિત છો. સમકિત રહિત છો, જડમતિ છો, મૂરખ છો. એ સમ્યગ્દર્શન રહિત તો કહ્યું. આ તો દેખવું અને જાણવું ઉપયોગની વાત છે. આહા..!

'**આત્મા દર્શન, જ્ઞાન વગેરે અનેક ધર્મોનો આધાર છે.**' આહાહા..! '**ત્યાં વ્યવહારપક્ષે પણ જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો,...**' વ્યવહારથી એકલું પરપ્રકાશક હોય તો '**સદા બાહ્યસ્થિતપણાને લીધે,...**' જ્ઞાન તો બહારમાં રહ્યું. આહાહા..! જ્ઞાન બહારને જાણે તો બહારમાં જ્ઞાન રહ્યું. અંદર જાણવાનો અવકાશ રહ્યો નહિ. આહાહા..! વાત છે ઝીણી. સૂક્ષ્મ વાત

છે. શું સૂક્ષ્મ છે? કે દર્શનની વ્યાખ્યા શાસ્ત્રમાં (એમ છે કે) આ જ્ઞાન છે, આ આનંદ છે એવો ભેદ નથી પાડતું. દર્શન તો અભેદ છે. એનો વિષય અભેદ છે. અને જ્ઞાનનો વિષય ભેદ છે. દરેકને ભિન્ન-ભિન્ન જાણે છે. એવી ભ્રમણામાં એ (અન્યમતિ) ગરી ગયા કે દર્શન જ્યારે અભેદ જ છે તો એક આત્માને દેખે. જ્ઞાન ભેદ (સ્વરૂપ) છે તો (સર્વને જાણે). દર્શન એક આત્માને દેખે તો જ્ઞાન સર્વને (જાણે) દેખે. આમ સાધારણ વાત છે પણ આમ સૂક્ષ્મ છે. ગુણભેદનું કાર્ય ભિન્ન-ભિન્ન છે, છતાં છે પોતાના સંબંધમાં. બેય ગુણમાં પોતાની સમૃદ્ધિ અને પોતાની ઋદ્ધિ છે. એ ગુણમાં જ્ઞાનની ઋદ્ધિ પરની, દર્શનની ઋદ્ધિ સ્વની, એમ નથી. આહાહા..!

**'આત્મા દર્શન, જ્ઞાન વગેરે અનેક ધર્મોનો આધાર છે. (ત્યાં) વ્યવહારપક્ષે પણ જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય...'** આહાહા..! જ્ઞાનને વ્યવહારથી એમ કહો કે વ્યવહારથી પરપ્રકાશક છે. **'સદા બાહ્યસ્થિતપણાને લીધે,...'** જ્ઞાન તો બાહ્યસ્થિત રહ્યું. પોતાને જાણવામાં રહ્યું નહિ. આહાહા..! જ્ઞાનને **'સદા બાહ્યસ્થિતપણાને લીધે, (જ્ઞાનને) આત્મા સાથે સંબંધ રહે નહિ...'** આહાહા..! જ્ઞાન જ્યારે સર્વને જાણે તો પોતાની સાથે સંબંધ રહ્યો નહિ, બધાની સાથે સંબંધ રહ્યો. આહાહા..! લોજિકથી, ન્યાયથી વાત કરી છે. છે અંદરનો વિષય. ઘણો મોટો ફેર છે. દર્શન અભેદ ને જ્ઞાન ભેદ. માટે એકસાથે માનવું, દર્શન એક જ સ્વને દેખે અને જ્ઞાન એક જ પરને–સર્વને જાણે, સર્વને જાણે, એમ છે નહિ. આહાહા..!

**'કેવળ પરપ્રકાશક હોય તો, સદા બાહ્યસ્થિતપણાને લીધે, (જ્ઞાનને) આત્મા સાથે સંબંધ રહે નહિ...'** જ્ઞાન પરને જ જાણે તો પોતાને જાણવામાં રહેતું નથી. આહાહા..! જ્ઞાન પરને જ જાણે એમ (તું કહે), જ્ઞાન બધું જાણે.. બધું જાણે.. બધું જાણે... એમ કહ્યું તો તું એમ લઈ લે કે સર્વને જાણે અને પોતાને ન જાણે. એમ તું માને તો તું જડબુદ્ધિ છે. તારી મૂર્ખબુદ્ધિ છે. આહાહા..! આચાર્યે કહ્યું છે ને, જડબુદ્ધિ. દર્શનબુદ્ધિથી રહિત, શ્રદ્ધાથી ભિન્ન છે. ભિન્ન તારી જડબુદ્ધિ છે. આહાહા..! એટલો ફેર છે તોપણ જડબુદ્ધિ કહ્યો. સાધારણને એમ લાગે, એમાં શું છે? જ્ઞાનનો સ્વભાવ તો ઘણું જાણવાનો છે અને દર્શનનો સ્વભાવ બિલકુલ જાણવાનો નથી. હું દર્શન છું અને આ જ્ઞાન છે, એવો ભેદ જાણવાની પણ તાકાત નથી. આહાહા..! દર્શનમાં તો બધાને એકરૂપ માને છે (અને) જ્ઞાન બધાને ભિન્ન ભિન્ન માને છે. બે ગુણના સ્વભાવ ભિન્ન હોવા છતાં એકસાથે એક સમયમાં રહે છે અને બન્ને બેયને જાણે છે. દર્શન પોતાને દેખે છે, પરને પણ દેખે, જ્ઞાન પરને પણ દેખે અને પોતાને પણ જાણે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, આ પુસ્તક મેં મારી (ભાવના) માટે બનાવ્યું છે. આમાં ગુણમાં કોઈ ફેર પાડે તો આખી દૃષ્ટિફેર થઈ જાય છે. એવી ચીજ નથી. આહાહા..!

**'આત્માની સાથે સંબંધ રહે નહિ..'** શું કહ્યું? જ્ઞાન છે એ પરને જાણે, તો જ્ઞાનનો

સંબંધ પરની સાથે રહ્યો. પોતાની સાથે તો રહ્યો નહિ, તો આત્માનું જ્ઞાન રહ્યું નહિ. **'અને (તેથી) આત્મપ્રતિપત્તિના અભાવને લીધે...'** આ કારણે–આત્માના જ્ઞાનના અભાવને કારણે. જ્ઞાન પોતાને ન જાણે, કેમકે જ્ઞાનમાં ઘણું જાણવાની શક્તિ છે તો સર્વને જાણે અને પોતાને ન જાણે. પોતાને ન જાણે તો તો પોતાનું અજ્ઞાન થયું. આહાહા..! આ તો સર્વજ્ઞ ભગવાન તીર્થંકર કેવળી પરમાત્મા, એની ઝીણી વાતું છે, બાપુ! આ કોઈ ધર્મ કથા-વાર્તા કાંઈ સાધારણ નથી. આહાહા..! થોડું પણ અંતર પડ્યું તો જડબુદ્ધિ મૂર્ખ છે. આહાહા..!

તું એક આત્મા, તારાથી અનંત પદાર્થ તદ્દન ભિન્ન (છે). આહાહા..! દ્રવ્યથી ભિન્ન, ક્ષેત્રથી ભિન્ન, કાળથી ભિન્ન, ભાવથી ભિન્ન. તેને પોતાના માનવા એ મોટો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં પોતાના બે ગુણમાં ફેર માને તો મિથ્યાદૃષ્ટિ જડ કહ્યા. આહાહા..! તો એ આત્મા અનંત પર પદાર્થને પોતાના માને, પોતાના છે એમ માને તે મૂરખ છે. આહાહા..! આ આંગળી આપણી નથી. કહે છે ને કે મારું શરીર પાતળું છે, મારું શરીર દળદાર છે. મારું શરીર! બોલવામાં પણ ભાન ક્યાં છે. બોલવા ખાતર બોલું છું કે અભિપ્રાયમાં એકત્વથી બોલું છું એની પણ ખબર નથી. આહાહા..!

અહીં કહે છે કે **'આત્મપ્રતિપત્તિના અભાવને લીધે...'** જ્યારે આત્માનું જ્ઞાન પરને જાણે અને પોતાને ન જાણે તો આત્માના જ્ઞાનના અભાવને લીધે **'સર્વગતપણું (પણ) બને નહિ.'** સર્વને જાણનાર નહિ રહે. તેં એમ કહ્યું કે જ્ઞાન સર્વને જાણે અને પોતાને ન જાણે. જો પોતાને ન જાણે તો સર્વને ક્યાંથી જાણે? આહાહા..! જ્ઞાન સર્વને જાણે એમ તેં કહ્યું. સર્વને જાણે તો પોતાની સાથે જ્ઞાનનો સંબંધ તો રહ્યો નહિ. આત્મા જ્ઞાનરહિત થઈ ગયો. આહાહા..! ન્યાયથી, લોજિકથી વાત છે, ભાઈ! વાણિયાના વેપારની જેમ, જેમતેમ ગોટા વાળે એવું અહીં નથી. અહીં તો જરી ફેર પડે તો મોટો ફેર (પડી જાય). આહાહા..!

સર્વજ્ઞ વીતરાગ માથે છે. શિર ઉપર ભગવાન છે. આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવ પરમેશ્વર (માથે બિરાજે છે). આહાહા..! ધર્મી એમ માને છે કે પરમેશ્વર મારે માથે છે. આહાહા..! એ પરમેશ્વર કોઈપણ વાત કરે છે તે બધી વાત મને યથાર્થ બેઠી છે. ક્યાંય શંકાને સ્થાન નથી. આહાહા..!

રાત્રે કહ્યું ને? સાકરનો ગાંગડો. ઓહોહો..! બધા પરમાણુ એકરસ થઈ ગયા છે. સાકરમાં બધા એકરસ (થઈ ગયા છે). પ્રભુ ના પાડે છે કે એક પરમાણુ બીજા પરમાણુને અડ્યો નથી. આહાહા..! આ વાત વીતરાગ સિવાય કોણ કહે? સાકરનો ગાંગડો, સાકર. એકરસ બધા પરમાણુ. ના, ના એકરસ થયા જ નથી. દરેક પરમાણુ એ સ્કંધમાં.. (એવો) પાઠ છે. ૮૭માં પાઠ છે. સ્કંધમાં પણ પરમાણુ પોતાનું ભિન્ન કામ કરે છે, એવો પાઠ છે. આહાહા..! 'પંચાસ્તિકાય'માં. પરમાણુ આ સ્કંધમાં-પિંડમાં રહે તોપણ પોતાનું કામ પોતાથી ભિન્ન કરે છે. આહાહા..! સ્કંધમાં-પિંડમાં રહીને પણ પોતાનું કામ ભિન્ન કરે છે. આહાહા..! તો એ

સાકર ભિન્ન થઈ. ભેદ! ભેદ! ભેદાભ્યાનું રાત્રે કહ્યું હતું. ભેદ સમજાવતા. ભેદ સમજ્યાને! એ તો સ્કંધ જુદા પડે છે અને એકઠા થાય છે એમ બતાવે છે. પરમાણુ .. થઈ જાય છે અને એ પરમાણુ પરમાણુથી ભિન્ન થઈ જાય છે, એમ વાત નથી. એ તો આખા પરમાણુનો જે સ્કંધ છે એમાં કેટલાક સ્કંધ આવે છે અને કેટલાક જાય છે. ભેદ સમજાવે છે. આહાહા..! રાત્રે 'ચેતને' પ્રશ્ન કર્યો હતો ને. આહાહા..!

અહીં પરમાત્મા કહે છે કે વ્યવહારનયથી જ્યારે તું એમ કહે કે, **'જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો, સદા બાહ્યસ્થિતપણાને લીધે, (જ્ઞાનને) આત્મા સાથે સંબંધ રહે નહિ અને (તેથી) આત્મપ્રતિપત્તિના અભાવને લીધે સર્વગતપણું (પણ) બને નહિ.'** આહાહા..! છે? જ્ઞાન બાહ્ય સ્થિત છે, જ્ઞાન બહાર પરને-સર્વને જાણે તો આત્મા સર્વજ્ઞ રહ્યો નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ રહ્યો નહિ. આત્માનું જ્ઞાન બાહ્યને જાણે, દર્શન પોતાને દેખે તો જ્ઞાનનો સંબંધ બાહ્ય સાથે રહ્યો, આત્મા સાથે રહ્યો નહિ તો સર્વજ્ઞપણું રહ્યું નહિ. આહાહા..! આકરી વાત છે, પણ ભાષા તો સાદી આવે છે. આહા..!

**'આ કારણને લીધે, આ જ્ઞાન હોય જ નહિ. (અર્થાત્ જ્ઞાનનું અસ્તિત્વ જ ન હોય),...'** શું કહે છે? કે જ્ઞાન પરપદાર્થ સાથે સંબંધ રાખે અને આત્માની સાથે ન રાખે તો એ જ્ઞાન જ રહ્યું નહિ, જ્ઞાનની હયાતી રહી નહિ, જ્ઞાનની મોજૂદગી રહી નહિ. સમજાણું કાંઈ? જ્ઞાન પરને (જાણે) દેખે. સર્વને દેખવાની તાકાત છે. ભેદ છે એટલે. પણ સ્વને ન (જાણે) દેખે તો આત્મા અને જ્ઞાન બે રહ્યા નહિ. તો આત્મા સર્વજ્ઞ રહ્યો નહિ. આહાહા..! જ્ઞાનને તો સર્વની સાથે સંબંધ થયો. આત્માને સર્વજ્ઞ ન થઈ શકે. જ્ઞાન એકલું રહ્યું તો આત્મા સર્વજ્ઞ ન થઈ શકે. જ્ઞાન પરને જાણે અને પોતાને જાણે નહિ તો એ સર્વજ્ઞ ન થઈ શકે. આહાહા..! આવું કે દિ' ઝીણું વાંચ્યું હતું? 'ચીમનભાઈ'! આહાહા..! આ વીતરાગમાર્ગ કેવળજ્ઞાનથી પ્રત્યક્ષ. ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ થયા છે. ભગવાન મહાવિદેહમાં પ્રત્યક્ષ બિરાજે છે. એ પરમાત્માના જ્ઞાનને પરની સાથે સંબંધ જોડે તો જ્ઞાનરહિત આત્મા થઈને આત્મા સર્વજ્ઞ ન થઈ શકે. આહાહા..! સમજાય છે?

મુમુક્ષુ :– સર્વજ્ઞ ન રહ્યો.

ઉત્તર :– જ્ઞાન જ ન રહ્યું પછી. જ્ઞાન આને જાણે છે, પોતાને જાણતું નથી તો પોતે તો સર્વજ્ઞ રહ્યો નહિ. આહાહા..! પોતા માટે આંધળો રહ્યો. પર માટે દેખતો રહ્યો, એમાં સર્વજ્ઞપણું ક્યાં આવ્યું? સર્વજ્ઞપણું તો બધું જાણે એ સર્વજ્ઞ. આહાહા..! આવો વીતરાગમાર્ગ છે. એ વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગ કહે છે માટે એમ કાંઈ નથી. વીતરાગતામાં તો જેવું સ્વરૂપ છે એવું જાણવામાં આવ્યું, એમ કહેવામાં આવ્યું. એ કાંઈ નવી રચના બનાવી છે કે આ જગતમાં પદાર્થ કંઈક છે અને નવી રચના કરી એમ છે? આહાહા..! એ તો ત્રિલોકનાથ, સર્વજ્ઞપણું સર્વને જાણવાની તાકાત હતી તો સર્વને જાણી લીધું. સર્વને જાણી

લીધા તો સર્વજ્ઞ થઈ ગયા. એ પરનું જ્ઞાન થયું તેને સંબંધ કહો અને જ્ઞાનમાં બધી જાણવાની શક્તિ છે, તો પરની સાથે સંબંધ રાખો અને પોતાની સાથેનો સંબંધ છોડી દ્યો, સર્વને જાણવાની શક્તિ છે તો પોતાને છોડી દ્યો તો એ સર્વજ્ઞ છૂટી ગયું. આહાહા..! ઓહોહો..! વાત એટલી ઝીણી. આચાર્યો... આહાહા..!

જ્ઞાનગુણની સામર્થ્યતા. પર અનંત જાણે છતાં પોતાના પ્રદેશમાં પોતાને જાણ્યા વિના રહે નહિ. પોતાને જાણવાપૂર્વક પરને જાણે. આહાહા..! જ્ઞાન સર્વને–અનંતને જાણે માટે જ્ઞાન પોતાના પ્રદેશથી ખસી ગયું, હટી ગયું અને જ્ઞાન વિના આત્મા રહ્યો (એમ માને તો) તું જડ છો. આહાહા..! આત્માની સાથે એ જ્ઞાન સંબંધ રાખે છે. પરને જાણે છતાં આત્માની સાથે સંબંધ રાખે છે. આત્માને પણ જાણે છે. જ્ઞાન આત્માને પણ જાણે અને પરને પણ જાણે. તું કહે પરને જાણે અને સ્વને ન (જાણે) દેખે. અને દર્શન સ્વને દેખે, પરને ન દેખે. દર્શન અભેદ છે ને? એટલે એક જ દેખે–સ્વ દેખે. પરને નહિ. આહાહા..! ગંભીરતા ભરી છે. ગુણની–શક્તિની ગંભીરતાથી વાત છે. આહાહા..!

**'સર્વગતપણું (પણ) બને નહિ. આ કારણને લીધે, આ જ્ઞાન હોય જ નહિ...'** આહાહા..! એક સર્વગતપણું નહિ બને તો એ જ્ઞાન પણ નહિ રહે. આહાહા..! કારણ કે જ્ઞાન છે એ તો સર્વને જાણે. જાણે, જાણે એમાં ભેદ શું? જ્ઞાન જાણે. બસ, એક જ. ત્રણકાળ ત્રણલોકમાં નજર કર્યા વિના, ઉપયોગ દીધા વિના પોતામાં ઉપયોગ રાખીને સર્વને જાણે. નહિતર એ જ્ઞાન પણ રહ્યું નહિ, તો સર્વજ્ઞ રહ્યો નહિ, એ તો જડ થયું. જ્ઞાન પરની સાથે સંબંધ રાખે અને પોતાની સાથે સંબંધ ન રાખે તો એ જડ છે. પણ એ વિચાર ક્યાં કર્યો છે? જ્ઞાન અને દર્શનમાં શું ફેર છે? શું છે? આહાહા..! જય ભગવાન! ભગવાન કહે એ સાચું માનો. આહાહા..! બીજો તર્ક કરશે તો એનું ખોટું પડશે. નિર્ણય તો તેં કર્યો નથી. અભિપ્રાયમાં મિંઢવણી કરીને અભિપ્રાયમાં મેળવણી કરી નહિ. બીજો મેળવણી કરશે તો તારી શક્તિ ખસી જશે. તારી શ્રદ્ધા રહેશે નહિ. આહાહા..! પોતાથી નિર્ણય પાક્કો કર્યો હોય તો ઇન્દ્રો ઉપરથી ઉતરે તોપણ નહિ (માને), વસ્તુ આવી છે. જે ભગવાને કીધી એવી મને બેઠી છે, એ વાતમાં ફેરફાર નહિ. આહાહા..!

આ તો થોડી થોડી વાતમાં ફેરફાર થઈ જાય. આહાહા..! આ જુઓને અમારે 'કુંવરજીભાઈ'નું કુટુંબ મુસલમાનને માને. હૈદરશાહ. છે ને હૈદરશાહ? આની કોર મંદિર છે. આ 'પાલિતાણા'નું હિન્દુનું ભૈરવનાથ. આ બાજુ ભૈરવનાથનું મંદિર છે અને આ બાજુ હૈદરશાહનું છે. એ હૈદરશાહ વાણિયા દશાશ્રીમાળી. વચ્ચે આવ્યો હશે. એટલું એણે કીધું કે અમારે ત્યાં અત્યારે આહાર નથી. તો આ કહે, ના ના જાવ, જાવ. આહાર હશે. એને ક્યાંકથી પીરસણું આવેલું. પીરસણું આવેલું એટલે.. ઓહો..! ફકીરબાબા આવું જાણે છે! એ માન્યતા થઈ ગયેલી. પીરસણું આવેલું અને માલ હતો, અને આ કહે, અમારે ત્યાં

અત્યારે કાંઈ છે નહિ. શું ... માલ છે જો જો હશે. પીરસણું આવેલું દેખીને, આહા..! ફકીરબાબા ભારે જબરા. એણે માનતા કરેલી. એને માનનારા ઘણા બધા છે. આહાહા..! હવે આ લોકોએ છોડી દીધું. દુકાનવાળા છોકરાઓ છે એ ન માને હવે. બીજા કુટુંબના કુટુંબ માનનારા છે. આહાહા..! ફકીરને માને. આહાહા..!

અહીં કહે છે કે, ગુણફેરને માને તો મિથ્યાદૃષ્ટિ છે. જે ગુણ જેના સ્વભાવવાળો છે એવો નહિ માનીને જ્ઞાન એકલા પરને જાણે એમ માનવો, જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એમ માન્યું નહિ અને દર્શનનો સ્વભાવ તે એકલું સ્વને દેખે એમ માન્યું તો એમ પણ નથી. દર્શનમાં પણ સ્વપરપ્રકાશક પ્રતીત કરવાની શ્રદ્ધા છે. સ્વ-પર બેય છે. સ્વ-પર બેય છે. એવી દર્શન ઉપયોગ કરવાની શક્તિ છે. આહાહા..! આવી માથાકૂટ કોણ કરે? એ તો દયા પાળે, વ્રત પાળે, મરીને જાય પછી ચાર ગતિમાં રખડવા. આહાહા..! પ્રભુનો મારગ બહુ ઝીણો છે, ભાઈ! આહા..! સર્વજ્ઞ ભગવાન સિવાય ક્યાંય મેળ નહિ ખાય. આહાહા..! સર્વજ્ઞ ભગવાને એમ કહ્યું કે એક કપડાનો કટકો રાખીને સાધુ માને તો માનનારા મિથ્યાદૃષ્ટિ છે. અરે..! પ્રભુ આ તો આખી દુનિયા કપડા પહેરીને બધાને સાધુ માને. અન્યમતિ, વૈષ્ણવ, સ્વામિનારાયણ. અહીં તો એ (કહ્યું) કે કપડા પહેરીને સાધુ માને એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

મુમુક્ષુ :– પરિગ્રહની બાધા લીધી અને પરિગ્રહ રાખ્યો.

ઉત્તર :– એણે પરિગ્રહ માન્યો નથી. કપડા પહેરે માથે પાઘડી પહેરે. સ્વામિનારાયણના બાવા માથે પાઘડી (પહેરે). અહીં પરમાત્મા કહે છે કે એક કપડાનો ટુકડો રાખીને અમે સાધુ છીએ (એમ) માને, મનાવે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! આટલો બધો ફેર! એ તો અહીં ગુણમાં ફેર માને છે. જ્ઞાન થતું જ નથી. જ્ઞાનનું અસ્તિત્વ જ નથી રહેતું. જ્યારે જ્ઞાનને પરને જાણનાર કહ્યું અને જ્ઞાનને આત્માને જાણનાર ન કહ્યું તો આત્માની સાથે જ્ઞાનનો સંબંધ રહ્યો નહિ, તો જ્ઞાનનું અસ્તિત્વ રહ્યું નહિ. આત્મા વિના જ્ઞાન રહે ક્યાં? આહાહા..! એ વિષય ઝીણો છે.

**'મૃગતૃષ્ણાના જળની માફક આભાસમાત્ર જ હોય.'** જેમ મૃગતૃષ્ણા. જળ વિના જળ જેવું દેખાય. એને શું કહેવાય? ઝાંજવાના જળ–ઝાંજવાનું પાણી દેખાય. મૃગ દોડીને જાય ત્યાં ઊભા રહે તો કાંઈ ન મળે. એમ કહે છે કે, અજ્ઞાની આ પ્રમાણે ગુણધર્મનો ભેદ માનશે એ મૃગતૃષ્ણા જેવી એની માન્યતા છે. આહાહા..! છે? **'મૃગતૃષ્ણાના જળની માફક આભાસમાત્ર જ હોય.'** જ્ઞાન તો આભાસમાત્ર રહ્યું. પોતાને ન જાણે ત્યાં જ્ઞાન ક્યાં રહ્યું? પરને જાણે અને પોતાને ન જાણે... આહાહા..!

**'એવી રીતે દર્શનપક્ષે પણ,...'** દર્શનપક્ષે **'દર્શન કેવળ અભ્યંતરપ્રતિપત્તિનું જ કારણ નથી,...'** એમ દર્શનઉપયોગ એકલા આત્માને જ દેખે એમ નથી. સમજાણું કાંઈ? **'કારણ નથી, (સર્વપ્રકાશનનું કારણ છે);...'** દર્શન પણ પોતાને અને પરને સર્વને પ્રકાશનનું કારણ

છે. દર્શન પોતાના આત્માને પણ દેખે છે અને એ આત્મા સર્વ પદાર્થને પણ દેખે. ભેદ પાડતો નથી. આહાહા..! આવી ઝીણી વાતું. એ કરતા તો ઓલું દયા પાળો, વ્રત કરવા અને જિંદગી નાશ કરી નાખવી. થઈ રહ્યું જાવ. આહાહા..! ચાલ્યું જાવું ચોર્યાશીના અવતારમાં.

અહીં તો કસોટીએ સત્યનો નિર્ણય કરવો અને સત્યનો નિર્ણય થતાં પોતામાં પરીક્ષા પ્રધાન થઈ તો બીજા કોઈ એનાથી વિરુદ્ધ કહે તો માને નહિ. તો એણે માન્યું એમ કહેવાય. આમ કોઈ સંપ્રદાયમાં પરીક્ષા કર્યા વિના માની લે 'અપરિક્ષક દીઠે ન સિદ્ધિ હોઈ' પરીક્ષા કર્યા વિના જો માને તો એ સિદ્ધિ નથી. એવો પાઠ છે. બીજા કોઈ મળશે એ તને કહેશે તો એનું પણ સાચું માનીશ. એકેય નિર્ણય તો છે નહિ. આહાહા..!

**'દર્શન કેવળ અભ્યંતરપ્રતિપત્તિનું જ કારણ નથી,...'** શું કહ્યું? જ્ઞાન કેવળ પરને જ જાણનાર નથી. એ આત્માની સાથે સંબંધ... એમ દર્શન એકલું પોતાને દેખે એમ નથી. દર્શન પણ... આહાહા..! **'દર્શન કેવળ અભ્યંતરપ્રતિપત્તિનું જ કારણ નથી, (સર્વપ્રકાશનનું કારણ છે); (કેમ કે) ચક્ષુ સદૈવ સર્વને દેખે છે,...'** ચક્ષુદર્શન છે એ સદા-સદૈવ સર્વને દેખે છે. સદા સદૈવ સર્વને દેખે છે. આહાહા..! એ દૃષ્ટાંત લીધું. **'પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી...'** પોતાની ઝીણી કણિકા છે એને નથી દેખતું અને પરને દેખે છે. ઝીણી કણિકા નથી દેખતું. એમ કહે છે કે પોતાને જ દેખે અને પરને નહિ. તો ઝીણી કણિકા દેખે નહિ અને બીજા બધાને દેખે. આંખ બધાને દેખે અને ઝીણી કણિકાને જોતી નથી. આહાહા..!

**'ચક્ષુ સદૈવ સર્વને દેખે છે,...'** આહાહા..! **'પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી (માટે ચક્ષુની વાતથી એમ સમજાય છે કે દર્શન અભ્યંતરને દેખે અને બાહ્યસ્થિત પદાર્થોને ન દેખે એવો કોઈ નિયમ ઘટતો નથી). આથી, જ્ઞાન અને દર્શનને (બન્નને) સ્વપરપ્રકાશકપણું અવિરુદ્ધ જ છે. માટે (એ રીતે) જ્ઞાનદર્શનલક્ષણવાળો...'** જ્ઞાનદર્શનલક્ષણવાળો. એક જ લક્ષણ જો કહો તો બે લક્ષણ નહિ રહે. **'જ્ઞાનદર્શનલક્ષણવાળો આત્મા સ્વપરપ્રકાશક છે.'** એવો નિર્ણય કરીને, સમજીને, ન્યાયથી, તુલના કરીને માનવું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૯૧, શ્લોક-૨૭૭, ગુરુવાર, અષાઢ સુદ ૧૨, તા.૨૪-૦૭-૮૦

---

'નિયમસાર' 'અમૃતચંદ્રાચાર્ય'નો 'પ્રવચનસાર'નો આ શ્લોક છે.

**जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं**
**मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।**
**तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-**
**ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः।।**

કહેવા શું માગે છે? કે આ આત્માનું જેને કલ્યાણ કરવું હોય અને આત્માની શક્તિ કેવડી કેટલી છે અને વિકાસ થાય તો કેટલો થાય છે? એને કોઈની અપેક્ષા નથી. આહાહા..! આત્મા છે, આત્મા. એ કહે છે, જુઓ!

**શ્લોકાર્થ :– 'જેણે કર્મોને છેદી નાખ્યાં છે...'** એટલી શક્તિ એનામાં છે કે કર્મોને એક ક્ષણમાં છેદી નાખ્યા છે. આ આત્માની એણે જ્ઞાન અને શ્રદ્ધા પહેલી કરવી જોઈએ. એ વિના રસ્તો નીકળે એમ નથી. બીજા ગમે તેટલા રસ્તા બતાવે. અત્યારે તો બધું સાહિત્ય એક કરવા માગે છે. આહાહા..! એક સિદ્ધાંત આ કે આત્મા પોતાના સ્વભાવમાં પરિપૂર્ણ છે. એ જ્યારે સ્વભાવનો આશ્રય લે છે તો પૂર્ણ આશ્રય લે છે તો પૂર્ણ કર્મનો નાશ થાય છે. હવે આમાં બે મત ક્યાં છે? આહાહા..! જેને આત્માનું કરવું છે... આહાહા..! એ આત્મા...

**'જેણે કર્મોને છેદી નાખ્યાં છે...'** એવી એનામાં શક્તિ છે. આહાહા..! કર્મને કરવા અને બાંધવા એ એનો સ્વભાવ નથી. આહાહા..! જેને કલ્યાણ કરવું છે એ ચીજ કેવી છે? અને એમાં તાકાત કેટલી છે? એ નક્કી કર્યા વિના એની સન્મુખ થઈ શકે નહિ અને સન્મુખ થયા વિના કર્મનો નાશ થતો નથી. માર્ગ તો આ એક છે. આહાહા..! અત્યારે મોટો (લેખ) આવ્યો છે. બધા એક ભેગા થાવ. બધા. મોટું લપસિંદર આવ્યું છે. અહીં આવ્યું છે. તમે કાંઈક લખો. 'કનકવિજય' શ્વેતાંબરનો કોઈ સાધુ છે. બધા હજારો નામ આપ્યા છે. આ ફલાણે ઠેકાણે સાધુ, અત્યારે સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, અન્યમતિ, જૈનમતિ બધા. તમે કરો છો એ ઠીક કરો છો. આહાહા..! અહીં લખ્યું તમે કાંઈક મારા માટે લખો. શું લખે? અહીં કોઈને લખતા નથી. અને લખવું એ ક્રિયા પણ જડની છે. અહીં તો આત્માનું કરવાનું છે. ભાષા ભલે જડનો નાશ કરવાની કહી. પણ જડનો નાશ કર્યો નથી. પોતાની પરિણતિ અલ્પજ્ઞ હતી એનો સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે નાશ કર્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું ક્યારે બેસે? અને મનુષ્યપણા વિના એવી પૂર્ણ શક્તિ કદી કોઈ ગતિમાં ઉત્પન્ન થતી નથી. આહાહા..!

પહેલા અહીંયાં પ્રતીતમાં લેવું કે મારો આત્મા સર્વ કર્મનો નાશ કરનાર છે અને કર્મને છેદી નાખે ત્યારે **'એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ....'** એ તો ત્રણેય કાળને જાણનાર છે. આહાહા..! આવી ધર્મની વાત હવે, ભાઈ! હવે આમાં ભેગું કરો, બધું ભેગું કરો. મોટું પુસ્તક છે. કેટલા હજારો નામ બધાના (આપ્યા છે). અમને એમ કહે કે કરવામાં આ બધા સહમત છે. મારા ઉપર લખો. આપ સહમત કરો. કાંઈક લખો. શું લખે? ભાઈ! આહાહા..!

જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં પોતાની પરિપૂર્ણ શક્તિથી ભરેલો છે. આહાહા..! એની પ્રતીત વિના સ્વભાવસન્મુખ પુરુષાર્થ થતો નથી અને કર્મનો નાશ થતો નથી. આહાહા..! સર્વ જગતનું કલ્યાણ કરવું હોય તો એની આત્મા ચીજ કેટલી, કેવડી છે? અને એમાં ગુણ

કેટલા છે? અને એના ગુણના આશ્રયથી અશુદ્ધતાનો નાશ થાય ત્યારે ત્રણકાળને જાણે છે. આહાહા..! આ પહેલામાં પહેલા વિચાર, પ્રતીત અને મનનમાં, આ લેવું જોઈએ. લ્યો! આવ્યું પહેલા. આહાહા..! શું કાંઈ બીજો રસ્તો શું?

જે વસ્તુ છે, જેવો સ્વભાવ અંદર છે અને ભગવાને જેવો અંદર જોયો છે કે આ આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ.. આહાહા..! ભર્યાં પડ્યા છે. એ પરને સંબંધે અજ્ઞાનપણાને કારણે વિકારાદિ કરે છે. પોતાનો સ્વભાવ વિકાર કરવો એમ છે નહિ. વિકાર કરવાનો જો સ્વભાવ હોય તો વિકારનો નાશ કરીને કદી પરમાત્મા થઈ શકે નહિ. આહાહા..! પહેલામાં પહેલું... આહાહા..! **'જેણે કર્મોને છેદી નાખ્યાં છે...'** એમ સર્વજ્ઞ લીધા. પ્રતીતમાં પહેલા સર્વજ્ઞ લીધા. આહાહા..! આત્મા એવો છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણનાર આત્મા છે. કર્મનો નાશ કરીને આ કરે છે અને આ બને છે. આહાહા..! બાકી બધી વાતું છે. લાખ વાત કરે. 'છ ઢાળા'માં આવે છે ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' વસ્તુ તો આ છે.

હવે જેણે સર્વજ્ઞે દીઠો જે આત્મા અને એની શક્તિ અને સામર્થ્ય દીઠા એ પ્રમાણે જેની પ્રતીતમાં આવતા નથી તો તે એ રસ્તે જતા નથી. એ પ્રતીતમાં આવતો નથી તો અંતરમાં જાતો નથી. અંતરમાં ગયા વિના રાગનો નાશ અને અજ્ઞાનનો નાશ થતો નથી. આહાહા..! માર્ગ તો સીધો છે. આહાહા..! આત્મા છે કે નહિ? છે તો કેવડો છે? પ્રદેશથી ભલે અસંખ્ય પ્રદેશ છે. પણ ભાવથી? ભાવથી અનંત ભાવ (સ્વરૂપ છે). સંખ્યાએ અનંતગુણ અને એક એક ગુણમાં અનંતી શક્તિ અને અનંતુ સામર્થ્ય (છે). એવી પહેલી કબુલાત કર્યા વિના કર્મનો નાશ કરનાર હતો અને સર્વજ્ઞ છે એ વાત નહિ બેસે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્મા છે... ઓહો..! ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને દેખે છે. આવ્યું ને? કર્મોને છેદીને... આહાહા..! એક સયમમાં ભૂત, ભાવિ અને વર્તમાન. આહાહા..! એ ત્રણેય કાળના કર્મને છેદીને. એવી એનામાં તાકાત છે. એવો એ છે. તાકાતનો અર્થ એવો જ આત્મા છે. આહાહા..! આત્મા એવો છે એમ કબુલ કર્યા વિના બીજી રીત પક્કડમાં આવે અને બીજી રીતે કહે કે બધા ભેગા થઈ જાવ. શી રીતે ભેગા થાય? આહાહા..!

પહેલા તો જેનું કલ્યાણ કરવું છે એ ચીજ કોણ છે? એમાં તાકાત કેટલી છે? શક્તિઓ કેટલી છે? એ તત્ત્વના ખ્યાલ વિના તત્ત્વ સન્મુખ વીર્ય કામ કરશે નહિ. રુચિ અનુયાયી વીર્ય. જો એ આત્મા અનંતગુણ, અનંતશાંતિ આદિ છે એવી જો રુચિ હોય તો રુચિ અનુયાયી વીર્ય. રુચિ છે ત્યાં વીર્ય કામ કરશે. આમાં કોઈ પરનું કરવું અને પરની સેવા કરવી... આહાહા..! એ તો કાંઈ આવ્યું નહિ. આહાહા..! સેવા-સ-એવ. સેવા એ. સ-એવ. સ-એવ=સેવા. તું જેવો છો એવું માનવું એ સેવા. 'શાંતિભાઈ'! માર્ગ આવો છે, ભાઈ! આહાહા..! આ કોઈ પક્ષ નથી, આ તો વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જોયું એવું કહ્યું. તો એ ચીજ જેવી છે એવી

પહેલા ખ્યાલમાં ન આવે, એની મહત્તા, મહિમા અને એની મોટપ જ્ઞાનમાં, પ્રતીતમાં, ખ્યાલમાં, વિશ્વાસમાં, રુચિમાં ન આવે ત્યાં સુધી અંતર્મુખનો પુરુષાર્થ થશે નહિ. ત્યાં સુધી પુરુષાર્થ બહાર તરફ ઢળેલો રહેશે. આહાહા..! મારગ તો આવો છે, પ્રભુ!

મુમુક્ષુ :– પહેલા તો આગમજ્ઞાનથી પ્રતીતિ થઈ.

ઉત્તર :– પહેલા ખ્યાલ તો કરે કે આ આવો આત્મા છે. ભગવાન જેવો કહે છે એવો છે. જેવો છે એવો કહ્યો છે. અને જેવું કહ્યું એવું માનવું. માને પછી અંદર જઈને અનુભવ કરવો. એ વિના કોઈ રસ્તો છે નહિ. કોઈ મારગ જ નથી. કે આણે આ મારગ કર્યો આણે આ મારગ કર્યો, આણે આ મારગ કર્યો. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' આહાહા..!

દેહદેવળમાં ભગવાનઆત્મા બધા ભગવાન છે. ભગવાન પરમેશ્વર આત્મા છે. એ પરમેશ્વરની શક્તિ અને શ્રદ્ધા જ્યારે થાય તો પરમેશ્વર તરફ એનું વળવું થાય છે. એનું મહાત્મ્ય ન આવે ત્યાં સુધી પર તરફનો ઝુકાવ ખસતો નથી. આહાહા..! થોડા શબ્દોમાં આચાર્યે ગજબ કામ કર્યું છે. 'શુદ્ધોપયોગ અધિકાર' છે ને? પૂર્ણ પર્યાય પ્રગટ થાય એવી તારી ચીજ છે. તારી ચીજ જ આવી છે. એ કોઈ નવીન ચીજ નથી. આહાહા..!

કર્મને છેદીને તારી શક્તિમાં કેવળજ્ઞાન ભર્યું છે તો એ ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેય કાળને જાણવું તને વ્યક્ત પ્રગટ થશે. આહાહા..! ત્યારે તારું ધર્મનું કામ પૂરું થયું. આહાહા..! બહારનું કાંઈ કરવાનું ન આવ્યું આમાં. આહાહા..! પણ બહારમાં એ છે ક્યાં? જ્યાં છે ત્યાં તેનો પુરુષાર્થ કરવો જોઈએ ને? આહાહા..! ભાષા સમજાય છે ને? જેનું કલ્યાણ કરવું છે, જ્યાં છે, જેવો છે એવો ખ્યાલમાં આવ્યા વિના એ બાજુ ઢળતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

પહેલા શબ્દમાં જ એટલું ભર્યું છે, લ્યો! **'જેણે કર્મોને છેદી નાખ્યાં છે...'** એમાં આત્મા અને કર્મની બે અસ્તિ સિદ્ધ કરી. આત્મા છે અને કર્મ પણ છે. અને કર્મ પર છે, આત્મા સ્વ છે. **'એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ...'** ગયો કાળ, વર્તમાન અને ભવિષ્ય. **'સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત...)'** આહાહા..! ત્રણેય કાળની પર્યાય દ્રવ્યમાં જે છે એ સહિત. આહાહા..! **'સમસ્ત (પર્યાયોને) પદાર્થોને યુગપદ્ જાણતો હોવા છતાં...'** સમસ્ત પર્યાયોને એમ ભાષા લીધી છે. એનો અર્થ એ થયો કે જે દ્રવ્ય છે એની ક્રમબદ્ધ પર્યાય થશે. ભગવાને એવું જોયું. જેવું જોયું એવું થશે. જોયું માટે થશે એમ નથી. જોયું માટે થશે એમ નથી. આ તો જોયું. શું જોયું? કે ત્રણકાળની પર્યાય. કઈ? જે પર્યાય ભૂતકાળની, વર્તમાન અને ભવિષ્યની હતી એ પર્યાયને જોઈ. એવા આત્માના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહાહા..! એ સામું તો જોવું નહિ. એની દરકાર નહિ અને બહારની દરકાર. મંદિર બનાવો ને આ કરો ને પૈસા ખર્ચો, પુસ્તકો બનાવો. લ્યો ને.

એ આજે આવ્યું. મોટું લખાણ આવ્યું છે. ઓહોહો..! બધા જેટલા પુસ્તકો અત્યારે બધાને ભેગા કરો. આહાહા..! પુસ્તકમાં આ ચીજ હોય તો એક છે. આહાહા..! તો બધા એક થઈ જાય. પણ એમ એક થતા નથી. બધા કેવળજ્ઞાન પામીને કર્મને છેદીને એકલો આત્મા એકસાથે રહેતા નથી. તું તારું કર.

તું છો કે નહિ? આત્મા અને કર્મ બે છે. આત્માએ પોતાના સામર્થ્યથી કર્મનો નાશ કર્યો. નાશ કર્યો તો ત્રણકાળની પર્યાયને જોઈ. આહાહા..! એમાં એમ પણ આવ્યું કે જેવી ત્રણકાળની ક્રિયા જોઈ એવી ત્યાં પર્યાય થશે. આહાહા..! એ કાંઈ જોઈ માટે થશે એમ નથી. ત્યાં થશે એમ જોયું. ત્રણકાળના જે દ્રવ્ય છે એની પર્યાય ત્રણકાળમાં જેમ જેવી જ્યારે થશે ત્યાં (તેવી) જોઈ. જેવું જોયું તેવું ત્યાં થશે, છે. આહાહા..! ભાઈ! વીતરાગમાર્ગ બહુ ઝીણો. લોકોએ ક્રિયાકાંડમાં ચડાવી દીધું. અને આવી વાતને એકાંત કરીને ઉડાવી દીધું છે. ભાઈ! માર્ગ આમ એકાંત છે. આહાહા..!

આત્મા સિવાય એક રાગનો રજકણ તારી ચીજ નથી. તારે કોનામાં કરવું છે? રાગમાં કરવું છે? રજકણમાં કરવું છે? આત્મામાં કરવું હોય તો આત્મામાં રાગ અને રજકણ છે નહિ. એ તો કર્મને છેદીને કેવળજ્ઞાનને પામે એવી તાકાતવાળો છે. આહાહા..! ભૂત અને ભાવિ અને ત્રણકાળની પર્યાયસહિત સમસ્ત પદાર્થને યુગપદ્ જાણતો હોવા છતાં... આહાહા..! એ બધી પર્યાયને એક સમયમાં પર છે અને પરને જાણવા છતાં (રાગ થતો નથી). નહિતર પરને જાણે તો રાગ થાય. સ્વ સિવાય પરને જાણે તો રાગ થાય છે. કેવળીને જાણે તોપણ રાગ થાય.

અહીં કહે છે કે, એવો **'યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે...'** આ કારણ. કારણ આ છે. આહાહા..! મોહના કારણે. પહેલા કહ્યું ને કર્મોને છેદી નાખ્યા. ત્યાં જ કહ્યું. આવો ઉપદેશ છે, ભાઈ! માર્ગ આવો છે. આહાહા..! ભગવાનઆત્મા એટલી તાકાતવાળો છે કે કર્મનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે એવી એનામાં તાકાત છે. આહાહા..! કર્મ શબ્દે અશુભ પરિણતિ. કર્મ તો નિમિત્તથી કથન કહ્યું. કર્મ તો જડ છે. જડ તો એના કારણે બંધાય. પણ એના બંધનું કારણ જે અશુદ્ધ પરિણતિ છે એનો એક ક્ષણમાં નાશ કરીને ત્રણકાળ ત્રણલોકને જાણે-દેખે એવી તારી શક્તિ છે. આહાહા..!

પરનું કરવું એ તો તારામાં નથી, પણ તારામાં સમ્યગ્દર્શનાદિ એટલે કે એવી વસ્તુ છે એવી પ્રતીતિ અને ભાન થયું ત્યારથી રાગાદિનો કર્તા પણ નથી. આહાહા..! પરનો કર્તા તો કદી નથી પણ આત્મજ્ઞાન–ધર્મ જ્યાં પહેલા દરજ્જાનું થયું ત્યારથી રાગાદિનો કર્તા પણ નથી. કેમ? પોતે નિર્મળાનંદ પ્રભુ, નિર્મળનો પિંડ એ મલિન ક્ષણિક વિકાર શું કામ કરે? વિકાર કરે તો આખું દ્રવ્ય વિકારી થઈ જાય. એમ તો થતું નથી. આહાહા..! આવો ઉપદેશ છે. આ કાંઈક કરવું કે આ કર... આ કર.. (તો ખબર પણ પડે). પણ આ કીધું ને, આ

કરવું. કર્મને છેદવા એ કરવું નથી? ક્યારે છેદાય? આત્મા પોતાના સ્વરૂપ તરફના સામર્થ્ય તરફ ઝુકે તો કર્મ છેદાય જાય. કર્મનો નાશ થઈ જાય તો ત્રણકાળનું જ્ઞાન થાય. ત્રણકાળની પર્યાય એના જ્ઞાનમાં જણાય જાય.

જગતના પદાર્થની ત્રણકાળની પર્યાય કેવળજ્ઞાનમાં જણાય છે. એ હિસાબે પણ જ્યાં પર્યાય થશે ત્યાં થશે. આહાહા..! ક્રમબદ્ધ તો છે જ. આહાહા..! પણ આવો નિર્ણય કરનાર પોતાના જ્ઞાયકસ્વભાવ સન્મુખ જાય છે ત્યારે એ ક્રમબદ્ધ અને ભગવાને દીઠું એમ થશે, એવો નિર્ણય થાય છે. આહાહા..! આવો માર્ગ! આ તે જૈનમાર્ગ આવો! દયા પાળવી, વ્રત પાળવા, એકબીજાની સેવા કરવી, એકબીજા ઉપર સમતા રાખવી. સમતા તારા ઉપર રાખને. આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! દુનિયાને એકાંત લાગે. એકાંત છે... એકાંત છે... એ કોઈ વ્યવહારને પાળતા નથી. વ્યવહાર આવ્યો નહિ? કર્મને છેદી નાખ્યા એ વ્યવહાર ન આવ્યો? પરદ્રવ્યનો નાશ કરી નાખ્યો. અરે..! અશુદ્ધતાનો નાશ કર્યો. એ પણ વ્યવહાર આવ્યો. આહાહા..!

કહે છે કે, ત્રણકાળ ત્રણલોકને જાણે એટલી બધી જાણવાની શક્તિ ખીલી ગઈ '**હોવા છતાં મોહના અભાવને લીધે...**' મોહના અભાવને લીધે '**પરરૂપે પરિણમતો નથી,...**' રાગરૂપ પરિણમતો નથી. આહાહા..! અહીં તો આત્માની વાત છે, ભગવાન! કરવાનું તો આ છે. કરવાનું એને છે અને કરવાનું આ છે. બાકી એ સિવાય એ આત્મા બીજાનું કાંઈ કરી શકતો નથી. રાગનો કર્તા પણ નથી. એ તો જ્ઞાયકસ્વરૂપ છે. જ્ઞાયકસ્વરૂપ થયો. જ્યારે ત્રિકાળનું જ્ઞાન થયું તો ત્રણકાળ ત્રણલોકની પર્યાયને દેખે, પણ મોહના અભાવને કારણે રાગ થતો નથી. આહાહા..! આટલું બધું... આત્મા સંબંધીની વાત છે.

આત્મા પણ આત્મા ન હોય તો બીજી (વાત) છે ક્યાં? આહાહા..! આત્માની વાત ન હોય તો બીજી છે ક્યાં? એકવાર કહ્યું હતું. ઘણા વર્ષ પહેલાં (સંવત) ૧૯૮૫ની સાલ. એક સમયનું જ્ઞાન એ ચીજ જગતમાં છે, બસ! કેમકે એક સમયના જ્ઞાનમાં આખું દ્રવ્ય-ગુણ અને સર્વ અનંતી પર્યાય અને ત્રણલોક જણાય છે. તો એક જ પર્યાય જગતમાં છે એ જ વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કર્મને છેદીને એમાં એ બતાવ્યું. એક સમયની એક પર્યાય કર્મનો નાશ કરીને પોતાની શક્તિ હતી તે વ્યક્ત થઈ તો એની એક જ પર્યાયમાં પર્યાય પર્યાયને જાણે, પર્યાય દ્રવ્ય-ગુણને જાણે, પર્યાય અનંતી બીજી પર્યાયને જાણે, પર્યાય બીજા દ્રવ્યને જાણે. આહાહા..! તો એક પર્યાયથી મોટુ રહ્યું કોણ હવે? એ અનંતી પર્યાયનો પિંડ દ્રવ્ય મોટું છે. પણ એક પર્યાય.. આહાહા..! એટલી તાકાતવાળો તારો આત્મા છે. આહાહા..! એનાથી મોટું દ્રવ્ય છે. બસ! એ તો તારું દ્રવ્ય મોટું તારું છે. એક પર્યાયની એટલી તાકાતમાં પૂર્ણ આવી ગયું તો તારા દ્રવ્યની તો વાત શું કરવી? પ્રભુ! આહાહા..! લોકોને વિશ્વાસ આવવો મુશ્કેલ પડે

છે. કાંઈક કરવું એમાં એને ઠીક પડે છે. જે એનામાં નથી, એ નથી એ કરવું એમાં એની નજર પડે છે અને કાંઈક થાય છે એમ માને. પણ જાણવું-દેખવું થાય છે એ કાંઈ કરાય છે અંદર જાણવું-દેખવું એનો એને વિશ્વાસ આવતો નથી. આહાહા..!

**'મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને...'** આહાહા..! જેણે બધા જ્ઞેયાકારો જેટલા લોકાલોકના છે **'અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે....'** એ બધી વિકસિત પર્યાય ખ્યાલમાં આવી ગઈ. **'જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે...'** આહાહા..! પોતાના આત્માની એટલી તાકાત છે કે કર્મનો નાશ કરીને એક સમયની પર્યાયમાં આખો લોકાલોક–લોક અને અલોક, ભૂત-ભવિષ્ય ને વર્તમાન ત્રણકાળ પી ગયો. આહાહા..! પી ગયો એટલે શું? જાણવામાં આવ્યું. આહાહા..! એક સમયની પર્યાયમાં... આહાહા..! શરીર પ્રમાણે ક્ષેત્ર નાનું, એ પર્યાયનું ક્ષેત્ર. જાણે ત્રણલોક, ત્રણકાળ. આહાહા..! એવી પર્યાયને પી ગયો છે. એટલે એમ કહ્યું કે એટલી પર્યાય તો એક સમયમાં સંપૂર્ણ જણાઈ ગઈ. કોઈ બાકી રહી નહિ. આહાહા..! એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન યુગપદ્ હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. એક સમયમાં સાથે હોય છે. એક સમયે જાણે અને બીજે સમયે દેખે, પ્રભુ! એવો ભેદ હોતો નથી. આહાહા..! એક સમયમાં જાણે, એ જ સમયે દેખે. ત્રણકાળ, ત્રણલોકની પર્યાય પી ગયો એટલે જાણવા-દેખવામાં આવી ગયું. આહાહા..! આવો ઉપદેશ હવે. કાંઈ કરવાનું કહે કે દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો, છ પરબી ખાવું નહિ, કંદમૂળ ખાવા નહિ, બ્રહ્મચર્ય પાળવું. અરે..! ભગવાન! એ બધું હોય છે પણ એ બધું નૈતિક-નૈતિક શુભભાવની ક્રિયા છે. એ કોઈ (ધર્મ નથી). આહાહા..!

સહજ સ્વભાવ... ભગવાન સહજસ્વભાવ. કંઈ પ્રગટ થવું અને નાશ થવું એવું જેમાં છે નહિ, એવો નિત્યસ્વભાવ, એ જ્યારે પર્યાયમાં ખ્યાલમાં આવ્યો... આહાહા..! ત્યારે લોકાલોક જણાય ગયા. એ જ્ઞાયક કોનું કરે? ભગવાન બીજાની દયા પાળે કે નહિ? દયા પાળવાનો ઉપદેશ દે ને ઉપદેશ? ઉપદેશ દે કે નહિ? આહાહા..! ઉપદેશ વાણી છે. વાણીની પર્યાય તો જ્ઞાનમાં આવી ગઈ છે. આહાહા..! ત્રણકાળ ત્રણલોક જ્ઞાનમાં જણાઈ ગયા. કોનું કરે? આહાહા..!

અરે..રે..! જૈનમાં જન્મીને જૈન પરમેશ્વરે આત્મા કહ્યો એની વિચારશ્રેણી નહિ, વિચારધારામાં રોકાણો નહિ અને માથાકૂટમાં બીજા બધામાં રોકાય. આહાહા..! અને એમાં માને કે કલ્યાણ થશે. આહાહા..! તેથી અહીંનું એકાંત કહે છે ને? એકાંત જ છે, પ્રભુ! તું કહે છે એ ભલે. તું પણ તેવો જ છો, નાથ! તને ખબર નથી. તારામાં પણ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિ છે અને કર્મનો નાશ કરવાની એક સમયમાં તારામાં શક્તિ છે. અને તું એ ત્રણકાળને જાણે, કોઈ પર્યાય જાણ્યા વિના રહે નહિ એવો તું છો. ભગવાન! બધા આત્મા એવા છે. આહાહા..! એટલી તારી મોટાઈ, એટલી તારી મોટપ તને

ન બેસે એ તો કલંક છે. આહાહા..! એટલી મોટપ અને મહિમા એની છે. છે. એવું અસ્તિત્વ છે. આહાહા..! એવું અસ્તિત્વ જ્યારે ન બેસે તો તેં શું કર્યું? આહાહા..!

તારી પૂર્ણ ચીજ છે એની પણ પ્રતીત નથી. તારા ઘરમાં પૂર્ણ ભરેલું છે એ ઘરની પ્રતીત નથી અને બીજાની પ્રતીતિ કરવા જાય. આહાહા..! ગાથામાં આચાર્યનું કથન બહુ ઝીણું. દિગંબર સંતોની વાણી... આહાહા..! એમાં 'અમૃતચંદ્રાચાર્ય' ને 'પદ્મપ્રભમલધારિદેવ' ઓહોહો..! આ કાંઈ કથા-વાર્તા નથી. પ્રભુ! તારી ચીજની મહિમા છે. તને જે પર તરફની મહિમા કોઈ ચીજ ઉપર આવે છે, એ બધું જાણવા લાયક છે એની મહિમા શું કરે છે? તારાથી પર ચીજ જે છે પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, આબરૂ, એ તો જાણવાલાયક છે. જાણવાલાયકમાં મારું માને છે. આહાહા..! એ સંસારમાં રખડવાની મોટી ભ્રમણા છે. આહાહા..! આમાં કોઈ ના પાડે એમ નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે. આહાહા..!

આઠ-આઠ વર્ષના બાળક પોતાની ચીજને અંતરમાં જાણે છે. આહાહા..! ઉંમરની જરૂર નથી. આઠ વર્ષનું બાળક એની મહિમામાં અંદર ઉતરી જાય છે. કેવળજ્ઞાન લઈ લે છે. આહાહા..! અરે..! પ્રભુ! આટલી તારી તાકાત અને તું હીણા તરીકે માનીને રોકાઈ ગયો. પ્રભુ! કલંક છે. આહાહા..! તને તારી શક્તિની મહિમાની ખબર નથી. તારી શક્તિની મહિમા કેટલી છે એની ખબર નથી, પ્રભુ! તને શંકા છે! આહાહા..! હજી તો શંકા કરે કેવળજ્ઞાન-કેવળદર્શનમાં. આહાહા..! વળી આગળ-પાછળ કરે. એક સમયે જાણે અને બીજે સમયે દેખે. અરે..! પ્રભુ! એવો ભંગ ન હોય. અખંડાનંદનો નાથ પ્રભુ દ્રવ્ય અખંડ, ગુણ અખંડ, પર્યાય અનંતી એક સમયમાં અખંડ જાણે. આહાહા..! એ પરને જાણવા છતાં પરરૂપ પરિણમતો નથી.

**'તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને...'** સમસ્ત જ્ઞેય એટલે જાણવામાં જે આવે એ અને આકાર એટલે સ્વરૂપ. **'જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે...'** આહાહા..! ભગવાન થઈ ગયો. એ ભગવાન હતા. ભગવાનપણું ગોપવીને રાખ્યું હતું. આહાહા..! સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું તો એનો સ્વભાવ છે–શક્તિ છે–ગુણ છે. ગુપ્ત રાખ્યું હતું તેને પ્રગટ કર્યું. આહાહા..! આમાં નવું શું કર્યું? આમાં નવી ચીજ શું થઈ? આહાહા..! છે એને પ્રગટ કર્યું. છે તો ત્રણકાળથી. જે છે એને એક સમયમાં પ્રગટ કર્યું છે. ત્રણકાળ ત્રણલોકને જાણે છે. આહાહા..!

**'એવા ત્રણે લોકના પદાર્થોને...'** આહાહા..! **'પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો...'** ભિન્ન ભિન્ન પણ જાણે અને એકસાથે છે એને પણ જાણે છે. આહાહા..! **'પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.'** અહીં તો કહે છે કે જ્ઞાન તો પૃથક્-અપૃથક્ બધી ચીજને જાણે છે. આહાહા..! આવી વાત. આમાં કોઈ દાખલો કે બહારની દલીલ (કામ આવે નહિ). આ કરવું આવ્યું પણ અંદર કરવું આવ્યું. જ્યાં છે તું છો... તે. આહાહા..!

મુમુક્ષુ :– અપૃથક્માં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય લેવાય?

ઉત્તર :– એ બધું જાણે. આ તો જ્ઞાનનો સ્વભાવ બતાવવો છે. એમ કે પૃથક્ જુદા હોય તેને જાણે અને અપૃથક્ સર્વને જાણે. એમ નહિ કે અમુકને જાણે. સર્વને જાણે. આહાહા..! એવી તારી ચીજ છે. એવી તારી ચીજ શું તું એવો જ છો. આહાહા..! એ અહીં જરી બીડીમાં ને તમાકુમાં ને પૈસામાં ને બાયડીમાં (રોકાઈ ગયો). આહાહા..! અરે..! પ્રભુ! તારી શક્તિ તો કેવળજ્ઞાન લેવાની છે ને, નાથ! પ્રભુ! આ તું ક્યાં રોકાણો? આહાહા..!

પ્રભુ 'યોગીન્દ્રદેવ' કહે છે. પ્રભુ! તને ભવ કરવો કલંક છે. આહાહા..! ત્રણલોકનો નાથ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવા પ્રભુને ભવ થવો (કલંક છે). આહાહા..! આવી વાત મળવી મુશ્કેલ પડે. આહાહા..! આ કરો.. આ કરો.. આ કરો... આહાહા..! પ્રભુ! તારી અંદર એટલી શક્તિ છે ને, નાથ! તને ભગવાન તરીકે તો બોલાવે છે. આહાહા..! 'સમયસાર'ની ૭૨-ગાથામાં. ૭૨ ગાથામાં ભગવાનઆત્મા એમ કહે છે. આહાહા..!

શુભ અને અશુભભાવ એ અશુચિ અને મેલ છે. ભગવાન! તું તો મેલરહિત છો ને. આહાહા..! એમ આચાર્યે ભગવાન તરીકે બોલાવ્યો છે. આહાહા..! એ ભગવાન તને સાંભળવામાં પણ પ્રતીત ન આવે.. આહાહા..! અને અંતરમાં રુચિ ન આવે તો અંતરમાં જવાની ચારિત્રની દશા ક્યાંથી આવશે? આહાહા..! જે ચીજ જણાઈ નહિ એ ચીજમાં એકાગ્ર કેવી રીતે થઈશ? એને ચારિત્ર નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? વાત બીજી.

ઓલા કહે બધા ભેગા થાવ.. બધા ભેગા થાવ.. ઓહોહો..! નામ લખ્યા છે. આખા હિન્દુસ્તાનના વિદ્વાનોના નામ અને ધર્મના નામ. બધાના નામ બતાવીને એમ કહે કે બધા એક થાવ... એક થાવ... બધા એક થઈ જાવ. એક ક્યાંથી થાય? પ્રભુ! એક દ્રવ્યના એક ગુણ પણ એકઠા થતા નથી. એક દ્રવ્યનો એક ગુણ બીજા ગુણરૂપ નથી થતો. આહાહા..! એક દ્રવ્યની એક સમયની પર્યાય બીજી પર્યાયની સાથે એક નથી થતી, પ્રભુ! આહાહા..! પ્રભુ! તારું એટલું સામર્થ્ય છે. એ તો ભગવાને જેવું જાણ્યું એવું કહ્યું છે. ભગવાને કાંઈ કર્યું નથી. પ્રભુ! તારી એક સમયની પર્યાયમાં બીજી પર્યાયનો સંબંધ નથી. આહાહા..! એમ હું જોઉં છું. આહાહા..! પ્રભુ! તું પણ ભગવાન જાણનાર છો. પણ અટક્યો છો એ તને કલંક છે. આહાહા..! આમ કહીને એને પરમાત્મા બનાવવો છે. એક સમયમાં ભેદ પાડવો એમ નહિ. એક સમયમાં જાણે અને દેખે એવો તું ભગવાન છો. એવો ભગવાન છો જ. છો એવો થઈ જા. આહાહા..! એ કહ્યું ને? **'પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.'** પરથી મુક્ત છે. જાણે સર્વને છતાં પરથી મુક્ત છે.

'વળી (આ ૧૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૨૭૭

तथा हि -

(मंदाक्रांता)

ज्ञानं तावत् सहजपरमात्मानमेकं विदित्वा
लोकालोकौ प्रकटयति वा तद्गतं ज्ञेयजालम्।
दृष्टिः साक्षात् स्वपरविषया क्षायिकी नित्यशुद्धा
ताभ्यां देवः स्वपरविषयं बोधति ज्ञेयराशिम्।।२७७।।

[શ્લોકાર્થ :–] જ્ઞાન એક સહજપરમાત્માને જાણીને લોકાલોકને અર્થાત્ લોકાલોકસંબંધી (સમસ્ત) જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે (–જાણે છે). નિત્ય-શુદ્ધ એવું ક્ષાયિક દર્શન (પણ) સાક્ષાત્ સ્વપરવિષયક છે (અર્થાત્ તે પણ સ્વપરને સાક્ષાત્ પ્રકાશે છે). તે બન્ને (જ્ઞાન તેમ જ દર્શન) વડે આત્મદેવ સ્વપરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે (અર્થાત્ આત્મદેવ સ્વપર સમસ્ત પ્રકાશ્ય પદાર્થોને પ્રકાશે છે). ૨૭૭.

## શ્લોક–૨૭૭ ઉપર પ્રવચન

૧૬૧.

ज्ञानं तावत् सहजपरमात्मानमेकं विदित्वा
लोकालोकौ प्रकटयति वा तद्गतं ज्ञेयजालम्।
दृष्टिः साक्षात् स्वपरविषया क्षायिकी नित्यशुद्धा
ताभ्यां देवः स्वपरविषयं बोधति ज्ञेयराशिम्।।२७७।।

આહાહા..! માખણ આવ્યું, માખણ આજ તો. **'જ્ઞાન એક સહજપરમાત્માને જાણીને...'** આહાહા..! પ્રભુ! તારું જ્ઞાન તને સહજ... આહાહા..! પરમાત્માને જાણીને સહજ... આહાહા..! **'જ્ઞાન...'** એટલે આત્મા. **'એક સહજપરમાત્માને જાણીને...'** આહાહા..! પોતાના સ્વભાવિક આત્માને જ્યાં પૂર્ણ જાણ્યો એ **'લોકાલોકને અર્થાત્ લોકાલોક સંબંધી (સમસ્ત) જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે...'** એક ભગવાનને જાણ્યો અને ત્રણકાળ ત્રણલોકના પદાર્થને જાણ્યા. આહાહા..!

એટલી એની મોટાઈ! પરમેશ્વર છે, પ્રભુ છે, પરમાત્મા છે, ભગવાન છે. આહાહા..! એમ જે થયું તે **'જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે...'** ત્રણકાળમાં જગતમાં જેટલા જ્ઞેય છે એ સર્વને જાણે છે. સર્વને જાણે છે એવો જ્ઞાનનો સ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવ રાગને કરે અને પરને કરે એ ક્યાંથી બેસે? પ્રભુ! એ વાત કેમ બેસે? કહો, 'હરિભાઈ'! જે જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકની પર્યાયને કેવળજ્ઞાન જાણે, એ જ્ઞાન પાસે તારે કામ કરાવવું છે. પરનો, દેશનો સુધાર કરો, સેવા કરો.

મુમુક્ષુ :– કે દિ' કરે?

ઉત્તર :– આહાહા..! 'રામજીભાઈ' પહેલા સેવા કરતા હતા. 'ઢેબરભાઈ' આવતા ત્યાં. એના ઘરે પૂછવા આવતા. એક મહિનો કેદમાં જાવું પડ્યું હતું. આહાહા..! દુનિયાની આ... આહાહા..!

પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો ને. તો તું જાણનાર છે કે કોઈનો કરનાર છો? આહાહા..! **'જ્ઞાન એક સહજપરમાત્માને જાણીને...'** એક આત્માને અહીં જાણે ત્યાં લોકાલોકને જાણે છે એમ કહે છે. એકને જાણ્યો, એક પ્રભુ આત્મા પૂર્ણ છે એને જાણ્યો એણે લોકાલોકને જાણ્યા. આહાહા..! **'एगं जाणहि सव्व जाणहि'** આહાહા..! આકરું કામ બહુ. ફેરફાર બહુ થઈ ગયો. મોટું લખાણ (આવ્યું છે). ઓહોહો..! કેટલા નામ બધાના આપ્યા છે. તેરાપંથીના, સ્થાનકવાસી, શ્વેતાંબર, દેરાવાસી. બધા આટલા આટલાએ આમાં એનો (અભિપ્રાય આપ્યો છે). તમે આ કરવા માગો એટલે સારું. એકઠા કરો, બધાને એકઠા કરો. એકરૂપ ક્યારે થાય? પ્રભુ!

તારા જ્ઞાનની પર્યાય ભિન્ન-ભિન્ન, ખંડ-ખંડ થાય તેને એકરૂપ કર. આહાહા..! તારી જ્ઞાનરૂપ પર્યાય પરને જાણવામાં ખંડ-ખંડ થાય છે, પ્રભુ! તને નુકસાન છે, પ્રભુ! આહાહા..! એ ખંડ-ખંડને રોક, અખંડ બનાવ. આહાહા..! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. આહાહા..! પ્રભુનો માર્ગ તો આ છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ વર્તમાન ભગવાન બિરાજે છે એ આ વાત કરે છે. એ વ્યવહારથી કહેવામાં આવે છે. ભાષામાં આવે છે ને ભાષામાં?

**'જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે (–જાણે છે). નિત્ય-શુદ્ધ એવું ક્ષાયિકદર્શન...'** ક્ષાયિકદર્શન લીધું. એમ કે જ્ઞાન સર્વને જાણે તો દર્શન? **'ક્ષાયિક દર્શન (પણ) સાક્ષાત્ સ્વપરવિષયક છે...'** તું કહે કે સ્વને જાણનાર દર્શન અને પરને જાણનાર જ્ઞાન. તો અહીં તો કહે છે કે દર્શન સ્વ-પર વિષયક બેયને (દેખનાર) જાણનાર છે. આહાહા..! જ્ઞાનની સાથે દર્શન થયું. તારે તારામાં જોવાનું છે, પરમાં જોવાનું નથી, એ વાત કરે છે. આહાહા..! તારામાં તને જોવાથી તેં એકને જોયો તો સર્વને જોયું. અને એની સાથે જ્ઞાન સાથે દર્શન થયું એ પણ સ્વપરપ્રકાશક છે. નહિ કે દર્શન સ્વપ્રકાશક એકલું છે. આહાહા..! સંતોએ કરુણા કરીને... આહાહા..! એ વિકલ્પ આવ્યો અને આ લખાણ આવ્યું. એને ક્યાં પડી છે? એનાથી

ક્યાં લાભ માને છે કે અમે કર્યું એ મને લાભ થાય. અરે..! પરને લાભ થાશે એ પણ એને ક્યાં છે? આહાહા..! વીતરાગમાર્ગ અલૌકિક છે, ભાઈ! દુનિયાની આખી રીત કરતા આની રીત જ જુદી છે. આહાહા..!

એ કહે છે, **'સાક્ષાત્ સ્વપરવિષયક છે (અર્થાત્ તે પણ સ્વપરને સાક્ષાત્ પ્રકાશે છે).'** જ્ઞાન જેમ સ્વ-પરને સાક્ષાત્ પ્રકાશે છે એમ દર્શન પણ સ્વ-પરને પ્રકાશે છે. દર્શન સ્વને દેખે અને જ્ઞાન પરને જાણે એમ વાત નથી. આહાહા..! આ તો અંદર ને અંદર ગુણભેદનો પણ નિષેધ (છે). આહાહા..! ગજબ વાત! તો તું ને આ, બે ચીજ એક ક્યાંથી થઈ? ગુણ-ભેદનો નિષેધ. બે પર્યાય એક સાથે સર્વને દેખે. આહાહા..! જ્ઞાન એક સમયે દેખે અને દર્શન બીજે સમયે દેખે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– તો તો અડધોકાળ જ્ઞાન વગરનો થઈ જાય.

ઉત્તર :– અલ્પ કાળ છે, એ કહે છે ને. ભગવાનને અડધો કાળ જ્ઞાનમાં અને અડધો કાળ દર્શનમાં રહે. શ્વેતાંબર એમ કહે છે. પહેલે સમયે જ્ઞાન, બીજે સમયે દર્શન. ત્રીજે સમયે જ્ઞાન, ચોથે સમયે દર્શન. એમ ભગવાનને અડધો કાળ જ્ઞાન અને અડધો કાળ દર્શન. શ્વેતાંબર એમ કહે છે, પહેલે સમયે જ્ઞાન, બીજે સમયે દર્શન, ત્રીજે સમયે જ્ઞાન, ચોથે સમયે દર્શન. એમ અડધો કાળ જ્ઞાન અને અડધો કાળ દર્શન. આહાહા..!

અહીં તો કહે છે, એક જ સમયમાં સ્વપરપ્રકાશક સાક્ષાત્ **'તે બન્ને (જ્ઞાન તેમ જ દર્શન) વડે...'** એ બન્ને જ્ઞાન અને દર્શન વડે **'આત્મદેવ સ્વપરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે...'** પહેલા ગુણનું કહ્યું કે જ્ઞાન સ્વપરને જાણે, દર્શન સ્વપરને (દેખે) જાણે. હવે આત્માનું કહ્યું કે જેમ જ્ઞાન દર્શન સ્વપરને જાણે, એમ આત્મા પણ સ્વપરને જાણે. ગુણ સ્વપરને જાણે છે તો આત્મા પણ સ્વપરને જાણે છે. પહેલા પ્રશ્ન આવ્યો હતો ને? કે દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને (જાણે) દેખે. ત્યારે જ્ઞાન પોતાને જાણે નહિ, આંધળું રહ્યું. એમ છે નહિ. જ્ઞાન પણ સ્વપરને જાણે, દર્શન પણ સ્વપરને (દેખે) જાણે, આત્મા પણ સ્વપરને જાણે. ગુણ જેમ સ્વપરને જાણે એમ દ્રવ્ય પણ સ્વપરને જાણે એમ કહે છે. જોયું!

**'તે બન્ને (જ્ઞાન તેમ જ દર્શન) વડે આત્મદેવ સ્વપરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે. (અર્થાત્ આત્મદેવ સ્વપર સમસ્ત પ્રકાશ્ય પદાર્થોને પ્રકાશે છે).'** ભગવાનઆત્મા જેના ગુણ એવા છે તો દ્રવ્ય પણ એવું છે કે સ્વપરને જાણે-દેખે છે. એ એની શક્તિ અને સ્વભાવ છે. કોઈને કરવું અને કોઈને જાણવું એ પણ હજી વ્યવહાર છે. કરવાનું તો કાંઈ છે નહિ, પણ પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. તું તને જાણે-દેખે એવો તારો સ્વભાવ પ્રભુ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૬૨

णाणं परप्पयासं तइया णाणेण दंसणं भिण्णं।
ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा।।१६२।।

ज्ञानं परप्रकाशं तदा ज्ञानेन दर्शनं भिन्नम्।
न भवति परद्रव्यगतं दर्शनमिति वर्णितं तस्मात्।।१६२।।

पूर्वसूत्रोपात्तपूर्वपक्षस्य सिद्धान्तोक्तिरियम्।

केवलं परप्रकाशकं यदि चेत् ज्ञानं तदा परप्रकाशकप्रधानेनानेन ज्ञानेन दर्शनं भिन्नमेव। परप्रकाशकस्य ज्ञानस्य चात्मप्रकाशकस्य दर्शनस्य च कथं सम्बन्ध इति चेत् सह्यविंध्ययोरिव अथवा भागीरथीश्रीपर्वतवत्। आत्मनिष्ठं यत् तद् दर्शनमस्त्येव, निराधारत्वात् तस्य ज्ञानस्य शून्यतापत्तिरेव, अथवा यत्र तत्र गतं ज्ञानं तत्तद्द्रव्यं सर्वं चेतनत्वमापद्यते, अतस्त्रिभूवने न कश्चिदचेतनः पदार्थः इति महतो दूषणस्यावतारः। तदेव ज्ञानं केवलं न परप्रकाशकम् इत्युच्यते हे शिष्य तर्हि दर्शनमपि न केवलमात्मगतमित्यभिहितम्। ततः खल्विदमेव समाधानं सिद्धान्तहृदयं ज्ञानदर्शनयोः कथंचित् स्वपरप्रकाशत्वमस्त्येवेति।

तथा चोक्तं श्रीमहासेनपंडितदेवैः-

``ज्ञानाद्भिन्नो न नाभिन्नो भिन्नाभिन्नः कथंचन्।
ज्ञानं पूर्वापरीभूतं सोऽयमात्मेति कीर्तितः।।''

---

પરને જ જાણે જ્ઞાન તો દૃગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,
દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.

અન્વયાર્થ :– [ ज्ञानं परप्रकाशं ] જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય [ तदा ] તો [ ज्ञानेन ] જ્ઞાનથી [ दर्शनं ] દર્શન [ भिन्नम् ] ભિન્ન ઠરે, [ दर्शनम् परद्रव्यगतं न भवति इति वर्णितं तस्मात् ] કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વ સૂત્રમાં) વર્ણવવામાં આવ્યું છે.

ટીકા :– આ, પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.

જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો આ પરપ્રકાશનપ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે; (કારણ કે) સહ્યાચલ અને વિંધ્યાચલની માફક અથવા ગંગા અને શ્રીપર્વતની

માફક, પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય? જે આત્મનિષ્ઠ (–આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે. અને પેલા જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે (અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી), શૂન્યતાની આપત્તિ જ આવે; અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે (અર્થાત્ જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે) તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે, તેથી ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન ઠરે એ મોટો દોષ પ્રાપ્ત થાય. માટે જ (ઉપર કહેલા દોષના ભયથી) હે શિષ્ય! જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી એમ જો તું કહે, તો દર્શન પણ કેવળ આત્મગત (સ્વપ્રકાશક) નથી એમ પણ (તેમાં સાથે જ) કહેવાઈ ગયું. તેથી ખરેખર સિદ્ધાંતના હાર્દરૂપ એવું આ જ સમાધાન છે કે જ્ઞાન અને દર્શનને કથંચિત્ સ્વપરપ્રકાશકપણું છે જ.

એવી રીતે શ્રી મહાસેનપંડિતદેવે (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[શ્લોકાર્થ :–] આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી, (સર્વથા) અભિન્ન નથી, કથંચિત્ ભિન્નાભિન્ન છે; *પૂર્વાપરભૂત જે જ્ઞાન તે આ આત્મા છે એમ કહ્યું છે.''

---

**પ્રવચન નં. ૧૯૨, ગાથા–૧૬૨, શુક્રવાર, અષાઢ સુદ ૧૩, તા.૨૫-૦૭-૮૦**

---

'નિયમસાર' ગાથા-૧૬૨.

**णाणं परप्पयासं तइया णाणेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा।।१६२।।**
**પરને જ જાણે જ્ઞાન તો દગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.**

એની મૂળ ગાથા આ છે. ગાથાની ટીકા છે.

ટીકા :– **'આ, પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.'** શું કહે છે? કે જ્ઞાન જો એકલું પરપ્રકાશક હોય તો જ્ઞાન આત્માથી ભિન્ન થઈ જાય અને દર્શન સ્વપ્રકાશક હોય તો દર્શન પરથી ભિન્ન થઈ જાય. તો જ્ઞાન અને દર્શન બે ભિન્ન થઈ જાય. જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે. બેય ગુણ ભિન્ન થઈ જાય. અભિન્ન ન રહી શકે. **'આ પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.'**

**'જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય...'** આ વિચાર પણ જગતમાં છે. આજે એક પુસ્તક આવ્યું છે. 'વિદ્યાસાગર'નું પુસ્તક આવ્યું છે. એમાં કેટલુંય (લખ્યું છે). પહેલું અનંતાનુબંધી

* પૂર્વાપર = પૂર્વ અને અપર; પહેલાનું અને પછીનું.

જાય, પછી મિથ્યાત્વ જાય, મિથ્યાત્વ કાંઈ વસ્તુ નથી. એવા લખાણ, એવી પ્રરૂપણા. લોકો પણ કેમ કેમ ઝીલે છે. બીજું શું કાંઈ કહ્યું હતું ને?

મુમુક્ષુ :– કેવળ પુણ્ય કરે તો ...

ઉત્તર :– હા. પુણ્યભાવ કરે, એકલો પુણ્યભાવ કરે તો ધર્મ થઈ જાય. નાની ઉંમરમાં લોકો દીક્ષા લે. 'પરમાત્મપ્રકાશ' નથી આપણા? ભાઈનો 'હુકમચંદ'નો. એના જેવો એક છોકરો. એ ક્ષુલ્લક થયો. લોકોને બાહ્ય ત્યાગ ઉપર મહિમા બહુ લાગે. છે છોકરો બહુ રૂપાળો અને દીક્ષિત થયો. નાની ઉંમરનો. આપણા 'પરમાત્મપ્રકાશ' 'હુકમચંદજી'નો છે ને, એના જેવો છે. બાહ્ય ત્યાગ ઉપર લોકો (મોહી પડે છે) મૂળ ચીજ શું છે? બહારની સાથે સંબંધ શું? એક પોતાનો ગુણ, એક પરને જાણે અને એક પોતાનો ગુણ પોતાને દેખે, એનો અર્થ શું? એનો વિચાર કરતો નથી. અંદર અભેદ વસ્તુ છે. અનંતગુણનું એકરૂપ. જે એક ગુણ છે એવો બીજો ગુણ છે. એમાં જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે એવું છે નહિ.

**'જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો આ પરપ્રકાશકપ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે;...'** જ્ઞાન જો પરને જ જાણે અને દર્શન પરને ન દેખે તો જ્ઞાન-દર્શન બેય જુદા થઈ ગયા. આ વિચાર કરવા નવરાશ ક્યાં છે પણ. આ વસ્તુસ્થિતિ છે. જેને આત્મા સાધવો છે, એ આત્મા અનંતગુણનો પિંડ છે. એ જ ચીજ છે. અને તેમાં એક ગુણ જે છે એવો જ બીજો ગુણ (છે) એની તાકાત એટલી ને એવી જ છે. જ્ઞાનની તાકાત પરને જાણવાની ઘણું ઘણું અને દર્શનને જાણવાનું એક જ આત્મા (એમ હોય તો) એ તો બે ગુણમાં મોટો ફેર પડી ગયો. આહાહા..! પણ એવો વિચાર કરે છે કોણ? ધંધા આડે નવરાશ ન મળે. પાપ આડે નવરાશ ન મળે. પાપ આડે, હોં! આહાહા..!

મુમુક્ષુ :– હવે તો અહીં રહ્યા છે.

ઉત્તર :– આહાહા..! આ તો ભાઈ મોઢા આગળ (બેઠા છે) બધાને (લાગુ પડે છે). ઘણાને પાપમય જ આખી જિંદગી, પાપ જ કરવું. ધર્મ શું? આત્મા શું? એક કલાક સાંભળી આવે જે તે ગપ માર્યા હોય એ સાચું માને. શું સત્ય છે?

આમાં પણ ફેર છે કે આ આત્મા વસ્તુ છે એના બે ગુણ અભેદ છે. એમાં એક ગુણ પરને જ જાણે, આખા લોકાલોકને જાણે અને એક ગુણ એક દ્રવ્યને જ જાણે. આત્મતત્ત્વ ગુણથી અભેદ છે, ગુણ-ગુણી જુદા નથી એવી એને પ્રતીતિ ન આવી. મોટો ફેર છે. આમ વ્રત ને તપ ને અપવાસ કરીને મરી જાય, સુકાઈ જાય બહારની ક્રિયા કરીને. પણ અંતર તત્ત્વ શું છે એની ખબર નથી. એના વિના એકડા વિનાના મીંડા છે. બીજું ઘણું એમાં વિરુદ્ધ કાંઈક હશે. ભાઈને 'હિંમત'ને આપ્યું છે.

**'જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો આ પરપ્રકાશનપ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે; (કારણકે કે) સહ્યાચલ અને વિંધ્યાચલ...'** બે પર્વત જુદા જુદા સામે સામે

છે. **'સહ્યાચલ અને વિંધ્યાચલની માફક અથવા ગંગા અને શ્રીપવર્તની માફક,...'** ગંગા નદી ક્યાંય રહી અને પાર્વતી ક્યાંય રહી. આહાહા..! એની માફક **'પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય?'** આહાહા..! આવું પણ માનનારા છે. શ્વેતાંબરમાં તો ચોખ્ખું લખાણ જ છે. જ્ઞાન-દર્શન બેના દર્શન જુદા છે. આહાહા..! આત્મપ્રકાશ દર્શન અને પરપ્રકાશક જ્ઞાન એ કઈ રીતે હોય શકે?

**'જે આત્મનિષ્ઠ (–આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે.'** આત્મામાં સ્થિત છે એ તો દર્શન જ છે. આત્મામાં સ્થિત છે. જોવાનો ગુણ આત્મામાં સ્થિત છે. **'અને પેલા જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે...'** કેમકે દર્શન સ્વને જોવે એમ કહ્યું તો સ્વમાં દર્શન સ્થિત છે. સ્વમાં દર્શન સ્થિત રહ્યું. દર્શનને સ્વનો આધાર મળ્યો. અને જ્ઞાન પરને જાણે તો જ્ઞાનને સ્વનો આધાર મળ્યો નહિ. ન્યાય સમજાય છે? દર્શન સ્વને દેખે તો એને તો આધાર મળ્યો. અને જ્ઞાન પરને જાણે તો જ્ઞાનને તો આધાર રહ્યો નહિ. પોતાને જાણે નહિ તો જ્ઞાનને આધાર રહ્યો નહિ. જ્ઞાનમાં કાંઈ અનંત પદાર્થ રહે? અનંત પદાર્થમાં જ્ઞાન રહે? અનંત પદાર્થને જાણે પણ અનંતપદાર્થમાં રહે નહિ. આહાહા..! થોડો ફેર પણ શું ફેર છે એ કહે છે.

**'નિરાધારપણાને લીધે (અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી), શૂન્યતાની આપત્તિ જ આવે;...'** જ્ઞાન પરને જાણે તો પરનો આધાર જ્ઞાનમાં રહ્યો નહિ. એ તો જાણે, એમાં જ્ઞાનનો આધાર ન રહ્યો. જ્ઞાનનો આધાર આત્મા છે તો આત્માના આધારે જ્ઞાન રહ્યું છે. જાણે ભલે પરને પણ રહે આત્માને આધારે. તો આત્મા પણ જાણે, જેમાં છે એને પણ જાણે, જેમાં નથી એને પણ જાણે. દર્શન તો પોતે જ પોતાને દેખે. એ તો ઠીક, દર્શન પણ પરપ્રકાશક છે. કેમકે જ્ઞાન જેમ પરપ્રકાશક છે અને જ્ઞાનનું સ્થાન આત્મા છે, એમ દર્શન પરને દેખે, એનું સ્થાન-રહેઠાણ-સ્થિતિ આત્મામાં છે. આહાહા..! આવું બધું ઝીણું. ઓલા (કહે), વ્રત પાળો, દયા પાળો. થઈ રહ્યું. અપવાસ કરો, નિર્જરા કરો, તપસ્યા એ નિર્જરા, તપસા નિર્જરા. અપવાસ ખૂબ કરે (તો) ખૂબ નિર્જરા (થાય). અપવાસ કરીને મરી જાય, સૂકાઈ જાય. એ તો વિકલ્પ છે.

ઉપવાસ–આત્મામાં વસ્યા વિના કલ્યાણ ક્યાંય નથી. ઓલો તો અપવાસ છે–બહારમાં ભટક્યા કરે. આ છોડ્યું, પાણી છોડ્યું ને આજે આ છોડ્યું. પણ એમાં આત્મા ક્યાં આવ્યો? જેમાં આત્મા આવે નહિ એને ધર્મ કહેવાય કેમ? ખરેખર તો આત્માનો ઉપવાસ એનું નામ ઉપવાસ. આત્માના ઉપ એટલે સમીપમાં વસે. એની ખબરેય કોને છે? પોતાનો ઉપયોગ પોતામાં વસે તો એ જ્ઞાન પોતાને આધારે રહ્યો એમ કહેવાય. પણ જ્ઞાન પરને જાણે અને પોતાને ન જાણે તો પોતાનો તો આધાર રહ્યો નહિ. આહાહા..!

એ રીતે **'(અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી), શૂન્યતાની આપત્તિ જ આવે;...'** જ્ઞાનને આધાર નહિ રહેતા જ્ઞાનની શૂન્યતા થઈ જશે. આહાહા..! આ 'કુંદકુંદાચાર્યે' પોતાના

માટે બનાવ્યું છે. એમાં આ નાખ્યું. કારણ કે એ વખતે એ મત ચાલતો હતો. શ્વેતાંબર મત નીકળી ગયેલો. એના પછી સો વર્ષે થયા. આહાહા..! એમાં એ ચાલતું હતું. તેથી આ કરવું પડ્યું એમને. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પહેલા શ્વેતાંબર મત નીકળી ગયેલો. ભગવાન પછી પાંચસો વર્ષે. પછી 'કુંદકુંદાચાર્ય' થયા. પછી 'કુંદકુંદાચાર્યે' આ બનાવવું પડ્યું.

**'અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે...'** બે વાત. જ્ઞાન જો પોતાને ન જાણે તો જ્ઞાનને પોતાનું સ્થાન રહ્યું નહિ. પોતાને ન જાણે તો પોતાનું સ્થાન તો રહ્યું નહિ. અને જ્યાં જ્યાં જ્ઞાન પહોંચશે **'(અર્થાત્ જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે) તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે,...'** શું કહ્યું? આહાહા..! જ્ઞાન–જાણવાનો સ્વભાવ જો પોતામાં ન રહે તો આધાર વિના એ શૂન્ય થઈ ગયું. અને એ જ્ઞાન પરને જાણે તો પરને જાણે તો પર જડાદિ બધા પદાર્થ ચેતન થયા. કારણ કે એનું સ્થાન અહીં તો રહ્યું નહિ. સ્વને જાણવામાં તો રહ્યું નહિ. પરને જાણવામાં જ્ઞાન રહ્યું. તો જડને જાણતા જડ ચેતન થઈ જાય. આહાહા..! આવી વાતું છે.

**'તેથી ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન ઠરે...'** જ્ઞાન જો એકલું પરને જાણે અને પોતાને ન જાણે તો જ્ઞાનને સ્વનો આધાર રહ્યો નહિ અને એ જ્ઞાન પરને જાણે તો બધી પરવસ્તુ જ્ઞાનરૂપ થઈ ગઈ. કારણ કે અહીં તો જ્ઞાન રહ્યું નહિ, જ્ઞાન ત્યાં રહ્યું. એને જાણે ત્યાં જ્ઞાન રહ્યું. અહીં જ્ઞાન રહ્યું નહિ. તો એ બધી ચીજ જ્ઞાનમય થઈ ગઈ. આહાહા..! એમ થતાં બધા અચેતન પદાર્થ સિદ્ધ નહિ થાય. તો પરમાણુ, ધર્માસ્તિ, જેમાં જ્ઞાન નથી એ પદાર્થ સિદ્ધ નહિ થાય. આહાહા..! વાત તો ન્યાયથી છે ને. વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે. ન્યાય ન મળે, ન્યાય. વકીલને ન્યાય સમજાય. આહાહા..!

કહે છે, જ્ઞાન પરને જાણે એમ જો તું એકાંતથી કહે તો જ્ઞાનને પોતાનો આધાર રહ્યો નહિ. તો પોતાના આધાર વિના જ્ઞાન શૂન્ય થઈ ગયું. બીજી વાત કે જ્ઞાન પોતાને ન જાણે, જ્ઞાન સર્વને જાણે તો બધી જે અચેતન ચીજ છે તેને જાણે તો જ્ઞાનનું સ્થાન ત્યાં રહ્યું. કારણ કે જ્ઞાન અહીં જાણવામાં રહ્યું નહિ એટલે જ્ઞાન આત્મામાં તો રહ્યું નહિ. જેને જાણે ત્યાં જ્ઞાન રહ્યું. તો અચેતન પણ જ્ઞાનરૂપ થઈ જાય. સમજાય છે કાંઈ? આહાહા..!

જ્ઞાન જ્યારે પોતાને ન જાણે તો સ્વમાં એનું સ્થાન તો રહ્યું નહિ. અને એ જ્ઞાન સર્વને જાણે, આ વિના, તો બધાનું અસ્તિત્વ જ્ઞાનરૂપ સિદ્ધ થયું. બધાનું અસ્તિત્વ જ્ઞાનરૂપ સિદ્ધ થયું. પરમાણુ પણ જ્ઞાન, ધર્માસ્તિ પણ જ્ઞાન, પુદ્ગલ પણ જ્ઞાન અને આકાશ પણ જ્ઞાન. કેમકે અહીં આને જોવામાં રહ્યું નહિ. એ જ્ઞાન પરમાં રોકાણું. પરમાં રોકાણું એટલે જ્ઞાન અચેતન થઈ ગયું. આહાહા..! અચેતન જુદી ચીજ રહી નહિ. જરી ઝીણું છે. નિર્ણય કરવો પડશે ને. આહાહા..!

આ એક જ ચીજ જે ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જાણે-દેખે એનું અસ્તિત્વ અહીં છે. એનું અસ્તિત્વ બહાર ક્યાંય નથી. અને તે પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર

છે. એને ઠેકાણે તું (કહે કે) જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે. તો પરને જાણવું એ હજી તો વ્યવહાર છે. આહાહા..! અંતર ભગવાનઆત્મા પોતાને દેખે અને પોતાને જાણે એ પોતાનો ગુણ છે તો પોતાને જાણ્યા-દેખ્યા વિના રહે નહિ. આહાહા..! તેથી જેણે આત્મા પરને જાણે એમ કહ્યું અને સ્વને જાણવાનો નિષેધ કર્યો, તો એ જ્ઞાનનો આધાર તો બધી અચેતન વસ્તુઓ રહી. અચેતન જ્ઞાનનો આધાર રહ્યો તો એ પણ જ્ઞાનરૂપ થઈ ગઈ. વાત સમજાય છે કાંઈ?

અહીંયાં... આહાહા..! પ્રભુ! જ્ઞાન, દર્શન આદિ અનંતગુણથી સ્વ સ્વરૂપે બિરાજમાન છે. એનો એક ગુણ સ્વને દેખે, એક ગુણ પરને જાણે તો સ્વને દેખે તે ગુણનું સ્થાન તો આત્મામાં રહ્યું. પણ જે પરને જાણે એને તો આત્માનું સ્થાન રહ્યું નહિ. એક વાત. અને જેને જાણે તેમાં જ્ઞાન ઘૂસી ગયું. એટલે એ અચેતન જ્ઞાન થઈ ગયું. આહાહા..! ન્યાય સમજાય છે? વાણિયાના ન્યાયથી જુદી જાત છે આ. વકીલો ન્યાયને સમજે. આહાહા..! આ તો સાદી ભાષા (છે).

શરીર, વાણી, મન, કર્મ એ બધા તો જડ છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ જડ કર્મને જાણે તો કર્મનું અસ્તિત્વ ચૈતન્ય થઈ ગયું. ચૈતન્યને રહેવાનું સ્થાન જડ અને કર્મ રહ્યા, તો એ ચેતન થયા. આત્મા ચેતન રહ્યો નહિ. આહાહા..! ન્યાયની વાત છે આ તો. એમ ને એમ માને (તો) બીજો કોઈ મળે તો ફરી જાય. વસ્તુની સ્થિતિ જે રીતે છે એ રીતે ન માને અને બીજી રીતે (માનતો) થઈ જાય. આહાહા..!

**'જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે (અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી) શૂન્યતાની આપત્તિ જ આવે; અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે (અર્થાત્ જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે)...'** જે જે દ્રવ્યને જ્ઞાન જાણે **'તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે,...'** આહાહા..! આ રીતે .. આ કહી શકવાનું નહિ. એય..! રાતે કહી શકું નહિ આ. કે અદ્ધરથી કાઢી નાખવું છે? આત્મા માટે છે આ. દેખવું પણ તને અને જાણવું પણ તને. જાણનાર-દેખનાર તું છે અને તે જાણનાર-દેખનારનું અસ્તિત્વ તારામાં અને તેનો આધાર તું છો. એ જ્ઞાનને પર જાણે અને પર આધાર થાય તો આત્મા જ્ઞાન વિનાનો રહીને બીજા અચેતન જ્ઞાન થઈ જાય. આહાહા..! ન્યાયથી વાત લીધી છે. એકલી ભાષા ન રાખવી જોઈએ. અંદર મેળવણી કરવી જોઈએ. અંદરમાં મિંઢવવું.

દર્શન સ્વને દેખે અને જ્ઞાન પરને દેખે. શું વાંધો આવ્યો? શું હરકત છે? કહે છે કે, ભાઈ! જ્ઞાન આત્માનું છે. એ જ્ઞાન પોતાના પ્રદેશ છોડીને બહાર જતું નથી. જેમ દર્શનનો આધાર આત્મામાં રહ્યો એમ જ્ઞાનનો આધાર પણ આત્મા જ છે. એને ઠેકાણે તું એમ કહે કે જ્ઞાન પરને જાણે અને સ્વને નહિ. તો જ્ઞાનને આત્માનો આધાર રહ્યો નહિ. જ્ઞાન અચેતન થઈ જાય તો ત્યાં અચેતનનો આધાર થઈ ગયો. જ્ઞાનનો આધાર તો અચેતન

થયું. આહાહા..! આવું ઝીણું!

**'તેથી ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન ઠરે...'** જ્ઞાન પરને જાણે તો જ્ઞાન તો અચેતન થઈ ગયું. અચેતનમાં રહ્યું. કારણ કે અહીં તો રહેતું નથી. આત્માને તો જ્ઞાન જાણતું નથી માટે આત્મામાં જ્ઞાન રહેતું નથી. તો એ જ્ઞાન અચેતન જડમાં રહે છે. આહાહા..! તેથી અચેતન પદાર્થ નહિ ઠરે. **'એ મોટો દોષ પ્રાપ્ત થાય.'** આહાહા..! આવી ચર્ચા પણ કઠણ પડે. એના ગુણની સિદ્ધિ કરે છે. જે એના ગુણ છે એ એનામાં છે. ભલે જાણવાનું પરનું કામ કરે એ પણ વ્યવહાર છે. પરને જાણવું એ પણ વ્યવહાર છે. એ જાણનાર-દેખનાર પોતે એક જ વસ્તુ છે. પોતે અભેદ વસ્તુ છે. જ્ઞાન તે આત્મા અને દર્શન તે આત્મા બેય એક જ ચીજ છે. આહાહા..!

**'માટે જ (ઉપર કહેલા દોષના ભયથી), હે શિષ્ય!'** આચાર્ય મહારાજ શિષ્યને સંબોધન કરે છે. **'જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી...'** જ્ઞાન કેવળ પરને જાણે (એમ નથી). આંખ છે એ પરને દેખે પણ આંખ આંખને નથી દેખતી. છે કે નહિ? આંખ આ દેખે. પણ પોતાને નથી દેખતી. એમ જ્ઞાન પરને જાણે પોતાને ન જાણે, એમ નથી. આહાહા..! એ પણ દાખલો છે. બીજે ઠેકાણે. આહાહા..! **'જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી એમ જો તું કહે, તો દર્શન પણ કેવળ આત્મગત (સ્વપ્રકાશક) નથી...'** દર્શન પણ આત્મામાં સ્થિત નહિ રહે. જ્ઞાન જેમ નહિ રહે, એમ દર્શનને આત્માનો આધાર નહિ રહે. તો દર્શનનો અભાવ થઈ જશે. આહાહા..! **'એમ પણ (તેમાં સાથે જ) કહેવાઈ ગયું.'** જેમ જ્ઞાન, એની સાથે રહેનારું દર્શન, જ્ઞાન જેમ પરને જાણે તો ત્યાં અસ્તિત્વ ન રહ્યું, પરનું રહ્યું, એમ જ્ઞાનની સાથે રહેનારું, અભિન્ન રહેનારું દર્શન એકલું સ્વને જાણે તો સ્વમાં જ રહ્યું, પરને જાણી શકે નહિ. તો દર્શન પરને (દેખી) જાણી શકે નહિ. આહાહા..! છે?

**'તેથી ખરેખર સિદ્ધાંતના હાર્દરૂપ એવું આ જ સમાધાન છે...'** એ માટે સિદ્ધાંતનું રહસ્ય, સિદ્ધાંતનું હાર્દ, સિદ્ધાંતનું હૃદય (આ છે) આહાહા..! **'કે જ્ઞાન ને દર્શનને કથંચિત્ સ્વપરપ્રકાશકપણું છે જ.'** બેયને સ્વપરપ્રકાશકપણું છે. દર્શન સ્વપ્રકાશક પણ છે અને પરપ્રકાશક છે. કેમકે જ્ઞાન અને દર્શનનો આધાર આત્મા છે. તો એક ગુણ પરને દેખે અને સ્વને ન દેખે એમ બને નહિ. માટે એક ગુણ જ્યારે પરને દેખે તો તે જ ગુણ અહીં દર્શન (છે એ) જ્ઞાન સાથે અભિન્ન છે (તો) દર્શન સ્વને પણ દેખે. આહાહા..! ન્યાયથી વાત છે પણ હવે ન્યાય કોઈ દિ' શિખ્યા ન હોય. એમ ને એમ મજૂરી કરી મજૂરી. વેપારની મજૂરી આખો દિ'. આહાહા..!

અંદર ભગવાનઆત્મા... એ બે ગુણનું અસ્તિત્વ કઈ રીતે છે? એમ ને એમ માનવું (એમ નહિ), પણ અંદર ન્યાયથી, અંદર પરીક્ષા કરીને જ્ઞાન અને દર્શન આત્મામાં એક સમયમાં એકસાથે આધારપણે કઈ રીતે રહ્યા છે? કે જો જ્ઞાન પરને જાણે તો જ્ઞાન પરમાં

ચાલ્યું ગયું. દર્શન સ્વમાં રહ્યું તો બે ભિન્ન પડી ગયા. બે ભિન્ન પડ્યા તો બેનો આધાર રહ્યો નહિ. એમ છે નહિ. દર્શન અને જ્ઞાન તો અભિન્ન છે. દર્શન અને જ્ઞાન અંદર અભિન્ન છે, એક છે. જેમ જ્ઞાન પરને જાણે એમ દર્શન પણ પરને દેખે. કારણ કે બેય અભિન્ન છે. અભિન્ન ગુણમાં એક ગુણ પરને જાણે અને એક ગુણ આને (સ્વને દેખે) જાણે એમ હોઈ શકે નહિ. આહાહા..! આવી કોને નવરાશ હોય? આ કઈ રીતે સિદ્ધ કરે છે અને કઈ રીતે છે!

પ્રભુ! તું કોણ છો? તારા વિના પ્રભુ બધું શૂન્ય છે. આહાહા..! તારું અસ્તિત્વ, તારી હયાતી અભેદ ગુણવાળી છે. કોઈ ગુણ પરને જાણે, પરને પડખે જાય અને એક ગુણ સ્વને પડખે રહે એવો આત્મા નથી. આહાહા..! એ આત્માનું અસ્તિત્વ જ એમાં નથી. એક ગુણની સાથે બીજો ગુણ રહે જ છે. એકસાથે રહેલ છે એમાં એક ગુણને પરમાં નાખ અને એક ગુણને સ્વમાં રાખ તો બે સાથે રહેતા નથી. બે સાથે રહેતા નથી તો બેનો આધાર આત્મા પણ રહેતો નથી. સમજાય છે કાંઈ? આહા..! આચાર્યોએ પોતાને માટે આવું કર્યું છે. પોતાને માટે, પરને માટે નહિ. આહાહા..! પરને તો પછી ઉપદેશમાં ચાલે. આહાહા..!

**'એવી રીતે શ્રી મહાસેનપંડિતદેવે (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**ज्ञानाद्भिन्नो न नाभिन्नो भिन्नाभिन्नः कथंचन्।**
**ज्ञानं पूर्वापरीभूतं सोऽयमात्मेति कीर्तितः।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી,...'** કેમ કહ્યું? જ્ઞાન પરને જાણે એમ તું કહે તો આત્માથી જ્ઞાન જુદું નથી. જ્ઞાન જુદું નથી તો જ્ઞાન આત્માને જાણ્યા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? કે **'આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી,...'** એ જ્ઞાન પરને જાણે તો આત્મા જ્ઞાનથી ભિન્ન થઈ જાય છે. એમ છે નહિ. આહાહા..! **'(સર્વથા) અભિન્ન નથી,...'** આહાહા..! એમ સર્વથા અભિન્ન પણ નથી. કારણ કે એક ગુણ એક દ્રવ્ય થઈ જાય. સર્વથા જો અભિન્ન હોય તો એક ગુણ એક દ્રવ્ય થઈ જાય.

**'કથંચિત્ ભિન્નાભિન્ન છે;...'** આહાહા..! પરને જાણવાની અપેક્ષાએ એક. એક અપેક્ષાએ સ્વપરપ્રકાશક છે. દર્શન પણ એક અપેક્ષાએ સ્વપરપ્રકાશક છે તો કથંચિત્ ભિન્નાભિન્ન કહેવામાં વાંધો નથી. આહાહા..! દર્શન અને જ્ઞાનના બે સ્વભાવ આત્માની અપેક્ષાએ અભેદ છે. પરને જાણવાની અપેક્ષાએ બેય એક સામાન્ય દેખે અને એક વિશેષ દેખે, એમ કથંચિત્ ભિન્ન છે. શું કીધું? આહાહા..! આચાર્યોએ શ્લોક બનાવ્યા હશે એ કાંઈ સાધારણ માટે બનાવ્યા હશે? આહાહા..! થોડામાં બધું સિદ્ધ કરવું છે.

(ગુણોથી) આત્મા સર્વથા ભિન્ન નથી, કથંચિત્ ભિન્ન છે. કેમકે જ્ઞાન એક ગુણ છે. જ્ઞાન એ આખો આત્મા નથી. આહાહા..! એ અપેક્ષાએ કથંચિત્ ભિન્ન છે. અને સર્વથા

અભિન્ન નથી. સર્વથા અભિન્ન નથી. સર્વથા અભિન્ન હોય તો પરને જાણી શકે નહિ. આહાહા..! પરને જાણવાની શક્તિ પણ એનામાં છે. પોતામાં રહીને પરને જાણવાની શક્તિ એનામાં છે. આહાહા..! પરને જાણવા છતાં પરરૂપ થતો નથી અને પરરૂપ ન જાણે તો એ જ્ઞાનનો સ્વભાવ જ રહેતો નથી. સમજાણું કાંઈ? આ ભારે આકરું.

'મહાસેનપંડિત', એમણે આ કહ્યું, કે **'આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી,...'** કથંચિત્ જાણવાની અપેક્ષાએ ભિન્ન છે. બીજા ગુણની અપેક્ષાએ ભિન્ન છે. આનંદગુણની અપેક્ષાએ ભિન્ન છે. દ્રવ્ય અને ગુણ સર્વથા અભિન્ન નથી. તેમ બીજા ગુણ અને ગુણ સર્વથા અભિન્ન નથી. આહાહા..! હવે આવી વાત યાદ રહેવી પણ મુશ્કેલ પડે. માથું વેપારમાં ગરી ગયું ને. માથું ત્યાં રાખે. આહાહા..! શું કહ્યું?

**'આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી,...'** તદ્દન જો ભિન્ન હોય તો ગુણ અને ગુણી (બે રહેતા નથી). ગુણી જુદી ચીજ અને જ્ઞાન જુદી ચીજ એમ થઈ જાય. આહાહા..! દ્રવ્ય જુદી ચીજ અને ગુણ જુદી ચીજ એમ થઈ જાય. તેમ **'(સર્વથા) અભિન્ન નથી,...'** સર્વથા એક નથી. સર્વથા એક હોય તો જ્ઞાન તે દ્રવ્ય અને દ્રવ્ય તે જ્ઞાન બે એક થતાં દ્રવ્ય-ગુણ બે જુદા રહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનથી સર્વથા ભિન્ન નથી. ગુણ-ગુણીની અપેક્ષાએ એને ભિન્ન કહ્યા. અને સર્વથા અભિન્ન પણ નથી. સર્વથા એક નથી. કેમકે ગુણ અને ગુણી બે નામ જુદા છે. નામ જુદા, સંખ્યા જુદી, પ્રયોજન જુદું. એક અપેક્ષાએ અભિન્ન પણ નથી. આહાહા..! શું આમાં કહે છે?

મુમુક્ષુ :– સ્વરૂપ ભિન્ન છે, પ્રદેશથી અભિન્ન છે.

ઉત્તર :– પ્રદેશથી અભિન્ન છે અને ગુણ ને ગુણી તરીકે અભેદ છે. કાંઈ ગુણ જુદા અને ગુણી જુદો એમ નથી કાંઈ. એ અપેક્ષાએ અભેદ છે. પણ નામ, લક્ષણ અને પ્રયોજનભેદે ભિન્ન પણ છે. આહાહા..! આવી કથા જુવાનિયાને તો પહેલી વાર સાંભળવા મળે. બધી રખડપટ્ટી મળે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રેમથી સાંભળે છે.

ઉત્તર :– ધ્યાન રાખે છે. સાંભળવામાં બરાબર ધ્યાન (છે). આહાહા..!

શું કીધું? કે **'આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી, (સર્વથા) અભિન્ન નથી,...'** સર્વથા જો અભિન્ન હોય તો ગુણ ને ગુણી બે જુદા ન થઈ શકે, એક જ થઈ જાય. દ્રવ્ય છે એ તો અનંતગુણરૂપ છે અને એક એક ગુણ એક એક રૂપ છે. સર્વથા અભિન્ન નથી અને સર્વથા ભિન્ન પણ નથી. કથંચિત્ ભિન્ન છે. જ્ઞાનનું જાણવું, દર્શનનું દેખવું, આત્માનું જાણવું-દેખવું એકસાથે બધું. કથંચિત્ ભિન્ન પણ છે અને કથંચિત્ અભિન્ન પણ છે. આહાહા..! કહો, 'હરિભાઈ'! સમજાય છે કે નહિ આમાં?

ઓહોહો..! વીતરાગી સંતો પોતાના વીતરાગી આનંદનું વેદન કરતા કરતા એવો વિકલ્પ

આવ્યો. આહાહા..! પોતાનો વીતરાગી આનંદ. સ્વ ઉપર દૃષ્ટિ હોવાથી વીતરાગી આનંદ કરતા કરતા એવો વિકલ્પ આવ્યો તો આ શાસ્ત્ર રચાયું. આહાહા..! એ શાસ્ત્રના પરમાણુની રચના પરમાણુએ કરી. એના વિકલ્પે નહિ. આહાહા..! આવો માર્ગ. કરવાનો વિકલ્પ આવ્યો એનાથી આ શાસ્ત્ર બન્યું નથી. અને શાસ્ત્ર બનવાનું હતું માટે આને વિકલ્પ આવ્યો એમ પણ નથી. આહાહા..! એવી વાત છે, પ્રભુ! આકરું પડે. ધીમેથી સમજે તો પકડાય. ન પકડાય એવું કાંઈ નથી.

ગુણ અને ગુણી ભિન્ન (છે). ગુણ છે એ એક છે. ગુણી અનંતગુણનો પિંડ છે. એટલે કથંચિત્ ભિન્ન પણ છે અને કથંચિત્ અભિન્ન ગુણ ને ગુણી એકરૂપ છે. બેયના પ્રદેશ એક અને વસ્તુ એક છે. માટે તે અભિન્ન પણ છે. આહાહા..! દરેક ગુણને (એમ છે). આહાહા..! પહેલી દર્શન અને જ્ઞાનની વાત કરી. જ્ઞાન પરને જાણે તો જ્ઞાન પરમાં ચેતન થઈ જાય. અચેતન છે એ ચેતન થઈ જાય. અને સ્વને ન જાણે તો પોતાના આધાર વિના જ્ઞાન રહે ક્યાં? આહાહા..! દર્શનને દેખવામાં પોતાનો આધાર રહ્યો. જ્ઞાનને આધાર રહ્યો નહિ એમ સિદ્ધ કર્યું. પછી આ મહાસેનપંડિતનો આધાર આપ્યો કે જ્ઞાન અને આત્મા, ગુણ અને ગુણી કથંચિત્ ભિન્ન-અભિન્ન છે. કેમકે ગુણી અને ગુણ એવું નામ, સંજ્ઞા, પ્રયોજન (લક્ષણ) ભિન્ન છે. એ અપેક્ષાએ ભિન્ન કહેવામાં આવે છે. વસ્તુ તરીકે એક છે. બધા ગુણ દ્રવ્યના અભિન્ન પ્રદેશ છે એ અપેક્ષાએ અભિન્ન પણ છે. આહાહા..! '**કથંચિત્ ભિન્નાભિન્ન છે;...**' જોયું? કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન. કથંચિત્ ભિન્નાભિન્ન છે. આહાહા..! ભિન્ન અને અભિન્ન સાથે જ છે. આહાહા..!

મુમુક્ષુ :– બેમાંથી એક નક્કી કરી દ્યો ને. આ ભિન્ન અને આ અભિન્ન.

ઉત્તર :– એ બે થઈને નક્કી છે. બેમાંથી એક નક્કી છે એમ નથી. બેમાંથી બેય નક્કી આ પ્રમાણે છે.

મુમુક્ષુ :– ભિન્ન અને અભિન્નપણું તો પરસ્પર વિરુદ્ધ જ છે.

ઉત્તર :– વિરુદ્ધ અંદર છે. દ્રવ્ય છે તે અનંતગુણનો ધણી છે અને એક ગુણ છે તે એક જ ગુણ છે. એક ગુણને દ્રવ્ય ઠરાવશો તો વિરુદ્ધ થશે. આહાહા..! એક ગુણને ગુણી ઠરાવશો તો વિરોધ થશે. અને ગુણ એનો છે, એમાં રહે છે એમ નહિ માને તો વિરોધ થશે. આહાહા..! કહો, 'હિંમતભાઈ'! આમાં ક્યાં નવરાશ ન મળે, પથરા ને લોઢા આડે. આહાહા..!

ત્રણ વાત કરી. એક તો દર્શન સ્વને જ દેખે એ પણ જૂઠું. કેમકે દર્શનનો આધાર પોતે છે, એમ જ જ્ઞાનનો આધાર પણ પોતે છે. તો એનો આધાર જ્ઞાન એ સ્વ અને પરને જાણે. તો દર્શન પણ સ્વ-પરને દેખે જ છે. આહાહા..! અને તે ગુણ અને ગુણીને કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન, કથંચિત્ ભિન્નાભિન્ન (પણું છે). આહાહા..! ગુણ અને ગુણીના

નામ ભેદે, લક્ષણભેદે, પ્રયોજનભેદે કથંચિત્ ભિન્ન, સ્વભાવના આશ્રયે પ્રદેશના આધારે અભિન્ન (છે). આ તો બેય આવ્યું–કથંચિત્ ભિન્નાભિન્ન. આહાહા..! આવું ઝીણું! ઓલું તો દયા પાળો ને વ્રત કરો. એક દિ' રોટલા ન ખાધા તો થઈ ગયો અપવાસ. અહીં તો કહે છે કે પરના ત્યાગગ્રહણરહિત પ્રભુ બિરાજે છે. આહાહા..!

અંદર આત્મા અનાદિ કાળથી અનંતકાળમાં પરવસ્તુ રજકણને ગ્રહ્યો નથી તેમ છોડતો નથી. આહાહા..! ફક્ત જાણવા-દેખવામાં પરને જાણે એટલો વ્યવહાર આવે છે. આહાહા..! પરની સાથેનો સંબંધ આટલો. જ્ઞાયક–જ્ઞેય એ વ્યવહારે એટલો સંબંધ આવે છે. આહાહા..! પણ બિલકુલ જ્ઞાન આત્માથી ભિન્ન જ છે અને પરને જ જાણે છે એમ નથી. તેમ દર્શન આત્મામાં અભિન્ન છે તેથી દર્શન પરને બિલકુલ નથી જાણતું એમ પણ નથી. આહાહા..! આવી વાતું. અને ઓલા ઇચ્છામી પડિક્કમણા તત્સુતરી કરણેણ કરેમી ભંતે લોગસ્સ ઉજ્જોયગરેણ નમોત્થુણં (કરે એટલે) સામાયિક થઈ ગઈ. એને ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી, સાંભળને. મિથ્યાત્વનું પોષણ છે. વીતરાગભાવ નથી તેને તું સામાયિક માને એ મિથ્યાત્વ છે. આહાહા..! એ વીતરાગભાવ પણ તારામાં છે. જેનામાં છે એની નજરું કર્યા વિના એ સામાયિક થઈ ગઈ? જેનામાં સામાયિક સમતા વીતરાગતા પડી છે, સમતા પડી છે, સમતા. એ સમતા પડેલા પ્રભુને ન જોતાં તને પર્યાયમાં સમતા આવી ગઈ? આહાહા..! કહો, 'સુજાનમલજી'! સામાયિક-બામાયિક કરી હશે કે નહિ બીજી? લૌકિક.

કહે છે કે, સમતાગુણ તો તારો છે. તું આમ કરે સમતાગુણ આવશે અને અંદર દૃષ્ટિ કર તો સમતાગુણ આવશે. કેમકે સમતાગુણ અંદર છે. સમતા ગુણ તું વિકલ્પથી એમ કર કે મને આ કરો... આ કરો... ત્યાં સમતા ગુણ આવી જાય, એમ નથી. આહાહા..! સમતાગુણ તો અંદર વીતરાગતા ભરી છે. સમતાનો પિંડ પ્રભુ છે. આહાહા..! કોઈ પ્રત્યે વિરોધ અને અવિશ્વાસ છે નહિ એનામાં. એવો ભગવાન સમતાનો પિંડ છે. એ સમતા છે. એના જાણ્યા વિના સમતા આવશે ક્યાંથી? સમતા નામનો ગુણ વીતરાગગુણ, અકષાયગુણ બધું એક જ છે. એ ગુણ અંદર છે ત્યાં નજર ગઈ નથી અને તને સમતા આવી ક્યાંથી? આહાહા..! ત્યાં નજર ગઈ નહિ અને પૌષધ થયા કે મેં આ પોષ્યું. આત્માને પોષણ આપ્યું. જેમ ચણો પાણીમાં પડે અને પોલો થાય ને પોલો? એમ આત્મા પૌષધ કરે તો ગુણમાં પોષણ મળે. પણ વસ્તુની જ ખબર નથી તો પોષણ કોને મળે? આહાહા..! 'દેવીલાલજી'! આહાહા..! અનંત અનંત ગુણનો ધણી, સમતાના સાગર જ્યાં ભર્યા છે એની ખબરું ન મળે અને સમતા થઈ જાય, બહારથી સમતા આવતી હશે? સમતા બહાર રહેતી હશે? કે બહારના વિકલ્પ ને એમાં સામાયિક થઈ જાય? આહાહા..! અરે..! જીવે અનાદિથી પોતાની દયા ખાધી નથી. મારું થવાનું હશે એ થાશે પણ હું આ તો બરાબર કરું. આહાહા..! ચાલતા ધંધામાં કે ચાલતા વ્યવસાયમાં ખોડખાપણ ન આવે એ કરું. મારું ગમે તેમ થાવ. આહાહા..!

મુમુક્ષુ :– પોતે અને ધંધો જુદો છે એવું માને છે કે દિ’?

ઉત્તર :– એ જ વાંધો છે ને. આહાહા..! આખો દિ’ એમાં ધ્યાન. પણ જે ધ્યાન કરનારો છે એ જુદો છે એની તો ખબરું ન મળે. અને એમાં રહેવાને માટે સામાયિક કરવી એ ક્યાંથી થાય? એમાં પોષણ, પોષણ.. પોષણ.. ચણો જેમ પાણીમાં પડે અને પોષાય. પણ વસ્તુ-ચણો જોઈએ ને? એમ વસ્તુ જોઈએને જેમાં પોષણ કરવું છે એ. પૌષધ તો વસ્તુ દેખે એમાં એકાગ્ર થાય તો પોષણ થાય. પણ વસ્તુ જાણી નથી ત્યાં પોષણ આવ્યું ક્યાંથી? આહાહા..! સામાયિક ને પોષા, પડિક્કમણા ને પ્રત્યાખ્યાન થઈ ગયા. આહાહા..!

જે ચીજ છે એ રીતે એને ન જાણે અને એ પ્રતિક્રમણ એટલે પરથી પાછો ફરે. ક્યાંથી ફરે? જ્યાં છે ત્યાં રહે. આહાહા..! પ્રતિક્રમણ (એટલે) પાછું ફરવું. વસ્તુમાં આવવું અને નથી એમાંથી પાછું ખસી જવું. અપ્રતિક્રમણાદિની ક્રિયા રાગાદિ, શુભ રાગાદિ અપ્રતિક્રમણ છે. આહાહા..! એમાંથી ખસીને વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એમાં ઠરતા પ્રતિક્રમણ થાય. અહીં તો એની ખબર ન મળે કે આ આત્મા કોણ છે? અને એને પ્રતિક્રમણ ને એને પ્રત્યાખ્યાન (થાય ક્યાંથી?). પ્રત્યાખ્યાન એટલે ત્યાગ. આહાહા..! પરનો જ્યાં ત્યાગ થઈ ગયો ત્યાં ત્યાગ. પણ એની પર્યાયમાં અવગુણ છે, અવગુણ છે એનો ત્યાગ ગુણની દૃષ્ટિ વિના થાય નહિ. શું કહ્યું એ? પર્યાયમાં અવગુણ છે એ ગુણની અને દ્રવ્યની દૃષ્ટિ વિના અવગુણ મટે નહિ, અવગુણ ટળે નહિ. આહાહા..! આવું જેનું સ્વરૂપ છે. લ્યો! આહાહા..!

**‘પૂર્વાપરભૂત જે જ્ઞાન તે આ આત્મા છે...’** પૂર્વ અને અપર. પહેલા અને પછીનું. એટલે શું કહે છે? પહેલા જાણે એ જ્ઞાન અને પછી જાણે એ જ્ઞાન છે. જ્ઞાન કોઈ ભિન્ન ભિન્ન નથી. પહેલા જાણવામાં આવે એ પણ જ્ઞાન છે, પરને જાણે એ પણ જ્ઞાન છે. પછી જાણે માટે બીજી ચીજ થઈ ગઈ અને પહેલા જાણે માટે બીજી ચીજ થઈ ગઈ (એમ નથી). આહાહા..! શું ન્યાય આચાર્ય કાઢે છે! પહેલા જાણવું એથી બીજી ઘડીએ બીજું જાણ્યું. બીજું જાણ્યું માટે જ્ઞાન ભિન્ન પડી ગયું? માટે જ્ઞાન ભિન્ન છે? આહાહા..! એમ છે નહિ. એક ઘડી જોવે તો અનંતકાળ દેખે તો જ્ઞાનસ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. કેવળજ્ઞાન જ્યાં પ્રગટ્યું... આહાહા..!

રાગના વિકલ્પથી સૂક્ષ્મપણે, જ્ઞાન અને આનંદને સૂક્ષ્મપણે પકડતા જે જ્ઞાન અને સૂક્ષ્મતાને વિકાસતા વિકસિતપણું થાય એ કેવળજ્ઞાન છે. એ વસ્તુની તો ખબર નથી કે વિકસિત કોણ થાય. શેમાંથી વિકસિત થાય? જેમાં એ શક્તિ ભરી છે કે જે શક્તિમાંથી એ આવે. આહાહા..! આ તો બહારના પુણ્યના પરિણામમાંથી જાણે એ આવે. હવે એ બહારનું પરિણામ છે. કાયમનું ટકતું તત્ત્વ એ નથી. આહાહા..! કાયમના ટકતા તત્ત્વને જાણ્યા વિના ગુણ આવશે ક્યાંથી–પર્યાય આવશે ક્યાંથી? આહાહા..! આચાર્યે તો ગજબ કામ કર્યા છે. ટૂંકા થોડા શબ્દમાં... આહા..! **‘જ્ઞાન તે આત્મા છે એમ કહ્યું છે.’** વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક-૨૭૮

(मंदाक्रांता)

आत्मा ज्ञानं भवति न हि वा दर्शनं चैव तद्वत्
ताभ्यां युक्तः स्वपरविषयं वेत्ति पश्यत्यवश्यम्।
संज्ञाभेदादधकुलहरे चात्मनि ज्ञानदष्टयोः
भेदो जातो न खलु परमार्थेन वह्नयुष्णवत्सः।।२७८।।

**[શ્લોકાર્થ :–] આત્મા (સર્વથા) જ્ઞાન નથી, તેવી રીતે (સર્વથા) દર્શન પણ નથી જ; તે ઉભયયુક્ત (જ્ઞાનદર્શનયુક્ત) આત્મા સ્વપર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે. અઘસમૂહના (પાપસમૂહના) નાશક આત્મામાં અને જ્ઞાનદર્શનમાં સંજ્ઞાભેદે ભેદ ઊપજે છે (અર્થાત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ તેમનામાં ઉપર કહ્યા પ્રમાણે ભેદ છે), પરમાર્થે અગ્નિ અને ઉષ્ણતાની માફક તેમનામાં (–આત્મામાં અને જ્ઞાનદર્શનમાં) ખરેખર ભેદ નથી (–અભેદતા છે). ૨૭૮.**

**પ્રવચન નં. ૧૯૩, શ્લોક–૨૭૮, ગાથા–૧૬૩, શનિવાર, અષાઢ સુદ ૧૪, તા.૨૬-૦૭-૮૦**

૨૭૮-કળશ. ૧૬૨-ગાથા.

आत्मा ज्ञानं भवति न हि वा दर्शनं चैव तद्वत्
ताभ्यां युक्तः स्वपरविषयं वेत्ति पश्यत्यवश्यम्।
संज्ञाभेदादधकुलहरे चात्मनि ज्ञानदष्टयोः
भेदो जातो न खलु परमार्थेन वह्नयुष्णवत्सः।।२७८।।

આ અધિકાર છેલ્લો અધિકાર છે ને.

**શ્લોકાર્થ :– 'આત્મા (સર્વથા) જ્ઞાન નથી,...'** આ વસ્તુ તો નથી. દૃષ્ટિ જેને કરવી છે એને આત્મા જ્ઞાન જ છે એમ નથી. રાગ, શરીર, વાણી, કર્મ એ તો એમાં છે જ નહિ, પણ એમાં જ્ઞાન છે એ પણ એકલું જ્ઞાન જ નથી. આત્મા એકલું જ્ઞાન નથી. એક જ જ્ઞાનગુણ જ નથી. આહાહા..! **'તેવી રીતે (સર્વથા) દર્શન પણ નથી જ;...'** એમ દર્શન

નામનો ગુણ જે આત્મામાં છે એ સર્વથા દર્શન આત્મા છે એમ નથી. આહાહા..! જ્ઞાન અને દર્શન અભિન્ન છે. આત્મામાં એકરૂપ છે. જ્ઞાન ભિન્ન અને દર્શન ભિન્ન એનો અર્થ જાણવામાં ભિન્ન કહેવામાં આવે છે. જ્ઞાન સર્વને જાણે અને દર્શન સર્વને દેખે, એમ કહે છે. પણ એમ છે નહિ. એ તો સર્વને જાણે અને સર્વને દેખે એ જ્ઞાન ને દર્શન આત્મા છે. આહાહા..! કરવાનું હિત હોય તો અહીં છે કહે છે. કષાય ઘટાડવો એ પણ કાંઈ મૂળ ચીજ નથી. અંતરમાં જ્ઞાન અને દર્શન અભેદ છે. અભેદ છે એવો નિર્ણય કરવો જોઈએ. આહાહા..! કોઈ ચીજ સાથે જ્ઞાનને સંબંધ નથી. જાણે છતાં સંબંધ નથી. દર્શન દેખે છતાં કોઈની સાથે સંબંધ નથી. આહાહા..!

**'તે ઉભયયુક્ત (જ્ઞાનદર્શનયુક્ત) આત્મા...'** દેખનાર અને જાણનાર બે ગુણવાળો આત્મા **'સ્વપર વિષયને અવશ્ય જાણે છે...'** બેય ગુણ સ્વપર વિષયને જાણે અને દેખે છે. દર્શન પણ સ્વને દેખે, પરને દેખે. જ્ઞાન પણ સ્વને જાણે, પરને જાણે. આહાહા..! આમાં કરવું શું? ક્રિયા શું કરવી? આજે એ લેખ આવ્યો છે કે અનુભૂતિ પહેલા નહિ. પહેલા કષાય ઘટાડો. મોટો લેખ આવ્યો છે. 'વૃદ્ધિચંદજી' કો'ક છે. એના લેખ આવે છે. પણ કષાય ઘટે ક્યાં? કષાય ઉપર દૃષ્ટિ રાખીને કષાય ઘટે? જ્યાં જ્ઞાન ને દર્શન સ્વભાવથી ભરેલો ભગવાન (છે), એની અંદર દૃષ્ટિ અને અનુભવ કરે તો કષાય ભિન્ન પડી જાય. ભલે કષાય સર્વથા ઘટે નહિ. સર્વથા તો કેવળ થાય ત્યારે થાય, પણ જુદા પડી જાય. આહાહા..!

મુમુક્ષુ :– ભેદજ્ઞાન થાય એટલે જુદા પડી જાય.

ઉત્તર :– આ તો બે ગુણ છે એ બધા અભેદ છે. દર્શન કીધું (તો એ) એકને દેખવાનું કોઈ કહે, જ્ઞાન એકને જાણવાનું કહે તો એમ નથી. બેય ગુણ જાણવા-દેખવાવાળા છે. દર્શન પણ જાણવા-દેખવાવાળું, જ્ઞાન પણ જાણવા-દેખવાવાળું. આવી વાતું. એ વસ્તુ એવી છે. જાણન-દેખન સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ એવું છે. એમાં કોઈ કર્મ, શરીર, વાણી-બાણી કાંઈ છે નહિ. આહાહા..! એ ચીજની પહેલી દૃષ્ટિ કરવી. પહેલા ભલે અનુમાનથી આ જાણનાર આત્મા છે, દેખનાર આત્મા છે, પણ પછી બેયનો ભેદ છોડીને જ્ઞાન અને આનંદને ધરનાર આત્મા છે, એ આત્માનો અનુભવ કરવો. આહાહા..! આવી વાત છે.

**'ઉભયયુક્ત (જ્ઞાનદર્શનયુક્ત) આત્મા સ્વપર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે. અઘસમૂહના (પાપસમૂહના) નાશક આત્મામાં...'** શું કહે છે? ભગવાનઆત્મા, એનો જ્યાં સ્વીકાર થાય, દર્શન જ્ઞાનને ધરનાર, એનો સ્વીકાર થાય ત્યાં કષાયનો નાશ થઈ જાય. અઘસમૂહનો નાશ થાય છે. છે ને? આમ લીધું. ઓલો એમ લે કે કષાય ઘટાડો, પહેલા અનુભૂતિ નહિ. અહીં તો અનુભવ થતાં કષાય નાશ થાય જ, કરવો પડતો નથી. ક્યાં ફેર થોડો છે એ લોકોને (ખબર પડતી નથી). મોટો ફેર છે એમાં. કષાય પહેલો ઘટાડવો અને પછી અનુભવ થવો એ (વાતમાં મોટો ફેર છે). અહીંયાં તો જે જ્ઞાન ને દર્શન ધરનાર

જે આત્મા (છે) એનો અનુભવ થતાં કષાયનો નાશ થાય છે. આવ્યું ને?

**'(જ્ઞાનદર્શનયુક્ત) આત્મા સ્વપર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે. અઘસમૂહના (પાપસમૂહના) નાશક આત્મામાં...'** પાપ અને પુણ્યનો નાશ કરનાર આત્મા **'જ્ઞાનદર્શનમાં સંજ્ઞાભેદે ભેદ ઊપજે છે...'** જ્ઞાન નામ જ્ઞાન, દર્શન નામ દર્શન, આત્મા નામ આત્મા, એમ નામ ભેદે ભેદ હોય પણ સ્વરૂપભેદ નથી. આહાહા..! **'સંજ્ઞાભેદે ભેદ ઊપજે છે..'** સંજ્ઞા ગુણ એક છે, દ્રવ્ય અનંતગુણનો ધણી (છે). જ્ઞાનનું નામ જ્ઞાન, આત્માનું આત્મા (એમ) બેની સંજ્ઞા ભિન્ન થઈ. નામ ભિન્ન છે. એમ સંખ્યા ભિન્ન છે. જ્ઞાનગુણ એક છે અને આત્મા અનંતગુણનો ધણી છે. સંખ્યાએ પણ ભેદ છે. ઓહોહો..! **'લક્ષણ...'** જ્ઞાન ને દર્શનના લક્ષણ જુદાં છે. આત્માનું લક્ષણ જુદું છે. એ દ્રવ્યનું લક્ષણ છે અને આ ગુણનું લક્ષણ છે. આહાહા..! બહુ ઝીણી વાત લીધી છે.

**'અને પ્રયોજનની અપેક્ષાએ તેમનામાં ઉપર કહ્યા પ્રમાણે ભેદ છે),...'** જ્ઞાન દર્શનમાં પણ ભેદ છે અને જ્ઞાન દર્શન આત્મામાં પણ નામ અને પ્રયોજન અપેક્ષાએ ભેદ છે. પણ વસ્તુ અપેક્ષાએ કોઈ જુદી (વસ્તુ) નથી. પ્રદેશ જુદા નહિ, ભાવ જુદા નહિ કે તદ્દન એક ભાવ બીજે રહે છે અને એક ભાવ બીજે રહે છે એમ નથી. અસંખ્ય પ્રદેશમાં બધા ગુણ રહે છે. આહાહા..! ત્યાં દૃષ્ટિ કરવાથી આત્માની ઓળખાણ થાય છે. આત્માની ઓળખાણ થતાં આત્માનો અનુભવ થાય છે. અનુભવ થાય તો આત્માનો આનંદ આવે છે અને એ આનંદની વૃદ્ધિ કરવાથી કેવળજ્ઞાન થાય છે. આહાહા..! આ માર્ગ છે. ક્રિયાકાંડનો માર્ગ લોકોએ ચલાવી લીધો છે. વ્યવહાર કરતા થાય. પણ વ્યવહાર એનામાં છે નહિ ને. એમાં હોય એનાથી થાય. રાગ અને દ્વેષ એનામાં છે નહિ. એમાં છે નહિ તો એનાથી કેમ થાય? એમાં જ્ઞાન, દર્શન, આનંદ છે તો જ્ઞાન, દર્શન, આનંદથી થાય છે. જ્ઞાન, દર્શન, આનંદથી આત્માનો અનુભવ થાય છે. આહાહા..! આવી ઝીણી વાતું.

અનંતકાળ થયો. આહાહા..! અનંતી ચોવીશી, અનંતા પુદ્ગલ પરાવર્તન, તીર્થંકરની હાજરીમાં અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યાં. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકરનો વિરહ કદી ત્યાં નથી. ત્યાં પણ અનંતવાર ઊપજ્યો. અનંતવાર સમવસરણમાં ગયો, અનંતવાર દિવ્યધ્વનિ સાંભળી પણ કાંઈક શલ્ય રહી ગયું. કંઈ આમ થાય ને આમ થાય ને આમ થાય. પણ પૂર્ણાનંદના નાથ અખંડાનંદ સ્વરૂપ, એની દૃષ્ટિથી જ સમ્યગ્દર્શન થાય છે, એ વાત બેઠી નહિ. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. પછી એક દ્રવ્યથી બીજા દ્રવ્યને લાભ થાય એ રહ્યું ક્યાં? શું કહ્યું સમજાણું? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું પણ નથી. ઓહોહો..! સ્પર્શે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશતું નથી. સ્પર્શતું નથી, પ્રવેશતું નથી, અડતું નથી તો કરે શું?

અહીં તો એકલી આત્માની વાત લીધી. બસ. એ બીજી વાત છોડી દે. આત્મામાં પણ

જ્ઞાન, દર્શન આદિ નામભેદ છે એ ભલે નામભેદ હોય, વસ્તુભેદ નથી. નામભેદ ભલે હો, વસ્તુભેદ નથી. બહારની વાત તો ક્યાંય રહી ગઈ. દયા, દાન, રાગ ને ફલાણું ઢીકણું. બહુ આકરું કામ, ભાઈ!

ચોર્યાશીના અવતાર... આહાહા..! ઘાણીમાં પીલાણો અનંતવાર, કચરાઈ ગયો અનંતવાર, જીવતો આમ. આહાહા..! આ અત્યારે સડક ઉપર દેખાય છે ને. મોટા કૂતરા પડ્યા હોય આમ. હડસેલો વાગ્યો તો મરી ગયેલા પડ્યા હતા. ખટારા ચાલે, એના ઉપર ચાલે આખા. રાતના અંધારામાં ખબર ન રહે. આહાહા..! અરે...! એવું અનંતવાર થયું છે. એ સંયોગનું દુઃખ નથી. જે જાત છે તેને જાણતો નથી. અને જેમાં નથી એના ઉપર લક્ષ કર્યા કરે છે એ દુઃખ છે. સમજાય છે કાંઈ? દુઃખની વ્યાખ્યા જ જુદી છે. એ સંયોગ જે માથા કાપે ને એ દુઃખ નથી. આહાહા..! દુઃખ તો સ્વભાવની દૃષ્ટિ છોડીને–પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડીને પરની દૃષ્ટિમાં રોકાવું એ દુઃખ છે. આવી વ્યાખ્યા છે.

અરે..! કામ કર્યા છે. આહાહા..! આઠ આઠ વર્ષના રાજકુમારે કામ કર્યા છે. એ રાજ છોડી મુનિ થઈને કેવળને પ્રાપ્ત થયા. અને કરોડો પૂર્વના આયુષ્યવાળા રાજા અને અબજોપતિ પણ મરી ગયા એમ ને એમ નરકમાં ગયા. આત્માનું કર્યા વિના નરકમાં ચાલ્યા ગયા. આહાહા..! મારી સત્તા ક્યાં રહેશે? અને મારી સત્તા છે શું? આહાહા..! કહે છે કે ગુણભેદના નામ હો પણ ગુણ અને ગુણીમાં ભેદ નથી. આહાહા..!

કહ્યું ને? **'પરમાર્થે અગ્નિ અને ઉષ્ણતાની માફક તેમનામાં (–આત્મામાં અને જ્ઞાનદર્શનમાં) ખરેખર ભેદ નથી...'** શું કહ્યું? અગ્નિ અને ઉષ્ણતામાં ભેદ નથી. નામભેદ છે. અગ્નિનું નામ અગ્નિ અને ઉષ્ણગુણનું નામ ઉષ્ણતા. એમ નામભેદ હોવા છતાં વસ્તુભેદ નથી. આહાહા..! એમ ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ એવા નામભેદે ભેદ છે. આત્માનું નામ આત્મા, આનંદનું નામ આનંદ, એમ એકબીજા ભિન્ન નામ હોવા છતાં વસ્તુમાં ભિન્નતા નથી. આહાહા..! આનંદ ને જ્ઞાન ને દર્શન અંદર એકસાથે પડ્યા છે. ભરપૂર.. આહાહા..! એક એક ગુણ સમુદ્રની માફક પડ્યા છે. અનંતગુણ છે એવા. સમુદ્ર કહો, દરિયો કહો, સાગર કહો. આહાહા..! જેના સ્વભાવની ગહનતા એવા ગુણના ભેદો ભલે હો પણ આત્મામાં ભલે નામભેદ હોય પણ વસ્તુભેદ નથી. આહાહા..!

જેને આત્માનું કરવું છે એણે આત્મા ઉપર નજર કરવાની છે. ગુણભેદ ઉપર પણ નહિ. આહાહા..! આકરું કામ. આકરું કામ છે તેથી બીજા રસ્તા કાઢ્યા છે ને. કોઈ કહે કે આ ક્રિયાથી થાય, કોઈ કહે કષાય મંદથી થાય, કોઈ કહે ગુરુની કૃપાથી થઈ જાય. આહાહા..! કોઈ કહે બહુ સહન કરીએ, પરિષહ બહુ સહન કરીએ તો થઈ જાય. એમ અનેક ઊંધા રસ્તા કાઢ્યા. આહાહા..! એકલડો... આહાહા..! ઓલી સ્તુતિમાં આવ્યું નહિ? ભાઈએ નહોતું ગાયું તે દિ'? 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા. પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા.

પર કી આશ કહાં કરે પ્રિતમ, પર કી આશ કહાં કરે પ્રિતમ. કઈ વાતે તુમ અધૂરા?' આહાહા..! તું કઈ વાતે, કયા ભાવે અધૂરો છો? આહાહા..! 'પ્રભુ મેરે સબ વાતે પૂરા.' આહાહા..!

અહીંયાં એ કહે છે કે નામભેદે (ભેદ) ભલે પડ્યા. જ્ઞાન પૂર્ણ, દર્શન પૂર્ણ, આનંદ પૂર્ણ, નામભેદ પડ્યા પણ આત્મામાં અંદર નામ જુદા, વસ્તુ જુદી નથી. આહાહા..! જેમ અગ્નિ અને ઉષ્ણતા નામભેદ પડ્યા. પણ ઉષ્ણતા અગ્નિમાંથી નીકળી જાય, ઉષ્ણમાંથી અગ્નિ નીકળી જાય એમ કદી બને નહિ. એમ ભગવાનઆત્મા એ આનંદ તે આત્મા, જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. એ પણ આનંદ અને જ્ઞાન નીકળી જાય ને આત્મા રહે, આત્મા નીકળી જાય ને જ્ઞાન, દર્શન રહે એમ કદી બને નહિ. આહાહા..! એવો ચૈતન્યચક્રવર્તી... આહાહા..! ચક્રવર્તીએ તો છ ખંડ સાધ્યા. આ ચૈતન્ય ચક્રવર્તી લોકાલોકને જાણે છે. આહાહા..! એ જાણવામાં પર ઉપર ઉપયોગ દે એમ પણ નહિ. આહાહા..! સ્વના ઉપયોગમાં બધું જણાય જાય છે. એવી તાકાત ભગવાનઆત્માની દેહદીઠ બિરાજે છે. પ્રભુ તો અંદર શક્તિ સંપન્ન બિરાજે છે. આહાહા..! બહારની અપેક્ષાને છોડતો નથી. જાણે ભગવાનની ભક્તિ કરીને કલ્યાણ થશે. ભગવાનનું સ્મરણ કરીને થઈ જશે. આહાહા..!

અત્યારે આ ચાલે છે ને. શું કહેવાય? બાહુબલીજી. બાહુબલીજીને ત્યાં ૧૦૦૦ વર્ષ થાય છે. મોટો લેખ છે. દસ લાખ માણસ ભેગા થવાના છે, એમ લખે છે. ભલે થાય ગમે તેટલા. દસ લાખ. હવે એ જંગલમાં બધા રહેવાના, ખાવાના, પીવાના, બધી પ્રવૃત્તિ કરવી એ કાંઈ ધર્મ છે? આહાહા..! આજે આવ્યું છે, દસ લાખ માણસ. પહેલા આવ્યું હતું લાખ માણસ. એક લાખ માણસ ગયા હતા. દિગંબર મૂળ ચાર લાખ-પાંચ લાખ. આવે બીજા આવે, જોવા આવે. એમાં શું છે? આહાહા..!

અંતર ભગવાન બિરાજે છે એની મોટપ આગળ એ બધી ક્રિયા કાંઈ ગણતરીમાં નથી. લાખો-કરોડો રૂપિયા ખર્ચે, દસ લાખને સાચવે.. આહાહા..! એને રહેવાને માટે સ્થાન બનાવે, જમણ બનાવે ને એથી કાંઈ કલ્યાણ થઈ જાય (એમ નથી). આહાહા..! સ્વ ચીજના આશ્રય વિના પરના આશ્રયમાં કદી કંઈ પણ કલ્યાણ ન હોઈ શકે. આહાહા..! તે પણ ગુણભેદ હોવા છતાં વસ્તુ તો અગ્નિ અને ઉષ્ણતા એક છે. એમ આત્મા અને જ્ઞાન દર્શન એક છે. જ્ઞાન દર્શન નામ પડ્યા અને આત્મા નામ પડ્યું એથી કરીને સંજ્ઞાભેદે જે ભેદ પડ્યો, પ્રયોજનભેદે ભેદ પડ્યો (પણ) અંદર વસ્તુ એક છે. આહાહા..!

આ રજકણે રજકણ આ શરીર, અને રાગનો અંદર રજકણ એ બેયથી અંદર પ્રભુ તદ્દન ભિન્ન છે. જ્ઞાન અને દર્શનથી નામ ભેદે ભિન્ન છે. આમાં તો નામ ભેદે અને ભાવભેદે ભિન્ન છે. આહાહા..! રાગનો, દયાનો, ભક્તિનો (ભાવ), મોટો કરોડો ખર્ચ કરીને દસ લાખ ને જમાડવા ને એમાંથી કલ્યાણ થઈ જાય (એમ છે નહિ). આહાહા..!

એ **'અગ્નિ અને ઉષ્ણતાની માફક તેમનામાં (–આત્મામાં અને જ્ઞાનદર્શનમાં) ખરેખર ભેદ નથી (–અભેદતા છે).'** આહાહા..! એમ કહીને કહેવાનો શું આશય છે? કે પર ઉપરથી તો લક્ષ છોડ, રાગ ઉપરથી લક્ષ છોડ અને ગુણભેદ ઉપરથી લક્ષ છોડ. આહાહા..! ત્યાં પ્રભુ પૂર્ણ બિરાજે છે. છે એક, પણ અનંતગુણનો પિંડ રાખીને બેઠો છે. આહાહા..! એની નજરે એ નિધાનને નજરમાં લે. આહાહા..! કરવાનું તો પ્રભુ આ છે. બાકી બધી વ્યવહારની વાતું ઘણી આવે. પૂજા ને ભક્તિ ને... આહાહા..!

એ 'વૃદ્ધિચંદજી' છે એમ કહે છે કે પ્રતિષ્ઠા કરે છે આ પંચકલ્યાણક એ વિરોધ છે. એવું કાંઈ છે નહિ. આણે વળી આ કાઢ્યું કે અનુભૂતિ આત્માની પહેલી થાય એમ નહિ. એ ભ્રમમાં પડ્યા છે. કષાયને ઘટાડવાની વાત પહેલી છે. અમે લખાણ.. અહીં તો કહે છે પ્રભુ ચૈતન્યમૂર્તિ અંદરમાં જતાં ઠરતાં કષાયનો નાશ કરે છે એ એને લાગુ નથી પડતું. આહાહા..! કેમકે જે નાસ્તિ છે એ અસ્તિમાં લાગુ નથી પડતી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એને કષાયનો નાશ એ પણ લાગુ નથી પડતું, કહે છે. એ આવ્યું છે ને, ભાઈ! પહેલી ગાથાઓમાં. 'સમયસાર'ની ૩૪-ગાથામાં. રાગનો નાશ એ પણ એક નામમાત્ર છે! આહાહા..! એને ઠેકાણે કષાયનો નાશ કરે તો એમ કે આત્મા નવો થાય. આહાહા..! હવે આ છે કોઈક ગૃહસ્થ.

અહીં તો અસ્તિ–છે, એ છે એમાં અનંતગુણ છે અને એવા ગુણભેદ હોવા છતાં ભેદ નથી. એવી ચીજનો અનુભવ કરવો, એ ચીજનો આદર, સત્કાર સ્વીકાર કરવો એનું નામ ધર્મ છે. આહાહા..! પણ પહેલો માર્ગ કાંઈક હશે કે નહિ? માર્ગ એટલે જાણવાને માટે આવે (કે) એમાં ગુણ શું છે? કેવા છે? કેટલા છે? પણ એ જાણ્યું માટે અનુભવ થાય એમ નથી. આહાહા..! ત્રણલોકનો નાથ, જેની કિંમતની વાત શું કરવી? એની કિંમત કરવા જાય તો એની કિંમત થઈ જાય. આહાહા..! એ ચીજ ઉપર કોઈપણ બીજી ચીજને લઈને લાભ થાય, ભક્તિ કરતા થાય ને આ કરતા થાય, મોટો મહોત્સવ કરતા થાય, ગજરથ કરતા થાય, રથ, વરઘોડા કાઢતા થાય. આહાહા..! બાકી બહારના બધા થોથા છે. અહીં તો અંદરમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન એ જ્ઞાન (હું) છું, એવો વિકલ્પ પણ તેને નુકસાનકારક છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહારે સાધન કહ્યું છે ને.

ઉત્તર :– સાધન કહ્યું એ તો થયું છે ત્યારે એનો આરોપ આપ્યો. વ્યવહાર તો અનંતવાર કર્યો. સાધન હોય તો અનંતવાર કર્યો છે. 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' છે ને? 'છ ઢાળા'માં. 'મુનિવ્રત ધાર..' એની આચરણની ક્રિયા અનંતવાર કરી. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ સાધન ત્યાં કહ્યું હોય તો એનાથી થઈ જવું જોઈએ. અનંતવાર

કર્યું છતાં થયું નહિ. આકરી વાત છે, પ્રભુ! દુઃખ લાગે પૂર્વનું માનતા હોય અને સાધુએ મનાવ્યું હોય, દુઃખ લાગે, બાપા! શું થાય? મારગ તો પ્રભુ એવો છે. આહાહા..! એ ભગવંત છે, પરમાત્મા છે, પૂર્ણાનંદના નાથને સમજવા માટે કોઈપણ અપેક્ષા હોય નહિ. આહાહા..! અપેક્ષા હોય તો એ પરાધીન થઈ જાય છે. આહાહા..!

અહીં તો કહ્યું નહિ? ઉષ્ણ અને અગ્નિ બે જુદા નથી. એમ ગુણ અને ગુણી ભલે નામભેદ પડે, પણ એ જુદા નથી. અભેદ કરીને ત્યાં દૃષ્ટિ કર. આહાહા..! એક તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આ વાત પ્રભુ કેમ ગળે ઉતરે? ગુણભેદ છે એ તો અભેદ છે પણ એક દ્રવ્ય, એક પરમાણુ, એક આત્મા બીજા દ્રવ્યને અડતું નથી. હવે આ વાત કેમ બેસે? કહો, 'સોભાગમલજી'! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! ભારે વાત! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. સ્પર્શે તો અંદર પ્રવેશ થઈ જાય, પોતાનો અભાવ થઈ જાય. આહાહા..! આ વાત ભગવાન સિવાય વીતરાગ ત્રિલોકનાથ તે પણ દિગંબરના તીર્થંકર... આહાહા..! એ સિવાય કોઈએ કહ્યું નથી. વાત પણ ક્યાંય સાંભળી નથી. વીતરાગમુનિ તીર્થંકરદેવ 'કુંદકુંદાચાર્ય' પોતે 'સમયસાર'ની ત્રીજી ગાથામાં કહે છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આ ગજબ વાત. સાકરનો ગાંગડો આવડો... સાકર-સાકર. ગાંગડાને શું કહે? દલી. સાકરની દલી. છતાં એમાં એક એક પરમાણુ બીજા પરમાણુને અડતા નથી. આહાહા..! આ કેમ બેસે? આવી વાત!

મુમુક્ષુ :- અગમનિગમની વાત છે.

ઉત્તર :- અગમનિગમની વાત છે, પ્રભુ! આહાહા..! પ્રભુ! તારી મોટી વાત છે, બાપા! આહાહા..! જટ ગમ્યમાં ન આવે એવી વસ્તુ છે.

એક અપેક્ષાએ વસ્તુ સત્ અને સરળ છે. આહાહા..! એક રજકણ બીજા રજકણને અડે નહિ, ભાઈ! આ કોણ સાંભળે? કોણે સાંભળ્યું ને કોણે કીધું? એ સાધુઓ બધા કહે આનું આમ કરો, આનું આમ કરો. પણ અહીં કહે છે કે એક રજકણ બીજા રજકણને અડતું નથી. આત્મા એક રજકણને અડતો નથી. અરે..રે..! પ્રભુ! હવે એને એકબીજાને કામ કરાવવા એ મિથ્યાત્વ માન્યતા છે. એ કાંઈ ભેગા થતા નથી. આહાહા..! એક સરખી સજાવેલી છરી, કહે છે કે એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એમાં પરમાણુએ પરમાણુ જુદું કામ કરે, ગજબ વાત, પ્રભુ! આ વાત વીતરાગ સિવાય (ક્યાંય નથી). આહાહા..! એ સજાવેલી... એ શું કહેવાય? ભૂલી ગયા. છરી લ્યો, છરી. છરી-ચાકુ. આહાહા..! ઓલા મૂળ ઉપર વધારે જોર જાય ત્યારે વસ્તુ યાદ આવતી નથી. આહાહા..! છરી અને ચાકુના એક એક રજકણ બીજા રજકણને અડ્યા નથી. આહાહા..! આ વાત કોણ કરે? પ્રભુ! આહાહા..! અને એક રજકણ તેની ક્રમસર પર્યાયે પર્યાય થાય આડીઅવળી થાય નહિ અને કોઈથી થાય નહિ. કોઈથી તો થાય નહિ પણ આડીઅવળી થાય નહિ. આહાહા..! આવી

વીતરાગની વાત. ત્રણલોકના નાથનો પોકાર છે. આ બે સિદ્ધાંત પકડે તો એને બધી વાત ખ્યાલમાં આવી જાય. આહાહા..! એક બીજાને અડે નહિ અને ક્રમસર થાય એમાં બીજા દ્વારા થાય નહિ. આહાહા..! ત્રણલોકના નાથથી પણ આત્મામાં કાંઈ થાય નહિ. આહાહા..!

લખાણ આવે ને. શાસ્ત્રમાં લખાણ આવે. એ બધા વ્યવહારના લખાણ છે. એવા લખાણ ઘણા આવે. વ્યવહાર છે. એવો વિકલ્પ ઊઠે છે ને. પ્રભુ પ્રત્યે પ્રમોદ આવે. ગુરુ પ્રત્યે પ્રમોદ આવે, ઉપકાર (આવે). ખરેખર તો કાંઈ છે નહિ. પણ એ છદ્મસ્થની દશામાં એવો વિકલ્પ આવે તેથી વ્યવહાર છે એમ સિદ્ધ કર્યો છે. પણ વ્યવહારથી અંદર પમાય... આહાહા..! એમ નથી. આ જુવાનિયાઓએ તો આવું પહેલા સાંભળ્યું નહિ હોય. ભક્તિ કરો, પૂજા કરો, એક પરમાણુ બીજાને અડે નહિ. આ આંગળી ભગવાનને અડતી નથી. ભગવાનની પ્રતિમાને આંગળી અડતી નથી. ચંદનને આ આંગળી અડતી નથી. ચંદન ભગવાનને અડતું નથી. આહાહા..! ગજબ વાત છે. પૂજા કરે. એ તો એ ક્રિયા થાય. એમાં એનો વિકલ્પ છે એટલો શુભભાવ છે, બસ. એથી આગળ વાત કાંઈ નથી. એ શુભભાવ છે અને તે બંધનું કારણ છે. આહાહા..!

અહીં છેલ્લે એ કીધું કે ગુણભેદ ભલે નામ હો, વસ્તુભેદ નથી.

## ગાથા-૧૬૩

**अप्पा परप्पयासो तइया अप्पेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा।।१६३।।**

**आत्मा परप्रकाशस्तदात्मना दर्शनं भिन्नम्।**
**न भवति परद्रव्यगतं दर्शनमिति वर्णितं तस्मात्।।१६३।।**

**एकान्तेनात्मनः परप्रकाशकत्वनिरासोऽयम्।**

**यथैकान्तेन ज्ञानस्य परप्रकाशकत्वं पुरा निराकृतम्, इदानीमात्मा केवलं परप्रकाशश्चेत् तत्तथैव प्रत्यादिष्टं, भावभाववतोरेकास्तित्वनिर्वृत्तत्वात्। पुरा किल ज्ञानस्य परप्रकाशकत्वे सति तद्दर्शनस्य भिन्नत्वं ज्ञातम्। अत्रात्मनः परप्रकाशकत्वे सति तेनैव दर्शनं भिन्नमित्यवसेयम्। अपि चात्मा न परद्रव्यगत इति चेत् तद्दर्शनमप्यभिन्नमित्यवसेयम्। ततः खल्वात्मा स्वपरप्रकाशक इति यावत्। यथा कथंचित्स्वपरप्रकाशकत्वं ज्ञानस्य साधितम् अस्यापि तथा, धर्मधर्मिणोरेकस्वरूपत्वात् पावकोष्णवदिति।**

**પરને જ જાણે જીવ તો દગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.**

અન્વયાર્થ :– [ आत्मा परप्रकाशः ] જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય [ तदा ] તો [ आत्मना ] આત્માથી [ दर्शनं ] દર્શન [ भिन्नम् ] ભિન્ન ઠરે, [ दर्शनं परद्रव्यगतं न भवति इति वर्णितं तस्मात् ] કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વે તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે.

ટીકા :– આ, એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન છે.

જેવી રીતે પૂર્વે (૧૬૨મી ગાથામાં) એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું, તેવી રીતે હવે જો 'આત્મા કેવળ પરપ્રકાશક છે' એમ માનવામાં આવે તો તે વાત પણ તેવી જ રીતે ખંડન પામે છે, કારણ કે *ભાવ અને ભાવવાન એક અસ્તિત્વથી રચાયેલા હોય છે. પૂર્વે (૧૬૨મી ગાથામાં) એમ જણાયું હતું કે જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન ભિન્ન ઠરે! અહીં (આ ગાથામાં) એમ સમજવું કે જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી જ દર્શન ભિન્ન ઠરે! વળી જો 'આત્મા પરદ્રવ્યગત નથી (અર્થાત્ આત્મા કેવળ પરપ્રકાશક નથી, સ્વપ્રકાશક પણ છે)' એમ (હવે) માનવામાં આવે તો આત્માથી દર્શનનું (સમ્યક્ પ્રકારે) અભિન્નપણું સિદ્ધ થાય એમ સમજવું. માટે ખરેખર આત્મા સ્વપરપ્રકાશક છે. જેમ (૧૬૨મી ગાથામાં) જ્ઞાનનું કથંચિત્ સ્વપરપ્રકાશકપણું સિદ્ધ થયું તેમ આત્માનું પણ સમજવું, કારણ કે અગ્નિ અને ઉષ્ણતાની માફક ધર્મી અને ધર્મનું એક સ્વરૂપ હોય છે.

## ગાથા–૧૬૩ ઉપર પ્રવચન

૧૬૩.

**अप्पा परप्पयासो तइया अप्पेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा।।१६३।।**
**પરને જ જાણે જીવ તો દગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.**

ટીકા :– **'આ, એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાથી વાતનું ખંડન છે.'** એકાંતે આત્મા પરને જ જાણે અને દર્શન સ્વને જ દેખે એ વાતનું ખંડન છે. બહારમાં તો આ વાત આવે નહિ. આખો દિ' આ કરો ને આ કરો. વસ્તુ શું છે અને કેમ એની સ્થિતિ-મર્યાદા છે?

* જ્ઞાન ભાવ છે અને આત્મા ભાવવાન છે.

એ પોતે પોતાની મર્યાદામાં રહીને ટકી રહ્યું છે. કોઈને અડીને ટક્યું છે કે કોઈની મદદથી ટકી રહ્યું છે (એમ નથી). આહાહા..! આ ચોપડી આને આધારે રહી છે? કે ના. કોણ માને? પાગલ જ કહે. ઘોડીને આધારે ચોપડી રહી નથી. કેમ? કે એક એક પરમાણુમાં ષટ્કારક ગુણ ભર્યા છે. એક એક પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ (ગુણ છે). એક એક પરમાણુમાં અધિકરણ નામનો ગુણ છે. તો એ પોતે પોતાને આધારે છે. આહાહા..! દુનિયાથી આખી લાઈન જુદી છે. આ તો આખો દિ' આમ કરો, આ કરો, આ કરો. અને બહુ સારુ કરીને આવ્યા તો અભિનંદન આપો, કાંઈક પૈસા આપો. આહાહા..! ઓલો ખુશી થઈ જાય. મારા વખાણ થયા. મને એણે ઓળખ્યો. આહાહા..! પ્રભુ! તને ઓળખે તો તું ઓળખ. બીજો કોણ ઓળખે? આહાહા..!

અહીં કહે છે,

**પરને જ જાણે જીવ તો દગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.**

**'આ, એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન છે.'** એકાંતે આત્માને પરપ્રકાશકપણું (જ છે)... એકાંતે જ્ઞાન પરને જ જાણે સ્વને ન જાણે, એ જૂઠી વાત છે. આહાહા..! અનેકાંત છે એ જાણે એમ કહ્યું. એમ આવ્યું કે અનેકાંતથી જાણે. એ વ્યવહાર છે. જ્ઞાન પરને જાણે એ વ્યવહાર છે. શું થાય? પદાર્થની, વ્યવહારની કથની એવી આવે, એ કથનીમાંથી એકલો નિશ્ચય તારવી લેવો. ભગવાનનું તો સ્વરૂપ એકલું જુદું છે. આહાહા..! એ ત્યાં આગળ એને જાણે એમ કહે ને? **'એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન છે.'** તો અનેકાંતથી તો આત્મા પરપ્રકાશક પણ છે ને? એકાંતે પરપ્રકાશકપણું નથી. એટલું અહીં સિદ્ધ કરવું છે. દર્શનની અપેક્ષાએ જ્ઞાન એકલું પરને જાણે છે એમ તું લે તો એમ નથી. એટલું અહીં સિદ્ધ કરવું છે. એ જ્ઞાન જેમ પરને જાણે છે એમ સ્વને પણ જાણે છે. એટલું સિદ્ધ કરવું છે. એનો અર્થ પાછો એવો નથી કે આ જ્ઞાન પરને જાણે માટે એ પણ નિશ્ચય છે. આહાહા..! જ્ઞાન તો જ્ઞાનને જ જાણે છે. જ્ઞાનની તે સમયની તાકાત પરને જાણવા સંબંધીની તાકાત પોતાની પોતાને લઈને ખીલેલી છે. આહાહા..! અહીંયાં એકાંતથી આત્માને પરપ્રકાશકપણું હોવાનું (ખંડન કરે છે). આત્માને લીધો, હોં! જ્ઞાનની વાત નથી.

**'જેવી રીતે પૂર્વે (૧૬૨મી ગાથામાં) એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું,...'** શું કહ્યું? પહેલું જ્ઞાનનું એકાંતનું પરપ્રકાશક ખંડન કર્યું. હવે અહીંયાં આત્માનું એકલું પરપ્રકાશનનું ખંડન છે. આહાહા..! પહેલામાં અને આમાં ફેર શું કર્યો? **'એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું, તેવી રીતે હવે જો 'આત્મા કેવળ પરપ્રકાશક છે' એમ માનવામાં આવે તો તે વાત પણ તેવી જ રીતે ખંડન પામે છે,...'** તો એ વાત પણ

એવી રીતે ખંડન પામે. જ્ઞાન પરને જાણે એમ આત્મા એકલો પરને જાણે (તો) જેવો જ્ઞાનમાં દોષ ઉત્પન્ન થાય, એ જ્ઞાનને આધાર પર થયો. એ જ્ઞાનને જાણતા જેમ પરપ્રકાશક તમે એકલું સિદ્ધ કરો, તો આત્મા પરપ્રકાશક આત્મા પરને આધારે રહી ગયો. આત્મા પરને આધારે રહ્યો. આહાહા..! જેવો જ્ઞાનમાં દોષ બતાવ્યો હતો એવો આત્મામાં બતાવ્યો. આહાહા..! આવી વાત, આવો ઉપદેશ હવે. અહીં કહે કે, વ્રત પાળવા, દયા પાળવી, મંડળી ભેગા કરવા, મંડળને ભેગા કરીને કામ કરવું.

આ આત્મા.. જેમ જ્ઞાનનું પરપ્રકાશકપણું, એકાંતનું ખંડન કર્યું હતું. તેમ આ આત્માનું એકાંતપણું પરને પ્રકાશકપણું ખંડન કરે છે. વાત સમજાય છે? બેમાં ફેર શું પડ્યો એ? કીધું ને? **'પૂર્વે (૧૬૨મી ગાથામાં) એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું, તેવી રીતે હવે જો 'આત્મા કેવળ પરપ્રકાશક છે' એમ માનવામાં આવે તો તે વાત પણ તેવી જ રીતે ખંડન પામે છે, કારણ કે...'** અહીં કાંઈક અશુદ્ધિ થઈ છે. **'ભાવ અને ભાવવાન એક અસ્તિત્વથી રચાયેલા હોય છે.'** શું કહે છે? કે આત્મા જો એકલો પરપ્રકાશનમાં રહે તો એનું અસ્તિત્વ જ ત્યાં રહ્યું. એનું પોતાનું અસ્તિત્વ ભિન્ન ન રહ્યું. અરે..રે..! આવી વાતું! શું કહ્યું? કે આત્મા જો પરનો પ્રકાશક થાય તો જેમ જ્ઞાન પરપ્રકાશક કહ્યું હતું તો જ્ઞાન પરને પ્રકાશે તો પરને આધારે રહી ગયું. એને આત્માનું જ્ઞાન ન રહ્યું. એમ આત્માને પરપ્રકાશક એકલો કહે તો આત્મા આત્માને આધારે ન રહ્યો. આત્મા પરને આધારે રહી ગયો. આહાહા..! આવી ઝીણી વાતું. તમારા હીરા-માણેકમાં આ (વાત) આવતી હતી ક્યાંય? આ પણ હીરા-માણેકમાં હતા ને? આહાહા..! જુદી જુદી વાત (છે).

પહેલા એમ કહ્યું કે જ્ઞાન જો પરને જ પ્રકાશે, સ્વને ન પ્રકાશે તો જ્ઞાનનો આધાર આત્મા ન રહ્યો, જ્ઞાનનો આધાર પર રહ્યો. એમ આત્મા જો પરને જ પ્રકાશે તો આત્માને આત્માનો આધાર ન રહ્યો. આત્મા પરને પ્રકાશે એટલું રહી ગયું. સ્વને પ્રકાશે એવું ત્યાં રહ્યું નહિ. આહાહા..! આવી ચર્ચા લીધી છે. સંપ્રદાયમાં વાંધા હતા ને? શ્વેતાંબર અને દિગંબર વચ્ચે બહુ વાંધા. અનેક પ્રકારના (વાંધા હોય) એટલે સ્પષ્ટ કરવા માટે વાત બધી કરવી જોઈએ ને.

**'પૂર્વે (૧૬૨મી ગાથામાં) એમ જણાવ્યું હતું કે જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન ભિન્ન ઠરે!'** જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય, તો દર્શન પરપ્રકાશક નથી. દર્શન તો સ્વ પ્રકાશક છે એવી તારી દૃષ્ટિ છે. જ્ઞાન, દર્શનથી ભિન્ન સિદ્ધ થયું. આહાહા..! ન્યાય સમજાય છે? આહાહા..! નિત્ય કેવળ પરપ્રકાશક, એમ. એકલો જ પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન ભિન્ન સિદ્ધ થશે. **'અહીં (આ ગાથામાં) એમ સમજવું કે જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી જ દર્શન ભિન્ન ઠરે!'** આહાહા..! કારણ કે દર્શન છે એ સ્વને દેખે અને આત્મા તો પરને જાણે. આત્મા અને દર્શન બે ભિન્ન થયા. સમજાય છે

આમાં કાંઈ? આત્મા જો પરને દેખે એટલું કહો તો આત્મા દર્શનને દેખે ઈ તો નહીં. દર્શનને પોતે દેખે. દર્શન અને આત્મા બે ભિન્ન થઈ ગયા. આહાહા..! આચાર્યોએ કરુણા કરીને એક એક વાતને જગતને સમજાવી છે. સાધારણ વાત પણ સ્પષ્ટ કરીને સમજાવી છે. આહાહા..! એ તો વિકલ્પ આવ્યો એના પણ કર્તા ક્યાં હતા? રજકણથી ત્યાં રચના થઈ ગઈ. આહાહા..! એના પણ કર્તા ક્યાં હતા? બની ગયું. આહાહા..!

**'વળી જો આત્મા પરદ્રવ્યગત નથી..'** પરદ્રવ્યગત નથી. પરદ્રવ્યને જાણે એકલું તું એમ કહે, તો દ્રવ્ય જેમ પરદ્રવ્યગત એકલું જાણે અને દ્રવ્ય વિનાનો આત્મા રહી ગયો. એમ આત્મા પરને જે કારણે જાણે તો પોતાને જાણવાનું રહી ગયું એટલે પોતે જ રહ્યો નહિ. આહાહા..! આવા ન્યાય આપ્યા. વાણિયાને આ ક્યાં ધંધો? વકીલ-બકીલ હોય તો કાયદા (સમજે). વાણિયાને ક્યાં કાયદા છે? અમારે ભાઈ કહેતા હતા. 'હીરાચંદ' માસ્તર. 'હીરાચંદ' માસ્તર નહોતા? શું કાંઈક કહેતા હતા?

મુમુક્ષુ :– પંતુજી.

ઉત્તર :– પંતુ-પંતુજી. આ બધા માસ્તરો પંતુજી છે. કારણ કે એનું એ શીખવે ને એનું એ. વકીલોને નવા નવા કેસ આવે, નવા નવા કાયદા, નવા નવા.. આ દેશ છોડી પરદેશમાં ચુકાદો થયો હોય એ પણ આધાર જોઈએ. આ વેપારીને શું એ ને પંતુજી. આખો દિ' આ એક એનું એ જે કહેવું (હોય એ કહે), એનું એ કર્યા કરે. નવું કાંઈ તર્ક કે કાંઈ છે નહિ. પંતુજી કહેતા. 'હીરાચંદ' માસ્તર નિશાળના મોટા માસ્તર હતા. નિશાળના માસ્તર. 'રતિભાઈ'ના બાપ. 'રતિભાઈ' છે ને? 'મુંબઈ' છે.

**'આત્મા પરદ્રવ્યગત નથી...'** આહાહા..! **'(કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી જ દર્શન ભિન્ન ઠરે!'** કેવળ પરને દેખે તો દર્શન સ્વને દેખે. તો આત્મા અને દર્શન બે ભિન્ન થઈ ગયા. આહાહા..! **'વળી જો આત્મા પરદ્રવ્યગત નથી (અર્થાત્ આત્મા કેવળ પરપ્રકાશક નથી, સ્વપ્રકાશક પણ છે) એમ (હવે) માનવામાં આવે તો આત્માથી દર્શનનું (સમ્યક્ પ્રકારે) અભિન્નપણું સિદ્ધ થાય...'** દર્શન સ્વને દેખે અને આત્મા પરને એમ રહ્યું નહિ. પરને દેખે એ સ્વને પણ દેખે. દર્શન સ્વને દેખે અને આત્મા પણ પરને દેખે અને સ્વને પણ દેખે. અભિન્નતા રહી. આહાહા..! છે?

**'એમ (હવે) માનવામાં આવે તો આત્માથી દર્શનનું (સમ્યક્ પ્રકારે) અભિન્નપણું સિદ્ધ થાય એમ સમજવું. માટે ખરેખર આત્મા સ્વપરપ્રકાશક છે.'** આત્મા એકલો પરપ્રકાશક છે, એમ નથી. આહાહા..! આવી વાત છે. આવા નિર્ણય કરવામાં વખત દે નહિ. મફતની એકબીજાને વાંધા ઉઠાવવા. કહે છે આત્મા સ્વપરપ્રકાશક છે. જેમ દર્શન સ્વને અને પરને બેયને દેખે એમ જ્ઞાન પણ સ્વને, પરને બેયને દેખે તો એ ગુણનો ધરનાર આત્મા પણ સ્વ-પર બેયને દેખે. આહાહા..!

**'જેમ (૧૬૨મી ગાથામાં) જ્ઞાનનું કથંચિત્ સ્વપરપ્રકાશકપણું સિદ્ધ થયું...'** સ્વપરપ્રકાશક સિદ્ધ કર્યું. **'તેમ આત્માનું પણ સમજવું,...'** આત્મા પણ એ પ્રમાણે કથંચિત્ પરને પણ જાણે, કથંચિત્ સ્વને જાણે. સર્વથા પરને જાણે અને સ્વને ન જાણે એમ નથી. અને સ્વને જાણે અને પરને ન જાણે સર્વથા એમ પણ નથી. આહાહા..! આવી વાત છે. આવો ઉપદેશ. સિદ્ધાંત છે આ. ગુણની તાકાત, એક દ્રવ્યની તાકાત છે. તો ગુણની તાકાત એકરૂપ છે તો દ્રવ્યની તાકાત એકરૂપ કહેતા દ્રવ્ય નહિ રહે. એકરૂપ એટલે? પર પ્રકાશે છે અને જ્ઞાન સ્વને ન પ્રકાશે તો જ્ઞાનનું દ્રવ્ય પણ રહે નહિ. આહાહા..! એમ ખરેખર દર્શન સ્વને જ દેખે અને પરને દેખે નહિ તો સ્વપરદર્શન રહ્યું જ નહિ. જ્ઞાન પરપ્રકાશક અને દર્શન સ્વપ્રકાશક એ બે વાત રહી નહિ. બેય સ્વપરપ્રકાશક છે અને આત્મા પણ સ્વપરપ્રકાશક છે. આહાહા..!

**'કારણ કે અગ્નિ અને ઉષ્ણતાની માફક ધર્મી અને ધર્મ...'** ધર્મી એટલે અગ્નિ, ધર્મ એટલે ઉષ્ણતા **'એક સ્વરૂપ હોય છે.'** એમ ગુણ અને ગુણી. જ્યારે ગુણમાં ભિન્નતા નથી. દર્શન-જ્ઞાન એ પણ સ્વપરપ્રકાશક છે, આ પણ સ્વપરપ્રકાશક છે. બેમાં ભિન્નતા છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૭૯

(मंदाक्रांता)

आत्मा धर्मी भवति सुतरां ज्ञानदृग्धर्मयुक्तः
तस्मिन्नेव स्थितिमविचलां तां परिप्राप्य नित्यम्।
सम्यग्दृष्टिर्निखिलकरणग्रामनीहारभास्वान्
मुक्तिं याति स्फुटितसहजावस्थया संस्थितां ताम्।।२७९।।

**[શ્લોકાર્થ :-] જ્ઞાનદર્શનધર્મોથી યુક્ત હોવાને લીધે આત્મા ખરેખર ધર્મી છે. સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમને (નષ્ટ કરવા) માટે સૂર્ય સમાન એવો સમ્યગ્દષ્ટિ જીવ તેમાં જ (જ્ઞાનદર્શનધર્મયુક્ત આત્મામાં જ) સદા અવિચળ સ્થિતિ પ્રાપ્તકરીને મુક્તિને પામે છે-કે જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત છે. ૨૭૯.**

પ્રવચન નં. ૧૯૪, ગાથા–૧૬૪, શ્લોક–૨૭૯, રવિવાર, અષાઢ સુદ ૧૫,
તા.૨૭-૦૭-૮૦

'નિયમસાર' ૨૭૯-કળશ છે. ૨૭૯-કળશ.

आत्मा धर्मी भवति सुतरां ज्ञानदृग्धर्मयुक्तः
तस्मिन्नेव स्थितिमविचलां तां परिप्राप्य नित्यम्।
सम्यग्दृष्टिर्निखिलकरणग्रामनीहारभास्वान्
मुक्तिं याति स्फुटितसहजावस्थया संस्थितां ताम्।।२७९।।

**શ્લોકાર્થ :–** આહાહા..! **'જ્ઞાનદર્શનધર્મોથી યુક્ત...'** શ્લોકનો અર્થ. કેવો છે આ ભગવાનઆત્મા? જ્ઞાનદર્શન એવા જે એના ધર્મો, એનાથી સહિત છે–યુક્ત છે. આહાહા..! નામ જુદા છે. જ્ઞાન અને દર્શન અને આત્મા નામ જુદા (છે). પણ જ્ઞાન જાણન-દેખન એ ધર્મથી સહિત આત્મા ધર્મી છે. લ્યો, આ ધર્મીની વ્યાખ્યા કરી. આ દયા પાળે એ ધર્મી ને વ્રત કરે (એ ધર્મી), એમ ન કહ્યું. જાણન-દેખન જે ધર્મ, એ ધર્મસહિત એ યુક્તસહિત તે ધર્મી આત્મા. આહાહા..! આત્માની વ્યાખ્યા કરી.

**'ખરેખર ધર્મી છે.'** એ **'જ્ઞાનદર્શન ધર્મોથી યુક્ત હોવાને લીધે આત્મા ખરેખર ધર્મી છે.'** આહાહા..! આત્મા સિવાય કોઈ ચીજને કારણે એમાં એને ધર્મ થતો નથી. એને તો જાણવું, દેખવું બે ધર્મ સહિત હોવાથી, જાણવા-દેખવાની પર્યાય થાય તે ધર્મ છે. આહાહા..! જ્ઞાન અને દર્શન એ ત્રિકાળી ધર્મ છે. ધર્મી એવો જે આત્મા એનો દર્શન જ્ઞાન એવો ધર્મ ત્રિકાળી છે, પણ તે દર્શન જ્ઞાનનું, પર્યાયમાં દર્શન જ્ઞાનનું પરિણમન કરવું એનું નામ વર્તમાન પર્યાયધર્મ છે. આહાહા..! આ બધી ઝંઝટ.. એ બધી ઝંઝટ બહારની છે. ભગવાન તો જ્ઞાન ને દર્શન સહિત છે. એ ધર્મી પોતે વસ્તુ જ્ઞાનધર્મ, દર્શનધર્મ સહિત છે. એની દૃષ્ટિ કરતા, એનો સ્વીકાર કરતા જેવો એ ધર્મી દ્રવ્ય ગુણ. ગુણ ધર્મનો ધરનાર, તેમ તે પર્યાયનો ધરનાર થાય. નિર્મળ પર્યાય દેખવા-જાણવાની, સ્વદ્રવ્યને દેખવા-જાણવાથી થાય. તેને અહીંયાં ધર્મ કહે છે. આહાહા..!

**'સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમને...'** આહાહા..! કેવો છે ભગવાન જ્ઞાન ને દર્શન? **'સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમને (નષ્ટ કરવા) માટે...'** જેમ સૂર્ય ઊગે અને હિમનો નાશ થાય. સૂર્ય ઊગે અને હિમ રહે નહિ. એમ ભગવાનઆત્મા જ્ઞાન ને દર્શન એની પર્યાયમાં ઊગે તો અજ્ઞાનરૂપી હિમનો નાશ થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનદર્શન તો અત્યારે છે ને?

ઉત્તર :– એ શક્તિરૂપે છે. માને ત્યારે એને છે ને. શું કીધું? છે. પણ માને તો છે

ને. ન માને તો એને ક્યાં છે?

મુમુક્ષુ :- જ્ઞાન, દર્શન તો છે ને.

ઉત્તર :- ના, ના એના માટે નથી.

મુમુક્ષુ :- આ એમ કહે છે પર્યાયમાં જ્ઞાનદર્શન પ્રગટ છે ને?

ઉત્તર :- એ પર્યાયમાં પ્રગટ છે પણ સ્વના લક્ષે નથી. પરના લક્ષે છે. આહાહા..!

એ પ્રશ્ન થયો હતો. નહિ? 'ત્રિભુવનભાઈ વારિયા'એ પ્રશ્ન કર્યો હતો કે આ કારણપરમાત્મા, કારણપરમાત્મા તમે કહો છો. આ દેહમાં પ્રભુ કારણપરમાત્મા બિરાજે છે. કારણપરમાત્મા હોય તો કાર્ય તો આવે જ. કારણ હોય તો કાર્ય આવે જ. એ પ્રશ્ન કર્યો હતો 'ત્રિભુવન વારિયા' 'જામનગર'વાળા. કારણપરમાત્મા છે આ દેહમાં. પ્રભુ! કારણપરમાત્મા બધા છે. આહાહા..! જો કારણપરમાત્મા હોય તો કાર્ય આવવું જોઈએ. તમારી વાત સાચી, કીધું. પણ કોને? કારણપરમાત્મા છે એ કોને? જેને દૃષ્ટિમાં આવ્યો છે એને. દૃષ્ટિમાં આવ્યો નથી એને પર્યાય લક્ષમાં છે, કારણપરમાત્મા લક્ષમાં છે નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એ પ્રશ્ન થઈ ગયો હતો ઘણી વાર. એણે કીધું કે કારણ છે તો કાર્ય તો આવવું જોઈએ. પણ કારણનો સ્વીકાર કરે છે એવો સ્વીકાર કરે તો કાર્ય થાય કે કારણ છે અને સ્વીકાર પણ નથી ને કાર્ય થાય? 'બાબુભાઈ'! આહાહા..!

અંદર વસ્તુ છે. આ કાંઈ બાહ્ય ક્રિયાકાંડે મળે એવું નથી કાંઈ. આહાહા..! અત્યારે પ્રવૃત્તિ બધી એ ચાલી છે. અંદર જ્ઞાન જાણન-દેખન એવો જે ધર્મનો ધરનાર ધર્મી, એ ધર્મીની દૃષ્ટિ કરે તો... એ કહે છે, જુઓ! **'સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમને (નષ્ટ કરવા) માટે સૂર્ય સમાન...'** આહાહા..! સૂર્ય જેમ ઊગે અને હિમ નાશ થઈ જાય. એમ આ ભગવાન જ્ઞાનદર્શન.... ભાષા સાદિ છે. બહુ અલંકાર અને વિદ્વતાથી ભરેલી નથી. સાદિ ભાષા છે. જ્ઞાન અને દર્શનના ધર્મથી યુક્ત એવો જેણે અનુભવ કર્યો એને જેમ સૂર્ય ઊગે ને હિમ નષ્ટ થાય, એમ આવું જેને જ્ઞાન થાય તે સમ્યગ્દૃષ્ટિ થાય. એ મિથ્યાદૃષ્ટિ અનંતાનુબંધીનો નાશ થાય. આહાહા..!

લખાણમાં આવ્યું છે. 'વરધીચંદજી' કો'ક છે. શેઠી-શેઠી. કો'ક છે. આવે છે લખાણ. એમ કહ્યું કે પહેલા અનંતાનુબંધી જાય પછી મિથ્યાત્વ જાય. અરે..રે..! અહીં તો કહે છે, મિથ્યાત્વ ગયું ત્યારે જ અનંતાનુબંધી ગયું. અનંતાનુબંધી એ કષાય છે. પણ એ કષાયનું નામ અનંતાનુબંધી કેમ પડ્યું? કે અનંત એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વને અનુસરતો કષાય માટે અનંતાનુબંધી છે. આહાહા..! અર્થ કરવામાં ફેર પાડે. આખી વાતમાં ફેર પડી જાય અને પોતાનો કક્કો મૂકે નહિ. બહાર મનાવ્યું હોય, લખાવ્યું હોય એમાં (ફેર કરે નહિ). આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શન એમ જ્યાં અંદર સૂર્ય ઊગ્યો... આહાહા..! એ ચૈતન્યના નૂર, એના પૂર વહ્યા. એના પૂર બહાર પર્યાયમાં વહ્યા (ત્યાં) પરિણામરૂપી હિમનો નાશ

થઈ જાય. એને સમ્યગ્દષ્ટિ કહેવાય. આહાહા..! છે? '**સૂર્ય સમાન એવો સમ્યગ્દષ્ટિ...**' પાછા સૂર્ય સમાન સમ્યગ્દષ્ટિ. આહાહા..! જેણે એ આત્માનો જ્ઞાન અને દર્શન સ્વભાવ અનુભવમાં લીધો છે, પ્રતીત કરી છે, વેદન થયું છે એવો જે સમ્યગ્દષ્ટિરૂપી સૂર્ય, તેને આ જ્ઞાનરૂપી જે હિમ, એનો (ઇન્દ્રિયસમૂહરૂપી હિમનો) નાશ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– આત્મા તો અનંત ધર્મનો અધિષ્ઠાતા છે.

ઉત્તર :– છે ને. એ અધિષ્ઠાતા છે ને. એમાં ક્યાં ના પાડી? અહીં તો દર્શનજ્ઞાનની વાત ચાલે છે. દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને (જાણે) એ વાત ચાલે છે ને.

અહીં તો દર્શન અને જ્ઞાન બેય પોતાને જાણે અને દેખે. એથી તે દર્શન અને જ્ઞાન ધરનારો જે આત્મા.. એમ કહેવું છે. પહેલી એ વાત સિદ્ધ કરી ને? દર્શન અને જ્ઞાન નામભેદ (છે), સ્વભાવભેદ નહિ. જેમ જ્ઞાન સ્વને પ્રકાશે છે તેમ એનું દર્શન પણ સ્વને જ દેખે છે એમ નહિ. સ્વપરપ્રકાશક છે. હવે કહે છે, એ જ્ઞાન અને દર્શન સ્વપરપ્રકાશક (છે). એનો ધરનાર આત્મા એ પણ સ્વપરપ્રકાશક (છે). એનો જેને અંતરમાં અનુભવ થયો એનું જ્ઞાન અને એનું ભાન થયું એ સૂર્ય ઊગ્યો. એનો અજ્ઞાનરૂપી હિમ નાશ થઈ અને એ સમ્યગ્દષ્ટિ થાય છે. આહાહા..! બીજો કોઈ ઉપાય છે નહિ એમ નથી કહ્યું. પહેલું જાણવું આવે. જાણપણું આવે. પણ વસ્તુ આમ થાય. આહાહા..! માર્ગ આકરો, બાપા! જન્મ-મરણના અંત લાવવા... આહાહા..! ત્યાં કાંઈ બાહ્યની હોંશિયારી કામ કરતી નથી. જાણપણાના કરોડો શ્લોકો કંઠસ્થ હોય તો એ કાંઈ ત્યાં કામ કરે નહિ. આહાહા..! એ તો ફક્ત વસ્તુ જ્ઞાન અને દર્શન બેય જ્યારે સ્વપરપ્રકાશક સિદ્ધ કર્યા, ત્યારે એનો ધરનારો ભગવાન પણ સ્વપરપ્રકાશક થયો. એવા સ્વપરપ્રકાશક આત્માને... આહાહા..! છે ને ઇ?

'**ધર્મોથી યુક્ત હોવાને લીધે આત્મા ખરેખર ધર્મી છે.**' એ ધર્મીની જેને દષ્ટિ થઈ. દર્શન ને જ્ઞાન સ્વપરપ્રકાશક તો આત્મા પણ સ્વપરપ્રકાશક. કેમકે દર્શન અને જ્ઞાન કાંઈ આત્માથી જુદા નથી. એવી જેની દષ્ટિ થઈ... આહાહા..! એ '**સકળ ઇન્દ્રિયસમૂહરૂપી...**' એ અણિન્દ્રિય છે. ભગવાનઆત્મા દર્શન-જ્ઞાનનો ધરનાર અણિન્દ્રિય છે. અને તે સ્વપર પ્રકાશે છે એવી જ્યાં દષ્ટિ થઈ ત્યાં '**ઇન્દ્રિયસમૂહરૂપી હિમ...**' આહાહા..! પાંચેય ઇન્દ્રિય તરફના વલણની દશા કટ થઈ ગઈ, જુદી પડી ગઈ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. એના વિના જન્મ-મરણના અંત આવવાના નથી. ચોર્યાશીના અવતારની વાતું કરતા એનો વિચાર કરે તો એને શું થાય? આહાહા..! એ કહ્યું નહોતું?

આચાર્ય મહારાજ કહે છે, હું જ્યાં એ જન્મ-મરણ ને અનંત ભવ કર્યા એનો જ્યાં વિચાર કરું છું, આચાર્ય સમકિતી અલ્પ ભવમાં મોક્ષ જનાર. આહાહા..! એ સમકિતી મુનિ આચાર્ય એમ કહે છે. હું આમ ગયા કાળના દુઃખના ભવને જ્યાં યાદ કરું છું ત્યાં છાતીએ ઘા વાગે છે. આહાહા..! ભાઈ! વાતે વડા ન થાય. એના ખ્યાલમાં આહાહા..! એ નરકના

દુઃખ, નિગોદના દુઃખ... આહાહા..! ક્યાં ચોર્યાશીની યોનિ, ક્યાં ક્ષેત્ર, ક્યાં જુદું ક્ષેત્ર, ક્યાં ઉતાર, ક્યાં જન્મ, ક્યાં સ્થાન, ક્યાં બેદરકારી થઈ? અને કાંઈપણ સાધન વિના જન્મ થઈને રહે ત્યાં. આહાહા..! અને એમાં મારી નાખે બીજા જીવો. એવા અનંતવાર કચરાઈ ગયા છે. મારી નાખ્યા આમ ને આમ તોડી નાખ્યા. આહાહા..!

આચાર્ય એમ કહે છે કે હું જ્યાં ગયા કાળના દુઃખનો વિચાર કરું છું, એ નરકના દુઃખ એક અંતર્મુહૂર્તના 'રત્નકરંડ શ્રાવકાચાર' એમ કહે છે, અરે..રે..! એ દુઃખના વર્ણન પ્રભુ! કરોડો ભવે અને કરોડો જીભે કહી શકાય નહિ. આહાહા..! પ્રભુ! એ દુઃખ કેવું હશે? વિચારેય કર્યો છે ક્યાં? દરકારેય કરી છે? આહાહા..! અહીં કાંઈક માણસ થયો ને કાંઈક પંચેન્દ્રિય થયો ને કાંઈક સગવડતા મળી એમાં ધૂનમાં ચડી ગયો છે ઇ. એ ધૂનમાં ચડી ગયો. આહાહા..! કેટલા દુઃખો અનંત ભવમાં કયા પ્રકારના શેકાઈ ગયા, બાળી નાખ્યા, કટકા કર્યા, છેદી નાખ્યા, કટકા કરી નાખ્યા, જીવતા અગ્નિમાં બાળ્યા, જીવતા પાણીમાં નાખ્યા... આહાહા..! દુશ્મનોએ જીવતા બે નસકોરા બંધ કરી દીધા અને મોઢું બંધ કરી દીધું. શ્વાસ બંધ થઈ મુંઝાઈને મરી ગયો. આહાહા..! આ તો દુઃખના પ્રકાર કહ્યા. એવા એવા દુઃખના અનંત પ્રકાર વેઠ્યા. ભૂલી ગયો. વર્તમાન ફક્ત આ સગવડતા કાંઈક ભાળી (એમાં) ભૂલી ગયો.

કહે છે કે, પ્રભુ! તારામાં એટલી તાકાત છે. એ જાણવા-દેખવાના બે સ્વભાવની અમે સિદ્ધિ કરી પણ એનું પ્રયોજન–હેતુ શું? તે જાણનાર દેખનાર જેમ દર્શનને પણ કહ્યું, જ્ઞાનને પણ કહ્યું તો એનો ધરનાર આત્મા પણ સ્વપરપ્રકાશક છે. એને જેણે પકડ્યો.. એમ કહે છે. પ્રયોજન તો આ છે. એવો જે સ્વપરપ્રકાશક ભગવાનઆત્મા... આહાહા..! એને જેણે અંદર પકડ્યો અને સમ્યગ્દર્શન થયું. આહાહા..! એ સમ્યગ્દર્શનરૂપી સૂર્ય, પાંચ ઇન્દ્રિયો... આહાહા..! પાંચેય ઇન્દ્રિયના વિષય તરફનો રસ છૂટી ગયો. એક અણીન્દ્રિય એવો ભગવાન, જાણનાર-દેખનાર, એક ગુણ બેયને જાણનાર-દેખનાર. બે પ્રકારે જાણનાર-દેખનાર. એક જ જાણવું દેખવું એમ નહિ. દરેક ગુણ આ જ્ઞાન-દર્શન જાણવું-દેખવું તો આત્મા પણ જાણનાર-દેખનાર. એવા આત્માની દૃષ્ટિ થઈ એને અજ્ઞાનરૂપી હિમ જેમ સૂર્ય ઊગે ને નાશ થાય, એમ ઇન્દ્રિયના સમૂહ... આહાહા..! પાંચેય ઇન્દ્રિયના સમૂહની વિકલ્પની દશા નાશ થઈ જાય. એકત્વબુદ્ધિ નાશ થઈ જાય. આહાહા..! ક્યાં પ્રભુ અણિન્દ્રિય અને ક્યાં પાંચ ઇન્દ્રિયના બહારના વલણવાળી ઇન્દ્રિયોની દશા. અણિન્દ્રિય ભગવાન એની દશા અંતરમાં... આહાહા..! અણિન્દ્રિયની દશા, એની દિશા આત્મા. ઇન્દ્રિયની દશા, તેની દિશા પર ઉપર. આહાહા..!

પ્રભુ કહે છે કે, તું એકવાર આ તો જો. તો એ ઇન્દ્રિયનો સમૂહ જે આમ બધો વળી ગયો છે. દુઃખના દહાડા વેઠ્યા. આહાહા..! તું જાણે કે હું સુખી છું, પૈસા છે, સ્ત્રી છે, ભોગ છે, આબરૂ છે ને,.. બાપુ! પ્રભુ! તારા દુઃખ કેમ છે તને ખબર નથી. એ કષાય

છે. કષાય છે એટલે અગ્નિ અંદર સળગે છે. પણ શાંત વસ્તુના સ્વભાવ વિના કષાયની અગ્નિને કોની સાથે મેળવે? આહાહા..!

શાંતસ્વરૂપ ભગવાન છે. એ સ્વપરને પ્રકાશે છે. એ ઇન્દ્રિયના સમૂહ... આહાહા..! સમૂહ લીધો, જોયું! પાંચેય ઇન્દ્રિય તરફનું વલણ. આહાહા..! આ તો જડ, માટી. ભાવ ઇન્દ્રિયનું વલણ પણ અંદર બહાર. આહાહા..! એના ઇન્દ્રિયના સમૂહમાં હિમની જેમ, સૂર્ય સમાન એવો સમ્યગ્દષ્ટિ.. આહાહા..! શબ્દો થોડા પણ ભાવ અંદર ઘણા. આહાહા..! નિવૃત્તિ લઈને (વિચારે કે) મારું શું થશે? હું એકલો અહીંથી ચાલ્યો જઈશ. આ બધું પડ્યું રહેશે. શરીરનો રજકણ સાથે નહિ આવે. આહાહા..! હું એકલો રહીશ ક્યાં? મારી હોવાપણાની સત્તા તો નિત્ય છે. એ નિત્યનું કાંઈ અનિત્ય થાય એવું નથી. આહાહા..! આ તો બધા નાશવાન ઇન્દ્રિયોના સમૂહ છે. આહાહા..! દેહમાં આત્મા રહે તો આંખે આંધળો થઈ જાય, કાને બહેરો થઈ જાય, જીભે બોલી શકે નહિ.

મુમુક્ષુ :– પગે ચાલી શકે નહિ.

ઉત્તર :– પગે ચાલી શકે નહિ. પગ ઉપાડી શકે નહિ. બધે છે ને. અમારે 'કુંવરજીભાઈ' અને 'આણંદજી' બેય. પગે ઉપાડીને બેસાડવા પડે. તોફાન કરતા જ્યારે... તોફાન એટલે આ વેપાર. તોફાન છે ને? આહાહા..! વેપારમાં તોફાન કરતા ત્યારે જાણે... આહાહા..! બીજા પોતાની મોટપ અને પોતાની આવડત,.. આવડત બાવડત એવી નહોતી 'કુંવરજી'ની. 'આણંદજી'ની હતી કાંઈક. પણ છતાં પુણ્યથી પૈસા ભેગા કરે. બે-બે લાખ રૂપિયા વર્ષે. તે દિ', હોં! અત્યારે તો દસ લાખ, ચાર લાખ પેદા કરે છે. આહાહા..! ધૂળધાણી ને વા પાણી. આહાહા..!

બાપુ! મેં કહ્યું હતું. (સંવત) ૧૯૬૪ની સાલમાં. ભાઈ! અહીંથી ક્યાં જવું છે? બાપુ! આ થડો ને આ દુકાન ને આ માલ ને. આમ થડે (બેસે ત્યારે) દિવસે પાંચસો-પાંચસોની પેદાશું થાય. આહાહા..! અરે..! કરોડોની થાય તો ચીજ એની ક્યાં છે? એ તો ઇન્દ્રિયસમૂહનો વિષય છે. આહાહા..! એ કહે છે કે ઇન્દ્રિયના સમૂહના વિષયને, એકવાર આત્માના અતીન્દ્રિય જાણવા-દેખવાના સ્વભાવને પકડીને, બાળી નાખ. આહાહા..! કીધું ને?

**'ઈન્દ્રિયસમૂહરૂપી હિમને (નષ્ટ કરવા) માટે સૂર્ય સમાન એવો સમ્યગ્દષ્ટિ જીવ તેમાં જ (જ્ઞાનદર્શનયુક્ત આત્મામાં જ)...'** આહાહા..! ધર્મી, જ્યારે એને આત્મા જ્ઞાનદર્શનયુક્ત ધર્મી અનુભવમાં આવ્યો. આહાહા..! જેમ આ બીજી ચીજો એને જ્ઞાનમાં તરવરે છે, એમ જ એના જ્ઞાન અને દર્શનમાં ભગવાન તરે છે. એની દૃષ્ટિમાં એ તરવરે છે. એમાં ને એમાં જ્યારે રોકાય છે ત્યારે કહે છે... આહાહા..! **'(જ્ઞાનદર્શનયુક્ત આત્મામાં જ) સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરીને...'** આહાહા..! એમ એકવાર મળી ગયું માટે નહિ. એમ કહે છે. ત્યાં ને ત્યાં અવિચળ સ્થિતિ પ્રાપ્ત કર. ત્યાંથી ખસી ન જવાય. આહાહા..! અરે..રે..! સાંભળ્યું

ન હોય. સાંભળ્યું પણ એના ભાવની મર્યાદા શું છે એ જાણી ન હોય. તેથી તે દુઃખ અને સુખની વ્યાખ્યા ન જાણી શકે. આહાહા..!

અહીં કહે છે, **'સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરીને...'** સમ્યગ્દૃષ્ટિ જીવ... આહાહા..! આવા ભગવાનને દૃષ્ટિમાં લઈને **'સદા અવિચળ સ્થિતિ...'** એકવાર જ જોયો, દેખ્યો, જાણ્યો એમ નહિ. વારંવાર એમાં સ્થિર થઈને સદા અવિચળ સ્થિતિ, એકલું જ્ઞાન દર્શનમાં સ્થિર થવું, એક ધારાવાહી અંદર અનુભવ થવો, અવિચળ–ચળે નહિ એવી **'સ્થિતિ પ્રાપ્ત કરીને મુક્તિને પામે છે—'** આ એકથી મુક્તિની પ્રાપ્તિ છે. કોઈ ક્રિયાકાંડથી મુક્તિની પ્રાપ્તિ નથી. આહાહા..! કેમકે એનો જે સ્વભાવ છે, એની જે સત્તાનું સત્ત્વ છે, એ સત્ત્વને ખિલવટ થઈને પર્યાયમાં સત્તાની ખીલવટ પૂર્ણ આવે એનું નામ મુક્તિ. એ તો એ સત્તાના સ્વભાવનો સાધક થાય અને એમાં ઠરે તો જ આવે. કાંઈ રાગ કરે, દયા પાળે, વ્રત કરે, ભક્તિ કરે (એમાં મુક્તિ થાય નહિ). આકરું કામ બહુ, ભાઈ! આહાહા..!

અંદરમાં એકાગ્ર થઈને સમ્યગ્દૃષ્ટિ જીવ... આ કહ્યું ને? **'મુક્તિને પામે છે—કે જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે...'** કહે છે, એ પ્રગટ જે દશા થઈ એ **'સહજ અવસ્થારૂપે (સદા) સુસ્થિત છે.'** મુક્તદશા સદા સુસ્થિત છે. સાદિ અનંતકાળ રહે છે. આહાહા..! અહીંયાં તો જરી સમકિતમાં કે એમાં ઘડિકમાં જાય વળી ફરી પણ જાય. આ દશા જ્યાં પૂર્ણ પ્રગટ કરી, સદા સુસ્થિત અંતર આનંદમાં સદ્‌ભાવ જે આનંદ હતો, એ આનંદના ધરનાર સ્વપરપ્રકાશક પ્રભુની અંદર ભેટા થઈ... આહાહા..! અવિચળપણે રહ્યો. તેને મુક્તિ થઈ. એ મુક્તિ સુસ્થિત સદા રહેશે. આહાહા..!

આ સંયોગ કેટલો કાળ? આ તો કાંઈ ૨૫-૫૦ વર્ષની ગણતરી શી? આહાહા..! અનંતકાળને હિસાબે ૨૫-૫૦ વર્ષની ગણતરી એક સેકન્ડ જેટલી પણ નથી. આહાહા..! આ લોકાલોક, અલોકને હિસાબે લોક એક રજકણ જેટલો. આહાહા..! ચારે બાજુ અલોક, એનો પાર નહિ. એમાં ચૌદ બ્રહ્માંડ. અનંતા સિદ્ધો, અનંતા નિગોદો... આહાહા..! અનંતા વીરો પુરુષાર્થ કરીને પરમાત્મપદ પામ્યા. એ બધું રહેવાનું સ્થાન કેટલું? અલોકના હિસાબે તો એક રજકણ જેટલું. એક રજકણ જેટલું. આહાહા..! એમ અનંતકાળમાં અનાદિઅનંત આત્માની સ્થિતિ, એમાં રહેવાનો કાળ કેટલો? અહીં તો એક સમય. એક સમયમાં શું થશે? બીજે સમયે શું થશે? એની કાંઈ એને ખાત્રી ને ખબરું ન મળે. આહાહા..! શેનો તને સંતોષ થાય છે? એમ કહે છે. છે ને?

**'પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત છે.'** એ જે મુક્તદશા પ્રગટ થઈ, એ સહજ દશા સહજ છે ઈ અને તેથી તે દશારૂપે સુસ્થિત છે. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' 'શ્રીમદ્'માં આવે છે ને? 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અનંત દર્શન જ્ઞાન સહિત જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?'

સમ્યગ્દષ્ટિ ભાવના કરે છે. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આ બધી છતી (ચીજ) દેખાય તેને અછતી કરી અને અછતો જેને અનાદિથી કર્યો છે એને છતો બનાવ. આહાહા..! તો તારી છતી મુક્તિ થશે. આહાહા..! અરે..! અહીં તો જરી પાંચ-પચાસ લાખ જ્યાં પૈસા થાય ત્યાં આકાશે.. શું કહેવાય? શું કહેવાય ઇ? પાટુ પાટુ. આકાશે પાટુ મારે.

મુમુક્ષુ :– પોતે પડે.

ઉત્તર :– આહાહા..! એ જોડા એવા પહેરે, લુગડા એવા પહેરે. આમ જાણે.. આ..હા..! શું છે? પ્રભુ! તારા દુઃખની વાતું ભગવાન કહે છે, એક ક્ષણના દુઃખોને કરોડ ભવે, કરોડ જીભે ન કહેવાય. નાથ! તેં અનંતવાર વેઠ્યા. તું ભૂલી ગયો. અહીં આવ્યો ને જ્યાં બાયડી, છોકરા થયા (ત્યાં) ભૂલી ગયો. આહાહા..! આ સ્થિતિ. મુક્તિ પ્રગટે એ દશા સહજ છે. જોયું! ભાષા. સ્વભાવિક છે.

તેથી '**સહજ અવસ્થારૂપે સુસ્થિત છે.**' તેથી તે સહજ દશારૂપે સુસ્થિત છે. મુક્તિ સુસ્થિત. આહાહા..! ધન્ય અવતાર! ધન્ય કાળ! અપૂર્વ અવસર એ. ગાથામાં તો ઘણું સમાડ્યું છે. આચાર્યોના હૃદયમાં ગાથાઓ બનાવવામાં ગંભીરતા ઘણી છે. દિગંબર આચાર્યો એટલે પરમેશ્વર. એ તો પહેલા આવ્યું નહિ? કે પરમેશ્વર અને મુનિમાં ફેર માને, આપણે જડ છીએ. આહાહા..! એ જંગલમાં એકલા નગ્ન (રહે). વસ્ત્રનો કટકો નહિ, પાત્ર નહિ. આહાહા..! એ જંગલમાં એકલા વાઘ અને વરુની રાડું પડતી હોય... આહાહા..! એમાં શાંત... શાંત... ઠરે છે. એવી દશા એને સહજ મુક્તદશા થઈ જાય છે.

## ગાથા–૧૬૪

**णाणं परप्पयासं ववहारणयेण दंसणं तम्हा।**
**अप्पा परप्पयासो ववहारणयेण दंसणं तम्हा।।१६४।।**

ज्ञानं परप्रकाशं व्यवहारनयेन दर्शनं तस्मात्।
आत्मा परप्रकाशो व्यवहारनयेन दर्शनं तस्मात्।।१६४।।

व्यवहारनयस्य सफलत्वप्रद्योतनकथनमाह।

इह सकलकर्मक्षयप्रादुर्भावासादितसकलविमलकेवलज्ञानस्य पुद्गलादिमूर्तामूर्तचेतनाचेतन-परद्रव्यगुणपर्यायप्रकरप्रकाशकत्वं कथमिति चेत्, पराश्रितो व्यवहारः इति वचनात् व्यवहारनयबलेनेति। ततो दर्शनमपि तादृशमेव। त्रैलोक्यप्रक्षोभहेतुभूततीर्थकरपरमदेवस्य शतमखशतप्रत्यक्षवंदनायोग्यस्य कार्यपरमात्मनश्च तद्वदेव परप्रकाशकत्वम्। तेन व्यवहारनयबलेन च तस्य खलु भगवतः केवलदर्शनमपि तादृशमेवेति।

तथा चोक्तं श्रुतबिन्दौ -

(मालिनी)

``जयति विजितदोषोऽमर्त्यमर्त्येन्द्रमौलि-
प्रविलसदुरुमालाभ्यर्चितांघ्रिर्जिनेन्द्रः ।
त्रिजगदजगती यस्येदृशौ व्यश्नुवाते
सममिव विषयेष्वन्योन्यवृत्तिं निषेद्धुम् ।।''

---

**વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪.**

અન્વયાર્થ :– [ व्यवहारनयेन ] વ્યવહારનયથી [ ज्ञानं ] જ્ઞાન [ परप्रकाशं ] પરપ્રકાશક છે; [ तस्मात् ] તેથી [ दर्शनम् ] દર્શન પરપ્રકાશક છે. [ व्यवहारनयेन ] વ્યવહારનયથી [ आत्मा ] આત્મા [ परप्रकाशः ] પરપ્રકાશક છે; [ तस्मात् ] તેથી [ दर्शनम् ] દર્શન પરપ્રકાશક છે.

ટીકા :– આ, વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે.

સમસ્ત (જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન પુદ્ગલાદિ મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું પ્રકાશક કઈ રીતે છે—એવો અહીં પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર એમ છે કે– 'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે);' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે); તેથી દર્શન પણ તેવું જ (-વ્યવહારનયના બળે પરપ્રકાશક) છે. વળી ત્રણ લોકના *પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકર-પરમદેવને—કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે અને કાર્યપરમાત્મા છે તેમને–જ્ઞાનની માફક જ (વ્યવહારનયના બળે) પરપ્રકાશકપણું છે; તેથી વ્યવહારનયના બળે તે ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે.

એવી રીતે શ્રુતબિન્દુમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

''[શ્લોકાર્થ :–] જેમણે દોષોને જીત્યા છે, જેમનાં ચરણો દેવેંદ્રો તેમ જ નરેંદ્રોના મુગટોમાં પ્રકાશતી કીમતી માળાઓથી પૂજાય છે (અર્થાત્ જેમનાં ચરણોમાં ઇન્દ્રો તથા ચક્રવર્તીઓનાં મણિમાળાયુક્ત મુગટવાળાં મસ્તકો અત્યંત ઝૂકે છે), અને (લોકાલોકના સમસ્ત) પદાર્થો એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે ત્રણ લોક અને અલોક જેમનામાં એકી સાથે જ વ્યાપે છે (અર્થાત્ જે જિનેન્દ્રને યુગપદ્ જણાય છે), તે જિનેન્દ્ર જયવંત છે.''

---

* પ્રક્ષોભના અર્થ માટે ૮૫મા પાનાનું પદટિપ્પણ જુઓ.

## ગાથા–૧૬૪ ઉપર પ્રવચન

૧૬૪. ૧૬૪.

**णाणं परप्पयासं ववहारणयेण दंसणं तम्हा।**
**अप्पा परप्पयासो ववहारणयेण दंसणं तम्हा।।१६४।।**
**વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪.**

વ્યવહારથી કહેવાય છે, કહે છે. **'આ, વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે.' 'સમસ્ત (જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન પુદ્ગલાદિ મૂર્ત–અમૂર્ત ચેતન-અચેતન પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું...'** પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું **'પ્રકાશક કઈ રીતે છે—એવો અહીં પ્રશ્ન થાય...'** આહાહા..! વ્યવહાર સિદ્ધ કરે છે. એમ કે પોતે પ્રકાશે છે અહીં અને જણાય આ! એ શું? એ શું ખ્યાલમાં લીધું છે? એમ કહે છે. જણાય અહીં. એ અને આ બધું જણાય આમાં. અને એ વસ્તુ આમ દૂર રહે. એ શી રીતે બને છે? એ વિચાર્યું જ ક્યાં છે? એમ કહે છે. આહાહા..!

જુઓ! શું કીધું? **'(જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન પુદ્ગલાદિ મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું પ્રકાશક...'** પરદ્રવ્ય, હોં! આમાં સ્વદ્રવ્ય ન લીધું અહીં. વ્યવહારનય લેવો છે ને અહીં. વ્યવહારે પરદ્રવ્યગુણપર્યાયના સમૂહને જાણે છે. કેમકે તેમાં તન્મય થયા વિના જાણે માટે વ્યવહાર. આહાહા..! જેને જાણવું તેમાં તન્મય થઈને જાણે, એકમેક થઈને જાણે તેને નિશ્ચય કહીએ. અને જેને જાણે તેને અડે નહિ... આહાહા..! તેમાં તન્મય થાય નહિ અને જાણે એમ કહેવું તે વ્યવહાર છે. પણ એ વ્યવહાર એ રીતે હોય છે, એમ કહે છે. વ્યવહારે વ્યવહાર હોય છે. આહાહા..! વ્યવહારે પરને જ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે અને સ્વને ન જાણે એથી કરીને વ્યવહારનય ખોટી નથી. પરને, હોં! સ્વ સિવાય. અને એક બાજુ કહેવું કે વ્યવહાર એ પરાશ્રિત છે. ત્યારે એનો અર્થ શું હવે? એમ કહે છે.

**'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે);...'** આહાહા..! પરને જાણે છે એટલો જ્ઞેયજ્ઞાયક સંબંધ છે, એટલો વ્યવહાર છે. ભલે આદરણીય આશ્રય કરવા લાયક નથી. પણ છે એ વાત અહીં સિદ્ધ કરી. વ્યવહારનય છે. જેને જાણે એનાથી ભિન્ન પોતે રહે, એને જાણે એમાં તન્મય ન થાય છતાં એને જાણે એ વ્યવહારનયથી કહી શકાય છે. એ વ્યવહારનયનું બળ એમ કહી શકે છે, એમ કહે છે. કીધું ને? **'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે)**

**એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે...'** આવ્યું ને? આહાહા..! આવું આવે ત્યારે લોકોને એમ થઈ જાય કે જુઓ! વ્યવહારનું બળ લીધું ને? એટલે વ્યવહારનયના બળથી પણ નિશ્ચય થાય છે. એ વાત અહીં ક્યાં છે? થવાની અહીં ક્યાં વાત છે? આ તો આત્મા પોતામાં રહીને, પોતાનું ક્ષેત્ર છોડ્યા વિના, પરના ક્ષેત્રમાં ગયા વિના પરને જાણે એ શું કહેવાય એને? એ વ્યવહારનયનું બળ કહેવાય. આહાહા..! આવું ક્યાં નવરા બેઠા? આહાહા..!

પ્રભુ આ છે અને કહે છે કે દૂર એની પાસે અડ્યો નથી, એનું ક્ષેત્ર નથી, એનો કાળ નથી, એનો ભાવ પણ નથી. એનો કાળ દ્રવ્ય ભાવ એમાં છે. આનાથી તદ્દન ભિન્ન અન્ય ભાવ છે. એને આત્માને જાણે એ આત્મા એને જાણે. એ વ્યવહારનયના બળે એમ કહી શકાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વ્યવહાર ખોટો છે. ભગવાનને વ્યવહારથી જાણે...

ઉત્તર :– એ વ્યવહાર ખોટો છે એ ખોટો છે એટલે નિશ્ચયની અપેક્ષાએ. પણ વ્યવહાર અને વ્યવહારનો વિષય નથી જ એમ નથી. એ નય છે એ તો વિષયી છે. અને એ વિષયી છે તેનો વિષય હોય જ. નય વિષયી છે. એનો વિષય ન હોય તો વિષયી જ ન હોય. વ્યવહારનય છે. આહાહા..!

પહેલા આવી ગયું છે. કથનમાત્ર તરીકે. વ્યવહાર કથનમાત્ર છે. પણ એથી કરીને વ્યવહારથી લાભ થાય અને વ્યવહારથી આત્મલાભ થાય ત્યાં ન લઈ જઈશ, પ્રભુ! ફક્ત અમે તો વ્યવહાર એટલે પરાશ્રિત છે એટલું સ્થાપવા અમે વ્યવહારનય કહીએ છીએ. આહાહા..! એમ વ્યવહારરત્નત્રય છે એ જાણવા માટે છે એમ કહીએ છીએ. પણ એનો અર્થ તો એનાથી આત્માને લાભ થઈ જાય એવો અર્થ કરીશ નહિ. આહાહા..! છે? શું કીધું અહીંયાં?

**'વ્યવહારનયના બળે એમ છે...'** પરપ્રકાશક એને લઈને કહ્યું. જાણે છે તો પોતે પોતાને. પણ છતાં આને જાણે છે એમ કહ્યું એ વ્યવહાર પ્રકાશક છે. એ વ્યવહાર પરપ્રકાશક છે. આહાહા..! જેને અડતો પણ નથી. જેમાં આત્મા જતો પણ નથી. જેમાં એ ચીજ આવતી નથી. છતાં એને જાણે એમ કહેવું એ વ્યવહારનય છે. વ્યવહારનય છે એમ સિદ્ધ કરવું છે. પણ એથી કરીને વ્યવહારનયથી લાભ થાય એવો અર્થ કાઢે, એમ નથી અહીંયાં. આહાહા..! 'જયસેનાચાર્ય'ની ટીકામાં એવું ઘણું છે. 'સમયસાર'ની 'જયસેનાચાર્ય'ની ટીકા. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. એવા લખાણ બહુ (આવે છે). તેથી ઓલા 'જ્ઞાનસાગરે' એવો અર્થ કર્યો ને? અને 'વિદ્યાસાગરે' એને માન્ય રાખ્યું. કારણ કે વ્યવહાર સાધન આવે ને. પણ એ તો સાધન આરોપથી કથન છે.

આત્મા રાગથી ભિન્ન પડી પોતાની સત્તાની સંભાળ કરી અને જ્યાં અનુભવ થયો, ત્યારે જે અહીં સાધનનો રાગ હતો, આ નિશ્ચય સાધન હતું ત્યારે એને વ્યવહાર સાધનનો

આરોપ આપ્યો. નિશ્ચય નથી તેને વ્યવહારનો આરોપ છે એમ નથી. જેને નિશ્ચય નથી તેને વ્યવહાર કહેવામાં આવતો નથી. આહાહા..! આમાં વાંધા. મોટી તકરાર. આ દર્શન.. આવે છે. જૈનદર્શન. આહાહા..! પ્રભુ! પ્રભુ! હિતના રસ્તે પ્રભુ! તને ઠીક ન પડે. જાણવા માટે વ્યવહાર છે એમ કહેવાય. બીજી ચીજ છે. એક જાણે છે. કેમકે જાણનારો જાણે છે ને? જાણનારો પરને જાણે છે ને? એટલી અપેક્ષાએ વ્યવહારનયના બળે પરને જાણે એમ કહેવાય. એથી કાંઈ જ્ઞાન પરમાં તન્મય થઈ જાય છે? જેને જાણે તેમાં જ્ઞાન તન્મય થઈ જાય છે એમ નથી. આહાહા..! આવી વાતું છે. આવો ઉપદેશ! ઓલી તો દયા પાળવાની વાતું, વ્રત કરવા, પચ્ચખાણ કરવા, સંથારા કરવા... આહાહા..! એવી વાતું લોકોને મીઠી લાગે ને બિચારા જોડાય. સંથારા કર્યા હતા. ઘણા સાંભળ્યા છે ને. અમારા હતા ને 'બોટાદ'માં, નહિ? 'ધંધુકા' પાસે 'રોચકા'. 'રોચકા'ના હતા ને. શું નામ એનું? બે ભાઈઓ હતા. અમારી પાસે જાવજીવનું બ્રહ્મચર્ય લીધું. બૈરા મરી ગયા. પછી સંથારો કર્યો છેલ્લે. દૃષ્ટિ મિથ્યાત્વ. સંથારો કર્યો ને પછી રેકડીમાં કાઢ્યા. લોકો કહે.. આહાહા..! 'અમદાવાદ'ના 'અમદાવાદ' અરે..! ભાઈ! સંથારા કોને કહે, પ્રભુ! આહાહા..!

હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી, બાપુ! બાપુ! હિતની વાત છે એમાં દુઃખ ન લગાડવું જોઈએ. અમને ખોટા કહે છે એમ દુઃખ ન લગાડવું, ભાઈ! તને પણ કેમ હિત થાય? દુઃખ તને ન થાય, ભાઈ! એ વાત છે અહીં. કોઈ પ્રાણીને જરીએ દુઃખ ન થાય. બધા ભગવાન થાવ. પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ, પ્રભુ! આહાહા..! એમ ભાવના આવી છે ને? ત્રણ-ચાર ઠેકાણે. બધા ભગવાન થાવ. ભગવાન છો, પ્રભુ! તને એ વાત બેસતી નથી. અંદર ભગવાન પરમાત્મા શક્તિ સ્વભાવે, સત્ત્વે... આહાહા..! એ છે એવો થઈ જા, પ્રભુ! નથી એમાં રહેવું એ પ્રભુ તને ઠીક ન પડે.

વ્યવહાર નથી એમ નહિ. એ જે હતું થયું એ વ્યવહાર કહો. બાકી તો છે તે છે. આહાહા..! કેમકે પર્યાયમાત્ર વ્યવહાર છે. દ્રવ્ય છે એ ત્રિકાળી વસ્તુ છે એ વસ્તુ છે. આહાહા..! એકરૂપ ત્રિકાળ રહેનાર નિત્યાનંદ નિત્યદળ આત્મા, એમાં સિદ્ધ પર્યાય કેવળજ્ઞાન એ વ્યવહાર. આહાહા..! ભેદ પડ્યો ને. પર્યાયનો ભેદ પડ્યોને.

'પંચાધ્યાયી'માં તો એ લીધું છે. દ્રવ્ય એટલે નિશ્ચય છે. પર્યાયમાત્ર વ્યવહાર છે. મોક્ષ અને કેવળજ્ઞાન એ વ્યવહાર છે. આહાહા..! એનો ભેદ છે ને? દ્રવ્યનો ભેદ છે ને? એટલે વ્યવહારનયનો વિષય છે. આશ્રય કરવા લાયક નથી. આહાહા..! વ્યવહારનય જ નથી એમ નહિ. વ્યવહારનયની ચીજ સામે છે. પર પર જાણે એ પર નથી. અને પરને જાણ તો બિલકુલ વ્યવહાર નથી, એમ નથી. આહાહા..! પણ પરમાં તન્મય થતો નથી અને પરમાં તન્મય થાય તો તો દુઃખી થઈ જાય. આહાહા..!

તું તારામાં રહે, પ્રભુ! તારામાં શું ખોટ છે? આહાહા..! ઓલામાં આવ્યું હતું. 'પ્રભુ

મેરે તુમ સબ વાતે પૂરા. પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા. પર કી આશ કહાં કરે પ્રિતમ, પરકી આશ કહાં કરે પ્રિતમ...' આહાહા..! 'કઈ વાતે તું અધુરા?' કઈ રીતે અધુરા? 'પ્રભુ મેરે સબ વાતે પૂરા.' બધી વાતે પૂરો છો. કોઈ વાતે એને આશ્રય પરનો લે તો એને લાભ થાય એમ વસ્તુ છે નહિ. આ કાંઈ આશ્રય લેવા માટે લાભદાયક નથી. ફક્ત જાણે છે એટલું સાબિત કરવા, પર છે છતાં જાણે છે. ખરેખર તો એ જ્ઞાનને જ્ઞાન જાણે છે. પરને જાણનારું જ્ઞાન એ જ્ઞાન જ્ઞાનને જાણે છે. આહાહા..! પણ એ જ્ઞાન પરને જાણે છે, એટલો પણ વ્યવહાર છે. આહાહા..! એનો નિષેધ નથી. અને એ વ્યવહાર છે માટે વ્યવહારથી નિશ્ચય થાય એ એમાં લાગુ પડતું નથી.

એ અહીં કહે છે. **'વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે);...'** વ્યવહારનયના બળે. અંદર છે ને? **'તેથી દર્શન પણ તેવું જ...'** છે. તો દર્શન પણ એવું જ છે. કેવું? પરને પ્રકાશે. દર્શન પણ પરને પ્રકાશે. જ્યારે આત્મા પણ પરપ્રકાશક છે તો એનો દર્શનગુણ પણ પરપ્રકાશક છે. આહાહા..! આવી વાતું ઝીણી. લોઢા કાપે છીણી, એમ કહે છે. ઝીણી છીણી હોય એ લોઢાને કાપે. હથોડા કાંઈ કાપતા હશે? આહાહા..! એવી વાત પ્રભુની ઝીણી લાગે એને. અહીં શબ્દે શબ્દે ભાવમાં ફેર અને ભાવની મહત્તા છે. એ ભગવાન જ્યારે વ્યવહારે પરાશ્રિત છે એવું શાસ્ત્રનું વચન હોવાથી વ્યવહારનયના બળે પરપ્રકાશક છે માટે દર્શન પણ એવું છે. દર્શનને પણ પરપ્રકાશક કહેવામાં કાંઈ હરકત નથી. આહાહા..!

**'(વ્યવહારનયના બળે પરપ્રકાશક દર્શન પણ) છે. વળી ત્રણ લોકના પ્રક્ષોભના હેતુભૂત....'** આહાહા..! ત્રણલોકના પ્રક્ષોભના હેતુભૂત **'તીર્થંકર-પરમદેવને—કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે...'** આહાહા..! જે સો ઇન્દ્રોને પરદેવ આદિ સો ઇન્દ્રોને પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે. સિદ્ધ છે એ પરોક્ષ વંદનાને યોગ્ય છે. એ શું કહ્યું? સિદ્ધને વંદન છે એ તો પરોક્ષ છે. દેખાતા નથી. આ તો ભગવાન સાક્ષાત્ દેખાય છે, પ્રત્યક્ષ દર્શન છે. આહાહા..! **'ત્રણ લોકના પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકર-પરમદેવને—કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે અને કાર્યપરમાત્મા છે...'** એ કાર્યપરમાત્મા છે.

પરમાત્મા ત્રિકાળી કારણપરમાત્મા છે એમાં ધ્યાન કરવાથી પર્યાયમાં કાર્યપરમાત્મા થાય છે. **'તેમને—જ્ઞાનની માફક જ (વ્યવહારનયના બળે) પરપ્રકાશકપણું છે;...'** કોને? કાર્યપરમાત્માને. આહાહા..! કાર્યપરમાત્મા એટલે સિદ્ધ થયા, સિદ્ધ. કેવળજ્ઞાની થઈ ગયા, અરિહંત થઈ ગયા. એને પણ પરપ્રકાશક કહેવામાં આવે છે. આહાહા..! હવે આમાં વ્યવહારમાં કેટલું વજન દેવું અને શા માટે દેવું? એના ગોટા ઉઠાવે. એટલે બીજી ચીજ છે અને જ્ઞાનમાં સ્વપરપ્રકાશક જાણવાની તાકાત છે એથી જ્ઞાન પરને જાણે છે એમ વ્યવહારનયથી કહેવાય છે. પરને જાણતા પરમાં તન્મય થઈને જાણે છે તો તો નારકીને દેખતા ભગવાન દુઃખી

થઈ જાય. આહાહા..! સાતમી નરકના દુઃખ દેખતા પોતે દુઃખી થઈ જાય. આત્મા તન્મય થઈને (જાણે તો). એ તો છેટે–દૂર રહીને પોતાના સામર્થ્યથી એને દેખે. એટલી વાત વ્યવહારે કહેવા લાયક છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૯૫, ગાથા–૧૬૪, સોમવાર, અષાઢ વદ ૧, તા.૨૮-૦૭-૮૦

ફરીને લઈએ. ૧૬૪-ગાથા.

**'આ, વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે.'** શું કહે છે? કે આત્મા જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો પિંડ છે. એ જ્યારે જ્ઞાતા-દૃષ્ટા પ્રગટે છે ત્યારે દર્શન સ્વને પણ દેખે છે અને પરને પણ દેખે છે. અને જ્ઞાન પણ સ્વને પણ જાણે છે અને પરને પણ જાણે છે. કોઈ એમ માને કે દર્શન સ્વને દેખે અને જ્ઞાન પરને જાણે, તો એમ છે નહિ. કેમકે આત્મતત્ત્વ દેહ, વાણી, મન, રાગ, વિકલ્પથી ભિન્ન તત્ત્વ અંદર છે. અને તે પરિપૂર્ણ અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદ વીર્ય આદિથી પરિપૂર્ણ વસ્તુ છે. એમાં એ આત્મા પોતાના જ્ઞાનને–પોતાને પણ જાણે અને પરને પણ જાણે. પૂર્ણ કેવળજ્ઞાન થાય એટલે. દર્શન પણ પોતાને પણ દેખે અને પરને પણ દેખે. દર્શન પોતાને જ દેખે અને જ્ઞાન પરને જ જાણે એવો ભેદ નથી. એવો ભેદ માને છે એની સામે વિરોધ છે.

**'સમસ્ત (જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી...'** ભગવાનઆત્મા પૂર્ણ બળ સંપન્ન છે. એ પૂર્ણ બળ સંપન્નની સાવધાની જ્યાં અંદર કરી, પૂર્ણ બળ સંપન્ન, પૂર્ણ જ્ઞાન સંપન્ન, પૂર્ણ દર્શન સંપન્ન, પોતાના પરિપૂર્ણ સ્વભાવમાં ધ્યાન કર્યું તો કર્મનો ક્ષય થયો. પરનું જો ધ્યાન કર્યું કે પર મારા છે, રાગ મારો છે, પુણ્ય મારું છે તો તો આવરણ થાય છે. પોતાનું સ્વરૂપ જ ચૈતન્ય જ્ઞાનાનંદ સહજાત્મ સ્વરૂપ છે. પૂર્ણાનંદ જ્ઞાન જેનો સ્વભાવ છે એ અપૂર્ણ નથી હોતો. એ સ્વભાવ પૂર્ણ છે. તો દર્શન અને જ્ઞાન પણ પોતાનો સ્વભાવ છે. તો એ સ્વભાવ પણ પૂર્ણ છે.

એ **'(જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન પુદ્ગલાદિ મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું પ્રકાશક કઈ રીતે છે—એવો અહીં પ્રશ્ન થાય, તો એનો ઉત્તર એમ છે કે— 'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે)''** અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે. પોતાને દેખે-જાણે જ છે પણ પરને જાણે એવું વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! નિશ્ચયથી–યથાર્થમાં–વાસ્તવમાં એક પદાર્થ બીજા પદાર્થને ચુંબતો નથી. એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી. પણ પોતામાં રહેલા જે ગુણ-દર્શન, જે જ્ઞાન અને દર્શનનો જ્યાં વિકાસ થયો તો જ્ઞાન પરને જ જાણે એમ વ્યવહારથી કોઈ કહે તો વ્યવહારથી કહેવામાં આવે છે. દર્શન સ્વને દેખે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એ કહે છે. ઝીણી વાત છે.

**'અહીં પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર એમ છે કે— 'पराश्रितो व्यवहार: (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે);...'** આહાહા..! વ્યવહાર એટલે પરની અપેક્ષાએ પરને પણ દેખે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી પરને દેખતો નથી. નિશ્ચયથી પોતામાં પોતાને દેખે છે. આત્માની જે સત્તા છે, પોતાની જે સત્તા–હોવાપણું એમાં આ જે દેખાય છે એ ચીજ નથી દેખાતી. કેમકે એ એને અડતી નથી. તેથી એને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ એ સંબંધી પોતાના જ્ઞાન-દર્શન છે એને પોતાના સ્વભાવથી પોતાને નિશ્ચયથી જાણે-દેખે છે. વ્યવહારથી પરને જાણે-દેખે એમ કહેવામાં આવે છે. વ્યવહારનયથી એમ કહેવામાં આવે છે. જાણે-દેખે. પરનું કાંઈ કરે (એ વસ્તુના સ્વરૂપમાં નથી). આહાહા..!

મુમુક્ષુ :– વકીલ ને ડોક્ટર તો કરે.

ઉત્તર :– જે ચીજ છે–આ આંગળી છે આંગળી. એનું અસ્તિત્વ છે. એ આ તેના (બીજાના) અસ્તિત્વથી નાસ્તિ છે. લોજિકથી સમજવું જોઈએ ને. એક ચીજ-વસ્તુ છે એ પોતાથી અસ્તિ છે અને પોતાના સિવાય જુદી ચીજથી નાસ્તિ છે. અનંત પદાર્થથી એક પદાર્થ નાસ્તિપણે છે અને પોતાથી અસ્તિપણે છે. આહાહા..! અહીંયાં તો બહુ લેવું હોય તો પરને જાણે એવો વ્યવહાર આવે. કરવું, ફરવું ને પરનું કરી શકે છે કે ડોક્ટર-બોક્ટર દવા કરી શકે, ઇંજેક્શન આપી શકે, વકીલ જજ પાસે દલીલ કરી શકે છે (એમ નથી). ઝીણી વાત છે, ભાઈ!

એક તત્ત્વમાં, જે બીજું તત્ત્વ છે, અનંત તત્ત્વ છે. અનંત તત્ત્વ અનંતપણે ક્યારે રહે? કે એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ હોય ત્યારે એ તત્ત્વ રહેશે. એક તત્ત્વમાં બીજું તત્ત્વ આવે તો બે એક દ્રવ્ય થઈ જશે. તો અનંત અનંતપણે નહિ રહે. આ ઝીણી વાત છે બહુ, બાપુ! એ દરકાર કરી છે ક્યાં. આહાહા..!

નિશ્ચયથી તો એવી ચીજ છે... આહાહા..! આત્મા જે અંદર છે એ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે એ શરીરને કદી અડ્યો પણ નથી. વાણીને કદી સ્પર્શ્યો જ નથી. જે પોતાની ચીજમાં છે એને અડ્યો છે. પોતાની ચીજમાં નથી એને કદી અડ્યો પણ નથી. કેમકે પરથી નાસ્તિ સ્વભાવ છે, પોતાથી અસ્તિ સ્વભાવ છે. ડોક્ટર! ઝીણી વાત છે, તમારી ડોક્ટરી પાસે. આહાહા..!

દવાનો એક રજકણ, દવા. એક ગોળી, એક દવા એ ગોળીમાં અનંત પરમાણુ છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. દુનિયાથી જુદી વાત છે. જો એ પરમાણુ અનંત પરમાણુનો પિંડ છે. ગોળી અનંત રજકણનો પિંડ છે. એમ જે છે તો એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો નથી. પોતાથી છે અને પરથી નથી. ત્યારે પોતાના અસ્તિત્વની પૂર્ણતા સિદ્ધ થાય છે. આહાહા..! માણસને ક્યાં નવરાશ છે? ફૂરસદ નથી. આહાહા..!

એક ચીજ પોતાની ચીજમાં જેટલા ગુણ છે એને એ જાણે. પણ પોતામાં જે બીજી ચીજનો અભાવ છે એને આ ચીજ અડતી પણ નથી. આહાહા..! દુનિયાથી તો ઊલટું છે. પણ અહીંયાં, બીજી વાત એકકોર રાખો, આત્મા પોતાના જ્ઞાન, દર્શનમાં પોતાને દેખે જાણે એ નિશ્ચય અને પોતાના જ્ઞાન-દર્શનથી પર, જે એમાં નથી અને પોતાથી ભિન્ન છે એને જાણે-દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે પોતાનું જ્ઞાન પરને જાણવામાં તે જ્ઞાન પરમાં તન્મય નથી થતું, એકરૂપ નથી થતું. એકરૂપ નથી થતું માટે વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! ધર્મ ચીજ એવી છે. અનંતકાળ ચોર્યાશીના અવતારમાં રખડતા અનંત ભવ થયા. એમાં હું કોણ છું? અને આ શું છે? એમાં ભેદ છે એનું ભેદજ્ઞાન કર્યું નથી. એકબીજાથી જુદા છે. જુદા છે પણ જુદાનું જ્ઞાન કર્યું નથી.

અહીં તો ત્યાં સુધી લીધું છે કે પોતાના જ્ઞાન-દર્શન જ્યાં ખીલે, પોતાના આત્મબળથી કર્મનો નાશ કરીને પોતાનો જ્ઞાન-દર્શનશક્તિ જે સ્વભાવ છે એ વ્યક્ત એટલે પ્રગટ થાય તો એ પોતાને તો જાણે જ પણ પરને પણ જાણે એવો વ્યવહાર કહેવામાં આવે છે. જાણે. પરનું કાંઈ કરે (નહિ). આહાહા..! આ હાથ પણ હલાવી શકે એ આત્મા નહિ. આત્મતત્ત્વ બીજા તત્ત્વને અડતું પણ નથી તો એનું કરી શકતું નથી. ડોક્ટર! કદી સાંભળ્યું ન હોય એવી વાત છે. આખો દિ' આ કર્યું... આ કર્યું... આ કર્યું...

પ્રભુ! તું તત્ત્વ એક જ છે કે કાંઈ બીજું છે? એટલો તો વિચાર કર. કે તું એક જ તત્ત્વ છે કે બીજું પણ છે? અને બીજા છે તો છે કેટલા? તારાથી ભિન્ન અનંત છે. અનંત જે છે એ એકબીજા એકબીજામાં પ્રવેશે અને કામ કરે તો અનંત રહેતા નથી. દરેક તત્ત્વ પોતામાં રહે અને પરથી ન રહે. આહાહા..!

એટલો ફેર અહીંયાં બતાવે છે કે આ જ્ઞાન ને દર્શન પોતાને દેખે અને પર એનામાં નથી તેને દેખે એમ વ્યવહાર કહેવામાં આવે છે. એવો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! પરને જાણે એ વ્યવહાર! ગજબ વાત છે. આ તો આખો દિ' પરનું કરવું... કરવું... કરવું... કરવું... આહાહા..!

લખાણમાં આવે છે. ક્રમબદ્ધને હવે ઘણા સ્વીકારે છે. કેટલાક બહુ વિરોધ પણ કરે છે. ક્રમબદ્ધ દરેક દ્રવ્યમાં, દરેક સમયની અવસ્થા જે હાલત, ધારા પ્રમાણે ધોરણસર ચાલે છે, આઘીપાછી નહિ. આહાહા..! દરેક પદાર્થમાં પોતાની પર્યાય જે અવસ્થા બદલે છે એ પોતાના સમયે થાય છે. પરથી નહિ. પોતામાં આગળપાછળ નહિ. અર..ર..! આવી વાતું! પરમસત્ય બહુ અલૌકિક વાત છે. અત્યારે તો ગડબડ કરી નાખી. આહાહા..! પણ એટલું વિશેષ કે પોતાને જાણે એમ વ્યવહારનયથી પરને જાણે.

**'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે);...'** એમ કહેવામાં આવે છે. પોતાનું જ્ઞાન પોતાને

જાણે અને પોતાથી પરને અડ્યા વિના, પરનું અસ્તિત્વ પોતામાં આવ્યા વિના, પરનું અસ્તિત્વ એમાં રહીને, પોતાનું અસ્તિત્વ પોતામાં રહીને, પોતાનું જ્ઞાન પોતાને જાણે એ તો નિશ્ચય પણ એ જ્ઞાન પરને જાણે એમ કહેવામાં વ્યવહાર છે. આહાહા..! અહીં સુધી જાવું. નવરાશ ક્યાં છે? ફુરસદ ન મળે. આખો દિ' ધમાલ.

**'તેથી દર્શન પણ તેવું જ (–વ્યવહારનયના બળે પરપ્રકાશક) છે.'** પહેલાં જ્ઞાનનું કહ્યું કે પોતાનું જ્ઞાન જે જાણનસ્વભાવ એ પોતાને જાણે એ તો નિશ્ચય પણ એ જ્ઞાન પરને જાણે એમ વ્યવહારે કહેવામાં આવે છે. એમ દર્શન પોતાને દેખે એ નિશ્ચય અને જ્ઞાન જેમ પરને જાણે એમ દર્શન પરને દેખે એને પણ વ્યવહાર કહેવામાં આવે છે. પરનું કરે, કાંઈ કરી શકે એ વાત નથી. આહાહા..! ગજબ વાત. નજરે પડે છે કે આ બધું અડે છે ને આમ થાય છે, આમ થાય છે. નજરે એમ પડતું નથી. તારી દૃષ્ટિ સંયોગ ઉપર છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ હો કે તત્ત્વ ઉપર દૃષ્ટિ હોય તો તત્ત્વ તત્ત્વમાં છે. એ તત્ત્વ બીજા તત્ત્વથી નથી. તો સંયોગથી ન દેખે તો એ તત્ત્વ પોતાનું જ કરી શકે છે, પરનું કાંઈ ન કરી શકે. આહાહા..! છે તો લોજિક પણ કઠણ બહુ. દુનિયામાં આખી પ્રવૃત્તિ બીજી. જેમ એ જ્ઞાન પોતાને જાણે નિશ્ચય, પરને જાણે એ વ્યવહાર. એમ દર્શન પણ સ્વને જાણે એ નિશ્ચય, દર્શન પરને દેખે એ પણ વ્યવહાર. છે? **'તેથી દર્શન પણ તેવું જ છે.'**

મુમુક્ષુ :– સ્વપરને એકસાથે જાણે છે?

ઉત્તર :– એકસાથે. જાણે અને દેખે એકસાથે જ છે. અહીં તો કેવળજ્ઞાનની વાત છે ને? અલ્પજ્ઞ પ્રાણી છે એને પ્રથમ દર્શન અને પછી જ્ઞાન (થાય છે). કેમકે એને અલ્પ જ્ઞાન છે એમાં પૂર્ણતાનો અભાવ છે. તેથી અલ્પ જ્ઞાનીનું જ્ઞાન એક સમયે જાણે, એ સમયે જ દેખે નહિ. આહાહા..! જ્યારે પૂર્ણ થઈ ગયા, જ્ઞાન અને દર્શન પૂર્ણ થઈ ગયા ત્યારે પોતાને પણ જાણે એમ પરને પણ જાણે, એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! પરનું કરી શકે એ પ્રશ્ન નથી. એક આંગળી પણ હલાવી શકે એ ત્રણકાળમાં નથી. આહાહા..! કેમકે એનું અસ્તિત્વ એમાં છે અને જ્ઞાનનું અસ્તિત્વ આત્મામાં છે. હવે એક અસ્તિત્વ બીજા અસ્તિત્વને અડતું નથી. અડે તો એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ નાસ્તિ છે એ નાસ્તિ રહી શકે નહિ. બધું એક થઈ જાય છે. અને બધું એક થઈ જાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય છે. આહાહા..!

**'(–વ્યવહારનયના બળે પરપ્રકાશક) છે. વળી ત્રણ લોકના પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકર-પરમદેવને—કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે...'** આહાહા..! સૌ ઇન્દ્રો છે. ઇન્દ્રને વંદનને યોગ્ય ભગવાન છે. આહાહા..! **'અને કાર્યપરમાત્મા છે...'** ત્રિકાળ વસ્તુ છે ત્રિકાળ. ત્રિકાળ નિત્ય છે એને–આત્માને કારણપરમાત્મા કહેવામાં આવે છે. અને એમાંથી વિકાસ થઈને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન અને પૂર્ણ આનંદ પ્રગટે તેને કાર્યપરમાત્મા કહે છે.

અરે..રે..! આવી ભાષા. ઓલું તો આ કરો ને આ કરો. પરની સેવા કરો એટલે કલ્યાણ થઈ જશે. ધૂળમાંય નથી. સેવા કોણ કરતો હતો.

મુમુક્ષુ :– અકલ્યાણ ન થાય ને?

ઉત્તર :– પરની સેવા કરી એ પૂર્ણ અકલ્યાણ છે. પરની સેવા કરી શકું છું એ અ શ્રય પૂર્ણ છે. આહાહા..! આવી વાત જગતમાં... તત્ત્વની વિચારધારા જ લોકોની ઘટી ગઈ. બહારની પ્રવૃત્તિ આગળ નિવૃત્તિ રહી નહિ. આહાહા..!

કહે છે કે, ભગવાન '**કાર્યપરમાત્મા છે તેમને—જ્ઞાનની માફક જ (વ્યવહારનયના બળે) પરપ્રકાશકપણું છે;....**' ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ, જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું એ વ્યવહારનયે... પર અપેક્ષા એ વ્યવહાર, સ્વ અપેક્ષા તે નિશ્ચય, પર અપેક્ષાએ સર્વજ્ઞ પરમાત્માને પણ પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. છે? '**તેથી વ્યવહારનયના બળે તે ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે.**' ભગવાનનું જ્ઞાન જેમ પરને જાણે છે એમ એનું દર્શન પણ પરને જાણે છે, દેખે છે. આહાહા..! આવી ઝીણી વાત પકડવી મુશ્કેલ પડે. કદી કર્યું નથી.

જે છે એ સ્વથી છે અને પરથી નથી. નહિતર પોતાથી છે એમ રહી શકે નહિ. આ આગંળી આંગળીપણે છે. બીજી આંગળીપણાથી નથી. બીજી આંગળીપણાથી નાસ્તિ છે. આ આંગળીપણાથી અસ્તિ છે. બીજી આંગળીપણાથી નાસ્તિ છે. નાસ્તિ છે તો નથી એ પણ અસ્તિ છે. એનું નાસ્તિપણું પણ અંદરમાં અસ્તિ છે. નાસ્તિપણું નથી. આહાહા..! આવું ક્યાં કરવા જાય? ધંધો આખો દિ' કરે.

અનંતકાળ ગયો, પ્રભુ! ચોર્યાશી અવતાર કરતા કરતા. ચોર્યાશી લાખ યોનિ, એક એક યોનીમાં અનંતવાર જન્મ કર્યા. ભૂંડના અવતાર, નરકના અવતાર, સ્વર્ગના અવતાર, મનુષ્યના અવતાર, દુઃખની દશામાં મિથ્યાભ્રાંતિને લઈને એક એકમાં અનંતવાર અવતાર કરી ચૂક્યો. આહાહા..! જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું નહિ જાણીને, વિપરીત માનીને ચોર્યાશીમાં પરિભ્રમણ કર્યું. અહીં મોટો શેઠિયો કરોડપતિ હોય. માંસ ખાતો હોય તો જાય નરકમાં અને ન ખાતો હોય તો ભૂંડ ને કાગડામાં જાય. આહાહા..! કેમકે આત્મા તો નિત્ય છે. શરીરનો નાશ થાય છે. એ પણ નાશ થાય છે એની વ્યાખ્યા જુદી છે. શરીરની જે અવસ્થા શરીરરૂપે છે એ પરમાણુની અવસ્થા બીજી થાય છે. એનું નામ શરીરનો નાશ છે. કાંઈ પરમાણુનો કદી નાશ થતો નથી. અસ્તિ છે પરમાણુ રજકણ છે. છે એનો કદી નાશ નથી થતો. નથી એ કદી ઉત્પન્ન નથી થતું. આહાહા..! આવો ધર્મ. ઓલો તો કહે, દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પ્રભુની માળા ગણો. સહેલુંસટ હતું.

અહીં આજે ઘણો વિરોધ આવ્યો છે. આ લોકો 'સોનગઢ'વાળા એમ કહે છે, ભગવાનની માળા ગણવી એ રાગ છે, ધર્મ નથી. લાખ વાર, કરોડ વાર, અનંત વાર કહીએ છીએ કે પરનું-ભગવાનનું સ્મરણ કરવું એ રાગ છે, પુણ્ય છે. ધર્મ નથી. મીઠી હળવી ભાષાથી

કહીએ તો ભગવાનનું સ્મરણ-યાદ કરે એ રાગ એ પણ અધર્મ છે. આહાહા..!

પોતાની નિજ ચીજ અસ્તિપણે છે અને તે પરિપૂર્ણ સ્વભાવથી ભર્યો પડ્યો છે. એનું ભાન અને જ્ઞાન થયું તો જેમ જ્ઞાન પોતાને જાણે એમ વ્યવહારે પરને પણ જાણે. એમ દર્શન પોતાને જાણે-દેખે એમ વ્યવહારથી પરને પણ દેખે એમ કહેવામાં આવે છે. આહાહા..! છે? **'તેથી વ્યવહારનયના બળે તે ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે.'** ભગવાનનું કેવળદર્શન પણ પરને દેખે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! કહેવામાં આવે છે, હોં! જાણવામાં નિમિત્ત. આ જાણનાર જે ચીજ છે, જાણનારી ચીજ છે એ જેને જાણે એમાં પેસતી નથી. જેને જાણે એમાં પ્રવેશતી નથી. જેને જાણે એને અડતી નથી. આહાહા..! શરીરને આત્મા કદી અડતો નથી. આત્મા શરીરને અડતો નથી, શરીર આત્માને અડતું નથી.

મુમુક્ષુ :– હમણા થોડા વખતથી બળવાનપણે આ વાત ચાલે છે એકબીજા છૂટે નહીં તેથી.

ઉત્તર :– લોકની આખી... લોક મૂકે પોક. લોક તો બધા પોક મૂકે એવી વાત કરે છે. આ તો સર્વજ્ઞ ભગવાનથી પ્રત્યક્ષ થયેલી, જ્ઞાનમાં પ્રત્યક્ષ થયેલું વસ્તુનું અસ્તિત્વ એટલે હોવાપણું જેવું છે એવું હોવાપણાનું કથન છે. આહાહા..!

કહે છે કે ફક્ત આ જ્ઞાનદર્શન તને હોય તો વ્યવહાર જો કરવો હોય તો પરને જાણે-દેખે એટલો વ્યવહાર છે. પણ પરને પોતાના માનવા એવો કોઈ વ્યવહાર છે જ નહિ. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

**'એવી રીતે શ્રુતબિન્દુમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**''जयति विजितदोषोऽमर्त्यमर्त्येन्द्रमौलि-**
**प्रविलसदुरुमालाभ्यर्चितांध्रिंर्जिनेन्द्रः ।**
**त्रिजगदजगती यस्येदृशौ व्यश्नुवाते**
**सममिव विषयेष्वन्योन्यवृत्तिं निषेद्धुम् ।।''**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'જેમણે દોષોને જીત્યા છે,...'** અહીં બે વાત થઈ કે આત્મા છે અને દોષ પણ છે. દોષ ન હોય તો આ સંસારમાં પરિભ્રમણ ન હોય. આહાહા..! આત્મા છે અને દોષ પણ છે. દોષ ન હોય તો પરિભ્રમણ ન હોઈ શકે. એટલે **'જેમણે દોષોને જીત્યા છે,...'** જેણે દોષને જીતી લીધા. આહાહા..! વસ્તુને છોડી દીધી કે વસ્તુને અડ્યા નથી એમ અહીંયાં વાત નથી. એ વસ્તુ તો અનંતવાર તારાથી છૂટી જ પડેલી છે. કદી તારી પાસે આવી નથી અને કદી તું એની પાસે ગયો નથી. આહાહા..! પણ દોષોને જીત્યા છે. પોતામાં જે દોષ છે, રાગ અને દ્વેષ અને વિષયકષાય, હું પરનું કરી શકું છું, પરનું ભલું કરી શકું છું... આહાહા..! આ વકીલ કહે હું પરને જીતાડી શકું, ડોક્ટર કહે હું પરને દવા આપીને રોગ મટાડી શકું. આહાહા..! આકરી વાત છે. આ શેઠિયા કહે કે હું પૈસા

આપી શકું છું. પૈસા દઈ શકું છું, કપડાનો વેપાર માટે કપડા આપી શકું છું. પ્રભુ! તારા સિવાય પરનું તું કાંઈ કરી શકતો નથી. બહુ જો લેવું હોય તો ફક્ત તારામાં જ્ઞાન અને દર્શનનો વિકાસ હોય તો વ્યવહારથી પરને જાણે-દેખે એટલું હોય, બસ. આહાહા..! પણ વ્યવહારથી પરનું કરવું, પરને સુધારવા, બાળકને સુધારવા, બાળકને ભણાવવા, કેળવણી આપવી...

મુમુક્ષુ :– પોતાના અનુભવનો લાભ દેવો છોકરાને.

ઉત્તર :– કોણ ધૂળ આપી શકે છે? જે પોતાની પર્યાય છે એ પોતામાં રહી. બાળકની પર્યાય એની પાસે રહી. એ પર્યાયમાં આ પર્યાયનો પ્રવેશ નથી. આ અવસ્થા એ અવસ્થાને અડતી નથી. આહાહા..!

મુમુક્ષુ :– એમ ન હોય તો છોકરા સ્વચ્છંદી થઈ જાય.

ઉત્તર :– છોકરા સ્વચ્છંદી હોય કે ન હોય, એ તો એની પર્યાય સ્વતંત્ર છે. એની પર્યાય સ્વતંત્ર છે. આકરી વાત છે, ભાઈ! આહાહા..! આ નજીકમાં શરીર રહ્યું છે એની પાંપણ પણ ફેરવી શકે નહિ. આહાહા..! કેમકે અસ્તિ તત્ત્વ છે. અને અસ્તિ તત્ત્વ છે તો પોતાની શક્તિ પોતામાં રાખે છે. પોતામાં છે તો પોતાની શક્તિથી પાંપણ ફરે છે. આત્માને લીધે એ પાંપણ ફરે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– અત્યારે નહિ ફરે પાંપણ.

ઉત્તર :– પાંપણ ધૂળની છે. આ ધૂળ છે ધૂળ. એ રહેવી, ન રહેવી એના આધારે છે. આત્માને આધારે કાંઈ છે નહિ. આકરી વાત છે, પ્રભુ! આહાહા..! પાણી પી શકતો નથી, ખોરાક ખાઈ શકતો નથી. આહાહા..! કેમકે એ બીજી ચીજ છે. બીજો આત્મા બીજી ચીજને અડતો પણ નથી તો ખાઈ-પી ક્યાંથી શકે? અરે..! ભગવાન! આ વાત. આહાહા..! દુનિયા પાગલ, એને આવી વાત પાગલ જેવી લાગે. પાગલ જેવી લાગે. આહાહા..!

અહીં કહે છે, ભગવાન પરમાત્માને પૂર્ણ જ્ઞાન દર્શન પ્રગટ થયા છે અને તેથી પોતાને પૂર્ણ જાણે, તેમ વ્યવહારથી કહીએ તો પરને ભલે જાણે. નિશ્ચયથી પોતાને જાણે. દર્શન જ્યાં પૂર્ણ થયું તો નિશ્ચયથી પોતાને દેખે. એટલી પૂર્ણ દશા થઈ તો કાંઈપણ પરને કરે એવું કાંઈ છે કે નહિ? કે પરનું તો કાંઈ કરી શકે નહીં પણ બહુ તો પરને દેખે એવો વ્યવહાર કરવામાં આવે છે. આહાહા..! અંદર છે કે નહિ? આવી વાત છે. હવે હીરા-માણેક આપતા-દેતા હોય ને આ વાત કરે તો પાગલ કહે. આમ આપતા હોય. દરરોજની બે-બે, પાંચ-પાંચ હજારની પેદાશ હોય. આહાહા..! પૈસા. અહીં કહે છે કે તું પૈસાને અડતો નથી. તું એને દઈ શકતો નથી. એની પાસેથી લઈ શકતો નથી. એ કામ કરનારો પરનું કામ કરી શકે નહિ. હીરાને ઘસે છે? તો કહે ના, ના. હીરાને ઘસવાનું ચાલે છે ને અત્યારે. હીરા ભિન્ન છે, તું ભિન્ન છે. તારો આત્મા હીરાને ઘસે એમ ત્રણકાળમાં નથી. બહુ તો એટલું છે કે એને જાણે એટલો વ્યવહાર છે. આહાહા..! થાય છે એને જાણે, થાય છે એને

દેખે એટલો વ્યવહાર ભલે હો. પણ થાય છે એને બનાવે (એમ તો નથી). આહાહા..! આખો દિ' કરવું અને આ કહે કે કાંઈ કરી શકતો નથી. આ ભાષા ચાલે છે એ આત્માથી નહિ. પ્રભુ આત્મા અરૂપી, એ જ્ઞાન-દર્શન-આનંદથી પૂર્ણ ભરેલો છે. એ જ્ઞાન દર્શનથી જાણે-દેખે એમ કહેવું એટલો પણ વ્યવહાર છે. આહાહા..! પરને કરે તો નહિ. કહો, 'શિવલાલભાઈ'! આ 'શિવલાલભાઈ'ને ડબાનો મોટો વેપાર છે. બાજરા ને ઘઉં ને ચોખા ને... આ તો દુનિયાથી ઊંધી વાત છે. આહાહા..!

અહીં બે વાત કહે છે કે તું આત્મા છે? છે. તારામાં કોઈ શક્તિ છે કે શક્તિ વિનાનો આત્મા છે? શક્તિ છે. કઈ શક્તિ છે? જ્ઞાન, દર્શન, આનંદાદિ શક્તિ છે. તો એ શક્તિનો વર્તમાનમાં પૂર્ણ વિકાસ નથી. તો કદાચ પરનું કરી શકે નહિ. પણ ભગવાનને પૂર્ણ વિકાસ થયો... આહાહા..! અહીં એમ કહ્યું ને? વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ રાગનો નાશ કરીને પૂર્ણ જ્ઞાન દર્શન પ્રગટ થયા તો એ પરમાં કાંઈ કરી શકે કે નહિ?

મુમુક્ષુ :– રાગ હોય એ કરે ને? જેને રાગ ન હોય એ ન કરે.

ઉત્તર :– રાગ હોય તોપણ કરે નહિ અને રાગ ન હોય તોપણ કરે નહિ. રાગ હોય તો રાગનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. આહાહા..! પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ, સત્ સત્–છે. ચિદાનંદ જ્ઞાન અને આનંદ છે. એ જ્ઞાન અને આનંદ છે. એ કોઈનું કરે છે એમ નથી. આહાહા..! ભારે આકરું કામ.

અહીં એ કહે છે કે ભલે પૂર્ણ વિકાસ થયો. અલ્પજ્ઞાની તો કદાચિત કરે એમ કહો, માનો તોપણ ભ્રમ છે. પણ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન થયું તો ત્રણકાળ, ત્રણલોકને જાણે દેખે. પણ એ પરને જાણે-દેખે એટલો પણ વ્યવહાર છે. નિશ્ચયથી પરને જાણતો-દેખતો નથી. કેમ? કે જેમાં તન્મય થાય એને નિશ્ચય કહે છે. જેમાં તન્મય થયા વિના દૂરથી જાણે તેને વ્યવહાર કહે છે. આહાહા..! આવી વાત કઈ જાતની.

મુમુક્ષુ :– પરને તન્મય થઈને જાણે તો વાંધો શું?

ઉત્તર :– એનો નાશ થઈ જાય. પોતાનો નાશ થઈને પરમાં જાય એ શી રીતે થાય? તન્મય-તન્મય એટલે તે રૂપે. પોતાના સ્વરૂપને (છોડી) એ સ્વરૂપ પરરૂપે ચાલ્યું જાય તો પોતાનો નાશ થઈ જાય છે. લોજિકથી, ન્યાયથી (વાત છે). આહાહા..! આ વાત સાંભળવા મળવી મુશ્કેલ છે. અત્યારે તો બધી ગડબડ, કાર્યવાહકો ને બધા ડોક્ટરો ને બધા વકીલો ને બધા ભેગા થઈને આમ કરીએ આપણે, આમ કરીએ આપણે, દેશનું આમ કરીએ. આહાહા..! કડિયા ને મકાન બનાવવાવાળા, કુંભાર ઘડા બનાવનારા. કુંભાર ઘડો બનાવી શકતો નથી. ઘડો માટીથી બને છે. માટીમાં પર્યાય પલટવાનો સ્વભાવ છે તો માટીથી ઘડો બને છે. લોટથી રોટલી થાય છે. સ્ત્રીથી અને લોઢીથી રોટલી થતી નથી. આહાહા..!

અહીંયાં ન્યાય શું કહે છે? કે, ભાઈ! અલ્પજ્ઞ છે ત્યાં સુધી તમને ભ્રમ લાગે કે પરની

કાંઈક કાંઈક મદદ કરે છે. હવે અહીં તો પૂર્ણ દશા પ્રગટી એ પણ પરનું કાંઈ કરે નહિ પણ પરને જાણે એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહારથી એટલે પરાશ્રિત. વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..!

**'જેમણે દોષોને જીત્યા છે,...'** બે વાત થઈ. આત્મા અનંતગુણ સંપન્ન છે અને એની દશામાં દોષ પણ છે. ચાર ગતિમાં રખડે છે. હવે એ દોષ છે એને જીતી પણ શકે છે. કેમકે પોતાની પર્યાયમાં–અવસ્થામાં દોષ છે. વસ્તુમાં નથી. વસ્તુ નિર્દોષ આનંદકંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ પ્રભુ, એની દૃષ્ટિ કરતા અને એમાં લીન થતાં દોષ નાશ થાય છે. દોષ છે. દોષ ન હોય તો પરિભ્રમણ કરી શકે નહીં. પણ એ દોષને જીત્યા છે. **'જેમનાં ચરણો દેવેંદ્રો તેમ જ નરેંદ્રોના મુગટોમાં પ્રકાશતી કિંમતી માળાઓથી પૂજાય છે...'** આહાહા..! અહીં શું કહે છે કે મોટા ઇન્દ્રો આવીને જેને પૂજે તોપણ એ પરનું કાંઈ ન કરે. આહાહા..!

મુમુક્ષુ :– બીજાનું કાંઈ ન કરે છતાં પગે લાગે.

ઉત્તર :– એ જ કહું છું ને. તે કોણ ઇન્દ્રો? કેવા? આહાહા..!

**'જેમનાં ચરણો...'** કેવળી સર્વજ્ઞ ભગવાન પરમાત્મા આત્મા થાય ત્યારે **'દેવેંદ્રો તેમ જ નરેંદ્રોના મુગટોમાં પ્રકાશતી કિંમતી માળાઓથી...'** કિંમતી માળા. અબજોની કિંમતની માળા હોય મુગટમાં. આમ નમી જાય. ભગવાનના ચરણકમળમાં નમી જાય છે. આહાહા..! **'(અર્થાત્ જેમના ચરણોમાં ઇન્દ્રો તથા ચક્રવર્તીઓનાં મણિમાળાયુક્ત મુગટવાળાં મસ્તકો અત્યંત ઝૂકે છે), અને (લોકાલોકના સમસ્ત) પદાર્થો એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે...'** આહાહા..! **'ત્રણ લોક અને અલોક જેમનામાં એકી સાથે જ વ્યાપે છે...'** એવા ઇન્દ્રો જેને નમે અને વંદનની ક્રિયા કરે તોપણ ભગવાન તો ત્રણલોક, ત્રણકાળને જાણનાર છે. એ (વંદનાદિ) કરે છે એ પણ જ્ઞાન થયા પહેલાં, કેવળજ્ઞાન થયું એ જ્ઞાનમાં જણાયું હતું કે આ પ્રમાણે કરશે. પણ એ મહા ઇન્દ્રો અને નરેન્દ્રો જિનેન્દ્રને નમસ્કાર અને વંદન કરે. તોપણ એ પરનું કાંઈ કરતા નથી. આહાહા..! બીજા જ્યારે પોતાને વંદન કરે તો એને કાંઈક તો કરવું જોઈએ ને? દુનિયાથી બહુ જુદું, બાપુ! દુનિયા તો ગાંડી-પાગલ થઈ ગયેલી છે. કાંઈ નથી, ડૉક્ટર. અહીં તો દુનિયાને પાગલ કહીએ છીએ, ભણેલાને.

પોતાનો ચૈતન્યમૂર્તિ ભગવાન ભિન્ન છે એના અસ્તિત્વની ખબર નથી અને એના અસ્તિત્વનો વિકાસ જ્યારે થાય છે ત્યારે ઇન્દ્રાદિ એની પૂજા કરે છે. એવી વંદનાદિની ક્રિયા ઇન્દ્ર-નરેન્દ્ર કરે તોપણ ભગવાન પરનું કાંઈ કરી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– વંદન તો ધર્મ નથી, અધર્મ છે. ભગવાન એને ના નહિ પાડે.

ઉત્તર :– એ શુભભાવ છે. ભાવ થાય છે.

અહીં તો કહેવું છે આ કે આવી રીતે જેને નરેન્દ્ર અને ઇન્દ્રો પણ નમે, જેને મુગટની માળા અડે એવી વંદનની ક્રિયા (કરે) છતાં એ ભગવાન એનું કાંઈ ન કરે. આહાહા..!

આ ઇન્દ્રાદિ એને નમે. એ ભગવાન પરનું કાંઈ ન કરે. એને આશીર્વાદ નહિ આપે કે જાવ તમારું કલ્યાણ થશે. એ નહિ. અરે..રે..! કઈ વાત આ! પાગલ જેવી વાત લાગે. વાત એવી આકરી, બાપા! વસ્તુનું સ્વરૂપ કોઈ જુદી જાત છે. આહાહા..! અહીં એ કહેવા માગે છે.

મુમુક્ષુ :- ભગવાનને તો તિન્નાણં તારયાણં કહ્યા છે.

ઉત્તર :- એ બધો વ્યવહાર. વ્યવહારથી (કહ્યું). આ કહ્યું એવો વ્યવહાર, એવો એ વ્યવહાર. આહાહા..!

અહીં તો એ કહે છે કે પરમાત્મા જ્યારે દોષનો નાશ કરીને નિર્દોષ થાય છે. પર્યાયમાં દોષ છે અને મિથ્યાત્વ-રાગદ્વેષ (છે). રાગ-દ્વેષ ટળીને અંદર સમકિત થયું અને વીતરાગતા થઈ તો ત્રણકાળ, ત્રણલોકનું જાણવું-દેખવું થયું. નરેન્દ્ર અને ઇન્દ્રો આવીને મુગટથી નમન કરે તોપણ કંઈ આશીર્વાદ આપીને કાંઈ કલ્યાણ કરી શકે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આજે તો દિવ્યધ્વનિનો દિવસ છે.

ઉત્તર :- આ દિવ્યધ્વનિ નીકળે છે. દિવ્યધ્વનિ આજ ભગવાનના શ્રીમુખે (નીકળી). વીર પરમાત્મા કેવળ પામ્યા હતા વૈશાખ સુદ દશમ, વૈશાખ સુદ દશમ. પણ છ મહિના સુધી વાણી ન નીકળી. એ આજે વાણી નીકળી હતી. આહાહા..! એને અઢી હજાર વર્ષ થયા. એ વાણીમાં આ આવ્યું હતું. ગણધરોએ, સંતોએ એ વાણીને ઝીલી અને પોતાની તાકાતથી જ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. આહાહા..! તોપણ ભગવાનને હું નમસ્કાર કરું, એક સર્વજ્ઞ થયા અને બીજા સર્વજ્ઞ થયા તો બીજા સર્વજ્ઞ બીજા સર્વજ્ઞને નમન કરે. પહેલાના સર્વજ્ઞ છે માટે હું નમન કરું એમ પણ નથી. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ, પૂર્ણ જ્ઞાન અને દર્શન જ્યાં પ્રગટ થયા એ પરનું કાંઈ કરતા નથી, પરને વંદન કરતા નથી. આહાહા..! અને વંદન કરે તેને આશીર્વાદ આપતા નથી કે તારું કલ્યાણ થશે. આહાહા..! અરે..! પ્રભુ! વીતરાગ! બાપુ! પ્રભુ! તારું સ્વરૂપ. સર્વજ્ઞ વીતરાગ તારું સ્વરૂપ છે. આહાહા..!

અનંત અનંત કાળ થયા. આ ભવ, પહેલા ભવ, ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... અનંતકાળમાં ભવ વિનાનો રહ્યો નથી. અનંત ભવ કર્યા. પણ કદી એણે આત્મજ્ઞાન કર્યું નથી. આહાહા..! પશુના અનંત અવતાર, મનુષ્યના અનંત અવતાર, કીડા-કાગડાના અનંત અવતાર, ભૂંડના અનંત અવતાર, વિષ્ટા ખાય એના અવતાર... આહાહા..! અનાદિ કાળનો છે (તો) રહ્યો ક્યાં? આત્મા તો નિત્ય છે. રહ્યો ક્યાં? આ રખડતા પરિભ્રમણમાં રહ્યો. આહાહા..! એ પરિભ્રમણ મટાડવું હોય તો તારામાં જે અજ્ઞાન છે કે પરનું હું કરું અને પરને મદદ કરું, સેવા કરું એ બધા દોષ છે, એ દોષનો નાશ કરી નાખ અને જ્ઞાતા-દૃષ્ટા થઈ જા. જ્ઞાતા-દૃષ્ટા થતાં ઇન્દ્રો આદિને નમન કરે તોપણ તારા જ્ઞાન-દર્શનમાં એમ વિકલ્પ ન થાય કે તારું કલ્યાણ થાય. એવી આપની દશા છે, પ્રભુ! આહાહા..! સમજવું

કઠણ પડે એવું છે, પ્રભુ! જે અહીં અધિકાર ચાલે એ વાત ચાલે ને. જેને જગતે સાંભળ્યું ન હોય. આહાહા..!

ચૈતન્યપ્રકાશના પૂર અંદર ભર્યા છે. ચૈતન્યપ્રકાશનું નૂરનું પૂર આત્મા! આહાહા..! એ ભગવાન પૂર્ણાનંદને પ્રાપ્ત થાય તોપણ પરને કાંઈ આશીર્વાદ આપીને કલ્યાણ કરે એમ નથી. આ તિન્નાણં તારયાણં આવ્યું ને. એ તો પોતે બોલે છે. એને શું છે? એ ક્યાં કોઈને તારતા હતા. આહાહા..! જે દ્રવ્યની–પદાર્થની જે સમયે જે એની પર્યાય થવાની છે તે ક્રમબદ્ધ થશે. એ બીજું કોઈ કરે અથવા એ પર્યાય આઘી-પાછી પોતે કરે એમ બને નહિ. આહાહા..! ભારે વાત આકરી. સ્વંય પોતે ફેરફાર કરે એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– હાથ પકડીને બેસી રહેવું?

ઉત્તર :– બેસી રહ્યો છે. માને છે કે આ હું કરું છું. એ તો પોતે જ્ઞાન ને દર્શન, આનંદસ્વરૂપમાં જ છે. જ્યાં ત્યાં માન્યતા કરે છે કે આ કર્યું... આ કર્યું... આ કર્યું... અભિમાન. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે.' 'નરસિંહ મહેતા' કહે છે. આ 'નરસિંહ મહેતા' 'જુનાગઢ'માં થઈ ગયા ને? વૈશ્નવમાં. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. સકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાને જેમ કૂતરું તાણે. ગાડું તો એને અડતું હોય. ગાડું તો બળદથી ચાલતું હોય. એ કૂતરાને એમ કે મારાથી ચાલે છે. એમ આ દુકાન ઉપર થડે બેઠો તો કહે મારાથી આ બધું ચાલે. એ બધા કૂતરા જેવા છે. આવું છે, બાપા! આ તો એના હિતની વાત છે. આહાહા..!

અમારે ત્યાં અમારી દુકાનમાં હતું ને. 'પાલેજ'માં દુકાન છે ને. 'કુંવરજીભાઈ' બેસે તો આ બધું હું કરું.. હું કરું... હું કરું... અમારા મોટાભાઈ ભાગીદાર હતા. બે દુકાન હતી. એનો મોટો ભાઈ મારો ભાગીદાર અને એનો નાનો ભાઈ અમારા મોટાભાઈનો ભાગીદાર. બે દુકાન હતી. કે હું કરું... હું કરું.. આ પોણો સો વર્ષ પહેલાની વાત છે. આ તો ૯૧ વર્ષ થયા, ડોક્ટર! શરીરને ૯૧-૯૧ વર્ષ. ૯૦ ને ૧. પોણોસો વર્ષ પહેલા દુકાન ઉપર બધું જોયું છે. આહાહા..! અભિમાન અભિમાન જાણે આ કરું.. આ કરું... આ કરું... કીધું, આ શું કરે છે? તે દિ' મેં કહ્યું હતું. (સંવત) ૧૯૬૪ની સાલ. કેટલા વર્ષ થયા? ૬૪? ૧૮ વર્ષની ઉંમર હતી. તે દિ' મેં એને કહ્યું હતું. હું તો પહેલેથી ભગત કહેવાતો. તે દિ' કહ્યું, શું આખો દિ' આ હોળી સળગે છે. મરીને ઢોરમાં જઈશ, યાદ રાખજે. એ તારા રૂપિયા બે-બે લાખ અને પાંચ-પાંચ લાખની પેદાશ અહીં પડી રહેશે. બોલે નહિ, મારી સામે બોલે નહિ. એ ભગત છે. ભગત છે, ભગત છે, બોલવા દ્યો. મારાથી ચાર વર્ષ મોટા હતા. મારી સામું કોઈ દિ' બોલે નહિ. તે દિ' અઢાર વર્ષ પહેલા એવી છાપ હતી. દુકાન તો હું પણ ચલાવતો હતો. પાંચ વર્ષ (ચલાવી). આહાહા..! બાપુ! એ ચીજ કોઈ જુદી છે.

અહીં એ સિદ્ધ કરવું છે કે અલ્પજ્ઞાની, અલ્પદર્શી કદાચિત કોઈનું કરે એમ તમે માનો. તો હું તો કહું છું, સર્વજ્ઞ અને સર્વદર્શી, એને પૂર્ણ ઇન્દ્રાદિ નમન કરે તોપણ તે ભગવાન

પરને કોઈ દિ' કહેતા નથી. એ જાણે છે એમ કહે તો એ પણ વ્યવહાર છે. એ ભગવાન એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. બાકી નિશ્ચયથી તો પોતાને જાણે છે. વિશેષ કહીશું... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૮૦

तथा हि -

(मालिनी)

व्यवहरणनयेन ज्ञानपुंजोऽयमात्मा
प्रकटतरसुदृष्टिः सर्वलोकप्रदर्शी।
विदितसकलमूर्तामूर्ततत्त्वार्थसार्थः
स भवति परमश्रीकामिनीकामरूपः।।२८०।।

**[શ્લોકાર્થ :–] જ્ઞાનપુંજ એવો આ આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે તથા (સાથે વર્તતા કેવળજ્ઞાનને લીધે) સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થસમૂહને જાણે છે. તે (કેવળદર્શનજ્ઞાનયુક્ત) આત્મા પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ થાય છે. ૨૮૦.**

**પ્રવચન નં. ૧૯૬, ગાથા–૧૬૫, શ્લોક–૨૮૦-૨૮૧, મંગળવાર, અષાઢ વદ ૨, તા.૨૯-૦૭-૮૦**

'નિયમસાર' ૨૮૦.

व्यवहरणनयेन ज्ञानपुंजोऽयमात्मा
प्रकटतरसुदृष्टिः सर्वलोकप्रदर्शी।
विदितसकलमूर्तामूर्ततत्त्वार्थसार्थः
स भवति परमश्रीकामिनीकामरूपः।।२८०।।

**શ્લોકાર્થ :–** આહાહા..! **'જ્ઞાનપુંજ એવો આ આત્મા...'** આત્મા એ જ્ઞાનપુંજ છે. કહેવાનો આશય તો એવો છે કે જ્ઞાનપુંજ જેમ દેખે એમ દર્શન પણ દેખે છે. **'જ્ઞાનપુંજ એવો આ આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે...'** કેવળદર્શન સાથે છે તેથી લોકાલોકને નથી દેખતા એમ નથી. કેવળદર્શન પણ દેખે છે અને કેવળજ્ઞાન પણ લોકાલોકને દેખે છે. આગળ ઘણી ગાથાઓ આવી લીધી. કોઈ

એમ કહે કે દર્શન તો સ્વને દેખે અને જ્ઞાન પરને જાણે તો એ વાત વિરૂદ્ધ છે. જ્ઞાન જેમ પરને જાણે અને સ્વને જાણે... અહીં તો એ લીધું ને?

**'આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતા (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે...'** આહાહા..! વ્યવહારનયથી દેખે છે. તન્મય થઈને નહિ. ભિન્ન થઈને દેખે છે માટે વ્યવહારનય. આહાહા..! શિક્ષણ શિબિર આવશે ત્યારે બીજું લઈશું. આ તો મૂકી દઈશું. સવાર-બપોર બેય લેવાનું છે. આ તો અત્યારે ચાલે છે. **'વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે...'** શું કહ્યું? કે જ્ઞાન સર્વલોકને જાણે છે એની સાથે દર્શન પણ સર્વ લોકને દેખે છે. આહાહા..! **'તથા (સાથે વર્તતા કેવળજ્ઞાનને લીધે) સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થસમૂહને જાણે છે.'** આહાહા..! દર્શન કેવળજ્ઞાન છે માટે સાથે રહેલું જ્ઞાન ભેદને નથી જાણતું એમ નથી. જ્ઞાન પણ સર્વને દેખે છે. આહાહા..! આવી ગયું. દર્શન પણ સર્વને દેખે છે. જ્ઞાન અને દર્શન બેય અભેદ ચીજ છે. જેમ જ્ઞાનપુંજ સર્વને દેખે, દર્શન સાથે હોવાથી દર્શન પણ સર્વને દેખે-જાણે. આહાહા..!

બહુ ભર ચર્ચે છે એનું કારણ એ કે તારી સિવાય કોઈ પર ચીજને તું અડતો પણ નથી. તારામાં દર્શન-જ્ઞાનમાં પણ જે ભેદ દેખાય છે કે દર્શન સ્વને દેખે, એમ પણ નથી. એ પણ જ્ઞાન પરને જાણે અને સાથે દર્શન પણ પરને દેખે. જાણન-દેખન તારો સ્વભાવ છે. કોઈનું કરવું.. આહાહા..! કે કોઈ પાસેથી પોતામાં કાંઈ લેવું એમ છે નહિ.

કેવળજ્ઞાન થતાં સર્વને જાણે-દેખે. કોઈને દઈ શકે કે કેવળજ્ઞાન થયું તો પરને કંઈ દઈ શકે એમ છે નહિ. કેવળજ્ઞાનની સાથે દર્શન છે તો દર્શન પણ કેવળજ્ઞાન જેમ દેખે એમ દર્શન પણ સર્વને દેખે છે. આહાહા..! કોઈને લેવું-દેવું છે નહિ. પૂર્ણ સ્વરૂપ થયો તો એ કાંઈ દેતા નથી. કેવળજ્ઞાન અને કેવળદર્શન પૂર્ણ થયું તો કોઈ પરમાત્મા થઈને પરને કાંઈ દઈ શકતા નથી, લાભ આપી શકે નહિ. આહાહા..! એ વાત વિશેષ કરે છે.

**'આત્મા પરમશ્રીરૂપી કામિનીનો..'** પરમશ્રી એટલે કેવળજ્ઞાનની લક્ષ્મી, એની **'કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ થાય છે.'** પોતાના જ્ઞાનના આનંદમાં લીન થાય છે. કેવળજ્ઞાન થતાં કેવળદર્શન પણ સાથે સર્વને દેખે છે અને પૂર્ણ પરમાત્મ દશાના વલ્લભ થાય છે. આહાહા..! આવ્યું? આત્મા પરમ શુદ્ધ છે. એવી શક્તિ થઈ કે દુનિયાને કંઈપણ લાભ દેતા નથી? ના. પોતાની પરિણતિ શુદ્ધમાં લીન છે. આહાહા..! પરમાત્મા ત્રણકાળ, ત્રણલોકને જાણે. ત્રણકાળ, ત્રણલોકને દેખે છતાં પરને કંઈ આપી શકે (એમ નથી). આહાહા..! લોગસ્સમાં આવે છે ને? સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. લોગસ્સ–લોગસ્સ. શ્વેતાંબરમાં. આપણે આવે છે. દિગંબરમાં સામાયિક છે. સામાયિકનો પાઠ છે. પ્રચલિત નથી. પાઠ છે. એમાં આ બધા પાઠ છે. આહાહા..! સર્વને દેખે છે પણ કોઈને દેતા નથી. ભાષા એવી છે કે સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. હે પરમાત્મા! આપ પૂર્ણ દશાને પ્રાપ્ત થયા તો અમને પણ દેખાડો. એનો અર્થ

એ કે પોતાની પ્રયત્ન દશામાં પુરુષાર્થ કરીને પોતાની પ્રગટ કરે છે તે સિદ્ધને દેખાડો એમ કહેવામાં આવે છે. કાંઈ સિદ્ધ બીજાને દેખાડે કે સિદ્ધ પરને કાંઈપણ આપે (એમ નથી). નમોત્થુણં આ તો આવે છે ને? તરણતારણ, તિન્નાણં તારયાણં. નમોત્થુણં કર્યું હશે કે નહિ? એમાં નમોત્થુણંમાં આવે છે. તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોઅગાણં,.. તરનાર તરે છે અને ભગવાન તારે છે. તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં, બોહયાણં,... જ્ઞાન પામે છે અને સર્વજ્ઞ એને જ્ઞાન પમાડે છે. મુત્તાણં, મોઅગાણં,.. આત્મા મુક્ત થાય અને પરમાત્મા મુક્તિ આપે છે. કર્યું છે કે નહિ મોઢે? નમોત્થુણં છે? એ બધી વ્યવહારની વાત છે. લે-દે કોણ? આહાહા..!

અહીંયાં તો **'(મુક્તિસુંદરીનો) વલ્લભ થાય છે.'** શું કહે છે? કે જ્યારે પોતાની પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે તો પોતાની શુદ્ધ પરિણતિનો વલ્લભ થાય છે. દુનિયાનો વલ્લભ થાય અને દુનિયાને લાભ થાય એમ છે નહિ. આહાહા..! પોતાની શુદ્ધ પરિણતિના વલ્લભ થાય છે. આહાહા..! રાગ થાય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન હોય ત્યાં સુધી રાગ થાય છે. તો રાગ થાય ત્યાં સુધી દર્શન પ્રથમ અને જ્ઞાન પછી એવો ભેદ પડે છે. અહીં એ ભેદ કાઢીને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે તો પોતાની પૂર્ણતાની પર્યાયનો વલ્લભ થાય છે. એ દુનિયાનો વલ્લભ થાય કે ન થાય અને દુનિયાને કાંઈ દઈ શકે એ વાત છે નહિ. એ ૧૬૪નો કળશ થયો.

## ગાથા-૧૬૫

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा।।१६५।।**

**ज्ञानमात्मप्रकाशं निश्चयनयेन दर्शनं तस्मात्।**
**आत्मा आत्मप्रकाशो निश्चयनयेन दर्शनं तस्मात्।।१६५।।**

निश्चयनयेन स्वरूपाख्यानमेतत्।

निश्चयनयेन स्वप्रकाशकत्वलक्षणं शुद्धज्ञानमिहाभिहितं तथा सकलावरणप्रमुक्तशुद्धदर्शनमपि स्वप्रकाशकपरमेव। आत्मा हि विमुक्तसकलेन्द्रियव्यापारत्वात् स्वप्रकाशकत्वलक्षणलक्षित इति यावत्। दर्शनमपि विमुक्तबहिर्विषयत्वात् स्वप्रकाशकत्वप्रधानमेव। इत्थं स्वरूपप्रत्यक्षलक्षण-लक्षिताक्षुण्णसहजशुद्धज्ञानदर्शनमयत्वात् निश्चयेन जगत्त्रयकालत्रयवर्तिस्थावरजंगमात्मकसमस्त-द्रव्यगुणपर्यायविषयेषु *आकाशाप्रकाशकादिविकल्पविदूरस्सन् स्वस्वरूपे *संज्ञालक्षणप्रकाशतया (?) निरवशेषेणान्तर्मुखत्वादनवरतम् अखंडाद्वैतचिच्चमत्कारमूर्तिरात्मा तिष्ठतीति।

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દષ્ટિ છે. ૧૬૫.**

**અન્વયાર્થ :–** [ निश्चयनयेन ] નિશ્ચયનયથી [ ज्ञानम् ] જ્ઞાન [ आत्मप्रकाशं ] સ્વપ્રકાશક છે; [ तस्मात् ] તેથી [ दर्शनम् ] દર્શન સ્વપ્રકાશક છે. [ निश्चयनयेन ] નિશ્ચયનયથી [ आत्मा ] આત્મા [ आत्मप्रकाशः ] સ્વપ્રકાશક છે; [ तस्मात् ] તેથી [ दर्शनम् ] દર્શન સ્વપ્રકાશક છે.

**ટીકા :–** આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.

અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે; તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધ દર્શન પણ સ્વપ્રકાશક જ છે. આત્મા ખરેખર, તેણે સર્વ ઇન્દ્રિય-વ્યાપારને છોડ્યો હોવાથી, સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે; દર્શન પણ તેણે બહિર્વિષયપણું છોડ્યું હોવાથી સ્વપ્રકાશકત્વપ્રધાન જ છે. આ રીતે સ્વરૂપપ્રત્યક્ષ-લક્ષણથી લક્ષિત અખંડ-સહજ-શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે, નિશ્ચયથી, ત્રિલોક-ત્રિકાળવર્તી સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વિષયો સંબંધી પ્રકાશ્ય-પ્રકાશકાદિ વિકલ્પોથી અતિ દૂર વર્તતો થકો, સ્વસ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે, આત્મા નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.

## ગાથા–૧૬૫ ઉપર પ્રવચન

હવે ૧૬૫.

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा।।१६५।।**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દષ્ટિ છે. ૧૬૫.**

'**ટીકા :– આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.**' પહેલા વ્યવહાર આવ્યો. વ્યવહારથી જ્ઞાન દેખે તો દર્શન પણ વ્યવહારથી દેખે. તો જીવ પણ વ્યવહારથી દેખે. બે અભેદ છે ને? આહાહા..! આ બહુ વર્ણવવાનો હેતુ એવો છે કે એ જાણન-દેખન શક્તિ, જાણન-દેખનની પૂર્ણતા કરે. પણ એનાથી કાંઈ પરને લાભ થાય... આહાહા..! પોતાની પૂર્ણ પરિણતિ સિવાય બીજાને કાંઈપણ લાભ દઈ શકે એવી ચીજ છે નહિ. સિદ્ધ ભગવાન પરમાત્મા થાય તોપણ કોઈને દઈ શકે નહિ.

મુમુક્ષુ :– શાહુકાર લોકો ગરીબને મદદ કરે છે.

ઉત્તર :– એ મદદનું અભિમાન. અભિમાન કરે છે. પૈસા બીજાને દે છે. આમ કર્યું...

આમ કર્યું.

એ તો જ્ઞાન અને દર્શનસ્વરૂપ પ્રભુ જાણન-દેખનની ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત કરે છે. પણ જાણન-દેખનની ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થાય તો પરને કાંઈ દઈ શકે (એમ નથી), તો નીચેના પ્રાણી દઈ શકે એવું છે ક્યાં? પૂર્ણ પરમાત્મ દશા સ્વતંત્ર પ્રગટ થઈ અને જે દર્શન સ્વને દેખે એવું વ્યવહારથી કહ્યું હતું, એ દર્શન સ્વ-પરને દેખે, એ જ્ઞાન સ્વ-પરને જાણે. પોતામાં રહે. પરને કાંઈ દઈ શકે કે લઈ શકતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– પરને નથી આપતો માટે લોભિયો છે.

ઉત્તર :– પૂર્ણ સ્વરૂપમાં લીન છે એવો એ લોભિયો છે. પોતામાં પોતે ચીજ. અહીંયાં પણ એમ છે. કોઈને લઈ શકે, દઈ શકે (એમ નથી). વિકલ્પ કરે કે મેં આટલું આપ્યું, એટલું દીધું. આહાહા..! રાગ આવે છે પણ આત્માનો સ્વભાવ તો રાગને જાણવાનો છે. રાગને પણ જાણે. આહાહા..! એનું સ્વરૂપ તો જાણન-દેખન ચૈતન્યપુંજ છે. રાગ આવે છે, દ્વેષ આવે છે, વિષયવાસના થાય છે, એની ક્રિયા પણ થાય છે. છન્નું હજાર સ્ત્રી (હોય છે). છતાં જ્ઞાન જ્ઞાનપણે રહે છે. જ્ઞાન એ રાગ થાય છે તેને જાણે છે. એ રાગ, વિષયવાસના આવી માટે જાણે-દેખે એમ પણ નથી. એ સમયે જ્ઞાન જ સ્વપરનું પ્રકાશક પોતાથી પોતામાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? રાગ આવ્યો તો રાગને લઈને રાગને જાણે છે એમ નથી. આહાહા..! એ તો પોતાનો સ્વભાવ જ જાણવા-દેખવાનો છે. રાગ આવ્યો તો રાગને પણ જાણે એમ કહેવું એ વ્યવહાર છે. બાકી તો જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક પોતાથી પોતામાં પરની અપેક્ષા વિના ઉત્પન્ન થાય છે. આહાહા..! આવો માર્ગ હવે. એક તણખલાના બે કટકા કરી શકે નહિ. આ બધું... ઘણા દિવસે આવ્યા. કાલે વ્હોરાવવા આવ્યા હતા. પહેલાવહેલા. આહાહા..! શરીરની સ્થિતિ એવી છે. આહાહા..!

કેવળજ્ઞાન થાય તો રોગ નથી થતો અને રોગ હોય તે રહેતો નથી. કેવળજ્ઞાન (થયા) પહેલા 'સનતકુમાર' ચક્રવર્તી એ ભવે મોક્ષ જનારા. ગળતકોઢ (થયો હતો). આંગળા ગળી જાય. સાધુ, સંત, છઠ્ઠે ગુણસ્થાને આત્માના આનંદમાં લીન (છે). એના અંગ પણ ગળી જાય. લોહી ને માંસ ગળી જાય. ૭૦૦ વર્ષ. 'સનતકુમાર'. આહાહા..! છદ્મસ્થ અવસ્થામાં એવી દશા થાય છે. કેવળજ્ઞાન થયા પછી નહિ. પૂર્ણાનંદનો નાથ એ કોઈને દે નહિ, કોઈને લે નહિ. શરીરમાં રોગ અને ઉપસર્ગ હોઈ શકે નહિ. કેવળીને કોઈ રોગ કે ઉપસર્ગ નથી. બીજા કોઈ ઉપસર્ગ અને પરિષહ કેવળીને કરી શકે નહિ. કેવળજ્ઞાન ન હોય ત્યાં સુધી (હોય શકે). તું અપૂર્ણ કેમ છો? આહાહા..! ત્યાંથી બીજો પરિષહ-ઉપસર્ગ નિમિત્તરૂપે કહેવામાં આવે છે. નિમિત્તરૂપે. આહાહા..!

મુમુક્ષુ :– અગિયાર પરિષહ...

ઉત્તર :– અગિયાર પરિષહ નથી. કેવળીને પરિષહ નથી. નામમાત્ર કથન છે. અરે..!

કેવળીને શું છદ્મસ્થને પરિષહ અડતા નથી. એ વાત કરે છે ને. સંયોગી કોઈ અગ્નિ, સર્પ, વીંછીં. એનું દુઃખ નથી. એને તો આ શરીર અડતું પણ નથી. એ આને અડતું નથી અને શરીર એને અડતું નથી. ફક્ત એ સંયોગ ઉપર દૃષ્ટિ જતાં અંદર દ્વેષ આવે કે ઠીક નથી. એ દ્વેષનું વેદન છે. સંયોગનું વેદન નથી. આહાહા..! નારકીમાં એટલા પ્રતિકૂળ સંયોગ છે. ઓહો..! છતાં એ સંયોગનું દુઃખ નથી. સંયોગ ઉપર લક્ષ જાય ત્યાં રોકાય જાય છે એનું દુઃખ છે. આહાહા..! બીજી ચીજ તો એને અડતી પણ નથી. આહાહા..!

એનું મહાત્મ્ય તો જુઓ! કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય ત્યારે પરિષહ, ઉપર્સગ હોતા નથી. કોઈને લઈ-દઈ શકે નહિ, પરિષહ-ઉપસર્ગ નથી. આહાહા..! અને રોગાદિ નથી. છદ્મસ્થ છે ત્યાં સુધી ચાર જ્ઞાનના ધણી મુનિ (છે)... આહાહા..! છતાં શરીરમાં રોગ હોય. એવી દશા નાશ કરીને જ્યાં પૂર્ણ દશા પ્રગટ થઈ (ત્યાં તેને) રોગ નહિ, ઉપસર્ગ નહિ, પરિષહ નહિ, અલ્પતા નહિ કે સાથે દર્શન પણ સ્વને દેખે એટલું જ નથી. દર્શન પણ સાથે બધાને દેખે. જ્ઞાન સર્વને દેખે છે એમ દર્શન પણ સર્વને દેખે છે. આહાહા..!

અહીંયાં હવે કહે છે, **'નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.' 'અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે;...'** પર કાઢી નાખ્યું. છે? **'નિશ્ચયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે;...'** એ સ્વપ્રકાશકપણું. સ્વપરને જાણવું એ સ્વપ્રકાશકપણું છે. પોતાનો સ્વભાવ જ એટલો છે કે સ્વપરને જાણે છતાં એ સ્વપ્રકાશક છે. પોતામાં રહીને સ્વપરને જાણે એ પોતાના જ્ઞાનદર્શન છે. આહાહા..! **'નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધ દર્શન પણ સ્વપ્રકાશક જ છે.'** આહાહા..! નિશ્ચયથી વાત (કરી છે). જેમ પહેલા વ્યવહાર કહ્યો હતો કે પરને દેખે. એમ અહીંયાં નિશ્ચયથી સ્વને દેખે. દર્શન પણ સ્વને દેખે. આહાહા..! જ્ઞાન જેમ પરને ન દેખે, નિશ્ચયથી તો સ્વપ્રકાશક છે, એમ દર્શન પણ સ્વપ્રકાશક જ છે. આહાહા..!

**'આત્મા ખરેખર, તેણે સર્વ ઇન્દ્રિય-વ્યાપારને છોડ્યો હોવાથી, સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે;...'** એ શું કહ્યું? કે પહેલા જ્યારે જ્ઞાનને સ્વપ્રકાશક કહ્યું, પછી દર્શનને સ્વપ્રકાશક કહ્યું તો આત્મા પણ સ્વપ્રકાશક છે. આત્મા પણ સ્વપ્રકાશક છે. આહાહા..! નિશ્ચયનયથી જેમ પોતાનું જ્ઞાન પોતાને જ પ્રકાશે છે, એમ દર્શન પોતાને દેખે છે, એમ આત્મા પણ પોતાને જાણે છે. એ ગુણની વાત કરી, ગુણને ધરનારની વાત કરી. જુઓ! આવ્યું. આહાહા..!

**'આ રીતે સ્વરૂપપ્રત્યક્ષ લક્ષણથી લક્ષિત અખંડ-સહજ-શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે,...'** શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે **'નિશ્ચયથી, ત્રિલોક-ત્રિકાળવર્તી સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વિષયો સંબંધી પ્રકાશ્ય-પ્રકાશકાદિ વિકલ્પોથી અતિ દૂર વર્તતો થકો,...'** આહાહા..! **'સ્વસ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે,...'** આત્માની વાત કરે છે. પહેલા ગુણની વાત કરી. આહાહા..! એટલો મહિમાવંત પ્રભુ અંદર

(બિરાજે છે). આહાહા..! જેમ જ્ઞાન નિશ્ચયથી સ્વપ્રકાશક છે, દર્શન પણ સ્વપ્રકાશક છે તો એના ગુણનો ધરનાર આત્મા પણ સ્વપ્રકાશક છે. આહાહા..! એ કહે છે. છેલ્લે એ કહ્યું.

**'એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે,...'** આત્મા અંતર્મુખ હોવાને લીધે. છે? **'આત્મા નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'** આહાહા..! એનો ગુણ જેમ જાણન-દેખન સંપૂર્ણ છે. પરને નહિ, પોતાને જાણે દેખે. એમ ભગવાનઆત્મા પણ પોતાને જ જાણે-દેખે, પરને નહિ. આહાહા..! આચાર્યે પોતે પોતા માટે આ બનાવ્યું છે. એમાં આ વાત લીધી છે. 'નિયમસાર' પોતે પોતાને માટે બનાવ્યું છે. એમાં આ વિષય લીધો છે. અખંડ વસ્તુ, આ ગુણ અને ગુણી અખંડ છે એમ બતાવવું છે. કોઈ ગુણ ભિન્ન અને ગુણી ભિન્ન છે એમ નથી. ગુણ જેવો કહ્યો છે એવું આત્માનું કાર્ય છે. જો વ્યવહારનયથી ગુણને પરપ્રકાશક કહો તો આત્માને વ્યવહારથી પરપ્રકાશક કહો. ગુણને નિશ્ચયથી સ્વપ્રકાશક કહો તો આત્મા પણ નિશ્ચયથી સ્વપ્રકાશક કહ્યો છે. આહાહા..!

**'આત્મા નિરંતર અખંડ–'** પૂર્ણ, **'અદ્વૈત–'** એક. **'ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'** પરને જાણવા-દેખવામાં જાતો નથી. એ ઉપયોગ પણ પરમાં જતો નથી. આહાહા..! નિશ્ચયથી. વ્યવહારથી પર ઉપર લક્ષ છે તો એ જણાય છે તો વ્યવહાર કહ્યો. એ વ્યવહાર અસદ્ભુત વ્યવહાર છે. આહાહા..! અંતરમાં પોતાનો અસંખ્ય પ્રદેશ અનંત જ્ઞાન-દર્શન-આનંદથી ખીલી ઊઠ્યો છે તોપણ પરને અડતા નથી. આહાહા..! અન્યમાં કહે છે કે પરમાત્મા હોય તો બીજાને લાભ આપે. આહાહા..! અહીંયાં ભક્તોને ભીડ પડી જાય. ભક્તોને ભીડ કરવા રાક્ષસો આવે તો એને બચાવવા ઈશ્વર પણ મોક્ષમાંથી ચાલ્યા આવે. એમ છે નહિ. એ બતાવવું છે. પૂર્ણ પૂર્ણ સ્વરૂપ પોતામાં છે. અનાદિથી પોતામાં જ છે. પરને કાંઈ લીધું-દીધું નથી. આહાહા..! પોતામાં વિકાર કરે અને વિકાર ટાળે. પૂર્ણ થયો તો પૂર્ણાનંદમાં લીન છે. પોતાની પૂર્ણ દશામાં આત્મા લીન છે. નિશ્ચયથી બહારને દેખે છે એ પણ વ્યવહારથી, નિશ્ચયથી નહિ. આહાહા..! એવા આત્માને અહીં ઘણું કામ કરાવવું... આહાહા..! હું બોલું છું, હું ખાઉં છું, હું પીવું છું, હું પરનું કરું છું, હું લખું છું. કહો, જજ! આ જજ લખતા હશે કે નહિ? કોર્ટમાં બોલે કે નહિ? 'કનુભાઈ' જજ હતા ને? 'અમદાવાદ'. ભાષા-બાષા આત્મા કાંઈ કરી શકતો નથી. દલીલ કરી શકે નહિ. આહાહા..! આકરી વાત છે, પ્રભુ!

ચૈતન્યઘન ચૈતન્યપુંજ ચૈતન્યસાગર પોતામાં ડોલે છે. આહાહા..! ડોલે છે એટલે પોતામાં પરિણમન કરે છે. પણ પરમાં એની કાંઈ મદદ મળે કે પર મદદ આપે એવું પૂર્ણાનંદના નાથ પરમાત્મામાં હોતું નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! અહીં રહ્યા છતાં પણ... ઓહોહો..! એક આ ઉપાડવાનું કામ આત્માનું નથી. આત્મા એને અડતો નથી. આ આંગળીને અડતો નથી અને આંગળી એને અડતી નથી. ઓહોહો..!

આત્મા પૂર્ણ થયો તો એવી કોઈ શક્તિ હશે કે નહિ? એ પ્રશ્ન ચાલ્યો હતો કે આત્મામાં

અનંત શક્તિ છે તો એમાં એક શક્તિ એવી પણ હોય કે પરનું કાંઈ કરી શકે. એ પ્રશ્ન ચાલ્યો હતો. સમજાણું કાંઈ? સંખ્યાએ અનંતી શક્તિ અંદરમાં છે. તો એક શક્તિ એવી પણ હોય કે પરનું કાંઈક કરે. ના પાડે છે કે એમ નથી. અનંત શક્તિમાં એવી કોઈ શક્તિ નથી. ગુણ અનંત છે. સંખ્યાએ આત્મામાં અનંત ગુણ છે પણ કોઈ ગુણ એવો નથી કે પરનું કરી શકે. તેમ કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે. આહાહા..! પરનું તો કરી શકે નહિ પણ ગુણ એવા છે કે વિકાર પણ ન કરે. બધા અનંતા ગુણ પવિત્ર છે. વિકાર જે થાય છે એ તો પર્યાયમાં અદ્ધરથી નિમિત્તને આધીન, નિમિત્તને વશ થઈ પર્યાયમાં વિકાર થાય છે. આહાહા..! તત્ત્વને સમજવું અલૌકિક વાત છે. એ કાંઈ સાધારણ વાત નથી. આહાહા..! એ અહીં કહ્યું.

**'અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'** ચૈતન્ય સ્વપરને જાણે છે એમ કહો તોપણ પોતામાં રહે છે. એ સ્વપરનો અર્થ સ્વ જ છે. આત્મજ્ઞાન આત્મસ્વરૂપને જાણે એનો અર્થ આત્મજ્ઞ જ છે. પરમાં જતો નથી અને પરને દેખતો નથી, એ આત્મજ્ઞ જ છે. આહાહા..! હવે અહીંયાં આખો દિ' પરના કામ કરવા અને માનવું કે મેં આ કર્યું. આને દીધું, લીધું, આમ જોયું, આને કાગળ લખ્યો. પરને કાગળ લખ્યો બોલાવવા માટે. તો એ આવશે. આ બધા અભિમાન. આહાહા..! પરમાણુ-પરમાણુની ક્રિયા સ્વતંત્ર છે એનું અભિમાન (કરે છે) એ પણ સ્વતંત્ર છે. અભિમાન કરવા માટે સ્વતંત્ર છે. કેવળજ્ઞાન થતાં બધું છૂટી જાય છે. પરનું તો પહેલેથી કરી શકતો નથી પણ પોતામાં ગુણ વિકારરૂપ થતા નથી. પણ પર્યાયમાં વિકાર હતો એ પણ પૂર્ણાનંદમાં નથી. પૂર્ણાનંદ પોતામાં ચૈતન્યચમત્કાર. **'ચૈતન્યચમત્કાર મૂર્તિ રહે છે.'** પરનો કર્તા છે, પરને મદદ કરે કે ભગવાનની ધૂન લગાવે. ણમો સિદ્ધાણં... ણમો સિદ્ધાણં... ણમો સિદ્ધાણં... ખૂબ ધૂન લગાવે તો સિદ્ધ કોઈ મદદ કરે (એમ નથી). આહાહા..!

મુમુક્ષુ :– પુણ્ય તો બંધાય છે ને? સિદ્ધ ભગવાનને સ્મરણ કરવાથી પુણ્ય તો બંધાય છે ને?

ઉત્તર :– શુભભાવ. એ તો શુભભાવ છે. શુભભાવને ઘોર સંસાર કહ્યું છે. આમાં છે. ક્યાંક લખ્યું છે. વિશેષ વિશેષ શું છે એ લખ્યું છે, હોં! ક્યાં હોય એ ખબર ન પડે. ઘોર સંસાર આવ્યું લ્યો! એ પાનું-૩૦. જુઓ! ૩૦ ઉપર છે ને? **'ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃતને, સુખ કે દુઃખને અત્યંત પરિહરો.'** આહાહા..! કેમકે એ ઘોર સંસાર છે. એ બીજે ક્યાંક આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સંસાર એ ઘોર સંસાર છે. શુભભાવને એમ કહ્યું છે. હાથ ન આવ્યું. લખ્યું છે એમ ખબર છે. સુકૃત અને દુષ્કૃત કહે છે ને. સંસારનું મૂળ. આહાહા..! **'ભેદોના જ્ઞાનને**

**પામીને ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સુકૃત અને દુષ્કૃતને, સુખ કે દુઃખને અત્યંત પરિહરો.'** આહાહા..! એ બીજે ઠેકાણે છે. એમાં આવ્યું નહિ. લખ્યું હતું ખરું. અનંત સંસાર.

મુમુક્ષુ :- પાનું-૩૦

ઉત્તર :- પાનું-૩૦? ૧૮મો કળશ? એમાં છે. આ તો ઘોર સંસાર આ લ્યો એમાં આવ્યું. અહીં ૧૮ કળશમાં આવ્યું ને. મૂળમાં પાઠ છે, લ્યો. **'घोरसंसारमूलम्।'** છે? ૧૮મો કળશ. પાનું-૩૦. એ શુભભાવ **'घोरसंसारमूलम्।'** અર્થકારે બરાબર ન કર્યું. સંસારનું મૂળ છે એમ કહ્યું. સંસારનું મૂળ. બીજે ઠેકાણે ઘોર સંસારનું મૂળ (કહ્યું છે). શુભરાગ એ ભગવાનની ભક્તિનો રાગ એ ઘોર સંસારનું મૂળ છે. અહીંયાં જુઓને, કહ્યું ને? **'घोरसंसारमूलम्' 'इति निगदितभेदज्ञानमासाद्य भव्यः परिहरतु समस्तं घोरसंसारमूलम्।'** આહાહા..! ૧૮ છે. ... છે. ઘોર શબ્દ નથી નાખ્યો. આમાં છે. છે, આ રહ્યો.

**'એ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત અને દુષ્કૃતને,...'** સુકૃતને ઘોર સંસારનું મૂળ (કહ્યું). ૧૮મો કળશ. કળશ-કળશ. ૩૦ મે પાને. મૂળ પાઠમાં નીચે અર્થમાં. મૂળ હતું એ ઘોર આમ રહી ગયું. દબાઈ ગયું. **'એ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત અને દુષ્કૃતને,...'** સમસ્ત. એમાં ફલાણો શુભભાવ આમ... એ પાઠ છે. **'સમસ્ત સુકૃત અને દુષ્કૃતને, સુખ ને દુઃખ...'** ઘોર સંસારનુ મૂળ છે. આહાહા..! લોકો બિચારા રાડ પાડે છે કે 'સોનગઢ'વાળા આ શું કહે છે?

શુભભાવ હોય કે અશુભ હોય, પ્રભુ! ચૈતન્યથી વિરુદ્ધ છે. જ્યારે ચૈતન્ય અમૃતનો સાગર છે ત્યારે આ દુઃખરૂપ છે, ઘોર સંસાર છે. સુકૃત અને દુષ્કૃત બેય ઘોર સંસાર છે. પંચમહાવ્રત ઘોર સંસાર છે. આહાહા..! રાડ નાખે. પંચ પરમેષ્ઠીનું સ્મરણ શુભરાગ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..! આવી આકરી વાત છે. ઓલું ઘોર હાથ નહોતું આવતું. આહાહા..! એ તો શુભભાવમાં મસ્ત રહે. આખો દિ' શુભભાવ. પણ એ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..! આવું તો આકરું લાગે, 'બાબુભાઈ'! હિન્દીમાં આવું કહેવા જાય... વ્યવહારથી નિશ્ચય થાય એમ માનનારને એમ કહેવું કે દુષ્કૃત અને સુકૃત, સુખ ને દુઃખ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..!

એકકોર ભગવાન આનંદસ્વરૂપ, એક બાજુ પુણ્ય અને પાપ ઝેર. આહાહા..! એ ઘોર સંસારનું મૂળ છે. અને આત્મા મુક્તિનું મૂળ છે. આત્માના પરિણામ કહો કે આત્મા મુક્તસ્વરૂપ જ છે. આત્મા મુક્તસ્વરૂપ જ છે અને એ મુક્તિનું મૂળ છે. અને પુણ્ય-પાપ એ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..! આવું માણસને આકરું લાગે. બીજા ઘણા બોલ છે. પાનું આખું લખ્યું છે. આહાહા..!

'[હવે આ ૧૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક-૨૮૧

(मंदाक्रांता)

आत्मा ज्ञान भवति नियतं स्वप्रकाशात्मकं या
दृष्टिः साक्षात् प्रहतबहिरालंबना सापि चैषः।
एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः
स्वस्मिन्नित्यं नियतवसतिर्निर्विकल्पे महिम्नि।।२८१।।

**[શ્લોકાર્થ :–] નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે; જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે એવું (સ્વપ્રકાશક) જે સાક્ષાત્ દર્શન તે-રૂપ પણ આત્મા છે. એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે અને જે પુરાણ (સનાતન) છે એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે. ૨૮૧.**

## શ્લોક-૨૮૧ ઉપર પ્રવચન

आत्मा ज्ञान भवति नियतं स्वप्रकाशात्मकं या
दृष्टिः साक्षात् प्रहतबहिरालंबना सापि चैषः।
एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः
स्वस्मिन्नित्यं नियतवसतिर्निर्विकल्पे महिम्नि।।२८१।।

**શ્લોકાર્થ :–** આહાહા..! **'નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે;...'** આહાહા..! જ્ઞાન સ્વપ્રકાશક છે. પરનો પ્રકાશક કહેવું એ તો નિમિત્તથી અસદ્ભુત વ્યવહારનયથી કથન છે. આહાહા..! અહીં સુધી જાવું. હજી અહીંયાં તો દયા પાળો, વ્રત કરો, શાસ્ત્ર બનાવો, એનાથી કલ્યાણ થશે. આહાહા..! છાપામાં બહુ આવે છે. ફલાણા પંડિતે આ પુસ્તક બનાવ્યું. હમણા આવ્યું હતું. એને આ ઈનામ આપ્યું, વસ્ત્ર આપ્યા, એક હજાર રૂપિયા આપ્યા. આ 'ફુલચંદજી'એ માગ્યા છે. એ કેવા સાગર? 'વિદ્યાસાગર'. ત્યાં ગયા ત્યારે એને હજાર રૂપિયા આપ્યા હતા. મોઢા આગળ રાખ્યા. લોકો બહારના માન અને મોભામાં રાજી રાજી થઈ જાય. આહાહા..!

અહીં તો એ કહે છે, જુઓ! **'નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે;...'** આહાહા..!

પરપ્રકાશક જે છે એ સ્વપ્રકાશક જ છે. એ તો પરના નામની અપેક્ષા લીધી. બાકી સ્વપરપ્રકાશક એટલે નિશ્ચયથી સ્વપ્રકાશક જ છે. આહાહા..! પરને જાણતું નથી. નિશ્ચયથી પરને જાણતું નથી. આહાહા..! પરને કરતું નથી, કોઈપણ પરની રચના તો કરતું નથી પણ પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે. આહાહા..! **'જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે એવું (સ્વપ્રકાશક) જે સાક્ષાત્ દર્શન...'** હવે દર્શન લે છે. **'દર્શન (પણ સ્વપ્રકાશક જ છે.) તે-રૂપ પણ આત્મા છે.'** આહાહા..! તે-રૂપ પણ આત્મા છે. સ્વને જોતા આત્મા સ્વને જ દેખે, તે રૂપ છે એ આત્મા. આહાહા..!

**'એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે...'** ભલે દર્શન પરને ન દેખે, સ્વને દેખે છતાં એ એકાકાર નિજરસના.. એકાકાર છે. આહાહા..! સ્વપર દેખવું એ સ્વરૂપ એક છે. સ્વપરને દેખવું એ સ્વરૂપ એક છે. સ્વપરને દેખવું એ બે (સ્વરૂપ) નહિ. આહાહા..! આવી વ્યાખ્યા. **'એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે (દર્શન પણ) પવિત્ર છે...'** જ્ઞાન જેમ પવિત્ર છે એમ દર્શન પોતાને દેખતું પવિત્ર છે, સ્વપ્રકાશક છે. આહાહા..! નિશ્ચયથી આત્માએ કદી પર સામું જોયું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના જ્ઞાનદર્શન સિવાય, એને પણ દેખવું એ વ્યવહાર છે. પોતાને દેખવા સિવાય પરને દેખવું એ જ નથી. પરને દેખવાનું છે નહિ. તો પરનો કર્તા તો ક્યાં રહ્યો? આહાહા..! એક અક્ષર બનાવું, અનંત પરમાણુની પર્યાય એનો કર્તા આત્મા બિલકુલ નથી. આહાહા..! એ સમયે અક્ષરની પર્યાય થવાની હતી. ક્રમબદ્ધમાં એ પરમાણુની પર્યાય થવાની હતી. આત્મા પરનું કાંઈ કરી શકતો નથી. આહાહા..! પરનું તો નથી કરી શકતો, નિશ્ચયથી પરને જાણતો પણ નથી. આહાહા..! અહીં સુધી જાવું. અંદર દેખાય છે. આ ચીજ દેખાય છે ને. ચીજ નથી દેખાતી. એ પોતાની દર્શન પર્યાય, જ્ઞાન પર્યાય દેખાય છે. કેમકે પરને તો અડતો નથી. પોતા સિવાય પરને તો અડતો નથી. આહાહા..! આત્મા પોતાના ક્ષેત્રમાં રહીને પોતાને દેખે-જાણે છે. આહાહા..! અરે..! એક પણ બોલ એને પણ સખત પૂર્ણ રૂપે એની પ્રતીતિ થવી જોઈએ. એક ભાવને યથાર્થ દેખે એ બધા ભાવને યથાર્થ દેખે. આહાહા..!

જ્ઞાન અને દર્શન પોતાનો સ્વભાવ (છે). એ પૂર્ણ સ્વરૂપ પોતાને પોતામાં જોવે એ એનું વાસ્તવિક સ્વરૂપ છે. પરને દેખવું એ વાસ્તવિક સ્વરૂપ નથી. એ તો વ્યવહાર છે. ગજબ વાત છે. તો પરનું કરવું એ તો મિથ્યાત્વભાવ છે. પોતાના આત્માની ક્રિયા સિવાય રાગનું કરવું અને પરનું કરવું તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! નિષ્ક્રિય થઈ જવું? નિષ્ક્રિય છે. થઈ જવું ક્યાં? આહાહા..! પરનો કર્તા તો છે જ નહિ. પરને જાણે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો છે જ નહિ. આહાહા..! કેમકે પરને જાણવું એ તો વ્યવહારથી કથન છે. કથનમાત્રથી બોલવામાં આવે છે. બીજી કોઈ વાત છે નહિ. આહાહા..! પોતાની

ચીજ પોતામાં રાખીને પોતાને દેખે છે. આહાહા..!

પોતાની કેવળજ્ઞાનની અને કેવળદર્શનની પર્યાય સ્વપ્રકાશક નિશ્ચયથી સ્વપ્રકાશક છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, ષટ્કારક પોતાની પર્યાયમાં પોતાથી કરે છે. આહાહા..! પરને જાણવું-દેખવું એ નહિ. નિશ્ચયથી પોતાનો કર્તા પર્યાયમાં, પોતાનું કાર્ય, પોતાનું સાધન, પોતાનું કરી પોતે રાખી, પોતાના આધારથી. એ કેવળજ્ઞાનની પર્યાયનો ષટ્કારક પોતાથી થાય છે. આહાહા..! દરેક દ્રવ્યની–છએ દ્રવ્યની વિકારી કે અવિકારી પર્યાય પોતાના ષટ્કારકથી પરિણમે છે. પરની કોઈ અપેક્ષા છે જ નહિ. આહાહા..! આ બધું બહારનું તોફાન, એમાં મોટપ માને, ધમાલ કરે. એ કો'ક 'વૃદ્ધિચંદજી' છે. એનું લખાણ આવ્યું છે કે પ્રતિષ્ઠામાં આ પંચકલ્યાણક ને એ બધું ક્યાંથી થયું? ક્યાંથી આવ્યું? ભગવાનની પ્રતિષ્ઠા કરે, બસ. આ બધું પંચકલ્યાણક ને ઉપાધિ ને માણસો ને મા-બાપ બનાવવા. એવું લખે છે. આહાહા..! એમાં અહીંનો વિરોધ લખે છે. પરનું કાંઈ કરી શકતો નથી. વ્યવહારથી પણ લાભ ન દે. આહાહા..! વાત તો સાચી. વ્યવહારથી લાભ છે–નુકસાનનો–વિકારનો લાભ છે. વ્યવહાર વસ્તુમાં છે જ નહિ.

અહીં તો કહ્યું ને? પરને દેખવું વ્યવહારથી છે. પોતાને દેખવું-જાણવું એ નિશ્ચયથી છે. રાગને કરવું અને પરને કરવું એ તો ક્યાંય રહી ગયું. અરે..! આવી વાત! આવી વિદ્યાર્થીઓને મળી નથી. ક્યાંય મળી હતી? આવી સાંભળવા મળી નથી. અત્યારે સાંભળવા મળે એવું નથી. આહાહા..! પરનું કાંઈ કરી શકે નહિ. અરે..! પરને જાણવું એ પણ વ્યવહાર છે. ગજબ વાત છે. આહાહા..!

એ કહ્યું ને? **'જે પુરાણ (સનાતન) છે...'** આત્માએ પોતાની પૂર્ણ પર્યાય પ્રગટ કરી એ પૂર્ણ પવિત્ર છે. એ પુરાણ છે, સનાતન છે. **'એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે.'** આહાહા..! પોતાના માટે પુસ્તક બનાવ્યું એમાં આ લખ્યું છે. 'કુંદકુંદાચાર્યે' પોતાના માટે બનાવ્યું છે. એમાં આ લખ્યું છે કે પોતાનો આત્મા પોતાની પર્યાયમાં લીન છે, બસ. બહારમાં કાંઈ લેવા-દેવાની વાત નથી. આહાહા..! પરનું કરવું અને પરને ભોગવવું એ તો સ્વરૂપમાં છે જ નહિ. પણ પરને જાણવું, પરને દેખવું એ પણ અસદ્ભુત ખોટા વ્યવહારથી કથન છે. આહાહા..! પોતાને પોતાનો આત્મા જાણે-દેખે એ પણ સદ્ભુતવ્યવહાર છે. જાણવું-દેખવું અને આત્મા બે ભેદ પડી ગયા ને? બાકી એ તો જ્ઞાયક જ જ્ઞાયક છે. બસ. જ્ઞાયક તે પૂર્ણ જ્ઞાયક થયો તો જ્ઞાયક રહી ગયો.

અહીં તો કહે કે **'આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમા...'** વિકલ્પ નહિ, ભેદ પણ નહિ. આહાહા..! **'નિશ્ચિતપણે વસે છે.'** પોતાની પર્યાયમાં પરમાત્મા સાદિ અનંત રહે છે. કદી વિકલ્પ ઉઠે નહિ ને પરનું કાંઈ કરે નહિ, પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. નિશ્ચયથી પોતાની પર્યાયમાં રહે છે એ વસ્તુનું સ્વરૂપ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૬૬

अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं।
जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ।।१६६।।

आत्मस्वरूपं पश्यति लोकालोकौ न केवली भगवान्।
यदि कोपि भणत्येवं तस्य च किं दूषणं भवति।१६६।।

शुद्धनिश्चयनयविवक्षया परदर्शनत्वनिरासोऽयम्।

व्यवहारेण पुद्गलादित्रिकालविषयद्रव्यगुणपर्यायैकसमयपरिच्छित्तिसमर्थसकलविमल-केवलावबोधमयत्वादिविविधमहिमाधारोऽपि स भगवान् केवलदर्शनतृतीयलोचनोऽपि परमनिरपेक्षतया निःशेषतोऽन्तर्मुखत्वात् केवलस्वरूपप्रत्यक्षमात्रव्यापारनिरतनिरंजननिजसहजदर्शनेन सच्चिदानंदमयमात्मानं निश्चयतः पश्यतीति शुद्धनिश्यनयविवक्षया यः कोपि शुद्धान्तस्तत्ववेदी परमजिनयोगीश्वरो वक्ति तस्य च न खलु दूषणं भवतीति।

---

પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,
—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે ? ૧૬૬.

અન્વયાર્થ :– [ केवली भगवान् ] (નિશ્ચયથી) કેવળી ભગવાન [ आत्मस्वरूपं ] આત્મસ્વરૂપને [ पश्यति ] દેખે છે, [ न लोकालोकौ ] લોકાલોકને નહિ– [ एवं ] એમ [ यदि ] જો [ कः अपि भणति ] કોઈ કહે તો [ तस्य च किं दूषणं भवति ] તેને શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)

ટીકા :– આ, શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.

જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ સંબંધી પુદ્‌ગલાદિ દ્રવ્યગુણપર્યાયોને જાણવામાં સમર્થ સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે, તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં, પરમ નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન એવા નિરંજન નિજ સહજદર્શન વડે સચ્ચિદાનંદમય આત્માને નિશ્ચયથી દેખે છે (પરંતુ લોકાલોકને નહિ)–એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર (જાણનાર, અનુભવનાર) પરમ જિનયોગીશ્વર શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી કહે છે, તેને ખરેખર દૂષણ નથી.

**પ્રવચન નં. ૧૯૭, ગાથા–૧૬૬, શ્લોક–૨૮૨, બુધવાર, અષાઢ વદ ૩, તા.૩૦-૭-૮૦**

'નિયમસાર' ૧૬૬ ગાથા.

**अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ।।१६६।।**
**પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.**

આહા..હા..! એક વાત તો એમ છે કે જ્યાં જ્યાં આત્મા પરમાણુની સમીપમાં છે એ પરમાણુને અડ્યો નથી. કર્મ, શરીર કે કોઈપણ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિયના શરીર. કારણ કે આત્મા તો જ્ઞાન ને દર્શન (સ્વરૂપ છે), એ કોઈ ચીજને સ્પર્શતો નથી. આહા..હા..! ફક્ત એની ભૂલ એ કે આત્મા સિવાય કોઈ પણ એક પરમાણુથી માંડીને લોકાલોકના પરમાણુ, એને કંઈ પણ તે કોઈ દિ' અડ્યો નથી તો એનું કર્યું તો છે નહિ, તેમ કરાવી શકતો નથી. કેમકે જડનું કાંઈ કરાવી શકે નહિ. ફક્ત થાય છે એને અનુમોદે છે એ એનું અજ્ઞાન છે. શું કહ્યું? આહા..હા..!

આ આત્મા... અહીં કહે છે કે પોતાના સ્વરૂપમાં છે. એ પરને દેખતો જ નથી. દેખતો નથી એ તો ઠીક, અહીં તો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં તે તે પરમાણુ મન, વચન ને કાયા, એના પરમાણુ એને કાળે, એને ક્ષેત્રે, એની પર્યાયે હો, પણ આત્મા એને અડતો નથી. આહા..હા..! આત્મા તો અરૂપી ચીજ છે. અરૂપી આત્મા છે. એ રૂપી એક રજકણથી માંડીને લોકાલોકના પરમાણુઓ, સ્કંધોને એને કોઈ દિ' અડતો નથી-સ્પર્શતો નથી. આહા..હા..! ફક્ત કરતો હોય તો એટલું કે એ એનું કરી શકે નહિ કાંઈ, તેમ કરાવી શકે નહિ, ફક્ત કર્તા હોય એને પોતાના અભિમાનથી અનુમોદન આપીને ચાર ગતિમાં રખડે છે. શું કહ્યું સમજાણું? આહા..હા..!

આખી દુનિયાના પુદ્ગલો એકેન્દ્રિયના શરીરથી માંડીને પંચેન્દ્રિયના શરીર ને મોટા સ્કંધ આખા, એને કોઈ દિ' ચૈતન્ય અરૂપી ભગવાન એને કદી અડતો જ નથી. કેમકે પોતે સ્પર્શ વિનાની ચીજ છે. એ સ્પર્શે ક્યાંથી? આહા..હા..! એ જ્યાં રહ્યો ત્યાં પોતે પરમાણુ જડથી તો ભિન્ન જ છે. એની સાથે તો કાંઈ છે નહિ. પણ તે જડને કરી શકતો તો નથી. એ અરૂપી જ્ઞાનઘન (અને) આ રૂપી, એને શું કરે? એમ કરાવી શકતો નથી કે ભાઈ! તું આનું–જડનું કર. એ માને ભલે કે હું કરાવું છું, પણ કરાવી શકતો નથી. ફક્ત થાતું હોય એને અજ્ઞાનભાવે અનુમોદન આપે કે આ તમે સારું કર્યું, આ તમે આ કર્યું, તમે

આ કર્યું અને તમે આ કર્યું. આહા..હા..! મણમાં આઠ પાનશેરીની ભૂલ. આઠ પાનશેરી સમજાણું ? મણમાં મણની ભૂલ (એટલે કે) પૂરેપૂરી ભૂલ. આહા..હા..!

અરૂપી પ્રભુ રૂપી જગતની કોઈ ચીજને કે અરૂપી ધર્માસ્તિકાય આદિ, એને કોઈ દિ' અડતો નથી, અડ્યો નથી. આહા..હા..! એનું કોઈ દિ' એક તણખલું તોડ્યું નથી, છોડ્યું નથી. અડ્યો નથી ત્યાં (છોડવાની વાત ક્યાં રહી). આહા..હા..! એટલે આખી દુનિયાના પુદ્ગલો, જ્યાં જ્યાં એ વસ્યો ત્યાં એ પુદ્ગલ, તેની તેની પર્યાયે પરિણમીને પુદ્ગલો ઉભા છે, તેને આત્મા અડ્યો નથી તો કર્તા તો છે નહિ, એમ કરાવી શકતો નથી. કેમકે એના અધિકારની વાત નથી. જડની પર્યાય જડથી પરિણમે છે એને એ કરાવી શકતો નથી. આહા..હા..! પણ કરાવી શકું છું અને કરે છે તેનું અનુમોદન કરી શકું છું, એ માન્યતા એની ભ્રમ છે. આહા..હા..! ભારે વાત. કેમકે પ્રભુ આત્મા તો અરૂપી છે અને તે પણ જ્ઞાન ને દર્શન ને આનંદ, એનો ધરનાર (છે). હવે જો એ ત્રિકાળીની દૃષ્ટિથી જોઈએ તો તો એની પર્યાયમાં પરપદાર્થનું અડવું તો નથી પણ એની પર્યાયમાં પરનું કરવું, કરાવવું, અનુમોદવાનો જે વિકલ્પ છે એ એની પર્યાયમાં અજ્ઞાનથી છે. વસ્તુના સ્વરૂપથી એ કાંઈ છે નહિ. આહા..હા..!

આત્મા સિવાય અનેરા પદાર્થને ગમે તે ક્ષેત્રમાં હો તે પરમાણુ પોતાની પર્યાયે, પોતાની પર્યાયે ત્યાં પરિણમી રહ્યો છે. એને એ આત્મા એમ માને કે આ મારાથી થાય છે. એ ભ્રમણા કરી શકે છે. આહા..હા..! તેમ ભ્રમણા કરાવે કે આ તમે કરો.. આ કરો.. એમ ભ્રમણા કરાવી શકે છે. એટલે ઓલો ભ્રમણા કરે તો કરાવી શકે એમ કહેવાય. બાકી પરને ભ્રમણા કરાવી શકતો પણ નથી. ભ્રમણા. પરમાણુનું તો કરી શકતો નથી પણ બીજાની ભ્રમણા એ કરી શકતો નથી. આહા..હા..!

એક વાત રહી ગઈ. એણે પોતે પોતાની જાતને જાણી નથી કે હું એક આત્મા જ્ઞાનસ્વરૂપ છું અને જાણનાર ને દેખનાર છું. એવી ચીજને પોતાની જાણી નથી એથી જેને જાણવા તરફનું વલણ છે તેમાં તે રોકાઈને માને છે કે હું આ કરું છું, આ કરાવું છું, આ કર્તાને અનુમોદુ છું. દુકાન સરખી ચાલતી હોય, નોકરો બરાબર કામ કરતાં હોય તો રાજી થાય કે બહુ સારું કામ કરે છે. આહા..હા..! આવી વાત! એય..! 'શાંતિભાઈ'! આવું છે.

આત્મા તો ચૈતન્યસ્વરૂપ અરૂપી છે. એ પોતાને છોડીને પર–રૂપી કે અરૂપી પદાર્થને ક્યારેય અડતો નથી. આહા..હા..! આ શું ભ્રમ ત્યારે? આખો દિ' પોતાને ભૂલીને આ કર્યું... આ કરું.. આ કરું... આ કર્યું... વેપાર કર્યા, ધંધો કર્યો, પૈસા મળ્યા, આને પૈસા દીધા, લીધા... આહા..હા..! આખા લોકમાં જેટલા પરમાણુનું પરિણમન થાય છે એનું પરિણમન સ્વતંત્ર પુદ્ગલનું છે. જીવ ત્યાં ઊભો રહીને એને જોનાર છે. એ જોનાર છે એમ ન માનતા હું એને કરી શકું છું એવી માન્યતાને લઈને પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..હા..! સમજાય

છે આમાં ? 'ભૈયાજી'! બહુ આકરી વાત, પ્રભુ !

અહીં તો એવો વિચાર આવ્યો કે... અરૂપી આત્મા તો તદ્દન ભિન્ન છે ને. એ અંદરના કર્મના રૂપીને અડતો નથી, શરીરને અડતો નથી અને જ્યાં જાય ત્યાં, જે જે શરીર મળે તેને કોઈ દિ' અડતો નથી અને એને રાખી શકતો નથી, તેને સુધારી શકતો નથી, તેને બગાડી શકતો નથી. આહા..હા..! ફક્ત અભિમાનમાં પોતાનું જ્ઞાન ને દર્શન એવું જાણવું-દેખવું સ્વરૂપ છે તે પણ પરને જાણવું દેખવું, જગતની જડની–પરની અવસ્થા તે કાળે થતાં, તેને જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! કરવું તો મિથ્યાત્વ છે પણ એને જાણવું, પોતામાં એ નથી એને જાણવું (કહેવું) એનું નામ વ્યવહાર અને પોતામાં છે તેને જાણવું (કહેવું) એનું નામ નિશ્ચય, એનું નામ સત્ય અને પોતામાં નથી તેને જાણવું એનું નામ ઉપચાર. આહા..હા..!

એ અહીં કહે છે. **'આ શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.'** શું કહે છે? આત્મા દર્શનસ્વરૂપ છે. એ પરને જોતો જ નથી. આહા..હા..! નિશ્ચયનયથી પરને દેખતો નથી. આહા..હા..! અહીંયાં તો હજી પરનું કરવું, હું પરનું કરી દઉં, સવારમાં ઊઠે, દુકાને જાય, નોકરો પાસે કામ લેવું, દબાણ કરવું, પોતાની હોંશિયારીની છાપ પાડવી જેથી એને દેખીને વગર કીધે કામ કરે. આહા..હા..! આ બધો ભ્રમ છે. આહા..હા..! ભગવાન અરૂપી ચૈતન્ય એ પરને ક્યાંય અડતો નથી, કરતો નથી, કરાવતો નથી, કર્તાને અનુમોદતો નથી. ફક્ત વ્યવહાર કરીએ તો તે પરને જાણે, દેખે છે એટલી મર્યાદા છે. વ્યવહાર કરીએ તો એટલી મર્યાદા છે. એ પણ અહીં ના પાડી. આહા..હા..! એ પણ અહીંયાં નિશ્ચયથી ના પાડી કે પરને દેખવું, જાણવું પણ જૂઠું છે. આહા..હા..! આવી વાત છે.

ચૈતન્યતત્ત્વ અરૂપી જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો ભગવાન એ અરૂપીમાં અરૂપીપણે.. એ કીધું ને? જુઓને. **'શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું ખંડન છે. જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્યગુણપર્યાયોને જાણવામાં સમર્થ સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,...'** ત્રણકાળ ત્રણલોક... એક સમયની સંયોગી ચીજને કરી શકવાને સમર્થ નથી. પણ ત્રણકાળ ત્રણલોકને જાણવા-દેખવાને સમર્થ છે. આહા..હા..!

અહીં કહે છે કે **'તોપણ તે ભગવાન,..'** કેવળજ્ઞાન વડે પરને જાણવા-દેખવાને સમર્થ છે, વ્યવહારે. તોપણ **'કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** આહા..હા..! કેવળદર્શન અંદર ખીલ્યું, જે એનો મૂળ સ્વભાવ છે એ સ્વભાવ જ્યાં પૂર્ણ પ્રગટ થયો એ સ્વને આશ્રયે (થયો), પરનો આશ્રય જરીએ નહિ. પરને તો અડતો પણ નથી ત્યાં આશ્રય-ફાશ્રય ક્યાં? કે સંઘયણ મજબુત હતું માટે કેવળ થયું, આહા..હા..! ઉપદેશ મળ્યો માટે કેવળ થયું, સારો સંગ મળ્યો માટે કેવળ થયું એ વસ્તુ આમાં લાગુ પડતી નથી. વસ્તુ સ્વતંત્ર છે. પરની

સાથે કાંઈ **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** એ શ્લોક આવી ગયો છે. ૨૦૦. **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** સ્વ ને પરને કોઈ જાતનો સંબંધ નથી. આહા..હા..! ભ્રમણા કરીને માની રહ્યો છે કે મારે ને આને આટલો સંબંધ છે. મારે આની સાથે આટલો સંબંધ છે. આનો દીકરો પરણે ત્યારે મારે પણ અમુક દેવું પડે, મારો દીકરો પરણે તો આ દેવું પડે. આ બધી ભ્રમણા (છે). આહા..હા..! પીરસણું દેવું પડે, આ કરવું પડે. શું કરે છે? પ્રભુ! તું જ્ઞાન અને દર્શન છો ને. એ ચીજ હોય એને જાણે-દેખે એમ કહેવું એ વ્યવહાર, તો એ ચીજને કાંઈ કરે, કરાવે અને અનુમોદે, પ્રભુ! એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! લોકોથી ઊંધું ભારે.

આત્મા અરૂપી તદ્દન ભિન્ન તત્ત્વ અંદર છે અને આ તદ્દન ભિન્ન શરીર, વાણી, મન, રજકણ, જેને કંઈ ખબર પણ નથી કે અમે જડ છીએ કે નહિ અને જેને ખબર છે તે એને અડતા પણ નથી. આહા..હા..! આ જડ ચીજ છે એને ખબર નથી કે અમે જડ છીએ. તેમ જોડે જાણનાર છે એને એની ખબર નથી કે આ જાણનાર છે. જડને ખબર ક્યાં છે! આહા..હા..! જડને જડની ખબર નથી, જડને ચૈતન્યની ખબર નથી. હવે રહ્યો ચૈતન્ય. એ ચૈતન્યને ચૈતન્યની ખબર છે. પણ કહે છે કે વ્યવહારે એમ કહીએ કે પરને દેખે છે એનું પણ અહીં અમે ખંડન કરીએ છીએ. આહા..હા..! બહુ આકરી વાત છે. દુનિયાની સાથે મેળ ખાય એવું નથી. આહા..હા..!

એ કહે છે કે કેવળજ્ઞાનથી લોકાલોકને જાણે એવો મહિમાવંત છે. **'તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** એને કેવળદર્શન હોવા છતાં, કેવળજ્ઞાનથી જાણે અને કેવળદર્શન અંદર હોવા છતાં **'પરમ નિરપેક્ષપણાને લીધે...'** આહા..હા..! પરને દેખવાની કોઈ અપેક્ષા જ નથી. એ તો દર્શન ને જ્ઞાનમાં જ છે. આહા..હા..! ભગવાન પોતે તો દર્શન ને જ્ઞાનસ્વરૂપમાં જ છે. પરને દેખવા અને જાણવા એ જાતો નથી. આહા..હા..! પરનું કરવું અને કરાવવું, અનુમોદવું એ તો એનામાં છે જ નહિ પણ પરને જોવા ને જાણવા જાતો નથી. આહા..હા..! કેમકે જાણનાર-જોનારની જે અવસ્થા છે એ તો અરૂપી છે અને આ ચીજ જે બધી છે એ તો રૂપી છે. અરૂપી-અરૂપી ધર્માસ્તિકાય છે એ જુદી વાત. એ પહેલું કહ્યું. કેવળજ્ઞાનમાં સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે. પણ એની સાથે દર્શન છે એ પણ એને દેખે એમ નથી. એનું ખંડન કરીએ છીએ, નિશ્ચયનય. આહા..હા..! અડે નહિ, કરે નહિ, કરાવે નહિ, કર્તાને અનુમોદે નહિ. ફક્ત થાય છે તેમાં હું એને દેખું છું, થાય છે તેને હું દેખું છું. એ વ્યવહારનો પણ અહીં નિષેધ કર્યો છે. અરે..! ઝીણી વાત બહુ, ભાઈ ! આહા..હા..!

શ્રોતા :- તન્મય થતો નથી એ બરાબર છે.

ઉત્તર :- પરને અડતો નથી પછી ક્યાં વાત રહી. આ તો અરૂપી, આ ચીજ રૂપી. ગમે તે સ્થાનમાં હો રૂપીને અડતો પણ નથી, અડ્યો નથી અને ત્રણકાળ ત્રણલોકમાં અડશે

પણ નહિ. આહા..હા..!

એવો જે ભગવાન અરૂપી છે, તેને કહે છે કે જ્ઞાનથી એમ કહીએ કે જ્ઞાનથી ત્રણકાળ ત્રણલોકને જાણે એમ કહીએ એવું મહાત્મય આવ્યું ને? **'કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,...'** એવા વિવિધ ગુણને ધરનાર આત્મા છે. **'તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** આહા..હા..! આંખ તો છે. કેવળજ્ઞાન લોચન આંખ છે. કેવળદર્શન અંદર ત્રીજું લોચન છે. ત્રણકાળ ત્રણલોકને દેખવાની શક્તિ છે. એવી શક્તિ હોવા છતાં... આહા..હા..! છે? **'પર નિરપેક્ષપણાને લીધે...'** પરને જોવું એની અપેક્ષા છોડી દ્યો, નિરપેક્ષપણે લ્યો તો દર્શન દર્શનમાં જ રહેલું છે. આહા..હા..! દર્શન પરને દેખવામાં જાય છે એમ છે નહિ. દેખવામાં જાય છે એમ તો છે નહિ પણ દેખે છે, પરને દેખે છે (એમ નથી), એ તો પોતાની અવસ્થાને દેખે છે. એ અવસ્થાને દેખે છે એ પરને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! આવું ઝીણું!

હવે અહીં તો દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો. પ્રતિમા, મંદિર બનાવો. હોય, એવો શુભભાવ હોય ત્યારે એ ક્રિયા સામે હોવાની હોય તો હોય, હોવાની હોય તો હોય, હોં! એ શુભભાવ કર્યો માટે ત્યાં હોય એમ નહિ. અહીં તો કહે છે કે પરને શુભભાવથી કરે એ તો છે નહિ... આહા..હા..! મંદિર અને શાસ્ત્ર શુભભાવથી કરે એ તો છે જ નહિ. કારણ કે એ પુદ્ગલ પર જડ છે. જડને વ્યવહારે કરે એમ તો નથી પણ કેવળજ્ઞાનની સાથે રહેલ કેવળદર્શન એને દેખે એ પણ વ્યવહાર છે, એ નિશ્ચય નથી. આહા..હા..! ક્યાં પહોંચવું? માણસને હેઠેથી હજી આગળ આવ્યો નહિ. બેય છે ? 'ભોગીભાઈ' છે. બેય જણા હતા. બે ભાઈઓ ક્યાંથી ભેગા થઈ ગયા. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..! ઓહોહો..!

અહીં સુધી લીધું કે **'કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,...'** છે ને? ધારણ કરનાર. કોણ? આત્મા. આહા..હા..! કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સત્તા, અનંતી પ્રભુતા એવા અનંતગુણને ધરનાર આત્મા, એ દર્શનથી પરને દેખે એમ કહેવું એ પણ નિશ્ચયનયથી નથી, સત્ય દૃષ્ટિમાં એમ નથી, એ તો ઉપચારનું કથન છે. કેમકે જેમાં જાતો નથી અને જે ચીજ છે એ પોતામાં આવતી નથી એને જાણવું, દેખવું કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! આવો ઉપદેશ! ઝીણી વાત છે, બાપુ! તારું તત્ત્વ જ જુદું છે. તત્ત્વ છે કે નહિ? એ કહ્યુંને અહીંયાં? પહેલું કહ્યું ને?

**'જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણકાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવામાં સમર્થ...'** એ પણ વ્યવહાર. આહા..હા..! પરને જાણવામાં સમર્થ એ પણ વ્યવહાર જ્ઞાન. એવો **'સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ...'** કેવળજ્ઞાન આદિ અનંત ગુણને ધરનાર પ્રભુ. આહા..હા..! **'તોપણ તે ભગવાન,...'** એવી મહિમાને ધારણ કરનાર છે. જ્ઞાનમાં પરને જાણનાર કહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! કહ્યું કે નહિ? **'સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ**

**મહિમાઓનો ધરનાર છે,..'** જાણવામાં સમર્થ. એમાં આવ્યું ને? જાણવામાં સમર્થ. આહા..હા..! તોપણ... પોતાના જ્ઞાનગુણથી પરને અડતો પણ નથી પણ વ્યવહારનયથી પરને જાણે છે. વ્યવહારનયથી પરને જાણે છે. આહા..હા..! ઝીણું પડે આવું. માર્ગ આવો છે, બાપુ! દેહ ચાલ્યો જશે અને આત્માની સત્તા તો રહેશે. એ ક્યાં જશે? કયે ઠેકાણે અવતરશે? ક્યે ઠેકાણે ઉપજશે? આહા..હા..!

અનંત-અનંતવાર અભિમાન કરી કરીને મેં આ કર્યું... મને આવડત હતી. દુકાનની આવડત હતી તે હું કરું છું, મારી આવડતથી આ દુકાન સરખી ચાલે છે. આહા..હા..! અરે! એક પરમાણુ પણ પલટાવવાની શક્તિ ભગવાનઆત્મામાં નથી. આહા..હા..! એય..! 'મનસુખ'! આ 'આણંદજી' તો બહુ કરતો ત્યાં દુકાનમાં. બહારથી આમ લાવે ને આમ કરે, આમ કરે. ત્રણ ત્રણ પટી વાત એને યાદ હતી. એક તો જે ભાવે માલ આવે, એમાં કેટલો ખપ્યો અને કેટલો ન ખપ્યો એ ખ્યાલમાં હતું અને તે માલનો ભાવ અત્યારે ક્યો છે એ એના ખ્યાલમાં હતું. આહા..હા..! આ તો તારા જન્મ પહેલાંની (સંવત) ૧૯૭૪ની સાલની વાત છે. આહા..હા..! અરે..! પોતે ભૂલ્યો, પોતાની જાત શું છે તે તરફ તો લક્ષ કર્યું નહિ. પોતાની જાત ચૈતન્ય જાત છે. એ વ્યવહારે પરને જાણવાવાળો કહ્યો ભલે. એમ કહ્યું ને? આહા..હા..!

**'છતાં,...'** (તોપણ) આહા..હા..! **'પરમ નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી...'** દર્શન તો અંતર્મુખ છે. આહા..હા..! એ દર્શનગુણ અંતર્મુખ છે. એ **'કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન...'** કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર, પોતાના સ્વરૂપપ્રત્યક્ષમાત્રમાં દર્શન લીન છે. **'લીન એવા નિરંજન...** એવા નિરંજન **'નિજ સહજદર્શન વડે...'** એવા નિજ સહજદર્શનવાળા **'સચ્ચિદાનંદમય આત્માને...'** આહા..હા..! બહુ ટૂંકી ભાષા પણ કેટલું ભર્યું છે! કોઈનું કરે નહિ એ તો આવ્યું પણ કેવળજ્ઞાનમય આદિ અનંત સંપદાઓથી ભરેલ છે, એથી એને વ્યવહારે પરને જાણે એમ કહીએ. તેમ આ દર્શન છે એ આત્મા વ્યવહારે પરને દેખે એમ કહેવાય, નિશ્ચયથી તો દેખતો નથી. આહા..હા..! હજી તો પરનું કરવું છોડવું ગોઠે નહિ. આહા..હા..! પરનું કરવું, અમે આ કરીએ છીએ, તને આ અડતું નથી, અમને આ આવડે છે. આહા..હા..! અભિમાને મારી નાખ્યા. જીવને મારી નાખ્યો. મારી નાખ્યો એટલે સમજ્યા? 'કળશટીકા'માં આવે છે. મારી નાખ્યો. મરણતુલ્ય કરી નાખ્યો. જેનું સ્વરૂપ જાણવું-દેખવું એને પરનું કરવું-કરાવવામાં મારી નાખ્યો. તું એ જાણવું-દેખવું નહિ અને તને આ કરવું ને કરાવવું સોંપીએ છીએ. એ જીવનું જ્ઞાતા-દૃષ્ટાપણાને મારી નાખ્યું. આહા..હા..! એ ભ્રાંતિ ત્રિલોકનાથ તીર્થંકરની વાણીથી મટશે એમ લખ્યું છે. સમજાય છે? 'કળશટીકા'માં. આહા..હા..!

અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી ગયો, ક્રિયામાં પણ છ મહિનાના અપવાસ...

આહા..હા..! બાળ બ્રહ્મચારી (રહ્યો), જિંદગીમાં વિષય (લીધો) નહિ પણ પ્રભુ પોતે અંદર કોણ છે? આહા..હા..! એની સત્તાનું કાર્ય શું છે? એ નિશ્ચયથી તો એની સત્તાનું કાર્ય અંતરમાં લીન રહેવું એ છે. સ્વરૂપ તે સ્વરૂપમાં લીન રહે તે એનું કાર્ય છે. આહા..હા..! એને પરને દેખવું કહેવું એ વ્યવહાર છે, પરને જાણવું કહેવું એ વ્યવહાર છે. એ તો પહેલું જાણવાનું કહ્યું. જાણનાર હોવા છતાં દર્શનને પરને દેખવાનું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આમ સાધારણ વાત છે. પણ અંદર મોટી વાત છે, ભાઈ ! આહા..હા..! આખી દુનિયાના તત્ત્વથી તારું તત્ત્વ તદ્દન જુદું છે. કાંઈ સંબંધ ન મળે. **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** બીજા જીવ સાથે અને બીજા પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. એકલો પોતે ભગવાન છે. દ્રવ્ય ગુણ તો ધ્રુવ છે પણ પોતાની અવળીસવળી પર્યાયમાં સંસાર રહ્યો.

અહીં કહે છે કે કેવળજ્ઞાન દ્વારા જેની સાથે દર્શનને સંબંધ છે એવા કેવળજ્ઞાનમયને ધારણ કરનાર વ્યવહારથી પરને જાણે છે. તેમ આ વ્યવહારથી દર્શન પરને દેખે છે એની તો અહીં ના પાડી. આહા..હા..! છે ને? **'સચ્ચિદાનંદમય આત્માને નિશ્ચયથી દેખે છે (પરંતુ લોકાલોકને નહિ)...'** આહા..હા..! પોતાને દેખે છે, પરને નહિ. આહા..હા..! **'એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર...'** એમ જે કોઈ શુદ્ધ અંતઃતત્ત્વમાં લીન વેદન કરનાર... આહા..હા..! **'(જાણનાર, અનુભવનાર) પરમ જિનયોગીશ્વર...'** પરમજિન વીતરાગી મુનિ સંત આદિ **'શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી કહે છે,...'** કે પરને દેખે નહિ એમ કહે છે. **'શુદ્ધનિશ્ચનયની વિવક્ષાથી કહે છે તેને ખરેખર દૂષણ નથી.'** આહા..હા..! કેટલી વાતું લાંબી. સમજાણું કાંઈ? આખી દુનિયામાં તારું તત્ત્વ તે તદ્દન ભિન્ન રહ્યું છે. કોઈ દિ' કોઈને અડ્યું નથી. કોઈ દિ' અડ્યું નથી, અડતું નથી અને અડશે નહિ. આહા..હા..! ફક્ત કેવળજ્ઞાન વડે વ્યવહારથી જાણવાયોગ્ય જાણે. તેમ દર્શનથી પણ દેખે એમ નથી. નિશ્ચયથી તો એ દેખે નહિ એમ કહેવું છે. આહા..હા..! પરને કોઈ દેખવાની અપેક્ષા નથી. એમ આવ્યું ને? નિરપેક્ષ ન આવ્યું? નિરપેક્ષ આવ્યું પહેલું. **'નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા)...'** નિઃશેષ એટલે સર્વથા. સર્વથા નિરપેક્ષપણે, પરની કોઈ અપેક્ષા જ નથી. આહા..હા..! ઝીણું પડે. રાત્રે પ્રશ્ન કરજો. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! ઓ..હો..! એ તત્ત્વ અંદર કેવળજ્ઞાન આદિ અનંત ગુણનો ધરનાર હોવા છતાં અને તે કેવળજ્ઞાનાદિ પરને જાણનાર... છે ને?

**'ત્રણ કાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવામાં સમર્થ...'** હોવા છતાં. આહા..હા..! કેટલી વાત કરે છે! પોતાનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે એવા સ્વભાવમય હોવા છતાં. આહા..હા..! એની સાથે દર્શનરૂપ જે તૃતીય લોચન. દેખવું એ ત્રીજું લોચન, આહા..હા..! એ એનાથી પરને દેખે એ વાત વ્યવહારથી છે, નિશ્ચયથી છે નહિ. આહા..હા..! આકરું કામ બહુ. વસ્તુ છે ને? તત્ત્વ છે ને? તત્ત્વ છે તો એમાં સત્ત્વ છે કે નહિ? તત્ત્વનું સત્ત્વ છે કે નહિ? તત્ત્વ સત્ છે તો સત્નું સત્ત્વ છે કે નહિ? એ સત્ત્વ પરને દેખે છે

એમ છે નહિ. આહા..હા..! પોતાનું સત્ત્વ દર્શનજ્ઞાન છે. એ વ્યવહારથી કહેવામાં આવે છે કે કેવળજ્ઞાન પરને જાણે. પણ એની સાથે તૃતીય લોચન દર્શન પરને દેખે એમ નથી. આહા..હા..! એ તો પોતાના નિજ સ્વરૂપમાં... એમ કહ્યું ને? આહા..હા..!

**'એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર...'** આહા..હા..! જેને આત્મા શુદ્ધ સ્વરૂપ પરમ આનંદને વેદનાર... આહા..હા..! **'અનુભવનાર પરમજિન યોગીશ્વર...'** પરમજિન યોગી મુનિ. ઉત્કૃષ્ટ વાત લીધી છે ને! **'શુદ્ધનિશ્ચયનયની...'** શુદ્ધનિશ્ચયનયના કથનથી, વિવિક્ષા. શુદ્ધનયના કથન દ્વારા **'તેને ખરેખર દૂષણ નથી.'** પરને દેખે એ શુદ્ધ નિશ્ચયનયથી દૂષણ નથી. આહા..હા..! આ પ્રશ્ન કર્યો હતો ને કોઈકે? કે પરને જાણવું એ મિથ્યાત્વ છે ને? 'શાંતિભાઈ' કહે, રાત્રે. જાણવું એ મિથ્યાત્વ નથી, જાણવું એ વ્યવહાર છે. મૂળ આ માર્ગ જ આખો ફેરવાઈ ગયો છે. આખો રખડવાનો માર્ગ.... આહા..હા..! પરમસત્ય કોઈપણ સંયોગમાં ત્રણકાળ ત્રણલોકના સંયોગોમાં આવ્યો છતાં એ સંયોગને અડ્યો નથી. આહા..હા..! સંયોગને સ્પર્શ્યો નથી.

નિશ્ચયથી કેવળજ્ઞાન પોતાને જાણે છે. વ્યવહારથી પરને જાણે તો દર્શનને પણ પરને જાણવું એમ કહેવું એ પરની કોઈ અપેક્ષા વિના પોતાને દેખે એમ લેવું. આહા..હા..! આમાં શું કરવું અને શું ... સામાયિક કરવી કે આ જાણપણું કરવું? એ બધું ક્યાંય પડ્યું રહ્યું. આહા..હા..!

**'(હવે આ ૧૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : )'** આ..હા..! જ્યાં જ્યાં પ્રભુ છે ત્યાં ત્યાં તારે પરદ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. સર્વાર્થસિદ્ધમાં હોય, મુક્તિ શિલામાં હોય... આહા..હા..! સાતમી નરકમાં હોય કે નિગોદમાં હોય... આહા..હા..! પણ પ્રભુ આત્મા એ પરમાણુને બિલકુલ અડ્યો નથી, બિલકુલ સ્પર્શતો નથી. આહા..હા..! એ તો પોતાની સત્તા પોતામાં રાખીને પોતામાં રહ્યો છે, પરની સત્તાને અડ્યો પણ નથી. પોતાની સત્તા છે એ પરની સત્તાને અડતી જ નથી. આહા..હા..! આવું સાંભળવું મુશ્કેલ પડે.

પ્રશ્ન :– આવું જ સાંભળવું જોઈએ.

ઉત્તર :– આહા..હા..! વાત સાચી. આ તો જુવાનિયાને દેખીને કહીએ. જુવાનિયાને આટલું સાંભળવું મુશ્કેલ. આહા..હા..!

પરમ સત્ય. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવનું નિશ્ચયનું પરમ કથન, પરમ સત્ય. શું કહે છે? કે પરને દેખે પરમાં લીન થાય છે, એમ નથી. એ તો પોતામાં લીન છે. આહા..હા..! પોતામાં લીન છે તો નિશ્ચયથી પોતાને દેખે છે અને જાણે છે. આવ્યું ને? એ અંદર આવ્યું ને? શુદ્ધ અંતઃતત્ત્વને વેદનાર. આહા..હા..! પરને જાણનાર-દેખનાર નહિ. આહા..હા..! પોતાને વેદનાર, જાણનાર. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! એ તારા ઘરની છે, નાથ ! આહા..હા..!

અનંત-અનંત ગુણનો ધણી રાંકો થઈને ફરે એ કોઈને લઈને નહિ, કર્મને લઈને નહિ. આહા..હા..! પોતાની ભૂલ (થઈ છે). 'અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા.' પોતાની ચીજ બેહદ જ્ઞાન-દર્શન-આનંદ... આહા..હા..! જેનો ઊભરો એટલે પાણીમાં ઊભરો આવે છે ને? ઉફાન. પણ એ ઊભરો પોલો છે. શું કહ્યુ? એ પાણીનો ઊભરો હોય છે ને? એ તો પોલો હોય છે. આમ વધ્યું એટલે પાણીનો તોલ વધી ગયો એમ નથી. આ તો જ્ઞાન-દર્શન વધે એ પોલું નથી, મજબુત છે. આહા..હા..! પરને જાણવા-દેખવાથી વિશેષ વધ્યું તેમ તે વજની ભીંત થઈ ગયો. આહા..હા..!

એવો જે ભગવાનઆત્મા પરને દેખવાની નિરપેક્ષપણે ના પાડે છે અહીં તો. પરની અપેક્ષા પણ અહીં ન લેવી. આહા..હા..! અહીં પરની દયા પાળો તો ધર્મ થાય, પરની સેવા કરો તો ધર્મ થાય... આહા..હા..! ભગવાનની ભક્તિ કરો તો મુક્તિ થાય. હોય, વ્યવહાર હોય છે, વ્યવહાર નથી હોતો એમ નહિ. પણ એની મર્યાદા શુભભાવ પુણ્ય જેટલી મર્યાદા છે, બંધન જેટલી મર્યાદા છે; એનાથી જરા પણ આત્માને સંવર-નિર્જરા કે શુદ્ધતાનો અંશ પ્રગટે એમ છે નહિ. રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં તો આવ્યું ને, શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે. ચીઠ્ઠીમાં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ ચિઠ્ઠી છે. એક ચિઠ્ઠીમાં આવું છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

શ્રોતા :– શુભમાં શુદ્ધનો અંશ.

ઉત્તર :– એમાં શુદ્ધનો અંશ કહ્યો. એને પકડે. એ તો કઈ અપેક્ષાએ કહ્યો? કે એક ગુણ વધતા બીજો ગુણ એને લઈને વધે એમ નથી. શું કહ્યું? કે આત્મામાં અનંત ગુણ છે. એમાં એક જ્ઞાનનો ગુણ વધે તો સાથે ચારિત્રનો ગુણ પણ વધે એમ નથી. એ સિદ્ધ કરવા એ શુભભાવમાં જરી શુદ્ધતાનો અંશ છે. પણ ક્યારે કામ કરશે? ગ્રંથિભેદ કરે ત્યારે. રાગની એકતા તોડીને આત્માનો અનુભવ આનંદનો સ્વાદ લે, આત્માના આનંદનો સ્વાદ લે ત્યારે જે શુદ્ધતાનો અંશ હતો એ કામ કરશે. આહા..હા..! ઘણા દૃષ્ટાંત આપે છે. જુઓ! શુભમાં શુદ્ધનો અંશ છે. પણ કોને? ગ્રંથિભેદ કરે એને. આમ તો અનાદિકાળનો શુભમાં શુદ્ધનો અંશ છે. અને અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો તોપણ શુભમાં શુદ્ધનો અંશ હતો તોપણ કાંઈ થયું નહિ. આહા..હા..! વાંચન પણ એટલું ન મળે. આખો દિ' પાપના પોટલા. વેપાર... વેપાર... વેપાર..., ધંધા... ધંધા. આહા..હા..! ૧૬૬ ગાથા બહુ સરસ લીધી. આહા..હા..!

## શ્લોક-૨૮૨

(मंदाक्रांता)

पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं
स्वान्तःशुद्ध्यावसथमहिमाधारमत्यन्तधीरम्।
स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं
तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः।।२८२।।

[શ્લોકાર્થ :–] (*નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને દેખે છે—કે જે પરમાત્મા એક છે, વિશુદ્ધ છે, નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી (કેવળજ્ઞાનદર્શનાદિ) મહિમાનો ધરનાર છે, અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે; સ્વભાવથી મહાન એવા તે આત્મામાં *વ્યવહારપ્રપંચ નથી જ (અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ). ૨૮૨.

## શ્લોક-૨૮૨ ઉપર પ્રવચન

હવે શ્લોક. ૨૮૨ નેં?

* અહીં નિશ્ચય-વ્યવહાર સંબંધી એમ સમજવું કે—જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચયકથન છે અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહારકથન છે; માટે કેવળી ભગવાન લોકાલોકને પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યવહારકથન છે અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે. અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી. છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે તે બરાબર સત્ય છે—યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્યગુણપર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર જાણે-દેખે છે, 'કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા, તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્રૂપ થઈને નિજસુખના સંવેદન સહિત જાણે-દેખે છે તેમ લોકાલોકને (પરને) તદ્રૂપ થઈને પરસુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી, પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને, પરના સુખદુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.

पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं
स्वान्तःशुद्धयावसथमहिमाधारमत्यन्तधीरम्।
स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं
तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः।।२८२।।

આહા..હા..! '**(નિશ્ચયથી)...**' નીચે છે. '**અહીં નિશ્ચય-વ્યવહાર સંબંધી એમ સમજવું કે– જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચયકથન છે...**' નીચે. '**અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહારકથન છે; માટે કેવળી ભગવાન લોકાલોકને–પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યવહારકથન છે અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે. અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી.**' વ્યવહારથી કહ્યું માટે જાણતા-દેખતા નથી એમ ન માનવું. આહા..હા..! કેવળી ભગવાન લોકાલોકને જાણે એમ વ્યવહારથી કહ્યું. છદ્મસ્થ બિલકુલ નથી જાણતા એમ નથી જાણતા, એમ ન કહેવું. ફકત પરની અપેક્ષા રાખીને વ્યવહાર કહ્યો. જાણે છે તો બધું. ત્રણકાળ ત્રણલોક એક સમયમાં જાણે છે. આહા..હા..!

ખરેખર તો અનંતગુણ જે આત્મામાં છે એમાં એક જ્ઞાનગુણની એક જ પર્યાય, એક જ પર્યાય જગતમાં છે, બસ. કેમકે એ પર્યાય દ્રવ્યને જાણે, ગુણને જાણે, અનંતી પર્યાયને જાણે, લોકાલોકને જાણે. એ જ્ઞાનની એક પર્યાયમાં આખો લોકાલોક આવી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર કહ્યું હતું. (સંવત) ૧૯૮૫ની સાલમાં. 'વઢવાણ'માં. 'વઢવાણ'માં 'નારણભાઈ'ની દીક્ષા હતી. બહાર ઓલો જતીનો ડેલો નહિ? બહાર ડેલામાં. તે દિ'ની વાત. 'વીરજીભાઈ' સાથે હતા. કીધું જુઓ ભાઈ! ખરેખર તો એક આત્માની એક પર્યાય–એક જ્ઞાનની એક પર્યાય લોકાલોકને જાણે, પોતાના દ્રવ્યને જાણે, ગુણને જાણે, પોતાની અનંતી પર્યાયને જાણે, પોતાને જાણે. એક પર્યાયમાં એટલું સામર્થ્ય છે. આહા..હા..!

ભગવાન અંદર છે. પરિપૂર્ણ પરમાત્મ શક્તિ પડી છે. પરમેશ્વર છે. એની શક્તિની વાત શું કરવી. આહા..હા..! એના અનંતગુણ, એની અનંતીપર્યાય, એમાં એક જ જ્ઞાનની પર્યાય... આહા..હા..! પોતાને જાણવામાં પરનું જાણવું આવી ગયું. એ પર્યાય પોતાને જાણે એમાં લોકાલોક આવી ગયો. એની પર્યાયનું સામર્થ્ય (છે). એ લોકાલોક છે તો લોકાલોકને જાણે છે એમ પણ નથી. એટલી અપેક્ષા નથી, નિરપેક્ષ છે. આહા..હા..! એક સમયની પર્યાય પરની અપેક્ષા વિના લોકાલોક અને પોતાના અનંતાગુણ અને અનંતીપર્યાયને એક સમયની પર્યાય જાણે. 'શાંતિભાઈ'! આ બધું કોઈ દિ' સાંભળ્યું નથી.

શ્રોતા :– પર્યાયમાં કેટલી શક્તિ છે?

ઉત્તર :– પર્યાયમાં એટલી શક્તિ છે. હીરા-માણેકમાં સમય ગાળ્યો હોય એમાં આ ખબર ક્યાં પડે? એવી એનામાં શક્તિ છે. આહા..હા..! એક પર્યાય, હોં! એવી અનંતી પર્યાયો. દરેક પર્યાયમાં અનંતી તાકાત. આ જ્ઞાનપર્યાયમાં જરી ખ્યાલ આપી શકાય. જ્ઞાન દ્રવ્યને જાણે, ગુણને જાણે, લોકાલોકને જાણે. આહા..હા..! એવી એક સમયની પર્યાયનું અસ્તિત્વ એ પણ પર છે એને જાણે એ અપેક્ષા પણ નહિ. નિરપેક્ષપણે એક સમયની પર્યાય સ્વ-પરને જાણવારૂપ એકરૂપ છે, સ્વ-પરને જાણવારૂપ એકરૂપ છે, સ્વ-પરને જાણનાર બે રૂપ નથી. આહા..હા..! આવી વાત છે. સાંભળવી કઠણ પડે. વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથની વાત બહુ ઝીણી, બાપુ ! એ સાધારણ લોકોએ જૈનપણું ઉપરથી મનાવી લીધું. જૈન કોઈ અલૌકિક વસ્તુ છે, એ કોઈ સંપ્રદાય પક્ષ નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે, વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..!

અહીં એ કહ્યું કે કેવળજ્ઞાનની પર્યાય વ્યવહારથી લોકાલોકને જાણે તો દર્શન પણ પરને દેખે એમ ન કહ્યું. નિશ્ચયથી દર્શન પણ પોતાને જ દેખે છે, પરને નહિ. આહા..હા..! નિશ્ચયથી અહીં આવ્યું ને. **'અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી. છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે તે બરાબર સત્ય છે–યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર જાણે-દેખે છે, 'કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા, તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્‌રૂપ થઈને...'** સ્વને તદ્રૂપ થઈને, જ્ઞાન જ્ઞાનમાં લીન થઈને **'નિજસુખના સંવેદન સહિત..'** પોતાના અતીન્દ્રિય આનંદના વેદન સહિત **'જાણે-દેખે છે તેમ લોકાલોકને (પરને) તદ્‌રૂપ થઈને પરસુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી,...'** નારકીને દેખે તો નારકીનું દુઃખનું વેદન ભગવાનને થાય એમ છે નહિ. આહા..હા..! જાણવા-દેખવાનો સ્વભાવ તો પોતાનો પોતાથી છે. આહા..હા..! એ પરને લઈને નથી.

**'પર-સુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી, પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને, પરના સુખદુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.'** બાકી નિશ્ચયથી તો પોતાને આનંદસહિત વેદે છે. જ્ઞાન-આનંદાદિ સર્વ. જેટલી તાકાત લોકાલોકની છે એટલી તાકાતનું જ્ઞાન પોતામાં છે એને વેદે છે. પરને વેદતા નથી પણ સ્વને વેદે છે એમ અહીં સમજવું જોઈએ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૯૮, ગાથા–૧૬૭, શ્લોક–૨૮૨, ગુરુવાર, અષાઢ વદ ૪, તા.૩૧-૭-૮૦**

'નિયમસાર' ૨૮૨-કળશ. અધિકાર એવો લેશે કે કેવળજ્ઞાન પોતાને જાણે છે. પછીની ગાથામાં લેશે કે કેવળજ્ઞાન સર્વને જાણે છે. બેય વાત લીધી છે. આહાહા..! એમાં મર્મ શું છે? કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ દર પળે, દર ક્ષણે જે રાગાદિ ચીજ થાય છે એનો એ જાણનાર છે. આહાહા..! કેમકે નવતત્ત્વમાં રાગ-દ્વેષાદિ ભિન્ન તત્ત્વ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાનનો પિંડ પ્રભુ, એ પોતાને જાણે છે અને રાગને જાણે છે એ વ્યવહાર કહેશે. બાકી અહીંયાં તો પોતાને જ જાણે છે. આહાહા..!

'**(નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને...**' સહજ પરમાત્મા એટલે પોતાનું સ્વરૂપ. સહજ પરમાત્મા એટલે પોતાનું પૂર્ણ સ્વરૂપ. '**આત્મા સહજ પરમાત્માને દેખે છે—**' આહાહા..! એવી તાકાત છે. આત્મા માનવો એ કાંઈ સાધરણ વાત નથી. અંતરમાં એની શક્તિ, આત્મા પોતાના પરમાત્માના પૂર્ણ સ્વરૂપને દેખે છે, જાણે છે. આહાહા..! એ પ્રતીતિમાં આવવું.. વિકલ્પ રહિત પ્રતીતિ થાય છે. આહાહા..! '**કે જે પરમાત્મા એક છે,...**' પોતે આત્મા સ્વરૂપે તો એક છે. ભલે ગુણ અનંત હો છતાં વસ્તુ એક છે. આહાહા..! '**વિશુદ્ધ છે,...**' નિર્મળ છે. વિશુદ્ધનો અર્થ, શુભભાવના અર્થમાં પણ વિશુદ્ધ આવે છે અને શુદ્ધતાના અર્થમાં પણ વિશુદ્ધ આવે છે. વિશુદ્ધ શબ્દે અહીંયાં નિર્મળ છે. આહા..!

ભગવાનઆત્મા છતી ચીજ છે. પોતાના અસ્તિત્વમાં બિરાજમાન છે. એ વિશુદ્ધ છે. એક છે. ગુણ-ભેદ આદિ નહિ. દ્રવ્ય એક છે. આહાહા..! અને વિશુદ્ધ છે. '**નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી...**' નિજ પોતાની શુદ્ધિનું સ્થાન હોવાથી. પોતાની શુદ્ધિને રહેવાનું એ સ્થાન છે. આહાહા..! '**(કેવળજ્ઞાનદર્શનાદિ) મહિમાનો ધરનાર છે,...**' આહાહા..! આ વાત બેસવી... ભાઈ! આ તો છદ્મસ્થ છે, છદ્મસ્થ. રાગ થાય એને પણ કહે છે કે, તારો આત્મા તો પ્રભુ પૂર્ણ છે ને. આહાહા..! અને ખરેખર તો તું પૂર્ણ આત્માને દેખે છે ને, પ્રભુ! આહાહા..! સ્વને છોડીને પરને દેખવું એ તો વ્યવહાર છે. એ વ્યવહાર કહેશે. વ્યવહાર છે, પણ નિશ્ચયમાં તો પોતાના સ્વરૂપને પોતે દેખે છે. આહાહા..! છદ્મસ્થને પણ એમ છે. એ કહ્યું ને? આહાહા..!

'**(કેવળજ્ઞાનદર્શનાદિ) મહિમાનો ધરનાર છે, અત્યંત ધીર છે...**' શાશ્વત ધીર પ્રભુ છે. ધ્રુવ ધીર. આહાહા..! એની અંતરમાં દૃષ્ટિ કરવી એ જ પરમાત્મા છે. તું અંદર પરમાત્મા છે. એ કહ્યું ને? '**આત્મા સહજ પરમાત્માને દેખે છે–કે જે પરમાત્મા એક છે,...**' પૂર્ણ સ્વરૂપ તારું છે. આહાહા..! એ '**નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી...**' અંતર નિર્મળ શક્તિઓનું આવાસ, ઘર, રહેઠાણ છે. આહાહા..! અનંત '**મહિમાનો ધરનાર છે, અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી...**' નિજ આત્મામાં... પરની વાત અહીં જરીયે નહિ. પરને તો અડતો નથી. પરનો તો પોતામાં અત્યંત અભાવ-સ્વભાવસ્વરૂપ છે. આહાહા..!

આવું સ્વરૂપ આત્માનું છે. શુદ્ધોપયોગ અધિકાર છે ને? શુદ્ધોપયોગ.

પરમાત્મા અંદર પૂર્ણ તારામાં છે. અનંત અનંત ગુણનું આવાસ. આહાહા..! અનંત ગુણને રહેવાનું સ્થાન તું છો. રાગ અને પુણ્ય અને પર્યાય એ રહેવાનું સ્થાન નથી. આહાહા..! એવા આત્માને અંતર જોવો અને અનુભવ કરવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! આકરી વાત છે. એકે એક આકરી વાત વીતરાગની તો છે. આહાહા..!

સવારમાં કહ્યું હતું ને કે શુભભાવ કરે કોઈપણ... આહાહા..! હવે અત્યારે તો એમ કહે છે કે શુભભાવથી શુદ્ધ થાય છે. પ્રભુ કહે છે કે શુભભાવ કરે અને શુદ્ધને ભૂલે એ નપુંસક છે. આહાહા..! પ્રભુને ક્યાં દુનિયાની પડી છે? સંતોને ક્યાં પડી છે? દિગંબર સંતોને દુનિયાની કંઈ પડી નથી. દુનિયા કેમ માને ન માને. સમતોલ રહે (ન રહે). વિષમ તર્ક ઉઠાવે એ સ્વતંત્ર છે. દિગંબર સંતોને જગતની કાંઈ પડી નથી. નાગા બાદશાહથી આઘા. આહાહા..! બાદશાહની પણ જેને ગણતરી નથી. સત્યને જાહેર કરવામાં સંકોચ હિનતા નથી. એ તો સ્વરૂપ એવું છે એવું તમે માનો, જાણો. છદ્મસ્થમાં ભલે રાગાદિ છે પણ એ તારી ચીજ નથી. આહાહા..! તું તો એનો જાણનાર છે. એને જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. પોતામાં સ્વ અને પરને જાણવાની શક્તિ છે તો પોતાને જાણે છે. એ જ ક્ષણે રાગને પણ પોતાની સત્તાથી પરની અપેક્ષા વિના, રાગની અપેક્ષા વિના રાગને પોતામાં જાણે. આહાહા..! આવું સ્વરૂપ.

**'અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે;...'** પ્રભુ સર્વદા ત્રણેકાળ દ્રવ્ય સ્વભાવે અંતર્મગ્ન જ છે. એ વસ્તુ જે આત્મા છે–દ્રવ્ય, એ કદી રાગમાં, પુણ્યમાં આવ્યું જ નથી. આહાહા..! **'સર્વદા અંતર્મગ્ન છે;...'** અંતર આનંદાદિ ગુણમાં મગ્ન છે. આવી ઝીણી વાત છે. માર્ગ બીજો નથી, ભાઈ! તને તારી કિંમત કરતાં ન આવડે ત્યાં સુધી બધા મીંડા છે. આહાહા..! તારી કિંમત અને તારી શું ચીજ છે? તું પરમાત્મસ્વરૂપ જ છો. આહાહા..! એ સર્વ ગુણને રહેવાનું સ્થાન છે. એ વિકારનું રહેવાનું સ્થાન નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રહેવાનું સ્થાન નથી. આહાહા..! આકરું પડે. પુણ્યથી ધર્મ થાય... પુણ્યથી ધર્મ થાય.. પુણ્યથી પવિત્રતા થાય. બસ, એ લેખો. લેખ આવે છે. જૈનમાં આવે છે ને? એમાં એ જ આખું લખ્યું છે. પુણ્યને લઈને ધર્મ થાય, પુણ્યને લઈને પવિત્રતા થાય. આહાહા..!

એક ઠેકાણે દાખલો આવે છે. પુણ્યથી પવિત્રતા. પણ એ પુણ્ય એટલે પવિત્રતાની વાત છે. એ પુણ્ય શુભરાગની વાત નથી. આહાહા..! પુણ્યને પવિત્રતા કીધી છે. પણ એ પોતાનો પવિત્ર સ્વભાવ, એને અહીંયાં પુણ્યને પવિત્ર કહ્યું છે. શુભભાવને પુણ્ય કહીને પવિત્ર કહ્યું એમ નથી. એક બાજુ કહે કે શુભભાવ પોતાની ચીજથી દૂર છે. પોતાનું સ્વરૂપ પુરુષાર્થમય છે, રાગ એ નપુંસકપણું છે. આહાહા..! બેસવું કઠણ પડે. જૈનધર્મ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ કહેલું એ વસ્તુનું સ્વરૂપ એવું છે. કોઈએ બનાવ્યું નથી. ભગવાને

કોઈ ચીજ બનાવી નથી. તેમ ભગવાન એ ચીજને અડતા નથી. પણ ચીજ કેવી છે એમ જાણવું એ પણ વ્યવહાર જાણવામાં મગ્ન છે. પોતામાં પર સંબંધી જે જ્ઞાન થાય છે એમાં મગ્ન છે. આહાહા..!

આ **'સર્વદા અંતર્મગ્ન છે;...'** ત્રણેકાળે ભગવાનઆત્મા અંતર અનંતગુણમાં નિમગ્ન છે. આહાહા..! કર્મમાં તો એ આવ્યો નથી પણ પુણ્યના શુભભાવમાં આવ્યો નથી. એવો એનો સ્વભાવ ત્રિકાળ સર્વદા અંતર્મગ્ન છે. **'સ્વભાવથી મહાન...'** પોતાના સ્વભાવથી મહાન. આહાહા..! માનવાનું તો આ છે. કરીને કરવાનું તો આ છે. બીજું જાણે, ન જાણે પણ આત્માને જાણ્યા વિના સમકિત થતું નથી. આહાહા..! આત્મા આવો છે. બીજા જે આત્મા કહે છે એ નહિ. સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા કહ્યો, એનું જેટલું અસ્તિત્વ છે અને અસ્તિત્વની જે રીત છે, પોતામાં મગ્ન એ પોતાની રીત છે. આહાહા..! બહારમાં કદી આવતો નથી. રાગમાં દ્રવ્યસ્વભાવ કદી આવતો નથી. આહાહા..! અને રાગને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એ કહેશે. પછીની ગાથામાં. જાણે. નિશ્ચયથી તો અંતર્મગ્ન છે. રાગનું જ્ઞાન થવા છતાં અંતર્મગ્ન છે. આહાહા..! આવું કદી સાંભળ્યું ન હોય અને બહારમાં ધર્મ થઈ જાય. દેવ-ગુરુની ભક્તિ કાં દયા-દાન (કરો). આહાહા..!

પ્રભુ! તારી કિંમત અલૌકિક છે. તું પરની ભક્તિ કરે એ પણ તારી ચીજ નથી. આહાહા..! ભગવાનની ભક્તિ કરે છે એ પણ તારી ચીજ નથી. એ પણ વિકલ્પ છે. એ વિકલ્પનું પોતામાં પોતાનું જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં આત્મા મગ્ન છે. વિકલ્પમાં મગ્ન નથી. ઓહોહો..! અહીં પહોંચવું! દુનિયામાંથી નવરાશ નહિ ને. એ વિના ભવના અંત ન આવે, પ્રભુ! ચોર્યાશીના અવતાર અનંત અનંત અવતાર કર્યા. પોતામાં નિમગ્ન આત્માને જાણ્યો નહિ. કોઈપણ રીતે પરાધીન અને પરથી પોતાનું અસ્તિત્વ જાણીને... આહાહા..! પરથી કદી દૃષ્ટિ હટાવી નથી અને હટાવવાનો પ્રયત્ન નથી કર્યો. આહાહા..! કરવાનું તો આ છે. ભગવાન સર્વસ્વ પોતાના ગુણમાં રહેનાર અંતર્મગ્ન છે. છે ને?

**'અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ...'** સ્વરૂપમાં, નિજ આત્મામાં અવિચળ. કદી પોતાના સ્વભાવમાંથી ખસે નહિ. આહાહા..! **'અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે; સ્વભાવથી મહાન એવા આત્મામાં...'** આહાહા..! સ્વભાવથી મહાન. કોઈએ બનાવ્યું છે કે એને મહાન કહે છે માટે મહાન છે, એમ છે નહિ. એ બધા મહિમાવંત મહાન પદાર્થ જ છે. આહાહા..! સહજ છે ને? **'સ્વભાવથી મહાન...'** સ્વભાવથી મહાન છે. પોતાના સ્વભાવથી જ્ઞાન ને આનંદ, શાંતિ અને સ્વચ્છતા, વીતરાગતા આદિ પોતાના સ્વભાવની મહિમામાં મગ્ન છે. આહાહા..! એને લઈને મહાન છે. સ્વભાવથી મહાન છે. કોઈનું કરે અને કોઈને બનાવે તો તેની મહિમા છે અને મહાન છે, એમ નથી. આહાહા..! હવે આવું ઝીણું.

**'સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી જ...'** આહાહા..! આવા

ભગવાનઆત્મામાં વ્યવહારપ્રપંચ છે જ નહિ. છે ને? નીચે ખુલાસો કર્યો હતો. કાલે થઈ ગયો. પરને જાણે એટલો વ્યવહાર. એને પ્રપંચ પણ એમાં નથી, કહે છે. આહાહા..! પરનું તો કરે નહિ પણ પરને જાણે એવો વ્યવહારપ્રપંચ પણ એનામાં નથી. આહાહા..! બહારથી કેટલા ખસીને અંદરમાં જાવું જ્યાં ભગવાનનો આવાસ છે. આવાસ–રહેવાનું સ્થાન, બંગલો છે બંગલો. પોતાનું સ્વરૂપ પોતામાં રહેવાનું સ્થાન છે. અસંખ્યપ્રદેશી. આહાહા..! ત્યાં જઈને (રહેવાનું છે). એમાં વ્યવહારપ્રપંચ નથી જ. આહાહા..! એ કાલે નીચેનું વાંચ્યું હતું. નિશ્ચયથી છે, વ્યવહારથી જાણે છે. પણ એની કાંઈ મહિમા નથી.

પોતાને છોડીને ક્ષેત્રથી, ભાવથી, ગુણ એટલે ભાવ, પર્યાયથી, દ્રવ્યથી પોતાથી એક અંશ પણ દૂર થઈને પરના પ્રપંચમાં પડે એ વસ્તુસ્વરૂપ છે નહિ. આહાહા..! આવો આત્મા હવે. વ્યવહારના રસવાળાને એકાંત લાગે. આજે વ્યવહારનું લખાણ બહુ આવ્યું છે. પુણ્યથી થાય, પુણ્યથી જ ભગવાન મળે, પુણ્યથી જ પવિત્રતા થાય, પુણ્ય જ.. પુણ્ય જ આમ,.. નવ પ્રકારના પુણ્ય કરો તમારું કલ્યાણ થશે. આહાહા..! અહીં તો કહે પુણ્યને જાણવું એ વ્યવહારપ્રપંચ છે. આહાહા..! એ તો પોતાનું જ્ઞાન, સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાનું સ્વરૂપ છે એમાં મગ્ન છે. આહાહા..! આકરું પડે.

**'(અર્થાત્ (સ્વભાવથી માનવાથી) નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહાર(પ્રપંચ)વિસ્તાર નથી જ).'** એકરૂપ ચૈતન્ય પ્રભુ... આહાહા..! એમાં કોઈ ગુણભેદાદિ વ્યવહાર છે જ નહિ. તો પરને જાણે એવો વ્યવહાર છે જ નહિ. એકરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન અનાદિ સત્તા, જેની સત્તામાં પરનો પ્રવેશ નથી અને પરમાં પોતાનો પ્રવેશ નથી. આહાહા..! એવો વ્યવહારપ્રપંચ નથી જ. વ્યવહારપ્રપંચનો વિસ્તાર છે જ નહિ. આહાહા..! અંદર છે કે નહિ? આહાહા..! એનો અર્થ એવો નથી કે કેવળજ્ઞાની પરને ન જાણે. તો છદ્મસ્થ પણ આ જાણે એ પરને ન જાણે, એમ નથી. પરને જાણે છે પણ પરની અપેક્ષા નથી. આહાહા..! નીચેનું કાલે ચાલ્યું હતું. એમ કે કેવળી પરને ન જાણે તો નીચેવાળા તો પરને જાણે નહિ. એ પરને જાણે તો જાણવાની પોતાની શક્તિ છે. સ્વપરપ્રકાશક પોતાની શક્તિ પોતાથી છે. પરને જાણવાની શક્તિથી આત્મામાં પરને જાણવાની શક્તિ છે એમ છે નહિ. સ્વ અને પરને જાણવાની શક્તિ સ્વતઃ સહજ પોતાની મહિમામાં, પોતાની મહાનતામાં એ તો છે. આહાહા..! અને એ મહાનતા એ છે. પોતામાં રહેવું એ મહાનતા છે. આહાહા..!

**'નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ.'** આહાહા..! એક બાજુ એમ કહે છે અને બીજી બાજુ જાણવાનું કહે છે. નિશ્ચયથી... આહાહા..! આ બધી વાત સિદ્ધ કરવામાં આત્મા જ્ઞાન-દર્શનનો પિંડ છે (એમ કહેવું છે). જ્ઞાન એ પોતાને અને પરને વ્યવહારથી જાણે-દેખે. પણ બીજું કાંઈ પરનું કરે (એમ નથી). આહાહા..! બહુ તો પરને જાણે એમ વ્યવહારથી કહો પણ વ્યવહારથી પરને હલાવે, ચલાવે, ક્રિયા કરે એ વસ્તુમાં

તો છે નહિ, પ્રભુ! આહાહા..! આકરું કામ છે. આ કાર્યકર્તાઓ બધું કામ કરે એને ભારે આકરું લાગે.

'ઢેબરભાઈ' સાથે ઘણા વર્ષ પહેલા ચર્ચા થઈ હતી. લીંબડા નીચે. એ કહે, નિમિત્ત તો અમે થઈએ ને? નિમિત્ત હોય તો થાય ને. આહાહા..! નિમિત્ત હોય તો થાય.. નિમિત્ત હોય તો થાય તો જે સામી ચીજ છે એ પર્યાય વિનાની છે? પોતાના કાર્ય વિનાની છે? જે ચીજ દ્રવ્ય નકામું પડ્યું છે? એના કાર્ય વિના નકામી પડી છે? કાર્ય તો પર્યાય છે. કોઈપણ દ્રવ્ય કાર્ય વિનાનું પડ્યું છે? કાર્ય કહો કે પર્યાય કહો. આહાહા..! નિમિત્ત શું કરે? નિમિત્ત કાંઈ કરે નહિ. આહાહા..! કહો, આ પુસ્તકને મૂક્યું એટલે તો... આહાહા..! આકરી વાત છે, ભાઈ!

એ તો વીતરાગ છે. પરમાત્મા કહે છે કે જેવા અમે છીએ એવા તમે છો. અનાદિથી તું આવો છો. તને ભ્રમ છે (કે) અલ્પ છું, રાગી છું, પરને જાણવામાં રોકાવું એ તને ભ્રમ છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત દર્શન, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એનું એ ઘર અને આવાસ છે. આહાહા..! વસવા માટેનો વાસ એ છે. આવાસ એટલે રહેવાનું એ રહેઠાણ છે. પરને રહેવાનું રહેઠાણ નથી. રાગ પણ આત્મામાં રહે એવું આવાસ નથી. આહાહા..! આવો માર્ગ. વળી પાછી ટીકા કરે કે, તમે એવું કહો છો પછી આ જ્યાં-ત્યાં શિબિર લગાવવી, બીજાને સમજાવવું ને આ બધી ઉપાધિ શું કરવા કરો છો? એય..! 'બાબુભાઈ'! અરે..! પ્રભુ! એ તો બનવા કાળે એ બને. કોઈ કર્તા નથી. ખરેખર તો જ્ઞાતા છે. તે કાળે તે જડની પર્યાય તે પ્રકારે ભાષાની પર્યાયનો કાળ છે તો ભાષા થાય છે. આહાહા..! એક બાજુ કહે, કોઈનું કાંઈ કરી શકે નહિ અને હવે બીજી બાજુ તમારા માણસો જ્યાં ત્યાં ઉપદેશ દેવા ફરે છે. તો એમાં કાંઈ કરી શકે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :– લોકોને માયાચારી જેવું લાગે.

ઉત્તર :– આહાહા..!

ભગવંત! તારું સ્વરૂપ જ એવું છે, નાથ! તું તને જાણે, પરને જાણે એ પર સંબંધી જાણે નહિ. એ પોતાની શક્તિ સ્વપરપ્રકાશક છે એને જાણે. અને એ સ્વપરપ્રકાશક શક્તિ પોતામાં નિવાસ કરે છે. એકલા પરને જાણવું એની અહીં વાત નથી. આહાહા..! પુણ્ય અને પાપ, દયા ને દાન એનું તો આત્મા આવાસ નથી, પણ પરને જાણવાનો ભાવ ત્રિકાળ સ્વપરપ્રકાશકશક્તિના પિંડમાં એ પણ નહિ. આહાહા..!

**'નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ.'** આહાહા..! અને ઓલા તો કહે પુણ્ય કરો, કરતા કરતા કલ્યાણ થઈ જશે. પુણ્ય કરો, દયા કરો, દાન કરો. કરતા કરતા કેવળ થઈ જશે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. વ્યવહારથી નિશ્ચય થશે. અહીં તો કહે છે, વ્યવહારને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..!

વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે એને જાણે છે એમ કહેવું એ વ્યવહારપ્રપંચ છે. પોતાની સ્વપરપ્રકાશકશક્તિમાં જ દ્રવ્ય લીન છે. આહાહા..! કઠણ વાત છે, ભાઈ! દુનિયાથી જુદી જાત છે એટલે જુદી લાગે. આહાહા..! **'લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ.'** આહાહા..! હવે તેનાથી ઊલટું આવ્યું.

## ગાથા-૧૬૭

मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।
पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ।।१६७।।

मूर्तममूर्तं द्रव्यं चेतनमितरत् स्वकं च सर्वं च।
पश्यतस्तु ज्ञानं प्रत्यक्षमतीन्द्रियं भवति।।१६७।।

केवलबोधस्वरूपाख्यानमेतत्।

षण्णां द्रव्याणां मध्ये मूर्तत्वं पुद्गलस्य पंचानाम् अमूर्तत्वम्; चेतनत्वं जीवस्यैव पंचानामचेतनत्वम्। मूर्तामूर्तचेतनाचेतनस्वद्रव्यादिकमशेषं त्रिकालविषयम् अनवरतं पश्यतो भगवतः श्रीमदर्हत्परमेश्वरस्य क्रमकरणव्यवधानापोढं चातीन्द्रियं च सकलविमलकेवलज्ञानं सकलप्रत्यक्षं भवतीति।

तथा चोक्तं प्रवचनसारे-

``जं पेच्छदो अमुतं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।
सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं।।''

---

**મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને,**
**જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.**

**અન્વયાર્થ :–** [ मूर्तम् अमूर्तम् ] મૂર્ત-અમૂર્ત [ चेतनम् इतरत् ] ચેતન-અચેતન [ द्रव्यं ] દ્રવ્યોને— [ स्वकं च सर्वं च ] સ્વને તેમ જ સમસ્તને [ पश्यतः तु ] દેખનારનું (જાણનારનું) [ ज्ञानम् ] જ્ઞાન [ अतीन्द्रियं ] અતીન્દ્રિય છે, [ प्रत्यक्षम् भवति ] પ્રત્યક્ષ છે.

**ટીકા :–** આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે.

છ દ્રવ્યોમાં પુદ્‌ગલને મૂર્તપણું છે, (બાકીનાં) પાંચને અમૂર્તપણું છે; જીવને જ ચેતનપણું છે, (બાકીનાં) પાંચને અચેતનપણું છે. ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચતેન સ્વદ્રવ્યાદિ અશેષને (સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હત્પરમેશ્વરનું

**જે ક્રમ, ઇન્દ્રિય અને *વ્યવધાન વિનાનું અતીન્દ્રિય સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.**

**એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–**

**"[ગાથાર્થ :–] દેખનારનું જે જ્ઞાન અમૂર્તને, મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિયને, અને પ્રચ્છન્નને એ બધાંયને–સ્વને તેમ જ પરને–દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે."**

## ગાથા–૧૬૭ ઉપર પ્રવચન

૧૬૭-ગાથા.

**मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।**
**पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ।।१६७।।**
**મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને,**
**જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.**

ટીકા :– **'આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે.' 'છ દ્રવ્યોમાં પુદ્‌ગલને મૂર્તપણું છે,...'** ભગવાને છ દ્રવ્ય જોયા છે. એમાં પુદ્‌ગલ જે છે... આહાહા..! એ મૂર્તપણું છે. **'(બાકીનાં) પાંચને અમૂર્તપણું છે; જીવને જ ચેતનપણું છે, (બાકીના) પાંચને અચેતનપણું છે.'** આહાહા..! એક ચૈતન્ય. મૂર્ત સામે એક ચૈતન્ય. ધર્માસ્તિકાય આદિ અમૂર્ત છે. પણ અહીં તો મૂર્ત સામે એક ચૈતન્ય છે. આહાહા..! અને **'જીવને જ ચેતનપણું છે, (બાકીનાં) પાંચને અચેતનપણું છે. ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને (સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન...'** લ્યો! પહેલા ત્યાં ના પાડી તો પછી અહીંયાં હા (પાડી). વ્યવહારથી. આહાહા..! વ્યવહાર છે, એ આદરણીય નથી. આહાહા..!

કહે છે કે, નિરંતર **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ (બધા) અશેષને...'** જેટલા છે એને. **'(સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન...'** જુઓ! આહાહા..! નિરંતર દેખનાર એમ કહ્યું ને? આહાહા..! ઓલામાં કહ્યું કે નિરંતર તો અંદર રહેનાર છે. અત્યંત અવિચળ સદા અંતર્મગ્ન છે. આહાહા..! આ તો વ્યવહાર સિદ્ધ કરે છે. પર વસ્તુ છે એ પોતાના જ્ઞાનની તાકાતમાં સ્વને જાણે છે એમ પરને જાણે છે એવો વ્યવહાર છે. વ્યવહાર નથી એમ નહિ. આહાહા..!

**'સમસ્ત દ્રવ્યોને નિરંતર દેખનાર...'** ભાષા જોઈ! ઓલામાં વ્યવહારપ્રપંચ બિલકુલ નથી એમ કહ્યું. અહીં કહે છે કે નિરંતર દેખનાર. આહાહા..! વ્યવહાર લીધો ને વ્યવહાર? જ્ઞાનની

* વ્યવધાનના અર્થ માટે ૨૮મા પાનાનું પદટિપ્પણ જુઓ.

પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. છે તો પોતાને કારણે પણ પરપ્રકાશક (કહ્યું એમાં) પરની અપેક્ષા લીધી તેથી પરને નિરંતર દેખે છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! એક ધોરણ શું આમાં ત્યારે? આ સાચું કે આ સાચું? એના સ્થાને બેય સાચા. નિશ્ચય નિશ્ચયના સ્થાને સત્ય છે, વ્યવહાર જાણવાલાયક છે એટલો વ્યવહાર છે એટલું પણ સત્ય છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– પોતપોતાની અપેક્ષાએ બંને સાચા.

ઉત્તર :– બેય અપેક્ષાએ. જાણે. એ બિલકુલ ન જાણે તો કેવળજ્ઞાની લોકાલોકને જાણે એ પણ ખોટું પડી જાય. છે તો લોકાલોકને જાણે એ અસદ્ભુત વ્યવહાર છે. શું કહ્યું? કેવળજ્ઞાન લોકાલોકને જાણે ભગવાન એ અસદ્ભુત વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે. સદ્ભુત વ્યવહાર નહિ. સદ્ભુત વ્યવહાર તો આત્માની પર્યાય અને પર્યાય તે આત્મા એ સદ્ભુત વ્યવહાર છે. પરને જાણે એ તો અસદ્ભુત વ્યવહાર છે. આહાહા..! એ પણ એક છે. બિલકુલ કાઢી નાખે અને બિલકુલ વ્યવહારથી પણ પરને ન જાણે (એમ) એકાંતમાં લઈ જાય તો એને માટે વાત કરી છે. આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :– વ્યાપીને જાણે તો અસદ્ભુત વ્યવહાર, વ્યાપ્યા વગર જાણે તો સદ્ભુત વ્યવહાર?

ઉત્તર :– પરની સાથે સદ્ભુત છે જ નહિ. પરની સાથે સદ્ભુત છે જ નહિ. પરની સાથે અસદ્ભુત વ્યવહાર છે. પોતાની પર્યાયને પોતામાં જાણે એ સદ્ભુત વ્યવહાર છે. આહાહા..! એ ૧૧મી ગાથામાં કહ્યું છે. ૧૧મી ગાથા. વ્યવહાર એ બધો અભૂતાર્થ છે. છે? વ્યવહાર બધો અભૂતાર્થ છે. વ્યવહાર બધો નામ અધ્યાત્મના હિસાબે ચાર છે. એક અસદ્ભુત ઉપચાર અને અનુપચાર. એક સદ્ભુત ઉપચાર અને અનુપચાર. એટલે શું? કે આત્મામાં જ્યારે રાગ થાય છે એ ખ્યાલમાં આવે છે એનું એટલે અસદ્ભુત ઉપચાર કહેવામાં આવે છે. આવી લાંબી વાતું! પાઠમાં વ્યવહાર અભૂતાર્થ કહ્યું. 'સમયસાર'ની ૧૧મી ગાથામાં. વ્યવહાર બધો અભૂતાર્થ છે. આહાહા..! એક વ્યવહાર ન હોય.

વ્યવહાર પણ બધો તારે જાજા વ્યવહાર, અધ્યાત્મના વ્યવહાર પણ ચાર છે. આગમના વ્યવહાર તો ઘણા છે. નૈગમનય ને સંગ્રહનય એ બધા આગમના છે. આ તો અધ્યાત્મનયમાં ભગવાનઆત્મા બધા વ્યવહારથી ભિન્ન છે.

વ્યવહાર ચાર પ્રકારના છે. એમાં રાગ આવે છે તો જણાય છે કે આ રાગ ઉપયોગ સ્થુળ છે. ખ્યાલમાં આવે છે તો તે ઉપચાર વ્યવહાર છે. અસદ્ભુત ઉપચાર. અસદભુત (એટલે) આત્મામાં નથી. અસદ્ભુત ઉપચાર. અને એ સમયે ઉપયોગ સૂક્ષ્મ નથી માટે રાગ ન જણાય છતાં છે એ અસદ્ભુત અનુપચાર વ્યવહાર છે. આહાહા..! અને સદ્ભુતવ્યવહારના બે ભેદ. જ્ઞાન રાગને જાણે એ સદ્ભુત વ્યવહાર ઉપચાર. આત્મજ્ઞાન રાગને જાણે એ સદ્ભુત

જ્ઞાન પોતાનું, પરને જાણે એ સદ્‌ભુત વ્યવહાર. એ ઉપચાર છે. પરને જાણે એ પણ સદ્‌ભુત ઉપચાર છે. અને જ્ઞાન એ આત્મા એ સદ્‌ભુત અનુપચાર વ્યવહાર છે. આહાહા..! એ અર્થ ૧૧મી ગાથામાં ચાલ્યો હતો. વ્યવહાર બધો અભૂતાર્થ છે (એમ) મૂળ પાઠ ટીકા છે. પછી બધો એનો અર્થ એમાં નથી. બધાનો અર્થ આ છે. વ્યવહાર પરને જાણે, અરે..! જ્ઞાન તે આત્મા એવો ભેદ (કરવો) એ પણ અભૂતાર્થ છે. જ્ઞાયક તે જ્ઞાયક છે. આહાહા..! એ નિશ્ચય છે.

અહીંયાં કહ્યું, કે વ્યવહારનો પ્રપંચ એમાં નથી. આહાહા..! અહીંયાં કહ્યું કે, **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ...'** પોતાના સ્વદ્રવ્ય સહિત, એકલું પર નહિ. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સહિત **'અશેષને...'** બીજાને પણ **'સ્વદ્રવ્યાદિ અશેષ...'** એટલે બીજા. **'(સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને)...'** અશેષનો અર્થ પર લીધું. આહાહા..! આ કહેવાનો આશય એટલો છે, પ્રભુ! કે તારું સ્વરૂપ તો જાણન-દેખન છે. બસ. કંઈ કરવું, કોઈનું કરવું, ફસાવવું, પરનું કરવું તો છે જ નહિ. આહાહા..! પણ રાગને કરવો એ પણ તારી ચીજમાં નથી. જ્ઞાન કરે કે જ્ઞાન જાણે? આહાહા..! જાણન પાસે કરવું, બતાવવું એને ગોઠવવું એ તો મિથ્યાભ્રાંતિ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

સદ્‌ભુત વ્યવહાર–જ્ઞાન તે આત્મા એ સદ્‌ભુત વ્યવહાર અનુપચાર. એ જ્ઞાન રાગને જાણે છે એ સદ્‌ભુત ઉપચાર વ્યવહાર. રાગને જાણવા-દેખવામાં આવે એ અસદ્‌ભુત ઉપચાર વ્યવહાર અને જાણવામાં ન આવે (છતાં) છે. કારણ કે સ્થુળ ઉપયોગ છે તો જણાતો નથી. સ્થુળ રાગ જણાય છે. જે જણાતો નથી એ અસદ્‌ભુત અનુપચાર વ્યવહાર. એ બે તો આત્મામાં છે જ નહિ. અસદ્‌ભુત વ્યવહાર, ઉપચાર અને અનુપચાર એ આત્મામાં નથી. માટે અસદ્‌ભુત કહ્યું. અને આ સદ્‌ભુત કહ્યું. ભલે રાગને જાણે પણ જ્ઞાન પોતામાં છે ને? અને જ્ઞાન તે આત્મા એ તો અનુપચાર સદ્‌ભુત છે. આહાહા..! આવી બધી વાતું. ઓલા તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોરેન્દ્રિયા એની દયા પાળવી, હિંસા ન કરવી અને મૂર્તિવાળાને મૂર્તિ બનાવવી ને ભક્તિ કરવી.. ઓહો..! એક જણો 'વૃદ્ધિચંદ' હમણા લખે છે કે મૂર્તિની પ્રતિષ્ઠા હતી. આ બધું લાબું લપ પછીથી ઘૂસી ગયું છે એમ લખ્યું છે. સાલ પણ આપી છે. અમુક સાલ પછી આમ હશે? ન હોય. વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર.. એમાં એ ક્યાં કરી શકે છે?

નિશ્ચયથી તો પરમાત્માની પ્રતિમા પણ પધરાવી શકતો નથી. પરદ્રવ્યને શું કરે? આહાહા..! એ તો પ્રતિષ્ઠા થવાની પર્યાય ત્યાં થવાની હોય તો થાય, તો આત્માને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત છે માટે એનાથી થયું એમ છે નહિ. બહુ આકરું કામ. એકકોર મૂર્તિપૂજા.. સ્વાહા.. (કરીને) ચોખા મૂકે એ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! એ તો નથી કરી શકતો નથી પણ એ રાગ આવ્યો એનો પણ જાણનાર રહે છે, કરનાર નથી થતો. આહાહા..! અહીં પહોંચવું,

અહીં કહે છે કે એ વ્યવહાર છે. સ્વ અને પર દ્રવ્યને '**નિરંતર દેખનાર ભગવાન...**' આહાહા..! પહેલા કહે કે વ્યવહારનો પ્રપંચ દેખતા નથી. એ વ્યવહારનો પ્રપંચ છે, વ્યવહારનો વિસ્તાર છે. આ કહે છે કે '**નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હંત્પરમેશ્વરનું જે ક્રમ,...**' પરમશ્વરનો જે ક્રમ '**ઇન્દ્રિય અને વ્યવધાન વિનાનું,...**' એને જાણવાનો ક્રમ નથી. ભગવાન ભલે પરને જાણે પણ ક્રમ નથી. એક પછી એક જાણે એમ નથી. એક સમયે બધું લોકાલોક જાણે. આહાહા..! પહેલા લોક જાણે અને પછી અલોક જાણે, પહેલા સ્વ જાણે અને પછી પર જાણે, એમ પણ નથી. આહાહા..!

ત્રિલોકના નાથ પરમાત્મા ત્યારે થયો કે ક્રમરહિત, ઇન્દ્રિયરહિત, વ્યવધાનરહિત... આહાહા..! એ ખુલાસો અંદર ૨૮ પાને કર્યો છે. વ્યવધાન-દખલ નહિ દખલ. કેવળજ્ઞાનમાં પરનું વ્યવધાન એટલે દખલ નહિ. ૨૮મે પાને નીચે છે. છે? '**વ્યવધાન = આડ; પડદો; અંતર; આતરું; વિઘ્ન.**' એમ છે નહીં. આહાહા..! છે ને? આવું ... આવું સાંભળવાનું મુશ્કેલ પડે. એક તો મળે નહિ અને મળે ત્યારે ઝીણું પડે. એને કર્યા વિના છૂટકો નથી, પ્રભુ! ચોર્યાશીના અવતારમાં એણે દુઃખ વેઠ્યા છે. એ દુઃખના દેખનારને આંખમાંથી ધારા ચાલી છે એવા દુઃખ દેખ્યા છે એણે. એવા દુઃખ દેખનારને... ઓલાએ વેદ્યા છે. દુઃખના વેદનારને, દેખનારને આંખમાંથી ધારા ચાલી છે. આહાહા..! જોઈ શકે નહિ. પ્રભુ! અનંતકાળ થયો. મૂળ વસ્તુ અભેદ ચૈતન્ય... આહાહા..! પરને જાણે એવો વ્યવહાર છે, પણ પોતાનું સ્થાન છોડીને પરમાં જાય એમ છે નહિ. આહાહા..! પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારને છોડી પરમાં જાણવા જાય એમ છે નહિ. આહાહા..!

'**વ્યવધાન વિનાનું, અતીન્દ્રિય સકળ-વિમળ...**' સર્વજ્ઞ ભગવાન અતીન્દ્રિય– ઇન્દ્રિયરહિત '**સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.**' સકલપ્રત્યક્ષ છે. બધું પ્રત્યક્ષ છે. મૂર્ત, અમૂર્ત, સ્વદ્રવ્ય, પરદ્રવ્ય બધું પ્રત્યક્ષ છે. આહાહા..! પરવસ્તુ પણ પ્રત્યક્ષ છે. 'પ્રવચનસાર'માં ઘણું લીધું છે. 'પ્રવચનસાર'માં બધું આવે છે. ભવિષ્યમાં પર્યાય થશે, વર્તમાન છે નહિ એ કેવળજ્ઞાનને પ્રત્યક્ષ છે. ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો કે છે નહિ અને પ્રત્યક્ષ જાણે છે એ તો ખોટી વાત થઈ. અરે..! ખોટી વાત થઈ નથી, સાંભળ તો ખરો. એ તો મહાત્મ્ય થયું. ભવિષ્યની પર્યાય છે નહિ, અનંતકાળ પછી પર્યાય થશે. એમાં અત્યારે છે નહિ તેમાં. તેને કેવળજ્ઞાન ભગવાન, એ અહીં કીધું ને? '**અતીન્દ્રિય સકલ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.**' એને સકળપ્રત્યક્ષ છે. આહાહા..! એકકોર ભગવાને વ્યવહારપ્રપંચ કહ્યો, એ તો પરની અપેક્ષાએ. આ જ્યાં જાણવાનું છે વ્યવહાર એટલો સ્વપરપ્રકાશક.

સ્વપરપ્રકાશક બે પ્રકારે છે. એક સ્વપરપ્રકાશક સ્વ-રૂપે છે અને એક સ્વપરપ્રકાશક પરની અપેક્ષા લેતા પરપ્રકાશક છે. આહાહા..! શું કીધું? સ્વપરપ્રકાશક બે પ્રકારના છે. એક

પોતાનું સ્વરૂપ સ્વપરપ્રકાશક નિશ્ચયથી છે. સ્વપરપ્રકાશક સ્વરૂપ જ છે. અને સ્વ-પર સ્વને જાણે અને પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! આવી વાતું છે. એ કહ્યું.

**'અતીન્દ્રિય સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.'** શું સકળપ્રત્યક્ષ છે? પહેલી ચીજ જેવી કીધી એ. **'છ દ્રવ્યોમાં પુદ્ગલને મૂર્તપણું છે, (બાકીનાં) પાંચ અમૂર્તપણું છે;...'** પ્રત્યક્ષ. **'જીવને જ ચેતનપણું છે, (બાકીનાં) પાંચને અચેતનપણું છે.'** પ્રત્યક્ષ. **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને (સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હત્પરમેશ્વરનું જે ક્રમ, ઇન્દ્રિય અને વ્યવધાન વિનાનું, અતીન્દ્રિય સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.'** આહાહા..! ભાઈ! આનો અભ્યાસ ન હોય એને આકરું લાગે પણ વસ્તુ તો આ છે. આહાહા..!

અંતર ચૈતન્ય ભગવાન આ પરમાણુને અડ્યો નથી. આ પરમાણુ, અનંત પરમાણુ દરેક સમયે એની પરમાણુની પર્યાય થાય છે. એ પર્યાયમાં પોતાના આત્માનો અધિકાર બિલકુલ નથી. આહાહા..! આ બોલવામાં, વાણી નીકળવામાં, લખવામાં આત્માનો બિલકુલ અધિકાર નથી. આહાહા..! એવો માર્ગ છે.

પ્રભુ! તું તો જ્ઞાન છો ને? જ્ઞાન શું કરે? જ્ઞાન તો જ્ઞાન કરે. તો એ કહ્યું કે પરનું જ્ઞાન કરે એટલો વ્યવહાર ભલે રાખો. બાકી તો જ્ઞાન પોતે પોતામાં સમાય છે. પરનું જ્ઞાન કરતી વખતે જ્ઞાને કાંઈ પોતાનું સ્થાન છોડ્યું છે (એમ તો નથી). આહાહા..! આવી જાતનો ધર્મ. માર્ગ તો એવો છે, ભાઈ! અરે..! અનંતકાળથી.... આહાહા..! કચ્ચરઘાણ બાળકને આમ. રસ્તામાં બાળક બેઠુ અમથું. એમાં એક ખટારો નીકળ્યો એ એના ઉપર ચાલી જાય છે. કચ્ચરઘાણ. આહાહા..! ભગવાન! એને પણ તું જાણનાર છો. એ વ્યવહાર પણ એને જાણનાર વ્યવહાર છે. બાકી જાણવું તો પોતામાં રહ્યું છે. જાણવાનું સ્થાન, રહેઠાણ, આવાસ, ક્ષેત્ર પર નથી. આહાહા..! આવી વાતું! આવો ધર્મ! ત્યાં સુધી આવ્યું.

**'એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** એ હવે કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૯૯, ગાથા–૧૬૮, શ્લોક–૨૮૩, શુક્રવાર, અષાઢ વદ ૫, તા.૦૧-૦૮-૮૦**

---

'પ્રવચનસાર'ની ૫૪મી ગાથા. ૫૪ ગાથાનો આધાર.

**जं पेच्छदो अमुतं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।**
**सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं।।**

આહાહા..! પ્રત્યક્ષજ્ઞાન કોને કહે? જ્ઞાન, પોતાનો જે સ્વભાવ એનું પ્રત્યક્ષપણું, એ એનો સ્વભાવ છે. તો એ જ્ઞાનનું પ્રત્યક્ષપણું કોને કહે છે? **'દેખનારનું જે જ્ઞાન...'** છે. દેખનારનું

જે જ્ઞાન અમૂર્તને જાણે છે. અમૂર્તને પણ જાણે છે. આહાહા..! આકાશાદિ અમૂર્ત સર્વને દેખે. **'મૂર્ત..'** પદાર્થોને પણ દેખે છે. મૂર્ત પદાર્થને દેખે-જડ પરમાણુ. અને **'અતીન્દ્રિય...'**ને દેખે છે. અતીન્દ્રિય ભગવાન જ્ઞાનસ્વભાવ... આહાહા..! એનો પ્રત્યક્ષ સ્વભાવ જ છે. એ અતીન્દ્રિયને જાણે છે.

**'અને પ્રચ્છન્નને..'** ગુપ્ત છે એને પણ જાણે છે. ભૂત, ભવિષ્ય પર્યાય પ્રચ્છન્ન-ગુપ્ત છે. એને પણ જ્ઞાન પ્રત્યક્ષ જાણે છે. આહાહા..! જ્ઞાનનો સ્વભાવ, આત્માનો જ્ઞાનસ્વભાવ એ સર્વને પ્રત્યક્ષ જાણે એ એનું પૂર્ણ રૂપ છે. એનું-આત્માનું પૂર્ણ સ્વરૂપ છે. તો કહે છે પ્રચ્છન્ન. ભવિષ્યની પર્યાય જે હજી થઈ નથી એને પણ જાણે. ભૂતકાળની-ગયા કાળની તો જાણે, પણ ભવિષ્યની જે પ્રચ્છન્ન પર્યાય છે એને પણ પ્રત્યક્ષ જાણે. પ્રત્યક્ષ જાણે કે આ પર્યાય આ ઠેકાણે છે. આહાહા..! એવો જ્ઞાનનો પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. પ્રત્યક્ષ સ્વરૂપ જ એનું છે. આહાહા..! એક પણ વાતનું મહાત્મ્ય આવતાં બીજી બધી વાતનું મહાત્મ્ય ખ્યાલમાં આવી જાય.

આત્મા જ્ઞાનસ્વરૂપ એ કોઈનું કરે નહિ, દયા પાળે નહિ, વ્રત કરે નહિ, કાંઈ કરે નહિ. એવો જ્ઞાનનો સ્વભાવ છે. તેમ જ્ઞાન પરોક્ષ રહે એવો પણ સ્વભાવ નથી. પરનું તો કાંઈ કરે નહિ. પણ વ્યવહારે પરોક્ષ રહે એ પણ નહિ. એનો તો પ્રત્યક્ષ રહેવાનો સ્વભાવ છે. ઢંકાયેલી વાત, ગુપ્ત વાત એને પણ જાણે. આહાહા..! જાણવું એનો સ્વભાવ છે એ પ્રત્યક્ષ થઈને જાણે છે.

**'અને પ્રચ્છન્નને એ બધાંયને—સ્વને...'** બધાનો અર્થ **'સ્વને તેમ જ પરને—'** બધાં એટલે સ્વ તથા પર. આહાહા..! બધું **'દેખે છે,...'** એવો એનો સ્વભાવ છે. કોઈનું કાંઈ કરવું એવો એનો સ્વભાવ નથી. આહાહા..! પરની દયા પાળવી એ પણ આત્માનો સ્વભાવ નથી. ગજબ વાત છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા, કેવળજ્ઞાની પ્રભુ પરમાત્માએ પ્રત્યક્ષ જ્ઞાન જોયું. કહે છે, એ તો જાણવું-દેખવું પૂર્ણ એનો સ્વભાવ છે. કોઈ એક રજકણનું કરવું કે કોઈની દયા કરવી, કોઈને સુખી કરવા કે કોઈને દુઃખથી દૂર કરવા એ કોઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ગરીબોના આંસુ લૂછવા?

ઉત્તર :– પરિપૂર્ણ સ્વરૂપ. આહાહા..!

મુમુક્ષુ :– ગરીબોના આંસુ લુછવા કે નહિ? એમ પૂછે છે.

ઉત્તર :– ગરીબના આંસુબાંસુ લુછતા નથી. કોઈ ગરીબ છે જ નહિ. ખરેખર જુઓ તો ભગવાનઆત્મા, બધા શરીરમાં રહેનાર આત્મા ભગવાન છે. પરિપૂર્ણ ભગવાન છે, પ્રત્યક્ષ ભગવાન છે જ, શક્તિરૂપે તો પ્રત્યક્ષ સ્વભાવ છે જ. આહાહા..! કોઈ ગરીબના આંસુ લુછવા કે કોઈને ભગવાનની કૃપા થાય તો કલ્યાણ થઈ જાય, એમ વાત છે નહિ. એ તો પ્રત્યક્ષ

એક સમયમાં સ્વ અને પરને એટલે બધાને જાણનાર છે. છે?

**'સ્વને તેમ જ પરને—દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે.'** એ જ્ઞાન પ્રત્યક્ષ છે. એક ભાવનો પણ પાકો નિર્ણય કરવો. આહાહા..! આમાં કેટલી વાત આવી જાય છે. આત્મા એક સમયમાં પ્રત્યક્ષ બધું જાણે એમાં કેટલી વાત આવી ગઈ. પરનું કરી શકતો નથી, પરને દઈ શકતો નથી, પરની દયા પાળી શકતો નથી. આહાહા..! સત્ય બોલી શકતો નથી. ભગવાન સત્ય બોલી શકતો નથી. આહાહા..! એ તો પ્રત્યક્ષ જાણનાર ભગવાન છે. બોલવાની ભાષા તો જડની છે. જડની ભાષા પણ આત્મા કરી શકતો નથી. આહાહા..! આ 'પ્રવચનસાર'ની (ગાથા છે).

**'તે જ્ઞાન પ્રત્યક્ષ છે.'** એનું નામ જ્ઞાન પ્રત્યક્ષ કહીએ. સ્વ અને પરને, પ્રચ્છન્ન અને પ્રગટને બધાને એક સમયમાં પરને અડ્યા વિના પોતામાં જાણે છે. એ પરને જાણે છે એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! પોતાને–પૂર્ણ સ્વરૂપને જાણે છે એમાં બધું આવી ગયું. આકરી વાત છે, ભાઈ! આહાહા..! મોક્ષનો માર્ગ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એનો મોક્ષમાર્ગ બહુ અલૌકિક છે. આહાહા..!

એક જ ગુણમાં પ્રત્યક્ષપણાનો નિર્ણય કરે તો એમાં ઘણી વાત આવી જાય છે. એ જ્ઞાન પરનું તો કાંઈ કરે નહિ. પરથી લે નહિ, અલ્પપણું રહી શકે નહિ, અલ્પપણું રહી શકે નહિ, પૂર્ણ થઈ જાય એવી એની શક્તિ છે. સ્વ અને પર, પ્રગટ અને અપ્રગટ સર્વને પ્રત્યક્ષજ્ઞાન જાણે છે. એવા એક જ્ઞાનગુણની પર્યાયનો સ્વભાવ છે. જ્ઞાનગુણની એક સમયની પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! એ નિર્ણય કરે તો પરનું હું કાંઈ કરી શકું, પરથી મારામાં કંઈક આવી જાય, પર કાંઈક મારામાં મંત્ર-તંત્ર કરી દે એમ કાંઈ થતું નથી. આહાહા..! જ્ઞાનસ્વરૂપી ચંદ્ર પ્રભુ શીતળ ચંદ્રસ્વભાવ જ્ઞાન પરિપૂર્ણ સ્વ અને પરને બધાને પ્રત્યક્ષ જાણે એ પ્રત્યક્ષજ્ઞાન છે. આહાહા..! એક શબ્દમાં તો ઘણું ભર્યું છે. જ્ઞાન પંચમહાવ્રત પાળે, પાપ લાગે તો દોષ પ્રાયશ્ચિત લે એ પ્રત્યક્ષજ્ઞાન નથી. આહાહા..!

પ્રત્યક્ષજ્ઞાન એક સમયમાં પૂર્ણ સ્વને અને પૂર્ણ પરને એક સમયમાં પરને અડ્યા વિના પોતાની તાકાતથી પ્રત્યક્ષ જાણે એનું નામ જ્ઞાન પ્રત્યક્ષ કહે છે. વીતરાગમાર્ગમાં જ્ઞાનપ્રત્યક્ષ એને કહે છે. આહાહા..!

'વળી (૧૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૨૮૩

(मंदाक्रांता)

सम्यग्वर्ती त्रिभुवनगुरुः शाश्वतानन्तधामा
लोकालोकौ स्वपरमखिलं चेतनाचेतनं च।
तार्तीयं यन्नयनमपरं केवलज्ञानसंज्ञं
तेनैवायं विदितमहिमा तीर्थनाथो जिनेन्द्रः।।२८३।।

**[શ્લોકાર્થ :–] કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે અને શાશ્વત અનંત જેમનું *ધામ છે—એવા આ તીર્થનાથ જિનેંદ્ર લોકાલોકને અર્થાત્ સ્વ-પર એવાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે (બરાબર) જાણે છે. ૨૮૩.**

## શ્લોક–૨૮૩ ઉપર પ્રવચન

सम्यग्वर्ती त्रिभुवनगुरुः शाश्वतानन्तधामा
लोकालोकौ स्वपरमखिलं चेतनाचेतनं च।
तार्तीयं यन्नयनमपरं केवलज्ञानसंज्ञं
तेनैवायं विदितमहिमा तीर्थनाथो जिनेन्द्रः।।२८३।।

**શ્લોકાર્થ :–** આહાહા..! **'કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર...'** આહાહા..! આ નેત્ર નહિ પણ ત્રીજું નેત્ર. આ નેત્ર તો જડ છે. એનાથી દેખે એ તો પરોક્ષ છે. એ પણ એનાથી નથી દેખતા. દેખવું તો દેખનાર શક્તિ દેખે છે. આહાહા..! આ ઇન્દ્રિયને જોતો નથી. આ તો જડ છે. અંદરમાં જોનાર છે એ જોવે છે.

અહીં કહે છે કે **'કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર...'** અંતરમાં કેવળજ્ઞાનનું જ્યાં ત્રીજું નેત્ર ખુલ્યું... આહાહા..! **'તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે...'** આહાહા..! ણમો અરિહંતાણં. એનું કેવળજ્ઞાન કેટલું છે એની ખબર નથી. આહાહા..!

* ધામ = (૧) ભવ્યતા; (૨) તેજ; (૩) બળ.

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. એમ કીધા કરે. અનંતવાર ગોખ્યા કરે. પણ એનો ગુણ, વસ્તુનો સ્વતઃ સહજ સ્વભાવ પરિપૂર્ણ ભરેલો છે, એવી અંદર અનુભવ પ્રતીત વિના સમ્યગ્દર્શન થતું નથી. ધર્મની શરૂઆત થતી નથી. આહાહા..! અને એ વાતને પર વાતની અંદર અપેક્ષા પણ નથી. નિરપેક્ષ પોતાને અને પરને અંદર જાણે છે. આહાહા..!

**'કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે.'** આહાહા..! ગુરુ એટલે જાણનાર. ત્રણલોકમાં ઉત્કૃષ્ટ. ત્રણલોકના ગુરુ એટલે ધણી નહિ કાંઈ. ત્રણલોકમાં મોટા છે. ત્રણલોકમાં મોટામાં મોટા પ્રભુ આત્મા છે. આહાહા..! આ પૈસાવાળા કરોડપતિ, અબજપતિ, મોટા ગુરુ છે એ વાત તો કાંઈ ધૂળમાં પણ રહી નહિ. આહાહા..! અબજોપતિ મરીને નરકે જાય. આહાહા..! ચક્રવર્તી 'બ્રહ્મદત્ત'. અબજોપતિ ક્યાં? એને તો એક મિનિટમાં અબજોની પેદાશ. એક મિનિટમાં! એવું છ ખંડનું રાજ ભોગવ્યું અને અંદર આત્મસ્વરૂપનું ભાન કર્યું નહિ. મરીને રતનના ઢોલીયે સૂતેલો, રતનના પલંગમાં સૂતેલો... આહાહા..! એ એક ક્ષણે જ્યાં અહીં સૂતો છે એ બીજે ક્ષણે સાતમી નરકે ૩૩ સાગરે ગયો. આહાહા..! વિશ્વાસ. સત્ય અને અસત્યનું ફળ શું? અને અસત્ય ને સત્યનું ફળ શું છે, એની પરીક્ષા કર્યા વિના માનવું એ કાંઈ છે નહિ. આહાહા..! ક્યાં રતનના પલંગમા સૂતો હતો. પણ પાપી છ ખંડનું... આહાહા..! રાજ ને સ્ત્રી, સ્ત્રી. મરતા મોઢેથી કુરુમતિ... કુરુમતિ બોલતો હતો. સ્ત્રી. આહાહા..! છન્નું હજાર સ્ત્રી. એમાં મુખ્ય સ્ત્રી હતી એના લવારા કરતો હતો. મરીને સાતમી નરકે ગયો. અરે..રે..!

જેનો પૂર્ણ સ્વભાવ છે એને નહિ માનીને પરમાં સુખ છે, પરને જોતાં મારી મહિમા છે (એમ માને છે). મારી મહિમા મને જોવો એ મારી મહિમા છે. આહાહા..! એમ નહિ માની પરની મહિમામાં ઘૂંચવાઈ ગયો તો પોતાની મહિમા છૂટી ગઈ. એ બતાવે છે. ત્રણલોકના ગુરુ. ગુરુનો અર્થ ત્રણલોકમાં એના જેવો કોઈ મોટો નથી. આહાહા..! ત્રણલોકનો કાંઈ સ્વામી નથી. એક પરમાણુનો પણ કાંઈ ધણી નથી. ત્રણલોકમાં મોટા ગુરુ, મહા ગુરુ. આહાહા..!

**'અને શાશ્વત અનંત જેમનું ધામ છે—'** આહાહા..! શાશ્વત જેના તેજ છે. કેવળજ્ઞાની પરમાત્મા જેનું શાશ્વત ધામ. ધામ કહો, તેજ કહો, સ્થળ કહો, સ્થાન કહો. આહાહા..! પૂર્ણ જેનું તેજ. ચૈતન્યના પૂર્ણ જેના તેજ ખીલી નીકળ્યા છે. એ પોતાના સ્વભાવના આશ્રયે, કોઈ ક્રિયાકાંડથી નહિ. હમણા ગાયુંને? એમાં એ ભાષા ભલે બધી આવી. પણ મૂળ વાત એ 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' વજન ત્યાં છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદ, એમાં પોતાની અખંડ વૃત્તિ 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' સ્વસન્મુખ કરવી. ત્યાં તો દેવ-ગરુ-શાસ્ત્ર ઊડી ગયા. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી કાંઈ થશે. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' પોતાની પરિણતિને અખંડ સ્વભાવ સન્મુખ ઉપર કરશે તેને આત્માનો પત્તો લાગશે. આહાહા..! કોઈ ક્રિયાકાંડથી મળે છે એમ છે નહિ. કે વ્રત પાળે ને અપવાસ કરે અને આ કરે માટે કાંઈક

મળે (એમ નથી). એ તો શુભભાવ છે, સંસાર છે, એમાં ભવભ્રમણ છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ!

અહીં તો કહે છે, **'ગુરુ છે અને શાશ્વત અનંત જેમનું ધામ છે—'** એનું સ્થાન જ શાશ્વત અવિનાશી... આહાહા..! એનું બળ, શાશ્વત અંદર બળ. અનંત તેજ, તેજનું બળ, અનંત અનંત તેજ ને બળ છે. એવો શક્તિવાન એ આત્મા ભગવાન છે. આહાહા..! **'એવા આ તીર્થનાથ જિનેન્દ્ર લોકાલોકને અર્થાત્ સ્વ-પર એવાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે (બરાબર) જાણે છે.'** સમ્યક્ પ્રકારે જાણે છે. જેમ છે તેમ જાણે છે. આહાહા..! ભવિષ્યની પર્યાય નથી પ્રગટી એને પણ વર્તમાન પ્રત્યક્ષ દેખે છે. એ માનવું એ વાત સાધારણ નથી. અનંતકાળ, અનંતકાળ પછી જે પર્યાય અનંત દ્રવ્યની થશે એ વર્તમાન સમયની એક પર્યાયમાં પ્રત્યક્ષ જાણે છે. વર્તમાન એક સમયની જ્ઞાનની પર્યાયમાં બધું જાણે છે. આહાહા..!

એ તો એકવાર કહ્યું હતું ને? કે એક સમયની જ્ઞાનની પર્યાય ત્રણલોક ત્રણકાળ જાણે. પોતાનું પૂર્ણ દ્રવ્ય જાણે, પૂર્ણ ગુણ જાણે અને અનંતી પર્યાય છે એને પણ જાણે. તો એક જ પર્યાય જગતમાં છે, એ બધું છે. આહાહા..! શું કહ્યું સમજાણું? એ વાત અહીં કહે છે. કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... એક ગુણની એક પર્યાય, અનંતગુણની પર્યાય તો અનંત રહી ગઈ. એક ગુણની એક પર્યાય એ અનંત પર્યાયને જાણે, દ્રવ્ય-ગુણને જાણે, પોતાને જાણે, લોકાલોકને જાણે. એક જ સમયની પર્યાયમાં સર્વસ્વ આવી ગયું. આહાહા..! આ વાત કેમ બેસે? ઓહોહો..!

એક સમયની પર્યાય એ એક જ છે. એમાં કાંઈ બીજું છે નહિ. બીજાનું એમાં જ્ઞાન છે. એક જ સમયની પર્યાય એ જ સર્વસ્વ છે. આહાહા..! એવી એવી અનંતી પર્યાય. દરેક પર્યાયમાં એવી પરિપૂર્ણતા છે. આહાહા..! કે જેમાં કોઈપણ ન જાણે એમ છે નહિ. આહાહા..! મહાત્મ્ય આવે ત્યારે ને. એક સમયની એક કેવળપર્યાય કેવળજ્ઞાન ત્રિકાળીને જાણે, દ્રવ્યને જાણે, ગુણને જાણે, પોતાની અનંતી પર્યાય એવી અનંતગુણી છે એને જાણે અને લોકાલોકને જાણે. આહાહા..! એક સમયની પર્યાયની એટલી તાકાત. પણ વૃત્તિ દ્રવ્યની સન્મુખ થાય ત્યારે એ પર્યાય પ્રગટે છે. દ્રવ્ય સન્મુખ થાય, અખંડાનંદ ભગવાન પરમાત્મા એની સન્મુખ થાય તો એક સમયમાં એવી પર્યાય પ્રગટ થાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! આકરું કામ છે. આ વ્યવહાર-વ્યવહાર કરે છે ને પુણ્ય? પુણ્ય કરો... પુણ્ય કરો... પુણ્ય કરો... શુભભાવ કરો... કરતા કરતા થશે. ધૂળેય નહિ થાય. શુભભાવ એ ઘોર સંસાર છે. કહ્યું હતું ને? આમાં બતાવ્યું હતું ને? શુભભાવ ઘોર સંસાર. આહાહા..! એક સમયની પર્યાય સર્વને જાણે એવો જ એનો પ્રત્યક્ષ સ્વભાવ છે. શુભ-અશુભભાવ તો મેલ છે. મેલ-બેલ એનો સ્વભાવ નથી. આહાહા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. એ પૂર્ણ પર્યાય એક સમયમાં જાણે એની તાકાત એવી છે. આહાહા..!

એ પ્રશ્ન ઉઠ્યો હતો ને. કહ્યું હતું ને? (સંવત) ૧૯૭૨ની સાલમાં. એ કહે, કેવળીએ દીઠું એમ થશે. એમાં આપણે શું કરીએ? કેવળી થયા... ૧૯૭૨ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૬૪. 'ડાહ્યાભાઈ'! તે દિ' પ્રશ્ન ઉઠ્યો હતો, ૧૯૭૨ની સાલમાં. ભગવાને જોયું એમાં ફેરફાર નહિ થાય. માટે આપણે કાંઈ પુરુષાર્થ નહિ કરી શકીએ.

પ્રભુ! મેં કહ્યું. ૧૯૭૨ની વાત છે. ફાગણ માસ. ૧૯૭૨નો ફાગણ માસ. આહાહા..! કીધું, ભગવાન એક સમયમાં બધું જાણે એવી પ્રતીતિ પહેલા આવી? પછી કેવળજ્ઞાનીએ દીઠું એમ થાશે. એ વાત પછી. 'ડાહ્યાભાઈ'! આહાહા..! એક સમયમાં એક પર્યાય સર્વને પૂર્ણ જાણે એવી સત્તાની હયાતી જગતમાં છે. આહાહા..! એવી સત્તાની શ્રદ્ધા ક્યારે થાય છે? પોતાના જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ સન્મુખ થઈને એક સમયની પર્યાય બધાને જાણે અને જાણે એમ જ થાય છે. પણ એની પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય ત્યારે એનો નિર્ણય થાય છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આ તો ૭૨ની સાલની વાત છે. ૬૪ વર્ષ થયા. બે વર્ષ ચાલ્યું. બે વર્ષ સાંભળ્યું. ૭૦ અને ૭૧માં દીક્ષા. કીધું, આ કહે છે એ જૂઠું કહે છે. આ શું કરે છે? કેવળીએ દીઠું થશે આપણે કાંઈ પુરુષાર્થ કરીએ નહિ. પછી એક જણાએ કહ્યું હતું. ઓલો 'ઉજમશી' હતો ને? 'રોજકા'વાળો 'ઉજમશી' નહિ? 'રોજકાવાળો'. એકવાર હું બહાર બેઠો હતો અને એને કહેતા હતા. આ બધી વાત પહેલા થઈ ગયેલી ને? તો કહે, તમે આમ કહો છો પછી આ મુંડાવીને બેઠા છો શું કરવા? અંદરને અંદર તકરાર. ભગવાને દીઠું ત્યારે થશે તો તમારી મુંડાવીને હાથમાં તો આવ્યું નહિ. આહાહા..! 'રોજકા'વાળા 'ઉજમશી' હતા. ગુજરી ગયા. શ્રદ્ધામાં કાંઈ ઠેકાણા નહોતા. સંપ્રદાયમાં શ્રદ્ધામાં કાંઈ ઠેકાણા નહિ. કાંઈકને કાંઈક ઊંધી મિથ્યાશ્રદ્ધા સંપ્રદાયમાં. આહાહા..! શું કરે? એટલી દરકાર પણ ક્યાં છે? ધંધા આડે, પાપ આડે આખો દિ'.

અહીંયાં તો કહે છે કે, એક સમયની પર્યાય કેવળજ્ઞાન પ્રત્યક્ષ (છે) એવો જો કોઈ નિર્ણય કરે તો એની દૃષ્ટિ જ્ઞાન ઉપર, આત્મદ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્ય ઉપર જાય તો સમ્યગ્દર્શન થાય છે. એ એમ માને છે કે જેવું થાય છે એવું જાણવું. પણ એ તો પુરુષાર્થથી પહેલા પ્રયત્ન કર્યો અને સમકતિ થયું એ માને છે. એમ ને એમ માને કે જોયું એવું થશે, જોયું એવું થશે. પણ દેખનાર છે કે નહિ? દેખનાર જગતમાં છે કે નહિ? અને દેખનારની સત્તાનું સામર્થ્ય કેટલું છે? આહાહા..! એ અહીં કહે છે.

કેવળજ્ઞાન એટલે એક સમયનું પ્રત્યક્ષજ્ઞાન. ઓહોહો..! એની જ્યાં અંતર પ્રતીતિ થઈ ત્યારે તો અંતર દ્રવ્ય સન્મુખ થયો અને કેવળજ્ઞાન સન્મુખ થવાનો છે. આહાહા..! આ બાજુમાં દ્રવ્યસન્મુખ થયો, આ બાજુ સાધ્યમાં કેવળજ્ઞાન. આવે છે ને ઉપાય અને ઉપેયમાં? 'સમયસાર'માં આવે છે ને ઉપાય-ઉપેય. સમકિતીનું ધ્યેય દ્રવ્ય છે પણ સાધ્ય સિદ્ધ છે. સમજાણું કાંઈ? એ થોડી થોડી વાત છે. ધર્મી જીવનું ધ્યેય દ્રવ્ય સ્વભાવ છે. પૂર્ણ દ્રવ્ય

સ્વભાવ એ એનું ધ્યેય છે. અને એનું સાધ્ય કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન સાધનાર્થ... આહાહા..! એ સિવાય ત્રીજી લપ એને છે નહિ. આહાહા..!

ત્રણલોકનો નાથ મહાવિદેહમાં બિરાજે છે. એની વાણી નીકળતી હશે. આહાહા..! જ્યાં એકાવતારી ઇન્દ્રો, એકભવતારી ઈન્દ્રો, બત્રીસ લાખ વૈમાનના લાડા, એ આ વાત કુતરીના બચ્ચાની જેમ બેસીને સાંભળે. રીંછ, વાઘ અને સિંહ, સિંહ અને વાઘ ભગવાન પાસે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સાંભળે છે અને બેસે છે. આહાહા..! આમ નજર કરું છું એટલે ત્યાં... આ બાજુ છે. મહાવિદેહક્ષેત્રમાં એ બાજુ ભગવાન બિરાજે છે. આહાહા..! એ પરમાત્માની આ વાણી છે. કેમકે 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. સાક્ષાત્ સમવસરણમાં સાંભળ્યું હતું. આહાહા..! અમે પણ સાથે હતા, સાંભળ્યું હતું. ભગવાન પાસે અમે હતા. આહાહા..! પરિણામમાં છેલ્લે ફેર પડી ગયો. આ ગરીબ ભરતક્ષેત્ર, જેમાં કેવળજ્ઞાન ઊપજે નહિ, મનઃપર્યય ઊપજે નહિ એવું આ ગરીબ ક્ષેત્ર, ત્યાં અવતાર થઈ ગયો. આહાહા..!

અહીં કહે છે કે એક સમયની પર્યાય... આહાહા..! ત્રણકાળ ત્રણલોક, સ્વ અને પર બધાને દેખે છે. એ ભાષા તો સાંભળી પણ અંદરમાં પ્રતીત થવી... આહાહા..! એ પ્રતીતિ પૂર્ણ સ્વભાવ જે છે, અત્યારે પ્રત્યક્ષ અંદર પૂર્ણ સ્વભાવ છે, એ તરફ દૃષ્ટિ કરતાં 'કરી વૃત્તિ અખંડ સન્મુખ'. અંદર પરિણતિ, વૃત્તિ એટલે પરિણતિ અંતરમાં સન્મુખ કરતા જે પ્રતીતિ થઈ એમાં કેવળજ્ઞાનની પણ પ્રતીતિ આવી ગઈ. આહાહા..! જ્યારે જે થવાનું હશે એ પણ એમાં આવી ગયું, ક્રમબદ્ધ પણ આવી ગયું. ભગવાને દીઠું એ ક્રમબદ્ધ. જે સમયે જે પર્યાય જ્યાં થશે એ ભગવાને જોયું છે. આહાહા..!

બીજી વાત કહી હતી? બધા દ્રવ્ય જે છે એ સામાન્ય અને વિશેષ છે. તો સામાન્ય જે બધા પદાર્થો (છે તે) વિશેષ પર્યાય વિના રહેતા નથી. વિશેષ પર્યાય વિના બીજી પર્યાય બીજો કરી દે એમ ત્રણકાળમાં બને નહિ. વસ્તુનું સ્વરૂપ જ સામાન્ય વિશેષ છે. સામાન્ય નામ ધ્રુવ, વિશેષ નામ પર્યાય. આહાહા..! 'હસમુખભાઈ'! આવું બધું સાંભળ્યું નથી. પથરામાં કાઢ્યા ઝાવા. અમારે આવ્યો છે ને 'મનસુખ'. એ ત્યાં મજુરી કરે–ધંધા. આહાહા..! આ પ્રભુ ચૈતન્યસ્વરૂપ એક સમયમાં બધું જાણે. એ શું કહે છે?

**'સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે (બરાબર) જાણે છે.'** આહાહા..! એમાં તો કેટલું આવ્યું, ભગવાન! તે બધું જાણે. તો જાણે એમ જ થાય અને થાય છે એ પ્રમાણે જ જાણે છે. એ થાય છે એની અપેક્ષા નથી. આહાહા..! પોતાની અપેક્ષાએ જે સમયે જે થાય છે એ પોતાની અપેક્ષાએ પોતામાં સ્વપરપ્રકાશક શક્તિ છે. એક સમયમાં જાણે-દેખે છે. એવું ભગવાનનું કેવળજ્ઞાન પ્રત્યક્ષ જેવું છે એવો નિર્ણય કરે એને સમ્યગ્દર્શન થાય છે. એના ભવનો અંત આવે છે. ભગવાનનો નિર્ણય કરે એને ભવ રહે નહિ. ભગવાનનો નિર્ણય કરે એને ભવ રહે નહિ. આહાહા..!

ત્યારે ૧૯૭૨ની સાલમાં કહ્યું હતું. બહુ જ્યારે તકરાર થઈ. અમે દીક્ષાવાળા મોટા છીએ અને આ તો નવો દીક્ષીત (છે). બે વર્ષની દીક્ષા, ૨૫ વર્ષની ઉંમર. એમ કહે, તમે બધા દેખે એ પ્રમાણે (થાય એને) ખોટું ઠરાવો છો? કીધું, પણ દેખે છે એની પ્રતીત કરે, પ્રભુ! એને દેખે, બધાને દેખે એવી પ્રતીત કરે એ પર્યાય દ્રવ્ય ઉપર જાય છે. અને દ્રવ્ય ઉપર જાય તેને ભવ રહે નહિ. 'ડાહ્યાભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ? આ તો ૬૪ વર્ષ પહેલાની વાત. તમારા જન્મ પહેલા. આહાહા..! પૂર્વના સંસ્કાર હતા ને. ૧૯૭૨ની સાલ. ૧૯૭૦માં દીક્ષા. ૧૯૭૨માં પ્રશ્ન ઉઠ્યો તો બે દિવસ બહુ મોટી ચર્ચા ચાલી. એક દિવસ તો સંપ્રદાય છોડી દીધો. આ ન જોઈએ. કોઈપણ વાત અમને અંતરમાં ન બેસે એ સંપ્રદાય ન જોઈએ. એક દિવસ સંપ્રદાય છોડી દીધો. પછી નાની ઉંમર ને બધા શેઠિયા આવ્યા. કહે, મહારાજ! પધારો પાછા. આ શું થયું? કોઈ દિ' આવું કાંઈ બોલતા નહિ, આ શું થયું? કીધું પછી, હું સાંભળતો. મને બેસતું નથી. એ વાત મને બેસતી નથી. આહાહા..!

ભગવાન સર્વજ્ઞનો નિર્ણય જેને છે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. અને દ્રવ્ય ઉપર હોવાથી ભગવાને એના ભવ જોયા નથી. એના ભવનો અભાવ ભગવાને જોયો છે. આહાહા..! એ વાત અહીંયાં કહે છે. કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન.. કહે છે કે એક સમયમાં સ્વ અને પરને પૂર્ણ જાણે. આહાહા..! પોતાની પર્યાય પણ ભવિષ્યમાં કેવી થશે એને જાણે. આહાહા..! અને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં કરી શકે એવી કેવળીમાં પણ તાકાત નથી. આહાહા..! એની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોવાથી (એને) ભવ છે નહિ. એકાદ-બે ભવ છે એ જ્ઞાનનું જ્ઞેય છે. એકાદ-બે ભવ છે તો એ જ્ઞાનનું જ્ઞેય છે. એવો કેવળજ્ઞાનનો પ્રત્યક્ષ નિર્ણય કરતાં એનું ફળ આ છે. 'હસમુખભાઈ'! આ જાણે કે કેવળજ્ઞાન એટલે શું, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં... આહાહા..! ણમો અરિહંતાણં કોણ છે? આહાહા..! એ અહીં કહે છે. **'સ્વ-પર એવાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે (બરાબર) જાણે છે.'**

## ગાથા-૧૬૮

पुव्वुत्तसयलदव्वं णाणागुणपज्जएण संजुत्तं।
जो ण य पेच्छइ सम्मं परोक्खदिट्ठी हवे तस्स।।१६८।।

पूर्वोक्तसकलद्रव्यं नानागुणपर्यायेण संयुक्तम्।
यो न च पश्यति सम्यक् परोक्षदृष्टिर्भवेत्तस्य।।१६८।।

अत्र केवलदष्टेरभावात् सकलज्ञत्वं न समस्तीत्युक्तम्।

पूर्वसुत्रोपात्तमूर्तादिद्रव्यं समस्तगुणपर्यायात्मकं, मूर्तस्य मूर्तगुणाः, अचेतनस्याचेतनगुणाः, अमूर्तस्यामूर्तगुणाः, चेतनस्य चेतनगुणाः, षड्ढानिवृद्धिरूपाः सूक्ष्माः परमागमप्रामाण्यादभ्युपगम्याः अर्थपर्यायाः षण्णां द्रव्याणां साधारणाः, नरनारकादिव्यंजनपर्याया जीवानां पंचसंसारप्रपंचानां, पुद्गलानां स्थूलस्थूलादिस्कन्धपर्यायाः, चतुर्णां धर्मादीनां शुद्धपर्यायाश्चेति, एभिः संयुक्तं तद्द्रव्यजालं यः खलु न पश्यति, तस्य संसारिणामिव परोक्षदृष्टिरिति।

વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને,
દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.

અન્વયાર્થ :– [ नानागुणपर्यायेण संयुक्तम् ] વિધવિધ ગુણો અને પર્યાયોથી સંયુક્ત [ पूर्वोक्तसकलद्रव्यं ] પૂર્વોક્ત સમસ્ત દ્રવ્યોને [ यः ] જે [ सम्यक् ] સમ્યક્ પ્રકારે (બરાબર) [ न च पश्यति ] દેખતો નથી, [ तस्य ] તેને [ परोक्षदृष्टिः भवेत् ] પરોક્ષ દર્શન છે.

ટીકા :– અહીં, કેવળદર્શનના અભાવે (અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે.

સમસ્ત ગુણો અને પર્યાયોથી સંયુક્ત પૂર્વસૂત્રોક્ત (૧૬૭મી ગાથામાં કહેલાં) મૂર્તાદિ દ્રવ્યોને જે દેખતો નથી;—અર્થાત્ મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો હોય છે, અચેતનના અચેતન ગુણો હોય છે, અમૂર્તના અમૂર્ત ગુણો હોય છે, ચેતનના ચેતન ગુણો હોય છે; ષટ્ (છ પ્રકારની) હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે, નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના *સંસારપ્રપંચવાળા જીવોને હોય છે, પુદ્ગલોને સ્થૂલ-સ્થૂલ વગેરે સ્કંધપર્યાયો હોય છે અને ધર્માદિ ચાર દ્રવ્યોને શુદ્ધ પર્યાયો હોય છે; આ ગુણપર્યાયોથી સંયુક્ત એવા તે દ્રવ્યસમૂહને જે ખરેખર દેખતો નથી;—તેને (ભલે તે સર્વજ્ઞપણાના અભિમાનથી દગ્ધ હોય તોપણ) સંસારીઓની માફક પરોક્ષ દૃષ્ટિ છે.

## ગાથા–૧૬૮ ઉપર પ્રવચન

૧૬૮.

पुव्वुत्तसयलदव्वं णाणागुणपज्झएण संजुत्तं।
जो ण य पेच्छइ सम्मं परोक्खदिट्ठी हवे तस्स।।१६८।।

* સંસારપ્રપંચ = સંસારવિસ્તાર. (સંસારવિસ્તાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—એવા પાંચ પરાવર્તનરૂપ છે.)

**વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને,**
**દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.**

**'ટીકા :– અહીં, કેવળદર્શનના અભાવે...'** પૂર્ણ દેખવાના અભાવે, પૂર્ણ પ્રત્યક્ષદર્શનના અભાવે. આહાહા..! ત્રણકાળ ત્રણલોક પૂર્ણ એક સમયમાં દેખે એના અભાવમાં. એ જો ન હોય તો એના અભાવમાં **'(અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી...'** આહાહા..! ત્રણકાળ ત્રણલોક દેખે એ નથી હોતું. હજી પણ શંકા કરે છે. ક્રમબદ્ધની વાત આવી ને? ક્રમબદ્ધની વાતમાં લોકોને શંકા પડે છે. ક્રમબદ્ધ છે તો ફેરફાર કરી શકે નહિ. કેવળજ્ઞાનમાં પણ શંકા પડે છે. કેવળજ્ઞાને દીઠું એમાં ભવિષ્યકાળ કેવો હશે એ ન જાણે. ભૂતકાળ દેખે, વર્તમાન દેખે, ભવિષ્યમાં શું થશે એ નહિ. એવી શંકા કરે છે. કારણ કે એ કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જાય તો ક્રમબદ્ધપર્યાય સિદ્ધ થઈ જાય.

દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે થશે. બીજે સમયે બીજે નંબરવાર. નંબરવાર. સ્ટેશનમાં ટિકિટ આપે છે ને? ૨૫-૫૦ માણસો આમ નંબરવાર ઊભા હોય ને? એક પછી એક ટિકિટ આપે છે ને? અહીં નંબરવાર પર્યાય પ્રગટે છે. આહાહા..! સર્વ પર્યાયને જાણી. એ જાણનાર કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાનને જેણે જાણ્યું એને કેવળજ્ઞાન થયા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વાત સાધારણ છે પણ અંદર રહસ્ય ઘણું છે.

કેવળજ્ઞાન એક સમયની પર્યાય, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સેકન્ડના અસંખ્ય સમય, એના અસંખ્યમાં ભાગ, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ દેખે. આહાહા..! એની પ્રતીતિ, વિશ્વાસમાં આખું દ્રવ્ય આવી જાય છે. શું કીધું? એની પ્રતીતિમાં આખું દ્રવ્ય આવી જાય છે. તો દ્રવ્યની પ્રતીતિ થઈ તેને ભવ રહેતા નથી. આહાહા..! કોઈપણ વિચાર વિના માનવું (એ તો) બીજો કોઈ આવે તો ફેરવી નાખે. યથાર્થ પરીક્ષા કરીને માન્યું હોય તો ત્યાં પાકું થઈને રહે. એ અહીં કહે છે.

**'અહીં, કેવળદર્શનના અભાવે (અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે.' 'સમસ્ત ગુણો અને પર્યાયોથી સંયુક્ત પૂર્વસૂત્રોક્ત (૧૬૭મી ગાથામાં કહેલાં) મૂર્તાદિ દ્રવ્યોને જે દેખતો નથી;—'** મૂર્ત અને અમૂર્ત, દ્રવ્ય અને પર્યાય. આદિમાં. મૂર્ત દ્રવ્ય અને એની પર્યાય, જે સમયે થવાની તે અને અમૂર્તમાં પણ જે સમયે થવાની છે તે. **'મૂર્તાદિ...'** છે ને? આદિમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય બધું આવી ગયું. આહાહા..! આવો ઉપદેશ છે. આમાં શું કરવું? કરવું આ. પ્રભુ! કરવું છે એ. પૂર્ણ જ્ઞાનપ્રકાશનું પૂર, પૂર્ણ જ્ઞાનપ્રકાશના નૂરનું પૂર પરિપૂર્ણ પરમાત્મા તું, એમ સન્મુખ થઈને અનુભવ અને પ્રતીત કરવી એ કરવાનું છે. આહાહા..! બાકી અહીં કાંઈ ક્રિયા કરવી એવું કાંઈ નથી. આહાહા..!

**'સમસ્ત ગુણો અને પર્યાયો...'** જુઓ! બધી પર્યાય આવી ને? ભૂત-ભવિષ્ય. ત્રણકાળના

દ્રવ્યની, ત્રણકાળની જે પર્યાય, એના **'સંયુક્ત પૂર્વસૂત્રોક્ત (૧૬૭મી ગાથામાં કહેલાં) મૂર્તાદિ દ્રવ્યોને જે દેખતો નથી;...'** એની પર્યાયને ન દેખે, દ્રવ્યને ન દેખે. આહાહા..! કોઈપણ અનંતકાળ પછીની પર્યાયને વર્તમાનમાં ન દેખે... આહાહા..! અનંતકાળ પછી પર્યાય થશે એ વર્તમાનમાં જો ન દેખે તો એ સર્વજ્ઞ નહિ. આહાહા..! વાત સાદિ ભાષા છે. મર્મ ઘણા ઊંડા છે. આહાહા..!

જે જ્ઞાન ભવિષ્યની અનંતી.. અનંતી... અનંતી... પર્યાય નથી (થઈ) એ છે એમ ન જાણે, ન માને એને કેવળજ્ઞાનની શ્રદ્ધા નથી, એને દ્રવ્યની શ્રદ્ધા નથી. એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ પર્યાય ઉપર, કલંક ઉપર છે. આહાહા..! વાત સાદી છે. પૂર્ણ સ્વરૂપ.. આ પરમાણુ તો જડ, માટી ધૂળ છે. કર્મ અંદર છે એ માટી ધૂળ છે. પુણ્ય-પાપના ભાવ એ પણ અજીવ-જડ છે. એ સિવાય પ્રભુ ચૈતન્ય છે. એ પરિપૂર્ણ પ્રત્યક્ષ થવા લાયક છે. ત્રણકાળ ત્રણલોકની પર્યાય સહિત દ્રવ્ય જાણવા લાયક છે, જાણવાની શક્તિ રાખે છે એમ જો ન માને... આહાહા..!

**'અર્થાત્ મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો હોય છે, અચેતનના અચેતનગુણો હોય છે, અમૂર્તના અમૂર્ત ગુણો હોય છે, ચેતનના ચેતન ગુણો હોય છે; ષટ્ (છ પ્રકારની) હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો...'** આહાહા..! છએ દ્રવ્યમાં એક સમયની પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. આહાહા..! અગમ્ય-ગમ્ય વાત છે. કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોક જાણે એમાં કમી નથી થતી. પણ પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. આહાહા..! અહીંયાં પરમાત્મા જગતનું અસ્તિત્વ, કેટલા જોરવાળું અસ્તિત્વ છે, સત્તા કેટલી જોરવાળી છે એની વાત કરે છે. એ સત્તાનો સ્વીકાર કરે અને જન્મ-મરણ રહે એમ બિલકુલ બને નહિ. આહાહા..! એના જન્મ-મરણનો અંત આવી જાય. એ સત્તાનો સ્વીકાર કરે ત્યાં. આહાહા..!

પૂર્ણ સ્વરૂપ **'દ્રવ્યોને સાધારણ...'** જુઓ! (સ્વીકાર કરવાવાળો) **'અમૂર્તના અમૂર્ત ગુણો હોય છે, ચેતનના ચેતન ગુણો હોય છે; ષટ્ (છ પ્રકારની) હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય...'** પરમાગમથી સ્વીકારવા યોગ્ય. સૂક્ષ્મ ષટ્ગુણવૃદ્ધિની પર્યાય. એક તો એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ. આહાહા..! ગજબ વાત છે. ષટ્ગુણહાનિવૃદ્ધિનો અર્થ અનંતગુણ વૃદ્ધિ અને અનંતગુણ હાનિ થાય છે. કેવળજ્ઞાન મટીને મનઃપર્યયજ્ઞાન થઈ જાય છે એમ નહિ. અને વૃદ્ધિ થાય છે તો કેવળજ્ઞાનથી વૃદ્ધિ થઈને બીજી શક્તિ વધે છે એમ નહિ. એવું પરમાગમ એમ લીધું. **'પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય...'** તારા તર્ક અને યુક્તિ કામ નહિ આવે. આહાહા..!

**'પરમાગમના પ્રમાણથી (એ સૂક્ષ્મ) સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે,...'** છએ દ્રવ્યમાં એ પર્યાય છે. આહાહા..! આ છે, બધું છે પણ છે એનું કારણ શું?

આ બધું છે એની સત્તાનો સ્વીકાર શું છે? એની અંદર મહિમા છે. એ બધું છે. એક સમયની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ... આહાહા..! એ પરમાગમથી પ્રમાણ છે. પરમગામથી પ્રમાણ કરવા લાયક છે. તું તર્ક કરવા જઈશ તો તર્ક કામ નહિ કરે. કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). આહાહા..! અનંતગુણ વૃદ્ધિ અને અનંતગુણ હાનિ. અસંખ્યગુણ વૃદ્ધિ અને અસંખ્યગુણ હાનિ. સંખ્યગુણ વૃદ્ધિ અને સંખ્યગુણ હાનિ. એક સમયમાં. એક સમયમાં અનંતગુણવૃદ્ધિ અને બીજે સમયે અનંતગુણહાનિ એમ નહિ. આહાહા..! બહુ ઝીણું!

એક જ સમયમાં એક જ પર્યાયમાં, એક જ સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. ત્યાં તર્ક કામ ન કરે. ત્યાં યુક્તિ કામ ન કરે અને એટલું બાકી ન રહે તો કેવળજ્ઞાને શું જાણ્યું? આહાહા..! કેવળજ્ઞાનમાં એ જણાય છે. તેથી કહ્યું ને? **'પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે,...'** છએ દ્રવ્યમાં એ ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. બહુ ઝીણું, બાપા! આહાહા..!

મુમુક્ષુ :– બેયમાં હાનિ ને ઉત્પાદમાં વૃદ્ધિ એમ?

ઉત્તર :– ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થાય છે. ઉત્પાદ-વ્યયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ કોઈ સૂક્ષ્મ પરમાગમથી પ્રમાણ કરવા લાયક છે. આહાહા..! તર્કથી એ વાત ન બેસે. કેવળજ્ઞાનમાં અનંતગુણી વૃદ્ધિ અને અનંતગુણી હાનિ. અને તે પણ એક સમયમાં બેય. હાનિ-વદ્ધિ એક સમયમાં બેય. હાનિવૃદ્ધિમાં કેવળજ્ઞાન હીણું હોય જ્યાં ત્રણકાળ ત્રણલોક દેખે અને ઓછું થઈ જાય અને વૃદ્ધિ થતા વૃદ્ધિ થઈ જાય એમ છે નહિ. આહાહા..! ઝીણું આવ્યું બહુ.

**'પરમાગમના પ્રમાણથી...'** પરમાગમના પ્રમાણથી, અહીં તો એમ કહ્યું. ભગવાનની જે વાણી આવી, એમાં જે પરમાગમની રચના થઈ એ પરમાગમના પ્રમાણથી સ્વીકારવા યોગ્ય અર્થપર્યાય છએ દ્રવ્યોને સાધારણ છે. છએ દ્રવ્યમાં એ હોય છે. આહાહા..! થોડું સૂક્ષ્મ છે. પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને દેખે એમાં વધઘટ નથી થતી. પણ કોઈ સૂક્ષ્મ પરમાગમથી કેવળજ્ઞાનને જોયું... આહાહા..! કે કેવળજ્ઞાનની પર્યાયમાં પણ એક સમયમાં અનંતગુણ વૃદ્ધિ, અનંતગુણ હાનિ એક સમયમાં થાય છે. છતાં કેવળજ્ઞાન તો એવું ને એવું પ્રત્યક્ષ ત્રણકાળ ત્રણલોક જાણે છે. આહાહા..! આકરું છે. હજી સ્થુળ વાતમાં પણ વિચાર ચાલે નહિ અને આ ષટ્દ્રવ્યમાં સાધારણ. છએ દ્રવ્યમાં સાધારણ એ અર્થપર્યાય છે. જે સમયમાં દરેક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એક પર્યાયમાં નહિ પણ દરેકમાં (થાય છે). આહાહા..! અનંતગુણની જે અનંત પર્યાય છે એ એક એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ પરમાગમથી પ્રમાણ કરવાયોગ્ય છે. છે કે નહિ? આહાહા..! એને અહીં સુધી જાવું... આહાહા..!

એની તાકાત, પર્યાયની તાકાત. પૂર્ણ થઈ એ પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે એ પરમાગમથી પ્રમાણ કરવાયોગ્ય છે. તર્કથી, યુક્તિથી નહિ બેસી શકે. આહાહા..!

એ પણ જો જણાય તો કેવળજ્ઞાનમાં શું જાણવાનું રહ્યું? આહાહા..! કેવળજ્ઞાન અદ્‌ભુત..! ષટ્દ્રવ્યમાં ષટ્ દ્રવ્ય અનંત. અનંત ગુણની અનંતી પર્યાય, એક એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ... આહાહા..! એ આગમ પ્રમાણથી માનવા લાયક છે. આહાહા..!

પહેલા આસ્થા થઈ છે તેને આ કહે છે. આત્માના દ્રવ્યની આસ્થા થઈ છે, ગુણની થઈ છે, પર્યાયની થઈ છે. એ પર્યાયમાં પણ એક સમયમાં કેવળપર્યાય એટલી ને એટલી રહે અને જાણવું-દેખવું ત્રણકાળ ત્રણલોકનું (થાય) એમાં ઘટવધ નહિ. પણ અંદરમાં કોઈ ઘટવધ થાય... આહાહા..! એ એક સમયમાં છએ પ્રકાર. અનંતગુણવૃદ્ધિ, અનંતગુણહાનિ, અસંખ્યગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ હાનિ, સંખ્યગુણ વૃદ્ધિ, સંખ્યગુણ હાનિ. છ પ્રકાર એક સમયમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એક એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ ભગવાન દેખે. આહાહા..! પરમાગમથી માનવા લાયક છે. આહાહા..! આચાર્યોને એમ કહેવું પડ્યું. આવ્યું ને?

**'પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે,...'** છએ દ્રવ્યમાં છે. આહાહા..! એક પરમાણુમાં પણ અનંત ગુણ, એની અનંત ગુણની અનંતી પર્યાય, એની એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ. એવી અનંતી પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ. તર્ક કરશે તો નહિ બેસે. આહાહા..! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ જ્ઞાનમાં જે જોયું કે અંદર આવું હોય છે, એ છદ્મસ્થના ખ્યાલમાં ન આવે તેથી વસ્તુ બદલાય ન જાય. આહાહા..! ષટ્ગુણહાનિવૃદ્ધિ એ છએ દ્રવ્યમાં સાધારણ છે. વિશેષ પછી કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૨૦૦, ગાથા–૧૬૮-૧૬૯, શ્લોક–૨૮૪, શનિવાર, અષાઢ વદ ૬, તા.૦૨-૦૮-૮૦

'નિયમસાર' ગાથા-૧૬૮. અધિકાર ઝીણો છે પણ કહેવાનો આશય એવો છે કે સર્વજ્ઞ બધું જાણે છે. એવા સર્વજ્ઞ કહેલા હોય અને એ સિવાય કાંઈ જાણે નહિ ને સર્વજ્ઞ નામ ધરાવે એ અજ્ઞાની છે. જેને સર્વજ્ઞની શ્રદ્ધા કરવી છે એને સર્વજ્ઞ બધું જાણે. દ્રવ્ય જાણે, ગુણ જાણે. અર્થપર્યાય એટલે આકાર વિનાની અનંતગુણની પર્યાયને જાણે. અને વ્યંજન પર્યાય પણ જેને જે હોય તેને તે જાણે. એમ સિદ્ધ કરવામાં સર્વજ્ઞપણું સિદ્ધ કરવું છે અને શ્રદ્ધા સર્વજ્ઞની કરાવવી છે કે સર્વજ્ઞ આવા હોય. ફેરફારવાળા સર્વજ્ઞ હોય એ સર્વજ્ઞ નહિ. એમ અહીંયાં કહેવું છે.

**'સંસાર પ્રપંચવાળા જીવોને હોય છે.'** શું કહે છે? વ્યંજન એટલે આકૃતિ. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ, નર, નારકી એને હોય છે. એમ અહીં લેવું. નૈગમનયથી બધાને હોય છે એવું આરોપથી પહેલા ૧૮મી ગાથામાં કથન આવી ગયું. નૈગમનયથી તો બધાને ભૂતકાળની અશુદ્ધતા પણ વર્તમાનમાં સિદ્ધમાં કહેવામાં આવે છે. ભૂતકાળની અશુદ્ધતા

(જોઈને)... આહાહા..! વર્તમાનમાં સિદ્ધને પણ અશુદ્ધતા છે એમ નૈગમનયથી કહેવામાં આવે છે. એ જ્ઞાન કરાવવા માટે છે. ત્રણેકાળનું જ્ઞાન જેને હોય. સર્વજ્ઞ એક સમયમાં એની શક્તિ, એની શક્તિ ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જાણે એવો આત્માનો સ્વભાવ છે. એવા આત્માની સર્વજ્ઞ શ્રદ્ધા કરાવવા માટે સર્વજ્ઞનો શું વિષય છે એ બતાવે છે. આહાહા..!

હવે અહીં તો એ આવ્યું. **'વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે,...'** નારકી, મનુષ્ય, દેવ આદિને હોય છે. સિદ્ધને નહિ. અહીં એમ લીધું છે. અશુદ્ધ પર્યાય અને શુદ્ધ પર્યાય કોને હોય છે? અને જાણનાર કોણ પૂર્ણ છે? એ બતાવવું છે. અને એ સર્વજ્ઞની શ્રદ્ધા કરાવવી છે. સર્વજ્ઞ આવા છે. કોઈ એકલા દ્રવ્યની વાત કરે, વસ્તુની વાત કરે, પણ પર્યાય શું છે એ જાણે નહિ. પર્યાયમાં પણ વ્યંજનપર્યાય એટલે આકૃતિ, અર્થપર્યાય એટલે અનંતગુણની આકૃતિ. એક પ્રદેશગુણ સિવાય. એવો વિસ્તાર સર્વજ્ઞ જાણે છે. સર્વજ્ઞ સિવાય કોઈ એ વસ્તુ જાણતા નથી. આહાહા..! એ કારણે આ મુનિરાજ 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. પોતાના માટે પુસ્તક બનાવ્યું છે. એમાં આ કહ્યું કે સર્વજ્ઞ કેવા છે? ઇ સાધારણ વાત નથી, પ્રભુ! એક સમયમાં ત્રણકાળ ત્રણલોક અને જેની અવસ્થા વ્યંજન-આકૃતિ તેને તે રીતે અને જેના વ્યંજન નથી, સાધારણ છએ દ્રવ્યને અર્થપર્યાય છે તેને તે રીતે. કેવળી ભગવાન તે રીતે જાણે છે. આહાહા..! આવું કોઈ દિ' વાંચ્યું ન હોય, સાંભળ્યું ન હોય.

સર્વજ્ઞ પરમેશ્વર. તારી શક્તિ સર્વજ્ઞ છે, પ્રભુ! તું જ્ઞાનસ્વભાવી આત્મા છો. જ્ઞાનસ્વભાવી તો સર્વને જાણે. કોઈને જાણ્યા વિના રહે નહિ. કોઈનું કાંઈ કરે નહિ અને કોઈને જાણ્યા વિના રહે નહિ. આત્માનો સ્વભાવ, જ્ઞાનસ્વભાવ પોતાના સિવાય કોઈનું કરે નહિ અને સર્વને જાણે. જાણે સર્વને, કરે નહિ કોઈનું એવો તારો સ્વભાવ છે. ભગવાન સર્વજ્ઞની વાત કરે છે પણ તારી ચીજ જ એવી છે. આહાહા..!

એ **'નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે, પુદ્ગલોને સ્થૂલ-સ્થૂલ વગેરે સ્કંધપર્યાયો હોય છે...'** આ શરીરાદિ. બહાર આ દેખાય બધું. એ પુદ્ગલોને સ્થૂલ-જાડી વગેરે સ્કંધપર્યાયો હોય છે. **'અને ધર્માદિ ચાર દ્રવ્યોને શુદ્ધ પર્યાયો હોય છે;...'** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એને પણ શુદ્ધપર્યાય હોય છે. ઓહોહો..! પર્યાયમાં પણ શુદ્ધ અને અશુદ્ધ, અર્થપર્યાય અને વ્યંજનપર્યાય શેમાં છે? અને એ ભગવાન એક સમયમાં બધું જાણે એવી તાકાત છે. અને એવી સર્વજ્ઞની તાકાત (છે), (એવા) સર્વજ્ઞની શ્રદ્ધાવાળાને એ તાકાતની શ્રદ્ધા હોય છે. અને અંદરમાં જાય છે તો એ સર્વજ્ઞ આત્મા જ છે. તો આત્મા જ એવા સ્વભાવવાળો છે. આહાહા..! એ માટે વાત કરે છે.

'કુંદકુંદાચાર્યે' પોતાના માટે આ પુસ્તક બનાવ્યું. એ કાંઈ વાર્તા નથી. આહાહા..! એ ક્રિયાકલાપની વાત સાધારણ નથી. પણ સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોક, એની એક એક સમયની

વ્યજંનપર્યાય અને અર્થપર્યાય ભિન્ન ભિન્ન જાણે. તે પણ જ્ઞેયમાં પ્રવેશ કર્યા વિના અને જ્ઞેય જ્ઞાનમાં આવ્યા વિના (જાણે). નેત્ર છે એ પરને જાણે, પણ પરમાં પ્રવેશ્યા વિના નેત્ર જાણે છે. અને પરવસ્તુ આંખમાં આવ્યા વિના જણાય છે. પરવસ્તુ જણાય છે. આમ જાણે તો આંખમાં આવે છે? પરવસ્તુ નેત્રમાં આવ્યા વિના નેત્ર જાણે છે. એમ સર્વજ્ઞ લોકાલોકને જાણે છે. એમાં સર્વજ્ઞપણાનો પ્રવેશ કર્યા વિના જાણે છે અને લોકાલોક જ્ઞાનમાં આવ્યા વિના જ્ઞાન જાણે છે. આહાહા..! આ કાંઈ મફત વાત નથી કરતા. સાધારણ આવી વાત .. વ્યંજનપર્યાય અને અર્થપર્યાય... આહાહા..! કહેવાનો આશય તો બહુ ઝીણો છે.

સર્વજ્ઞ તો એક એક જે જે પર્યાય (થાય), જેની અર્થપર્યાય એટલે પ્રદેશત્વગુણ સિવાય અનંતગુણની પર્યાય, એક દ્રવ્યમાં અનંતગુણમાં પ્રદેશગુણ સિવાય અનંતગુણની પર્યાયને અર્થપર્યાય કહે છે. એ અર્થપર્યાયને પણ કેવળજ્ઞાન જાણે. છએ દ્રવ્યની એક સમયમાં (જાણે). અને વ્યંજનપર્યાય નર, નારકી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ, એને પણ જાણે. અને એ વ્યંજનપર્યાય જેમાં નથી એને પણ જાણે કે નથી. સર્વજ્ઞના જ્ઞાનમાં કોઈ વાત બાકી રહેતી નથી. આહાહા..!

એવો સર્વજ્ઞ સ્વભાવ, પ્રભુ! તારો સર્વજ્ઞ સ્વભાવ છે કે કોઈ વાત જાણ્યા વિના ન રહે. એક રજકણ અને રાગનું કરવું તો છે નહિ, પણ જાણ્યા વિના કોઈ વાત રહે એમ પણ નથી. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આવી વાત છે. લોકોને સાધારણ વાત લાગે કે આવી વાત શું કરે? પણ એ વાતમાં માલ છે. આહાહા..! એક તો વસ્તુની સ્થિતિ એમ બતાવે છે. કોને વ્યંજનપર્યાય હોય અને કોને અર્થપર્યાય હોય એ (બતાવે છે). અને એ સમય સમયની પર્યાય સર્વજ્ઞ ભગવાન જાણે છે. એ સર્વજ્ઞ ભગવાનની શ્રદ્ધાવંત (છે) એ પણ માને છે. આહાહા..! ત્યાં તો એકલો રહેતો નથી. આહાહા..!

જ્ઞાનની વિશાળતા એક સમયના અનંત દ્રવ્ય અને અનંતી પર્યાયો. પર્યાય લીધી. દ્રવ્યગુણ તો અનંત છે. પણ એક એક સમયની પર્યાય, એને પણ ભગવાન સમયે સમયે ભિન્ન ભિન્ન જેમ થાય છે તેમ જાણે છે. આહાહા..! એવો જ્ઞાનનો સ્વભાવ છે. તારો સ્વભાવ જ એવો છે. તું એવો જ છો. કોઈનું કરવું એવો તું છો નહિ. કોઈને જાણ્યા વિના રહે એવો તું નથી. આહાહા..! સૂક્ષ્મમાં સૂક્ષ્મ એક સમયની પર્યાય પણ તને જણાયા વિના રહે નહિ. આહાહા..! આમાં ક્યારે નવરા થાય? વસ્તુ એવી છે માટે કહે છે. આ 'નિયમસાર' 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં તો મારા માટે બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મારે માટે આ બનાવ્યું છે. એમાં આ વાત આવી છે. આ વ્યંજનપર્યાય, અર્થપર્યાય (લીધી). એની સૂક્ષ્મતા, દ્રવ્ય-પર્યાયની સૂક્ષ્મતા બતાવી અને એને જાણનાર સર્વજ્ઞની સૂક્ષ્મતા બતાવી. બેયની યથાર્થ શ્રદ્ધા કરાવી. એમાં કોઈ જરીએ ફેરફાર કરે તો એ સર્વજ્ઞને જાણતો નથી. પુદ્‌ગલને સ્થૂલ આદિ સ્કંધ થઈ જાય છે. અને ધર્માદિ ચાર દ્રવ્યોની શુદ્ધ પર્યાય હોય છે. ધર્માસ્તિ,

અધર્માસ્તિ, આકાશ અને કાળ એને શુદ્ધપર્યાય હોય છે.

**'આ ગુણપર્યાયોથી સંયુક્ત એવા તે દ્રવ્યસમૂહને જે ખરેખર દેખતો નથી;...'** આહાહા..! જુઓ! આવ્યું. **'આ ગુણપર્યાયોથી સંયુક્ત એવા તે દ્રવ્યસમૂહને જે ખરેખર દેખતો નથી;— તેને (ભલે તે સર્વજ્ઞપણાના અભિમાનથી દગ્ધ હોય તોપણ) સંસારીઓની માફક પરોક્ષ દૃષ્ટિ છે.'** એવા પ્રકારે છે એમ ન જાણે અને બીજી રીતે જાણે અથવા ન જાણે તો એ સર્વજ્ઞ નથી. આહાહા..! સર્વજ્ઞનો અભિમાની છે. આહાહા..!

**'[હવે આ ૧૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૨૮૪

(वसंततिलका)

**यो नैव पश्यति जगत्त्रयमेकदैव**
**कालत्रयं च तरसा सकलज्ञमानी।**
**प्रत्यक्षदृष्टिरतुला न हि तस्य नित्यं**
**सर्वज्ञता कथमिहास्य जडात्मनः स्यात्।।२८४।।**

**[શ્લોકાર્થ :–] સર્વજ્ઞતાના અભિમાનવાળો જે જીવ શીઘ્ર એક જ કાળે ત્રણ જગતને અને ત્રણ કાળને દેખતો નથી, તેને સદા (અર્થાત્ કદાપિ) અતુલ પ્રત્યક્ષ દર્શન નથી; તે જડ આત્માને સર્વજ્ઞતા કઈ રીતે હોય ? ૨૮૪.**

## શ્લોક–૨૮૪ ઉપર પ્રવચન

**यो नैव पश्यति जगत्त्रयमेकदैव**
**कालत्रयं च तरसा सकलज्ञमानी।**
**प्रत्यक्षदृष्टिरतुला न हि तस्य नित्यं**
**सर्वज्ञता कथमिहास्य जडात्मनः स्यात्।।२८४।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'સર્વજ્ઞતાના અભિમાનવાળો...'** વાત સૂક્ષ્મ છે. જૈન પરમેશ્વર સિવાય આ વાત બીજે ક્યાંય નથી. છ દ્રવ્ય નથી, છ દ્રવ્યમાં ગુણ, પર્યાય કેટલા એ (વાત) નથી, પર્યાય કેટલી કેવી, વ્યંજન અને અર્થ (પર્યાય) કેવી કોને (હોય), એ પણ નથી. આહાહા..! એક સર્વજ્ઞ પરમેશ્વર જૈન પરમેશ્વર, એણે આ જાણ્યું છે. એની આ પ્રતીતિ કરાવે છે કે

સર્વજ્ઞ આવા હોય છે. એનાથી ઓછી, અધિક, વિપરીત શ્રદ્ધા સર્વજ્ઞથી તદ્દન વિપરીત છે. એ કહે છે.

**'સર્વજ્ઞતાના અભિમાનવાળો જે જીવ શીઘ્ર એક જ કાળે ત્રણ જગતને...'** જુઓ! **'અને ત્રણકાળને દેખતો નથી,...'** આહાહા..! ત્રણકાળ અને ત્રણલોક, એમાં અલોક પણ આવી ગયું. એક સમયમાં જે જાણતા નથી. **'તેને સદા (અર્થાત્ કદાપિ) અતુલ પ્રત્યક્ષ દર્શન નથી;...'** અતુલ–જેની તુલના નથી એને પ્રત્યક્ષ દર્શન નથી. **'તે જડ આત્માને...'** આહાહા..! ભગવાનની મોટી મોટી વાતું કરે અને સમજે નહિ કે છ દ્રવ્ય છે, વ્યંજનપર્યાય એને જાણે જ નહિ. **'તે જડ આત્માને સર્વજ્ઞતા કઈ રીતે હોય?'** આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય જોયા એ શેમાં છે? વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. એક એક દ્રવ્યમાં અનંતગુણ એ કોનામાં છે? અનંતા અનંત ગુણ છે.

રાત્રે પ્રશ્ન થયો હતો કે એમાં અનંતાઅનંત ગુણ છે. આહાહા..! ત્રણકાળના સમય કરતા પણ અનંતગુણા ગુણ છે. દરેક ગુણની એક સમયની પર્યાય છે. એમાં કોઈને વ્યંજનપર્યાય અને કોઈને અર્થપર્યાય (હોય છે). એમ ભિન્ન ભિન્ન દ્રવ્યને જે યથાર્થ સર્વજ્ઞ છે તે જાણી શકે. એ સિવાય સર્વજ્ઞના અભિમાનીઓ આ વાતને જાણે નહિ, ધર્મને જાણે નહિ ને ધર્મની વાતો કરે. આવી વાત કરે છે. છ દ્રવ્ય ને સાધારણ પર્યાય, અર્થપર્યાય સાધારણ ને વ્યંજનપર્યાય તો અમુકને હોય. અનંતી પર્યાય હોય અને ત્રણકાળમાં અનંતી હોય. આહાહા..! એવું જાણનાર સર્વજ્ઞ સિવાય પરમેશ્વર ત્રિલોકનાથ સિવાય કોઈ છે નહિ. આહાહા..! એને માનનાર પણ કેટલો નિર્માની હોય! આહાહા..!

'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે. જ્ઞાની ક્ષાયિક સમકિતી હોય, ચાર જ્ઞાનના ધણી મુનિ હોય તોપણ એમ માને, મારી પર્યાય કેવળજ્ઞાન પાસે પામર છે. આહાહા..! 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એવો લેખ છે. અરે..! હું કોણ? ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના ગણધરદેવ અંતર્મુહૂર્તમાં કરે. આહાહા..! છતાં પોતાને આવો માને. હું વસ્તુ દ્રવ્ય તરીકે પ્રભુ છું. પણ પર્યાય તરીકે હું પામર છું. પર્યાય તરીકે હું પામર છું. આહાહા..! ગણધર જેવા ચાર જ્ઞાન (ધરનારા) અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરનાર એમ કહે, હું સર્વજ્ઞની પર્યાય આગળ પામર છું. આહાહા..! અહીં જ્યાં થોડુંઘણું જાણપણું થઈ જાય ત્યાં અભિમાન ચડી જાય કે અમને આટલું આવડે છે ને અમને આવડે છે. આહાહા..! વીતરાગ માર્ગ ઝીણો બહુ, બાપુ! સર્વજ્ઞની આગળ ગૌતમ ગણધર એમ કહે કે અમે પામર છીએ. જેને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના. બાર અંગ કોને કહે? એક અંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક... આહાહા..! એવા એવા બાર અંગ. એમાં દૃષ્ટિવાદ અને પૂર્વવાદમાં તો ગજબ વાતો. એની જે અંતર્મુહૂર્તમાં રચના કરે. આહાહા..! આત્માના જ્ઞાનના સામર્થ્ય પાસે એ ચીજ કોઈ વિશેષ નથી. આહાહા..! અંતર્મુહૂર્તમાં એની રચના

કરે તોપણ કહે હું તો કેવળજ્ઞાની આગળ પામર છું. આહાહા..!

એ અહીંયાં પૂર્ણતા બતાવવી છે અને પૂર્ણતા બતાવીને અભિમાન રહિત સર્વજ્ઞ કેવા છે એ બતાવે છે. સમજાણું કાંઈ? આ લાગે આકરું. દયા પાળવી, આ કરવી એ આમાં કાંઈ આવ્યું નહિ. દયા પાળવાનું આવ્યું નહિ. જેવો સર્વજ્ઞનો સ્વભાવ ત્રણકાળ ત્રણલોકની જેવી પર્યાય છે એમ જાણે, એવા સર્વજ્ઞને એ રીતે માને તો સર્વજ્ઞની દયા પાળી કહેવાય. આહાહા..! બાકી બીજાની દયા પાળે, મારે એ તો છે જ ક્યાં? આત્મા પરની દયા પાળી શકે એમ ત્રણકાળમાં બનતું નથી. એમ પરની હિંસા કરી શકે એ ત્રણકાળમાં બનતું નથી. પણ આ સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ કરીને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક અનંતી પર્યાયસહિત એક સમયમાં ભવિષ્યની અસદ્ભુત અનંત પર્યાય, વર્તમાન એક સમયમાં પ્રત્યક્ષ દેખે. આહાહા..! એ શું વાત છે! અનંતકાળની અસદ્ભુત પર્યાય હજી થઈ નથી. એ પણ પ્રત્યક્ષમાં અસદ્ભુત અને પ્રત્યક્ષમાં દેખે એવા સર્વજ્ઞ ભગવાન (છે). આહાહા..! એવી પ્રતીતિ કરે એને સર્વજ્ઞ છે એવી પ્રતીતિ છે. ઓછીવત્તી કરે તોપણ એને સર્વજ્ઞની પ્રતીતિ નથી. આહાહા..! ણમો અરિહંતાણંની પ્રતીતિ નથી. આહાહા..! ણમો અરિહંતાણં કોને છે? અરિહંતાણં, અરિહંત કેવા? ત્રણકાળ ત્રણલોક દેખે. કેમ?

અનંત પર્યાય છ દ્રવ્યની છે એની પર્યાયને (જોવે). દ્રવ્ય-ગુણ તો દેખે પણ પર્યાય એક સમયની પર્યાયને પણ વર્તમાનમાં ભૂતકાળ, ભવિષ્યની અનંતી પર્યાય નથી એને એક સમયમાં દેખે. આહાહા..! એવા સર્વજ્ઞ સ્વભાવની અસ્તિ એવી છે એમ અહીં સિદ્ધ કરે છે, એવી શ્રદ્ધા કરાવે છે. આ વાત નથી કરતા. વાતું નથી કે આ આમ કર્યું, આમાં લ્યો આવી વાતું શું કરવા કરી. એ વાતમાં માલ છે, ભાઈ! સમજાણું કાંઈ? કારણ કે નવી વાત કાંઈ સમજણમાં આવે નહિ. ઝીણી વાત હોય એટલે આવી (વાત) શું (કરતા હશે)? પણ એ કારણ છે. આહાહા..! એક આત્મા સર્વજ્ઞ થવાને લાયક અને સર્વજ્ઞ થયેલા આવા હોય એવી શ્રદ્ધા કરાવે છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રત્યક્ષની શ્રદ્ધા સાચી ક્યારે થાય?

ઉત્તર :– એ કરે ત્યારે થાય. આહાહા..!

ત્રણકાળ ત્રણલોક ને એની વ્યંજનપર્યાય ને અર્થપર્યાય અને ભવિષ્યની અનંતી પર્યાય હજી થઈ નથી. અનંતકાળ અનંતકાળ પછી થશે એને વર્તમાન પ્રત્યક્ષ જાણે. વર્તમાન પ્રત્યક્ષ ભગવાન જાણે. આહાહા..! આમ બધા ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કરે પણ અરિહંતની તાકાત કેટલી છે? કોને અરિહંત કહેવા? અને એનું વાસ્તવિક સ્વરૂપ શું છે? એને જાણ્યા વિના અરિહંતને માને એ બધા થોથા છે. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુને બાળક કે યુવાન કે વૃદ્ધ એમ ન દેખ. એમ તું સ્ત્રી, પુરુષ કે નપુંસક ન દેખ. આહાહા..! તારો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞ એની શક્તિ

છે. તો એ સર્વજ્ઞની શક્તિ પર્યાયમાં પ્રગટે તો ત્રણકાળ ત્રણલોકની પર્યાય ભિન્ન ભિન્ન અર્થ, વ્યંજનપર્યાયને ભિન્ન-ભિન્ન જેમ છે તેમ જાણે છે. આહાહા..! આ જૈનનું કેવળજ્ઞાન. જૈનનું કેવળજ્ઞાન એટલે જૈનમાં જ કેવળજ્ઞાન હોય છે. બીજે ક્યાંય હોતું નથી. આહાહા..! સર્વજ્ઞ આમાં સમાઈ ગયા દર્શન... **'તે જડ આત્માને સર્વજ્ઞતા કઈ રીતે હોય?'** એ શ્લોક પૂરો થયો.

## ગાથા-૧૬૯

लोयालोयं जाणइ अप्पाणं णेव केवली भगवं।
जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ।।१६९।।

लोकालोकौ जानात्यात्मानं नैव केवली भगवान्।
यदि कोऽपि भणति एवं तस्य च किं दूषणं भवति।।१६९।।

व्यवहारनयप्रादुर्भावकथनमिदम्।

सकलविमलकेवलज्ञानत्रितयलोचनो भगवान् अपुनर्भवकमनीयकामिनीजीवितेशः षड्द्रव्यसंकीर्णलोकत्रयं शुद्धाकाशमात्रालोकं च जानाति, पराश्रितो व्यवहार इति मानात् व्यवहारेण व्यवहारप्रधानत्वात्, निरुपरागशुद्धात्मस्वरूपं नैव जानाति, यदि व्यवहारनयविवक्षया कोपि जिननाथतत्त्वविचारलब्धः (दक्षः) कदाचिदेवं वक्ति चेत्, तस्य न खलु दूषणमिति।

तथा चोक्तं श्रीसमन्तभद्रस्वामिभिः

(अपरवक्त्र)

``स्थितिजननिरोधलक्षणं
चरमचरं च जगत्प्रतिक्षणम्।
इति जिन सकलज्ञलांछनं
वचनमिदं वदतांवरस्य ते।।''

---

**પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે ? ૧૬૯.**

અન્વયાર્થ :– [ केवली भगवान् ] (વ્યવહારથી) કેવળી ભગવાન [ लोकालोकौ ] લોકાલોકને [ जानाति ] જાણે છે, [ न एव आत्मानम् ] આત્માને નહિ— [ एवं ] એમ [ यदि ] જો [ कः अपि भणति ] કોઈ કહે તો [ तस्य च किं दूषणं भवति ] તેને

શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)

ટીકા :- આ, વ્યવહારનયની પ્રગટતાથી કથન છે.

'पराश्रितो व्यवहारः (વ્યવહારનય પરાશ્રિત છે)' એવા (શાસ્ત્રના) અભિપ્રાયને લીધે, વ્યવહારે વ્યવહારનયની પ્રધાનતા દ્વારા (અર્થાત્ વ્યવહારે વ્યવહારનયને પ્રધાન કરીને), 'સકળ-વિમળ કેવળજ્ઞાન જેમનું ત્રીજું લોચન છે અને અપુનર્ભવરૂપી સુંદર કામિનીના જેઓ જીવિતેશ છે (-મુક્તિસુંદરીના જેઓ પ્રાણનાથ છે) એવા ભગવાન છ દ્રવ્યોથી વ્યાપ્ત ત્રણ લોકને અને શુદ્ધ-આકાશમાત્ર અલોકને જાણે છે, નિરુપરાગ (નિર્વિકાર) શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા'—એમ જો વ્યવહારનયની વિવક્ષાથી કોઈ જિનનાથના તત્ત્વવિચારમાં નિપુણ જીવ (-જિનદેવે કહેલા તત્ત્વના વિચારમાં પ્રવીણ જીવ) કદાચિત્ કહે, તો તેને ખરેખર દૂષણ નથી.

એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૪ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

"[શ્લોકાર્થ :-] હે જિનેંદ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે' એવું આ તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે."

## ગાથા-૧૬૯ ઉપર પ્રવચન

लोयालोयं जाणइ अप्पाणं णेव केवली भगवं।
जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ।।१६९।।
પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,
—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે ? ૧૬૯.

વ્યવહારનય સિદ્ધ કરે છે.

'ટીકા :- આ, વ્યવહારનયની પ્રગટતાથી કથન છે.' 'पराश्रितो व्यवहारः (વ્યવહારનય પરાશ્રિત છે) એવા (શાસ્ત્રના અભિપ્રાયને લીધે, વ્યવહારે વ્યવહારનયની પ્રધાનતા દ્વારા (અર્થાત્ વ્યવહારે વ્યવહારનયને પ્રધાન કરીને), 'સકળ-વિમળ કેવળજ્ઞાન જેમનું ત્રીજું લોચન છે'...' આહાહા..! 'અને અપુનર્ભવરૂપી સુંદર કામિનીના જેઓ જીવિતેશ છે' જીવિતના ઈશ્વર છે. આહાહા..! '(-મુક્તિસુંદરીના જેઓ પ્રાણ નાથ છે)...' ભગવાન... આહાહા..! 'એવા ભગવાન છ દ્રવ્યોથી વ્યાપ્ત ત્રણ લોકને અને શુદ્ધ-આકાશમાત્ર અલોકને જાણે છે,...' વ્યવહાર સિદ્ધ કરે છે.

ભગવાન છ દ્રવ્યને, લોકને જાણે, પોતાને ન જાણે નિશ્ચયથી. વ્યવહારથી પોતાને જાણે તો તન્મય નથી થતો. પરને વ્યવહારથી જાણે. કેમકે પરમાં તન્મય નથી થતો. એ રીતે

પોતાને વ્યવહારથી જાણે તેથી તન્મય નથી થતો એમ નથી. વાતમાં ફેર છે. આહાહા..! શું કહ્યું? **''સકળ-વિમળ જેમનું ત્રીજું લોચન છે અને અપુનર્ભવરૂપી સુંદર કામિનીના જેઓ જીવિતેશ છે (–મુક્તિસુંદરીના જેઓ પ્રાણનાથ છે) એવા ભગવાન છ દ્રવ્યોથી વ્યાપ્ત ત્રણ લોકને અને શુદ્ધ-આકાશમાત્ર અલોકને જાણે છે, નિરુપરાગ (નિર્વિકાર) શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા'–'** આહાહા..! શું કહ્યું? છ દ્રવ્યને, લોકને જાણે છે પણ પોતાને નથી જાણતા, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એમ કરીને વ્યવહાર સિદ્ધ કર્યો છે. તદ્દન વ્યવહાર નથી જ, વ્યવહારનયનો વિષય નથી, વ્યવહાર અભૂતાર્થ છે માટે વ્યવહારનો વિષય નથી, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

વ્યવહારથી ભગવાન લોક, અલોકને જાણે છે. પોતાને નથી જાણતા. વ્યવહારથી પોતાને નથી જાણતા. વ્યવહારથી જાણે તો તન્મય ન થઈ જાય. પોતાને નિશ્ચયથી જાણે છે. પરને વ્યવહારથી જાણે છે. આહાહા..! કોને ખબર શું (હશે)? આહાહા..! **'નિરુપરાગ (નિર્વિકાર) શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા–'** છે? આહાહા..! એ નય સિદ્ધ કર્યો છે. છ દ્રવ્ય, એના ગુણ-પર્યાય, પહેલી વ્યંજનપર્યાયાદિ સર્વને જાણે એમ કહ્યું, તો વ્યવહારથી પરને જાણે. પણ વ્યવહારથી સ્વને ન જાણે. 'ડાહ્યાભાઈ'! વ્યવહારથી સ્વને ન જાણે. કેમ?

મુમુક્ષુ :– કારણકે તે ઉપચાર થઈ જાય.

ઉત્તર :– તન્મય થયા વિના નિશ્ચય હોય નહિ. દૂર રહીને જાણવું એ વ્યવહાર છે. લોકાલોકને દૂર રહીને જાણવાનું નામ વ્યવહાર છે. અને પોતાનામાં તન્મય થઈને જાણવું એ નિશ્ચય છે. 'હસમુખભાઈ'! કોઈ દિ' સાંભળ્યું ન હોય. ત્યાં ક્યાં છે? પૈસા, ધૂળધાણીમાં જિંદગી (ચાલી ગઈ). આહાહા..!

શું કહ્યું? ભગવાન ત્રિલોકનાથ વ્યવહારનયથી પોતા સિવાય બીજા છ દ્રવ્ય, એની વ્યંજન પર્યાયાદિ સર્વને પ્રત્યક્ષ જાણે. પોતાને ન જાણે. છે? **'શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા'** વ્યવહારથી પોતાને નથી જાણતો. વ્યવહારથી પોતાને જાણે તો તન્મય ન થાય. દૂર રહી જાય. પરને વ્યવહારથી જાણે છે તો દૂર રહે છે. દૂર રહીને પરને જાણવું એ વ્યવહાર છે અને તન્મય થઈને જાણવું એ નિશ્ચય છે. આવી વાતું છે. આહાહા..! બેય સિદ્ધ કરે છે. વ્યવહાર છ દ્રવ્ય, છ દ્રવ્યની પર્યાય એ વસ્તુ છે, વસ્તુ છે. એકલો આત્મા જ છે એમ નહિ. પરને જાણવામાં પરમાં તન્મય થઈને પરને નથી જાણતો, દૂર રહીને જાણે છે. અને એ ચીજ ત્યાં રહે છે, આ આત્મા અહીંયાં છે. એને જાણે એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. અને પોતાને વ્યવહારથી નથી જાણતા. આહાહા..! 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી, કોઈ દિ' વાંચ્યું નથી. એમ ને એમ અત્યાર સુધી મજૂરી કરી છે. મજૂરી બધા કરે છે ને. શું કર્યું બધાએ? આહાહા..!

ચૈતન્ય ભગવાન સ્વપરપ્રકાશક આત્મા (છે). એકલા પરને પ્રકાશે એને વ્યવહાર કહેવામાં

આવે છે. તો વ્યવહારથી સ્વને પ્રકાશે એમ નથી. તો સ્વથી દૂર રહી જાય. 'ડાહ્યાભાઈ'! સમજાણું કાંઈ? આહાહા..! નિશ્ચયથી સ્વને જાણે છે. વ્યવહારથી પરને જાણે છે. એમ છે. તો વ્યવહારથી પરને જાણે છે તો વ્યવહારથી સ્વને જાણે છે એમ નથી. આહાહા..! આવું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય આ બધા ગામના પથરામાં. પથરા-પથરા છે ને? જેને જે ધંધો હોય એને એ. અમારે 'મનસુખ'ને ગુણનું દાણાને ગુણને એમાં એય મોટો.. દુકાનમાં નહોતો નીકળ્યા... અહીંથી પાછળ જવા. કેટલી ગુણો ભરેલી અને મોટો કોઠાર. આહાહા..! અરે..! પ્રભુ! તું ક્યાં? તું કોણ? તારું શું સ્વરૂપ? તારી શી મર્યાદા? આહાહા..!

મુમુક્ષુ :– આપ એમ કહો છો કે જે જ્ઞાન સ્વને નથી જાણતું, એકલું પરને જાણે એ અજ્ઞાન છે?

ઉત્તર :– નહિ-નહિ. એ બીજી વાત. સ્વને જાણ્યા વિના એકલું પરને જાણે એ અજ્ઞાન. પણ સ્વને જાણે છે એને વ્યવહાર કહેવો, એમાં તન્મય થઈને જાણતો નથી માટે વ્યવહાર. પણ નિશ્ચયથી તન્મય થઈને જાણે માટે નિશ્ચય. આહાહા..! આવો માર્ગ! ઝીણી વાત છે, ભાઈ!

અંદર ત્રણલોકનો નાથ પરમાત્મા બિરાજે છે. આહાહા..! એને તું હીણો ન માન એમ કહે છે. વ્યવહારથી પરને જાણે એટલો એમ ન માને. નિશ્ચયથી તને તું જાણે છે એમ તું જાણ. એકલું પરને જાણવું એ તો વ્યવહાર છે. એકલું, હોં! આમ તો નિશ્ચય સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. એ અપેક્ષાએ નિશ્ચયથી સ્વને જાણે છે. એમાં પરનું જ્ઞાન આવી ગયું. સમજાણું કાંઈ? શું કહ્યું એ? નિશ્ચયથી સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. તો નિશ્ચયથી સ્વને જ જાણે છે. પરને જાણવાનું જ્ઞાન એ પણ પોતાનું જ્ઞાન છે. પરને જાણવાનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન છે. સ્વનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન. સ્વને જાણે એ નિશ્ચય છે. પરને જાણે એવું પોતાનું જ્ઞાન એ તન્મય પોતામાં છે એ નિશ્ચય છે. પણ પરને જાણે અને પર સાથે એક ન થવું અને દૂર રહે એનું નામ વ્યવહાર છે. આવી વાત છે, 'હસમુખભાઈ'! આહાહા..! ઝીણી વાત છે, બાપુ! આહાહા..! દિગંબર આચાર્યોએ ગજબ કામ કર્યાં છે.

એમ કહેવા માગે છે, પ્રભુ! તું જેમ પરને દૂર રહીને જાણે, એમ તું તારાથી દૂર રહીને (તને) જાણે એ તો વ્યવહાર થયો. નિશ્ચય ન થયો. નેત્ર પરને જાણે પણ પરમાં નેત્ર જતા નથી. આંખ. આંખ પરને જાણે પણ આંખ પરમાં જતી નથી. તેમ પરને જાણે એ પરવસ્તુ આંખમાં આવતી નથી. આવે? પણ અહીંયાં એમ કહે છે કે ચૈતન્યરૂપી નેત્ર પરને જાણે. એકમેક નથી થતાં માટે એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. જાણે છે પણ પર અપેક્ષાએ એને વ્યવહાર કહે છે.

મુમુક્ષુ :– જ્ઞાન તો સાચું છે ને?

ઉત્તર :– જ્ઞાન સાચું છે, વ્યવહારે છે એ. વિષય વ્યવહારનયનો છે. નથી એમ નહિ.

પણ નિશ્ચયનયથી પોતાને નથી જાણતો. આવ્યું?

**'શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા—'** વ્યવહારથી પોતાના આત્માને નથી જાણતા. સમજાણું કાંઈ? વ્યવહારથી પરને જાણે પણ વ્યવહારથી પોતાને ન જાણે. પોતાને નિશ્ચયથી જાણે. આહાહા..! પરને વ્યવહારથી ભિન્ન (રહીને) જાણે. પણ પરસંબંધી જ્ઞાન સ્વપરપ્રકાશ જે પોતાનું છે તેને જાણે તો એ નિશ્ચય થઈ ગયો. આહાહા..! એકલા પરને જાણે એ વ્યવહાર છે. પણ પરનું અને સ્વનું જ્ઞાન અહીં થયું, એ પોતાનો નિશ્ચય પોતામાં છે. પરને કારણે સ્વપરપ્રકાશક નથી. સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ–ગુણ છે. તો એને જાણે એનું નામ નિશ્ચય છે. પણ સ્વ મૂકીને એકલા પરને જાણવું એનું નામ વ્યવહાર છે. અને સ્વને લક્ષમાં રાખ્યા વિના એકલું પરને જાણવું એ મિથ્યાત્વ છે. સ્વને લક્ષમાં રાખીને પરને વ્યવહારે જાણવું એ વ્યવહારનય છે. અરે..! કેટલું કરવું? શું કીધું એ? સ્વનું લક્ષ રાખીને પરને જાણવું એ વ્યવહારજ્ઞાન સાચું છે. પોતાનું લક્ષ છોડીને એકલું પરને જાણવું એ મિથ્યા છે. આહાહા..! આ તો બધું કોઈ દિ' ત્યાં સાંભળ્યું પણ નહિ હોય. ભાઈઓ ભેગા થઈને કાંઈ આવી ચર્ચા પણ કરતા ન આવડતી હોય. પત્થરની વાતું કરે બધા. આ તમારે ઘડિયાળની, આને હીરા માણેકની. 'શાંતિભાઈ'! આહાહા..!

આ તો પ્રભુ! તારી ઋદ્ધિ તો દેખ. તારો સ્વભાવ તો જો, નાથ! તારો સ્વભાવ પરને જાણે. જેમ પરને જાણે એમ (સ્વને) જાણે એવો (સ્વભાવ) નથી. તારો સ્વભાવ પરને જાણે એમ આત્માને જાણે એમ નથી. એ રીતે અહીં ના પાડી. **'શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા—'** આહાહા..! પોતાને જાણે છે એ નિશ્ચયથી છે. આહાહા..! "**स्वाश्रितो निश्चयः पराश्रितो व्यवहारः**" એ બે શબ્દ આવી ગયા છે. આહાહા..! ઝીણી વાત, બાપા! લોકોમાં આ પ્રવૃત્તિ બંધ થઈ ગઈ અને બહારની દયા, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રામાં સલવાઈ ગયા બધા. એમાં આત્માને કાંઈ લાભ ન મળે. નુકસાન છે. આહાહા..!

મુમુક્ષુ :– નિશ્ચયથી સ્વને જાણે અને પરને ન જાણે એમાં બધું આવી ગયું?

ઉત્તર :– પરને નથી જાણતો એમ સર્વથા નહિ. વ્યવહારથી જાણે છે એ સિદ્ધ કરવું છે. નહિતર તો પછી લોકાલોક વસ્તુ પોતાથી ભિન્ન એ ચીજ જ નથી. અને એ ચીજનું અહીં જ્ઞાન જ નથી, એમ થઈ ગયું. આહાહા..!

પોતાનું સ્વરૂપ સ્વપરપ્રકાશક છે. એમાં સ્વ અને પર જણાય એ નિશ્ચય છે. પણ સ્વને જાણ્યા વિના અથવા સ્વને જાણીને એકલો વ્યવહાર પરને જાણવામાં રોકાય જાય તો એ મિથ્યા છે. પણ પરને જાણવું, સ્વને જાણવું એ લક્ષમાં રાખી પરને જાણે એ વ્યવહારનય સાચો છે. આહાહા..! આટલું બધું યાદ રાખવું? આવો માર્ગ છે, ભાઈ! 'કુંદકુંદાચાર્યે' પોતાના માટે બનાવ્યું છે. આ ગાથા-શ્લોકો 'નિયમસાર' પોતા માટે બનાવ્યું છે.

પ્રભુ! અંતરમાં પોતાને દેખે એ નિશ્ચય છે. પોતાને વ્યવહારથી ન દેખે. વ્યવહારથી

દેખે તો દૂર રહી જાય છે. આહાહા..! પરને જેમ વ્યવહારથી જાણે તો પરવસ્તુ દૂર રહે છે. પરને વ્યવહારથી જાણે અને દૂર રહે છે તો વ્યવહાર છે. એમ તું સ્વને જાણવામાં વ્યવહારથી (જાણે એમ કહે) તો વ્યવહારથી આત્મા દૂર રહે એમ નથી. વ્યવહારથી આત્મા જાણતો નથી એટલી વાત. કેમકે તન્મય થાય છે તો એ વ્યવહાર નથી. તન્મય થાય એ વ્યવહાર નહિ. અંદર એકમેક થઈ ગયો એ નિશ્ચય, એ વ્યવહાર નહિ. એટલું બતાવવું છે. આહાહા..! જાણ્યા વિના રહે છે એમ પણ નથી. પરને જાણે છે તો એક અપેક્ષાએ વ્યવહારનયે પરને જાણે છે. એક અપેક્ષાએ પરને નથી જાણતો. શું (કહ્યું)? પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. નિશ્ચયથી સ્વભાવ છે. એમાં સ્વપર આવ્યા એ નિશ્ચય આવી ગયા. સ્વપરપ્રકાશક સ્વભાવમાં પર આવ્યું એ નિશ્ચયથી આવી ગયું. એ વ્યવહાર નથી. પણ પોતાને છોડીને એકલા પરને દેખવું એ વ્યવહાર છે. આહાહા..! આવું સાંભળીને... આ બાયડીયું નવરી ન થાય. આખો દિ' રાંધવું હોય, છોકરા સાચવવા... એને આવી વાતું! અરે..રે..! દેહ તો ચાલ્યો જશે, ભાઈ! દેહ તો એક સમયમાં છૂટી જશે. આહાહા..!

અહીં જુઓને! અહીં 'ભાઈલાલભાઈ' આમ ચાલતા હતા, જતા હતા. આમ ચાલ્યા. તેના જમાઈરાજને ચાલીને મળવા ગયા. કાંઈ ન મળે. જ્યાં બેઠા ત્યારે અસાધ્ય ક્યારે થયા કાંઈ ખબર નથી. પણ સૌની સાંભળવા ઉપર નજર. મારી નજર આમ ગઈ. કીધું ભાઈ આ શું છે? આમ કેમ છે? અસાધ્ય થઈ ગયા. 'ભાઈલાલભાઈ' અસાધ્ય. ગુજરી ગયા. અહીં આ થાંભલા પાસે હતા. બહાર લઈ ગયા. બહાર ગુજરી ગયા પછી. ડોક્ટર બાઈ 'મધુરીબેન' આવી. આહાહા..! અહીં રહેવા આવ્યા હતા. શું કરે? સ્થિતિ હોય એ પ્રમાણે થાય. અસાધ્ય થઈ ગયા, અસાધ્ય. આમ પડ્યા. આમ દેખાણું તો કીધું આમ કેમ થાય છે આ ભાઈને? જોવે તો અસાધ્ય થઈ ગયા. એને ઉપાડીને બહાર લઈ ગયા. આહાહા..! ક્ષણમાં બદલતા વાર લાગે છે? આ ક્યાં આત્મા છે? આ ક્યાં આત્માની ચીજ છે? આ ક્યાં આત્માની સાથે એકમેક છે? આહાહા..!

આત્મા અને એની બે વચ્ચે અત્યંત અભાવ છે. ભગવાનઆત્મા અને શરીર બે વચ્ચે તો અત્યંતઅભાવ છે. એને કદી અડતો પણ નથી. સોઈમાં દોરો પરોવે છે તો દોરો સોયને અડતો નથી. દોરો સોયને અડતો નથી. આહાહા..! કેમ? કે વસ્તુ અનંત છે. અહીં અનંતને જોવામાં જેમ અનંત છે એમ જોવું એનું નામ સર્વજ્ઞ. અનંત છે તો અનંત ક્યારે રહે? પોતાની પર્યાય પોતાથી ક્ષણે ક્ષણે થાય, પરથી નહિ. અનંત પર્યાયો અનંત દ્રવ્યોની પોતાની પર્યાય પોતાના સમયમાં પોતાથી છે તો અનંત રહી શકે. જો પરથી પર્યાય થાય તો અનંત રહી શકે નહિ. આહાહા..!

દરેક પદાર્થ પોતાની અનંતી પર્યાય સહિત (છે). પર્યાય–વિશેષ વિના દ્રવ્ય હોતું નથી. વિશેષ નામ પર્યાય. કોઈ સમયમાં કોઈ પદાર્થ પોતાની વિશેષ પર્યાય વિના હોય નહિ. તો

પછી બીજું દ્રવ્ય શું કરે? આહાહા..! ગજબ વાત છે, ભાઈ! આ આંગળીમાં એક એક રજકણ બીજા રજકણને અડ્યા નથી. આહાહા..! આત્મા કર્મને અડ્યો નથી. ભાષાને આત્મા અડ્યો નથી. અડતો એટલે સ્પર્શતો નથી. આહાહા..! વસ્તુ અસ્તિ છે. અસ્તિ છે તો તેની વર્તમાન પર્યાય પોતાથી થાય તો અસ્તિપણું રહી શકે. પોતાની વિશેષ દશા સામાન્યમાં વિશેષ પરથી હોય તો સામાન્ય પણ રહી શકે નહિ. આહાહા..! ગજબ વાત છે. વીતરાગમાર્ગ. એક સોયને દોરો અડતો નથી–સ્પર્શતો નથી. સીવે છે ને સીવે? એ સોયને દોરો અડતો નથી અને દોરો લુગડાને અડે નહિ. આહાહા..! આવી અનંતતા પૃથકતા, પોતાની સામાન્ય વિશેષ પર્યાય સહિત, પોતાનું કાયમ સ્વરૂપ વર્તમાન પર્યાયસહિત (જાણે). આહાહા..!

વર્તમાન પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય નથી. આહાહા..! વર્તમાન પર્યાય વિનાનું દ્રવ્ય નથી તો પર્યાય કોની કરે? સ્વ સ્વની કરે, પર પરની કરે. આહાહા..! ગજબ વાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! કેમકે બે વચ્ચે અત્યંત અભાવ છે. આહાહા..! એવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત કેવળજ્ઞાની ભગવાને એક સમયમાં પ્રત્યક્ષ જોઈ છે. આહાહા..! છદ્મસ્થને પછી વીતરાગની વાણી સાંભળીને માને ત્યારે માને. અહીંયાં તો પરમાત્માએ તો એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા છે. પોતાની પર્યાય પોતાથી થાય છે. પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. પર્યાય વિશેષ છે. વિશેષપણું એ એનો સ્વભાવ છે. આહાહા..! કોઈપણ વિશેષ હોય એને ભગવાન જાણ્યા વિના રહે નહિ. અને પોતાના વિશેષ અને પરને જાણે પોતામાં તન્મય થઈને જાણે એ નિશ્ચય છે. અને તન્મય થયા વિના પરને જાણે એનું નામ વ્યવહાર છે. એમ કહે છે. આહાહા..! ઝીણો શ્લોક છે.

'કુંદકુંદાચાર્યે' સર્વજ્ઞપણાની પ્રતીતિ કરી છે કે આવા સર્વજ્ઞ હોય, આવા કેવળી હોય એને હું માનું, એમ કહે છે. આહાહા..! અને એવા કેવળી બીજા માને અને મનાવે ... સાચી વાત. કેવળી એટલે ભૂત, વર્તમાન જાણે, ભવિષ્યને ન જાણે. ભવિષ્યમાં તો જેમ થવાનું, જેમ આત્મા પોતે કરવા માગે એમ થઈ શકે. પરમાણુમાં પણ કરવા માગે એમ થઈ શકે. (એમ નથી.) ભગવાને ત્રણકાળ ત્રણલોક જોયા. કોઈ કરી શકે એમ નથી. એની પર્યાય ક્રમમાં આવવાની હોય તે જ આવે. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહાહા..! એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આહાહા..! આવી વાત પરમાત્મા સિવાય સર્વજ્ઞદેવ સિવાય ક્યાંય નથી. બીજા તો ગાંડા કહે. અડતા નથી? આ તો બધું ચાલે છે ને. આ બધું કરે છે ને. આ સંચાથી દરજી સીવે છે, કુંભાર ઘડો કરે છે, કપડાવાળો વણકર કપડા વણે છે. બધું જૂઠું છે. આહાહા..! સૌ સૌની પર્યાય તે તે સમયે પોતાના સામાન્યમાંથી વિશેષ થાય છે. બીજાના સામાન્યમાંથી વિશેષ આ થાય છે એમ નથી. એમ ભગવાન પોતાને જાણતા પરને પણ આ રીતે જાણે છે. પરમાં ભળ્યા વિના વ્યવહારથી પરને જાણે છે એમ વ્યવહારથી પોતાને જાણે છે એમ નહિ. પોતાને તન્મય થઈને જાણે

એટલે નિશ્ચય છે. આહાહા..!

**'એમ જો વ્યવહારનયની વિવક્ષાથી કોઈ જિનનાથના તત્ત્વવિચારમાં નિપુણ જીવ (–જિનદેવે કહેલા તત્ત્વના વિચારમાં પ્રવીણ જીવ) કદાચિત્ કહે, તો તેને ખરેખર દૂષણ નથી.'** વ્યવહારથી પરને જાણે અને વ્યવહારથી પોતાને (જાણે) નહિ, એમ કોઈ સમજીને કહે તો તેને કોઈ દૂષણ નથી. આહાહા..! કોઈ પ્રવીણ કહ્યું, હોં! કહ્યું? **'નિપુણ...' 'તત્ત્વવિચારમાં નિપુણ...'** આહાહા..! તત્ત્વને વિચારવામાં નિપુણ. કોઈ એમ કહે કે વ્યવહારથી પરને જાણે અને પોતાને ન જાણે તો એને દૂષણ શું દેવું? પોતાની સાથે વ્યવહારથી તન્મય નથી. નિશ્ચયથી તન્મય છે. પોતાની એક એક પર્યાય પોતામાં તન્મય છે. તો સ્વને જાણવું એ નિશ્ચય છે અને આ આત્મા પરને જાણે એમ કહેવું પણ પરમાં જતો નથી. આંખ પરજ્ઞેયમાં જતી નથી. જ્ઞેય આંખમાં આવતું નથી. એમ જ્ઞાન પરને જાણે તો પરમાં જ્ઞાન જાતું નથી અને પર જાણે એ જ્ઞાનમાં આવતું નથી. એ કારણે વ્યવહાર કહેવામાં આવ્યો છે. નિશ્ચયથી... આહાહા..! **'કદાચિત્ કહે, તો તેને ખરેખર દૂષણ નથી.' 'એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહદસ્વયંભૂસ્તોત્રમાં શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૦૧, ગાથા–૧૭૦, શ્લોક–૨૮૫, રવિવાર, અષાઢ વદ ૭, તા.૦૩-૦૮-૮૦**

---

'નિયમસાર' ૧૬૯ ગાથાનો આધાર છે. આધાર.

**स्थितिजननिरोधलक्षणं**
**चरमचरं च जगत्प्रतिक्षणम्।**
**इति जिन सकलज्ञलांछनं**
**वचनमिदं वदतांवरस्य ते।।**

'સંમતભદ્રસ્વામી'ની સ્તુતિ છે. **'હે જિનેન્દ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે;...'** જેટલા વક્તા કહેવાય એમાં આ શ્રેષ્ઠ છે. **''ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળુ છે'...'** એનો અર્થ કે જાણે છે. આહાહા..! અનંત પદાર્થની એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. સમય એક અને ત્રણ. આહાહા..! સેકન્ડનો અસંખ્યમો ભાગ એ એક સમય. સમય એક, દેખવું ત્રણને. પ્રભુ! એ આપના સર્વજ્ઞનું ચિહ્ન છે. સમજાણું કાંઈ? ન્યાયથી લીધું છે.

**'હે જિનેન્દ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ અને સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે' એવું આ તારું વચન...'** છે. એવું તારું વચન

છે. અર્થાત્ તમે જાણે છો. જાણો છે તો એ તમારું વચન છે, નાથ! એક સમયમાં.. સમયનો ભાગ પડતો નથી. એક સેકન્ડમાં અસંખ્ય સમય હોય છે. એક સેકન્ડમાં અસંખ્ય સમય. એવો એક સમય અને પ્રત્યેક પદાર્થના ત્રણ બોલ–ઉત્પાદ-વ્યય-ધ્રુવ. સમય એક અને ત્રણને જાણે એવા અનંત ત્રણને જાણે. આહાહા..! ઝીણી વાત છે. અંતર વિશ્વાસ માટે આ વાત છે.

સમય એક અને અનંત જે વસ્તુ છે એ દરેક વસ્તુને એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવી એક સમયમાં એની ત્રણ અવસ્થા છે. એક સમયમાં એ ત્રણને ત્રણકાળને જાણે. એક સમયમાં ત્રણને ત્રણકાળને (જાણે). આહાહા..! શું કહે છે સમજાયું? 'સંમતભદ્રસ્વામી'નું વચન છે. એ **'તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.'** સર્વજ્ઞ સિવાય આવું કોઈ કહી શકે નહિ. આહાહા..!

એક સમયમાં એક દ્રવ્યની ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ અવસ્થા. એવા અનંત દ્રવ્ય (છે). એ અનંત દ્રવ્યની ઉત્પાદ-વ્યય-ધ્રુવની અનંતી અવસ્થા. એ એક સમયમાં જણાય છે, એવું જે તમારું વચન છે, પ્રભુ! એ સર્વજ્ઞનું ચિહ્ન છે. આહાહા..! એ સર્વજ્ઞનું લક્ષણ છે. સર્વજ્ઞ સિવાય (આ વાત ક્યાંય નથી). એક સમયમાં બે ભાગ થતા નથી. નાનામાં નાનો કાળ એક સમય અને જગતની એક ચીજના ત્રણ ભાગ અને એવા અનંતા પદાર્થના ત્રણ ભાગ. સાધારણ વાત નથી. આહાહા..! લોજિકથી તત્ત્વને સિદ્ધ કરવાથી વિશ્વાસ આવે. પ્રભુ! તું આવા કેવળજ્ઞાની એમ ને એમ માની લે એમ નહિ. પણ આવું કેવળજ્ઞાન છે જે એક સમયમાં દરેક પદાર્થમાં, અવસ્થામાં ત્રણ ભેદ નથી. વસ્તુના ત્રણ ભેદ છે. એવી અનંતી અવસ્થાના ત્રણ ભેદ છે. આહાહા..! એ અવસ્થા ત્રણ ભેદ અનંતી. એવું જે તમારું વચન છે. પ્રભુ! એ તમારું સર્વજ્ઞનું વચન છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'!

અહીં સર્વજ્ઞને સિદ્ધ કરે છે. સર્વજ્ઞમાં બહુ શંકા કરે છે ને? આ ક્રમબદ્ધ આવ્યા પછી સર્વજ્ઞમાં પણ (લોકો) શંકા કરે છે. સમયે સમયે જે થવાની હોય તે થાય, આઘીપાછી નહિ, તો કેવળજ્ઞાનમાં પણ શંકા કરે છે. કેવળજ્ઞાન પણ જાણે.. અહીં તો કહે છે.. અનંતકાળની ઉત્પાદવ્યયની પર્યાય, અનંતા દ્રવ્યની, અનંતા ઉત્પાદવ્યયધ્રુવ એક સમયમાં (જાણે). આહાહા..! ભાષા સહેલી છે. ભાવ (ગંભીર છે).

એક સમયમાં ત્રણકાળના ત્રણલોકના દ્રવ્ય જે ત્રણ સ્વરૂપે છે એને એક સમયમાં અનંતને આપ જાણો એ આપનું સર્વજ્ઞનું ચિહ્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા સાદી છે, તત્ત્વ રહસ્ય મોટું છે. 'સંમતભદ્રાચાર્ય'ને મોટું કહેવું છે. ઓહો..! પ્રભુ! તમારું વચન એવું છે કે એક સમયમાં અમે ત્રણકાળને જાણીએ છીએ. એક સમયમાં ત્રણકાળની સમય સમયની ત્રણ પર્યાય, એવી અનાદિઅનંત, એવી અનંતી પર્યાય... આહાહા..! જ્ઞાનમાં જણાય છે, એવું તમારું વચન છે, પ્રભુ! અમે જાણીએ છીએ કે આપ સર્વજ્ઞનું એ ચિહ્ન છે. એનાથી સર્વજ્ઞ સિદ્ધ થાય છે. સર્વજ્ઞ વિના એવું કોઈ જાણી શકે નહિ. સમજાણું કાંઈ? ભાષા સાદી

છે પણ અંદર સર્વજ્ઞની સિદ્ધિ કરે છે.

સ્વતઃ સ્વભાવ, સર્વજ્ઞનો સ્વતઃ સ્વભાવ એક સમયમાં. એક દ્રવ્યમાં ત્રણ. એક સમયનો ભાગ નહિ અને પદાર્થમાં ત્રણ ભાગ. એવા અનંતા પદાર્થના ત્રણ ભાગ. સમયનો ભાગ નથી. એક સમયના બે ભાગ થઈ શકે નહિ. એવા એક સમયમાં અનંતા ઉત્પાદવ્યયધ્રુવ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકમાં થાય છે. આહાહા..! એ પ્રભુ આપનું-સર્વજ્ઞનું ચિહ્ન છે. આહાહા..! અરે...! એક પણ ભાવ બેસવો જોઈએ ને. એક પણ (ભાવ) યથાર્થ જેમ છે તેમ (બેસવો જોઈએ). સાંભળે એ જુદી વાત છે. આહાહા..!

ચારિત્રનો દોષ થાય એ પણ જુદી વાત છે. આહાહા..! કેમકે ક્ષાયિકસમકિત હોય છે. તોપણ ભરતને છન્નું હજાર સ્ત્રી છે. છન્નું હજાર સ્ત્રી અને ક્ષાયિકસમકિત. તો સમકિતના દોષમાં પેલો ચારિત્રનો દોષ લાગુ નથી પડતો. આહાહા..! પ્રભુની ઝીણી વાત, ભાઈ! એ તો એક ગુણનો દોષ બીજા ગુણમાં લાગુ નથી પડતો અને બીજા ગુણ જે જ્ઞાન કે શ્રદ્ધા એક સમયની, એક સમયમાં દ્રવ્યમાં ત્રણ ભાગ, સમયનો ભાગ નહિ અને અહીંયાં ભાગ... આહાહા..! એવા અનંતા પદાર્થ, ઉત્પાદ, વ્યય અને ધ્રુવની અનંતી પર્યાય, એકની તો અનેક પણ અનેકની અનેક, એવી એક સમયમાં આપ જાણો છો. આહાહા..! પ્રભુ! એ સર્વજ્ઞનું લક્ષણ છે. આપનું વચન એ બતાવે છે કે આપ સર્વજ્ઞ છો. આહાહા..! ભાષા સાદી છે પણ અંદર ગર્ભ છે. આહાહા..!

જાણવામાં કાળની જરૂર નથી કે બે સમય હોય, ત્રણ સમય હોય તો જાણે. જાણવામાં જાણવા લાયક ચીજ એકરૂપ જ હોય તો જાણે એમ પણ નથી. આહાહા..! એક સમયમાં જાણવા લાયકમાં એક એક દ્રવ્યમાં ત્રણ ભાગ, એવા ત્રણકાળના ત્રણ ભાગ... આહાહા..! પ્રભુ! એ સર્વજ્ઞ છે એમ બતાવે છે. આપની વાણી સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે. આહાહા..! ગજબ વાત છે. સાધારણ માણસને લાગે કે આ શું છે? ઘણી ગૂઢતા છે.

કાળ નાનો, વસ્તુ મોટી અને તે એક એક સમયમાં ત્રણ ત્રણ ભાગવાળી. એક એક સમયમાં ત્રણ ભાગવાળી. એવા અનંતા સમય, અનંતા પદાર્થ, એક પદાર્થમાં ત્રણ ભાગ. એક સમયમાં ભાગ પડે નહિ અને જાણે એવા અનંતા પદાર્થ જે અનંતગુણા... આહાહા..! 'સમંતભદ્રસ્વામી'એ ન્યાય મૂક્યો છે, ગજબ કર્યો છે.

એક સમય, પ્રભુ! અને ત્રણકાળના પદાર્થ એ તો અનંત ભલે છે, પણ એ પદાર્થમાં એક સમયમાં ત્રણ ભાગ. એ સહિત ભવિષ્યની પણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ, ભૂતકાળના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ, વર્તમાનમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ, એવી જે અનંતી ચીજ, એ સમયના ભાગ પાડ્યા વિના આ બધા ભાગવાળી ચીજ એક સમયમાં જણાય છે. આહાહા..!

મુમુક્ષુ :– મહિમા તો જ્ઞાનનો છે.

ઉત્તર :– આહાહા..!

'ધારશીભાઈ'! જૈનમાં પણ સર્વજ્ઞમાં શંકા પડી ગઈ. ક્રમબદ્ધની વાત આવી ને, ક્રમબદ્ધની. ક્રમે એટલે જે સમયે થવાની છે ઇ. સર્વજ્ઞ દેખે એમ થાય તો કેવળી વર્તમાન ને ભવિષ્યનું જાણે છે કે છે એટલું. પણ ક્યે સમયે કઈ પર્યાય થશે એમ નહિ. કેવળીને માનનારા એવી શંકા કરવા લાગ્યા. સમજાણું કાંઈ? એક પણ બોલ અંદર યથાર્થ (બેસવો જોઈએ). આહાહા..!

એક સમયમાં એક દ્રવ્યની ત્રણ અવસ્થા. એક સમયના ભાગ ન પડે. એવા અનંતા પદાર્થ ભૂતના, ભવિષ્યના, વર્તમાનના. પ્રભુ! એક સમયમાં તમે જાણો છો. એ તમારું સર્વજ્ઞનું વચન, એ તમારું સર્વજ્ઞનું વચન સત્ય છે, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? વારંવાર કહેવામાં અંદર ગૂઢતા છે. આહાહા..! એમ ને એમ માની લે કે ભગવાન ત્રણકાળને જાણે છે, એવી વાત તો અનંતવાર (સાંભળી).

પોતાની એક સમયની પર્યાય, એમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવા અનંત પદાર્થમાં એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. જે સમયે જે પર્યાય થવાની તે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. સમયના ભાગ નહિ અને એકના ત્રણ ભાગ. એવા અનંતા અનંતા પદાર્થના ભાગ. આહાહા..! અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એથી અનંતગુણા. ઓહોહો..! આકાશ સર્વવ્યાપક, પણ એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. પ્રભુ! તમારું જ્ઞાન જાણે છે એમ આપે કહ્યું. પ્રભુ! બરાબર છે. આપનું વચન યથાર્થ છે. અરે..! એ યથાર્થ વસ્તુ બેસે એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઉપરથી સાધારણ વાત કરે તો એવી નથી. આહાહા..!

કેવી રીતે તમે જાણો છો? પોતામાં જાણે છે. કેટલા કાળમાં? એક સમયમાં. કેટલાને? અનંત ભંગવાળી ઉત્પાદ, વ્યય, ધ્રુવવાળી ચીજ એક સમયમાં. એવી અનંતી ચીજો બધાને આપ જાણો છો. પ્રભુ! આપ સર્વજ્ઞ છો એની અમને પ્રતીતિ થઈ ગઈ. આહાહા..! આપ સર્વજ્ઞ છો. આ સ્થિતિએ આપ સર્વજ્ઞ છો એવી પ્રતીતિ અમને થઈ ગઈ. આહાહા..! વાત સાધારણ નથી. ભગવાન ત્રણકાળને જાણે.. ત્રણકાળને જાણે... સમય એક, એના બે ભાગ નહિ. આહાહા..! એક સમયના અસંખ્ય સમય, એક સેકન્ડનો અસંખ્યમો ભાગ, એમાં એક સમય એવા ત્રણકાળના સમય. એક સમયનો ભાગ નહિ અને ભાગવાળી ચીજ અનંતી... આહાહા..! એકસાથે એક જ ભાગવાળી ચીજ નહિ. એક ચીજ અનંત ભાગવાળી. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવા ત્રણ ભાગવાળી. આહાહા..! પ્રભુ! આપે કહ્યું કે અમે એ જાણીએ છીએ. એ તમારું-સર્વજ્ઞનું વચન છે. પ્રભુ! આપ સર્વજ્ઞ છો એનો અમને નિર્ણય થઈ ગયો. આહાહા..! પ્રભુ! આપ સર્વજ્ઞ છો. બીજા કોઈ ત્રિકાળમાં સર્વજ્ઞ આવી ચીજ છે નહિ. આહાહા..! આવા કેવળજ્ઞાન સિવાય કોઈને આવું કેવળજ્ઞાન છે નહિ, પ્રભુ! એવી અમને પ્રતીતિ થઈ. આપે વચન કહ્યું કે અમે ત્રણકાળમાં જાણીએ છીએ અને સમય એક છે. જાણ્યું કે આ તો સર્વજ્ઞ છે. આહાહા..! વાત એવી છે. વાત સાદી છે પણ સાદીમાં ગૂઢતા ઘણી છે,

ભાઈ! આહાહા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ ભગવાન અનંત અનંત થઈ ગયા. એ અનંત સર્વજ્ઞોની અનંત પદાર્થના ભાગવાળી, એક સમયમાં ભાગ વિના અનંતા સિદ્ધો અને અનંતા કેવળીઓ જાણે છે. પ્રભુ! એ વિશ્વાસ કોઈ જુદી જાતનો છે. આહાહા..! એ વાત નથી. એનો વિશ્વાસ...

મુમુક્ષુ :– મહિમા..

ઉત્તર :– અરે..! અલૌકિક. આહાહા..! ગજબ કામ કર્યું છે! તે દિ' જોયું ત્યારે એમ કહેતા કે ઓહોહો..! 'સમંતભદ્રાચાર્ય' તે જ કહેવા માગે છે.

પ્રભુ! તમે સર્વજ્ઞ છો એવો અમે નિર્ણય કર્યો. કઈ રીતે? આધારથી. એક સમય અને ત્રણકાળમાં અનંત પદાર્થ અને એક એક પદાર્થમાં એક સમયમાં ત્રણ ભાગ, એક સમયમાં ભાગ નહિ અને એક પદાર્થમાં ત્રણ ભાગ, એવા અનંતા પદાર્થ ભાગવાળા. આપ એક સમયમાં ભાગ વિના જાણો છો. આહાહા..! પ્રભુ! એવા કેવળજ્ઞાની આપ સિવાય દુનિયામાં બીજા કોઈ છે નહિ. આહાહા..! બીજા સર્વજ્ઞ ને કેવળી ને ઘણા નામ ધરાવે પણ પ્રભુ! આપનું જે ચિહ્ન છે એ ખ્યાલમાં આવી ગયું કે આપ જ સર્વજ્ઞ છો આ સ્થિતિએ. એ સિવાય કોઈ સર્વજ્ઞ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ ભાષા આટલી છે અને ભાવ (ગૂઢ છે). આહાહા..!

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ લક્ષણ. ત્રણ. **'એવું આ તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.'** પ્રભુ! આહાહા..! એક સમયમાં સર્વજ્ઞ હોઈ શકે એ તમારું વચન અમને પ્રતીતિમાં આવી ગયું. કેમકે એક સમયમાં ભાગ નહિ અને ભાગવાળી ચીજ અનંતી, એને એક સમયમાં જાણે એ જ આપનું સર્વજ્ઞપણું છે, એ જ આપનું સર્વજ્ઞપણું છે. સમજાણું કાંઈ? વારંવાર કહેવામાં કાંઈક ગૂઢતા બતાવવી છે. વાત ગૂઢ છે, ભગવાન! સર્વજ્ઞને માનવા એ વાત.. આહાહા..! એ વિકલ્પથી માને એમ નહિ, ધારણાથી માને એમ નહિ. આહાહા..! ત્રણલોકના નાથ પરમાત્મા તીર્થંકરદેવ અનંત તીર્થંકરો, અનંત કેવળી થયા. એક સમયમાં ત્રણકાળ પ્રત્યક્ષ દેખે છે. પ્રભુ! આપ સર્વજ્ઞ છો એનો અમને વિશ્વાસ આવ્યો. આ ન્યાયથી અમને વિશ્વાસ આવી ગયો. એમાં શંકાને સ્થાન નથી. આહાહા..! ગજબ વાત છે. ભાષા સાદી છે, ભાવ ગંભીર છે. આહાહા..!

પોતાની સન્મુખ દેખે તો ખબર પડે. ઓહોહો..! પોતાની સન્મુખમાં સમયાંતરમાં જ્ઞાનાંતર થઈ જાય છે. આહાહા..! શું કહ્યું એ? મિથ્યાજ્ઞાનમાંથી સમ્યગ્જ્ઞાન એક સમયના આંતરે થઈ જાય. સમયાંતર. પહેલે સમયે જ્ઞાન, બીજા સમયે જ્ઞાન. આહાહા..! પ્રભુ! એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આપે કહ્યું ભિન્ન-ભિન્ન સમયમાં, તો આ વાત સિદ્ધ થઈ ગઈ. આહાહા..! પહેલા સમયે ભલે મિથ્યાજ્ઞાન હોય અને બીજા સમયે સમ્યગ્જ્ઞાન થઈ જાય. ઉત્પાદ થયો અને ઉત્પાદ બીજા સમયે વ્યય થાય છે. આહાહા..! અને એનો આધાર દ્રવ્ય છે. છતાં

એ ત્રણે વિના કોઈ કાળ રહેતો નથી. ઉત્પાદ ઉત્પાદના કારણે, વ્યય વ્યયના કારણે, ધ્રુવ ધ્રુવને કારણે. 'પ્રવચનસાર'માં આવ્યું. ઉત્પાદ ધ્રુવના કારણે નહિ, વ્યય ધ્રુવને કારણે નહિ, વ્યય ઉત્પાદને કારણે નહિ. આહાહા..!

એકકોર જ્ઞાન–ભગવાન, એકકોર જ્ઞેય એનો વિષય. અનંતા... અનંતા... અનંતા... અનંતા... ભાગવાળા વિષય. એક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો આપે કહ્યું ને? ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યું તો બધા દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવ્યા. તો ત્રણકાળ ત્રણલોકમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી એક એક ચીજના ત્રણ ભાગ થઈ ગયા. એવા અનંતા કાળમાં અનંતા ભાગ થયા. આહાહા..! આપને એક સમયમાં ભાગ નથી. આહાહા..! 'શાંતિભાઈ'! કે દિ' વિચાર કર્યો છે ત્યાં પૈસા આડે?

આ ચીજ... આહાહા..! સર્વજ્ઞ આત્મા સિદ્ધ કરે છે. ભગવાનઆત્મા સર્વજ્ઞ છે. કેમકે એવા સર્વજ્ઞની જે શ્રદ્ધા કરે છે એની શ્રદ્ધામાં પણ એક સમયમાં આંતરો પડી જાય છે. પહેલી શ્રદ્ધા પહેલે સમયે બીજી હતી, બીજા સમયે બીજી થઈ જાય છે. સમ્યગ્દર્શનમાં પણ આંતરો નથી પડતો. કેમકે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આપે એકસાથે જોયું છે તો જ્યારે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે ત્યારે મિથ્યાત્વનો વ્યય થાય છે. વ્યય થાય છે તો ઉત્પાદ પણ થાય જ છે. ઉત્પાદ થાય છે તો ધ્રુવ પણ રહે જ છે. આહાહા..! અડધો કલાક ચાલ્યું. આમ તો ત્રણ લીટી છે. ત્રણ આખી નથી. અડધી છે. આહાહા..!

શું પ્રભુની વાણી! ક્યાંય દુનિયામાં નથી. કોઈ સ્થાને આવી વાણી (નથી). એ પણ દિગંબર પંથ સિવાય ક્યાંય છે નહિ. શ્વેતાંબર પણ એક સમયમાં પહેલા જ્ઞાન અને બીજે સમયે દર્શન દેખે છે, એમ કહે છે. આહાહા..! અને શ્વેતાંબર કાળદ્રવ્યને માનતા નથી. એનો હેતુ અંતરમાં રહસ્ય શું છે? ઘણા વર્ષ પહેલા કહ્યું હતું, કે પોતાની પર્યાયમાં કાળ બદલાયો નથી. પોતાનો સ્વકાળ બદલાયો નથી તો પરકાળની પ્રતીતિ થઈ નથી. આહાહા..! પોતાની પર્યાયમાં સ્વકાળ બદલાય તો પરકાળની પ્રતીતિ આવ્યા વિના રહે નહિ. આહાહા..! આવું ઝીણું છે પ્રભુનું. આપણી તો કેટલી શક્તિએ પહોંચે! આહાહા..! સર્વજ્ઞ જ્યારે એની વાત કરે, ચાર જ્ઞાનના ધણી ગણધર જ્યારે વાત કરે... આહાહા..! એક શબ્દમાં કેટલું ભર્યું હોય કે ભગવાન એનું સ્પષ્ટીકરણ અને ગણધર એનું સ્પષ્ટીકરણ કરે. બીજાની તાકાત નથી. આહાહા..! એ ગાથા થઈ.

'વળી (આ ૧૬૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૨૮૫

(वसंततिलका)

जानाति लोकमखिलं खलु तीर्थनाथः
स्वात्मानमेकमनघं निजसौख्यनिष्ठम्।
नो वेत्ति सोऽयमिति तं व्यवहारमार्गाद्
वक्तीति कोऽपि मुनिपो न च तस्य दोषः।।२८५।।

**[શ્લોકાર્થ :–] તીર્થનાથ ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ), નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી—એમ કોઈ મુનિવર વ્યવહારમાર્ગથી કહે તો તેને દોષ નથી. ૨૮૫.**

## શ્લોક–૨૮૫ ઉપર પ્રવચન

जानाति लोकमखिलं खलु तीर्थनाथः
स्वात्मानमेकमनघं निजसौख्यनिष्ठम्।
नो वेत्ति सोऽयमिति तं व्यवहारमार्गाद्
वक्तीति कोऽपि मुनिपो न च तस्य दोषः।।२८५।।

આહાહા..! શું કહે છે? **'તીર્થનાથ ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ), નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી—'** શું કહે છે? કે આનંદમાં લીન છે તો આત્માને નથી જાણતા, પરને જાણે છે. જ્ઞાનનો સ્વભાવ છે કે આનંદમાં લીન હોવા છતાં પરને તો જાણે. આહાહા..! છતાં આત્માને ન જાણે એમ કોઈ વ્યવહારથી કહે તો શું દોષ છે? સમજાણું કાંઈ?

ફરીથી. **'તીર્થનાથ ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ), નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી–એમ કોઈ મુનિવર વ્યવહારમાર્ગથી કહે તો તેને દોષ નથી.'** આહાહા..! આ વાત જ કોઈ... પોતાના સ્વરૂપમાં લીન છે તો પરને જાણે ભલે. જ્ઞાનનો સ્વભાવ છે. એ ભલે ઉપયોગ આ બાજુ હોય તોપણ જ્ઞાનનો સ્વભાવ છે તો પરને જાણે. પણ પોતામાં લીન છે તો પોતાને ન જાણે, એમ કોઈ

વ્યવહારપક્ષવાળા કહે તો એમાં શો દોષ છે? આહાહા..! અટપટી વાત છે.

મુમુક્ષુ :- એમ કહે છે કે ભગવાન તો સ્વ-પર બંનેને જાણે છે આ તો ત્રીજો માણસ કહેનાર એમ કહે છે ને?

ઉત્તર :- એ કહે છે પણ વ્યવહારે એમ સાચું છે. એમ કહેવું છે. ત્રીજો માણસ ભલે કહે પણ એનું કહેવું સાચું છે. કઈ અપેક્ષાએ? આહાહા..! ત્રીજો કહે છે ગમે તે પણ કઈ અપેક્ષાથી? કે નિર્દોષ નિજસૌખ્યનિષ્ઠ. આનંદમાં લીન છે. ભગવાન તો આનંદગુણમાં લીન છે. આહાહા..! સાથે રહેલો જ્ઞાનગુણ, એ જ્ઞાનગુણ ભલે બીજાને જાણે પણ એ અહીંયાં આત્મા લીન છે તો પોતાને ન જાણે. એમ કોઈ વ્યવહારનયથી કહે તો એમાં કોઈ દોષ નથી. આકરી વાત છે, ભગવાન! આ તો વીતરાગના શાસ્ત્ર છે. સર્વજ્ઞ પરમેશ્વર દિગંબરના શાસ્ત્રો એટલે પરમેશ્વરની વાણી. સાક્ષાત્ શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ. આહાહા..! એ કાંઈ સાધારણ શબ્દોની વાત નથી. ઘણી ગૂઢ છે. વાર્તા નથી, કથા નથી, તત્ત્વનું રહસ્ય છે. આહાહા..!

શું કીધું? કે આત્મા આનંદમાં લીન છે. આનંદમાં લીન છે તો આનંદમાં જાણવાની શક્તિ નથી. જ્ઞાનનો ભાવ છે તો આનંદમાં લીન છે છતાં જ્ઞાન પરને જાણે. પરને જાણવાનો ભાવ છે. એ આનંદમાં લીન છે પણ પરને જાણવાની વાત કાંઈ ચાલી જાય છે? શું કીધું સમજાણું કાંઈ? આહાહા..! અહીં પણ જ્યારે આત્મા નિર્વિકલ્પ ધ્યાનમાં આવે છે ત્યારે જ્ઞાનમાં પરનું જાણવું ચાલ્યું જાય છે? સમજાણું કાંઈ? પર ઉપર લક્ષ નથી, ઉપયોગ નથી. આહાહા..! શું કહ્યું? પોતાના સ્વરૂપમાં જ્યાં ધ્યાનમાં લીન છે ત્યારે જ્ઞાનનો સ્વભાવ તો છે. પહેલા જે જ્ઞાનમાં જાણ્યું છે એ ધ્યાનમાં છે તો જણાયું એનો નાશ થાય છે? શું કહ્યું સમજાણું? ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

આ બહેનના અક્ષરો કોતરવાના છે, ભાઈ! સાંભળ્યું છે ને? 'હસમુખભાઈ' તરફથી અગિયાર હજાર રૂપિયા અને ભાઈ તરફથી 'હીરાભાઈ' તરફથી છ હજાર દિગંબર મંદિર છે એ દરેક મંદિરમાં એક એક પુસ્તક દેવું. આ બહેનનું ને? બહેનનું પુસ્તક. આખા હિન્દુસ્તાનમાં છ હજાર દિગંબર મંદિર છે. દરેક મંદિરમાં બહેનનું એક એક પુસ્તક આપવું. આહાહા..! પહેલા કહ્યું હતું. જ્યારે હાથમાં આવ્યું ત્યારે 'રામજીભાઈ'ને કહ્યું હતું. ૩૦ લાખ પુસ્તકો છપાયા પણ કોઈ પુસ્તક માટે અમે કહ્યું નથી કે છપાવો કે કરો. કાંઈ કહ્યું નથી. પણ આ પુસ્તક જ્યારે હાથમાં આવ્યું તો એમ કહ્યું, 'રામજીભાઈ'! એક લાખ પુસ્તક છપાવો. એમાં લગભગ છોંતેર હજાર તો છપાઈ ગયા છે. આહાહા..! માણસ પક્ષપાત છોડી દઈને વિચારે જરી કે સત્ય શું છે? કેવું હોવું જોઈએ? એ ખ્યાલ રાખે તો ખ્યાલ આવે. નહિતર તો ખ્યાલ આવે નહિ. આહાહા..! 'હરિભાઈ' નથી? ગયા લાગે છે. આવ્યા નથી? તબિયત બરાબર નથી? ઠીક નહિ હોય. સવારે પણ નહોતા. સવારે પણ અલૌકિક વાત

હતી. અત્યારે પણ (છે). આહાહા..!

'જયસેનાચાર્ય'માં એક એવો લેખ છે કે કોઈપણ એક ભાવ પૂરો અંદર, એના રહસ્ય... એક ભાવ જાણે તો બધા ભાવ જાણે. એવો પાઠ છે. કોઈપણ એક ભાવ. આ સર્વજ્ઞ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ. આહાહા..! પોતામાં લીન.. જ્ઞાનનો સ્વભાવ તો પહેલા પરને ઘણું જાણ્યું હતું. જાણવામાં લીન છે એટલું જ લીધું છે? સમજાણું કાંઈ? અંદર ધ્યાનમાં આવ્યો પણ જે જ્ઞાનમાં પરને પહેલા જાણ્યું હતું એ જાણવાનું કાંઈ ચાલ્યું ગયું છે? તો જાણે છે. પણ અંતરમાં લીન છે... આહાહા..! છે?

**'નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી—'** આહાહા..! શું કહેવું છે? આનંદમાં રહે એને પોતાના જ્ઞાનનો ખ્યાલ નથી. એ જ્ઞાનમાં પરને જાણવું ભલે રહ્યું, પણ પોતાના આનંદમાં લીન છે તો એને જાણવું ત્યાં રહ્યું નહિ. આનંદમાં લીન છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..! વીતરાગની વાણી અલૌકિક! અલૌકિક!! દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહિ. કેટલાક લોકોને દુઃખ લાગે. શ્વેતાંબર કે સ્થાનકવાસીને. પ્રભુ! આ વાણી ક્યાંય છે નહિ. એ વાણી કૃત્રિમ નથી. બીજાએ તો કૃત્રિમ બનાવેલું છે. અને ક્યાંક કોઈ ઊંડે ઊંડે તર્ક કરવા જાય તો મેળ નહિ ખાય. અહીં તો ગમે તેટલે ઊંડે તર્ક કરવા જાય ત્યાં વાત સિદ્ધ થાય છે. આહાહા..! ગમે તે એક વાતને સ્પષ્ટ કરવા જાય તો એ વાત સિદ્ધ જ થાય છે. આહાહા..! એવી વાત છે આ. આહાહા..! ભાગ્યશાળીને કાને પડે એ વાણી છે. આહાહા..!

મુમુક્ષુ :– મહાભાગ્યશાળીને, એકલા ભાગ્યશાળી નહિ.

ઉત્તરઃ– મહાભાગ્યશાળી. આહાહા..!

મુમુક્ષુ :– આજનું વ્યાખ્યાન તો ઘણું ગૂઢ, ગંભીર અને સૂક્ષ્મ છે.

ઉત્તર :– વસ્તુ એવી છે. ત્યાં એ ઊંડું કહેવું છે. આહાહા..!

**'તીર્થનાથ ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ), નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી—'** આહાહા..! **'એમ કોઈ મુનિવર વ્યવહારમાર્ગથી કહે...'** જુઓ! વ્યવહારનય છે, એનો વિષય પણ છે. નય છે તો વિષયી છે. વિષયી છે એનો વિષય છે, પણ આદરણીય નથી. આહાહા..! અહીં કહે છે કે વ્યવહારનયથી કોઈ એમ કહે કે પરને જાણે છે અને પોતાનો આત્મા આનંદમાં છે તો પોતાને ન જાણે તો એને શું કહેવું? વ્યવહારનયથી કહે છે. આહાહા..! ગજબ વાત.

મુમુક્ષુ :– વ્યવહારનયનો વિષય પર છે...

ઉત્તર :– હું જાણું ત્યાં રહ્યું નથી. આનંદમાં છે. અને પરનું જાણવું તો અંદર જ્ઞાનમાં હતું એ રહી ગયું છે. એ કાંઈ વયુ ગયું નથી. ધ્યાનમાં, આનંદમાં આવી ગયા માટે પરનું જાણવું, ક્ષયોપશમમાં પર્યાયમાં હતું એ કાંઈ વયું ગયું નથી. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..!

## ગાથા-૧૭૦

णाणं जीवसरूवं तम्हा जाणेइ अप्पगं अप्पा।
अप्पाणं ण वि जाणदि अप्पादो होदि विदिरित्तं।।१७०।।

ज्ञानं जीवस्वरूपं तस्माज्जानात्यात्मकं आत्मा।
आत्मानं नापि जानात्यात्मनो भवति व्यतिरिक्तम्।।१७०।।

अत्र ज्ञानस्वरूपो जीव इति वितर्केणोक्तः।

इह हि ज्ञानं तावज्जीवस्वरूपं भवति, ततो हेतोरखंडाद्वैतस्वभावनिरतं निरतिशयपरमभावनासनाथं मुक्तिसुंदरीनाथं बहिर्व्यावृत्तकौतूहलं निजपरमात्मानं जानाति कश्चिदात्मा भव्यजीव इति अयं खलु स्वभाववादः। अस्य विपरीतो वितर्कः स खलु विभाववादः प्राथमिकशिष्याभिप्रायः। कथमिति चेत्, पूर्वोक्तस्वरूपमात्मानं खलु न जानात्यात्मा, स्वरूपावस्थितः संतिष्ठति। यथोष्णस्वरूपस्याग्नेः स्वरूपमग्निः किं जानाति, तथैव ज्ञानज्ञेयविकल्पाभावात् सोऽयमात्मात्मनि तिष्ठति। हंहो प्राथमिकशिष्य अग्निवदयमात्मा किमचेतनः। किं बहुना। तमात्मानं ज्ञानं न जानाति चेद् देवदत्तरहितपरशुवत् इदं हि नार्थक्रियाकारि, अत एव आत्मनः सकाशाद् व्यतिरिक्तं भवति। तन्न खलु सम्मतं स्वभाववादिनामिति।

तथा चोक्तं श्रीगुणभद्रस्वामिमि

(अनुष्टुभ्)

``ज्ञानस्वभावः स्यादात्मा स्वभाववाप्तिरच्युतिः
तरस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम्।''

---

છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;
જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.

અન્વયાર્થ :– [ ज्ञानं ] જ્ઞાન [ जीवस्वरूपं ] જીવનું સ્વરૂપ છે, [ तस्मात् ] તેથી [ आत्मा ] આત્મા [ आत्मकं ] આત્માને [ जानाति ] જાણે છે; [ आत्मानं न अपि जानाति ] જો જ્ઞાન આત્માને ન જાણે તો [ आत्मनः ] આત્માથી [ व्यतिरिक्तम् ] વ્યતિરિક્ત (જુદું) [ भवति ] ઠરે!

ટીકા :– અહીં (આ ગાથામાં) 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એમ વિતર્કથી (દલીલથી) કહ્યું છે.

પ્રથમ તો, જ્ઞાન ખરેખર જીવનું સ્વરૂપ છે; તે હેતુથી, જે અખંડ અદ્વૈત સ્વભાવમાં લીન છે, જે [1]નિરતિશય પરમ ભાવના સહિત છે, જે મુક્તિસુંદરીનો નાથ છે અને બહારમાં જેણે [2]કૌતૂહલ વ્યાવૃત્ત કર્યું છે (અર્થાત્ બાહ્ય પદાર્થો સંબંધી કુતૂહલનો જેણે અભાવ કર્યો છે) એવા નિજ પરમાત્માને કોઈ આત્મા–ભવ્ય જીવ–જાણે છે.—આમ આ ખરેખર સ્વભાવવાદ છે. આનાથી વિપરીત વિતર્ક (-વિચાર) તે ખરેખર વિભાવવાદ છે, પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય છે.

તે (વિપરીત વિતર્ક–પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય) કયા પ્રકારે છે? (તે આ પ્રકારે છે :–) 'પૂર્વોક્તસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માને આત્મા ખરેખર જાણતો નથી, સ્વરૂપમાં અવસ્થિત રહે છે (–આત્મામાં માત્ર સ્થિત રહે છે). જેવી રીતે ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને (અર્થાત્ અગ્નિને) શું અગ્નિ જાણે છે? (નથી જ જાણતો.) તેવી જ રીતે જ્ઞાનજ્ઞેય સંબંધી વિકલ્પના અભાવથી આ આત્મા આત્મામાં (માત્ર) સ્થિત રહે છે (–આત્માને જાણતો નથી).'

(ઉપરોક્ત વિતર્કનો ઉત્તર :–) 'હે પ્રાથમિક શિષ્ય! અગ્નિની માફક શું આ આત્મા અચેતન છે (કે જેથી તે પોતાને ન જાણે)? વધારે શું કહેવું? (સંક્ષેપમાં,) જો તે આત્માને જ્ઞાન ન જાણે તો તે જ્ઞાન, દેવદત્ત વિનાની કુહાડીની માફક, *અર્થક્રિયાકારી ન ઠરે, અને તેથી તે આત્માથી ભિન્ન ઠરે? તે તો (અર્થાત્ જ્ઞાન ને આત્માની સર્વથા ભિન્નતા તો) ખરેખર સ્વભાવવાદીઓને સંમત નથી. (માટે નક્કી કર કે જ્ઞાન આત્માને જાણે છે.)'

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૧૭૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

''[શ્લોકાર્થ :–] આત્મા જ્ઞાનસ્વભાવ છે; સ્વભાવની પ્રાપ્તિ તે અચ્યુતિ (અવિનાશી દશા) છે; માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને) ઇચ્છનાર જીવે જ્ઞાનની ભાવના ભાવવી.''

---

૧ નિરતિશય = જેનાથી બીજું કોઈ ચડિયાતું નથી; એવી અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ

૨ કૌતૂહલ = ઇન્તેજારી; ઉત્સુક્તા; આશ્ચર્ય; કૌતુક.

* અર્થક્રિયાકારી = પ્રયોજનભૂત ક્રિયા કરનારું. (જેમ દેવદત્ત વગરની એકલી કુહાડી અર્થક્રિયા–કાપવાની ક્રિયા—કરતી નથી, તેમ જો જ્ઞાન આત્માને જાણતું ન હોય તો જ્ઞાને પણ અર્થક્રિયા–જાણવાની ક્રિયા– ન કરી; તેથી જેમ અર્થક્રિયાશૂન્ય કુહાડી દેવદત્તથી ભિન્ન છે તેમ અર્થક્રિયાશૂન્ય જ્ઞાન આત્માથી ભિન્ન હોવું જોઈએ! પરંતુ તે તો સ્પષ્ટપણે વિરુદ્ધ છે. માટે જ્ઞાન આત્માને જાણે જ છે.)

## ગાથા-૧૭૦ ઉપર પ્રવચન

૧૭૦-ગાથા.

**णाणं जीवसरूवं तम्हा जाणेइ अप्पगं अप्पा।**
**अप्पाणं ण वि जाणदि अप्पादो होदि विदिरित्तं।।१७०।।**
**છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;**
**જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.**

પહેલા હા પાડી પછી અહીં ના પાડી. કઈ નયનું વાક્ય છે? આહાહા..! વ્યવહારનય છે કે નહિ? લોકાલોકને જાણે છે એ અસદ્‌ભુત વ્યવહારનય છે. અસદ્‌ભુત વ્યવહારનય ન હોય તો લોકાલોક જાણે, પરને અડે નહિ ને જાણે, કેવળજ્ઞાન પરને અડે નહિ અને જાણે, એમ કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહારનય છે. તો એ છે કે નહિ? લોકાલોકને વ્યવહારથી જાણે છે એ છે. ભલે અસદ્‌ભુત વ્યવહારનય છે. આહાહા..! પોતાને જાણે અને પરને ન જાણે એ નિશ્ચયનય છે. આહાહા..! અને સ્વપરપ્રકાશક પોતાનો જે ગુણ છે એ તો પોતાને પોતામાં જાણે છે. પર શબ્દ આવ્યો માટે પરને જાણે એમ નથી. પોતામાં પર સંબંધી અને પોતા સંબંધી જે સ્વપરપ્રકાશક (જ્ઞાન) છે એ નિશ્ચયથી છે. એ નિશ્ચયથી છે. પર શબ્દ આવ્યો માટે વ્યવહાર છે એમ નહિ. આહાહા..! અને એકલા પરને જાણે એ વ્યવહાર છે. આહાહા..! આવી ઝીણી વાત! સંપ્રદાયમાં તો આ સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. આત્મા વિના, વર વિના જાન (જોડી દીધી). વર વિનાની જાન તો માણસના ટોળા કહેવાય. અરે..! પ્રભુ! તું કોણ છો? તારી સત્તા શું છે? તારી શક્તિ શું છે? તારામાં શક્તિ કેટલી ભરેલી છે? કઈ નયે તું તને જાણ અને કઈ નયે તું પરને જાણ? અને પરને જાણવા છતાં નિશ્ચયથી સ્વને જાણ... આહાહા..! સ્વ-પર (જાણવાનો) પોતાનો સ્વભાવ છે તો એ સ્વ અને પરને જાણવું નિશ્ચય છે. પણ સ્વને છોડીને એકલું પરને જાણે એ વ્યવહાર છે. આહાહા..! આ બધો નિર્ણય કરવા નવરાશ નથી. આહાહા..!

અહીં શું કહ્યું?

**છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;**
**જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.**

**'ટીકા :- અહીં (આ ગાથામાં) 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એમ વિતર્કથી (દલીલથી) કહ્યું છે.'** આહાહા..! ભગવાને અમૃત વરસાવ્યા છે! મુનિઓએ તો અમૃત વરસાવ્યા છે. થોડાક શબ્દોમાં ઊંડા ભાવ ભર્યા છે. આહાહા..! છતાં એ શબ્દોના કરનાર અમે નથી એમ કહે છે. આહાહા..! શબ્દની રચના જડથી થાય છે, પ્રભુ! અમે તો આત્મા છીએ, નાથ! આત્મા

જડથી તો અત્યંત ભિન્ન છે. જડને આત્મા અડતો નથી ને. આહાહા..! ભાષાને આત્મા અડતો નથી ને. ભાષાના પરમાણુમાં એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી ને. આહાહા..! વીતરાગનો માર્ગ ત્રણલોક ત્રણકાળમાં બીજે ક્યાંય છે નહિ. બધાએ કલ્પના કરીને કલ્પનાથી માની લીધો છે. આ તો પ્રત્યક્ષ સર્વજ્ઞ ભગવાને જે (કહ્યું).. 'સીમંધર' ભગવાન સાક્ષાત્ બિરાજે છે. એમણે જે પ્રત્યક્ષ જોયું તે આ વાત છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સાક્ષાત્ સાંભળ્યું છે અને સાંભળીને આવ્યા અને આ કહ્યું. આહાહા..! એમાં પણ આ શાસ્ત્ર પોતા માટે કર્યું છે. 'સમયસાર' અને 'પ્રવચનસાર' એ તો બધાને સમજાવવા માટે કહ્યું છે. આ પોતાના માટે કર્યું છે. પોતાના માટે આ બનાવ્યું છે. છેલ્લી ગાથા છે. મારી ભાવના માટે મેં આ કર્યું છે. 'કુંદાકુંદાચાર્ય' ત્રીજે નંબરે (આવે છે). ભગવાન... આહાહા..! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે આવ્યા છે. આહાહા..! ગણધર પછી એમનો (નંબર છે). એમની વાણી (છે). આહાહા..! ગજબ છે. ઉપરટપકે વાંચી જાય તો એનો મર્મ હાથ ન આવે. 'હેમરાજજી' બરાબર આવી ગયા, તાકડે આવી ગયા. વાત નીકળી ને આવી ગયા છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ!

**'(આ ગાથામાં) 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એમ વિતર્કથી (દલીલથી) કહ્યું છે.' 'પ્રથમ તો જ્ઞાન ખરેખર જીવનું સ્વરૂપ છે;...'** આહાહા..! જ્ઞાન અને આત્મા કોઈ જુદાં નથી. એ અપેક્ષાએ જીવનું સ્વરૂપ છે. **'તે હેતુથી, જે અખંડ અદ્વૈત સ્વભાવમાં લીન છે,...'** જે અખંડ, અદ્વૈત, એક સ્વભાવમાં લીન છે **'જે નિરતિશય...' 'જેનાથી બીજું કોઈ ચડિયાતું નથી એવી; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.'** આહાહા..! અજોડ **'પરમભાવના સહિત છે, જે મુક્તિસુંદરીનો નાથ છે...'** આહાહા..! પૂર્ણાનંદની પરિણતિના સ્વામી છે. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે. એ પૂર્ણાનંદની પરિણતિ પ્રગટી તો એ પૂર્ણાનંદની પરિણતિનો એ સ્વામી થયો. આહાહા..! આનંદમાં બાકી રહ્યું નહિ. આહાહા..!

**'મુક્તિસુંદરીનો નાથ છે અને બહારમાં જેણે કૌતૂહલ વ્યાવૃત્ત કર્યું છે...'** આહાહા..! **'ઈન્તેજારી; ઉત્સુકતા; આશ્ચર્ય; કૌતુક.'** એને નિવૃત્ત કર્યું છે. આહાહા..! **'(અર્થાત્ બાહ્ય પદાર્થો સંબંધી કુતૂહલનો જેણે અભાવ કર્યો છે) એવા નિજ પરમાત્માને કોઈ આત્મા—ભવ્ય જીવ—જાણે છે.—આમ આ ખરેખર સ્વભાવવાદ છે.'** એ ખરેખર સ્વભાવવાદ છે. આત્મા આત્માને જાણે એ સ્વભાવવાદ છે. આત્મા પરને જાણે એ બધા વ્યવહારવાદ છે. આહાહા..! વાત સાધારણ છે પણ અંદર ગંભીરતા છે. અભ્યાસ, અભ્યાસ નહિ. મૂળ તત્ત્વનો અભ્યાસ ન મળે. ઉપરની વાત જાણવા રોકાય જાય.

**'કુતૂહલનો જેણે અભાવ કર્યો છે એવા નિજ પરમાત્માને કોઈ આત્મા—ભવ્ય જીવ—જાણે છે.—આમ આ ખરેખર સ્વભાવવાદ છે.'** પોતાને જ્ઞાન જ્ઞાન જાણે એ સ્વભાવવાદ છે. આહાહા..! જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વભાવવાદ છે. જ્ઞાન પરને જાણે એ વ્યવહારનયનો

વિષય છે. આહાહા..! **'આનાથી વિપરીત વિતર્ક (-વિચાર) તે ખરેખર વિભાવવાદ છે,...'** આહાહા..! પોતે પોતાને જાણે એ સ્વભાવવાદ છે. એનાથી વિપરીત પરને (જાણે) એ વિભાવવાદ છે. આહાહા..! જાણવામાં આવે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. પણ એ તો અસદ્ભુત વ્યવહારનય છે. પરને જાણે, કેવળજ્ઞાની ત્રણકાળ, ત્રણલોકને જાણે એ અસદ્ભુત વ્યવહારનય છે. સદ્ભુત વ્યવહાર પણ નહિ. આહાહા..! રાગને જાણે, ખ્યાલમાં રાગ આવ્યો એને જાણે એ અસદ્ભુત ઉપચાર નય છે. અને સ્થુળ ઉપયોગ છે તો રાગ તે વખતે જણાય છે, સાથે ન જણાય તેને જાણવું એ અસદ્ભુત અનુપચાર નય છે. આહાહા..! અને એ રાગને જ્ઞાન જાણે એ સદ્ભુત ઉપચાર છે. અને જ્ઞાન આત્મા છે એ સદ્ભુત વ્યવહાર અનુપચાર છે. આહાહા..! આવી વાત. ૧૧મી ગાથામાં વ્યવહાર બધો અભૂતાર્થ કહ્યો. આ અધ્યાત્મનો વ્યવહાર. વસ્તુ વસ્તુ તરીકે છે. એને ભેદ પાડીને કહે કે આત્મા આત્માને જાણે, એનાથી શું સિદ્ધિ છે? એ આપણે 'સમયસાર'માં આવી ગયું. એમાં શું સિદ્ધિ છે? પોતામાં પોતાને જાણે, આત્મા પોતાને જાણે એ પણ સદ્ભુત વ્યવહારનય છે. આહાહા..! ભેદ છે ને? જ્ઞાયક તો જ્ઞાયક છે. આહાહા..! એ નિશ્ચય છે, એ વાસ્તવિક છે. પર્યાય કહે છે.

એ કહે છે. **'એવા નિજ પરમાત્માને કોઈ આત્મા-ભવ્યજીવ—જાણે છે.-આમ આ ખરેખર સ્વભાવવાદ છે. આનાથી વિપરીત વિતર્ક (-વિચાર) તે ખરેખર વિભાવવાદ છે, પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય છે.'** એટલું લીધું. એમ લેશે... ષટ્ખંડાગમ એમ લે છે. પ્રાથમિક શિષ્યનો આ અભિપ્રાય છે કે દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને દેખે(જાણે) એવો પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય છે. એને ગુરુ સમજાવે છે તો એ વાત એને બેસી જાય છે. એવી વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૦૨, ગાથા-૧૭૦, શ્લોક-૨૮૬, સોમવાર, અષાઢ વદ ૯, તા.૪-૦૮-૮૦**

---

'નિયમસાર'. ૧૭૦-ગાથા. એનો બીજો પેરેગ્રાફ. જરીક જ્ઞાનને વર્ણવે છે. આચાર્યે પોતા માટે બનાવ્યું છે ને એટલે એકદમ સ્પષ્ટ બહુ કરે છે. લાગે સાધારણને ઝીણું પણ સ્પષ્ટ બરાબર કરે છે. આ આત્મા.. અજ્ઞાની વિતર્ક કરે છે.

**'તે (વિપરીત વિતર્ક-પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય) ક્યા પ્રકારે છે? (તે આ પ્રકારે છે :-) 'પૂર્વોક્તસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માને આત્મા ખરેખર જાણતો નથી,'...'** આહાહા..! ફક્ત આત્મા આત્મામાં સ્થિર થઈ ગયો. સ્થિર થયા પછી જાણવું ક્યાં રહ્યું? જાણવું અને જાણનારો એમ કે વિકલ્પ છે. તર્ક કરે છે, હોં! વાત ખોટી છે. વ્યવહારવાળો તર્ક કરે છે કે આત્મા પોતામાં સ્થિર થઈ જાય છે પછી વળી જાણવું એવો વિકલ્પ ક્યાં રહ્યો? એમ કહે છે. કહો, આવી વાત પણ...

આચાર્યે પોતાના માટે આ બનાવ્યું છે. એમાં એક એકની સ્પષ્ટ વાત. કેવળજ્ઞાનની પણ સ્પષ્ટ વાત કરે છે. **'પૂર્વોક્તસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માને આત્મા ખરેખર જાણતો નથી, સ્વરૂપમાં અવસ્થિત રહે છે...'** આહાહા..! પરનું તો કરે નહિ, પરથી તો પોતામાં કાંઈ થતું નથી. પણ શિષ્યનો તો પ્રશ્ન એ છે કે આત્મા આત્માને પણ જાણતો નથી. કેમકે આત્મા આત્માને જાણે તો દ્વિવિધ વિકલ્પ ઊઠે. એટલે આત્મા સ્થિર છે એમાં જાણતો નથી. એમ એનો પ્રશ્ન છે. આહાહા..! એ પ્રશ્નમાં તો એમ આવ્યું કે જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતા સિવાય કોઈ બીજી ચીજને અડતો નથી અને કરી શકતો નથી. એ વાત તો બરાબર છે. પણ આત્મા આત્માને સ્થિર થઈને જાણે, આત્મા આત્મામાં સ્થિર થઈને જાણે એ કઈ રીતે? આ પ્રશ્ન છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'! પ્રશ્નનો હેતુ આ છે કે ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા, એ પોતા સિવાય પરનું તો કાંઈ કરે નહિ. એક અક્ષર પણ લખી શકે નહિ. અક્ષર પણ બોલી શકે નહિ. આહાહા..! આ કેવું લાગે માણસને? એ તો સવારમાં આવ્યું હતું, આહાર આત્મા લઈ શકે નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :– એને દેહ જ નથી ને. આત્માને દેહ જ નથી.

ઉત્તર :– પ્રેરક છે પણ .. પ્રેરક પરનું કંઈ કરી શકે એમ નથી.

જેમ ધજા વાયુ પ્રેરક છે. ધજા હોય છે ને ધજા? વાયુ પ્રેરક છે. તોપણ વાયુ એને કાંઈ કરતો નથી. શું કીધું? ધજા છે ને ધજા? આમ જે પવન આવે તો એ પ્રેરક છે. વાયુ પ્રેરક છે. છતાં એ કપડાને હલાવી શકે નહિ. ધર્માસ્તિ આદિ પ્રેરક નથી. પોતે ગતિ કરે તો છે. નિમિત્ત તરીકે છે. નિમિત્તથી થતું નથી. ધર્માસ્તિકાય છે તો આત્મા ગતિ કરે એમ નથી. આહાહા..! ધર્માસ્તિકાયવત્ સર્વ જગતમાં... ધર્માસ્તિકાયવત્ નિમિત્ત કહ્યું છે. 'ઇષ્ટોપદેશ'. 'ઇષ્ટોપદેશ'માં ૩૫મી ગાથા. જગતમાં બધા નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે. અર્થાત્ નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. નિમિત્ત તટસ્થ રહે છે અને દરેક દ્રવ્યનું પોતાની પર્યાયનું કાર્ય પોતાથી થાય છે. એ 'ઇષ્ટોપદેશ'ની ૩૫મી ગાથામાં કહ્યું છે. આહાહા..! આવું સાંભળ્યું ન હોય.

પરમાણુનું કરી શકે નહિ. આ હાથનું કરી શકે નહિ. કર્મ બાંધી શકે નહિ. આત્મા કર્મ બાંધી શકે નહિ, કર્મ તોડી શકે નહિ. કેમકે કર્મ પરમાણુ સ્વતંત્ર (છે). એની પર્યાયમાં કર્મ થવા લાયક હોય તો થાય છે અને કર્મની પર્યાય બદલીને અકર્મરૂપ થવી (હોય તો તે સ્વયં થાય છે). કર્મના નાશનો અર્થ, કાંઈ કર્મનો નાશ નથી થતો. નાશનો અર્થ–અકર્મરૂપ પર્યાય પરિણમે એનું નામ નાશ કર્યો. આહાહા..! વીતરાગ વાણી, દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહિ. આહાહા..! એની એક એક વાતમાં આખું ચૌદ બ્રહ્માંડનું રહસ્ય ભરેલું છે. પણ લોકો વાંચે નહિ અને વાંચીને પણ એમ ને એમ પોતાની દૃષ્ટિ પ્રમાણે દીધે રાખે. એમ ન હોય, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે.

પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ કહે છે કે એ વાયુને પણ પ્રેરક કહેવાય ધજાને પણ છતાં પ્રેરક વાયુને લઈને એ ધજા હલે છે, એમ નથી. આહાહા..! એમ આત્મા પરના કોઈ કાર્યમાં પ્રેરક છે એમ નથી. પણ શિષ્યનો પ્રશ્ન તો એથી વિશેષ છે. પરનો કર્તા અને પ્રેરક તો નથી પણ પોતામાં સ્થિત, પોતે તો પોતાને પણ નથી જાણતો. વળી સ્થિર થવું અને જાણવું એ બે ક્યાંથી આવ્યું? આહાહા..! એ તો આચાર્ય પોતે તર્ક ઉઠાવીને વ્યવહારવાળાને બોલાવે છે. વ્યવહારવાળા આમ બોલે છે. આહાહા..!

**'(-આત્મામાં માત્ર સ્થિત રહે છે). જેવી રીતે ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને (અર્થાત્ અગ્નિને) શું અગ્નિ જાણે છે?'** એ શિષ્યનો પ્રશ્ન છે. ઉષ્ણતાને અગ્નિ જાણે છે? આહાહા..! **'ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને (અર્થાત્ અગ્નિને) શું અગ્નિ જાણે છે?'** શું અગ્નિ પોતાના સ્વરૂપને જાણે છે? **'(નથી જ જાણતો.) તેવી જ રીતે જ્ઞાનજ્ઞેય સંબંધી વિકલ્પના અભાવથી...'** એનો કહેવાનો આશય હવે અહીં છે. આત્મા જ્ઞાન અને પોતાને જાણે જ્ઞેય, બે ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? પૂછનારનું હૃદય આ છે. આચાર્યને આ સ્પષ્ટ કરવું છે કે આ આત્મા જ્ઞાન છે. આપે તો ત્યાં સુધી કહ્યું કે એક રજકણને પણ ગ્રહે નહિ. આહાહા..! રજકણને પણ અડે નહિ. ત્યારે આ જ્ઞાન અને જ્ઞેય બે છે ને? જાણનાર અને જણાય પોતે આત્મા, જાણનાર આત્મા અને જણાય જ્ઞેય આત્મા. એમ બે થયા. **'જ્ઞાનજ્ઞેય સંબંધી વિકલ્પના...'** જ્ઞાન અને જ્ઞેય સંબંધી... આહાહા..! ગજબ વાત છે. ક્યાં લઈ જાય છે! **'અભાવથી આ આત્મા આત્મામાં (માત્ર) સ્થિત રહે છે...'** શિષ્યનો પ્રશ્ન છે વ્યવહારનો. આત્મા તો આત્મામાં સ્થિર (રહે છે), બસ. પરનું કરે નહિ ને પોતાને જાણે નહિ. આહાહા..!

એનો ઉત્તર. **'(ઉપરોક્ત વિતર્કનો ઉત્તર :-) 'હે પ્રાથમિક શિષ્ય! અગ્નિની માફક શું આત્મા અચેતન છે'...'** આહાહા..! પ્રશ્ન શું છે? કે આત્મા પૂર્ણ થઈ જાય છે. સ્થિર સ્થિર (થઈ જાય) પછી વળી પોતાને જાણે એવું ક્યાંથી આવ્યું? એમ કહે છે. છેલ્લી અવસ્થા થઈ. સ્થિર થઈ ગયો, કેવળજ્ઞાન થઈ ગયું. પોતામાં સ્થિર થયો તે પોતે પોતાને જાણે એવા બે ભેદ ક્યાંથી આવ્યા? એમ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! એ વિકલ્પ પણ એને હોતો નથી. એમ કહે છે. શિષ્ય તો પ્રશ્ન કરે છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

અંતર ચૈતન્યની મોટપનો પાર નથી, પ્રભુ! ચૈતન્યમાં અનંત રત્ન ભર્યા છે. ચૈતન્યરત્નાકર. ચૈતન્યરૂપી રત્નોનો આકાર-દરિયો. આહાહા..! પણ એમાં જ્ઞેય, પોતે જ્ઞેય છે એને જ્ઞાન ન જાણે એમ નથી. ભલે જ્ઞાન અને જ્ઞેય એવા બે ભેદ પડ્યા. આહાહા..! પણ ન જાણે એમ નથી. આહાહા..! 'કર્તા-કર્મ અધિકાર'ની ૧૪૨ ગાથા. આત્મા જાણનાર અને આત્મા જાણે પોતાને એમ કરે તો વિકલ્પ થાય છે. એ બીજી ચીજ છે. સમજાણું કાંઈ? એ કહ્યું કે આત્મા પોતાને જાણે, પોતાને જાણે. એ અહીંયાં પહેલા 'સમયસાર'માં પણ આવી ગયું. એ પોતાને જાણે એમાં પણ બે ભેદ પડ્યા. એ તો જ્ઞાયક તે જ્ઞાયક

જ છે. આહાહા..! આવી ગયું, આવી ગયું ને. અને ત્યાં પણ ગાથા લીધી કે આત્મા જાણનાર-દેખનાર છે એ પણ સદ્ભુત વ્યવહારનય થયો. વ્યવહારનય થયો. આહાહા..! હજી આ તો બહારના વ્યવહારમાં રોકાયો. પરનું કરું, દયા પાળું, વ્રત કરું, આ કરું ને આ કરું. આહાહા..! અહીંયાં તો કહે છે કે પોતાના સ્વરૂપમાં સ્થિર થયો અને પોતાને જાણે એમ ક્યાંથી થયું? એવો શિષ્યનો પ્રશ્ન છે.

કહ્યું કે, ભાઈ! **'અગ્નિની માફક શું આત્મા અચેતન છે...'** અગ્નિ તો અચેતન છે. આત્મા શું અચેતન છે **'(કે જેથી તે પોતાને ન જાણે)?'** આહાહા..! અહીં તો જાણવું... જાણવું.. જાણવું.. જાણવું... પરને, સ્વને જાણવા સિવાય કોઈ વાત આત્મામાં નથી. આહાહા..! 'હસમુખભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી. ત્યાં તમારા ચોપડામાં કાંઈ ન મળે. પુસ્તક રાખ્યા હોય તો વાંચ્યા ન હોય. વાંચે તો સમજે નહિ પાછા. સમજાય છે?

મુમુક્ષુ :– મહેનત કરે તો સમજાય.

ઉત્તર :– ઓલા પથરા મૂકીને નવરા થાય ત્યારે ને? એની ક્યાં વાત છે? આ અમારે 'મનસુખ', ચોખાની ગુણીના ઢગલા કર્યા છે મકાનમાં. મકાનમાં જતા હતા ને તો ગુણીની ગુણી ભરી છે. આહાહા..! આમાંથી નવરો ક્યારે થાય?

અહીંયાં તો ત્યાં સુધી પ્રશ્ન કર્યો, શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકીને એનો ખુલાસો કરે છે. કે આત્મા પોતાને જાણે છે? નહિ. સ્થિર થાય છે. તો ઉત્તર કહે છે કે, ભાઈ! જ્ઞાન છે એ જેમ અગ્નિ અગ્નિને ન જાણે. અગ્નિમાં જ્ઞાન નથી. એમ શું આત્મામાં જ્ઞાન નથી? આહાહા..! છે? અગ્નિ ન જાણે. **'વધારે શું કહેવું? (સંક્ષેપમાં,) જો તે આત્માને જ્ઞાન ન જાણે તો તે જ્ઞાન, દેવદત્ત વિનાની કુહાડીની માફક,...'** આહાહા..! શું કહ્યું? દૃષ્ટાંત છે, હોં! કુહાડીથી કરી શકે છે એ પ્રશ્ન અહીં નથી. આ તો દૃષ્ટાંત આપીને સમજાવે છે. કુહાડીને તો એ કુહાડીવાળો અડતો નથી અને હલાવી શકતો નથી. પણ અહીં તો દૃષ્ટાંત આપીને એમાંથી ન્યાય બતાવવો છે. એટલે આ વળી આમ કહે કે જુઓ! એકકોર ના પાડે છે કે પરનું કોઈ કરે નહિ અને અહીં કુહાડીથી કાપે. ભાઈ! સાંભળને, ભગવાન! તારા સ્વરૂપની બલિહારી છે, બાપુ!

તું તારા સ્વરૂપમાં સ્થિર રહે છતાં પોતાને જાણ્યા વિના રહે નહિ અને છતાં વિકલ્પ થાય નહિ. રાગ-વિકલ્પ થાય નહિ એવું તારું સ્વરૂપ છે, પ્રભુ! આહાહા..! પોતામાં સ્થિર રહે અને પોતાને જાણે એમ કેમ બને? કેમ બને શું? એમાં એવો સ્વભાવ છે. પોતે સ્થિર પણ રહે અને પોતાને જાણે. જાણનારી ચીજ છે. અગ્નિ કોઈ જાણનાર ચીજ નથી. આહાહા..! ક્યાં લઈ ગયા વાત! સાધારણ માણસને તો બિચારાને.. એકડાની હજી ખબર ન હોય. આ તો મોટી.. એલ.એલ.બી. અને એમ. એ.ની વાત કરે. એમ લાગે અંદરથી. તત્ત્વની શરૂઆત અહીંથી છે.

નવ તત્ત્વમાં જીવતત્ત્વ જે છે એ પુણ્ય-પાપ, આસ્રવ અને બંધતત્ત્વરૂપ નથી. નહિતર ભેદ પડે નહિ. પણ એ જ્ઞાયકતત્ત્વ છે તો સંવર, નિર્જરા, મોક્ષરૂપ પણ નથી. કારણ કે એ પર્યાય ભિન્ન છે. આહાહા..! પર્યાયમાં દ્રવ્ય આવતું નથી અને પર્યાય દ્રવ્યને અડતી નથી. જરી ઝીણી વાત પડે, પ્રભુ! પરને તો અડે નહિ. પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યની અપેક્ષા વિના ષટ્કારકથી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી દરેક દ્રવ્યની પર્યાય ષટ્કારકથી પોતાથી થાય છે. આહાહા..! તો એ સમયે કર્તા આત્મા સ્થિર થઈને કર્મ જાણવાનું કાર્ય તો કરે જ છે. આહાહા..! પર્યાયની વાત છે ને? ધ્રુવમાં ક્યાં છે? ધ્રુવમાં ક્યાં કરવાનું છે? ધ્રુવ તો ધ્રુવ છે. એ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવ છે. એમાં તો પલટવું, બદલવું થતું નથી. પર્યાયમાં સ્થિર રહે અને જાણે એ બે સ્વભાવ પર્યાયના છે. આહાહા..!

મુમુક્ષુ :- બેય કાર્ય કરે છે ?

ઉત્તર :- બેય કાર્ય જુદા છે. આહાહા..!

આમ આવું કહીને શું કહેતા હશે? એમ કહે છે, પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો ને. તારામાં સ્થિર થઈશ તોપણ તને જાણવું ખૂટતું નથી. આહાહા..! તારો સ્વભાવ જ્ઞાન છે. કોઈને કરવું અને કોઈને અડવું એ તો તારા સ્વરૂપમાં નથી. પણ તને જાણવું નથી એમ નથી. આહાહા..! એમ લીધું છે. બહુ નિકાલ કરતા કરતા તો શિષ્ય કહે, પોતામાં સ્થિત થાય તો પોતાને જાણતો પણ નથી. કારણ કે બે ભેદ થઈ ગયા. જ્ઞેય અને જ્ઞાયક આવ્યું ને? અંદર આવ્યું ને?

**'અર્થક્રિયાકારી ન ઠરે,...'** નીચે અર્થ. **'અર્થક્રિયાકારી = પ્રયોજનભૂત....'** અર્થ એટલે પ્રયોજનભૂત **'ક્રિયા કરનારું. (જેમ દેવદત્ત વગરની એકલી કુહાડી અર્થક્રિયા—કાપવાની ક્રિયા—કરતી નથી,...'** એવી શંકા ન કરવી કે એક બાજુ કાંઈ કરી શકે નહિ અને વળી આ કુહાડીથી કાપે. એ તો દૃષ્ટાંત છે. **'કુહાડી અર્થક્રિયા—કાપવાની ક્રિયા—કરતી નથી, તેમ જો જ્ઞાન આત્માને જાણતું ન હોય તો જ્ઞાને પણ અર્થક્રિયા—જાણવાની ક્રિયા—ન કરી; તેથી જેમ અર્થક્રિયાશૂન્ય...'** પ્રયોજનભૂત જાણનાર શૂન્ય. **'કુહાડી દેવદત્તથી ભિન્ન છે તેમ અર્થક્રિયાશૂન્ય જ્ઞાન આત્માથી ભિન્ન હોવું જોઈએ!'** જ્ઞાન અને આત્મા ભિન્ન હોવા જોઈએ. આહાહા..! કેટલી વાત કહી છે. આહાહા..! એ તો બહારની પ્રવૃત્તિનું અભિમાન છોડતો નથી. આ કર્યું, મેં આ કર્યું, મેં પુસ્તક બનાવ્યું, મેં ૨૬ લાખનું મકાન બનાવ્યું. કોણ બનાવે? પ્રભુ! એ તો પરમાણુની પર્યાય એ સમયે થવાની છે એને કડિયાએ કરી નહિ, 'રામજીભાઈ'એ કરી નહિ, અમારે 'વજુભાઈ'એ કરી નથી. આહાહા..! એ તો એ સમયે એ પર્યાય થવાની હતી. આહાહા..! કોઈ પૈસા આપવાવાળાએ કરી નથી. આહાહા..!

પરનું કાંઈ કરે નહિ તો સ્થિર થવામાં પોતાને ન જાણે એમા શું? એવો શિષ્યનો પ્રશ્ન છે. ઉત્તર આપ્યો કે એ તો સ્વરૂપથી વિરૂદ્ધ છે. અગ્નિ ઉષ્ણતાને જાણે નહિ. એ

તો જડ છે. એ જ પ્રકારે જ્ઞાન આત્માને જાણે જ છે. જ્ઞાન તો આત્માને જાણે જ છે. આહાહા..! અર્થક્રિયા છે. જ્ઞાનની પ્રયોજનભૂત ક્રિયા એ જાણવું છે. આહાહા..! આત્મા આત્માને જાણે એવો વિકલ્પ કેમ કરે છે? કે વિકલ્પ નહિ, એ સ્વરૂપ છે. આત્મા પોતાને જાણે એવું એનું સ્વરૂપ છે.

બીજી લીટી. જ્ઞાન ને જ્ઞેય સંબંધી વિકલ્પ. ઉપરની લીટીમાં. આત્મા જ્ઞાન અને પોતાને જાણે એવો વિકલ્પ એમાં નથી. એ તો એનો સ્વભાવ જ છે. આહાહા..! જાણવું એ એક જ આત્માનો સ્વભાવ છે. પંચમહાવ્રતને પાળવા, પરની દયા પાળવી, પરોપકારના કામ કરવા, પાંજરાપોળ બનાવવી એ કાંઈ કરી શકતો નથી. એ કાંઈ કરી શકતો નથી એમ પોતાને જાણતો નથી, એમ નથી. અંદર સ્થિર થયો તો પોતાને જાણીને સ્થિર છે. પોતાને બરાબર જાણે છે. સમજાણું કાંઈ? તેથી આત્માથી ભિન્ન સિદ્ધ થઈ ગયું.

'**(અર્થાત્ જ્ઞાન ને આત્માની સર્વથા ભિન્નતા તો)...**' જ્ઞાન ને આત્મા ભિન્ન હોય તો જ્ઞાન ન જાણે. પણ અહીં તો અભિન્ન છે. '**ખરેખર સ્વભાવવાદીઓને સંમત નથી.**' આહાહા..! જ્ઞાન આત્મા આત્મામાં સ્થિર વીતરાગ થઈ જાય અને જાણે નહિ, એ સ્વભાવવાદીઓને સંમત નથી. સ્વભાવવાદી ઠરાવ્યું. આહાહા..! સ્વભાવ પોતાનો જ્ઞાન છે. એ જ્ઞાન જ્ઞાનને જાણે. ન જાણે એ સ્વભાવવાદીઓને માન્ય નથી. આહાહા..! આવી વાત હવે. એમાં આખો દિ' ઇચ્છામી... આહાહા..! પડિક્કમણા કરવા ને, નિર્દોષ આહાર લેવો, સદોષ (આહાર) છોડવા. અરે..! પ્રભુ! એ વ્યવહારથી કથનશૈલી આવે. પણ એ બધું જાણવાલાયક છે. આત્મા જાણવા સિવાય કાંઈ કરતો નથી. આહાહા..! ગમે તેટલા જીનના મોટા વેપાર હોય મીલના, એક તણખલું પણ ફેરવી શકે નહિ. પણ એ પરને ફેરવી શકે નહિ તો પોતામાં સ્થિર થઈને પોતાને જાણે નહિ, એમ નથી. પોતાને જાણે. જ્ઞાતા સ્થિર થઈ આનંદમાં, આનંદમાં સ્થિર થઈને પોતાને–જ્ઞેયને જાણે. જ્ઞાતા પોતાના જ્ઞેયને જાણે. જ્ઞાતા જ્ઞેયને જાણે માટે વિકલ્પ ઉઠે છે, એમ નથી. સમજાણું કાંઈ?

'**ખરેખર સ્વભાવવાદીઓને સંમત નથી. (માટે નક્કી કર કે જ્ઞાન આત્માને જાણે છે.)**' નિર્ણય કર. આત્મા જ્ઞાનને જ્ઞાનથી જાણે છે. સ્થિર થઈને પણ જાણે છે, કેવળજ્ઞાન થતાં પણ જાણે. આહાહા..! પોતાને જાણ્યા વિના રહેતું નથી. જાણવાનો એનો સ્વભાવ છે. સ્વભાવવાદીઓને એ માન્ય નથી કે પોતે પોતાને ન જાણે. જેણે સ્વભાવ માન્યો, ભગવાનઆત્માનું જ્ઞાન સ્વરૂપ, સ્વભાવ (છે) એમ જેણે માન્યું એને તો જ્ઞાન જ્ઞેયને જાણે છે. વિકલ્પ વિના જાણે છે. ભેદ હોવા છતાં પણ વિકલ્પ ઉઠતો નથી. આહાહા..!

કર્તા કર્મમાં તો ત્યાં સુધી કહ્યું છે કે હું જ્ઞાયક છું એ પણ વિકલ્પ છે. ૧૪૨ (ગાથા). આહાહા..! હું જ્ઞાયક છું, એવો વિકલ્પ રાગ છે ત્યાં સુધી તને શું લાભ છે? આહાહા..! કર્તા-કર્મમાં એ લીધું છે. ૧૪૨ ગાથા. હું જ્ઞાયક છું એવો વિકલ્પ કરવાથી તને શું લાભ

છે? આહાહા..! જ્ઞાયક સ્વને જાણું છું, એનાથી પણ તને શો લાભ છે? ભેદ થયો. એ ભેદ અહીં સિદ્ધ કરે છે. આહાહા..! કઈ અપેક્ષાએ કહ્યું છે? ત્યાં કર્તા-કર્મમાં ના પાડતા હતા. આત્મા આત્માને જાણે એ વિકલ્પ છે, રાગ છે. સદ્ભુત વ્યવહારનયનો વિકલ્પ છે. આહાહા..! નિશ્ચયનય પણ નહિ. અહીંયાં (શિષ્ય) કહે છે, જાણતો નથી. તો આ કહે છે, જાણ્યા વિના રહેતો નથી. આહાહા..! જ્ઞાન આત્માને જાણે છે.

**'એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૧૭૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**ज्ञानस्वभावः स्यादात्मा स्वभाववाप्तिरच्युतिः**
**तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम् ।**

**શ્લોકાર્થ :– 'આત્મા જ્ઞાનસ્વભાવ છે; સ્વભાવની પ્રાપ્તિ...'** આહાહા..! **'તે અચ્યુતિ (અવિનાશી દશા) છે;...'** પોતાનો જ્ઞાનસ્વભાવ આત્મા પોતાને જાણે એ અવિનાશી વસ્તુ છે. આહાહા..! આ દયા, દાનનો રાગ આવે છે, એને જ્ઞાન જાણે એ પણ નિશ્ચય નથી. એ સદ્ભુત વ્યવહારનય છે, સદ્ભુત ઉપચાર વ્યવહારનય છે. આહાહા..! શું કહ્યું? અંદર વ્યવહારત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સમકિત સહિત. સમકિત વિના વ્યવહાર હોય નહિ. સમ્યક્ અનુભવ સહિત જેને વ્યવહાર છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ, એને જાણે એ પણ સદ્ભુત ઉપચાર વ્યવહારનય છે. નિશ્ચય નહિ.

અહીં કહે છે કે જ્ઞાન પોતાને જાણે એ નિશ્ચય છે. કઈ અપેક્ષાએ કીધું? સમજાણું કાંઈ? અહીં કહે છે કે જ્ઞાન પોતાને જાણે. ત્યાં કર્તા-કર્મમાં લીધું કે આત્મા આત્માને જાણે એ પણ ભેદ છે. વ્યવહારનયથી તને શું પ્રયોજન છે? ત્યાં એમ કીધું. આહાહા..! બહુ ઝીણી વાત છે, બાપુ! આ તો વીતરાગના ઘરની વાત છે. સૂક્ષ્મ તો પડે એને. કેમકે એ વાત ચાલતી નથી. બહારમાં આ પ્રવૃત્તિ કરો ને આ કરો ને આ કરો, આ છોડો, આ કરો. કંઈ કરવું ને છોડવું આત્મામાં છે જ નહિ. આહાહા..! જ્ઞાન છે, જ્ઞાન.

**'માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને)...'** ઇચ્છનાર જીવને જેને શાશ્વત, આત્માની શાશ્વતદશા, મોક્ષદશા **'ઇચ્છનાર જીવે જ્ઞાનની ભાવના ભાવવી.'** જ્ઞાનની ભાવના ભાવવી જોઈએ. કોઈ દયા, દાન, વ્રત વ્યવહાર કરવો જોઈએ એમ નહિ. આહાહા..! ભાવનાનો અર્થ એકાગ્રતા છે. ભાવનાનો અર્થ વિકલ્પ નથી. **'માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને) ઇચ્છનાર જીવે...'** મોક્ષને ઇચ્છનાર જીવે **'જ્ઞાનની ભાવના...'** (ભાવવી) આહાહા..! હું તો જ્ઞાન છું. સર્વને જાણવું એમ કહેવું એ પણ મારો સ્વભાવ છે. પરને જાણે માટે વ્યવહાર થયો એમ પણ નથી. હું તો જાણનાર છું. એવી ભાવના ભાવવી જોઈએ. એવી ભાવના કરવી જોઈએ. આટલું બધું કરવાનું મૂકીને આ કરવું એકલું? આખો દિ' બહારની કડાકૂટમાં પડે છે.

આચાર્ય મહારાજ કહે છે, જેને મોક્ષની અભિલાષા છે, અવિનાશી દશાની ભાવના છે એ જ્ઞાનની ભાવના કરે. હું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છું. એની ભાવના એકાગ્રતા (કરે). બીજી વાત છોડી દે. આહાહા..! વ્યવહારરત્નત્રય વચ્ચે આવે છે. પણ એને પણ જાણવું એ વ્યવહારનો ઉપચાર છે. શું કીધું? પોતાને જાણીને અનુભવમાં રહે અને વ્યવહારરત્નત્રય જણાયો તો વ્યવહારરત્નત્રયને જાણ્યો, એ પણ એક સદ્‌ભુત ઉપચાર છે. કેમકે જાણનારી પર્યાય પોતાની છે તો સદ્‌ભુત છે અને પોતાની ચીજ નથી માટે ઉપચાર છે. અને ભેદ પડ્યો માટે વ્યવહાર છે. આહાહા..! હવે આવી વાતું! આચાર્ય મહારાજે પોતાના માટે આ બનાવ્યું છે. મારી ભાવના માટે મેં આ બનાવ્યું છે. એમાં આ ચીજ છે. લોકોને એમાંથી ઘણું મળે એવી ચીજ છે. આહાહા..!

**'માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને)...'** એટલે મોક્ષ. મોક્ષ દશાને **'ઇચ્છનાર જીવે જ્ઞાનની ભાવના ભાવવી.'** જીવ તો જ્ઞાનસ્વરૂપ છે માટે જ્ઞાનની ભાવના ભાવવી જોઈએ. સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર ત્રણેય જ્ઞાનની પર્યાય છે. ભલે દર્શનની પર્યાય છે પણ એ પણ જ્ઞાન.. જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્યદળ અનંતગુણનો પિંડ રસ... આહાહા..! ... .. બનાવે છે ને? કોળા-કોળા. કોળાની વેલ છે એ પાતળી છે. કોળાની વેલ પાતળી છે અને પાકે પોણા મણનું. હિન્દુસ્તાનમાં તો એની ખેતી કરે છે. જોયું છે. આહાહા..!

એમ ભગવાન શરીર પ્રમાણે છે પણ એની મહિમા અને જ્ઞાન ને આનંદ અનંત... અનંત... અનંત છે. જ્ઞાન અનંત, દર્શન અનંત, શાંતિ અનંત, વીર્ય અનંત, પ્રભુતા અનંત, સ્વચ્છતા અનંત, કર્તા અનંત, કર્મ અનંત, કરણ અનંત, શાંતિ અનંત, પ્રભુતા અનંત. આહાહા..! અને એ પણ એક ગુણમાં જે ભાવ છે, એ ગુણમાં અનંત ગુણના જે ભાવ છે એનું એક ગુણમાં રૂપ છે. શું કીધું?

એક ગુણમાં બધા ગુણનું રૂપ છે. જેમ જ્ઞાન જાણે છે પણ જાણે છે અને અસ્તિત્વગુણ ભિન્ન છે. છતાં જ્ઞાન છે એવું અસ્તિત્વનું રૂપ જ્ઞાનમાં પણ છે. જ્ઞાન છે એ અસ્તિત્વ આવ્યું. આહાહા..! અસ્તિત્વ ગુણ એમાં ન આવ્યો પણ અસ્તિત્વનું રૂપ આવ્યું. જ્ઞાન છે. આહાહા..! વીતરાગની વાતું જુદી જાતની છે, ભાઈ! આહાહા..! બહુ પરિચય જોઈએ. અભ્યાસ જોઈએ થોડો.

અનંતકાળથી રખડે છે. ચોર્યાશીના અવતારમાં ક્યાંય પતો નથી. ક્યાં પાછો અહીંથી જશે એનો એણે નિર્ણય કરવો પડશે. આહાહા..! દેહ તો છૂટી જશે. આની તો મુદત છે. પછી સત્તા તો આત્માની રહેનારી છે. પોતાનું અસ્તિત્વ તો રહેશે. તો અસ્તિત્વ ક્યાં રહેશે? અહીંથી બીજે જવાનું છે. આહાહા..! જો સાચું જ્ઞાન, સાચું દર્શન, સાચા ચરિત્રાદિ (પ્રગટ કર્યા હશે) તો એ મોક્ષમાર્ગમાં જશે. આહાહા..! અને આ મોક્ષમાર્ગ સિવાય રાગ-દ્વેષાદિ કરે... આહાહા..! એકલો રાગ, ક્રોધ, માન, માયા, સૂક્ષ્મ છે, ભાઈ! રાગની વાત બહુ સૂક્ષ્મ

છે. દ્વેષ સૂક્ષ્મ છે, ક્રોધ-માન-માયા સૂક્ષ્મ છે. સૂક્ષ્મ શલ્ય જો રહી જાય તો મરીને તિર્યંચ-પશુ થશે. કેમકે સીધો માર્ગ ગ્રહણ નથી કર્યો. આડો માર્ગ પકડ્યો. મનુષ્ય આમ સીધા છે. પશુ આડા છે. આડો કષાયનો માર્ગ ગ્રહણ કર્યો તો એ રસ્તે પશુ થશે. આહાહા..!

મુમુક્ષુ :– આ બધા પૈસાદાર પશુ જ બનવાના?

ઉત્તર :– પૈસાદાર ધૂળમાં પણ નથી. પૈસાદાર હતો કે દિ'? એ તો અમારા ભાઈને કહ્યું હતું. 'મનસુખ'નો બાપ. ભાઈ જ થાય ને? અમારા ફઈના દીકરા થતા હતા. ફઈના દીકરા. 'ઉગામેડી'. કીધું, બહુ આ આખો દિ' મહેનત કરો છો. ગામમાં સાધુ આવે તો સામું જોવે નહિ. રાતે જાય. ઓલા સાધુ સવારે આઠ વાગે (આવે). આ બાર કલાક સુધી સામું જોવે નહિ. શેની માંડી છે? શું કર્યું છે આ તેં? ક્યાં જાવું છે? કીધું. પશુ થઈશ યાદ રાખજે. એય..! 'મનસુખ'! (સંવત) ૧૯૬૪ની સાલ. તારા જન્મ પહેલા. તારો જન્મ (સંવત) ૧૯૭૪. આ તો ૬૪ની સાલ. ૮ વર્ષ પહેલા. આહાહા..! આખો દિ' માયા, લોભ, રાગ, ઇચ્છા એનું જ ઘુંટણ. પ્રભુ! તારે ક્યાં જાવું છે? આહાહા..! ઇચ્છાના અસંખ્ય પ્રકાર. અને ઇચ્છા એ લોભ છે. લોભ એ રાગ છે. આહાહા..! એ અસંખ્ય પ્રકારના રાગના સેવનમાં પ્રભુ કહે છે કે આડો થઈ જઈશ. વર્તમાનમાં આડાઈ કરીને? પશુ આડા હોય. ગાય, ભેંસ, વીંછી આમ આડા હોય, સીધા નથી. ઓહોહો..! 'ગોમ્મટસાર'માં પાઠ છે. 'ગોમ્મટસાર'માં. પ્રભુ! આવો અવતાર ન જો. આહાહા..!

અહીં તો એ ત્યાં સુધી લઈ જાય છે કે મોક્ષને ઇચ્છનાર. આહાહા..! અચ્યુતિ અવિનાશી પદવી પ્રાપ્ત થઈ તો ત્યાંથી ચળવું થતું નથી. આહાહા..! એવી મોક્ષ દશા પામવા જ્ઞાનની ભાવના ભાવવી જોઈએ. જ્ઞાન એટલે આત્મા. આહાહા..! આ બધું આખો દિ' આ કરવું... કરવું... કરવું... જ્ઞાનની ભાવના ક્યારે કરવી? આહાહા..! ભાઈ! માર્ગ કોઈ જુદો છે. વીતરાગનો માર્ગ દુનિયાની સાથે સિફારિશ ચાલે એવી નથી. કુદરતમાં કોઈની સિફારિશ.. સિફારિશને શું કહે છે?

જે સ્વભાવ જે રીતે હોય છે એ પ્રમાણે જો ન માને અને એથી વિપરીત કર્યું તો ચાર ગતિમાં રખડશે. આહાહા..! આ જ્ઞાનની ભાવના કરવાથી મોક્ષ મળશે. આહાહા..! કાંઈ કરવા-ફરવાની વાત નથી. હું બીજાને ભણાવું અને પુસ્તક બનાવું ને. ભાઈ નથી આવ્યા? 'હીરાલાલ' નથી આવ્યા? 'હીરાલાલ'. હિન્દુસ્તાનમાં છ હજાર મંદિર છે. છ હજાર દિગંબર મંદિર. એ બધા મંદિરમાં એક એક પુસ્તક ભેટ આપવાનું છે. છ હજાર પુસ્તક ભેટ આપવાના છે. આખા હિન્દુસ્તાનમાં એક એક એક. ન માને એને આપે છે. મંદિરમાં રાખવું. 'બહેન'નું પુસ્તક. 'બહેન'નું પુસ્તક બહુ અલૌકિક છે. એના અર્થ ઝીણા બહુ છે. આહાહા..!

અહીં કહે છે, જીવને મોક્ષની ઇચ્છા હોય એને જ્ઞાનની ભાવના ભાવવી જોઈએ. કાંઈ એમ ન કહ્યું કે આમ ભણવું કે છ દ્રવ્યને જાણવા. આ જ્ઞાનમાં બધું જ્ઞાન આવી જાય

છે. પોતાનું જ્ઞાન થયું ત્યાં જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એમાં બધું આવી જાય છે. આહાહા..! આચાર્ય મહારાજ પોકાર કરે છે. કળશ છે ને? 'પદ્મપ્રભમલધારિદેવ'. જ્ઞાનની ભાવના... ઘણું લીધું. ઓહોહો..! હું તો જ્ઞાનસ્વરૂપી છું. કોઈ ચીજને કરવી, ફરવી, છોડવી, રાખવી, રક્ષા કરવી એ મારા અધિકારની વાત નથી. આહાહા..! તો પછી આ બાયડી, છોકરા, કુટુંબને ક્યાં મૂકવા? આહાહા..!

મુમુક્ષુ :– બાયડી, છોકરા ક્યાં આડા આવ્યા? પોતાનો રાગ આડો આવે.

ઉત્તર :– એ પર સંયોગ ક્યાં નડે છે? રાગ નડે છે. નારકીમાં પણ નારકીને જે પ્રતિકૂળતા છે એનું દુઃખ નથી, સંયોગનું દુઃખ કોઈને નથી. સંયોગ ઉપર લક્ષ જતાં રાગ થાય તેનું દુઃખ છે. સમજાણું કાંઈ? ત્યાં લોઢું અડે તો એનું દુઃખ નથી. એના તરફ લક્ષ જાય અહંહં... (થાય છે) એનું દુઃખ છે. આહાહા..! ગજબ વાત છે. વીતરાગની વાત જગતથી જુદી જાત છે. આહાહા..! ઘણ પડે માથે એનું દુઃખ નથી. ફક્ત એ તરફ લક્ષ જતાં ઠીક નથી, અઠીક છે, એવો દ્વેષ કરે છે એનું દુઃખ છે. કેમકે ઘણ મારે તો ઘણ તો માથાને અડતો પણ નથી. આહાહા..! આ વીતરાગ ત્રણલોકના નાથની વાણી.

અહીં તો ભાર ક્યાં છે? કે **'જીવે જ્ઞાનની ભાવના ભાવવી.'** જોઈએ. બધું છોડીને. ગમે તેટલું જાણપણું થયું. પણ એ અંતર વસ્તુ ભગવાન જ્ઞાનસ્વભાવ, સ્વભાવ, હોં! આ ધાર્યું એ નહિ. અગિયાર અંગની ધારણા કરી એ પણ નહિ. એ તો બહારથી. સાંભળીને અગિયાર અંગનું જ્ઞાન થયું એ પણ બંધનું કારણ છે. આહાહા..! પોતાનું જે અબંધસ્વરૂપ, પ્રભુ! જ્ઞાન જે અબંધસ્વરૂપ અંદર ત્રિકાળ છે, જે ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. શુદ્ધ પારિણામિક પરમભાવરૂપ નિજ પરમદ્રવ્ય છે એની ભાવના ભાવવી. આહાહા..! અહીં લાવીને મૂક્યું. કોઈ દિ' વાત કરી નહિ. આહાહા..!

**'વળી (આ ૧૭૦મી ગાથાની ટીકાના કળશરૂપે ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'**

## શ્લોક–૨૮૬

**तथा हि -**

(मंदाक्रांता)

**ज्ञानं तावद्भवति सुतरां शुद्धजीवस्वरूपं**
**स्वात्मात्मानं नियतमधुना तेन जानाति चैकम्।**
**तच्च ज्ञानं स्फुटितसहजावस्थयात्मानमारात्**
**नो जानाति स्फुटमविचलाद्भिन्नमात्मस्वरूपात्।।२८६।।**

तथा चोक्तंम -

णाणं अव्विदिरित्तं जीवादो तेण अप्पगं मुणइ।
जदि अप्पगं ण जाणइ भिण्णं तं होदि जीवादो।।

[શ્લોકાર્થ :–] જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે; તેથી (અમારો) નિજ આત્મા હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે. અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે! ૨૮૬.

વળી એવી રીતે (અન્યત્ર ગાથા દ્વારા) કહ્યું છે કે :–

"[ગાથાર્થ :–] જ્ઞાન જીવથી અભિન્ન છે તેથી તે આત્માને જાણે છે; જો જ્ઞાન આત્માને ન જાણે તો તે જીવથી ભિન્ન ઠરે!"

## શ્લોક–૨૮૬ ઉપર પ્રવચન

કેટલામો? ૨૮૬?

ज्ञानं तावद्भवति सुतरां शुद्धजीवस्वरूपं
स्वात्मात्मानं नियतमधुना तेन जानाति चैकम्।
तच्च ज्ञानं स्फुटितसहजावस्थयात्मानमारात्
नो जानाति स्फुटमविचलाद्भिन्नमात्मस्वरूपात्।।२८६।।

**શ્લોકાર્થ :– 'જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે;...'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર પરમાત્મા. આત્મા પરમાત્મા જ છે, પરમેશ્વર છે. એ જ્ઞાનસ્વભાવથી બરાબર શુદ્ધ જીવ સ્વરૂપ છે. એ જ્ઞાન જાણવું.. જાણવું... જાણવું પોતાને એ એનું સ્વરૂપ છે. જાણવા સિવાય બીજું કોઈ પોતાનું સ્વરૂપ છે નહિ. **'જ્ઞાન તો બરાબર શુદ્ધ જીવનું સ્વરૂપ છે; તેથી (અમારો) નિજ આત્મા હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે.'** આહાહા..! મુનિરાજ કહે છે. સાધકદશા છે તો પોતાના આત્માને જ જાણે છે. સ્થિર થાય છે એને જાણે છે. આહાહા..!

**'અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે...'** આહાહા..! આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એ સીધું પોતાનું જ્ઞાન, પરની અપેક્ષા વિના એ જ્ઞાન જ્ઞાનને જો ન જાણે **'તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે!'** એને મુક્તિ સિદ્ધ નહિ થાય, ચાર ગતિ સિદ્ધ થશે. આહાહા..! એકવાર તો આમ

ઢીલો પાડી દે એવું છે. પૈસાની હોંશ ને આબરૂની હોંશ... આહાહા..! 'નાઈરોબી'માં કહ્યું ને? સાડા ચારસો તો કરોડપતિ છે. હમણાં ગયા હતા ને? સાડા ચારસો!

મુમુક્ષુ :– આવી વાત કરો આપ તો અમને મીઠી બહુ લાગે.

ઉત્તર :– ધૂળમાં મીઠું નથી. બધાને .. અને પંદર તો અબજપતિ. પંદર અબજપતિ. એક અબજપતિ વ્યાખ્યાનમાં આવતા હતા. અહીં તો આ વાત છે, બાપુ! આ બધું હા, હો ને પચ્ચીસ લાખના મકાન કરે, મંદિર કરે માટે ધર્મ થશે. એમ નથી. અહીં તો ચોખ્ખી વાત છે. ૬૦ લાખ ભેગા કર્યા હતા. પંદર લાખ પહેલા કર્યા હતા. પણ અમે ગયા પછી ૨૬ દિવસમાં ૪૫ લાખ ભેગા કર્યા. ૬૦ લાખ રૂપિયા. ત્યાં તો કરોડોપતિ છે ને? આવું પચ્ચીસ લાખનું મંદિરનું મકાન બનાવે, એ આત્મા બનાવી શકે, આત્મા એ મંદિર બનાવી શકે એમ તો નથી. બનાવવાનો ભાવ છે, શુભભાવ એ પુણ્ય છે. બંધનનું કારણ છે. આહાહા..! છતાં આવ્યા વિના રહે નહિ. વ્યવહાર આવે છે. ભક્તિ, પૂજા, દયા, દાનના શુભભાવ આવે છે, પણ છે બંધનું કારણ. આહાહા..! પૈસા ખર્ચ્યા માટે મોક્ષ નજીક થઈ જશે, તો ગરીબ માણસને રોવું પડે.

અહીંયાં તો આત્મા અહીં ઋદ્ધિ પડી છે તારી પાસે. ગરીબ અને તવંગર બધા પાસે આત્મા પડ્યો છે. છે એની ભાવના કરવાની છે. આહાહા..! છે? **'અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે તો તે જ્ઞાન અવિચળ..'** એટલે મોક્ષ. **'આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે!'** અવિચળ દશાથી તો ભિન્ન રહેશે, પોતાના સ્વરૂપમાં નહિ રહે. આહાહા..! બહુ ઝીણી વાત આવી છે. થોડું ન સમજાય તો રાત્રે પ્રશ્ન કરવા. જ્ઞાન પરને જાણે એ તો વ્યવહાર પણ પોતાને જાણે એ નિશ્ચય છે. આહાહા..! ન જાણે એમ નહિ. ભગવાન ચૈતન્યસૂર્ય, ચૈતન્યપ્રકાશનો દરિયો, ચૈતન્યપ્રકાશનો દરિયો છે–સાગર છે. એનું ધ્યાન કર, એની ભાવના કર, એ મોક્ષનું કારણ છે, બીજું કોઈ કારણ છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૦૩, ગાથા–૧૭૧, શ્લોક–૨૮૬-૨૮૭, મંગળવાર, અષાઢ વદ- ૧૦, તા.૦૫-૦૮-૮૦

---

'નિયમસાર' ૨૮૬ કળશ છે ને? ૨૮૬-કળશ. આચાર્યે પોતે પોતા માટે બનાવ્યું છે. પોતા માટે બનાવ્યું છે. એ સારમાં સાર છેલ્લે (કહે છે), **'જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે;...'** છે? જ્ઞાન જાણનસ્વરૂપ એ તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે. આહાહા..! કરવાનું આ છે. લાખ વાતની વાત પણ કરવાનું તો આ છે. શુદ્ધજીવનું સ્વરૂપ, એનો અનુભવ.

અહીં તો આચાર્ય એમ કહે છે કે, આ મુનિ છે. **'તેથી (અમારો) નિજ આત્મા...'** કેમકે **'જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે; તેથી...'** આહાહા..! જ્ઞાન જાણનસ્વભાવ છે

ભગવાન ચૈતન્ય બરાબર શુદ્ધજીવ સ્વરૂપ છે. એ કારણે અમારો નિજ આત્મા **'હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે.'** વિશેષ નહિ પણ એક આત્માને જાણે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ એ જીવ. એ બરાબર જ્ઞાનસ્વભાવી આત્મા જ, એ જ આત્મા બરાબર **'(અમારો) નિજ આત્મા...'** આ સાધકની વાત છે. આહાહા..! **'નિજ આત્મા હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે.'** આહાહા..! એક આત્માને જાણે છે. **'અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા...'** જો એની સહજ અવસ્થા પ્રગટી તો **'અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે...'** આહાહા..! અસંખ્ય પ્રદેશ, અનંતગુણ, અનંતગુણની અનંતી પર્યાય... એ વર્તમાન સાધકદશામાં તો એક આત્મા હું જ્ઞાનસ્વરૂપ છું એવો અનુભવ છે. પણ જ્ઞાનની પ્રગટ દશા થશે ત્યારે આત્મા આખો અસંખ્ય પ્રદેશી અને અનંતગુણ પ્રત્યક્ષ જોવામાં આવશે. આહાહા..! સમજાણું કાંઈ? આડીઅવળી વાત કાંઈ નથી. મુદ્દાની આ છે. માણસને લાગે કે આ એકની એક વાત છે. પણ એકની એક વાત.. આચાર્યે પોતાના માટે બનાવ્યું છે એ આ બનાવ્યું છે. આહાહા..!

આ જ્ઞાનસ્વરૂપ ભગવાન **'બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે;...'** જ્ઞાન. એ કારણે **'(અમારો) નિજ આત્મા હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે.'** અસંખ્ય પ્રદેશ અને એનો વિસ્તાર ને એટલું બધું સાધકમાં નથી (જાણતા). આહાહા..! **'અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે...'** આહાહા..! કહે છે, એની ઋદ્ધિ પૂર્ણ સમૃદ્ધિ જે ઋદ્ધિ છે એ જે પ્રગટી.. આહાહા..! તો **'સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે...'** એવી પ્રગટ દશામાં સીધો આત્માને ન જાણે **'તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે!'** તો એ જ્ઞાન અવિચળ એવા આત્મસ્વરૂપથી જરૂર જુદું ઠરે. પણ એવું છે નહિ. આહાહા..! શું કહે છે?

છદ્મસ્થને વર્તમાનમાં તો જ્ઞાન શુદ્ધજીવનું સ્વરૂપ છે તેથી બરાબર વર્તમાનમાં અમે આત્માનું જેવું શુદ્ધજીવ સ્વરૂપ જ્ઞાન છે એમ જાણીએ છીએ પણ અંતરની બધી શક્તિઓને પ્રત્યક્ષ, અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ અને અનંતશક્તિ પ્રત્યક્ષ (નથી જાણતા). એ તો **'પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે...'** પ્રગટ થયેલી સહજ અવસ્થા... પ્રગટ થશે. પ્રગટ દશા પૂર્ણ થશે. આહાહા..! આ કરવાનું છે. આમાં વ્રત ને તપ ને એ ક્યાં આવ્યું? એ બધી ક્રિયા બંધનું કારણ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા... એમ જો બરાબર શુદ્ધજીવ સ્વરૂપનો અનુભવ થાય તો એક આત્મા જ જણાયો. પણ જો એ આત્મામાં પૂર્ણ દશા થાય અને આત્માને પૂર્ણ રીતે ન જાણે તો આત્મા જ્ઞાન નહિ. આહાહા..! કરવાનું આ છે.

કોઈ આત્મા જ્ઞાનસ્વભાવ સિવાય પરનું તો કાંઈ કરતો જ નથી. આહાહા..! આખો દિવસ આ કરવું ને આ કરવું ને આ કરવું... એ આત્મા કરી શકતો નથી. આત્માને પરનો

કર્તા માનવો એ મિથ્યાદષ્ટિ છે. એ જૈન નથી. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! આત્મા પોતા સિવાય પરપદાર્થને અડતો જ નથી ને. અડતો નથી તો કર્તા ક્યાંથી થયો? શરીરને પણ અડતો નથી, આંખને અડતો નથી, કર્મને અડતો નથી. એવો ભગવાન અંદર આત્મા જ્ઞાનસ્વરૂપી વર્તમાનમાં તો અમે અમારા આત્માને જાણ્યો. પણ એની ઉત્કૃષ્ટ દશા જ્યારે પ્રગટશે ત્યારે પ્રત્યક્ષ ન જાણે તો એ આત્મા નહિ. આહાહા..! છે?

**'અવશ્ય ભિન્ન ઠરે!'** તો એ જ્ઞાન ભિન્ન, જ્ઞાનથી આત્મા ભિન્ન સિદ્ધ થશે. જ્ઞાન પ્રત્યક્ષ થઈને વર્તમાનમાં અમે જાણીએ છીએ અને પ્રત્યક્ષ રીતે પૂર્ણ ન જાણે તો એ જ્ઞાન જ નહિ. આહાહા..! સાધારણ માણસને, ક્રિયાકાંડ ઉપર જેને રસ છે ને એને આ વાત સમજવી મુશ્કેલી પડે. ક્રિયાકાંડ તો જેટલી કરવામાં આવે એ બધી બંધનું કારણ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રા બધો શુભરાગ (છે) અને બંધનનું કારણ છે. આકરું પડે, પ્રભુ!

અહીં તો રાગરહિત શુદ્ધજીવ સ્વરૂપ. એમ લીધું ને? શુદ્ધજીવ સ્વરૂપનો અર્થ કે રાગરહિત. પહેલી લીટી આવી ને? **'બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે;...'** કોણ? જ્ઞાન. એમાં નથી રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે જ નહિ. એ જ્ઞાન બરાબર જીવસ્વરૂપ છે. એને અમે જાણીએ છીએ. પણ જ્યારે પૂર્ણ પ્રગટ થશે ત્યારે આત્માને અંદર ન જાણે તો એ જ્ઞાન જ નથી. આહાહા..! આ તો અંદરમાં કરવાનું આવ્યું. બહારમાં કરવાનું તો કાંઈ આવ્યું નહિ. ભગવંત! તારી મહિમા તારા સ્વરૂપમાં છે. પ્રભુ! તારી પ્રભુતા તો તારા પુરુષાર્થમાં છે. તારી પ્રભુતા કોઈ રાગમાં (નથી). આહાહા..! રાગાદિ શુભરાગમાં પણ પુરુષાર્થ કરવો.. આહાહા..! આકરું લાગે. નપુંસક કહ્યા. 'સમયસાર'માં શુભભાવને આત્માના વીર્યથી વિરૂદ્ધ નપુંસક છે (એમ કહ્યું છે). આહાહા..! ગજબ વાત છે.

એથી અહીંયાં કહે છે કે **'જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે;...'** પરનું કાંઈ કરવું-ફરવું એ નહિ. આહાહા..! શુભભાવ જેમ નપુંસકને વીર્ય નથી તો પુત્ર નથી થતો. એમ શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ નપુંસક જેવા છે. એમાં ધર્મની પ્રજા ઉત્પન્ન નથી થતી. આહાહા..! આવી વાતું! આવી આકરી વાત છે. 'સમયસાર'માં પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે. બે જગ્યાએ આવ્યું છે. એક અજીવ અધિકારમાં આવ્યું છે. બે જગ્યાએ નપુંસક આવ્યું છે. સંસ્કૃત ટીકામાં ક્લિબ (કહ્યું છે). ક્લિબ એટલે નપુંસક. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

અહીં તો કહે છે કે એકલા જ્ઞાનસ્વરૂપનો અનુભવ એ આત્માનું જ્ઞાન છે. એ સિવાય શુભ-અશુભભાવ એ વીર્ય નહિ. પાછળ શક્તિ છે ને? ૪૭ શક્તિ છે ને 'સમયસાર'માં? એમાં એમ લીધું છે કે વીર્ય કોને કહીએ? વીર્ય કહીએ કોને? આત્મબળ... બળ... બળ... બળ... બળ... કહીએ કોને? કે જે આત્માના આનંદાદિ સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ

આહાહા..! ગજબ વાત છે. ૪૭ શક્તિમાં છે. ૪૭ શક્તિ છે ને? આહાહા..! આ તો 'નિયમસાર' છે. આત્માની અંદર જ્ઞાન જેમ સ્વરૂપ છે એમ વીર્ય પણ સ્વરૂપબળ છે. પણ જો વીર્ય પોતામાં રહેવાનો પુરુષાર્થ ન કરે અને વીર્ય પુણ્ય એટલે શુભભાવની રચનામાં રોકાય (તો તે નપુંસક છે). આહાહા..! આકરી વાત, ભગવાન! વીતરાગનો ધર્મ અલૌકિક છે. વીતરાગ સિવાય ક્યાંય એ વાત છે નહિ. સર્વજ્ઞ સિવાય એ વાત અને તે પણ દિગંબર ધર્મ સિવાય.. આહાહા..! આવી વાત ક્યાંય બીજે છે નહિ. આહાહા..! શ્વેતાંબરના કરોડો શ્લોકો જોયા છે, આ વાત નથી. આહાહા..!

આત્મા પોતાના વીર્ય પુરુષાર્થથી પોતાની જ્ઞાન, દર્શન, આનંદાદિ નિર્મળ પર્યાયને રચે. એને આત્માનું બળ કહેવામાં આવે છે. માણસ કહે છે કે, મારામાં ઘણું બળ છે. આ તો શરીરનું બળ હોય તો કહે, મારામાં બળ છે. એ ખોટું છે. શરીરમાં બળ છે એ તો જડનું બળ છે. પણ આત્માનું બળ એને કહીએ, આત્માનું બળ, વીર્ય એને કહીએ કે એની પોતાની શુદ્ધ પવિત્ર આનંદની રચના કરે. આહાહા..! વાતે વાતે ફેર પડે એટલે લોકોને એકાંત જેવું લાગે ને. એકાંત છે... એ.. 'સોનગઢ'નું એકાંત છે. બધું સાંભળીએ છીએ. બધી ખબર છે. જેમ કહે એમ, પ્રભુ! તારે આ ભાવમાં આવવું પડશે. આ ભાવમાં આવ્યા વિના ક્યાંય એનો નિવેડો થાય એવો નથી. આહાહા..!

લાખ–કરોડ શુભભાવ કરે તો એનાથી આત્મામાં એક ભવ પણ ઘટે એમ ત્રણકાળમાં નથી. કેમકે આત્મામાં ભવ નથી. ભવ નથી એના આશ્રયે ભવ ઘટે છે. જેમાં ભવ નથી એના આશ્રયે ભવ ઘટે છે. રાગ તો, શુભરાગ તો ઘોર સંસાર છે. આહાહા..! પાઠ છે. ઘોર સંસાર. રાગ અંધકાર (સ્વરૂપ છે). રાગ પોતાને ન જાણે, રાગ ચૈતન્યને ન જાણે, એ ચૈતન્ય દ્વારા જણાય તેથી એ રાગ અજીવ અને જડ છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'! જડ, જડ કીધું. ગજબ વાત છે. આ બધો વ્યવહાર ચાલે છે શી રીતે? બાપુ! ભાઈ! આવે. શુભભાવ આવે પણ એ આદરણીય નથી. હેય છે. શુભભાવ આવે, ભક્તિ વંદન આદિ હોય છે પણ હેયબુદ્ધિએ છે, ઉપાદેયબુદ્ધિએ નહિ. આહાહા..!

એ અહીં કહે છે, **'સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે પૂર્ણ રીતે તો તે...'** આત્મા નથી. એ જ્ઞાન જ નથી. **'તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે!'** કેમકે જ્ઞાન પૂર્ણ પ્રગટ્યું અને આત્માને ન જાણે તો જ્ઞાન અને આત્મા બે ભિન્ન થઈ ગયા. શું કીધું સમજાણું? જ્ઞાન વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપ છે એ તો કીધું. અમારો નિજ આત્મા અત્યારે એક આત્માને નિશ્ચયથી જાણે છે. અમારું જ્ઞાન પોતાને વર્તમાનમાં જાણે છે. **'અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે)...'** આત્માને પ્રત્યક્ષપણે **'ન જાણે તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે!'** જ્ઞાન એવું પ્રગટ થયું અને આત્માને ન જાણે તો ભિન્ન થઈ ગયું. આત્મા અને જ્ઞાન ભિન્ન ઠર્યા. સમજાણું કાંઈ? આહાહા..!

આવી વાતું. ઓલી તો પાધરું આ કરો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, ભક્તિ કરો, પૂજા કરો, સમ્મેદશિખરની જાત્રા કરો. સમ્મેદશિખરની લાખ જાત્રા કરને. એ પરદ્રવ્ય તરફનું લક્ષ એકલો રાગ છે.

ત્રણલોકનો નાથ એમ પોકારે છે કે **'परदव्वादो दुग्गई'**. હું પરદ્રવ્ય છું, મારા ઉપર તારી નજર જશે તો તને શુભરાગ થશે. આહાહા..! આકરું કામ છે. વાત ધારી લેવી જુદી છે અને એ રૂપે થવું, આત્મા-આત્માના જ્ઞાનસ્વરૂપે થવું (એ બીજી વાત છે). જે રાગરૂપે છે એને જ્ઞાનસ્વરૂપની, શુદ્ધ જીવસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાનનું જીવસ્વરૂપમાં એકાકાર થવું, એ ન હોય તો એ જ્ઞાન જ નથી. આહાહા..! વાત સાદી, પણ વાત મોટી. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ (છે). શરીર, વાણી, મન તો જડ-માટી-ધૂળ છે. કર્મ ધૂળ છે. પુણ્ય અને પાપ એ તો જડ અચેતન છે. કેમકે પુણ્ય અને પાપ રાગ છે. રાગમાં જાણવાની શક્તિ નથી. આહાહા..! એનાથી ભિન્ન એકલી જાણવાની શક્તિ સ્વરૂપ શુદ્ધજીવસ્વરૂપ હું છું. એને હું જાણું પણ પૂર્ણ શક્તિ પ્રગટે અને પૂર્ણ આત્મા ન જાણે તો એ જ્ઞાન અને આત્મા એક નથી. તો જ્ઞાન અને આત્મા ભિન્ન થયા. આહાહા..! છે ને 'ડાહ્યાભાઈ'? **'અવશ્ય ભિન્ન ઠરે!'** આહાહા..!

**'વળી એવી રીતે (અન્યત્ર ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**णाणं अव्विदिरित्तं जीवादो तेण अप्पगं मुणइ।**

**जदि अप्पगं ण जाणइ भिण्णं तं होदि जीवादो।।**

**ગાથાર્થ :– 'જ્ઞાન જીવથી અભિન્ન છે...'** નામ બે પડ્યા. જ્ઞાન અને જીવ. છતાં જ્ઞાન જીવસ્વરૂપ અભિન્ન છે. બે નામ ભલે પડ્યા. એકનું નામ જ્ઞાન અને એકનું નામ જીવ. એમ બે નામ ભેદ પડ્યા. તો જીવ જ્ઞાનસ્વરૂપ જ છે. આહાહા..! એ તો જાણવા-દેખવા સિવાય કાંઈ કરી શકતો નથી. આહાહા..! હાલવું, ચાલવું, બોલવું, આ તમારા ધંધાના વેપાર.. એય..! 'હસમુખભાઈ'! અમારે 'મનસુખ' છે. આખો દિ' વેપારમાં આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. કોણ કરે? પ્રભુ! જાણન-દેખન એવો આત્મા પરનું કરે તો એ આત્મા રહ્યો નહિ. આહાહા..! આત્માનું કર્તૃત્વ થાય તો આત્મા જ્ઞાનમૂર્તિ રહે જ નહિ. આહાહા..! આકરી વાત છે બહુ.

**'જ્ઞાન જીવથી અભિન્ન છે...'** જ્ઞાનસ્વભાવ જે છે એ સ્વભાવવાન જે આત્મા, એનાથી એકમેક છે, ભિન્ન નથી. નામ ભિન્ન પડે. **'તેથી તે આત્માને જાણે છે; જો જ્ઞાન આત્માને ન જાણે...'** આહાહા..! શું કીધું? **'જ્ઞાન જીવથી અભિન્ન છે તેથી તે આત્માને જાણે છે;...'** ન્યાય આપ્યો, સમજાણું? **'જ્ઞાન જીવથી અભિન્ન છે તેથી તે આત્માને જાણે છે;...'** આહાહા..! જ્ઞાન આત્માથી અભિન્ન છે એ કારણે જ્ઞાન આત્માને જાણે છે. સૂક્ષ્મ છે. ભાષા તદ્દન ઓલી છે. વિષય સૂક્ષ્મ છે. આહાહા..! **'જ્ઞાન જીવથી અભિન્ન છે તેથી તે આત્માને જાણે;...'**

છે. અભિન્ન છે માટે જ્ઞાન આત્માને જાણે છે. આહાહા..! **'જો જ્ઞાન આત્માને ન જાણે તો તે જીવથી ભિન્ન ઠરે!'** તો એ જ્ઞાનસ્વભાવ જીવથી ભિન્ન ઠરે. તો એ આત્મા જ નથી. જ્ઞાન વિના આત્મા છે જ નહિ. આહાહા..! એ ૧૭૦ થઈને?

## ગાથા-૧૭૧

अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो।
तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि।।१७१।।

आत्मानं विद्धि ज्ञानं ज्ञानं विद्धयात्मको न संदेहः।
तस्मात्स्वपरप्रकाशं ज्ञानं तथा दर्शनं भवति।।१७१।।

गुणगुणिनोः भेदाभावस्वरूपाख्यानमेतत्।

सकलपरद्रव्यपराङ्मुखमात्मानं स्वस्वरूपपरिच्छित्तिसमर्थसहजज्ञानस्वरूपमिति हे शिष्य त्वं विद्धि जानीहि तथा विज्ञानमात्मेति जानीहि। तत्त्वं स्वपरप्रकाशं ज्ञानदर्शनद्वितयमित्यत्र संदेहो नास्ति।

---

રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;
તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.

અન્વયાર્થ :– [ आत्मानं ज्ञानं विद्धि ] આત્માને જ્ઞાન જાણ, અને [ ज्ञानम् आत्मकः विद्धि ] જ્ઞાન આત્મા છે એમ જાણ; [ न संदेहः ] આત્મા સંદેહ નથી. [ तस्मात् ] તેથી [ ज्ञानं ] જ્ઞાન [ तथा ] તેમ જ [ दर्शनं ] દર્શન [ स्वपरप्रकाशं ] સ્વપરપ્રકાશક [ भवति ] છે.

ટીકા :– આ, ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવારૂપ સ્વરૂપનું કથન છે.

હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ સહજજ્ઞાનસ્વરૂપ જાણ, તથા જ્ઞાન આત્મા છે એમ જાણ. માટે તત્ત્વ (–સ્વરૂપ) એમ છે કે જ્ઞાન તથા દર્શન બન્ને સ્વપરપ્રકાશક છે. આમાં સંદેહ નથી.

## ગાથા–૧૭૧ ઉપર પ્રવચન

૧૭૧.

**अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो।**
**तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि।।१७१।।**
**રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;**
**તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.**

બેય જ્ઞાન-દર્શનમાં નાખ્યું. આહાહા..! દર્શન નાખ્યું. જેમ જ્ઞાનસ્વરૂપ જીવ છે, એમ દર્શનસ્વરૂપ પણ જીવ છે. દર્શન અને જીવની ભિન્નતા નથી. દર્શન શું? પોતાને જોવું. આહાહા..! પરને જોતો જ નથી. પર વસ્તુને અડતો નથી. જ્ઞાન આત્મા પરવસ્તુને અડતો નથી. તો અડ્યા વિના એનું જ્ઞાન થાય છે, પણ એ વ્યવહાર છે. આહાહા..! પોતાનું જ્ઞાન પોતાને વેદનમાં આવીને અનુભવમાં આવે છે. માટે જ્ઞાન અને આત્મા અભિન્ન છે. આહાહા..! કહ્યું ને? ભાષા ઘણી સાદી. 'કુંદકુંદાચાર્યે' પોતાના માટે બનાવેલું છે. આ પુસ્તક પોતા માટે બનાવ્યું છે. આહાહા..! એમાં આવી વાત નાખી છે, જે જગતને કઠણ પડે.

'**ટીકા :– આ ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવારૂપ સ્વરૂપનું કથન છે.**' શું કહે છે? જ્ઞાન ગુણ અને આત્મા ગુણી, એના ભેદનો અભાવ. ભેદનો અભાવ છે. આહાહા..! જીવદ્રવ્ય છે એ જ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ છે એ જ જીવદ્રવ્ય છે. જીવદ્રવ્ય અને જ્ઞાનસ્વરૂપ જો ભિન્ન હોય તો એ ભેદનો અભાવ છે. ભેદનો અભાવ છે. આહાહા..! શું કહે છે? જ્ઞાન તો ઠીક જાણવું.. જાણવું... જાણવું... પણ આત્મામાં તો બધા અનંતગુણ છે ને? તો આત્મા બીજી ચીજને કરી શકે કે નહિ? જ્ઞાન કરી શકે નહિ કાંઈ. એ તો જાણનાર છે. આંખ-નેત્ર પરને દેખે છે પણ પર ચીજમાં આંખ પ્રવેશતી નથી. આહાહા..! આંખ પરને દેખે પણ પરમાં પ્રવેશતી નથી. તેમ એ ચીજ આંખમાં આવતી નથી. જેને દેખે એ ચીજ આમાં આવતી નથી. એમ જ્ઞાન પરને જાણે પણ પરચીજ જ્ઞાનમાં આવતી નથી. અને જ્ઞાન પરમાં, જ્ઞેયમાં જતું નથી. એ જ્ઞાન અને આત્મા અભિન્ન છે. આહાહા..! આવી વાતું!

'**આ ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવારૂપ સ્વરૂપનું કથન છે.**' '**હે શિષ્ય!**' આહાહા..! 'કુંદકુંદાચાર્ય' મહારાજ આમ છે એમ કહે છે. એનો અર્થ શિષ્યને કહે છે ને? '**तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि।**' કહે છે ત્યારે શિષ્યને કહે છે ને? આહાહા..! એટલે એમાંથી આ વાત નીકળી.

'**હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ...**' આહાહા..! '**સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ...**' આહાહા..! તીર્થંકર અને તીર્થંકરની વાણી અને

સમવસરણ અને તીર્થંકર ભગવાનની પ્રતિમા અને મંદિર, એ સર્વથી ભિન્ન આત્મા છે. આહાહા..! **'સર્વ પરદ્રવ્યથી પરાङ्મુખ...'** છે. ભાષા એવી લીધી, જોયું! પરાङ्મુખ છે. પરદ્રવ્યથી આત્મા પરાङ्મુખ છે. સન્મુખ નથી, વિમુખ છે. આહાહા..! **'હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી...'** સર્વ દ્રવ્યમાં શું બાકી રહ્યું? તીર્થંકર, તીર્થંકરની વાણી, સમવસરણ, પંચપરમેષ્ઠી બધા પરદ્રવ્ય આવ્યા. આહાહા..! પ્રભુ! જરી કઠણ પડે. પણ પરદ્રવ્યમાં પંચપરમેષ્ઠી આવ્યા એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે તો તને રાગ થશે. આહાહા..! એની ભક્તિ અને એનું સ્મરણ (કરવાથી) રાગ થશે. આહાહા..! એ કહે છે. **'હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી પરાङ्મુખ..'** સર્વ પરદ્રવ્યથી પરાङ्મુખ. કોઈ બાકી રહ્યા? અહીં કહે, સમ્મેદશિખરની જાત્રા કરે તો ૪૮ ભવે મોક્ષ જાય, આટલા ભવે મોક્ષ જાય.

મુમુક્ષુ :– ૪૯ ભવે મોક્ષ જાય.

ઉત્તર :– ૪૯ ભવે. કહેતા હશે. આવ્યા હતા ને 'મહાવીરકીર્તિ' એણે કહ્યું કે સમ્મેદશીખરની જાત્રા કરો તો ૪૯ ભવે મોક્ષ જવાશે. કીધું, એ વીતરાગની વાણી નહિ. વીતરાગની વાણી સ્વઆશ્રય સિવાય લાભ બતાવે નહિ. પરાશ્રયથી તો બંધન બતાવે. બે સિદ્ધાંત સીધા. આહાહા..! સ્વ આશ્રયથી લાભ, પર આશ્રયથી અલાભ. ચાહે તો ત્રિલોકનાથ તીર્થંકર હોય તે પણ પોતાથી પર છે. પરનો આશ્રય કરવાથી તો રાગ જ થશે. ભલે પુણ્ય થાય, પણ એ પુણ્ય પણ રાગ છે. એ પુણ્ય પણ અપવિત્ર છે. અત્યારે તો ચારે કોર એ ચાલે છે. પુણ્ય પવિત્ર છે... પુણ્ય પવિત્ર છે... પુણ્ય પવિત્ર છે. પવિત્રથી કામ થશે. આહાહા..!

**'હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી પરાङ्મુખ...'** આહાહા..! ભગવાનઆત્મા પોતાના સિવાય સર્વ દ્રવ્યથી પરાङ્મુખ છે. આહાહા..! ગજબ કર્યું છે ને! આ તો પરમાત્મા વીતરાગની વાણી છે. સંતો છે એ કેવળીના કેડાયતો છે. દિગંબર સંત એ તો કેવળીના કેડાયત છે. અને આ 'કુંદકુંદાચાર્ય' તો ભગવાન પાસે ગયા હતા. ભગવાન સીમંધરસ્વામી બિરાજે છે ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ભગવાન પાસે. ત્યાંથી આવીને આ બનાવ્યું. અને એમાં પણ કહે છે કે આ તો મારા માટે બનાવ્યું છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' ને 'અષ્ટપાહુડ' બનાવ્યા, પણ આ પુસ્તક તો મારા માટે બનાવ્યું છે. મારા આત્માના ઘોલન માટે બનાવ્યું છે. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપ, સર્વ પરદ્રવ્યથી પરાङ્મુખ હું (છું). પૈસાથી તો પરાङ્મુખ, દેવ-ગુરુ-શાસ્ત્રથી પરાङ્મુખ છે. આહાહા..! ભગવાન! તારી ચીજ મહિમાવંત અંદર છે. તને કોઈ પરની અપેક્ષા નથી. પરની અપેક્ષા કરીશ તો રાગ થયા વિના રહેશે નહિ. રાગ હોય એ બંધન વિના હોય નહિ. આહાહા..!

અહીંયાં તો કહે છે કે **'સર્વ પરદ્રવ્યથી પરાङ્મુખ આત્મા...'** ઓહોહો..! પ્રભુ આત્મા, પોતાના આનંદ અને જ્ઞાનાદિ સંપન્ન (છે) એ પરદ્રવ્યથી પરાङ્મુખ છે. સન્મુખ નહિ, પરાङ્મુખ છે. આહાહા..! **'સર્વ પરદ્રવ્યથી પરાङ્મુખ...'** એમાં પંચપરમેષ્ઠી પણ આવ્યા, તીર્થંકર આવ્યા,

તીર્થંકરની વાણી આવી, સમવસરણ આવ્યું. એ સર્વ પરદ્રવ્યથી આત્મા પરાઙ્મુખ છે. આહાહા..! ગજબ વાત. ધંધા આડે મંદિરના દર્શન કરવાનો વખત મળે નહિ. આહાહા..! એને ઠેકાણે અહીં કહે કે મંદિરના દર્શન છે એ શુભભાવ છે, ધર્મ નથી.

ગયા હતા ને ત્યાં? 'આફ્રિકા.' હમણા 'આફ્રિકા' ગયા હતા ને? એ લોકોએ ૬૦ લાખ રૂપિયા ભેગા કર્યા છે. અમે ત્યાં ગયા. ૨૬ દિવસ રહ્યા. ૪૫ લાખ રૂપિયા ભેગા થયા. પહેલા ૧૫ લાખ કર્યા. ૪૫ લાખ પછી કર્યા. ૨૫ લાખનું જિનમંદિર બનાવવાનું છે. ભગવાન પછી પરદેશમાં દિગંબર મંદિર પહેલાવહેલા થાય છે. 'આફ્રિકા' 'નાઈરોબી'માં લોકો પૈસાવાળા ઘણા છે. પૈસા ખર્ચવા માટે તો પૂછે નહિ કાંઈ. એક જણે ભગવાનની પ્રતિમા પધરાવી તો સાડા પાંચ લાખ. હજાર-હજારની વાતું નહિ ત્યાં. અમે ૨૬ દિવસ રહ્યા. આહાહા..! સાડા પાંચ લાખ! અને એક ઇન્દ્ર થયા.

મુમુક્ષુ :– એ બધું આપના પુણ્ય પ્રતાપે થયું.

ઉત્તર :– એ જડની અવસ્થા એ કાળે થવાની હતી. વાત એવી છે, પ્રભુ! એક ઇન્દ્ર બન્યો (એના) સાડા ત્રણ લાખ. સોળ ઇન્દ્રો બન્યા ને. સોળ કે વધારે હશે, ખબર નથી. પહેલો ઇન્દ્ર સાડા ત્રણ લાખ. કીધું, ભાઈ! સાડા ત્રણ લાખ શું દસ લાખ દે. પણ તને ધર્મ થશે એ વાત છે નહિ. અહીં તો ચોખ્ખો ઢંઢેરો છે. ગુપ્ત-બુપ્ત માખણ-બાખણ છે નહિ. ત્યાં કરોડોપતિને બહુ ને પૈસા ખર્ચે છે તો લાભ થશે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! પચ્ચીસ લાખનું મંદિર બનવાનું હોય તો બને. શુભભાવ હોય. અને તે પણ મંદિર આત્મા બનાવી શકે જ છે ક્યાં? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ મકાન બનાવી શકે? આહાહા..! મકાન તો મકાનના કારણે બને છે. બનાવનારનો ભાવ હોય તો શુભભાવ પુણ્ય હોય. ધર્મ નથી. સંવર-નિર્જરા નથી. મિથ્યાત્વ સહિત તે પરંપરા મુક્તિનું કારણ નથી. આહાહા..! સમ્યક્ આત્માનો અનુભવ થાય એના વ્યવહારને પરંપરા કારણ કહેવામાં આવે છે. કેમકે વ્યવહારને છોડીને નિશ્ચયમાં આવશે.

અહીં તો જુઓને! અહીં તો સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ. ઓહોહો..! એકકોર આત્મા અને એકકોર સર્વ પરદ્રવ્ય. સર્વ પરદ્રવ્ય. કોઈ બાકી નહિ. સમ્મેદશિખર ને ગિરનાર ને જાત્રા ને એ બધું પરદ્રવ્ય છે. સમ્મેદશિખરની જાત્રા પણ શુભભાવ છે. ધર્મ-બર્મ નથી. લાખ કરે ને ત્યાં લાખ ઉપર ચડે ને નીચે ઉતરે. શુભભાવ છે. આહાહા..! કેમ? કે **'સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ...'** આહાહા..! શું કહે છે?

ભગવાનઆત્મા **'સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ...'** છે. તારામાં સમર્થ બળ છે. તું પરની અપેક્ષા રાખ તો જાણી શકે એમ વાત નથી. આહાહા..! તારામાં બળ એટલું છે કે તું તારાથી પૂર્ણ પ્રગટ કરીશ. આહાહા..! પહેલા સમ્યગ્દર્શન પણ તારાથી થશે અને ચારિત્ર જે સ્વરૂપની રમણતા છે, સમ્યગ્દર્શન સહિત, હોં! ચારિત્ર.

સમ્યગ્દર્શન વિના ચારિત્ર થતું નથી. એ ચારિત્ર પણ સ્વને આશ્રયે થાય છે. પરને આશ્રયે નહિ. કેવળજ્ઞાન સ્વને આશ્રયે થાય છે. મનુષ્ય ભવ અને વ્રજનારાચસંઘયણને આશ્રયે નહિ. આહાહા..! એવી તારામાં શક્તિ છે એમ કહે છે. એનું નામ આત્મા છે. જુઓ! છે?

**'પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ...'** આહાહા..! શું કહ્યું? આત્મા પરદ્રવ્યથી પરાઙ્મુખ, વિપરીત. પણ પોતાના સ્વરૂપને કરવા માટે બળવાન (છે). એને કોઈ રોકી શકે એવી ચીજ નથી. કર્મ-બર્મ આત્માને રોકી શકે એવી કોઈ ચીજ નથી. કર્મ જડ છે. આત્મા ભગવાન ચૈતન્ય છે. કર્મને આત્મા અડતો નથી, કર્મ આત્માને અડતા નથી. આહાહા..! પોતાની પર્યાયમાં વિકાર કરે છે એ પોતાનો દોષ છે. એ કર્મથી વિકાર નથી થતો. આહાહા..! અહીં તો કહે છે કે પરદ્રવ્યથી તું પરાઙ્મુખ છો, વિપરીત છો, પણ તારું સ્વરૂપ પ્રગટ કરવામાં બળવંત છો. આહાહા..! છે?

**'નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ...'** પોતાના સ્વરૂપને જાણવામાં સમર્થ. આહાહા..! પરદ્રવ્યને જાણવામાં તો પરાઙ્મુખ કહ્યો. સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ કહ્યો. અને તારું સ્વરૂપ જાણવામાં તું બળવાન છો, સમર્થ છો. તારા બળની તને પ્રતીત નથી. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' દિગંબર મુનિ, પંચમહાવ્રતધારી અનંતવાર થયો. એ તો રાગ છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્માના જ્ઞાન વિના આનંદ નથી. પંચમહાવ્રતના પરિણામ દુઃખરૂપ છે. આહાહા..! ગજબ વાત છે. એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ આસ્રવ દુઃખરૂપ છે. આહાહા..! એમ નવમી ગ્રૈવેયક ગયો, મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત પાળ્યા પણ આત્માનો આનંદ આવ્યો નહિ. આનંદ આવ્યા વિના તારું મિથ્યાત્વ ટળ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનનો ભેટો ન થયો, પ્રભુ! તેં રાગની ક્રિયાના ભેટા કર્યા. પંચમહાવ્રત પાળ્યા, આ અહિંસા, આ સત્ય ને આ બ્રહ્મચર્ય. બાળબ્રહ્મચારીપણું પાળ્યું પણ એ ધર્મ નહિ. એ તો કાયાની ક્રિયા થઈ. બાળબ્રહ્મચારીપણું પાળે તોપણ ધર્મ નહિ. એ શુભભાવ છે. આહાહા..! પોતાના આત્મામાં આનંદમાં રમવું એ બ્રહ્મચર્ય છે. બ્રહ્મ એટલે આત્મા, ચર એટલે રમવું. પોતાના નિજ આનંદમાં રમવું એ બ્રહ્મચર્ય છે. કાયાથી વિષય સેવ્યો નહિ માટે એ બ્રહ્મચારી છે એમ છે નહિ. આહાહા..! આકરી વાત લાગે, ભાઈ! લાગો કે ન લાગો, વસ્તુ આ છે. બેસે કે ન બેસે. ત્રણકાળમાં ભગવાનની વાણી છે, આ જુઓને! બનાવ્યું છે પોતે ને? આ આવ્યું ને ૧૭૧?

**'अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो।'** એ ૧૭૧ ચાલે છે ને? મૂળ પાઠ. આત્મા વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના આત્મા નહિ. **'ण संदेहो। तम्हा सपरपयासं णाणं'** માટે જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવ છે, એમ દર્શન પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહાહા..! એને કોઈની મદદની અપેક્ષા છે નહિ. ઓહોહો..! એ ટૂંકી ભાષામાં... **'સર્વ**

**પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ સહજજ્ઞાનસ્વરૂપ જાણ,..'** આહાહા..! એ કોઈ શાસ્ત્ર ભણવાથી જ્ઞાન નથી થતું. શાસ્ત્ર તો પુદ્ગલ છે, જડ છે. એ તો પહેલા ૩૪ ગાથામાં આવી ગયું. જડથી જ્ઞાન નથી થતું. જ્ઞાનથી જ્ઞાન થાય છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એના ઉપર નજર કરવાથી, એમાં એકાગ્ર થવાથી જ્ઞાન થાય છે. શાસ્ત્રના અગિયાર અંગ તો અનંતવાર ભણી નાખ્યા. ભણીને છોડી દીધું. અગિયાર અંગ, અગિયાર અંગ કોને કહે? એક અંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. આહાહા..! એ ધારણાનો વિષય છે.

આ કહે છે કે આત્મા પરદ્રવ્યથી પરાઙ્મુખ છે પણ તારા સ્વદ્રવ્યને પ્રગટ કરવામાં બળવાન છે. આહાહા..! છે? **'આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ સહજજ્ઞાનસ્વરૂપ જાણ,...'** એ તો સહજજ્ઞાનસ્વરૂપ ભગવાન જ અંદર છે. જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! ધ્રુવ જ્ઞાનસ્વભાવમાં તો પર્યાયનો પ્રવેશ નથી. ત્યાં રાગનો પ્રવેશ ક્યાંથી થાય? શું કહ્યું? ધ્રુવ સ્વરૂપ ભગવાન, એમાં જે કેવળજ્ઞાનાદિ પર્યાય (છે), એનો પણ ધ્રુવમાં પ્રવેશ નથી. આહાહા..! પર્યાય ધ્રુવ ઉપર તરે છે. આહાહા..! ગજબ વાત છે. પર્યાય દ્રવ્ય ઉપર તરે છે. અંદર પ્રવેશ નથી કરી શકતી. પર્યાયની મુદ્દત એક સમયની છે. ધ્રુવ અંદર ત્રિકાળ એકરૂપ પડ્યો છે, પ્રભુ! આહાહા..! પણ તારી પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે પરથી, સર્વથી પરાઙ્મુખ થઈને પોતાને જાણવામાં સમર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સહજજ્ઞાનસ્વરૂપ જાણ,...'** એ તો સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એને જાણવામાં આત્મા સમર્થ છે. **'તથા જ્ઞાન આત્મા છે...'** એ જ્ઞાન જે પ્રગટ્યું એ આત્મા છે **'એમ જાણ.'** જે જ્ઞાન અંદરમાં એકાગ્ર થઈને પ્રગટ થયું એ આત્મા છે. આત્મા એ જ્ઞાન છે અને જ્ઞાન તે આત્મા છે. આહાહા..! આત્માની માંડી છે એકલી. આહાહા..! શું થાય?

અનંતકાળથી રાચે છે, ભાઈ! ચોર્યાશીના અવતાર કરી કરીને... આહાહા..! અનંત અવતાર કર્યા, પ્રભુ! એ ભૂલી ગયો. એક અવતાર દેખે અહીંયાં... આહાહા..! આમ કીડી ને મકોડો વચ્ચે ઓલા દબાણમાં આવી જાય... આહાહા..! એને ઠેકાણે તો તેં અનંતવાર એવા કીડી-મકોડાને સિંહ ને વાઘ બધા ખાઈ ગયા તને. એવું અનંતવાર થયું છે, પ્રભુ! ભૂલી ગયો તું. આહાહા..! અનંત અનંતકાળથી અનંત ભવ છેદવાનો ઉપાય તો આ એક જ છે. અનંત ભવ નહિ કરવાનું, છેદવાનું, ભવરહિત થવાનું, આત્માનું અંતર સમર્થ બળ આત્મા આત્માને જાણવો. આહાહા..!

**'સહજજ્ઞાનસ્વરૂપ જાણ, તથા જ્ઞાન એ આત્મા છે'** આહાહા..! માટે કહ્યું ને? કે **'આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ...'** જાણવામાં, હોં! એ સહજજ્ઞાનસ્વરૂપ જ્ઞાન અને જ્ઞાન એ આત્મા. આહાહા..! જ્ઞાન એ આત્મા એમ જાણ. **'માટે તત્ત્વ (–સ્વરૂપ) એમ છે કે જ્ઞાન તથા દર્શન...'** હવે દર્શનને ભેળવ્યું. **'જ્ઞાન તથા દર્શન બન્ને સ્વપરપ્રકાશક છે. આમાં**

**સંદેહ નથી.'** આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' મુનિ હતા. ભગવાન પાસે ગયા હતા. વર્તમાન પ્રભુ બિરાજે છે. આહાહા..! આઠ દિવસ ત્યાં રહ્યા હતા. બે હજાર વર્ષ થયા. સંવત્ ૪૯. ત્યાંથી આવીને આ બનાવ્યું. આહાહા..! શબ્દો ઘણા ટૂંકા છે.

તું પરદ્રવ્યથી પરાઙ્મુખ, પણ તારા સ્વરૂપને જાણવામાં પૂર્ણ સમર્થ છો એવું જ્ઞાન. એ જ્ઞાન તને પૂર્ણ જાણવામાં સમર્થ છે એ જ્ઞાન અને એ જ્ઞાન અને આત્મા અભિન્ન છે. આહાહા..! જાણવાનું જ્ઞાન અને આત્મા ભિન્ન છે એમ નથી. આહાહા..! આવી સૂક્ષ્મ વાત છે. ભાઈ ગયા? 'ફત્તેહપુર'. છે ને? આવ્યા હતા. આજે આવ્યા હતા. આહાહા..!

અંદર ચૈતન્ય ભગવાન જાણનસ્વભાવથી પૂર્ણ ભરેલ, અનંત અનંતગુણનો ભંડાર. કહે છે કે એ દ્રવ્ય તો પરથી પરાઙ્મુખ છે. કોનો ભાર છે? દિગંબર સંત કહે. પરથી પરાઙ્મુખ, કેવળીથી પરાઙ્મુખ, પંચપરમેષ્ઠીથી પરાઙ્મુખ. આહાહા..! પ્રભુ! તારે અને પરદ્રવ્યને શું સંબંધ છે? તારામાં તારી અસ્તિ છે અને તારામાં પરદ્રવ્યની નાસ્તિ છે. ચાહે તો પરમેશ્વર હો તોપણ તારામાં એની નાસ્તિ છે. આહાહા..! તારામાં જ્ઞાનના બળ વિના બીજા કોઈ બળ કરાવી શકે અને જ્ઞાન પૂર્ણ કરાવે એવી તાકાત નથી. આહાહા..!

**'માટે તત્ત્વ (–સ્વરૂપ) એમ છે કે જ્ઞાન તથા દર્શન બન્ને સ્વપરપ્રકાશક છે. આમાં સંદેહ નથી.'** એક પ્રશ્ન છે ને? ષટ્ખંડાગમમાં દર્શન વ્યવહારનયથી લીધું છે. દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને જાણે. એવું ષટ્ખંડાગમ છે ને? ધવલ, જય ધવલ, મહા ધવલમાં એમ છે. દર્શન સ્વને દેખે, જ્ઞાન પરને દેખે (જાણે). અહીં એની ના પાડે છે. એ બધા વ્યવહારના કથન છે. પરમાર્થે તો જ્ઞાન પોતાના સામર્થ્યથી પોતાને પૂર્ણ જાણે, સાથે દર્શન પણ પૂર્ણ દેખે. આહાહા..! વાત તો સાદી પણ કઠણ પડે. શું કરવું આમાં સૂઝ પડે નહિ. આ કરવું. અંદર જ્ઞાનસ્વરૂપમાં ઉતરી જવું. આહાહા..! કરવા-ફરવાનું કાંઈ નથી.

જ્ઞાન જાણન અસ્તિ સ્વભાવ, એને તારો આત્મા જાણનાર છે. તો એ આત્મામાં પૂર્ણ જ્ઞાનની પૂર્ણ અવસ્થા પ્રગટે ત્યારે પૂર્ણ જાણ્યા વિના રહે નહિ. બધાને પૂર્ણ જાણે. અને એ કારણે સ્વપરપ્રકાશક જ્ઞાન (છે), એમ દર્શન પણ સ્વપ્રકાશક (છે). આહાહા..! **'આમાં સંદેહ નથી.'**

'[હવે આ ૧૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક-૨૮૭

(अनुष्टुभ्)

आत्मानं ज्ञानदृग्रूपं विद्धि दृग्ज्ञानमात्मकं।
स्वं परं चेति यत्तत्त्वमात्मा द्योतयति स्फुटम्।।२८७।।

**[શ્લોકાર્થ :–] આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ અને જ્ઞાનદર્શનને આત્મા જાણ; સ્વ અને પર એવા તત્ત્વને (સમસ્ત પદાર્થોને) આત્મા સ્પષ્ટપણે પ્રકાશે છે. ૨૮૭.**

## શ્લોક-૨૮૭ ઉપર પ્રવચન

आत्मानं ज्ञानदृग्रूपं विद्धि दृग्ज्ञानमात्मकं।
स्वं परं चेति यत्तत्त्वमात्मा द्योतयति स्फुटम्।।२८७।।

આહાહા..! એક આત્મા માટે આટલી માંડી છે. બાર અંગ અને ચૌદ પૂર્વમાં આ આત્મા કહ્યો છે. 'કળશટીકા'માં છે કે બાર અંગ છે એ પણ વિકલ્પ છે. બાર અંગમાં પણ અનુભૂતિ કરવાનું કહ્યું છે. આત્માનો અનુભવ કરવાનું કહ્યું છે. 'કળશટીકા'માં છે. સમજાણું કાંઈ? બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે. આહાહા..! બાર અંગમાં કહેવામાં આવ્યું છે કે આત્માનો અનુભવ કરવો. પર્યાયથી આત્માનો અનુભવ કરવો. આહાહા..! રાગથી નહિ, પુણ્યથી નહિ, નિમિત્તથી નહિ. ધ્રુવ તો ધ્રુવ જ છે. ધ્રુવમાં તો કોઈ હલનચલન છે નહિ. પર્યાયમાં પરિણમન હલનચલન છે તો પર્યાયમાં આત્મા જાણી લે. જાણવાલાયક છે એ પર્યાયમાં તારામાં બળ છે. પરદ્રવ્યથી તું પરાઙ્મુખ છે પણ તારી પર્યાયથી તારું દ્રવ્ય સન્મુખ છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

પ્રભુ! તું પરદ્રવ્યથી પરાઙ્મુખ છો પણ તારા સ્વભાવથી તું સન્મુખ છો. આહાહા..! અરે..! સત્ય વાત કાને પડે નહિ. સત્ય વાત સાંભળવા મળે નહિ અને આ કરો.. આ કરો.. આખો દિ' કર્તા થાય એ તો મિથ્યાત્વ છે. પરનો કર્તા, મંદિરનો કર્તા પણ હું છું એમ માને તો મિથ્યાત્વ છે. 'ડાહ્યાભાઈ'! આહાહા..! રાગનો કર્તા માને તો મિથ્યાત્વ છે. આકરી વાત, પ્રભુ! રાગ વિકાર છે, પ્રભુ ચૈતન્ય ત્રિકાળી નિર્વિકાર છે. એ નિર્વિકાર પાસે રાગ કરાવવો એ મોટો દોષ છે. કર્તાબુદ્ધિ થઈ એ મિથ્યાત્વ છે. આહાહા..! એ માટે અહીં

કહ્યું.

**'શ્લોકાર્થ :– આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ...'** શ્લોક છે ને એ?

**आत्मानं ज्ञानदृग्रूपं विद्धि दृग्ज्ञानमात्मकं।**
**स्वं परं चेति यत्तत्त्वमात्मा द्योतयति स्फुटम्।।२८७।।**

**'આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ....'** રાગાદિ નહિ. **'અને જ્ઞાનદર્શનને આત્મા જાણ;...'** આહાહા..! આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ અને જ્ઞાનદર્શનરૂપ આત્મા જાણ. બાકી આત્મા કોઈનું કરી દે અને કોઈકને સુધારી દે, કોઈને મદદ કરે, સેવા કરે એ બધી વાત જૂઠી છે. અજ્ઞાનીએ ભ્રમ ચલાવ્યા છે. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ પણ કરે એ અજ્ઞાન ચલાવ્યું છે. ભગવાનના માર્ગથી તદ્દન વિરુદ્ધ ચલાવ્યું છે.

એ અહીં કહ્યું. **'આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ અને જ્ઞાનદર્શનને આત્મા જાણ;...'** જાણ કીધું ને? **'આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ અને જ્ઞાનદર્શનને આત્મા જાણ; સ્વ અને પર એવા તત્ત્વને (સમસ્ત પદાર્થોને) આત્મા સ્પષ્ટપણે પ્રકાશે છે.'** સ્વ ને પરને આત્મા જ્ઞાનસ્વભાવે પ્રત્યક્ષ કરે એવી તાકાત છે. પહેલા સ્વ જ્ઞાન તે આત્મા એવો અનુભવ કરી અને પછી ત્યાં એકાગ્ર થવું, તો કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે એવી એમાં તાકાત છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૭૨

जाणंतो पस्संतो ईहापुव्वं ण होइ केवलिणो।
केवलिणाणी तम्हा तेण दु सोऽबंधगो भणिदो।।१७२।।

जानन् पश्यन्नीहापूर्वं न भवति केवलिनः।
केवलज्ञानी तस्मात् तेन तु सोऽबन्धको भणितः।।१७२।।

सर्वज्ञवीतरागस्य वांछाभावत्वमत्रोक्तम्।

भगवानर्हत्परमेष्ठी साद्यानिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारेण केवलज्ञानादिशुद्धगुणानामाधारभूतत्वात् विश्वमश्रान्तं जानन्नपि पश्यन्नपि वा मनःप्रवृत्तेरभावादीहापूर्वकं वर्तनं न भवति तस्य केवलिनः परमभट्टारकस्य, तस्मात् स भगवान् केवलज्ञानीति प्रसिद्धः, पुनस्तेन कारणेन स भगवान् अबन्धक इति।

तथा चोक्तं श्री प्रवचनसारे-

``ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु।
जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो।''

---

જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;
ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.

અન્વયાર્થ :– [ जानन् पश्यन् ] જાણતા અને દેખતા હોવા છતાં, [ केवलिनः ] કેવળીને [ ईहापूर्वं ] ઈચ્છાપૂર્વક (વર્તન) [ न भवति ] હોતું નથી; [ तस्मात् ] તેથી તેમને [ केवलज्ञानी ] 'કેવળજ્ઞાની' કહ્યાં છે; [ तेन तु ] વળી તેથી [ सः अबन्धकः भणितः ] અબંધક કહ્યા છે.

ટીકા :– અહીં, સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.

ભગવાન અર્હંત પરમેષ્ઠી સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભુતવ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં અને દેખતા હોવા છતાં, તે પરમ ભટ્ટારક કેવળીને મનપ્રવૃત્તિનો (મનની પ્રવૃત્તિનો, ભાવમનપરિણતિનો) અભાવ હોવાથી ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી તેથી તે ભગવાન 'કેવળજ્ઞાની' તરીકે પ્રસિદ્ધ છે; વળી તે કારણથી તે ભગવાન અબંધક છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (પ૨મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–

''[ગાથાર્થ :–] (કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી તેથી તેને અબંધક કહ્યો છે.''

---

પ્રવચન નં. ૨૦૪, ગાથા–૧૭૨, શ્લોક–૨૮૮, બુધવાર, અષાઢ વદ ૧૧, તા.૬-૦૮-૮૦

---

'નિયમસાર'. ગાથા–૧૭૨.

जाणंतो पस्संतो ईहापुव्वं ण होइ केवलिणो।
केवलिणाणी तम्हा तेण दु सोऽबंधगो भणिदो।।१७२।।

નીચે હરિગીત.

જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;
ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.

ઓલી બાજુ ટીકા. ઓલી બાજુ ટીકા છે. ૩૪૬ પાને ટીકા છે.

ટીકા :– **'અહીં, સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.'** કેટલાક કેવળજ્ઞાનીને એમ માને છે કે પહેલા સમયે જ્ઞાન થાય અને બીજે સમયે દર્શન થાય. એ વાત સાચી નથી. માટે આ વાત કરે છે. દેવ અરિહંત, એનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના એની માન્યતા સાચી હોતી નથી. અરિહંત સર્વજ્ઞ કોને કહે? અને એ સર્વજ્ઞને ઇચ્છા હોતી નથી. વાણી નીકળે છે. વાણીને કારણે વાણી નીકળે છે. વાણી પોતે નથી કરતા. આહાહા..! કેમકે વાણી જડ છે અને પોતે ચૈતન્ય છે. તો ચૈતન્ય વાણી કરતું નથી. વાણી વાણીને કારણે વાણી નીકળે છે. પણ એની ઇચ્છા નથી. વાણી નીકળવા છતાં ઇચ્છા નથી. એ વાત અહીં કહે છે.

**'અહીં સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.'** એને વાંછા નથી. કોઈ ઠેકાણે આમ બોલું કે આમ બોલું એવી વૃત્તિ ને ઇચ્છા કેવળીને હોતી નથી. આહાહા..! કેવળજ્ઞાન એટલે? એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જાણે અને જેમાં એ જાણે છે તે પ્રકારે ત્યાં સામે પર્યાય થાય છે. જેવું ભગવાન દેખે છે એ પ્રમાણે સામે જડ ચૈતન્યની પર્યાય થાય. આહાહા..! એ પર્યાયના ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. એ ભગવાન વાંછા વિનાના છે. એને વાંછા નથી. જાણે ત્રણકાળ ત્રણલોક, પણ ઇચ્છા નથી.

**'ભગવાન અર્હંત પરમેષ્ઠી...'** એક તો ભગવાન કીધા, બીજા અર્હંત કીધા, ત્રીજા પરમેષ્ઠી. **'સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા...'** શું કહે છે? જરી નય કહે છે. સાદિ-અનંત કેવળજ્ઞાન સ્વભાવની સાદિ થઈ. કેવળજ્ઞાન કાંઈ અનાદિનું નથી. શક્તિરૂપ છે. પ્રગટરૂપ છે તો પ્રગટે ત્યારે થાય છે. સાદિ–કેવળજ્ઞાન ઉત્પન્ન થવાની આદિ અને પછી તેનો નાશ નથી થતો, અનંતકાળ રહે છે. સાદિ-અનંત. આહાહા..! એનો વિશ્વાસ અંતરમાં બેસવો... આમ તો લોકોએ ભાષા અનંતવાર કરી. અગિયાર અંગ પણ અનંતવાર ધારણ કર્યા. પણ અંતરમાં આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ થાય તો સર્વજ્ઞ થાય છે. એ પોતાથી થાય છે, પરથી નહિ. અને એ સર્વજ્ઞ થતાં ભાષા આવે છે, ભાષા આવે છે પણ પરિણામપૂર્વક નહિ. આહાહા..! છદ્મસ્થને નીચે પરિણામપૂર્વક ભાષા આવે છે. (એ) પરિણામ બંધનું કારણ છે. ભગવાનને પરિણામપૂર્વક ભાષા નથી તો એમને બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? એ કહે છે.

**'સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભુત વ્યવહારથી...'** આહાહા..! જરી ઝીણી વાત છે, પ્રભુ! એ કેવળજ્ઞાન એ વ્યવહારનય છે. ઝીણી વાત છે, પ્રભુ! આત્મા સનાતન અનાદિ, અનાદિઅનંત એ નિશ્ચય છે અને કેવળજ્ઞાન તો નવું ઉત્પન્ન થયું, નવી દશા ઉત્પન્ન થઈ તો એ વ્યવહારનયનો વિષય થયો. આહાહા..! આ તો ણમો અરિહંતાણં... ણમો સિદ્ધાણં કર્યા કરે પણ શું વસ્તુ છે અને શું સ્વરૂપ છે, જાણ્યા વિના જિંદગી ચાલી જાય છે એમ ને એમ. અનંતકાળ ગયો. આહાહા..! અનંત અનંત અવતાર દરેકના કર્યા.

તિર્યંચના, નરકના, એ મનુષ્ય થયો, દિગંબર સાધુ અનંતવાર થયો પણ આત્મજ્ઞાનમાં ધ્યાન ન આપ્યું. એ સિવાય ક્રિયાકાંડમાં રોકાય ગયો અને એમાં ધર્મ માન્યો. આહાહા..!

અહીં કહે છે, પરમાત્માને **'સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભુત વ્યવહારથી...'** આહાહા..! શું કહે છે ઇ? કેવળજ્ઞાન શુદ્ધ છે અને સદ્ભુત પોતાની પર્યાયમાં છે અને પર્યાય છે તો વ્યવહાર છે. તો શુદ્ધસદ્ભુતવ્યવહાર. શુદ્ધસદ્ભુતવ્યવહારનો મોટો અર્થ છે. આહાહા..! એ ત્રણ શબ્દનો મોટો અર્થ છે. શુદ્ધ-સદ્ભુત-વ્યવહાર. કેવળજ્ઞાની પરમાત્માને જ્ઞાન જે છે એ શુદ્ધ (છે), પણ પોતાની પર્યાયમાં છે તો સદ્ભુત. પણ દ્રવ્યની અપેક્ષાએ છે તો વ્યવહાર. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો કેવળજ્ઞાન વ્યવહાર, એને ઠેકાણે નીચલા વ્યવહાર કર્યા કરો અને એનાથી નીચે તમને થશે. એ બધી વાત તદ્દન વિપરીત છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે **'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** ભગવાન જે અરિહંત છે એ શુદ્ધસદ્ભુતવ્યવહાર... આહાહા..! નિશ્ચયથી નહિ, તેમ અશુદ્ધથી નહિ. શુદ્ધ પર્યાય પ્રગટી, પર્યાય. એ પર્યાય પ્રગટી છે એ કેવળજ્ઞાનની પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. આહાહા..! કેવળજ્ઞાન એક સમયમાં નાશ થાય છે. આહાહા..! એક સમયે પર્યાય ઉત્પન્ન થાય, એ પર્યાય બીજે સમયે નાશ થાય. બીજે સમયે તેવી-તેવી થાય, પણ તે નહિ. પહેલા સમયમાં જે કેવળજ્ઞાન છે તે કેવળજ્ઞાન બીજે સમયે નહિ. ત્રીજે સમયે તેવી થાય પણ તે નહિ. આવો કે દિ' વિચાર કરવા નવરાશ છે? ધંધા આડે પાપ એકલા આખો દિ'. આહાહા..!

અહીંથી ક્યાં જાવું છે? આ દેહ તો છૂટી જશે. જાવું છે તો ખરું. આ તો અનાદિઅનંત જીવ છે. દેહ છૂટી જશે. ક્યાંક અવતાર તો લેવો છે. ક્યાં જશે? ક્યાં લેશે? એની કાંઈ ચિંતા ન મળે. આહાહા..!

અહીં તો કેવળજ્ઞાનની શ્રદ્ધા કરાવવા અરિહંત પરમાત્મા ત્રિલોકનાથનું જ્ઞાન એ પણ વ્યવહાર છે. છે ને? **'શુદ્ધસદ્ભુતવ્યવહારથી કેવળજ્ઞાનાદિ...'** કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, આવા અનંત ચતુષ્ટય જે ભગવાનને પ્રગટ થાય છે, એવા આદિ અનંતગુણની પ્રગટ દશા. **'શુદ્ધ ગુણોના આધારભૂત...'** આહાહા..! **'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં...'** આહાહા..! એક તો કહે છે, પોતાના ગુણોના આધારે છે. એ કોઈ વિશ્વને આધારે નથી. આહાહા..! ભગવાનનું જ્ઞાન, અરિહંતનું કેવળજ્ઞાન વિશ્વની કોઈ ચીજને આધારે નથી. પોતાના ગુણને આધારે પ્રગટ થાય છે. આહાહા..!

**'વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં અને દેખતા હોવા છતાં, તે પરમ ભટ્ટારક કેવળીને મનપ્રવૃત્તિનો (મનની પ્રવૃત્તિનો, ભાવમનપરિણતિનો) અભાવ હોવાથી...'** આહાહા..! ભગવાન કેવળીને મન છે. જડ મન પરમાણુ છાતીમાં છે, પણ એ મનની પ્રવૃત્તિ નથી. આહાહા..!

હજી તો કેવળીની, દેવની ઓળખાણ કરાવે છે. દેવ આવા હોય. એ દેવની ઓળખાણ કરે તો કાંઈ સમકિત થાય એમ નથી. એ કાંઈ ધર્મ થાય એવું નથી. કેવળીની ઓળખાણ કરે તો હજી પુણ્ય થાય, ધર્મ નહિ. આહાહા..! જન્મ-મરણ રહિત થવાના ઉપાયની જાત જુદી છે. આ તો ફક્ત દેવ કેવા હોય અને એની શ્રદ્ધા બીજાઓ કરતા સત્ય કેવી રીતે છે, એ બતાવવા આ કહે છે. અને જેને આત્માનો નિશ્ચય થયો છે એને કેવળજ્ઞાની આવા હોય છે એવી વ્યવહારશ્રદ્ધા હોય છે. આહાહા..! કહો, 'હસમુખભાઈ'! આ તો ધૂળ આડે વિચાર કર્યો જ ન હોય. આખો દિ' પૈસા, ધૂળ ને માટી.

મુમુક્ષુ :– ધંધા વિના દાણા આવતા નથી.

ઉત્તર :– એક દાણો બીજા દાણાને અડતો નથી, પ્રભુ! સાંભળવી આકરી વાત છે. એક દાણો બીજા દાણાને અડતો નથી. એ હાથ દાણાને અડતો નથી. ભાઈ! હજી તત્ત્વની ખબર ન મળે. આ હાથ છે એ દાણાને અડતો નથી, સ્પર્શતો નથી. કેમકે આ ચીજ જુદી છે, એ ચીજ જુદી છે. એક દાણામાં બીજા દાણાનો અત્યંત અભાવ છે. તો એક દાણો બીજા દાણાને પણ અડતો નથી. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! ગજબ! ક્યાં જાવું? એક દાણો બીજા દાણાને અડતો નથી. ત્રીજી ગાથામાં છે. 'સમયસાર'ની ત્રીજી (ગાથા). આહાહા..!

એક દ્રવ્ય જે વસ્તુ છે એ પોતાનો ગુણ અને પર્યાયધર્મ જે શક્તિ છે એને ચૂંબે છે પણ પરદ્રવ્યને કદી ત્રણકાળમાં ચૂંબતું નથી. આહાહા..! આ શરીર બીજા શરીરને અડતું નથી. આ વાણી હોઠને અડતી નથી અને કાનને સ્પર્શતી નથી. ગજબ વાત છે, બાપુ! વીતરાગનો માર્ગ કાંઈક રહી ગયો ને કાંઈક ચલાવી લીધો છે. ભગવાને તો અનંત દ્રવ્ય દીઠા છે. કેવળજ્ઞાનીએ અનંત દ્રવ્ય (જોયા છે). તો અનંત ક્યારે રહે? કે અનંત પોતાની-પોતાની પર્યાય સહિત રહે. કોઈની પર્યાયની જરૂર નથી. કેમકે પર પણ પર્યાય વિના રહેતું નથી. પર્યાય એટલે અવસ્થા. દરેક દ્રવ્ય અવસ્થા વિના રહેતું નથી. કોઈપણ સમયે અવસ્થા વિના રહેતું નથી. આહાહા..!

આ લાકડી છે તે આંગળીને-હાથને આધારે નથી. ગજબ છે, પ્રભુ! માર્ગ આકરો, બાપા! હાથને આધારે આ નથી. એમાં-પર્યાયમાં છ ગુણ છે. લાકડાના એક પર્યાયમાં, એક અવસ્થામાં છ ગુણ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. આ લાંબી વાત છે મોટી. આહાહા..! વીતરાગનો એક અક્ષર અલૌકિક છે. દુનિયા ગાંડી કહે એવું છે. દુનિયા પાગલ. પાગલ ભગવાનની વાણીને પાગલ જેવું કહે છે. આને અડતો નથી. આ આંગળી આ લાકડીને અડતી નથી. આહાહા..! કેમ બેસે?

દાળ, ભાત, રોટલી દાઢને અડતા નથી. દાઢને આત્મા અડતો નથી. દાઢ રોટલીના બટકાને અડતી નથી. ગજબ વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ કોઈ જુદી જાતનો છે. એની ખબર જ નથી. એક એક દ્રવ્ય સ્વતંત્ર છે. આ કેવળજ્ઞાનની વાત ચાલે છે. કેવળજ્ઞાનીને વાંછા

નથી. ભાષા આવે છે પણ પોતામાં આનંદમાં છે. એનું પર ઉપર લક્ષ નથી. આહાહા..!

પ્રત્યેક પદાર્થ સ્વમાં રહે છે. પરપદાર્થને અડતા નથી. આ હાથ આ પુસ્તકને અડે છે? ના. આહાહા..! દુનિયાથી તો અલગ છે. દુનિયાની વાત... શરીરને આત્મા કદી અડ્યો નથી. અનંતકાળ થયો, અનંત શરીર થયા, અનંતા જન્મ-મરણ થયા, પણ આત્મા શરીરને અડ્યો નથી. કેમ બેસે વાત? આહાહા..! તેમ એ શરીર પણ આત્માને અડ્યું નથી, સ્પર્શ્યું નથી. બેય સ્વતંત્ર પોત પોતાના કારણે પર્યાયમાં પરિણમે છે. આહાહા..!

એમ આ ભગવાન પણ કેવળજ્ઞાનની પર્યાયમાં પોતાને કારણે પરિણમે છે. એ પરિણમવામાં વાંછા-બાંછા છે નહિ. આહાહા..! સાક્ષાત્ ભગવાન બિરાજે છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. વીસ તીર્થંકર, લાખો કેવળી બિરાજે છે. આહાહા..! સમવસરણમાં વાણી નીકળે છે. વાણી સાંભળવા ઇન્દ્રો આવે છે અને જંગલમાંથી વાઘ, સિંહ અને સર્પ આવે છે. વાઘ, સિંહ અને સર્પ. વાણી નીકળે એમાં ઇચ્છા નથી. વાણીને કારણે વાણી નીકળે છે. હું બીજાને વાણીથી સમજાવું એ વાત કેવળીને નથી. આહાહા..! અને નીચલી દશામાં હું બીજાને સમજાવું એવા પરિણામ (થાય છે એ) રાગના પરિણામ છે. આહાહા..! કઠણ વાત છે જગતને. એ રાગ છે. બીજાને સમજાવવાનો ભાવ, વિકલ્પ છે એ રાગ છે. છદ્મસ્થને પરિણામપૂર્વક વાણી નીકળે છે માટે એને બંધન છે. આહાહા..! ક્યાંનું ક્યાં!

અલ્પજ્ઞ પ્રાણીને પરિણામ ભાવપૂર્વક વાણી નીકળે માટે એને રાગ છે અને બંધન છે. કેવળીને ઇચ્છાપૂર્વક વાણી નીકળતી નથી. માટે એને રાગ નથી અને બંધન નથી. આહાહા..! આ કેવળી હજી ણમો અરિહંતાણં. પહેલું પદ હજી કેવડું છે એની ખબરું ન મળે. ણમો અરિહંતાણમ્... ણમો અરિહંતાણમ્... હાંકે જાય ગડિયો. એનો અર્થ શું? આહાહા..! એ વાત કહે છે, પ્રભુ!

**'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં અને દેખતા હોવા છતાં,...'** આહાહા..! **'તે પરમ ભટ્ટારક કેવળીને મનપ્રવૃત્તિનો (મનની પ્રવૃત્તિનો, ભાવમનપરિણતિનો) અભાવ...'** આહાહા..! છાતીમાં મન છે. એ મનની પ્રવૃત્તિ નથી. કેવળીને મનની પ્રવૃત્તિ નથી, વાણીની નથી, દેહની પ્રવૃત્તિ નથી. દેહ, વાણી ને મન એ જડ છે. જડની અવસ્થા જડથી થાય છે. જડની અવસ્થા આત્માથી ત્રણકાળમાં થતી નથી. આહાહા..! આ આંગળી આ પુસ્તકને અડે છે? ના. આહાહા..! સત્ય વાત સાંભળવી મુશ્કેલ પડી ગઈ. દુનિયા આડે રસ્તે ચડી ગઈ.

સર્વજ્ઞ ભગવાને જેટલા પદાર્થ જોયા છે એ બધા પદાર્થની પર્યાય પોતાના કાળે, પોતાથી, પરની અપેક્ષા વિના થાય છે. આહાહા..! એ તો 'સમયસાર'ની ત્રીજી ગાથામાં આવ્યું ને? પ્રત્યેક પદાર્થ, અનંત આત્મા અને અનંત પરમાણુ એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. છ

દ્રવ્ય ભગવાને જોયા છે. ભગવાને છ દ્રવ્ય જોયા છે. એમાં એક પણ દ્રવ્ય બીજાના દ્રવ્યને અડે નહિ, અડે નહિ. આહાહા..! આ કેમ બેસે? એ કેવળીએ કહ્યું છે. વાંછા વિના પણ કેવળીની વાણી આ પ્રમાણે આવી છે. એને સાચા દેવ માન્યા કહેવાય. પણ જેને દેવની જ ખબર નથી કે શું દેવ ને શું કેવળજ્ઞાન અને એણે શું કહ્યું? શું કહ્યું ખબર ન મળે. આહાહા..!

રોટલીના બે ટુકડા કરવાની શક્તિ આત્મામાં નથી. એ ટુકડા જડથી થાય છે. આત્મા માને કે મારાથી થયા છે એ મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. 'પંડિતજી'! દુનિયાથી જુદી વાત છે. આહાહા..! એક રોટલીના બે ટુકડા! અંદર આહાર લેવો એ તો છે જ નહિ. આત્મા આહાર લઈ શકતો નથી. એ તો પહેલા આપણે આવી ગયું છે. આહાર જડ છે. એ જડતત્ત્વ છે. ભગવાન આત્મતત્ત્વ છે. બે તત્ત્વ વચ્ચે ઘણું અંતર છે, અનંત અભાવ છે. એક તત્ત્વ, બીજા તત્ત્વને અડતું નથી તો બીજા તત્ત્વનું કાંઈ કરી શકે (એ તો ક્યાંથી બને?) આહાહા..! આ તો આખો દિ' દુકાન ઉપર બેઠો હોય તો.. એય..! 'મનસુખ'! મેં કર્યું... મેં કર્યું.. આ કર્યું... અમારી દુકાન પણ હતી ને, 'પાલેજ'માં. ત્યાં દુકાન (છે). અમારા ફઈના દીકરા છે. ભાગીદાર છે. અત્યારે મોટી દુકાન છે. દુકાનના થડા ઉપર બેસે તો આમ ચલાવ્યું, આમ ચલાવ્યું, એ ગ્રાહક, એ .. એ જાણે બધી ક્રિયા મારાથી થાય છે. આહાહા..! આત્મા તો પોતાના નિર્મળ પરિણામ કરો કે મલિન પરિણામ કરો, એ સિવાય ત્રીજી ચીજ કરી શકતો નથી. આહાહા..! દુનિયાથી જુદી ચીજ છે. આહાહા..! એ અહીં કહે છે.

મનપૂર્વક પ્રવૃત્તિ ભગવાનની નથી. વાણી નીકળે છતાં મનપૂર્વક નહિ. આહાહા..! એને સર્વજ્ઞદેવ કહીએ. સર્વજ્ઞદેવ સર્વજ્ઞદેવ આમ ભાષામાં માને (પણ) એનું સ્વરૂપ તો જાણે નહિ.

**'કેવળીને મનપ્રવૃત્તિનો (મનની પ્રવૃત્તિનો, ભાવમનપરિણતિનો)...'** એનો અર્થ કર્યો. એક દ્રવ્યમન છે, એક ભાવમન છે. અહીં છાતીમાં દ્રવ્યમન રજકણ છે. જેમ હોઠ છે, શરીર છે, માટી આ ધૂળ છે, એવી આ છાતીમાં ધૂળ છે. મનની ધૂળ છે. જેમ આ ધૂળ-માટી છે ને? આખું શરીર બધું ધૂળ (છે). તમારા પૈસા-બૈસા બધા ધૂળ-માટી. એ માટી મારી છે, એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! આવી વાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનો સ્વામી થાય–ધણી થાય. એ મારા પૈસા છે, મેં આ પૈસાનો આવો ધંધો કર્યો, ભગવાન કહે છે, મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે, મૂરખ છે. અમે કહીએ છીએ એ જ્ઞાયક તત્ત્વની એને ખબર નથી. તત્ત્વનું સ્વરૂપ શું છે એની એને ખબર નથી. એ અહીં કહે છે.

ભાવમન નથી. ભગવાનને દ્રવ્યમન તો છે. છાતીમાં અનંત પરમાણુનું (બનેલું દ્રવ્યમન છે), પણ એની પ્રવૃત્તિ નથી. અને ભાવમનથી પ્રવૃત્તિ નથી અહીં તો એમ કહે છે. ભાવમનમાં સંકલ્પ-વિકલ્પ થાય છે. આહાહા..! આ તો હજી અરિહંતદેવ પ્રથમ ણમો અરિહંતાણંને ઓળખાવે છે. **'અભાવ હોવાથી ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી;...'** ભગવાનને ઇચ્છાપૂર્વક હલન-

ચલન ઇચ્છાપૂર્વક નથી. બોલવું ઇચ્છાપૂર્વક નથી. આહાહા..!

એના પગ પોતાથી ચાલે છે, આત્માની પ્રેરણાથી પગ ચાલતા નથી. અહીં જે પગ આ જમીન ઉપર ચાલે છે... દુનિયામાં આકરી વાત છે, પ્રભુ! એ પગ જમીનને અડતા નથી. આ પગ ચાલે છે તો એ પગ જમીનને અડતા નથી. જમીન એને અડતી નથી. આકરું છે. દુનિયામાં ગાંડા... આહાહા..! આ અમે પ્રત્યક્ષ ચાલીએ અને દેખીએ છીએ ને. પ્રભુ! સાંભળ-સાંભળ. એક ચીજ અને બીજી ચીજ વચ્ચે અન્યોન્યઅભાવ છે. પગના પરમાણુ માટી-ધૂળ અને આ નીચે પરમાણુની ધૂળ, દરેક પરમાણુ પરમાણુ વચ્ચે અન્યોન્યઅભાવ છે. અભાવમાં એકબીજાને સ્પર્શ કરે છે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! ગજબ વાત છે. લોકો તો ગાંડા જ કહે. 'હસમુખભાઈ'! એમાં પૈસાવાળા, કરોડપતિ અને અબજપતિ હોય... આહાહા..! માથા ફરી જાય. કરોડ ને પૈસા ધૂળમાંય નથી. અહીં મન જડ છે એ તારું નથી, વાણી તારી નથી, દેહ તારો નથી. આ તો હાડકાની ચીજ છે. આ અજીવ અને માટીની ચીજ છે. આ તો મહાણમાં રાખ થાશે. આહાહા..! અને તું ઊડીને ચાલ્યો જઈશ ક્યાંક. ભાન વિનાનો કાંઈ કરીશ નહિ, આત્માની કાંઈ ઓળખાણ નહિ કરે (તો) મરીને ક્યાંય ચોર્યાશીના અવતારમાં ચાલ્યો જઈશ. ત્યાં કાંઈ કુદરત મદદ નહિ કરે. આહાહા..!

અહીં કહે છે કે ભગવાનને **'ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી; તેથી તે ભગવાન 'કેવળજ્ઞાની' તરીકે પ્રસિદ્ધ છે;...'** આહાહા..! ઇચ્છાપૂર્વક બોલવા, ચાલવાની પ્રવૃત્તિ ભગવાનને હોતી નથી. વાણી વાણીને કારણે નીકળે છે. આ વાણી પણ અત્યારે વાણીથી નીકળે છે એ આત્માથી નહિ. આ હોઠથી પણ નહિ. વાણીના પરમાણુ છે એનાથી વાણી નીકળે છે. આહાહા..! આવું સમજવું... સંસારમાં ગળા સુધી ગરી ગયો હોય. આખો દિ' આ હોળી સળગતી હોય. ભલે પાંચ-દસ હજાર પેદા થતા હોય દિવસના, એમાં તો આમ થઈ જાય કે આહાહા..! ચડી ગયા અમે તો જાણે ક્યાંય. આહાહા..!

અહીં કહે છે કે એક પરમાણુને બીજો પરમાણુ અડતો નથી તો આત્મા કેવળજ્ઞાની ભગવાન એ મનની પ્રવૃત્તિથી કામ લેતા નથી. આહાહા..! એને ઇચ્છાની વાંછા અને ભાવમન છે જ નહિ. એને અરિહંતદેવ કહે છે. આહાહા..! પરમાત્મા બિરાજે છે. 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ સાક્ષાત્ અત્યારે મહાવિદેહમાં બિરાજે છે. સમવસરણ હોય છે. ઇન્દ્ર, વાઘ, સિંહ વ્યાખ્યાનમાં જાય છે. ભગવાનની વાણી મનની પ્રવૃત્તિથી નથી. તેમ હું બોલું માટે આ વાણી છે એમ પણ નથી. આ સભા ભરાણી છે માટે હું બોલું એમ પણ નથી. આહાહા..! ભારે આકરું કામ, પ્રભુ! વાણી જડ છે. પ્રભુ ચૈતન્ય ભિન્ન છે. વાણીના એક એક પરમાણુ સ્વતંત્ર જડ છે. એક એક પરમાણુ જડ છે. બીજા પરમાણુનું કાંઈ કરી શકે નહિ. આત્મા એનું કરી શકે એ મૂર્ખની માન્યતા છે અનાદિની. એને લઈને આ ચોર્યાશીના અવતારમાં રઝળે છે. ચોર્યાશીના અવતાર કીડા, કાગડા, કૂતરા, ભૂંડના અનંત અવતાર કર્યા, બાપુ! આત્મા

અનાદિઅનંત છે. દેહ નાશ પામશે. દેહ નાશ થઈને આત્મા કાંઈ મરી નહિ જાય. જાશે કાંઈક રખડવા. આહાહા..! અને પાછું મનુષ્યપણું અનંતે કાળે મળવું મુશ્કેલ છે. આહાહા..!

એ અહીં કહે છે. કેવળજ્ઞાનીનો નિર્ણય હજી કર. કેવળજ્ઞાનીને **'ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી; તેથી તે ભગવાન 'કેવળજ્ઞાની' તરીકે પ્રસિદ્ધ છે;...'** તેથી તે ભગવાન છે. આ કારણે. ઇચ્છાપૂર્વક નહિ, મનની પ્રવૃત્તિથી નહિ, ભાષા (નહિ), તેથી ભગવાન કેવળજ્ઞાનમાં પ્રસિદ્ધ છે. **'વળી તે કારણે ભગવાન અબંધક છે.'** ઇચ્છા વિના વાણી નીકળે છે. અનંત તીર્થંકર થયા. વર્તમાન મહાવિદેહમાં મોજૂદ બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે. બધાની ઇચ્છા વિના વાણી નીકળે છે અને એમને ઇચ્છા નથી માટે બંધન પણ નથી. હું એને સમજાવું એવી ઇચ્છા ભગવાનને નથી. આહાહા..! સભા ભરાણી છે માટે હું ભાષણ કરું. પ્રભુ! એ ઇચ્છા છે. એ રાગ ભગવાનને હોતો નથી. આહાહા..!

પ્રભુ! તારી મોટપનો પાર નથી પણ હવે તને ખબર નથી. તું કોણ છો અંદર? એ કેવળજ્ઞાનીનો દીકરો તો કેવળજ્ઞાન છે અંદર. એ માટે અહીં કહે છે, કેવળજ્ઞાની આવા હોય અને તું પણ કેવળજ્ઞાની આવો થઈશ. જો આ રીતે અનુભવ કર્યો કે આત્મા રાગથી, પરથી તદ્દન ભિન્ન છે, પોતાના આનંદનો સ્વાદ લેનાર છે. આત્મા પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ (લેનાર છે). આ વિષયનો સ્વાદ છે એ તો ઝેરીલો સ્વાદ છે. ઝેરનો પ્યાલો પીવે છે. આહાહા..! અને આ ધર્મ કરે ત્યારે અંદરથી અમૃતનો પ્યાલો આવે છે. એ અમૃતના પ્યાલાની અમૃત પૂર્ણદશા એ કેવળજ્ઞાન છે. આહાહા..! એ કેવળજ્ઞાની બતાવીને દેવની શ્રદ્ધા કરાવે છે કે દેવ આવા હોય. જેને ઇચ્છા નથી. સમવસરણ ભરાય કે વાણી કરું કે બોલું કે પ્રરુપવું. આહાહા..! વાણી પણ એ કરતા નથી ને. વાણી જડ છે. આત્મા ચૈતન્ય જડને કરી શકે નહિ, અડતો નથી ને. ચૈતન્ય ભાષાને અડતો નથી. આ વાત આવી! અર..ર..! જગત ક્યાં! વસ્તુસ્થિતિ ક્યાં! પરમાત્મા સર્વજ્ઞદેવ, એમણે કહેલું તત્ત્વ ક્યાં અને દુનિયા ક્યાં માનીને રખડે છે. ચોર્યાશીના અવતારમાં અનંતકાળથી રખડે છે. નરક ને નિગોદ ને ભૂંડ ને કાગડાના અવતાર કરી કરીને અનંતા અનંતા કર્યા. અનાદિકાળનો છે. આ ભવ કાંઈ પહેલો નથી. આ ભવ પહેલા ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ક્યાંય અંત નહિ એટલા ભવ (કર્યા છે). આહાહા..! એ સત્ય–સાચા જ્ઞાન વિના, સત્યજ્ઞાન વિના એ ચોર્યાશી લાખમાં રખડવું પડ્યું. એ કહ્યું.

**'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૨મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु।**
**जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो।**

ઉપર શ્લોક છે. એનો અર્થ છે નીચે. **'(કેવળજ્ઞાની)...'** ભગવાન, સર્વજ્ઞ પરમાત્મા, અરિહંતદેવ **'પદાર્થોને જાણતો હોવા છતાં...'** પદાર્થોને જાણતો હોવા છતાં **'તે-રૂપે પરિણમતો નથી,...'** આહાહા..! શરીરરૂપે, વાણીરૂપે, મનરૂપે ભગવાન પરિણમતા નથી. આહાહા..! કેમકે અરૂપી ચૈતન્યપ્રભુ ભગવાન અંદર છે. અરૂપી. અહીંયાં પણ આ દેહને આત્મા અડતો નથી. આત્મા દેહને અડ્યો નથી અને દેહ આત્માને અડ્યો નથી. અહીંયાં પણ. પણ એ ક્યાં સાંભળ્યું છે? અમે જાણે આ કામ કરીએ આ બધું. આહાહા..! અજ્ઞાન અને મૂંઢતા અનાદિકાળની. અનંતવાર ઊંધું કર્યું છે.

અહીં કહે છે **'(કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી,...'** જ્ઞેયો જે જાણવાલાયક અનંત છે, એને જાણતો હોવા છતાં જાણવાલાયક ચીજરૂપે થતો નથી. શું કહ્યું? ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા જ્ઞેય અનંત છે એને જાણતો હોવા છતાં, જ્ઞેય જાણવા છતાં તે રૂપ નથી થતા. જ્ઞેય જ્ઞેયરૂપે રહે છે, જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે. આહાહા..! અનંતબળના ધણી છે ને. ભગવાન તો અનંતબળના ધણી છે. એ અનંતબળનો ધણી કાંઈ ન કરી શકે? કરી શકે પોતામાં. અનંતો પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. પરનો એક રજકણ પણ ફેરવવાની તાકાત, એક તણખલાના બે કટકા કરવાની તાકાત આત્મામાં ત્રણકાળ, ત્રણલોકમાં નથી. માને છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

**'આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી,...'** જાણે એટલે એ રૂપે થઈ જાય એમ થતું નથી. **'તેમને ગ્રહતો નથી...'** ભગવાન સર્વ લોકને જાણે પણ ગ્રહતા નથી. આહાહા..! **'તે-રૂપે પરિણમતો નથી,..'** એ જડને અને ચૈતન્યને ગ્રહણ નથી કરતા. ભાષાને એ ગ્રહણ નથી કરતા. આહાહા..! એ પ્રશ્ન ત્યાં 'પાલીતાણા'માં ઉઠ્યો. કેવળી ભાષા ગ્રહે. પહેલા સમયે ગ્રહે, બીજા સમયે છોડે. તે દિ'. કેટલા ઘણા વર્ષ થઈ ગયા. કયુ વર્ષ? (સંવત) ૧૯૯૫? ૧૯૯૫-૯૫. ૧૯૯૫ની સાલમાં ગયા હતા ને? અહીં તો ૪૫ વર્ષ થયા. સવા પીસ્તાલીસ. તે દિ' ત્યાં ગયા હતા. આમ તો શરીરને ૯૧ વર્ષ થયા. શરીરને ૯૧, સવા ૯૧ થયા. આ ધૂળને ૯૧ વર્ષ (થયા). આહાહા..! તે દિ' ત્યાં ગયા હતા ત્યારે ત્યાં પ્રરૂપણા તો કરી હતી. સભા ભરાણી છે મોટી. ગામમાં 'રામવિજય' અને એના આચાર્ય (હતા). (એ એમ કહે), એમ નહિ. ભગવાન વાણી પહેલે સમયે ગ્રહે, બીજે સમયે છોડે. કીધું ગ્રહે-બ્રહે બિલકુલ નહિ. જડને આત્મા ગ્રહે નહિ ને જડને આત્મા છોડે નહિ. એ ૧૯૯૫ની સાલની વાત છે. ૪૨ વર્ષ થયા. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં આવ્યું ને? **'તે-રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી...'** વાણીને આત્મા ગ્રહતો નથી. અરે..રે..! આવી વાતું! વાણી જડ છે. મન અહીં છે એ જડ, માટી, ધૂળ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ એ ધૂળને અડતા નથી. આહાહા..! એને પરિણામ છે જ નહિ. ગ્રહતા નથી.

મન આદિને પણ ભગવાન ગ્રહતા નથી. આહાહા..! એક યથાર્થ અંદર આવું જ્ઞાનસ્વરૂપ બેસે એને જન્મ-મરણ ટળ્યા વિના રહે નહિ. પણ યથાર્થ–જેમ છે તેમ. પોતાની કલ્પના ક્યાંય પણ રાખીને માને એ ચોર્યાશીના અવતારમાં રખડી મરવાના છે. આહાહા..!

અહીં કહે છે, એ પરરૂપ તો પરિણમિત થતા નથી. એને ગ્રહણ કરતા નથી. **'અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી...'** આહાહા..! કેવળજ્ઞાની અરિહંત ભગવાન લોકને જાણે છે પણ એ લોકરૂપે પરિણમતા નથી. આહાહા..! પોતાની પર્યાયમાં પોતાથી પરિણમે છે. પરને જાણે-દેખે છે એ પણ વ્યવહાર છે. પોતાને જાણે એમાં લોકાલોક જણાય જાય છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ કેવળી પરમાત્માએ જે આત્મા કહ્યો એ આત્માને અંદર જાણ્યો એમાં સ્વ અને પર લોકાલોકનું જ્ઞાન પોતાથી પોતામાં થાય છે. એ પરપદાર્થથી નહિ. આહાહા..! બહુ ઝીણું. જાણવામાં પરપદાર્થ પણ નહિ. જાણવામાં અહીં જ્ઞાન એના આત્માનો ગુણ છે. આ જ્ઞેય જેને જાણે એનો એ (ગુણ) નથી. આહાહા..!

આત્મા સિવાય જેટલા જ્ઞેય છે, ભગવાનથી માંડીને બીજા કોઈપણ જ્ઞેય, એ કોઈ જ્ઞેયમાં ઇષ્ટતા-અનિષ્ટતા છે નહિ. આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે એવું જ્ઞેયમાં નથી. આહાહા..! એવો બધા જ્ઞેયનો સ્વભાવ ભગવાન કેવળજ્ઞાનમાં એક સમયે જાણે છે. પણ આ હેય છે અને આ ઉપાદેય છે, એમ ભગવાનને નથી. આહાહા..! ઓલાના ભગવાન તો જગતના કર્તા છે. ઈશ્વરકર્તા. આના ભગવાન વાણીના કર્તા, ચાલવાના કર્તા. બધા એક જ .... આહાહા..! અહીંયાં તો વાણી અને શરીરનો કર્તા પણ આત્મા નહિ. આહાહા..! જગતથી ઊંધું છે. જગત ઊંધું છે એનાથી આ ઊંધું છે. આહાહા..!

એક સમયમાં પરમાત્મા ઇચ્છા વિના પરને જાણવા છતાં પરરૂપે પરિણમતા નથી, પરને ગ્રહતા નથી અને પરમાં ઉત્પન્ન થતા નથી. ત્રણ બોલ સમજાય છે? ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે. છતાં તે રૂપે પરિણમે નહિ. પરરૂપે થાય નહિ. પરરૂપે થતા નથી અને એને ગ્રહતા નથી. આહાહા..!

ક્યાં આકાશ અનંત.. અનંત.. આકાશ. આ રહે છે એ તો અસંખ્ય યોજનમાં જ આ છે. જડ-ચૈતન્યની સ્થિતિ અસંખ્ય યોજનમાં છે. પછી અનંત યોજન, દશે દિશા ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... આકાશ. અનંત આકાશ ચાલ્યા જાવ.. ચાલ્યા જાવ... ક્યાંય અંત નથી. આ ચૌદ બ્રહ્માંડ છે એ તો ચૌદ રાજુલોકમાં અસંખ્ય યોજનમાં જ છે. પછી અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આકાશ છે એ સર્વને જાણે. આકાશ અનંત છે, અમાપ છે. દશે દિશામાં આકાશનો અંત ક્યાં? ચારે બાજુ દિશામાં આકાશ અંત વિનાનું છે. વચ્ચે ચૌદ બ્રહ્માંડ રાય જેટલું છે. ચૌદ રાજુલોક. એ આકાશને પણ એક સમયમાં જાણે છે. આહાહા..! કેવળજ્ઞાની એક સમયમાં (જાણે છે). એ આકાશનો અંત નથી. અંત નથી એમ અંત નથી એમ જાણે છે. અંત નથી. અંત છે એમ જાણે છે એમ છે નહિ.

શું કહ્યું? આકાશનો અંત નથી. તો અંત નથી એમ જાણે છે. ક્યાંય એનો અંત છે? અંત ક્યાં? આકાશ પછી શું? પછી શું? પછી શું? પછી શું? આહાહા..! એ બધાને જાણે છે પણ એ રૂપે પરિણમતા નથી, એને ગ્રહતા નથી, એ રૂપે ઉત્પન્ન થતા નથી. આહાહા..!

**'તેને અબંધક કહ્યો છે.'** તેથી ભગવાનને અબંધક કહ્યા છે. ભગવાન છે. દેહ (છે), ભલે વાણી નીકળતી હોય. વાણી ને શરીર સાથે કાંઈ સંબંધ નથી. શરીર એકલું છે. ભગવાનને આહાર નથી, પાણી પણ નથી, રોગ નહિ, દવા નહિ, કાંઈ નહિ. આહાહા..! એક શરીરમાત્ર છે એ સ્થિતિ પ્રમાણે રહેશે. છૂટશે ત્યારે મોક્ષ થશે. શરીરસહિત હોય એને અરિહંત કહેવામાં આવે છે. 'મહાવીર' આદિ ભગવાન અત્યારે સિદ્ધપદે છે. અત્યારે અરિહંતપદે નથી. અત્યારે અરિહંતપદે ભગવાન છે. આહાહા..!

ભગવાન જ્યારે શરીરસહિત વિચરતા હતા ત્યારે પણ અરિહંત શરીરસહિત કેવળજ્ઞાની હતા. અને આ મહાવિદેહમાં... આહાહા..! ભગવાન બિરાજે છે. એ પણ શરીરસહિત હોવાથી શરીરસહિત છે. આહાહા..! એની વાણી-બાણી કોઈ કરતા નથી. વાણી વાણીને કારણે નીકળે. આહાહા..! આત્મા વિના વાણી નીકળે? આ ભીંતમાંથી નીકળવી જોઈએ. એવો પ્રશ્ન આવ્યો છે. અહીં તો ૪૫ વર્ષ થયા. અહીં આ જંગલમાં સવા ૪૫ વર્ષ જંગલમાં થયા. ૪૫ વર્ષે આવ્યા હતા. ૪૫ વર્ષે આવ્યા હતા અને સવા ૪૫ થયા. ૯૧ ચાલે છે. ૯૧-૯૧. માતાના ગર્ભમાં આવ્યા એને કાલે ૯૨ વર્ષ થઈ ગયા. જ્યાંથી ભગવાન પાસેથી આવ્યા ત્યાંથી.

'સીમંધર' ભગવાન બિરાજે છે ત્યાં હતા. ત્યાંથી અહીં આવ્યા છીએ. એ દિવસ કાલે હતો. કાલે ૯૨મા (વર્ષનો) દિવસ હતો. પરમાત્માના વિરહ છે. પરિણામ એવા રહ્યા નહિ. સભામાં જતાં, ભગવાનની સાક્ષાત્ વાણી અનેકવાર સાંભળી. છેલ્લે મરતા... રાજકુમાર હતા. હાથી-ઘોડા ઘરે, મોટું રાજ, અબજોની પેદાશનું, પણ મરતા પરિણામમાં જરી ફેરફાર પડી ગયો એટલે અહીં આવ્યા. ગરીબ કાઠિયાવાડ દેશમાં. આહાહા..! આ વાત જ જુદી છે, પ્રભુ! ત્રણલોકના નાથની કરેલી છે. આહાહા..! દુનિયાને જરા આકરું લાગે. આ વળી નવું ક્યાંથી કાઢ્યું? અત્યાર સુધી તો કોઈ કહેતા નહોતા. આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. આ આંગળી આને અડે નહિ. કોણ માને? એ વીતરાગે કહ્યું છે અને એ વીતરાગ... આહાહા..! અબંધક છે. આમ કહ્યું છે છતાં અબંધક છે. એના પરિણામમાં રાગ નથી. એ બધી વાણી ઇચ્છા વિના નીકળી છે. પરમાત્માને ઇચ્છા વિના વાણી નીકળે છે માટે બંધક નથી.

'વળી (આ ૧૭૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'

## શ્લોક-૨૮૮

(मंदाक्रांता)

जानन् सर्वं भुवनभवनाभ्यन्तरस्थं पदार्थं
पश्यन् तद्वत् सहजमहिमा देवदेवो जिनेशः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति नित्यं
ज्ञानज्योतिर्हतमलकलिः सर्वलोकैकसाक्षी।।२८८।।

**[શ્લોકાર્થ :-] સહજમહિમાવંત દેવાધિદેવ જિનેશ લોકરૂપી ભવનની અંદર રહેલા સર્વ પદાર્થોને જાણતા હોવા છતાં, તેમ જ દેખતા હોવા છતાં, મોહના અભાવને લીધે સમસ્ત પરને (-કોઈ પણ પર પદાર્થને) નિત્ય (-કદાપિ) ગ્રહતા નથી જ; (પરંતુ) જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ ક્લેશનો નાશ કર્યો છે એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી (-કેવળ જ્ઞાતાદૃષ્ટા) છે.**

## શ્લોક-૨૮૮ ઉપર પ્રવચન

जानन् सर्वं भुवनभवनाभ्यन्तरस्थं पदार्थं
पश्यन् तद्वत् सहजमहिमा देवदेवो जिनेशः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति नित्यं
ज्ञानज्योतिर्हतमलकलिः सर्वलोकैकसाक्षी।।२८८।।

આહાહા..! શું કહે છે? **'સહજમહિમાવંત દેવાધિદેવ જિનેશ લોકરૂપી ભવનની અંદર...'** લોક આખા બ્રહ્માંડની અંદર ભગવાન છે. ભગવાન કંઈ લોકની બહાર નથી. લોકની અંદર રહે છે. ચૌદ બ્રહ્માંડ છે એમાં ભગવાન છે. આહાહા..! છે? આ બાજુ શ્લોક. **'સહજમહિમાવંત...'** જેના આનંદ અને જ્ઞાનની મહિમા સ્વભાવિક છે. કોઈ એને ઉપમા આપી શકે એવી એ ચીજ નથી. એવો જ પ્રભુ આ આત્માનો સ્વભાવ છે. જેવા એ ભગવાન છે એવો જ આ ભગવાન છે. એવા બધા ભગવાન છે. આહાહા..!

એ અહીં કહે છે કે ભગવાન **'લોકરૂપી ભવનની અંદર...'** નથી રહેતા. એ લોકમાં નથી રહેતા. અલોકમાં રહે છે? **'લોકરૂપી ભવનની અંદર સર્વ પદાર્થોને જાણતા હોવા છતાં,...'**

લોકરૂપી ભવનની અંદર રહે ભલે, **'સર્વ પદાર્થોને જાણતા હોવા છતાં, તેમ જ દેખતા હોવા છતાં, મોહના અભાવને લીધે...'** આહાહા..! એ તો પોતામાં છે. ભાષા આકાશમાં છે. એ ભાષા નીકળે છે એ જડથી નીકળે છે. **'મોહના અભાવને લીધે સમસ્ત પરને (–કોઈ પણ પર પદાર્થને) નિત્ય (-કદાપિ) ગ્રહતા નથી જ;...'** આહાહા..!

ભગવાન પોતાના હાથને પણ ઊંચા કરી શકતા નથી. આહાહા..! ભગવાન ચાલી શકે નહિ, ચાલી શકે નહિ. આકાશમાં અદ્ધર ચાલે છે. એ જડની પર્યાયથી જડ ચાલે છે. આત્મા તો એનો જાણનાર-દેખનાર છે. આહાહા..! આ કહેવાનું કારણ એ કે બધાનો આત્મા એવો છે. આહાહા..! ભગવાનની વાત ચાલે છે પણ આત્મા બધા ભગવાન અંદર છે. ચૈતન્યસ્વરૂપી પૂર્ણ ભગવાન બિરાજે છે પણ ખબર ન મળે રાંકને. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ વીર્યનો પિંડ પ્રભુ અંદર આત્મા છે. એ છે એ પ્રગટ થાય છે. ન હોય એમાંથી પ્રગટે નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદર બધા ભગવાન છે. આહાહા..! આખી દુનિયા દ્રવ્યદૃષ્ટિથી જુઓ, દ્રવ્ય એટલે એનો સ્વભાવ દૃષ્ટિથી જુઓ તો એ બધા ભગવાન છે. પર્યાયમાં વિકાર છે એને લઈને રખડે છે. આહાહા..!

હજી પર્યાય શું કહેવાય? ને દ્રવ્ય શું કહેવાય? (એની ખબર ન હોય). આહાહા..! દ્રવ્ય–વસ્તુ. કાયમ રહેનારી વસ્તુને દ્રવ્ય કહીએ. અને એ દ્રવ્યની વર્તમાન અવસ્થા, હાલત, દશા થાય. હાલત, અંશ, પરિણમનને પર્યાય કહીએ. આહાહા..! એ અહીં કહે છે.

**'મોહના અભાવને લીધે સમસ્ત પરને (–કોઈ પણ પર પદાર્થને) નિત્ય (-કદાપિ) ગ્રહતો નથી જ;...'** આહાહા..! પૂર્ણ દશા પ્રગટ થઈ તો કોઈને ગ્રહતા નથી કે આ મારો શિષ્ય છે. ભગવાન તો એવા છે. એ તો વીતરાગ પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપના અનુભવમાં છે. પરને જાણે છે એ પણ વ્યવહાર છે. પરનો તો કર્તા નથી. પોતાના સિવાય કોઈ પર ચીજ, ભગવાનને આહાર ને પાણી ને રોગ ને એ તો હોય જ નહિ. આહાહા..! પણ ભગવાન એને અડતા પણ નથી. આહાહા..! એવા જે ભગવાન પરપદાર્થને નિત્ય ગ્રહતા નથી. લ્યો!

ત્યાં (સંવત) ૧૯૯૫માં. 'રામવિજય' ત્યાં હતા. (એ કહે), ભગવાન પહેલા સમયે વાણી ગ્રહણ કરે અને બીજે સમયે છોડે. ૧૯૯૫ની વાત છે. ૪૨ વર્ષ થયા. કીધું, એ વાત ખોટી છે. ભગવાન ગ્રહણ કરે અને છોડે, એ છે જ નહિ. ભગવાન વાણી ગ્રહણ કરે અને છોડે (એ ખોટી વાત છે). સાંભળનારને ખબર ન હોય ને જય નારાયણ કરે. સાંભળનારને ખબર ન હોય કે ભગવાનને વાણી નીકળે? વાણી ન બોલે? વાણી ગ્રહે ત્યારે બોલે ને? વાણીને ગ્રહે નહિ, વાણીને છોડે નહિ, વાણીપણે પરિણમે નહિ, વાણીને પકડે નહિ. આહાહા..! આ તો હજી ણમો અરિહંતાણં, એની આ વ્યાખ્યા છે. એવી વ્યાખ્યા આ આત્માની છે. ક્યાં દરકાર છે? આ દુનિયાની ધૂળ જરી મળે, પાંચ-પચ્ચીસ લાખ જ્યાં (મળે) અને છોકરા કાંઈક ઠીક હોય ને બાયડી (રૂપાળી હોય)... થઈ રહ્યું. પડ્યો કૂવામાં. આહાહા..! અંદર

ભિન્ન ભગવાન છે.

કેવળજ્ઞાની સર્વને જાણે છતાં કોઈને ગ્રહે નહિ. તો તું પણ આત્મા છો. તું આત્મા પણ કોઈને ગ્રહણ અને ત્યાગ કરી શકતો નથી. સમજાણું કાંઈ? જુઓ! છે ને? **'મળરૂપ ક્લેશનો નાશ કર્યો છે...' 'મોહના અભાવને લીધે સમસ્ત પરને (-કોઈ પણ પર પદાર્થને) નિત્ય (-કદાપિ) ગ્રહતા નથી જ; (પરંતુ) જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ ક્લેશનો નાશ કર્યો છે એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી (-કેવળ જ્ઞાતાદૃષ્ટા) છે.'** જાણનાર દેખનાર છે. પોતાના સિવાય કોઈ શિષ્ય આદિને દેતા-લેતા નથી. વાણી છે નહિ. એકલા વીતરાગ છે. એને અરિહંતપદ કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૭૩-૧૭૪

**परिणामपुव्ववयणं जीवस्स य बंधकारणं होइ।**
**परिणामरहियवयणं तम्हा णाणिस्स ण हि बंधो।।१७३।।**
**ईहापुव्वं वयणं जीवस्स य बंधकारणं होइ।**
**ईहारहियं वयणं तम्हा णाणिस्स ण हि बंधो।।१७४।।**

परिणामपूर्ववचनं जीवस्य च बंधकारणं भवति।
परिणामरहितवचनं तस्माज्ज्ञानिनो न हि बंधः।।१७३।।

ईहापूर्वं वचनं जीवस्य च बंधकारणं भवति।
ईहारहितं वचनं तस्माज्ज्ञानिनो न हि बंधः।।१७४।।

इह हि ज्ञानिनो बंधाभावस्वरूपमुक्तम्।

सम्यग्ज्ञानी जीवः क्वचित् कदाचिदपि स्वबुद्धिपूर्वकं वचनं न वक्ति स्वमनःपरिणामपूर्वकमिति यावत्। कुतः? अमनस्काः केवलिनः इति वचनात्। अतः कारणाज्जीवस्य मनःपरिणतिपूर्वकं वचनं बंधकारणमित्यर्थः, मनःपरिणामपूर्वकं वचनं केवलिनो न भवति; ईहापूर्वं वचनमेव साभिलाषात्मकजीवस्य बंधकारणं भवति, केवलिमुखारविन्दविनिर्गतो दिव्यध्वनिरनीहात्मकः समस्तजनहृदयाह्लादकारणम्; ततः सम्यग्ज्ञानिनो बंधाभाव इति।

પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.

અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.

અન્વયાર્થ :– [ परिणामपूर्ववचनं ] પરિણામપૂર્વક (મનપરિણામપૂર્વક) વચન [ जीवस्य च ] જીવને [ बंधकारणं ] બંધનું કારણ [ भवति ] છે; [ परिणामरहितवचनं ] (જ્ઞાનીને) પરિણામરહિતવચન હોય છે [ तस्मात् ] તેથી [ ज्ञानिनः ] જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) [ हि ] ખરેખર [ बंधः न ] બંધ નથી.

[ ईहापूर्वं ] ઇચ્છાપૂર્વક [ वचनं ] વચન [ जीवस्य च ] જીવને [ बंधकारणं ] બંધનું કારણ [ भवति ] છે; [ ईहारहितं वचनं ] (જ્ઞાનીને) ઇચ્છારહિત વચન હોય છે [ तस्मात् ] તેથી [ ज्ञानिनः ] જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) [ हि ] ખરેખર [ बंधः न ] બંધ નથી.

ટીકા :– અહીં ખરેખર જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધના અભાવનું સ્વરૂપ કહ્યું છે.

સમ્યગ્જ્ઞાની (કેવળજ્ઞાની) જીવ ક્યાંય ક્યારેય સ્વબુદ્ધિપૂર્વક અર્થાત્ સ્વમનપરિણામપૂર્વક વચન બોલતો નથી. કેમ? 'अमनस्काः केवलिनः (કેવળીઓ મનરહિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. આ કારણથી (એમ સમજવું કે)—જીવને મનપરિણતિપૂર્વક વચન બંધનું કારણ છે એવો અર્થ છે અને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી; (વળી) ઇચ્છાપૂર્વક વચન જ *સાભિલાષસ્વરૂપ જીવને બંધનું કારણ છે અને કેવળીના મુખારવિંદમાંથી નીકળતો, સમસ્ત જનોનાં હૃદયને આહ્‌લાદના કારણભૂત દિવ્યધ્વનિ તો અનિચ્છાત્મક (ઇચ્છારહિત) હોય છે; માટે સમ્યગ્જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધનો અભાવ છે.

---

પ્રવચન નં. ૨૦૫, ગાથા–૧૭૩-૧૭૪, શ્લોક–૨૮૯-૨૯૦, ગુરુવાર, અષાઢ વદ ૧૨, તા.૦૭-૦૮-૮૦

---

૧૭૩-૧૭૪. 'નિયમસાર'.

परिणामपुव्ववयणं जीवस्स य बंधकारणं होइ।
परिणामरहियवयणं तम्हा णाणिस्स ण हि बंधो।।१७३।।
ईहापुव्वं वयणं जीवस्स य बंधकारणं होइ।
ईहारहियं वयणं तम्हा णाणिस्स ण हि बंधो।।१७४।।

---

* સાભિલાષસ્વરૂપ = જેનું સ્વરૂપ સાભિલાષ (ઇચ્છાયુક્ત) હોય એવા.

**પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.**

**અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.**

**'ટીકા :– અહીં ખરેખર જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધના અભાવનું સ્વરૂપ કહ્યું છે.'** કોઈ એમ કહે છે કે કેવળજ્ઞાનીને ભાષા જે છે એ ભાષા વર્ગણાનું વચન પહેલે સમયે ગ્રહે, બીજે સમયે છોડે. એમ કહે છે. એ વાત ખોટી છે. શ્વેતાંબરમાં એમ લે. અમે 'પાલિતાણા' ગયા હતા ને? ત્યાં 'રામવિજય' હતા. અમારી સભામાં ઘણું માણસ હતું. એને ખબર પડી તો કહે, નહિ. કેવળી વચન ગ્રહે. પહેલે સમયે ગ્રહે અને બીજે સમયે છોડે. અહીં કહે છે કે એ વચનને અડતા જ નથી. આહાહા..! ભગવાન અરૂપી ચૈતન્ય, વાણી રૂપી જડ, બંને વચ્ચે તો અત્યંત અભાવ છે.

આત્મા **'સમ્યગ્જ્ઞાની (કેવળજ્ઞાની) જીવ ક્યાંય ક્યારેય સ્વબુદ્ધિપૂર્વક અર્થાત્ સ્વમનપરિણામપૂર્વક...'** મનના પરિણામપૂર્વક **'વચન બોલતો નથી.'** આહાહા..! શું કહે છે? ભાષા વર્ગણાની વચનની પર્યાય એ સમયે થવાની છે એ થાય છે. આત્માથી નહિ. આહાહા..! કોણ માને? જે સમયે ભાષા વર્ગણા.. **'કેમ?'** કે ચેતનમાં સ્વપરપ્રકાશક શક્તિ છે અને વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે. આહાહા..! વાણીમાં ભગવાનને લઈને નહિ. ભગવાનનું કેવળજ્ઞાન છે માટે વાણીમાં કાંઈક શક્તિ આવી એમ નહિ. ઝીણી વાત છે, ભાઈ! ભગવાનને કેવળજ્ઞાન છે તો છદ્મસ્થ કરતા એ વાણીમાં કાંઈ વિશેષ ફેરફાર પડ્યો, એમ નથી. એ તો એ જ સમયે વાણીના જે પરમાણુ ભાષા વર્ગણાપણે હતા એ ભાષા વર્ગણા, વચન વર્ગણાપણે થયા એમાં આત્માનો અધિકાર કાંઈ નથી. કેવળીનો અધિકાર બિલકુલ નથી. આહાહા..! ત્યાં પણ નહિ અને અહીં પણ નહિ. અહીં પણ આ વચન છે એ વચન સ્વતંત્ર નીકળે છે, આત્માથી નહિ. આહાહા..! આ વચન જે નીકળે છે એ ભાષા વર્ગણામાંથી આવે છે. આત્મા તો અરૂપી છે, આત્મા તો એને અડતો નથી. વાણીને તો આત્મા અડતો નથી... આહાહા..! અને વાણી નીકળે છે.

અહીંયાં કહે છે, વાણી નીકળવાના બે પ્રકાર. ભગવાન તો **'अमनस्काः केवलिनः'** **'(કેવળી મનરહિત છે.) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. (એમ સમજવું કે)–જીવને મનપરિણતિપૂર્વક વચન બંધનું કારણ છે...'** આહાહા..! મનમાં જોડાણ થાય... ઝીણી વાત છે, પ્રભુ! અંતર મન પરમાણુ છે. અહીંયાં અનંત પરમાણુ છે. એમાં જે જોડાણ થાય- જોડાણ એટલે સંબંધ. એ સંબંધપૂર્વક જો વાણી નીકળે તો રાગપૂર્વક વાણી બંધનું કારણ છે. આહાહા..! છે? **'જીવને મનપરિણતિપૂર્વક...'** આહાહા..! આત્માની પરિણતિપૂર્વક નહિ. આહાહા..!

ભાષા નીકળે છે એ આત્માથી નહિ. દિવ્યધ્વનિ... આહાહા..! દુનિયાના પુણ્યને લઈને નીકળે છે એવું નિમિત્ત છે. એ તો એ સમયે ભાષાની પર્યાય નીકળવાની હતી તે નીકળી. આહાહા..! એમ દરેક સમયમાં દરેક પદાર્થની જે કાંઈ પર્યાય થાય છે એ પોતાથી પર્યાયના કાળમાં પર્યાય થાય છે. બીજાથી નહિ, તેમ આઘાપાછી નહિ, આગળ-પાછળ નહિ. આહાહા..!

એ વચન **'મનપરિણતિપૂર્વક વચન બંધનું કારણ છે એવો અર્થ છે અને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી;...'** આહાહા..! કેવળીને એવું હોતું નથી કે હું સમજાવું, વાણી બોલું. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' પણ 'સમયસાર' બનાવીને ટીકા બનાવીને છેલ્લા શ્લોકમાં કહ્યું, અરે..! જીવો! હું આ વાણી-ટીકા કરું છું એમ ન માનો. આહાહા..! ટીકાની પર્યાય જડ અને મારી પર્યાય ચેતન. એ ટીકાની પર્યાય મેં કરી નથી. આહાહા..! એક વાત. બીજી વાત, કે અમારી ટીકા તારા કાને પડે છે તો એનાથી કાંઈ જ્ઞાન થાય છે એમ નથી. અરે..! આહાહા..! વાણી અમારાથી તો નથી પણ વાણી તને કાને પડે તો કાનને પણ વાણી અડતી નથી અને આત્માને તો અડતી નથી. અને જ્ઞાન જે અંદર થાય છે એ વાણીથી નથી થતું. એ સમયની તે જીવની જ્ઞાનની પર્યાય થવાની છે તે થાય છે. આહાહા..! ગજબ વાત છે.

જે સમયે જે દ્રવ્યની પર્યાય પોતાથી થાય એ પર્યાયમાં ષટ્કારક છે. શું કહે છે? ભાષા જે બોલાય છે એ ભાષાવર્ગણાની પર્યાય છે. એ પર્યાયમાં ષટ્કારક છે. પર્યાયમાં. પર્યાય કર્તા, પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાય કરીને પોતામાં રાખવી, પર્યાયથી પર્યાય થઈ અને પર્યાયનો આધાર પર્યાય. એક સમયમાં ષટ્કારકથી ભાષા ઉત્પન્ન થાય છે. ભગવાનથી નહિ. આહાહા..! સાધારણ માણસને તો.. ભગવાનથી તો નહિ પણ બીજા કોઈ પ્રાણીને મનપૂર્વક રાગ થાય એનાથી પણ વાણી નથી નીકળતી. આહાહા..! વાણીને કાળે જ ભાષા વર્ગણામાં જે વાણી થવાની પર્યાયનો કાળ છે ત્યારે એ થાય છે. એને ઠેકાણે અમે કહીએ છીએ, અમે આવું સમજાવ્યું, એને આમ કહ્યું એ બધો મિથ્યાત્વનો અહંકાર છે. મિથ્યાત્વનો અહંકાર છે. આહાહા..! કેમકે પરનું કરી શકતો નથી. અને અમે કરી શકીએ એમ માનવું (એ મિથ્યાત્વ છે). સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..!

અહીં એ કહે છે, મનપરિણતિનો ભગવાનને અભાવ છે. તેથી **'વચન બંધનું કારણ છે એવો અર્થ છે અને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી;...'** મનપરિણતિપૂર્વક વચન તો હોતું જ નથી. આહાહા..! વીતરાગ.. વીતરાગ. એક પરમાણુની પર્યાય પણ આત્મા કરી શકતો નથી.

એક પરમાણુમાં બે ગુણ ચીકાશ હોય અને બીજા પરમાણુમાં ચાર ગુણ ચીકાશ હોય તો બે મળીને ચાર થાય છે. તો એક પરમાણુમાં બેના ચાર થયા. એ ચાર જે (થયા તે) બીજા પરમાણુ છે એને કારણે નહિ. આહાહા..! શું કહ્યું? શાસ્ત્રમાં એમ આવે છે કે એક પરમાણુમાં બે ગુણ ચીકાશ (હોય અને) બીજા ચાર ગુણ ચીકાશ હોય તો સ્કંધ થાય છે.

પણ એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. અને આ બે ચીકાશ હતી અને અહીં ચાર હતી માટે ચારને લઈને ત્યાં બે થઈ એમ છે નહિ. ચારને લઈને ચાર થઈ. બે પર્યાય હતી ત્યાં ચાર (થઈ) તો એને લઈને ચાર થઈ નથી. પોતાની પર્યાયમાં જ ચાર થવાની એ સમયની લાયકાત હતી. આહાહા..!

એ અહીં કહે છે. **'કેવળીને હોતું નથી; વળી ઇચ્છાપૂર્વક વચન જ સાભિલાષસ્વરૂપ જીવને...'** સાભિલાષ-ઇચ્છાપૂર્વક. આહાહા..! **'જીવને બંધનું કારણ છે...'**

મુમુક્ષુ :– અભિલાષ સહિત હોય તો બંધનું કારણ.

ઉત્તર :– ઇચ્છા-ઇચ્છા. ઇચ્છાપૂર્વક વાણી નીકળે છે એ બંધનું કારણ છે. પ્રભુ! આકરી વાત. છદ્મસ્થને પણ ઇચ્છા કરીને હું બોલું, એ ખોટી વાત છે. ભાષા પરમાણુની પર્યાય એ સમયે સ્વતંત્ર (થાય) છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! ભાષા બોલી શકે નહિ. આહાહા..! તો પછી શરીરને ચલાવી શકે? આહાહા..! એ કહે છે.

**'કેવળીના મુખારવિંદમાંથી નીકળતો,...'** આહાહા..! એમાં બે અર્થ છે. મુખારવિંદ લૌકિકની અપેક્ષાએ કહ્યું છે. બાકી તો આખા શરીરમાંથી ૐ નીકળે છે. ભગવાનને આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે છે. મુખારવિંદથી તો લોકોની ભાષાની અપેક્ષાએ કહ્યું છે. સમજાણું કાંઈ? ભગવાનની વાણી મુખથી નથી નીકળતી. મુખ તો બંધ છે, હોઠ બંધ છે. અંદરથી, આખા શરીરમાંથી ૐ ધ્વનિ (ઉઠે છે). 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે. ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...' આહાહા..! 'રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' એ બેય સ્વતંત્ર છે. આહાહા..! આકરું કામ બહુ.

વાણીના કર્તા નહિ. કેવળી કર્તા તો નથી પણ છદ્મસ્થ કર્તા નથી. આહાહા..! કેમકે વાણી પરમાણુ છે. એક એક પરમાણુ બીજા પરમાણુની સાથે જોડાતા નથી. આ સ્કંધ છે. એમાં એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. ગજબ વાત છે, પ્રભુ! આ અનંત પરમાણુનો સ્કંધ-પિંડ છે. એમાં એક એક પરમાણુ બીજા પરમાણુને અડતા નથી. આહાહા..! દરેક પરમાણુ પોતાના સ્વચતુષ્ટયમાં રહે છે. સ્વચતુષ્ટયનો અર્થ, પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો કાળ અને પોતાનો ભાવ. પરને તો એક પરમાણુ અડતા નથી. આહાહા..! ત્યારે આ રાડું પાડે છે કે કર્મને લઈને વિકાર થાય છે અને કર્મને લઈને વિકાર થાય છે. બધું ખોટું છે. આહાહા..! આકરું કામ છે. વસ્તુની મર્યાદા...

કોઈપણ દ્રવ્ય અનંતગુણથી ભરેલું છે. આત્મામાં ગુણ એટલા છે કે ત્રણકાળના સમયના... એક સેકન્ડમાં અસંખ્ય સમય, એવા ત્રણકાળના સમય, એથી અનંતગુણા ગુણ છે. આત્મામાં એથી અનંતગુણા ગુણ છે. પણ એ ગુણ થવાથી કોઈ ગુણ એવો નથી કે... એ પ્રશ્ન ચાલ્યો હતો કે એમાં અનંતગુણ છે તો એક ગુણ ઇચ્છા કરે, રાગ કરે, પરનું કરી દે એવો કોઈ ગુણ હોય તો શું હરકત છે? એવો પ્રશ્ન ચાલ્યો હતો. નહિ. કાંઈ પરનું કરી શકે એ વાત

ત્રણકાળમાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ કરી શકે, મદદ કરે, સેવા કરે, સહાયક થાય, ટેકો દે એ વાત નથી. આહાહા..! આકરી વાત છે. એ અહીં કહે છે.

**'સાભિલાષસ્વરૂપ જીવને બંધનું કારણ છે અને કેવળીના મુખારવિંદથી નીકળતો,...'** એ ચર્ચા અત્યારે ચાલે છે કે કોઈ વખતે મુખારવિંદથી નીકળે અને કોઈ વખતે આત્માના શરીરમાંથી (નીકળે છે, એમ લખ્યું છે). 'પંચાસ્તિકાય'ની ટીકામાં પહેલા આખા શરીરમાંથી ૐ નીકળ્યો એમ પાઠ છે. એમના મુખારવિંદથી. આ વ્યવહાર છે. મુખારવિંદથી કહ્યું એ વ્યવહારથી. બાકી નિશ્ચયથી ૐ ધ્વનિ આખા શરીરમાંથી નીકળે. હોઠ બંધ. આહાહા..! શરીર ધ્રુજે નહિ, અંદર ભાષા બોલે નહિ અને આખા શરીરમાંથી ૐ અવાજ આવે. એ ૐ ગણધર સાંભળે છે અને ગણધરદેવ શાસ્ત્રની રચના કરે છે. આહાહા..! એ શાસ્ત્રની રચના કરે છે એને પણ અહીંયાં ... કહ્યું.

પ્રભુ! અમે આ ટીકા બનાવી એમ ન માનો. એ મોહથી ન નાચો અને એ ટીકાથી તને જ્ઞાન થશે એવા મોહમાં ન નાચો. આહાહા..! કેમકે ટીકાની વાણી જુદી છે, તારું તત્ત્વ જુદું છે અને હું જુદો છું. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ તો... ઓહો..! એક એક રજકણ અને એક એક આત્મા પોતાની પર્યાય સિવાય, એ પણ ષટ્કારકથી પર્યાય ઉત્પન્ન થાય છે, એ સિવાય પરનું કાંઈ કરી શકતો નથી. આહાહા..! એ અહીં કહે છે, કેવળીને મનપૂર્વક નથી, ઇચ્છાપૂર્વક નથી એટલે વાણી બંધનું કારણ નથી. વાણી-વાણીને કારણે નીકળી. આહાહા..! ભાઈ! દરેક પદાર્થ પોતાના ચતુષ્ટયમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે બિરાજમાન છે. કોઈને કોઈનું આલંબન-આશ્રય નથી. આવે છે ને? .. આવે છે. લોકને બનાવીને (લખે છે). અન્યોઅન્ય પરસ્પર ઉપગ્રહ કરો. છાપામાં બહુ આવે છે. પરસ્પર ઉપગ્રહો. પરસ્પર ઉપકાર કરે છે. એમ છે નહિ. એનો એવો અર્થ વચનિકામાં છે. સર્વાર્થસિદ્ધિ વચનિકામાં એમ લીધું છે કે ઉપગ્રહ કહ્યું ને? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્ત પરને-વાણીને કરે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! એક એક આત્મા અને એક એક પરમાણુ (સ્વતંત્ર પરિણમે છે).

અહીં કહે છે, ઇચ્છાપૂર્વક ભગવાનની વાણી નથી. **'સમસ્ત જનોનાં હૃદયને આહ્લાદના કારણભૂત...'** એ પણ વ્યવહાર. **'સમસ્ત જનોનાં હૃદયને આહ્લાદના કારણભૂત દિવ્યધ્વનિ...'** આહાહા..! શ્રોતાને આહ્લાદ થાય છે એ તો પોતાને કારણે છે. વાણી તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. નિમિત્તની અસ્તિ છે. કોઈપણ કાર્યમાં નિમિત્તની અસ્તિ સહાયક થાય છે. પણ નિમિત્તથી એમાં કાંઈ થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાય છે? આ આની ઉપર રહ્યું છે. ના. ના. એક એક પરમાણુ પોતામાં રહેલો છે. આકરી વાત છે, ભગવાન! એક એક પરમાણુ પોતામાં ષટ્કારકથી રહ્યો છે. કોઈ એને નીચેના કારણે રહ્યો છે અને આંગળી આમ અડે છે, એની ભગવાન ના પાડે છે. આંગળી

એને અડતી નથી. કેમકે એમાં અને આંગળી બેમાં અત્યંત અભાવ છે. અત્યંત અભાવ છે. તો અત્યંત અભાવ છે એમાં અડવું ક્યાંથી લાવ્યો? અમારી ગુજરાતી ભાષામાં અડે. સ્પર્શે, પરમાં પ્રવેશે એવી વાત છે નહિ. આહાહા..! આકરું કામ છે. આ બધા વેપાર, ધંધા, દુકાને બેસીને (કરે). એ ધંધા-બંધા આત્માથી થતા નથી. એય..! 'મનસુખ'! એ ધંધો પોતાથી થતો નથી. ધંધાના પરમાણુની પર્યાય એ વખતે એવી થવાની હોય તે થાય છે. આત્મા એ ધંધાની પર્યાયનો કર્તા બને એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ દુનિયામાં ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞમાં, એમાં પણ દિગંબરમાં જે વાત છે એવી વાત ક્યાંય છે નહિ. એવી વાત કોઈ સ્થાનમાં નથી. આહાહા..!

કહે છે કે વાણી મનપૂર્વક નથી થતી. **'સમસ્ત જનોનાં હૃદયને આહ્લાદના કારણભૂત...'** જુઓ! નિમિત્ત કીધું. એ નિમિત્તથી લીધું. સાંભળનારના હૃદયમાં આહ્લાદ થાય, એ તો એનો આહ્લાદનો કર્તા તો એ આત્મા છે. વાણી તો નિમિત્ત છે. વાણીથી ત્યાં આહ્લાદ થાય એમ છે નહિ. આકરી વાત છે. માર્ગ બહુ આકરો, પ્રભુ! આહાહા..! **'સમસ્ત જનોનાં...'** ભાષા શું છે? કે **'સમસ્ત જનોનાં...'** થોડા માણસો માટે નહિ. સર્વ જનોના **'હૃદયને આહ્લાદના કારણભૂત...'** એના હૃદયને આહ્લાદના નિમિત્તરૂપ. કારણરૂપ એટલે નિમિત્તરૂપ. આહાહા..! **'દિવ્યધ્વનિ તો અનિચ્છાત્મક (ઇચ્છારહિત) હોય છે;...'** ભગવાનને દિવ્યધ્વનિ અનિચ્છાત્મક હોય છે. આહાહા..! જડને શું ખબર પડે કે આ સર્વજ્ઞ છે અને હું સર્વજ્ઞની વાત કરું છું. આહાહા..! સર્વજ્ઞ થયા અને દિવ્યધ્વનિ આવી એ જડને ક્યાં ખબર છે?

મુમુક્ષુ :– ૬૬ દિવસ સુધી વાણી...

ઉત્તર :– ૬૬ દિવસ વાણી ન નીકળી. વાણી થવાને લાયક નહોતી. વાણી થવાને લાયક પરમાણુ નહોતા. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આ તો મુદ્દાની વાત છે. મુદ્દાની વાત સમજવી કઠણ ઘણી. બહુ કઠણ. આહાહા..! આખી દુનિયા હું કરું.. હું કરું... 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડી જેમ બળદથી ચાલે છે, એની નીચે કૂતરો ઊભો હોય તો એને અડે તો એમ જાણે કે મારાથી ગાડી ચાલે છે. એમ જગતના પદાર્થ પોતાની પરિણતિથી પરિણમી રહ્યા છે. ત્યાં માણસ ઊભેલો હોય એમ માને કે મારાથી થાય છે એ કૂતરા જેવો છે. અહીં તો સત્ય છે ને, બાપા! આહાહા..!

વીતરાગદેવ ત્રિલોકનાથ... મુનિ તો નાગા બાદશાહથી આઘા. એ તો નગ્ન મુનિ છે એને બાદશાહની પરવા નથી. એને સમાજની પરવા નથી કે આ વચનથી સમાજ સમતોલ રહેશે કે નહિ? આહાહા..! આવા ઉપદેશથી સમાજમાં સમતોલ (રહેશે નહિ) ને ભાગ પડી જશે કે નહિ? દરકાર નથી. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..! માર્ગ આ છે.

**'સમસ્ત જનોનાં હૃદયને આહ્લાદના કારણભૂત...'** કારણભૂત છે, હોં! નિમિત્ત. **'દિવ્યધ્વનિ તો અનિચ્છાત્મક (ઇચ્છારહિત) હોય છે; માટે સમ્યગ્જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધનો**

**અભાવ છે.'** કેવળીને મનપરિણતિપૂર્વક ભાષા નથી. ભાષા ભાષાને કારણે છે. માટે એને બંધ નથી. આહાહા..! આકરી વાતું! ભાષા નીકળે એને કાળે નીકળે. સ્વકાળ છે. ભાષા નીકળવાનો ક્રમબદ્ધ.. જે સમયે એક ભાષાની પર્યાય થવાની હોય તે સમયે ક્રમબદ્ધ થાય છે. પરને કારણે નહિ. આહાહા..! પર્યાયમાં ક્રમબદ્ધ જે સમયે જે પર્યાય થવાની હોય તે સમયે થશે. એમ અનાદિઅનંત બધા પદાર્થમાં ક્રમબદ્ધ પર્યાય છે. કેવળી પણ ક્રમબદ્ધ પર્યાયને ફેરવી શકે નહિ. આહાહા..! તો પછી ભાષા કરી શકે ક્યાંથી? બહુ વિચાર નહિ, ઊંડો વિચાર કર્યો નહિ. એમ ને એમ સંસારની જગજાળમાં, ધંધા-ધંધા, મજૂરી, મજૂરીમાં પ્રભુની વાણી (એકકોર રહી ગઈ). આહાહા..!

કેવળી કહે છે કે મારાથી વાણી થતી નથી. આહાહા..! મારી ઇચ્છા અને મન નથી માટે વાણી નથી. અજ્ઞાનીને ઇચ્છાપૂર્વક વાણી નીકળે છે. એ વાણી ઇચ્છા છે માટે નીકળે છે એમ નથી. પણ ઇચ્છાપૂર્વક વાણી છે તેથી એ ઇચ્છાને કારણે બંધન છે. અલ્પજ્ઞ પ્રાણીને સર્વજ્ઞ સિવાય ઇચ્છા છે, વાણી વાણીને કાળે નીકળે છે. ઇચ્છાપૂર્વક વાણી નીકળતી નથી. ઇચ્છાપૂર્વક કહેવાનો અર્થ એ છે કે ભગવાનને ઇચ્છા નથી અને આને ઇચ્છા છે એટલું. પણ ઇચ્છાથી વાણી થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આવી વાત લોકોને બેસે શી રીતે? આહાહા..!

આ જમીન ઉપર પગ ચાલે છે ને. તો પગના રજકણ જમીનને અડ્યા નથી. જમીનને અડ્યા નથી. અને આ એને અડતો નથી. આહાહા..! પોતપોતાની પર્યાયમાં પરિણમે છે, કામ લે છે. બીજાની પર્યાય કરતા નથી અને પર્યાય સાથે જોડાતા નથી. આહાહા..! એ અહીં વાત કરી. ઇચ્છારહિત ભગવાનને બંધન નથી. **'માટે સમ્યગ્જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધનો અભાવ છે.'**

**'[હવે આ ૧૭૩-૧૭૪મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]'**

## શ્લોક-૨૮૯

(मंदाक्रांता)

ईहापूर्वं वचनरचनारूपमत्रास्ति नैव
तस्मादेषः प्रकटमहिमा विश्वलोकैकभर्ता।
अस्मिन् बंधः कथमिव भवेद्रव्यभावात्मकोऽयं
मोहाभावान्न खलु निखिलं रागरोषादिजालम्।।२८९।।

**[શ્લોકાર્થ :–] આમનામાં (કેવળી ભગવાનમાં) ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી જ; તેથી તેઓ પ્રગટ-મહિમાવંત છે અને સમસ્ત લોકના એક (અનન્ય) નાથ છે. તેમને દ્રવ્યભાવસ્વરૂપ એવો આ બંધ કઈ રીતે થાય? (કારણ કે) મોહના અભાવને લીધે તેમને ખરેખર સમસ્ત રાગદ્વેષાદિ સમૂહ તો છે નહિ. ૨૮૯**

## શ્લોક–૨૮૯ ઉપર પ્રવચન

**ईहापूर्वं वचनरचनारूपमत्रास्ति नैव**
**तस्मादेषः प्रकटमहिमा विश्वलोकैकभर्ता।**
**अस्मिन् बंधः कथमिव भवेद्द्रव्यभावात्मकोऽयं**
**मोहाभावान्न खलु निखिलं रागरोषादिजालम्।।२८९।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! '**આમનામાં (કેવળી ભગવાનમાં) ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી જ;...**' ગજબ વાત. ૐ ધ્વનિ નીકળે છે એની રચના કરનાર ભગવાનઆત્મા નથી. સમજાણું કાંઈ? આહાહા..! વાણીના કારણે એ સમયે નીકળવાની યોગ્યતાથી વાણી નીકળે છે. '**ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી જ;...**' ભગવાનને. '**તેથી તેઓ પ્રગટ-મહિમાવંત (ભગવાન) છે અને સમસ્ત લોકના એક (અનન્ય) નાથ છે.**' ઇચ્છા ન મળે, મનની સાથે જોડાણ ન મળે તો વાણી તો ક્યાંથી આવે? એવા પ્રભુ અનન્ય મહિમાવંત પરમાત્મા દેવની ઓળખાણ કરાવે છે. અરિહંતદેવ આવા હોય. આહાહા..! જે વાણીના કર્તા નથી, જેને ઇચ્છા નથી એ ભગવાનને રોગ થાય ને એને દવા થાય ને દવા લે એ બધી વાત...

મુમુક્ષુ :– ભોજન જ ન હોય તો માંદા કેમ પડે.

ઉત્તર :– આહારના પરમાણુને આત્મા અડતો જ નથી. આકરી વાત છે, પ્રભુ! આ દાળ-ભાત અહીં જીભને અડતા નથી. જીભ એને અડતી નથી. કેમકે જીભના પરમાણુ ભિન્ન છે અને આહારના પરમાણુ ભિન્ન છે. એક પરમાણુ બીજા પરમાણુની સાથે સંબંધ રાખતો નથી. આહાહા..! આહાર કરનાર આહાર.. એ તો આવ્યું છે. તમારે હિન્દીમાં પણ હશે. 'દાને દાને પર લીખા હૈ ખાનેવાલે કા નામ.' એવું આવે છે ને કાંઈક. એ નામ ક્યાં હતું? એનો અર્થ જે પરમાણુ જે એની પાસે આવવાના છે એ આવશે. એ કહે કે હું આ લાવું, શાક લાવું, રોટલી લાવું, આ લાવું એ બધું મિથ્યાભ્રમ છે. આહાહા..! સમજાણું કાંઈ? લાવી શકે નહિ, બનાવી શકે નહિ. આહાહા..! કેવળીનું દૃષ્ટાંત આપ્યું. ત્રણલોકનો નાથ પૂર્ણ કેવળજ્ઞાન, સમય એક... આહાહા..!

'સમંતભદ્રાચાર્ય' સ્તુતિમાં (કહે છે), પ્રભુ! આપનો સમય એક અને આ દ્રવ્યમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ. આપ એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણને જાણો છો. એ પણ એકના

નહિ પણ અનંતના. એક સમયના બે ભાગ પડે નહિ. આહાહા..! એક સમયમાં... 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એવા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થાય છે અને દરેક પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ છે. તું એક પર્યાય ને આ ત્રણને જાણો? એવા અનંતા ત્રણને જાણો? એ આપનું સર્વજ્ઞનું ચિહ્ન છે, એ આપનું સર્વજ્ઞનું લક્ષણ છે. એ અમને બેઠું છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પ્રભુ! સમય એક. 'ક' બોલે એમાં અસંખ્ય સમય (જાય). આહાહા..! એક સમયમાં વ્યવહારથી અનંત દ્રવ્ય જે એક એક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય છે, સમયનો ભાગ પડતો નથી અને આ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ છે. એકમાં ત્રણ જાણે એવા અનંતાના ત્રણ જાણે. એક સમયમાં અનંતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. પ્રભુ! એ કહ્યું, અમને થયું કે આપ સર્વજ્ઞ છો. આહાહા..! સર્વજ્ઞ સિવાય એવી વાણી કદી નીકળે નહિ. આહાહા..! સમજમાં આવે છે?

સમય કોને કહીએ? જેના બે ભાગ પડે નહિ. એવા એક સમયમાં ભગવાન કેવળી ત્રિલોકનાથ ત્રણકાળ, ત્રણલોક (જાણે). આકાશનો જ્યાં અંત નથી, બહાર ચૌદ બ્રહ્માંડ છે એ અસંખ્ય યોજનમાં છે. ચૌદ બ્રહ્માંડ. એ સિવાય અનંત આકાશ ખાલી... ખાલી.. અનંત... અનંત... અનંત.. અનંત... અનંત... દશેય દિશામાં ક્યાંય અંત નથી. એમાં આ ચૌદ બ્રહ્માંડ એક રાય સમાન છે. રાય સમાન. અલોક અનંત... અનંત... અનંત... અનંત આકાશ. ચાલ્યું જ જાય છે. આકાશનો ક્યાં અંત છે? અંત હોય તો પછી શું? આહાહા..! એનું પણ જ્ઞાન આપ એક સમયમાં કરો છો. આહાહા..!

આ દેવની ઓળખાણ કરાવો છો. ણમો અરિહંતાણ કરે એમ કાંઈ દેવ... દેવ–દિવ્યશક્તિ, જેની એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય એક એકના ત્રણ, એક એકના ત્રણ એવા અનંતના, સમયના ભેદ પડ્યા વિના એક સમયમાં પ્રભુ તમે જાણો છો. એ આપનું સર્વજ્ઞનું લક્ષણ છે. આહાહા..! એ આવ્યું. આહાહા..! 'સમંતભદ્રઆચાર્યે' ટીકા કરીને? ભક્તિ-સ્તુતિ કરીને? એ સ્તુતિમાં કહ્યું છે. આચાર્યો તો ગજબ કામ કરી ગયા છે. આહાહા..! કોઈપણ આચાર્ય દિગંબર હો, ગજબ કામ કરે છે. વીતરાગની વાણીએ વીતરાગને ભુલાવી દીધા. વીતરાગની વાણીમાં જ જાણે વીતરાગ છે. આહાહા..!

અહીં કહે છે, **'પ્રગટ મહિમાવંત છે અને સમસ્ત લોકના એક (અનન્ય) નાથ છે.'** નાથ એટલે જાણનારા. નાથ એટલે રક્ષા કરનારા નહિ. નાથ છે ને? નાથ એટલે રક્ષણ કરનારા નહિ. નાથના બે અર્થ થાય છે. જોગક્ષેમના કરનારને નાથ કહે છે. જોગક્ષેમના કરનારને નાથ કહે છે. એનો અર્થ? જે ચીજ છે એને બરાબર જવા ન દે અને બીજી જોતી હોય નવી તો પ્રાપ્ત કરાવે, એ જોગક્ષેમ કહેવાય. જોગ અને ક્ષેમના ભાવને અહીંયાં જોગ કહે છે. આહાહા..! ભગવાન પાસે તો એ પણ નથી. આહાહા..!

બાપુ! અરિહંત કોને કહે! આહાહા..! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પોતાના દ્રવ્ય-ગુણને જાણે, પોતાની બીજી અનંતી પર્યાય વ્યક્ત છે એને જાણે, એક સમયની પર્યાય લોકાલોકને જાણે, એક સમયની પર્યાય એ એક જ વસ્તુ છે. આહાહા..! શું કીધું એ? એક જ પર્યાય. જ્ઞાનની એક જ પર્યાય. બસ. એક પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે. એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણને જાણે, એક સમયની પર્યાય પોતાની અનંતી પર્યાય છે એને જાણે. આહાહા..! આવી તત્ત્વની વાત છે, ભગવાન! આહાહા..! ઝીણી લાગે પણ વસ્તુ તો આવી છે.

પરમાત્મા ત્રણલોકનો નાથ 'સીમંધર' ભગવાન બિરાજે છે. ત્યાં બધા ભાષણ થાય છે. સિંહ આવે છે, વાઘ આવે છે, એકાવતારી ઇન્દ્ર આવે છે. પહેલા દેવલોકનો ઇન્દ્ર એકાવતારી છે. સુધર્મ દેવલોક, એનો ઇન્દ્ર અને એક મુખ્ય ઇન્દ્રાણી, બેય એક ભવ કરનાર છે. મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. એ ભગવાન પાસે સાંભળવા જાય છે. આહાહા..! એ કેવી વાણી હશે! એકાવતારી–એક ભવે મોક્ષ જાવું નક્કી છે. ઇન્દ્ર અને ઇન્દ્રાણી ભગવાન પાસે સાંભળવા જાય. આહાહા..! સમવસરણ ચાલે છે ત્યાં. મહાવિદેહમાં પ્રભુનું સમવસરણ ચાલે છે. અરે..! ત્યાંનો વિરહ પડી ગયો. ભરતક્ષેત્રમાં પ્રભુનો વિરહ પડ્યો.

કહે છે કે તું પ્રભુ છો ને. તારો વિરહ તને નથી. તારો વિરહ તને નથી. તું આત્મા છો ને, નાથ! પૂર્ણાનંદ અને આ અમે પંચમઆરાના પ્રાણીને માટે અમે કહીએ છીએ. એમ ન સમજો કે પંચમઆરાના પ્રાણી એટલે કાળ નડતો હશે. એક કાળ બીજા કાળને અડે નહિ. આહાહા..! એ પ્રાણીને એમ કહે છે. પંચમઆરાના પ્રાણી, અરે..! અપ્રતિબુદ્ધને એમ કહે છે. ૩૮ ગાથામાં કહ્યું. આહાહા..! સમજે તો છે. સમજાયું એટલું પોતામાં સમજે છે. પણ 'સમયસાર'ની ૩૮મી ગાથામાં ત્યાં સુધી લીધું, પ્રભુ! હું જે સમ્યગ્દર્શનજ્ઞાન પામ્યો એ અપ્રતિહત છે. હું પડવાનો નથી. પાંચમા આરાના જીવ આમ બોલે છે. ૩૮ ગાથામાં છે. 'સમયસાર' ૩૮. આહાહા..! ભગવાને–મુનિએ જ્યારે એને સમજાવ્યું, સમજીને સમકિત પામ્યો, જ્ઞાન પામ્યો, ચારિત્ર પામ્યો. ૩૮માં પાઠ છે. અને કહે છે કે, પ્રભુ! આ અપ્રતિહત (છે). હું અહીં સમ્યગ્દર્શનથી પડું, એ કદી નહિ. પંચમઆરાના પ્રાણી (છે) તોપણ કહે સમ્યગ્દર્શન થયું એ પડશે નહિ. હું પડીશ નહિ. એવો ૩૮મી ગાથામાં પાઠ છે. 'સમયસાર'ની ૩૮ ગાથા. આહાહા..!

એ અહીં કહ્યું. **'મોહભાવના અભાવને લીધે તેમને ખરેખર સમસ્ત રાગદ્વેષાદિ સમૂહ તો છે નહિ.'** ભગવાનને. આહાહા..! **'દ્રવ્યભાવસ્વરૂપ એવો આ બંધ કઈ રીતે થાય?'** ઓહોહો..! વાણી પણ નીકળે છે તો કહે છે કે મનપૂર્વક નહિ. જ્ઞાનપૂર્વક તો નથી જ. શું કહ્યું? વાણી જે ભગવાનની... ભગવાનને ઓળખવા, બાપુ! એ વાત કાંઈ સાધારણ છે? ભગવાન ત્રિલોકનાથ અરિહંતદેવ કહે છે કે અમને વાણી તો નથી. અમે વાણી તો બોલતા પણ નથી. ઇચ્છા જ નથી. અમે તો આનંદ જ્ઞાનમાં છીએ. આહાહા..! ભાષાની પર્યાય

પણ થાય છે. એ આવે છે. ભવિજનના પુણ્યને કારણે. એ સ્તવનમાં આવે છે. 'ભવિ ભાગનવશ' એ પણ નિમિત્તથી કથન છે. ભવિ ભાગન કે વશ, એ નિમિત્તથી કથન છે. આહાહા..!

એ સમયે વાણીની પર્યાય દિવ્યધ્વનિમાં બરાબર થવાની હતી તે વાણી થઈ છે. એની ઇચ્છા તો કર્તા નહિ, પણ એનું જ્ઞાન કર્તા નથી. કેવળજ્ઞાન જ્ઞાન છે, તો જ્ઞાનની પર્યાય પણ વાણીની કર્તા નથી. આહાહા..! એમ બધા પ્રાણી. ભગવાન! તું આત્મા જ્ઞાનસ્વરૂપ છો ને, નાથ! જ્ઞાન કોને કરે? આ જ્ઞાન તો બીજા દ્રવ્યમાં અભાવરૂપ છે. આ જ્ઞાન એમાં અભાવરૂપ છે અને પરદ્રવ્યના અભાવરૂપ આ જ્ઞાન છે. તારું જ્ઞાન પણ વાણી કરે અને શરીરને હલાવે, પ્રભુ! એ વાત બને નહિ. ગજબ વાત છે. વીતરાગ માર્ગ... આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર અરે..! ત્રિલોકનાથના વિરહ પડ્યા. ભરતમાં ભગવાન નહિ. ભગવાન રહી ગયા મહાવિદેહમાં. આહાહા..! વાણી રહી એક. વાણીમાંથી ભગવાન કાઢવાના છે. એ કાંઈ વાણીમાંથી નહિ નીકળે. પોતાનો ભગવાન પોતાના ભગવાનમાંથી નીકળશે. ગજબ વાત છે.

## શ્લોક–૨૯૦

(मंदाक्रांता)

एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः
सद्बोधस्थं भुवनमखिलं तद्गतं वस्तुजालम्।
आरातीये भगवति जिने नैव बंधो न मोक्षः
तस्मिन् काचिन्न भवति पुनर्मुर्च्छना चेतना च।।२९०।।

**[શ્લોકાર્થ :–] ત્રણ લોકના જેઓ ગુરુ છે, ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે અને આખો લોક તથા તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્‌જ્ઞાનમાં સ્થિત છે, તે (જિન ભગવાન) એક જ દેવ છે. તે નિકટ (સાક્ષાત્) જિન ભગવાનને વિષે નથી બંધ કે નથી મોક્ષ, તેમ જ તેમનામાં નથી કોઈ [1]મૂર્છા કે નથી કોઈ [2]ચેતના (કારણ કે દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય છે.) ૨૯૦.**

૧ મૂર્છા = બેભાનપણું; બેશુદ્ધિ; અજ્ઞાનદશા.
૨ ચેતના = ભાનવાળી દશા; શુદ્ધિ; જ્ઞાનદશા.

## શ્લોક-૨૯૦ ઉપર પ્રવચન

બીજો શ્લોક.

एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः
सद्बोधस्थं भुवनमखिलं तद्गतं वस्तुजालम्।
आरातीये भगवति जिने नैव बंधो न मोक्षः
तस्मिन् काचिन्न भवति पुनर्मूर्च्छना चेतना च।।२९०।।

**શ્લોકાર્થ :–** આહાહા..! '**ત્રણ લોકના જેઓ ગુરુ છે, ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે...**' ભાષા, કથની આવે (કે) ચાર કર્મનો નાશ કર્યો. કર્મ તો જડ છે. જડનો આત્મા નાશ કરી શકે? પણ એ નિમિત્તથી કથન છે. આ વ્યવહારકથન છે કે નિશ્ચયકથન છે એ સમજ્યા વિના ગોટા વાળે. છે? ભગવાન ચાર ઘાતિકર્મનો નાશ કરે એ નિમિત્ત છે. એ કર્મ છે, કર્મરૂપી પર્યાય પરિણમી છે. એ છૂટીને અકર્મરૂપ પરિણમે એવી એની તાકાત છે. ભગવાનને કેવળજ્ઞાન થયું માટે ચાર ઘાતિકર્મનો નાશ થયો... આહાહા..! એમ પણ નથી. બહુ ફેર. આહાહા..!

મુમુક્ષુ :– ઉલટપુલટ.

ઉત્તર :– દુનિયાથી ઉલટપુલટ વાત છે, ભાઈ!

પરમસત્ય, પરમસત્યનો પોકાર છે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ એનો પરમસત્યનો પોકાર જગત પાસે છે. જગત સાંભળે, સમજે કે નહિ સમજે, પણ એનો પોકાર આ છે. મારી સામું જોતા પણ તને રાગ થશે. હું પરદ્રવ્ય છું. તારું દ્રવ્ય અને મારું દ્રવ્ય કદી એકમેક છે નહિ. અને મારાથી તને લાભ થાય એ બિલકુલ કિંચિત્ ખોટી વાત છે. આહાહા..! એ તો કેવળી કહે. વીતરાગ કહે. બીજા તો ઘર-બર ચલાવી દેશે.

આ જ્ઞાનસ્વરૂપ ભગવાન.. એ કહે છે કે એટલું જ્ઞાન મારામાં ઉત્પન્ન થયું તોપણ હું વાણીનો કર્તા નથી. મારો ભાવ તો મારામાં કામ કરે છે. મારામાં આનંદ અને શાંતિનું કામ કરે છે. વાણી બોલવામાં મારું જ્ઞાન કામ કરતું નથી. આહાહા..! છે?

'**ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે...**' એ પણ વ્યવહાર. કર્મ પર છે, આત્મા પર છે. તો પર પરનું કાંઈ કરી શકે એમ ત્રણકાળમાં બને નહિ. આ તો ટૂંકામાં લખાણ કરવું હોય તો કેમ કરે? ટૂંકામાં એ લખાણ કર્યું. ભગવાને ચાર કર્મનો નાશ કર્યો. ભગવાન તો કેવળી, પૃથક્, એ ચાર કર્મ જડ. એ જડને અડતા પણ નથી. અડ્યા નથી તો નાશ શી રીતે કરે? આહાહા..! પણ એ કર્મ જે થનારી પર્યાય છે એ એનો અકર્મ થવાનો પર્યાયનો કાળ હતો. કર્મરૂપી પર્યાય જે છે, અહીં ભગવાનને જ્યાં જ્ઞાન થયું તો કર્મરૂપ પર્યાય જે

છે એ અકર્મરૂપ થઈ. એ આને કારણે નહિ, કેવળજ્ઞાનને કારણે નહિ. આહાહા..! ગજબ વાત છે. જગતને વીતરાગમાર્ગ સર્વજ્ઞનો માર્ગ અંદરમાં બેસવો, બાપુ! અલૌકિક વાત છે. ભવના અભાવ કરે એવી આ વાત છે. એ છે ને, ભાઈ! વાત એવી છે. અરે..રે..! આહાહા..!

**'ત્રણ લોકના જેઓ ગુરુ છે, ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે અને આખો લોક તથા તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્દ્જ્ઞાનમાં સ્થિત છે,...'** ભાષા જુઓ! જેના જ્ઞાનમાં લોકાલોક સ્થિત છે. છે નહિ. લોકાલોક સંબંધી પોતાનું જ્ઞાન છે, એ જ્ઞાનમાં લોકાલોક જણાય છે. એ કારણે લોકાલોક પોતાના જ્ઞાનમાં છે એમ કહેવામાં આવે છે.

બીજી વાત. લોકાલોક છે તો અહીંયાં કેવળજ્ઞાન થયું એમ પણ નથી. કેવળજ્ઞાન થવામાં પરની અપેક્ષા છે જ નહિ. એક સ્વઆશ્રય ભગવાન ત્રિલોકનાથ આત્મા અનંત આનંદનો ધણી, એ સ્વઆશ્રયમાં જ્યાં જાય છે ત્યાં કેવળ પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? જરી ઝીણું પડશે, પ્રભુ! પણ હવે સમજવા જેવી વાત છે આ. આખો દિ' મેં કાર્ય કર્યું. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાતા છો ને. પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. જ્ઞાનસ્વરૂપ શું કરે? જ્ઞાનસ્વરૂપ જાણે-દેખે. જ્ઞાનસ્વરૂપ કરે? આહાહા..! આકરી વાત છે. પરમસત્ય તો આવું છે, બાપુ! આહાહા..!

**'તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્દ્જ્ઞાનમાં સ્થિત છે,...'** ભાષા જુઓ! લોકાલોક જ્ઞાનમાં સ્થિત છે. એનો અર્થ કે લોકાલોક તો લોકાલોકમાં છે, પણ એ સંબંધી જે જ્ઞાન (તેમાં લોકાલોક ઝળકે છે). ખરેખર તો ભગવાન લોકાલોકને જાણે એ અસદ્ભુત વ્યવહાર છે. આકરું પડશે. ભગવાન કેવળી લોકાલોકને જાણે એ અસદ્ભુત વ્યવહાર છે, પરવસ્તુ છે. પણ પોતાની પર્યાયમાં એ સ્વ અને પર જાણવાની તાકાત છે તો પોતાથી જાણે છે. પોતામાં પોતાથી જાણે છે. આહાહા..! ગજબ છે. બાપુ! મારગડા જુદા, પ્રભુ! સાધારણ માણસ દયા પાળો, વ્રત કરો, પડિમા લઈ લ્યો ને આ લઈ લ્યો. બાપુ! અનંતવાર કર્યા પ્રભુ! પણ સત્યને હાથ દીધો નથી તેં. સત્યને સ્પર્શ કર્યો નથી તેં. આહાહા..! એ અહીંયાં કહે છે.

**'સદ્દ્જ્ઞાનમાં સ્થિત છે,...'** છે? **'તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્દ્જ્ઞાનમાં સ્થિત છે, તે (જિન ભગવાન) એક જ દેવ છે.'** જગતમાં એક જ દેવ ભગવાન અરિહંત છે. આહાહા..! ભલે ને બધા ઘણા દેવ કહે પણ એક જ દેવ છે. એ સિવાય કોઈ દેવ છે નહિ. આહાહા..! વૈષ્ણવમાં કર્તા કહે, શ્વેતાંબરમાં ભગવાનને રોગ કહે, શ્વેતાંબરમાં ભગવાનને રોગ કહે છે. કેવળીને રોગ! એ દવા ખાય. બધું ખોટું છે. વીતરાગમાર્ગથી વિરૂદ્ધ છે. વીતરાગમાર્ગ તો આ છે. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનીનો એક જ મત છે.

ઉત્તર :– એક જ મત છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એક જ મત–અભિપ્રાય ત્રિકાળમાં છે. આહાહા..!

**'જેમના સદ્દ્ઞાનમાં સ્થિત છે, તે (જિન ભગવાન) એક જ દેવ છે.'** આહાહા..! દિવ્યશક્તિ પ્રગટ કરી, દેવ–આત્મદેવ શક્તિરૂપ ભગવાન છે. ભગવાનમાંથી પર્યાયમાં ભગવાન આવ્યા. પ્રાપ્તમાંથી પ્રાપ્તિ થઈ. કૂવામાંથી અવેડાને શું કહે છે? હોજમાં પાણી આવે છે. કૂવામાં ન હોય તો હોજમાં ક્યાંથી આવે? એમ ભગવાનઆત્મા અંદર કેવળજ્ઞાન અનંત અનંત ગુણનો સાગર છે. અનંતગુણનો સાગર-દરિયો ભર્યો. આહાહા..! એમાંથી કેવળજ્ઞાન આવ્યું છે. સમજાણું કાંઈ?

**'તે નિકટ (સાક્ષાત્) જિન ભગવાનને વિષે નથી બંધ...'** આહાહા..! **'કે નથી મોક્ષ,...'** બેય પર્યાય થઈને? બંધ અને મોક્ષ બે પર્યાય (છે). પર્યાય એ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! છે? મોક્ષનો અર્થ આ. પર્યાયમાં તો મોક્ષ છે. બંધ પર્યાય છે. પણ એ બંધ અને મોક્ષ એ પર્યાય છે. સંસાર પણ આત્માની પર્યાય છે. બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નથી. એ ત્રણકાળમાં સંસાર નથી. સંસાર, સંસરણ ઇતિ સંસારઃ. પોતાના સ્વરૂપથી હટીને રાગ-દ્વેષમાં આવે એ સંસાર. આહાહા..! એ પર્યાય છે. મોક્ષ પણ એક પર્યાય છે, બંધ પણ એક પર્યાય છે. એ પર્યાયને વ્યવહાર કહીને એ ભગવાનને નથી એમ કહ્યું. આહાહા..! એક એક શબ્દમાં..

**'તેમ જ તેમનામાં નથી કોઈ મૂર્છા કે નથી ચેતના (કારણ કે દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય છે.)'** ચેતના એટલે નવું કાંઈ કરવું છે, ચેતના વિશેષ કરવી છે, એ કેવળીને છે નહિ. એ પૂર્ણ થઈ ગયા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૨૦૬, ગાથા–૧૭૫-૧૭૬, શ્લોક–૨૯૦-૨૯૨, મંગળવાર, માગશર વદ ૫, તા.૦૭-૧૨-૭૧**

---

૨૯૦ કળશ છે.

**एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः**
**सद्बोधस्थं भुवनमखिलं तद्गतं वस्तुजालम्।**
**आरातीये भगवति जिने नैव बंधो न मोक्षः**
**तस्मिन् काचिन्न भवति पुनर्मुर्च्छना चेतना च।।२९०।।**

અરિહંત ભગવાન, એને ઇચ્છા હોતી નથી એને સિદ્ધ કરવા વધારે વાત સ્પષ્ટ કરે છે. ભગવાન બોલે ખરા. એમ કહેવાય. પણ એ ખરેખર એને ઇચ્છા હોતી નથી. ઇચ્છા વિના પરમાત્મા અરિહંતને વાણી નીકળે છે. તેથી એને બંધનું કારણ નથી.

**શ્લોકાર્થ :– 'ત્રણ લોકના જેઓ ગુરુ છે,...'** સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા ત્રણલોકના ગુરુ છે. ત્રણલોકને જાણે છે એટલે એના ગુરુ તરીકે કહેવામાં આવે

છે. અથવા ઉત્તમમાં ઉત્તમ પુરુષો જે ઇન્દ્રો આદિ અને ગણધરાદિ છે એના એ ગુરુ છે. એટલે એને ત્રણલોકના ગુરુ કહેવામાં આવે છે. **'ચાર કર્મનો જેણે નાશ કર્યો છે...'** આઠ કર્મ એટલે વાણીવાળા લેવા છે ને? એકલા સિદ્ધ નથી લેવા. **'ચાર કર્મનો જેણે નાશ કર્યો છે,...'** ચાર કર્મ જેને બાકી છે. આઠ કર્મમાં. **'અને આખો લોક તથા તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્‌જ્ઞાનમાં સ્થિત છે,...'** લ્યો! ત્રણકાળ અને ત્રણલોક જેમના સદ્‌જ્ઞાનમાં સ્થિત છે, લ્યો! એટલે કે એનું જ્ઞાન પૂર્ણ વર્તે છે. પાછા એમ કહે છે કે **'પદાર્થસમૂહ જેમના સદ્‌જ્ઞાનમાં સ્થિત છે,...'** એમના જ્ઞાનમાં રહેલા છે. એનો અર્થ કે જેટલા ત્રણકાળ ત્રણલોક છે એ બધું ભગવાનના જ્ઞાનમાં જાણે વર્તે છે. એક ક્ષણમાં જ્ઞાનમાં જાણે એવું જે અરિહંતપદ છે.

**'તે (જિન ભગવાન) એક જ દેવ છે.'** આવા હોય તેને દેવ કહેવાય, એમ કહે છે. આ સિવાય અન્યોએ કલ્પેલા દેવ એ દેવ હોઈ શકે નહિ. જેને એક સમયની અંદર ત્રણકાળ ત્રણલોક જેને જ્ઞાનમાં જાણે વર્તે અને ઇચ્છા વિના જેને વાણી હોય, એ એક જ દેવ છે. એ સિવાય જગતમાં કોઈ સાચા દેવ નથી. **'તે નિકટ (સાક્ષાત્) જિન ભગવાનને વિષે...'** સાક્ષાત્ જિનભગવાનને વિષે **'નથી બંધ કે નથી મોક્ષ,...'** બંધ પણ નથી અને મોક્ષ પણ નથી. ભાવમોક્ષ તો થઈ ગયો છે. બાહ્ય મોક્ષ હજી ચાર કર્મનો બાકી છે. માટે મોક્ષ પણ હજી નથી અને બંધ પણ નથી. ભગવાનને બંધ પણ નથી અને હજી પૂર્ણ મોક્ષ પણ નથી. ચાર કર્મનો જે અભાવ થઈને દ્રવ્યમોક્ષ થવો જોઈએ એ નથી. ભાવમોક્ષ છે.

**'તેમ જ તેમનામાં નથી કોઈ મૂર્છા...'** અજ્ઞાનદશા. જાણવાનું કાંઈ બાકી હોય એવું એમાં છે નહિ. **'કે નથી કોઈ ચેતના...'** એટલે જાણવું કાંઈ બાકી છે એમ છે નહિ. પૂર્ણ આશ્રય દ્રવ્યનો પ્રગટ થઈ ગયો છે. એવા એ ભગવાન એક જ દેવ છે. એની વાણી ઇચ્છા વિના નીકળે છે. એને અભિલાષપૂર્વક વાણી હોતી નથી. એને બંધ હોતો નથી. છદ્મસ્થ પ્રાણીને વાણી તો વાણીને કારણે નીકળે છે પણ એને ઇચ્છાપૂર્વક હોય છે નીચે માટે તે બંધનું કારણ છે. નીચે બંધનું કારણ છે. એને બંધનું કારણ નથી. દશા પૂર્ણ થઈ ગઈ. ૨૯૦ કહ્યો.

મુમુક્ષુ :– ચેતના?

ઉત્તર :– ચેતના કીધું ને. જાણવાનું બાકી નથી અથવા આશ્રય કરવો બાકી નથી. પૂર્ણ આશ્રય થઈ ગયો. ચેતવું એટલે અંદર એકાગ્ર થવું હવે બાકી નથી. પ્રશ્ન તો કરે ને. કહો, સમજાણું કાંઈ? નીચે ખુલાસો કર્યો છે. **'(કારણ કે દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય છે.)'** છે ને? હવે આશ્રય કરવો બાકી નથી. અહીં તો નથી ચેતના એમ કહેવું છે. નથી ચેતનામાં પૂર્ણ ચેતના છે એમ હશે? નથી ચેતના એટલે હવે કાંઈ ચેતવું, આશ્રય કરવો બાકી નથી. એ તો જેમ હોય એમ હોય ને. ૨૯૦.

જુઓ! આવા અરિહંત ભગવાનને આવી દશા હોય છે. એને પૂર્વના કર્મને કારણે વાણી

નીકળે. પણ એને ઇચ્છા ને રાગ ને અભિલાષપૂર્વક વાણી હોતી નથી. દિવ્યધ્વનિ નીકળે. સવાર, બપોર, સાંજ, રાત ઇચ્છા વિના વાણી નીકળે. ઇચ્છા નથી. એ તો વીતરાગ છે, પૂર્ણ છે.

## શ્લોક–૨૯૧

(मंदाक्रांता)

न ह्येतस्मिन् भगवति जिने धर्मकर्मप्रपंचो
रागाभावादतुलमहिमा राजते वीतरागः।
एषः श्रीमान् स्वसुखनिरतः सिद्धिसीमन्तिनीशो
ज्ञानज्योतिश्छुरितभुवनाभोगभागः समन्तात्।।२९१।।

**[શ્લોકાર્થ :–] આ જિન ભગવાનમાં ખરેખર ધર્મ અને કર્મનો પ્રપંચ નથી (અર્થાત્ સાધકદશામાં જે શુદ્ધિ અને અશુદ્ધિના ભેદપ્રભેદો વર્તતા હોય છે તે જિન ભગવાનમાં નથી); રાગના અભાવને લીધે અતુલ-મહિમાવંત એવા તે (ભગવાન) વીતરાગપણે વિરાજે છે. તે શ્રીમાન (શોભાવંત ભગવાન) નિજસુખમાં લીન છે, મુક્તિરૂપી સ્ત્રીના નાથ છે અને જ્ઞાનજ્યોતિ વડે તેમણે લોકના વિસ્તારને સર્વતઃ છાઈ દીધો છે. ૨૯૧.**

## શ્લોક–૨૯૧ ઉપર પ્રવચન

૨૯૧.

न ह्येतस्मिन् भगवति जिने धर्मकर्मप्रपंचो
रागाभावादतुलमहिमा राजते वीतरागः।
एषः श्रीमान् स्वसुखनिरतः सिद्धिसीमन्तिनीशो
ज्ञानज्योतिश्छुरितभुवनाभोगभागः समन्तात्।।२९१।।

શ્લોકાર્થ :– **'આ જિન ભગવાનમાં...'** પરમેશ્વર જ્યાં વીતરાગ દશા પૂર્ણ થઈ ગઈ, જેને કાંઈ રાગનો અંશ અને ઇચ્છા છે નહિ, એ ભગવાનને **'ખરેખર ધર્મ અને કર્મનો પ્રપંચ નથી...'** હવે ધર્મ કરવો એટલે શુદ્ધિ અને અશુદ્ધિનો ભાગ નથી. **'(સાધકદશામાં જે શુદ્ધિ અને અશુદ્ધિના ભેદપ્રભેદો વર્તતા હોય છે તે જિન ભગવાનમાં નથી);...'** પૂર્ણ દશા વીતરાગ થઈ પછી એને શુદ્ધિ અને અશુદ્ધિ બે ભેદ છે નહિ. શરીર એક બાકી છે. ચાર

કર્મ બાકી છે. સમજાણું કાંઈ? પણ રાગ છે નહિ. તેમ શુદ્ધિ અને અશુદ્ધિના પ્રકાર પણ (નથી). પૂર્ણ શુદ્ધિ થઈ ગઈ એટલે એમાં બે ભેદ નથી.

**'રાગના અભાવને લીધે અતુલ-મહિમાવંત...'** આહાહા..! એની આનંદ દશા અને કેવળજ્ઞાન દશા એ તો અતુલ મહિમાવાળી છે. એવી જ આત્માની શક્તિ છે કે એ રૂપે પરિણમે અને થઈ શકે છે. દરેક આત્મા એવી શક્તિવાળો છે. સમજાણું કાંઈ? કહે છે, **'રાગના અભાવને લીધે અતુલ-મહિમાવંત...'** જેની મહિમાને કોઈ ઉપમા (નથી). કોઈની ઉપમા-તુલના કરી શકાય નહિ. **'એવા તે (ભગવાન) વીતરાગપણે વિરાજે છે. તે શ્રીમાન (શોભાવંત ભગવાન)...'** જુઓ એ શ્રીમાન છે. શોભાવંત ભગવાન. શ્રી એટલે શોભા. **'નિજસુખમાં લીન છે,...'** પરમાત્મા તો પોતાના અતીન્દ્રિય આનંદમાં લીન છે. આ જ આત્મા પરમાત્મા થાય એટલે આત્મા આનંદમાં જ લીન રહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પોતાનો આનંદ સ્વભાવ અત્યારે પણ અનંત આનંદથી બિરાજમાન આત્મા છે. એમાં એકાગ્ર થવાથી વ્યક્તરૂપે પ્રગટ અનંત આનંદ પ્રગટ્યો એવા પરમાત્મા અરિહંત એ આનંદમાં જ લીન છે. કોઈનું ભલુ કરવું કે ભૂંડું કરવું કે એવું એને છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? કહે છે ને કે, ભાઈ! ભગવાન અવતરે, રાક્ષસોને મારે અને ભક્તોની ભીડ ટાળે. એવા ભગવાન હોઈ શકે નહિ. એ ભગવાન જ નથી. સમજાણું કાંઈ? પોતાને અનંતજ્ઞાન, અનંતઆનંદ, વીતરાગતા પ્રગટી છે તેમાં એ લીન છે.

**'મુક્તિરૂપી સ્ત્રીના નાથ છે...'** મોક્ષ થયો છે ને એ કેવળજ્ઞાની? પોતાની મુક્તદશા, એના એ નાથ–સ્વામી છે. પૂર્ણ પવિત્રતા પ્રગટી એનો એ ધણી અને સ્વામી છે. એ કોઈ જગતના સ્વામી નથી. પોતાને પૂર્ણ આનંદદશા, પૂર્ણ જ્ઞાન-શાંતિ દશા પ્રગટ થઈ એના એ નાથ છે. **'અને જ્ઞાનજ્યોતિ વડે તેમણે લોકના વિસ્તારને સર્વતઃ છાઈ દીધો છે.'** જ્ઞાનજ્યોતિ વડે જેણે લોકાલોકના વિસ્તારને જેણે જાણી લીધા છે. આખી દુનિયા છવાઈ ગઈ જાણે જ્ઞાનથી. એટલે કે આખી દુનિયા લોકાલોક જેના જ્ઞાનમાં વર્તે છે. આહાહા..! આવું પરમાત્માનું, અરિહંતનું પરિણામપૂર્વક બોલવા વિનાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

## ગાથા–૧૭૫

**ठाणणिसेज्जविहारा ईहापुव्वं ण होइ केवलिणो।**
**तम्हा ण होइ बंधो साक्खट्टं मोहणीयस्स।।१७५।।**

**स्थाननिषण्णविहारा ईहापूर्वं न भवन्ति केवलिनः।**
**तस्मान्न भवति बंधः साक्षार्थं मोहनीयस्य।।१७५।।**

केवलिभट्टारकस्यामनस्कत्वप्रद्योतनमेतत्।

भगवतः परमार्हन्त्यलक्ष्मीविराजमानस्य केवलिनः परमवीतरागसर्वज्ञस्य ईहापूर्वकं न किमपि वर्तनम्; अतः स भगवान् न चेहते मनःप्रवृत्तेरभावात्; अमनस्काः केवलिनः इति वचनाद्वा न तिष्ठति नोपविशति न चेहापूर्वं श्रीविहारादिकं करोति। ततस्तस्य तीर्थकरपरमदेवस्य द्रव्यभावात्मकचतुर्विधबंधो न भवति। स च बंधः पुनः किमर्थं जातः कस्य संबंधश्च? मोहनीयकर्मविलासविजृंभितः, अक्षार्थमिन्द्रियार्थं तेन सह यः वर्तत इति साक्षार्थं मोहनीयस्य वशगतानां साक्षार्थप्रयोजनानां संसारिणामेव बंध इति।

तथा चोक्तं श्रीप्रवचनसारे-

``ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।
अरहंताण काले मायाचारो व्व इत्थीणं।।''

---

**અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.**

અન્વયાર્થ :– [ केवलिनः ] કેવળીને [ स्थाननिषण्णविहाराः ] ઊભા રહેવું, બેસવું અને વિહાર [ ईहापूर्वं ] ઇચ્છાપૂર્વક [ न भवन्ति ] હોતા નથી, [ तस्मात् ] તેથી [ बंधः न भवति ] તેમને બંધ નથી; [ मोहनीयस्य ] મોહનીયવશ જીવને [ साक्षार्थम् ] ઇન્દ્રિયવિષયસહિતપણે બંધ થાય છે.

ટીકા :– આ, કેવળીભટ્ટારકને મનરહિતપણાનું પ્રકાશન છે (અર્થાત્ અહીં કેવળીભગવાનનું મનરહિતપણું દર્શાવ્યું છે).

અર્હંતયોગ્ય પરમ લક્ષ્મીથી વિરાજમાન, પરમવીતરાગ સર્વજ્ઞ કેવળીભગવાનને ઇચ્છાપૂર્વક કાંઈ પણ વર્તન હોતું નથી; તેથી તે ભગવાન (કાંઈ) ઇચ્છતા નથી, કારણ કે મનપ્રવૃત્તિનો અભાવ છે; અથવા, તેઓ ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી, બેસતા નથી કે શ્રીવિહારાદિક કરતા નથી, કારણ કે 'अमनस्काः केवलिनः (કેવળીઓ મનરહિત છે)' એવું શાસ્ત્રનું વચન છે. માટે તે તીર્થંકર-પરમદેવને દ્રવ્યભાવસ્વરૂપ ચતુર્વિધ બંધ (પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ) થતો નથી.

વળી, તે બંધ (૧) કયા કારણે થાય છે અને (૨) કોને થાય છે? (૧) બંધ મોહનીયકર્મના વિલાસથી ઉત્પન્ન થાય છે. (૨) 'અક્ષાર્થ' એટલે ઇન્દ્રિયાર્થ (ઇન્દ્રિયવિષય); અક્ષાર્થ સહિત હોય તે 'સાક્ષાર્થ'; મોહનીયને વશ થયેલા, સાક્ષાર્થપ્રયોજન (–ઇન્દ્રિયવિષયરૂપ પ્રયોજનવાળા) સંસારીઓને જ બંધ થાય છે.

એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–

**"[ગાથાર્થ :–] તે અર્હંતભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર અને ધર્મોપદેશ, સ્ત્રીઓને માયાચારની માફક, સ્વાભાવિક જ–પ્રયત્ન વિના જ—હોય છે."**

## ગાથા–૧૭૫ ઉપર પ્રવચન

૧૭૫-ગાથા.

**ठाणणिसेज्जविहारा ईहापुव्वं ण होइ केवलिणो।**
**तम्हा ण होइ बंधो साक्खट्ठं मोहणीयस्स।।१७५।।**
**અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.**

અર્થ કર્યો છે. વિહાર શબ્દ પડ્યો છે. ટીકામાં પણ વિહાર છે.

કેવળીભટ્ટારક સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ પૂર્ણ જેને જ્ઞાન અને આનંદ પ્રગટ્યા એવા તીર્થંકર અથવા કેવળી. **'મનરહિતપણાનું પ્રકાશન છે.'** લ્યો! એને મન હોતું નથી. ભાવમન છે નહિ. દ્રવ્યમન તો જડ છે. **'અહીં, કેવળીભટ્ટારકને મનરહિતપણાનું પ્રકાશન છે (અર્થાત્ અહીં કેવળીભગવાનનું મનરહિતપણું દર્શાવ્યું છે.)'**

**'અર્હંતયોગ્ય પરમ લક્ષ્મીથી વિરાજમાન,...'** અર્હંતયોગ્ય, અર્હંતયોગ્ય. એને યોગ્ય પરમલક્ષ્મી અનંત જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વીતરાગતા આવી લક્ષ્મી એની પાસે એ છે. આ ધૂળની લક્ષ્મી નથી. સમજાણું કાંઈ? આ ધૂળની લક્ષ્મી તો આત્મા પાસે ક્યાં છે? એ તો જુદી છે. એ તો મૂઢ માને છે કે હું લક્ષ્મીવાળો છું. પૈસા-બૈસા ધૂળ તો બહાર છે. એની પાસે ક્યાં આવ્યા? ગરી ગયા છે એમાં? પણ પૈસા મારા, લક્ષ્મી મારી, એ જડનો સ્વામી મૂંઢ થાય છે. આહાહા..! આ લક્ષ્મીનો સ્વામી તે ભગવાન છે. સમજાણું કાંઈ?

**'અર્હંતયોગ્ય પરમ લક્ષ્મી...'** એમ કીધું છે ને? **'પરમવીતરાગ સર્વજ્ઞ કેવળીભગવાનને....'** પરમ વીતરાગ સર્વજ્ઞ. ઇચ્છારહિત થઈ ગયા વીતરાગ અને સર્વજ્ઞ છે. એવા **'કેવળી ભગવાનને ઇચ્છાપૂર્વક કાંઈ પણ વર્તન હોતું નથી;...'** ઇચ્છાપૂર્વક કાંઈપણ એને વર્તન હોતું નથી. આહાહા..! **'તેથી તે ભગવાન (કાંઈ) ઇચ્છતા નથી,...'** એને હાલવું, ચાલવું, બોલવું, વિહાર કરવો એ કોઈ ઇચ્છા હોતી નથી, એમ કહે છે. પહેલું વચનનું નાંખ્યું હતું. હવે બધું નાખ્યું.

**'કારણ કે મનપ્રવૃત્તિનો અભાવ છે;...'** ભગવાનને મનની પ્રવૃત્તિ જ નથી. ભગવાન તો કેવળજ્ઞાનમય એકલા સ્વરૂપ છે. આહાહા..! દેવનું સ્વરૂપ પણ એણે બરાબર જાણ્યું નથી. દેવનું વાસ્તવિક સ્વરૂપ જાણે તો એ આત્મા સાથે મેળવે કે એવો અને એ જાતનો જ હું છું. તો એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. પણ દેવની વ્યાખ્યાની પણ ખબર

ન મળે. સમજાણું કાંઈ? બધા દેવ સરખા. બધે ચોખા મૂકવા, બધાને માનવા. મિથ્યાત્વ ભ્રમ, અજ્ઞાન છે, કહે છે. સમજાણું કાંઈ? જય નારાયણ કરો બધાને. હનુમાન ને શિકોતરી ને અંબાજીને. મૂઢ છે, કહે છે. એને ભાન નથી કે આત્મા શું છે અને એની કિંમત કેટલી છે. આવે છે ને જુઓને! આ દેવને નામે કેટલાક? કેટલાક દેવના નામનો શનિવાર કરે, કોઈ સોમવાર કરે, કોઈ રવિવાર કરે. જૈનમાં જન્મ્યા પણ મૂઢના મોટા બળદ જેવા છે. સમજાણું કાંઈ? ભાન ન મળે કાંઈ, ભાન. ગયા. આવા દેવને મૂકીને આવા દેવને માનવા એ મૂઢ છે, કહે છે.

**'તેઓ ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી,...'** જુઓ! ઊભા રહે આમ ભગવાન, શરીર. ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી. એ તો દેહની ક્રિયાની ઉદયની એવી સ્થિતિ છે તો ઊભા રહી જાય. ભગવાન ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી. **'બેસતા નથી...'** ઇચ્છાપૂર્વક. આસન એમ થઈ જાય. એ ઇચ્છાપૂર્વક થાતું નથી. સભામાં સમવસરણમાં ભગવાન બિરાજતા હોય. વિહાર કરીને આમ પલાઠી વાળીને બેસે, એ ઇચ્છાપૂર્વક નથી. જડના ઉદયનો કાળ છે તો તે પ્રમાણે ક્રિયા થઈ જાય છે. એમ કહે છે. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :– આહારની ક્રિયા પણ એમ થઈ જાય.

ઉત્તર :– આહારની ક્રિયા એમ ન થાય. એ ઠીક કહે છે. આહારની ક્રિયા પણ ભગવાનને એમ થઈ જાય, એમ કહે છે. જુઓ! પ્રશ્ન તો થાય ને. આહારમાં તો ઇચ્છા વિના આહાર લેવાની વૃત્તિ થાય જ નહિ. અને એ આહાર લેવો એમાં પવનની પ્રેરણા વિના આહાર અંદર આવે જ નહિ. કહો, સમજાણું કાંઈ? ભગવાનની ... અહીંયાં અત્યારે જુઓને આ પાણી ને આહાર લે ને? પવન ખેંચે ત્યારે એ પાણી ને આહાર અંદર આવે. એમ ને એમ કોળિયો અંદર ન આવી જાય. એવી પવનની પ્રવૃત્તિ ભગવાનને હોતી નથી. માટે ભગવાનને આહાર ને પાણી હોતા નથી. એના ભાઈનું છે ને. એ પણ પહેલા હતા ને? કહો, સમજાણું કાંઈ?

ભગવાન અરિહંત પરમેશ્વર, એને શરીરમાં રોગ ન હોય, એને આહાર પાણી ન હોય, એને નિંદ્રા ન હોય, એને ઇચ્છાપૂર્વક વાણી ન હોય પછી પ્રશ્ન ક્યાં રહ્યો? વાણી છે છતાં ઇચ્છા નથી. તેમ આહાર હોય અને ઇચ્છા ન હોય એમ બને જ નહિ. ઇચ્છા વિના આહાર લેવાની વૃત્તિ થાય નહિ. આહાર લેવા જાઉં, આહાર કરવો, વળી પેટમાં નાખવો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો ઉદયની દશા છે માટે. પણ ઉદયની જરી અવસ્થા છે .. આવ્યું પણ છે નહિ આહાર. પ્રશ્ન ઠીક છે એનો. અગિયાર પરિષહ કીધા છે ને? અશાતાના ઉદયથી. ઉદયનો ભાગ છે ને ... એવી ક્ષુધા ન હોય કે જેથી આહાર લેવાની વૃત્તિ થાય કે આહાર આવે. એ દેવના સ્વરૂપને જાણતા નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાનને આહાર ઠરાવ્યો,

ભગવાનના શરીરને રોગ ઠરાવ્યો. એ ભગવાનને જાણતા નથી. એ ઊંધે સ્વરૂપે જીવોને ચડાવી દીધા છે.

મુમુક્ષુ :– ભગવાનને ઔષધ હોય કે નહિ ઔષધ?

ઉત્તર :– ઔષધ-ફૌષધ કેવા? રોગ હોય તો ઔષધ હોય ને. આહાહા..! સમજાણું કાંઈ? 'ગોશાળે મારી લેશ્યા' આવે છે ને? છ મહિના સુધી લોહીખંડ ઝાડો રહ્યો. બિલકુલ જૂઠી વાત છે. બધી કલ્પિત છે. બધી કલ્પિત વાત છે એ. શાસ્ત્રની, ભગવાનની વાણી નથી. આહાહા..! ભારે કામ આકરું, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કલ્પિત કરીને શ્રદ્ધાનો વિરોધ કરવો હતો.

ઉત્તર :– કલ્પિત કરીને લોકોને પોતાનો વાડો વાળવો હતો. કલ્પિત શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કલ્પિત ને વાડો...

ઉત્તર :– સ્ત્રીને મુક્તિ ઠરાવી, બધાને મુક્તિ ઠરાવી. બધા વાડાવાળા ભેગા આપણે ચાલો.

મુમુક્ષુ :– ભગવાન પણ ઔષધિ લે છે તો આપણે શું વાંધો?

ઉત્તર :– ભગવાન પણ સ્ત્રી હતા તો આપણે પણ સ્ત્રી પણ ભગવાન થઈ શકીએ. એમ કરીને બધાને સારું લગાડ્યું.

એક હતા. નામ ભૂલી ગયા. 'અમદાવાદ'ના નહિ? દલાલ. 'હરિભાઈ'. દેરાવાસી. 'હરિભાઈ' દલાલ હતા. બહુ જબરો. 'અમદાવાદ'નો હતો. પછી આ બધા નહિ પૈસાવાળા? 'રઘુભાઈ'ને. એ બધાને લગાવે એવો. અહીં હતાને.. કેવા? 'ભોગીભાઈ' 'ભોગીભાઈ' અને 'નાનુભાઈ'. 'ભોગીભાઈ'. 'અમદાવાદ'ના ગૃહસ્થ મોટા. ૫૦ લાખ. એ અહીં રહ્યા હતા તો દરરોજ સાંભળવા આવે. નજીક હતા ને. અહીં ગામમાં ક્યાંથી આવું? પછી 'હરિભાઈ' એની સાથે જોવા આવે ને. પંદર દિવસ રહ્યા અને સાંભળ્યું. ઓય માળા! આ તો વાત બીજી કહે છે. સ્ત્રીને મોક્ષ ઠરાવ્યો એનો અર્થ? બધાને ભેગા કરવા. વાત સાચી લાગે છે. પણ હોંશિયાર માણસ હતો, હોં! ગુજરી ગયા. ૧૯૯૨માં આવ્યા હતા. 'હરિભાઈ' 'અમદાવાદ'ના દેરાવાસી. માર્ગ જુદો છે, બાપા! સમજાણું કાંઈ? જેને ઇચ્છા જ મરી ગઈ. અનંત આનંદ પ્રગટ્યો એને ઇચ્છાપૂર્વક વાણી કેવી, એને ખોરાક કેવા, પાણી કેવા અને રોગ કેવા અને ઓસડ કેવા? એ દેવના સ્વરૂપને જાણતા નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધી વાર્તા. એ તો ઠીક. એનું કાંઈ નહિ. આપણે તો એને ચેલા બેલા હોય નહિ. આ વાત લ્યો ને. આ અત્યારે ચાલે છે એ. સમજાણું?

ભગવાનને આહાર નહિ, પાણી નહિ, રોગ નહિ. અનંત આનંદનો જ્યાં અનુભવ છે

એને વળી આહાર કેવા? આહાહા..! એને પાણી કેવા? બધું વસ્તુનું સ્વરૂપ તત્ત્વથી વિરુદ્ધ કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? એય..! 'જાદવજીભાઈ'! તારો દાદો, એમાં હતા. આ નહોતી, વાત જ નહોતી. ધર્મની નહોતી. દયા, દાન, વ્રત પાળે એને ધર્મ થાય એ વાત પણ જૂઠી અને આ વાત પણ જૂઠી. બધી જૂઠી વાત છે. ધર્મ એ શું છે એની એને ખબર નથી, દેવ કોને કહેવા એની ખબર નથી, ગુરુ કોને કહેવા એની ખબર નથી અને શાસ્ત્ર કોને કહેવા એની પણ ખબર નથી. એવું છે. ભારે આકરું કામ. ભગવાનને નામે પુસ્તક ચડાવી દીધાને. બિચારા લોકો છેતરાઈ ગયા. ઊંધુ માથું ઊંચું કરી શક્યા નહિ. મરી ગયા એમ ને એમ એમાં.

કહે છે કે ભગવાન ઈચ્છાપૂર્વક બેસતા નથી. બેસતા નથી ઇચ્છાપૂર્વક. શરીર બેસી જાય. આહાહા..! 'શ્રીમદ્'માં આવે છે ને શું ઓલું? 'વિચરે ઉદય પ્રયોગ'. આવે છે ને? 'વિચરે ઉદય પ્રયોગ'. એ તો છદ્મસ્થને પણ એમ કહ્યું. સમજાણું? સમકિતી–જ્ઞાની, મુનિ, ધર્માત્મા એ પણ જેવો ઉદય હોય એ પ્રમાણે થયા કરે છે. એના જાણનાર-દેખનાર છે, કરનાર નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિ પણ વિહારની ક્રિયા અને ખાવાની ક્રિયાના કર્તા છે જ નહિ.

મુમુક્ષુ :– .. ખરો કે માને એટલું જ?

ઉત્તર :– ઓલો માને છે. ખાય છે ક્યાં? ધૂળ માને. એ માને છે કે હું ખાઉં છું. એ જડની ક્રિયા છે. મોઢામાં કોળિયા આવવા-જવા એ તો જડ, પુદ્ગલની ક્રિયા. મૂંઢ થઈને માને છે કે હું ખાઉં છું, પીવું છું, લાડવા ખાઉં છું, મોસંબી. ધૂળમાં પણ નથી મફતનો. આનંદનો નાથ, પ્રભુ! એને આ પરનું ખાવા, પીવાની ક્રિયાનો કર્તા કહેવો એ તો મહા મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! એ કાંઈ પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

મુમુક્ષુ :– આ બધી વાયુકાયની જત્ના નહીં કરવાની ને અહિંસા કેવી કહેવાય.

ઉત્તર :– વાયુકાયની કોણ જત્ના કરી શકતો હતો? વાયુકાયની જત્ના કરે કોણ? મુનિ તો નગ્ન હોય છે. વસ્ત્રનો કટકો પણ હોય નહિ. જંગલમાં મુનિ વસે. સમજાય છે કાંઈ? જૈનદર્શન આકરો માર્ગ છે, બાપા! વાડા બાંધીને બેઠા એ કાંઈ જૈનદર્શન નથી. સમજાણું કાંઈ?

**'ઈચ્છાપૂર્વક શ્રી વિહારાદિ કરતા નથી,...'** જુઓ! ભાષા એવી વાપરી છે. શ્રીવિહાર. ભગવાનનો શ્રીવિહાર. આહાહા..! એવા વિહાર આદિ. ડગલા ભરવા કે આમ પગ મૂકવો એ કરતા નથી. આહાહા..! જેવું અરિહંતનું સ્વરૂપ, એવું જ આત્માનું સ્વરૂપ છે. ફક્ત પર્યાયમાં ઊણપ છે. પણ દૃષ્ટિ કરતા દ્રવ્યમાં એ અરિહંત જેવો જ આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

**'શ્રી વિહારાદી (ઇચ્છાપૂર્વક ભગવાન) કરતા નથી, કારણ કે 'अमनस्का केवलिनः (કેવળીઓ મનરહિત છે)' એવું શાસ્ત્રનું વચન છે.'** 'તત્ત્વાર્થસૂત્ર'નું એ વચન છે. **'માટે તે તીર્થંકર-પરમદેવને દ્રવ્યભાવસ્વરૂપ ચતુર્વિધ બંધ...'** નથી. ભગવાનને બંધ નથી એમ કહેવું છે ને? તીર્થંકર પરમદેવને દ્રવ્ય એટલે કર્મપ્રકૃતિનો બંધ નથી અને ભાવબંધ પણ નથી. રાગનો બંધ પણ નથી અને પરનો પણ બંધ નથી. આહાહા..! **'પ્રકૃતિબંધ, પ્રદેશબંધ,...'** પરમાણુમાં એનો સ્વભાવ પડે, એની સંખ્યા હોય, એની મુદત હોય અને એમાં રસ હોય એવો બંધ ભગવાનને હોતો નથી.

**'વળી, તે બંધ (૧) ક્યા કારણે થાય છે અને (૨) કોને થાય છે?'** આ બે પ્રશ્ન. બંધ ભગવાનને થતો નથી તો પછી એ બંધ ક્યા કારણે થાય છે અને કોને થાય છે? આ બે પ્રશ્ન. **'(૧) બંધ મોહનીયકર્મના વિલાસથી ઉત્પન્ન થાય છે.'** રાગથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'(૨) 'અક્ષાર્થ' એટલે ઇન્દ્રિયાર્થ (ઇન્દ્રિયવિષય); અક્ષાર્થ સહિત હોય તે.'** ઇન્દ્રિયના વિષય સહિત હોય તે. ભગવાન તો અણીન્દ્રિય છે. **''સાક્ષાર્થ' મોહનીયને વશ થયેલા,...'** ઇન્દ્રિયસહિત હોય તે મોહનીયને વશ થયેલા. **'સાક્ષાર્થ પ્રયોજન (–સઅક્ષય - તે ઇન્દ્રયવિષયરૂપ પ્રયોજનવાળા) સંસારીઓને જ બંધ થાય છે.'** લ્યો! સમજાણું? ભગવાનને બંધ હોતો નથી.

**'એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** લ્યો! 'પ્રવચનસાર'નો આધાર આપે છે.

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।**
**अरंहंताण काले मायाचारो व्व इत्थीणं।।**

**શ્લોકાર્થ :– 'તે અર્હંતભગવંતોને તે કાળે ઊભા રહેવું,...'** ભાષા જુઓ! તે સમયે ઊભા રહેવું એ જ એની પર્યાયની ક્રિયા છે. **'બેસવું, વિહાર અને ધર્મોપદેશ,...'** હાલવું અને ધર્મનો ઉપદેશ **'સ્ત્રીઓને માયાચારની માફક,...'** સ્ત્રીને સહેજે માયા વર્તે એમ **'સ્વાભાવિક જ—'** છે. ભગવાનને આહાર, બેસવું, ઊભા રહેવું, વિહાર, ધર્મોપદેશ સહજ છે. કહો, સમજાણું કાંઈ? સ્ત્રીને માયા અને કપટ તો સહજ થઈ જાય. એને ખ્યાલ પણ ન હોય. એવી રીતે એનો સ્વભાવ જ એવો છે. માયા કપટથી સ્ત્રી થઈને આવ્યા છે. પૂર્વે માયા કપટ કરી હોય તો સ્ત્રી થાય. બધી સ્ત્રીઓની વાત નથી. સામાન્યની વાત છે. ભગવાનની માતા એ બધા આવા ન હોય. પણ આ તો સામાન્યની વાત છે.

**'સ્ત્રીઓને માયાચારની માફક,...'** એને માયા, ઇચ્છા આદિ કપટ સહેજે સાધારણ થઈ જાય, કહે છે. એમ ભગવાનને ઇચ્છા વિના આહાર, વિહાર, હાલવું, ચાલવું થાય. આહારનો પણ જે કર્મના રજકણો આવે એ પણ ઇચ્છા વિના આવે છે. આઠ ગણ્યા છે ને? એ આ. નોકર્મ. ભગવાન ઊભા રહે, બેસે, વિહાર એ સ્વભાવિક જ છે. **'પ્રયત્ન વિના જ–**

**હોય છે.**' આહાહા..! ભગવાનને પ્રયત્ન હોતો નથી કે હું ઊભો રહું. પ્રયત્ન નથી કે હું ચાલું, પ્રયત્ન નથી કે હું બોલું, ઊભો રહું એ પ્રયત્ન વિના હોય છે.

મુમુક્ષુ :– ઉદયભાવ છે.

ઉત્તર :– બસ, ઉદયભાવ છે. ક્ષાયિકભાવ છે, ખરી જાય છે. 'પ્રવચનસાર'માં કહ્યું છે ને? એ બધો ઉદયભાવ છે. પુણ્યફળા અર્હંતાની વ્યાખ્યા આ છે. પુણ્યના ફળ તરીકે કેવળી થાય એ વ્યાખ્યા નથી. પણ પૂર્વે જે પુણ્ય બાંધ્યું હોય એને કારણે હલન, ચલન, વાણી, વિહાર, બેસવું, ઊઠવું થાય. એ બધી પુણ્યની ક્રિયા છે, એ થઈ જાય છે. ભગવાનને થઈ જાય. એને કાંઈ છે નહિ. એને તો જ્ઞાનમાં વર્તે છે કે આ સમયે દેહ ચાલશે, આ સમયે ભાષા નીકળશે, આ સમયે દેહ ઊભો રહેશે, આ સમયે ચાલશે એ બધું જ્ઞાનમાં પહેલેથી છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીનું સ્વરૂપ જાણવું આકરી વાત છે. એથી તો અહીં કેવળજ્ઞાન, કેવળદર્શનને કેટલી રીતે સ્થાપ્યું છે, જુઓને! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ સમયે ત્યાં આવ્યો અને ખરી ગયો. બીજે સમયે બીજે આવ્યો ને ખરી ગયો. એમ થાય છે. ઉદય આવીને ખરી જાય છે. એ ક્ષાયિકનું કામ કરે છે. 'પંડિતજી'! આહાહા..!

અરે..! આત્માની ઋદ્ધિ અંતર આનંદ અને જ્ઞાન સ્વભાવવાન પ્રભુ, એ અંતરના ધ્યાન દ્વારા એ ચીજ અંદર આત્મામાં છે એને એકાગ્ર દ્વારા બહાર પરિણતિરૂપે પૂર્ણ દશા થઈ ગઈ. એવા અનંતજ્ઞાન આદિ ઋદ્ધિના ધણી પરમાત્મા, એને કોઈ જાતની ઇચ્છા હોતી નથી. એને પ્રયત્ન વિના જ એ બધા કામ ચાલે છે, એમ કહે છે. એનો પ્રયત્ન હોય તો આ ઊભા રહેવું, બેસવું, ચાલવું થાય એમ છે નહિ. આહાહા..! આ તે કાંઈ વાત! સાધારણ પ્રાણીને તો બેસે નહિ. સમજાણું કાંઈ? ઓલા ચાર કર્મ બાકી રહ્યા એ પણ બળી દોરડી જેવા છે. આવે છે ખામણામાં આવે છે પણ એનો અર્થ ન સમજે. ચાર કર્મ નાશ કર્યાં, ચાર કર્મ બળેલી દોરડી વત્ સમાન પડ્યા છે. બળેલી દોરડી બાંધવામાં કામ ન આવે. અરે..! એવા આત્માની જાત જ જ્યાં પૂર્ણ પ્રગટી ત્યાં આ જાત હોય છે. એવો જ આ ભગવાનઆત્મા, અનંત આત્માઓ એવા જ છે. સમજાણું કાંઈ? એ પરિણતિ અંતરમાંથી બહાર કાઢે ત્યારે સાક્ષાત્ પરમાત્મા થાય છે. વસ્તુએ પોતે આત્મા પરમાત્મા જ છે. પરમાત્મા ન હોય તો પર્યાયમાં પરમાત્મપણું ક્યાંથી આવશે? બહારથી આવે એવું છે? સમજાણું કાંઈ?

'[હવે આ ૧૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૯૨

(શાર્દૂલવિક્રીડિત)

देवेन्द्रासनकंपकारणमहत्कैवल्यबोधोदये
मुक्तिश्रीललनामुखाम्बुजरवेः सद्धर्मरक्षामणेः ।
सर्वं वर्तनमस्ति चेन्न च मनः सर्वं पुराणस्य तत्
सोऽयं नन्वपरिप्रमेयमहिमा पापाटवीपावकः ।।२९२।।

[શ્લોકાર્થ :–] દેવેંદ્રોનાં આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો ઉદય થતાં, જે મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે અને સદ્ધર્મના *રક્ષામણિ છે એવા પુરાણ પુરુષને બધું વર્તન ભલે હોય તોપણ મન સઘળુંય હોતું નથી; તેથી તેઓ (કેવળજ્ઞાની પુરાણપુરુષ) ખરેખર અગમ્ય મહિમાવંત છે અને પાપરૂપી વનને બાળનાર અગ્નિ સમાન છે. ૨૯૨.

## શ્લોક–૨૯૨ ઉપર પ્રવચન

देवेन्द्रासनकंपकारणमहत्कैवल्यबोधोदये
मुक्तिश्रीललनामुखाम्बुजरवेः सद्धर्मरक्षामणेः ।
सर्वं वर्तनमस्ति चेन्न च मनः सर्वं पुराणस्य तत्
सोऽयं नन्वपरिप्रमेयमहिमा पापाटवीपावकः ।।२९२।।

**શ્લોકાર્થ :– 'દેવેંદ્રોના આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો ઉદય થતાં,...'** આહાહા..! આત્મામાં અંતરના આનંદમાં લીનતા થતાં કેવળજ્ઞાન થાય છે. ભગવાનઆત્મા, પોતાનો જે અનંત જ્ઞાન આનંદાદિ સ્વભાવ અંતર પરિપૂર્ણ પડ્યો છે અત્યારે, એમાં લીનતા કરતા, એની એકાગ્રતા સાધતા કેવળજ્ઞાન થાય છે. એ કેવળજ્ઞાન દેવેન્દ્રોના આસન કંપાયમાન થવાનું નિમિત્ત છે, કારણ છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! અહીં કેવળજ્ઞાન

* રક્ષામણિ = આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ. (કેવળીભગવાન સદ્ધર્મના રક્ષણ માટે—અસદ્ધર્મથી બચવા માટે–રક્ષામણિ છે.)

થાય તો દેવોના આસન ચળે. દેવેન્દ્રો જે ઇન્દ્રો આદિ છે, એના આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો ઉદય થતાં. લ્યો! કેવળજ્ઞાન પ્રગટ થતાં કંપાયમાન થાય. જુઓ! નિમિત્તથી આવ્યું એમાં. છે? એય..! 'દિલીપ'! કેવળજ્ઞાન થાય ત્યારે કંપાયમાન થાય છે ત્યાં? શું થયું? નિમિત્ત છે ને પણ? થયું એનાથી?

મુમુક્ષુ :– નિમિત્તથી કાંઈ થાય જ નહિ.

ઉત્તર :– ન થાય?

મુમુક્ષુ :– આપે તો અમને શીખવાડ્યું છે.

ઉત્તર :– કહો, સમજાણું કાંઈ? એનાથી થતું નથી. પણ તે કાળે ત્યાં થવાની પર્યાય હતી એમાં આ નિમિત્ત કહેવામાં આવે છે. એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોનું?

મુમુક્ષુ :– કેવળજ્ઞાની.

ઉત્તર :– એની અહીં વાત નથી. અહીં તો કેવળજ્ઞાન થયું એટલે ત્યાં કંપન થાય એ એને કારણે થાય. એટલો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. કેવળજ્ઞાની .. છે ને? ... કેવળજ્ઞાન. અહીં તો જન્મે ત્યાં કંપાયમાન થાય. તીર્થંકરનો જીવ જ્યાં જન્મે ત્યાં દેવના આસન ચળે. એ પણ એ વખતે ચળવાની લાયકાતમાં નિમિત્ત કહેવાય છે. નિમિત્તની સામગ્રી પૂરી મળે છે જેને જોઈતી હોય.

**'દેવેંદ્રોના આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો ઉદય...'** કેવળજ્ઞાનનો ઉદય થયો ત્યારે કંપન થયું, એ પહેલા કેમ ન થયું? એ તો એ વખતે એની થવાની ક્રિયા હતી, તેમાં કેવળજ્ઞાનનું નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગની સ્વતંત્રતા. દરેક દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર છે. કોઈ કોઈને કારણે કોઈની પર્યાય થાય નહિ. એવું વસ્તુનું સ્વરૂપ છે. શું થાય? ભાઈ! લોકોને બહાર સાંભળવા મળે નહિ ને એ પછી પડ્યો એમાં માનીને જિંદગી પૂરી કરે. ભવનો અભાવ કરવાનો ભવ (મળ્યો) એમાં ભવ વધારીને જાય. આહાહા..!

**'જે મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે...'** મુક્તિરૂપી લક્ષ્મી, એની પરિણતિમાં મુખકમળ એટલે ખીલવાનો સૂર્ય છે. શુદ્ધ પરિણતિને ખીલવાનું કારણ છે એ તો. સમજાણું કાંઈ? **'સદ્ધર્મના રક્ષામણિ છે...'** લ્યો! પહેલા પણ એકવાર આવી ગયું છે. ૨૩૩ પાને આવી ગયું. **'આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ.'** ઠીક! **'(કેવળી ભગવાન સદ્ધર્મના રક્ષણ માટે–અસદ્ધર્મથી બચવા માટે–રક્ષામણિ છે.)'** આહાહા..! સમજાણું કાંઈ? ૨૮૭માં આવી ગયું છે. ૨૮૭. રક્ષામણિ. છે નીચે? **'સદ્ધર્મની રક્ષા કરનારો મણિ, રક્ષામણિ = આપત્તિઓથી અને પિશાચ વગેરે પોતાની જાતને બચાવવા**

**માટે પહેરવામાં આવતો મણિ.**' ઉપમા આપી છે, હોં!

અહીં પણ ભગવાન સદ્ધર્મના રક્ષક છે. આહાહા..! અસદ્ધર્મથી બચવા માટે રક્ષામણિ ભગવાનને કહેવામાં આવે છે. જે એને સમજે અને આશ્રય લે એને પણ સદ્ધર્મના રક્ષામાં ભગવાન મણિ–રક્ષામણિ છે. આહાહા..! સ્તવનમાં એક ઠેકાણે આવે છે ને. 'મારે માથે સીમંધરસ્વામી અખંડ મારી રક્ષા કરે' આવે છે? ભગવાન રક્ષા કરવા આવતા હશે? ભગવાન અરિહંતનું જે સ્વરૂપ છે એવું જેના જ્ઞાનમાં બરાબર બેસે એને અંતરનો લાભ થાય, એમાં ભગવાન નિમિત્ત કહેવામાં આવે છે. એમ કહે છે. પોતાના સદ્ધર્મનો રક્ષક છે અને અસદ્ધર્મથી બચવા માટે રક્ષામણિ. એમ પોતે પણ એમ છે અને બીજાને માટે પણ એમ છે ઇ. જેણે અરિહંત પરમાત્માનું વાસ્તવિક આવું સ્વરૂપ હોય એમ જાણ્યું, એ પછી પોતાના આત્માને એની સાથે મેળવે તો એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થાય. તો એના આત્માના પણ એ રક્ષામણિ કહેવામાં આવે છે. વ્યવહારથી. નિશ્ચયથી પોતાના રક્ષામણિ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**એવા પુરાણ પુરુષને...**' એવા ભગવાન અરિહંત પરમેશ્વર પુરાણ પુરુષ. જૂનો આત્મા જેવો છે એવો પ્રગટ્યો. એવો પુરાણ પુરુષ. '**ને બધું વર્તન ભલે હોય...**' હાલવું, ચાલવું, બોલવું, ઊભા રહેવું, ઉપદેશ હો '**તોપણ મન સઘળુંય હોતું નથી;...**' એમાં મન સઘળું હોતું નથી. આહાહા..! ભારે વાત આવી. ઇચ્છા નહિ, મન નહિ ને ચાલે. એની મેળે ચાલે? જડ એની મેળાએ ચાલે છે.

મુમુક્ષુ :– ક્રિયાવતી શક્તિથી.

ઉત્તર :– હા. એ ક્રિયાવતી શક્તિ છે. સમજાણું કાંઈ? આ દેહ જે ચાલે છે એ એની ક્રિયાવતી શક્તિથી ચાલે છે. આત્માની શક્તિ નહિ. આત્માની પ્રેરણા થાય, પ્રયત્ન થાય માટે આમ ચાલે છે એમ પણ નહિ. આહાહા..! આ તો જડતત્ત્વ છે, અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વની ક્રિયા અજીવમાં અજીવને કારણે સ્વતંત્ર થાય છે. આત્માથી થતી નથી. નીચે થતી નથી તો વળી ભગવાનને શું કહેવું? કહે છે. આહાહા..!

'**મન સઘળુંય હોતું નથી; તેઓ (કેવળજ્ઞાની પુરાણપુરુષ)...**' છે. '**ખરેખર અગમ્ય મહિમાવંત છે...**' એની મહિમા અગમ્ય છે. મનથી અને વિકલ્પથી ટળી શકાય નહિ. ધ્યાનથી ટળી શકાય. આહાહા..! આમ તો બધા સવારમાં ઊઠીને ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કરે. પણ અરિહંત કેવા હોય, એની પર્યાય કેવી હોય? એને ઇચ્છાપૂર્વક હાલવું, ચાલવું ન હોય, એ હજી વાસ્તવિક સ્વરૂપ છે એને જાણતા નથી તો એ ણમો અરિહંતાણં એનું સાચું નથી. એ તો રાગને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ?

'**ખરેખર અગમ્ય મહિમાવંત છે અને પાપરૂપી વનને બાળનાર અગ્નિ સમાન છે.**' કેવળજ્ઞાની પરમાત્માને તો પાપાદિ છે નહિ. પણ બીજા જીવોને જે પાપ હોય એવા કેવળજ્ઞાની પરમાત્માનું જે જ્ઞાન યથાર્થ કરે એને પાપરૂપી અગ્નિને બાળનાર વન. પાપરૂપી વનને બાળવામાં

ભગવાન અગ્નિ સમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. પુણ્ય અને પાપ બેય વનના લાકડા છે. ભગવાન અરિહંતનું વાસ્તવિક સ્વરૂપ અંતર જાણે એ આત્માને જાણે અને આત્માને જાણે એથી એના પુણ્ય અને પાપ નાશ થઈ જાય. સમજાણું કાંઈ?

## ગાથા-૧૭૬

आउस्स खयेण पुणो णिण्णासो होइ सेसपयडीणं।
पच्छा पावइ सिग्घं लोयग्गं समयमेत्तेण।।१७६।।

आयुषः क्षयेण पुनः निर्नाशो भवति शेषप्रकृतीनाम्।
पश्चात्प्राप्नोति शीघ्रं लोकाग्रं समयमात्रेण।।१७६।।

शुद्धजीवस्य स्वभावगतिप्राप्त्युपायोपन्यासोऽयम्।

स्वभावगतिक्रियापरिणतस्य षट्कापक्रमविहीनस्य भगवतः सिद्धक्षेत्राभिमुखस्य ध्यानध्येयध्यातृतत्फलप्राप्तिप्रयोजनविकल्पशून्येन स्वस्वरूपाविचलस्थितिरूपेण परमशुक्लध्यानेन आयुःकर्मक्षये जाते वेदनीयनामगोत्राभिधानशेषप्रकृतीनां निर्नाशो भवति। शुद्धनिश्चयनयेन स्वस्वरूपे सहजमहिम्नि लीनोऽपि व्यवहारेण स भगवान् क्षणार्धेन लोकाग्रं प्राप्नोतीति।

આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;
પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.

અન્વયાર્થ :- [ पुनः ] વળી (કેવળીને) [ आयुषः क्षयेण ] આયુના ક્ષયથી [ शेषप्रकृतीनाम् ] શેષ પ્રકૃતિઓનો [ निर्नाशः ] સંપૂર્ણ નાશ [ भवति ] થાય છે; [ पश्चात् ] પછી તે [ शीघ्रं ] શીઘ્ર [ समयमात्रेण ] સમયમાત્રમાં [ लोकाग्रं ] લોકાગ્રે [ प्राप्नोति ] પહોંચે છે.

ટીકા :- આ, શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન છે.

સ્વભાવગતિક્રિયારૂપે પરિણત, છ +અપક્રમથી રહિત, સિદ્ધક્ષેત્રસંમુખ ભગવાનને પરમ શુક્લધ્યાન વડે—કે જે (શુક્લધ્યાન) ધ્યાન-ધ્યેય-ધ્યાતા સંબંધી, તેની ફળપ્રાપ્તિ સંબંધી અને તેના પ્રયોજન સંબંધી વિકલ્પો વિનાનું છે અને નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે તેના વડે–આયુકર્મનો ક્ષય થતાં, વેદનીય, નામ ને ગોત્ર નામની શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ

+ સંસારી જીવને અન્ય ભવમાં જતાં 'છ દિશાઓમાં ગમન' થાય છે તેને 'છ અપક્રમ' કહેવામાં આવે છે.

**થાય છે (અર્થાત્ ભગવાનને શુક્લધ્યાન વડે આયુકર્મનો ક્ષય થતાં બાકીનાં ત્રણ કર્મોનો પણ ક્ષય થાય છે અને સિદ્ધક્ષેત્ર તરફ સ્વભાવગતિક્રિયા થાય છે). શુદ્ધનિશ્ચયનયથી સહજ મહિમાવાળા નિજ સ્વરૂપમાં લીન હોવા છતાં વ્યવહારે તે ભગવાન અર્ધ ક્ષણમાં (સમયમાત્રમાં) લોકાગ્રે પહોંચે છે.**

## ગાથા–૧૭૬ ઉપર પ્રવચન

૧૭૬.

**आउस्स खयेण पुणो णिण्णासो होइ सेसपयडीणं।**
**पच्छा पावइ सिग्धं लोयग्गं समयमेत्तेण।।१७६।।**

અરિહંત સુધીનું સ્વરૂપ બતાવ્યું. હવે સિદ્ધ લીધા, સિદ્ધ.

**આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;**
**પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.**

**ટીકા :– 'આ, શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન છે.'** આત્મા અહીંયાં મોક્ષ થયો. ચાર કર્મ ગયા. પહેલા બાકી હતા અરિહંત સુધી, પછી ચાર કર્મ ગયા. અને શુદ્ધ સિદ્ધની દશા અહીં પ્રગટી. સિદ્ધદશા તો અહીં જ પ્રગટી. અને અહીંયાંથી ઉપર જાય એનું અગ્ર સ્થાન, એ સ્વભાવિક ગતિ છે. તેઓ સ્વભાવિક ગતિથી જાય છે. ૬૩ પાને એ ગતિનું છે. જેઓ છ ક્રમથી વિમુક્ત છે. ૩૦મી ગાથામાં છે. ૩૦મી ગાથામાં.

ભગવાન પરમાત્મા અરિહંત થયા પછી... અરિહંતની વ્યાખ્યા તો કરી કે આવા હોય. હવે એને ચાર કર્મ બાકી હતા એ ગયા. સમજાય છે કાંઈ? ભગવાન 'મહાવીર' આદિ અહીં બિરાજતા ત્યાં સુધી અરિહંત હતા. છેલ્લે જ્યારે ચાર કર્મનો નાશ જે સમયે થયો ત્યારે સિદ્ધ થયા. ત્યારે અહીં ઊર્ધ્વગતિ થઈ. સ્વભાવગતિ છે. એનો સ્વભાવ ઊર્ધ્વ જઈને લોકાગ્રે પોતાના કારણે રહેવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

એ **'સ્વભાવગતિક્રિયારૂપે પરિણત, છ અપક્રમથી રહિત,...'** એમ લેવું. છકાયના ક્રમથી એ ચેકી નાખવું. એ પાછળ સુધાર્યું છે. **'છ અપક્રમથી રહિત,...'** એટલે આડીઅવળી ગતિથી રહિત. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને ઊર્ધ્વ નીચે. ઊર્ધ્વ, નીચે અને ચાર આ. છ દિશા છે ને? ઊર્ધ્વ નીચે અને ચાર પૂર્વ, પશ્ચિમાદિ. એનાથી રહિત **'સિદ્ધક્ષેત્રસંમુખ ભગવાનને પરમ શુક્લધ્યાનવડે–'** સિદ્ધક્ષેત્ર સન્મુખ. લોકાગ્રે-લોકને અગ્રે સિદ્ધ બિરાજમાન છે. અનંતા સિદ્ધો. અનાદિથી અનંતા... અનંતા.. અનંતા સિદ્ધો પરમાત્મા છે. એ શુક્લધ્યાન વડે **'સિદ્ધક્ષેત્રસંમુખ ભગવાનને પરમ શુક્લધ્યાન વડે—'** પરમ શુક્લધ્યાન. જુઓ!

**'કે જે (શુક્લધ્યાન) ધ્યાન-ધ્યેય-ધ્યાતા સંબંધી, તેની ફળપ્રાપ્તિ સંબંધી અને તેના**

**પ્રયોજનસંબંધી વિકલ્પો વિનાનું છે...'** એવું પરમ શુક્લધ્યાન છેલ્લે (હોય છે). **'અને નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે...'** ચાર કર્મ ગયા. શુક્લધ્યાનથી અંદર સ્થિર થઈ ગયા. **'તેના વડે–આયુકર્મનો ક્ષય થતાં,...'** લ્યો! ઠીક! અંદરનું ધ્યાન કેવળીને પણ ચૌદમે ગુણસ્થાને સ્થિરતાનું ધ્યાન થયું એનાથી, ભગવાનને આયુષ્ય કર્મ બાકી હતું ને? એનો ક્ષય થયો. મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન હજી બિરાજે છે. ચાર કર્મનો નાશ થયો અને ચાર કર્મ હજી ભગવાનને બાકી છે. જ્યારે મોક્ષ થશે આવતી ચોવીશીના જ્યારે તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષ થશે. ત્યારે સિદ્ધગતિમાં (જશે).

**'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે તેના વડે–આયુકર્મનો ક્ષય થતાં, વેદનીય, નામ ને ગોત્ર નામની શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય છે...'** લ્યો! ભગવાનને પછી ચારે કર્મનો નાશ થાય છે. આહાહા..! એ **'(અર્થાત્ ભગવાનને શુક્લધ્યાન વડે આયુકર્મનો ક્ષય થતાં બાકીના ત્રણ કર્મોનો પણ ક્ષય થાય છે અને સિદ્ધક્ષેત્ર તરફ સ્વભાવગતિક્રિયા થાય છે). શુદ્ધનિશ્ચયનયથી સહજ મહિમાવાળા નિજ સ્વરૂપમાં લીન હોવા છતાં...'** આત્માની પૂર્ણ દશામાં ભગવાન તો લીન છે. સિદ્ધ થઈ ગયા. એને કાંઈ બાકી છે નહિ. અહીં શરીરમાં રહ્યા સિદ્ધ થયા, હોં! અહીંયાં છૂટી ગયું આ બધું.

**'શુદ્ધનિશ્ચયનયથી સહજ મહિમાવાળા નિજ સ્વરૂપમાં લીન હોવા છતાં વ્યવહારે તે ભગવાન અર્ધ ક્ષણમાં...'** એક સમયમાત્ર. અર્ધક્ષણ શબ્દ વાપર્યો છે. **'(સમયમાત્રમાં) લોકાગ્રે પહોંચે છે.'** એક આંખ મીંચીને ઉઘાડી એમાં અસંખ્ય સમય (જાય). એક સમયમાં લોકાગ્રે પહોંચે. સાત રાજુ એક સમયમાં પોતાની સ્વભાવિક ગતિથી જાય છે. કોઈ એમાં કર્મનું કારણ કે ફલાણું કારણ છે નહિ. વર્તમાન પોતાનો સ્વભાવ જ એવો છે. સમજાણું કાંઈ? વ્યવહારે **'તે ભગવાન અર્ધ ક્ષણમાં...'** વ્યવહારનો અર્થ શું? કે લોકાગ્રે પહોંચે છે વ્યવહાર છે, બાકી પોતામાં જ છે એ નિશ્ચય છે. લોકાગ્રે એટલે અહીં બહાર ક્ષેત્ર થયું ને? તે વ્યવહાર કહેવાય. બાકી અંદરમાં લીન છે એ નિશ્ચય છે. તે ભગવાનની ગતિ સ્વભાવિક છે, એમ કહે છે. જ્યાંથી ગતિ થઈ એ સ્વભાવિક ગતિ થઈ છે. સમજાણું કાંઈ? અહીં ગતિ કરે ત્યાં સુધી એને વિભાવ છે એમ નથી. સમજાણું કાંઈ? ગતિ તો કરે છે ને આમ? ગતિ કરે ત્યાં સુધી વિભાવ છે અને પછી ફરે ત્યારે સ્વભાવ છે. સમય તો એક જ છે. ઝીણી વાત છે. અહીં ચાર કર્મનો નાશ થઈ શુક્લધ્યાન વડે જ્યાં સિદ્ધ થયા, અહીં પર્યાય સિદ્ધની પ્રગટી એ જ સમય હતો અને એ જ સમયે ત્યાં છે. સમયભેદ ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :– સિદ્ધને એક સમયે આટલા બધા કામ થાય?

ઉત્તર :– એટલા બધા ક્યાં હતા? આમ જ્યાં છૂટ્યો, પૂર્ણ થઈ દશા. બસ, એ જ સમયે અહીં થઈ અને એ જ સમયે રસ્તામાં છે, એ સમયે ત્યાં છે. માટે તે એક સમયમાં આમ થાય. ગતિ કરે ત્યાં સુધી વિભાવિક કહેવાય એમ નથી. તેથી ઉપર પહેલા લીધું

ને સ્વભાવગતિ. સ્વભાવગતિ ક્રિયારૂપે પરિણત. એમ કહ્યું છે ને? એ તો સ્વભાવગતિ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણે કીધું? અરિહંત ગમન કરે એ પોતાની પર્યાય જાણે ત્યાં એ તો ઉદયનો વિભાવ છે. પોતાને ક્યાં વિભાવ છે? ગમન કરવું ઇચ્છાપણું નથી પોતાનો પ્રયત્ન નથી એ તો જડની ક્રિયા છે.

મુમુક્ષુ :– આપે કહ્યું ચેતન અનુસાર થાય છે.

ઉત્તર :– ચેતન અનુસાર થાય એ તો પોતાનો સ્વભાવ છે ચેતન થવું એ. એ તો પોતાના સ્વભાવને કારણે છે, એ કાંઈ પરને કારણે નથી.

જ્યાં આત્મા સિદ્ધ થયો અને એનું ક્ષેત્રાંતર થાય. અહીંથી જુઓને ક્ષેત્રાંતર થયું. પણ એ તો સ્વભાવ છે. એ તો એક સમય છે. વિભાવ નથી. એમાં પણ અત્યારે ઘણા ગોટા છે.

મુમુક્ષુ :– સિદ્ધ થાય ને વળી વિભાવ ઊભા રહે?

ઉત્તર :– અહીં હજી ગતિ કરે છે ત્યાં સુધી વિભાવ, પછી ત્યાં સ્વભાવ.

મુમુક્ષુ :– પછી ક્યાં છે, એક જ સમય છે.

ઉત્તર :– પહેલા-પછી છે જ ક્યાં? આમ પૂર્ણાનંદ પ્રભુ જ્યાં દશા પ્રાપ્ત થઈ છે એ જ સમય છે. ત્યાં, અહીં ને વચલો બધે એક જ સમય છે.

એવા ભગવાન લોકાગ્રે પહોંચે છે. એ વ્યવહાર થયો. લોકનો અગ્ર છે ને? ત્યાં ક્ષેત્ર કહેવાયને? એ ક્ષેત્ર. બાકી છે તો પોતે પોતામાં. ત્યાં પણ પોતામાં છે, કાંઈ બહારમાં નથી. લોકાગ્રે છે એ વ્યવહાર કહેવામાં આવે છે. પોતાના સ્વરૂપના આનંદમાં લીન છે તે નિશ્ચય છે. એવું સિદ્ધનું સ્વરૂપ પણ અરિહંત થયા પછીનું આવું હોય એવું પણ અહીંયાં વર્ણન ભેગું કર્યું છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૯૩

(अनुष्टुभ्)

षक्टापक्रमयुक्तानां भविनां लक्षणात् पृथक्।
सिद्धानां लक्षणं यस्मादूर्ध्वगास्ते सदा शिवाः।।२९३।।

**[શ્લોકાર્થ :–] જેઓ છ અપક્રમ સહિત છે એવા ભવવાળા જીવોના (–સંસારીઓના) લક્ષણથી સિદ્ધોનું લક્ષણ ભિન્ન છે, તેથી તે સિદ્ધો ઊર્ધ્વગામી છે અને સદા શિવ (નિરંતર સુખી) છે. ૨૯૩.**

**પ્રવચન નં. ૨૦૭, ગાથા–૧૭૭, શ્લોક–૨૯૩ થી ૨૯૬, બુધવાર, માગશર વદ ૬, તા.૮-૧૨-૭૧**

૧૭૬-ગાથા. એનો કળશ-૨૯૩. ટીકા પૂર્ણ કરતા મુનિરાજ ત્રણ શ્લોક કહે છે.

**षक्टापक्रमयुक्तानां भविनां लक्षणात् पृथक्।**
**सिद्धानां लक्षणं यस्मादूर्ध्वगास्ते सदा शिवाः।।२९३।।**

સંસારી જીવો કેવા છે? કે **'જેઓ છ અપક્રમ સહિત છે...'** મરીને છ દિશામાં ગમન કરનારા છે. સમજાણું કાંઈ? સંસારી જીવનો દેહ છૂટે તો એ છ દિશા ઊર્ધ્વ, અધો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ. છ દિશાઓમાં એનું ગમન હોય છે. **'એવા ભવવાળા જીવોના..'** **'भविनां'** ભવિ શબ્દ છે ને અંદર? ભવિનો અર્થ ભવ. આવ્યું છે ને? પહેલા 'સમયસાર'માં આવી ગયું છે. **'એવા ભવવાળા જીવોના (–સંસારીઓના) લક્ષણથી સિદ્ધોનું લક્ષણ ભિન્ન છે,...'** સંસારી જીવો દેહ છૂટે ત્યારે છ દિશામાં જાય. છમાંથી કોઈ એકમાં (જાય). એનાથી સિદ્ધનું લક્ષણ જુદું છે. **'તેથી તે સિદ્ધો ઊર્ધ્વગામી છે...'** એ તો ઊર્ધ્વગામી છે. દેહ છૂટે એટલે સિદ્ધ ભગવાન ઊર્ધ્વગામી થાય. એક સમયમાં ઉપર જાય. **'સદા શિવ (નિરંતર સુખી) છે.'** નિરંતર આનંદના સુખના અનુભવમાં પડ્યા છે. સદા શિવ છે ને? સદાય નિરંતર તે સુખી છે. શિવ એટલે કલ્યાણસ્વરૂપ. આનંદનો અનુભવ નિરંતર (વર્તે છે). એને સિદ્ધ કહેવાય છે.

## શ્લોક–૨૯૪

(मंदाक्रांता)

**बन्धच्छेदादतुलमहिमा देवविद्याधराणां**
**प्रत्यक्षोऽद्य स्तवनविषयो नैव सिद्धः प्रसिद्धः।**
**लोकस्याग्रे व्यवहरणतः संस्थितो देवदेवः**
**स्वात्मन्युच्चैरविचलतया निश्चयेनैवमास्ते।।२९४।।**

**[શ્લોકાર્થ :–] બંધનો છેદ થવાથી જેમનો અતુલ મહિમા છે એવા (અશરીરી અને લોકાગ્રસ્થિત) સિદ્ધભગવાન હવે દેવો અને વિદ્યાધરોના પ્રત્યક્ષ સ્તવનનો વિષય નથી જ એમ પ્રસિદ્ધ છે. તે દેવાધિદેવ વ્યવહારથી લોકના અગ્રે સુસ્થિત છે અને નિશ્ચયથી નિજ આત્મામાં એમ ને એમ અત્યંત અવિચળપણે રહે છે. ૨૯૪.**

## શ્લોક–૨૯૪ ઉપર પ્રવચન

**बन्धच्छेदादतुलमहिमा देवविद्याधराणां**
**प्रत्यक्षोऽद्य स्तवनविषयो नैव सिद्धः प्रसिद्धः।**
**लोकस्याग्रे व्यवहरणतः संस्थितो देवदेवः**
**स्वात्मन्युच्चैरविचलतया निश्चयेनैवमास्ते।।२९४।।**

સિદ્ધ ભગવાન લોકાગ્રે રહ્યા છે તેને **'બંધનો છેદ થવાથી જેમનો અતુલ મહિમા છે...'** અશરીરી પરમાત્મા સિદ્ધ થયા એને બંધનો છેદ છે, આઠે કર્મનો અભાવ છે. એથી જેમનો અતુલ મહિમા છે. એની શું મહિમા કહેવી? એની અતુલ–કોઈ સાથે તુલના થઈ શકે નહિ. એકલો સ્વભાવ ચૈતન્યરસ અને આનંદ હતો એ પર્યાયમાં પ્રગટ થયો. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વરૂપ બધું. અતુલ મહિમા છે. જે સંસારીને સાધ્ય તરીકે સિદ્ધ છે એ આવા છે એમ કહે છે. પોતાને પણ સિદ્ધ સાધ્ય છે ને?

**'જેમનો અતુલ મહિમા છે...'** કંઈ તુલના નથી. એવું તો જેને જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતશક્તિઓની વ્યક્તતા અનંત મહિમા સહિત પ્રગટ થઈ છે. **'એવા (અશરીરી અને લોકાગ્રસ્થિત)...'** છે. સિદ્ધ ભગવાન હવે ઉપર છે એથી સિદ્ધ ભગવાન હવે, અરિહંત હતા ત્યાં સુધી તો પ્રત્યક્ષ વંદનને યોગ્ય હતા, હવે પ્રત્યક્ષ સ્તવનને યોગ્ય રહ્યા નહિ. સમવસરણમાં હતા ત્યાં સુધી તો આમ ભગવાન બિરાજતા એટલે પ્રત્યક્ષ સ્તવન આદિ હતું.

**'સિદ્ધ ભગવાન હવે દેવો અને વિદ્યાધરોનો પ્રત્યક્ષ સ્તવનનો વિષય નથી જ એમ પ્રસિદ્ધ છે.'** પણ એ તો ઉપર લોકાગ્રે થયા. જાણે કે દેવો ને, વિદ્યાધરને વંદનને પ્રત્યક્ષ લાયક રહ્યા નહિ. પરોક્ષ છે. **'તે દેવાધિદેવ...'** જુઓ! એ સિદ્ધને દેવાધિદેવ કહ્યા. **'વ્યવહારથી લોકના અગ્રે સુસ્થિત છે...'** લોકને અગ્રે છે એ પરક્ષેત્ર છે એથી એને વ્યવહારે ત્યાં છે એમ કહેવામાં આવે છે. **'અને નિશ્ચયથી નિજ આત્મામાં...'** પોતાનો આનંદ અને જ્ઞાનાદિ સ્વભાવ છે એમાં સ્થિત છે. પોતે પોતાના ક્ષેત્રમાં, પોતાના ભાવમાં સ્થિત છે. પરક્ષેત્રમાં છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..!

**'નિશ્ચયથી...'** તો એ સિદ્ધ ભગવાન **'નિજ આત્મામાં...'** પોતાના આત્મામાં **'એમ ને એમ અત્યંત અવિચળપણે રહે છે.'** ચળ્યા વિના, અસ્થિર થયા વિના એવું સ્વરૂપ એનું એ પ્રમાણે રહે છે. પોતાના સ્વરૂપમાં અવિચળપણે રહે છે. એવા એને સિદ્ધ ભગવાન કહીએ. કહો, સમજાણું કાંઈ? આવા સિદ્ધ હોય.

## શ્લોક-૨૯૫

(अनुष्टुभ्)

पंचसंसारनिर्मुक्तान् पंचसंसारमुक्तये।
पंचसिद्धानहं वंदे पंचमोक्षफलप्रदान्।।२९५।।

**[શ્લોકાર્થ :–] (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—એવા પાંચ પરાવર્તનરૂપ) પાંચ પ્રકારના સંસારથી મુક્ત, પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને દેનારા (અર્થાત્ દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન ને ભાવપરાવર્તનથી મુક્ત કરનારા), પંચપ્રકાર સિદ્ધોને (અર્થાત્ પાંચ પ્રકારની મુક્તિને—સિદ્ધિને—પ્રાપ્ત સિદ્ધભગવંતોને) હું પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું. ૨૯૫.**

## શ્લોક-૨૯૫ ઉપર પ્રવચન

૨૯૫.

पंचसंसारनिर्मुक्तान् पंचसंसारमुक्तये।
पंचसिद्धानहं वंदे पंचमोक्षफलप्रदान्।।२९५।।

**શ્લોકાર્થ :– '(દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ—એવા પાંચ પરાવર્તનરૂપ)...'** જગતના પદાર્થોના એક પરમાણુથી માંડીને અનંત, એના સંબંધમાં અનંતવાર આવવું એવો પરાવર્તન. એમ ક્ષેત્રમાં, કાળમાં, ભવ અને ભાવ એવા પાંચ પરાવર્તનરૂપ '**પાંચ પ્રકારના સંસારથી મુક્ત,...**' છે. ભગવાન સિદ્ધ તો આવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ એવા પાંચ પરાવર્તનરૂપ સંસાર, એનાથી મુક્ત છે. '**પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને દેનારા...**' છે. પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને '**(અર્થાત્ દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન ને ભાવપરાવર્તનથી મુક્ત કરનારા),...**' છે. મુક્ત કરનારા છે તે. મુક્ત કરનારા. મુક્ત છે કે મુક્ત કરનારા પરને? '**पंचसंसारमुक्तये**' એમ છે. છેલ્લે પંચ મોક્ષફળ પ્રદાન છે. પંચ મોક્ષફળ પ્રદાન. પોતે પામ્યા છે અને નિમિત્ત તરીકે પંચ પ્રકારના સંસારથી રહિત થવામાં મુક્ત કરનારા છે. લ્યો! સિદ્ધ ભગવાન મુક્ત કરનારા છે. એ બધી નિમિત્તની વાણી છે. જે કોઈ સિદ્ધ સ્વરૂપને પોતાના સરખું જાણે, એના સરખું પોતાને જાણે એને પાંચ પરાવર્તનનો નાશ થઈને મુક્તિ થાય એટલે સિદ્ધ દેનારા (છે) એમ કહેવામાં આવે છે. વ્યવહારની કથની એવી હોય. બીજું

શું હોય?

**'પંચપ્રકાર સિદ્ધોને...'** લ્યો! એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ રહિત થયા એવા પાંચ પ્રકારના સિદ્ધ. **'(અર્થાત્ પાંચ પ્રકારની મુક્તિને—સિદ્ધિને—પ્રાપ્ત સિદ્ધભગવંતોને) હું...'** મુનિ કહે છે કે બધા **'પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું.'** પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું. સિદ્ધને વંદન કરું છું એ તો વિકલ્પ છે. પણ મારો આશય અંદર બીજો છે. હું તો મુક્ત થવા માટે મારો વિકલ્પ રહ્યો પણ વંદનનો આદર તો મારા સ્વભાવ તરફનો છે. સમજાણું કાંઈ?

આવા પાંચ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવથી મુક્ત થવા માટે વંદું છું. એમાંથી કોઈ સ્વર્ગ જોઈએ છે કે એમ નહિ. વ્યવહારના કથન તો એવા જ હોય. લ્યો! ભગવાનને વંદું છું એ ભગવાન થવા માટે વંદું છું, એમ કહે છે. એમાં વળી પુણ્ય થાશે અને સ્વર્ગ મળે એ માટે નહિ. સમજાણું કાંઈ? તદ્ લબ્ધયે. આવે છે ને? તદ્ ગુણ લબ્ધયે. એમાંથી કાઢે છે એ લોકો. એ સવાલ આવ્યો છે ત્યાં.

મુમુક્ષુ :– એ દલીલ છે ને?

ઉત્તર :– હા. દલીલ છે. આ દલીલ આ રહી. આ પાઠમાં રહી. તદ્ ગુણ લબ્ધયે. હે પ્રભુ પરમાત્મા! આપના ગુણની પ્રાપ્તિ માટે આપને વંદું છું. ત્યાં પરદ્રવ્યને વંદન કરવાનો વિકલ્પ હોય તો એનાથી ગુણની પ્રાપ્તિ કેમ થાય? તદ્ગુણ લબ્ધયે. તમારા ગુણની લબ્ધિ માટે હું પગે લાગું છું.

મુમુક્ષુ :– પણ તદ્ગુણની લબ્ધિ માટે ને?

ઉત્તર :– હા. પ્રાપ્તિ માટે.

મુમુક્ષુ :– ક્યાંથી થાતી હશે?

ઉત્તર :– ભગવાનને વંદન કરે એમાંથી. એ પ્રશ્ન થયો હતો પંડિતોને. એ બાજુથી પ્રશ્ન આવ્યો હતો. જુઓ! આમાં આમ છે. દલીલ કરે શું કામ આવે ત્યાં. એ તો વ્યવહારની વાત છે. આ તો એમ જ કહે ને પ્રભુ! આપથી મને પ્રાપ્ત થયું. એમ જ કહે. એમ કહે કે મને મારાથી થયું? એની ભાષા કેવી હોય? સમજાય છે કાંઈ? આપ ન હોત તો તો હું રખડી મરત. આપને લઈને તો મારા સંસારના અંત આવવાના ટાણા આવ્યા. એમ જ ભાષા બોલે ને? વિનયની શૈલી (એવી હોય છે). પણ એને લઈને છે કે આત્માને લઈને? સમજાણું કાંઈ?

**'પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું.'** મારો આદર ગુણનો છે. એ ગુણના આદરમાં મને ગુણથી પૂર્ણ પ્રાપ્તિ દશા થાય, પાંચ પ્રકારના સંસારથી મુક્ત થાવ. ભાષા તો એમ જ હોય ને.

## ગાથા-૧૭૭

जाइजरमरणरहियं परमं कम्मट्ठवज्जियं सुद्धं।
णाणाइचउसहावं अक्खयमविणासमच्छेयं।।१७७।।

जातिजरामरणरहितं परमं कर्माष्टवर्जितं शुद्धम्।
ज्ञानादिचतुःस्वभावं अक्षयमविनाशमच्छेद्यम्।।१७७।।

कारणपरमतत्त्वस्वरूपाख्यानमेतत्।

निसर्गतः संसृतेरभावाज्जातिजरामरणरहितम्, परमपारिणामिकभावेन परमस्वभावत्वात्परमम्, त्रिकालनिरुपाधिस्वरूपत्वात् कर्माष्टकवर्जितम्, द्रव्यभावकर्मरहितत्वाच्छुद्धम्, सहजज्ञानसहजदर्शनसहजचारित्रसहजचिच्छक्तिमयत्वाज्ज्ञानादिचतुःस्वभावम्, सादिसनिधनमूर्तेन्द्रियात्मकविजातीयविभावव्यंजनपर्यायवीतत्त्वादक्षयम्, प्रशस्ताप्रशस्तगतिहेतुभूतपुण्यपापकर्मद्वन्द्वाभावादविनाशम्, वधबंधच्छेदयोग्यमूर्तिमुक्तत्वादच्छेद्यमिति।

---

કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,
જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.

અન્વયાર્થ :– પરમાત્મતત્ત્વ [ जातिजरामरणरहितम् ] જન્મ-જરા-મરણ રહિત, [ परमम् ] પરમ, [ कर्माष्टवर्जितम् ] આઠ કર્મ વિનાનું, [ शुद्धम् ] શુદ્ધ, [ ज्ञानादिचतुःस्वभावम् ] જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું, [ अक्षयम् ] અક્ષય, [ अविनाशम् ] અવિનાશી અને [ अच्छेद्यम् ] અચ્છેદ્ય છે.

ટીકા :– (જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થવાય છે એવા) કારણપરમતત્ત્વના સ્વરૂપનું આ કથન છે.

(કારણપરમતત્ત્વ આવું છે :–) નિસર્ગથી (સ્વભાવથી) સંસારનો અભાવ હોવાને લીધે જન્મ-જરા-મરણ રહિત છે; પરમ-પારિણામિકભાવ વડે પરમસ્વભાવવાળું હોવાને લીધે પરમ છે; ત્રણે કાળે નિરુપાધિ-સ્વરૂપવાળું હોવાને લીધે આઠ કર્મ વિનાનું છે; દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત હોવાને લીધે શુદ્ધ છે; સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર અને સહજચિત્શક્તિમય હોવાને લીધે જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું છે; સાદિ-સાંત, મૂર્ત ઇન્દ્રિયાત્મક વિજાતીય-વિભાવવ્યંજનપર્યાય રહિત હોવાને લીધે અક્ષય છે; પ્રશસ્ત-અપ્રશસ્ત ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ દ્વંદ્વનો અભાવ હોવાને લીધે અવિનાશી છે; વધ, બંધ અને છેદને યોગ્ય મૂર્તિથી (મૂર્તિકતાથી) રહિત હોવાને લીધે અચ્છેદ્ય છે.

## ગાથા–૧૭૭ ઉપર પ્રવચન

ગાથા-૧૭૭.

**जाइजरमरणरहियं परमं कम्मट्ठवज्जियं सुद्धं।**
**णाणाइचउसहावं अक्खयमविणासमच्छेयं।।१७७।।**

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.**

આ કારણ પરમાત્માની વ્યાખ્યા છે. પહેલી ગઈ એ સિદ્ધની–કાર્યપરમાત્માની વ્યાખ્યા (હતી). સમજાણું કાંઈ? **'(જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થવાય છે એવો) (કારણ પરમાત્મા) કારણપરમતત્ત્વ...'** ત્રિકાળી જ્ઞાયકભાવ, દ્રવ્યસ્વભાવ કારણ પરમાત્મા, ધ્રુવ કારણજીવ એના **'સ્વરૂપનું આ કથન છે.'** સંપૂર્ણ આશ્રય કરવાથી. પોતાનો ભગવાન, તેનો સંપૂર્ણ આશ્રય કરવાથી. અલ્પ આશ્રય કરવાથી સમ્યક્ થાય. વિશેષ આશ્રય કરે તો એ ચારિત્ર થાય. સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થાય. સમજાણું કાંઈ? લ્યો, આમાં તો કાંઈ ન આવ્યું પાછું. ફરી નાખ્યું. પરનો આશ્રય કરવાથી થાય એમ ન આવ્યું કાંઈ.

મુમુક્ષુ :– આગલી ગાથામાં આવશે.

ઉત્તર :– આગલી ગાથામાં આવ્યું કઈ રીતે? આનાથી વિરુદ્ધ આવ્યું? નિમિત્તના કથનો છે. વ્યવહારમાં વિવેકથી એમ જ બોલાયને. ઓલો કહેતો હતો, નહિ? 'જુનાગઢ'. અમારે તો આ ભગવાનની ભક્તિ વીતરાગતા માટે કરીએ છીએ. અમારે કાંઈ રાગ-બાગ જોતો નથી. પણ એ ભગવાનની ભક્તિ પોતે જ રાગ છે. ભગવાન ત્રિલોકનાથની ભક્તિ કરવી એ તો શુભરાગ પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી. નિશ્ચય સ્વભાવનું ભાન અને અનુભવ હોય તો એ પુણ્યને વ્યવહારધર્મ કહેવામાં આવે. ધર્મનું એ સ્વરૂપ નથી. એ કહેતા હતા. (સંવત) ૧૯૯૫માં ખૂબ ચર્ચા ચાલી. ૧૯૯૫. શ્વેતાંબરમાં ત્યાંના અગ્રેસર. 'ગીરનાર' 'જૂનાગઢ' 'નેમિચંદભાઈ' છે. 'દિપચંદભાઈ'ના ભાઈ. બહુ ચર્ચા (ચાલી). અમારે તો આ ભગવાનની ભક્તિ માટે મુક્તિ જોઈએ છે. મારે કાંઈ રાગ-બાગ જોઈતો નથી. પણ ભગવાનની ભક્તિ પોતે જ રાગ છે. રાગમાંથી મુક્તો ક્યાંથી મળતો હતો? આકરું કામ છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યની ભક્તિમાં વીતરાગતા હોઈ શકે જ નહિ. સ્વદ્રવ્યનો આશ્રય ભક્તિ કરે તો એને વીતરાગતા થાય. લોકોને તત્ત્વની ખબર ન મળે એટલે બિચારા અહીંથી ભગવાનની મુક્તિ આમાં ભગવાનમાંથી થઈ જાશે. ભગવાન અમને મુક્તિ આપશે. અમે તો એના દર્શન કરીએ. તદ્દન મિથ્યાશ્રદ્ધા છે. સમજાણું કાંઈ? અહીંયાં આત્મા જે અંદર છે અખંડાનંદ પ્રભુ, પૂર્ણ જ્ઞાયકભાવ, કારણતત્ત્વ, એનો આશ્રય કરવાથી મુક્તિ થાય. એનો આશ્રય કરવાથી

સમ્યગ્દર્શન થાય, સંપૂર્ણ આશ્રય કરવાથી મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

**'(જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી...)'** ચોખ્ખી ટીકા છે આમાં. કારણપરમાત્માની ટીકા જ છે. **'(સિદ્ધ થવાય છે...)'** ટીકામાં જ ચોખ્ખી વાત છે. કારણપ્રભુની વાત છે. **'કારણપરમતત્ત્વના સ્વરૂપનું આ કથન છે.'** **'કારણપરમતત્ત્વ...'** આ આત્મા કારણરૂપ જે મોક્ષના કાર્યનું કારણ, સમ્યગ્દર્શન, ચારિત્રરૂપી કાર્યનું કારણ એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ, એને અહીંયાં કારણપરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! જેમાં જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ ભર્યાં છે. એવો જે ભગવાન કારણપરમાત્મા પોતાનું સ્વરૂપ, એનો આશ્રય કરવાથી જઘન્ય દશાથી માંડીને સિદ્ધ દશા ઉત્પન્ન થાય છે. ત્રણલોકના નાથ તીર્થંકરનો આશ્રય કરવાથી પણ સમ્યગ્દર્શન થાય નહિ. કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય કરવા જાય તો રાગ થાય છે. સમજાણું કાંઈ? હોય ખરો રાગ. પણ એ મુક્તિનું કારણ છે એમ નથી. ભારે વાત.

કારણપરમાત્મા આનંદથી ભરેલો, સ્વભાવથી ભરેલો પદાર્થ છે. પોતાનો નિજ આત્મા. **'નિસર્ગથી (સ્વભાવથી) સંસારનો અભાવ હોવાને લીધે...'** એવા કારણ પરમાત્મામાં સ્વભાવથી જ સંસારનો અભાવ છે. એમાં સંસાર છે નહિ. કારણપરમાત્મા પોતાનો દ્રવ્યસ્વભાવ અનાદિઅનંત અવિનાશી તત્ત્વ આત્મા, કારણ. એ સ્વભાવ **'નિસર્ગથી (સ્વભાવથી) સંસારનો અભાવ...'** છે. સહજ સ્વભાવ જ એવો એનો છે કે એમાં સંસાર નથી. **'જન્મ-જરા-મરણ રહિત છે;...'** ભગવાનઆત્મા કારણપ્રભુ, અવિનાશી કારણઆત્મા એ જન્મ-જરા-મરણ રહિત છે. એને જન્મવું નથી, મરવું નથી ને જરા પણ નથી.

**'પરમ-પારિણામિકભાવ વડે...'** લ્યો! આવ્યું. એ તો પરમપારિણામિકભાવવાળો ભગવાન કારણપરમાત્મા છે. એમાં તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ પણ નથી. આહાહા..! ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ? **'પરમ-પારિણામિકભાવ વડે...'** અંતરના સહજ અવિનાશી સ્વભાવના ભાવ વડે **'પરમસ્વભાવવાળું હોવાને લીધે પરમ છે;...'** આવા સ્વભાવ વડે પરમસ્વભાવ, એ તો પરમસ્વભાવ (છે). કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાય, એનાથી પણ આ તો પરમસ્વભાવ ભિન્ન (છે). સમજાણું કાંઈ?

**'પરમસ્વભાવવાળું હોવાને લીધે...'** શું કીધું? **'પરમ-પારિણામિકભાવ વડે પરમસ્વભાવવાળું હોવાને લીધે...'** એમ. પરમપારિણામિક સહજ સ્વભાવભાવ અવિનાશી, એવા ભાવ વડે પરમસ્વભાવવાળો એ કારણપરમાત્મા હોવાથી તે પરમ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ સિદ્ધની દશાથી પણ આ પરમ ભિન્ન છે. સિદ્ધની દશા તો એક સમયનો અંશ છે. એ તો ક્ષાયિકભાવે છે. આ તો પરમસ્વભાવભાવવાળું પરમતત્ત્વ છે. ત્રિકાળ. જેમાં એવા અનંતા... અનંતા... અનંતા... અનંતા... સિદ્ધના પર્યાયના સમૂહરૂપ ગુણથી ભરેલો છે. સહજ પારિણામિક સ્વભાવ. કહો, સમજાણું કાંઈ? એવું પરમ તત્ત્વ છે. એનો આશ્રય કરે તો ધર્મ થાય. બાકી ત્રણકાળમાં બીજી રીતે ધર્મ થાય નહિ. અરે..!

પોતાના પરમાત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે અને એ જ પરમતત્ત્વ છે. પરમપારિણામિક સ્વભાવભાવને લઈને પરમસ્વભાવવાળું હોવાથી પરમ છે. પરમસ્વભાવવાળું હોવાથી પરમ છે. સિદ્ધનો પર્યાય પણ પરમસ્વભાવવાળો નથી. આહાહા..! એવો અંદર કારણપરમાત્મા પરમપારિણામિક સ્વભાવભાવવાળું હોવાથી પરમ છે, એને અંતર દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. એનો પૂર્ણ આશ્રય કરતાં સિદ્ધ થાય છે. કહો, સમજાણું કાંઈ? પોતે મહાન છે એને ઠેકાણે એ ક્યાં છે અને કેમ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? પોતે મહાન પરમસ્વભાવ સહજભાવ, સહજસ્વભાવ, વસ્તુનો સ્વભાવ સહજ પરમભાવે (રહ્યો છે), સ્વભાવથી પરમતત્ત્વ છે એની તો એને મહિમાની ખબર નથી. અને આ બહારની બધી વાતું. દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને એ બધા વિકલ્પો કે જે એમાં નથી. અને એના આશ્રય વિના એ ટળે નહિ. ટાળવા માટે પણ એનો આશ્રય હોય તો ટળે. સમજાણું કાંઈ? એવું પરમતત્ત્વ પરમસત્‌નું સત્ત્વ પરમ પારિણામિકભાવ, તેને અહીંયાં પરમ–બીજા તત્ત્વો કરતાં પરમ કહેવામાં આવે છે. આહાહા..!

**'ત્રણે કાળે નિરુપાધિ-સ્વરૂપવાળું હોવાને લીધે આઠ કર્મ વિનાનું છે;...'** ભગવાનઆત્મા કારણ વસ્તુ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, ત્રણે કાળે કર્મરહિત છે એ તો. પર્યાયમાં કર્મના નિમિત્તનો સંબંધ છે. વસ્તુમાં તો છે નહિ. આહાહા..! **'ત્રણે કાળે નિરુપાધિ-સ્વરૂપવાળું...'** ઉપાધિ વિનાનું સ્વરૂપ છે. એ તો ભગવાન સત્ત્વ એકલું, જ્ઞાનનો ભાવ, આનંદનો ભાવ, શાંતિ, વીતરાગ સ્વભાવનો ભાવ એવો ત્રિકાળી પરમસ્વભાવ નિરુપાધિ છે. એને **'લીધે આઠ કર્મ વિનાનું છે;...'** એ કારણપરમાત્મા આઠ કર્મ વિનાનો છે. લ્યો! આ કારણપરમાત્માની વ્યાખ્યા ચાલે છે. શું આવ્યું હતું? પ્રશ્ન આવ્યો હતો ને રાત્રે? કારણપરમાત્મા, કારણપર્યાય કાર્યપરમાત્મા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. કીધું ને.

મુમુક્ષુ :– કારણપર્યાય.

ઉત્તર :– એ કીધું ને. કારણ પર્યાય કીધી ને? એ જ કીધું. એ જ શબ્દ છે. કારણપરમાત્મા, કારણપર્યાય અને કાર્યપરમાત્મા. એમ ત્રણ બોલ આમાં આવ્યા. આ કારણ પરમાત્માની વ્યાખ્યા ચાલે છે. એની પર્યાયમાં ઉત્પાદ-વ્યય વિનાની જે શુદ્ધ કારણપર્યાય છે એ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? કારણપ્રભુ ત્રિકાળ ઉપાધિ વિનાનું અને એની કારણપર્યાય પણ ત્રિકાળ ઉપાધિ વિનાની. સમજાણું કાંઈ? અને એ કારણ પોતે દ્રવ્યસ્વભાવ અને કારણપર્યાય બેય ઉત્પાદ-વ્યય વિનાના. અરે..રે..! આવો તે ભગવાન! આવો આત્મા કાંઈ સાંભળ્યો નથી. આ તો આત્મા એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયા. 'ચીમનલાલભાઈ'! અભિહયા, વતિયા, લેસિયા મિચ્છામી દુક્કડમ, જાવ. જીવિયાઓ વવરોવિયા. આહાહા..! પણ આ જીવીયાઓ વવરોવીયા આવો આત્મા ત્રિકાળ છે એને તું માનતો નથી અને જીવિયાઓ

વવરોવિયા તેં કરી નાખ્યા છે તારા. કેમ 'ધનજીભાઈ'!

આવો કારણપ્રભુ ત્રિકાળ આનંદકંદ પ્રભુ મુક્તસ્વરૂપ ધ્રુવ તત્ત્વ આત્મા, એનો તો સ્વીકાર નથી. સ્વીકાર નથી એટલે એક પર્યાયનો અને રાગનો સ્વીકાર (છે). આનો રીતસર નકાર કર્યો. કે તું આવો છો? ના. નહિ, નહિ. હું તો આવો છું. રાગવાળો છું, પુણ્યવાળો છું અને એક સમયની પર્યાયવાળો છું. તો આવું જે એનું જીવતર–જીવન, જીવિતેશ. લ્યો, આવ્યું હતું ને જીવતેશ? આહાહા..! એના ટકવાનો ઈશ્વર પોતે ત્રિકાળ ટકતું તત્ત્વ (છે). અરૂપી પણ વસ્તુ છે ને? અને તે વસ્તુ છે તે અનંત અનંત બેહદ સહજ પરમ સ્વભાવભાવવાળું તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા સિદ્ધની વ્યાખ્યા આવી ગઈ. હવે સિદ્ધની આવશે ૨૭૮થી. આ એક વચ્ચે કારણપરમાત્માની વાત વચ્ચે નાખી પહેલી. આહાહા..!

**'દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત હોવાને લીધે...'** ભગવાન કારણપ્રભુ, ધ્રુવ સત્ત્વ જ્ઞાયકભાવ. પરમપારિણામિક એટલે સહજભાવ સ્વરૂપ, એને દ્રવ્યકર્મ અને ભાવકર્મ નથી. ઓલામાં એકલા આઠ જડ કર્મ નાખ્યા હતા. આમાં બે નાખ્યા. **'દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત હોવાને લીધે શુદ્ધ છે;...'** છે ને? **'कम्मट्ठवज्जियं सुद्धं।'** ભગવાનઆત્મા ત્રિકાળી એનું સ્વરૂપ, એ તો આઠ કર્મ અને ભાવકર્મ રહિત શુદ્ધ છે. તદ્દન શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... અનાદિનો શુદ્ધ છે. સમજાય છે કાંઈ?

**'સહજજ્ઞાન,...'** ખુલાસો કર્યો હવે. ઓલો પારિણામિકભાવ સમ્મુચય કહ્યો હતો ને? પારિણામિકભાવ વડે પરમસ્વભાવવાળું. તો હવે કેવા એના સ્વભાવ છે? **'સહજજ્ઞાન,...'** વસ્તુનો સ્વભાવ, સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ, એવા જ્ઞાનસ્વભાવવાળું એ પરમતત્ત્વ છે. સ્વાભાવિક જ્ઞાન. કેવળજ્ઞાનની અહીંયાં વાત નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. આ તો ત્રિકાળી સહજજ્ઞાન. ગુણ-ગુણ.

અરે..! આવો ભગવાન, એનું એને મહાત્મ્ય ન આવ્યું. અને આ બધી દુનિયાના મહાત્મ્ય. છોકરો સારો પાકે તો ખુશી, લગન સારા થાય તો ખુશી, પૈસા કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે તો ખુશી. ધૂળ... ધૂળ... ધૂળ. આ પરમાત્મા પોતે આવો (છે) એની તો એને ખબર નથી. આહાહા..! એય..! 'બાબુભાઈ'! પૈસા કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે અને દીકરા સારા એટલે આહાહા..! ધૂળેય નથી, મરી ગયો, સાંભળને! જીવતી જ્યોત એનો તો તું અનાદર કરે છો. આહાહા..! આવો પરમાત્મા તું પોતે, અવિનાશી શક્તિના સત્ત્વરૂપ, રસરૂપ, ભાવરૂપ, સ્વભાવભાવરૂપ, એની તો તને શ્રદ્ધા નથી, એનો તને આશ્રય નહિ. સમજાણું કાંઈ?

અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ વિકલ્પ રાગ છે. એ કાંઈ સમકિત નથી. સમ્યક્ત્વ તો ત્રિકાળી પરમસ્વભાવભાવ, એની અંતર રુચિ કરવી, અનુભવ નિર્વિકલ્પ (થવો), એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો ક્યાંય હાથ આવે એવું નથી કાંઈ? 'ચીમનલાલભાઈ'! હવે થોડું કરતા જાય છે. આહાહા..! મોટો વર–ભગવાન

વર મૂકીને જાન જોડી દીધી. કોણ છે એ તે ત્રિકાળી? એક સમયની પર્યાય પણ નહિ. સિદ્ધની પર્યાયથી રહિત એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ છે ને? વસ્તુ છે તો એનો વસ્તુનો જેટલો ત્રિકાળભાવ એવો જ એનો સ્વભાવભાવ છે. એ સ્વભાવભાવવાળું તત્ત્વ (છે) તેને અહીં કારણપરમાત્મા અથવા કારણતત્ત્વ કહ્યું છે. એમાં કાંઈ... આહાહા..! કેવી ચીજનો વિશ્વાસ! આવું છે એનો વિશ્વાસ (આવ્યો ત્યાં) બીજે બધેથી વિશ્વાસ ઊડી ગયો. પર્યાય ને રાગનો વિશ્વાસ ઊડી ગયો. આવો હું છું. એવો જે વિશ્વાસ (આવે) એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

સ્વભાવિક જ્ઞાન. વિભાવથી જ નિસર્ગ સંસારનો અભાવ છે. પણ હવે ભાવ શું? સમજાણું કાંઈ? કે સહજજ્ઞાન. ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ સહજજ્ઞાન. '**સહજદર્શન, સહજચારિત્ર...**' સ્વભાવિક દર્શન, ત્રિકાળી દર્શન. ત્રિકાળી સહજદર્શનરૂપ સ્વભાવભાવ એ કારણપરમાત્મા. એવા ચાર સ્વભાવવાળું છે એમ કહેવું છે. '**સહજચારિત્ર....**' આ ચારિત્ર વીતરાગી દશા પ્રગટ થાય એ આ નહિ. ત્રિકાળી સહજચારિત્ર વીતરાગભાવ. આત્મામાં કારણપરમાત્મામાં સ્વભાવ, સ્વભાવિક ચારિત્ર એટલે સ્વભાવિક વીતરાગતા. સ્વભાવિક વીતરાગતા એ એનું રૂપ–સ્વરૂપ છે. આહાહા..!

'**અને સહજચિત્શક્તિમય...**' જ્ઞાનની શક્તિનું વીર્ય. સ્વભાવિક ચિત્શક્તિમય '**હોવાને લીધે...**' એની તો સ્વભાવિક જ્ઞાનના સામર્થ્યરૂપ શક્તિ છે. આહાહા..! એની શક્તિ–સ્વભાવ ચિત્શક્તિરૂપ શક્તિ છે. ત્રિકાળ ત્રિકાળ એની શક્તિ છે. એવો '**હોવાને લીધે...**' આવાને કારણે '**જ્ઞાનાદિ ચાર સ્વભાવવાળું (તત્ત્વ) છે;...**' કારણપરમાત્મા ધ્રુવભાવવાળું તત્ત્વ આવા સ્વભાવવાળું છે. આહાહા..! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પણ જ્યાં અતુલ અને અમાપ છે. તો આ તો ત્રિકાળી સ્વભાવિક ગુણ છે. એની શક્તિ, એનું સામર્થ્ય, એનું બળ અને એનું સત્ત્વ અપાર... અપાર... અપાર.. એવા અપાર સત્ત્વવાળું એ તત્ત્વ છે. લ્યો! આત્મા આ. ઓલા કહે ને કે જીવ કોને કહેવો? હાલે-ચાલે એને જીવ કહેવો. છે? જીવવિચાર આવે ને જીવવિચાર? જીવવિચાર આવે. એ કોને કહેવો? હાલે-ચાલે એને જીવ કહેવો. એક ઠેકાણેથી બીજે ઠેકાણે (જાય તે જીવ). પરમાણુ હાલે-ચાલે છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે.

મુમુક્ષુ :– એરોપ્લેન જાય છે ને.

ઉત્તર :– એરોપ્લેન એની મેળાએ જાય છે.

આ તો ભગવાનઆત્મા જીવ એને કહેવો કે સ્વભાવિક જ્ઞાન, દર્શન ને આનંદ ને વીર્યથી ભરેલા પદાર્થ, એને અહીં આત્મા કહેવો. કો'કનું કરી દે અને કો'કને મદદ કરે અને કો'કની મદદ લે એ આત્મા નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

એ ચાર સ્વભાવવાળું (કહ્યું એમાં) અનંત ચતુષ્ટય લીધા. ત્રિકાળ. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એવા અનંત ચતુષ્ટયના સ્વભાવવાળું, ત્રિકાળ

કારણપરમાત્મા જેની ખાણમાં આવું અનંતુ ભર્યું છે. આહાહા..! એનો આશ્રય લેતા ધર્મ થાય. સમજાણું કાંઈ? કાળે, દુકાળે શેઠિયાને કહે ને? કે ભાઈ! આ જો કાળ આવો છે. તમારી ઓથે અમારે આ નભવું છે. નભાવજો. કાળમાં દુકાળ છે એટલે.

એમ અહીંયાં કહે છે કે આ સંસારના ભાવથી નભાવજો. કોણ? આ આત્મા. આહાહા..! સંસારની આપદા ચાર ગતિની, એનાથી અભાવ કરવાનો સ્વભાવ (છે), એ આપદાને ટાળવાનો સ્વભાવ તો આત્મા છે. તું લક્ષ્મીવંત છો મોટો, પ્રભુ! સુકાળ-દુકાળ એમાં મારું સહન કરજે. એમ કહે છે ને? શેઠિયાને કહે. 'પોપટભાઈ'! મદદ કરશું અનાજની. આ તો ત્રણકાળ ત્રણલોકમાં જે પરાધીનતા (છે) એ બધી મટાડવામાં સમર્થ એ ભગવાનઆત્મા એકલો છે. સમજાણું કાંઈ? હવે આ શું પણ આવો?

કારણપરમાત્માનું તો સંપ્રદાયમાં નામ પણ સાંભળ્યું નહિ હોય. આહાહા..! 'નિયમસાર'માં તો દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે! કેવળજ્ઞાનના પેટ ખોલ્યા છે. આહાહા..! વીતરાગનો ધર્મ, જૈનદર્શન કહો કે વિશ્વદર્શન કહો કે વિશ્વનું સ્વરૂપ (કહો), એ સંતોએ દિગંબર સંતોએ ધારી રાખ્યું છે. એ સિવાય બીજી વાત આવી ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! તું કોણ છો? આવો છો. એ વાત બીજે ક્યાં છે? સમજાણું કાંઈ? આવો છે... રહિત અક્ષય કહે છે.

આ '**સાદિ-સાંત,..**' આ શરીર છે ને? મળે છે, શરૂઆત (થાય છે) પછી અંત આવી જાય છે. '**મૂર્ત ઇન્દ્રિયાત્મક વિજાતીય-વિભાવવ્યંજનપર્યાય રહિત...**' વિભાવવ્યંજનપર્યાય રહિત '**હોવાને લીધે અક્ષય છે;...**' આ શરીરરહિત થવું છે એમ છે નહિ, એ અક્ષય જ છે. આહાહા..! જેમાં વિભાવ-વ્યંજનપર્યાય શરીરની કે એની આકૃતિ એ પણ એમાં નથી. '**પ્રશસ્ત-અપ્રશસ્ત ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ દ્વંદ્વનો અભાવ હોવાને લીધે...**' લ્યો! એ બધા શબ્દો એના છે ને? '**अक्खयमविणासमच्छेयं।**' કેવો છે ભગવાનઆત્મા–ત્રિકાળી તેનું ધ્રુવ તત્ત્વ પરમભાવવાળું? કે જે પ્રશસ્ત-અપ્રશસ્ત ગતિ. દેવ ને મનુષ્ય પ્રશસ્ત કહેવાય, નારકી ને (તિર્યંચ) એ અપ્રશસ્ત. એવી '**ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ...**' એ પુણ્ય અને પાપ, એના દ્વંદ્વનો અભાવ છે. એ પુણ્ય-પાપના દ્વંદ્વ વિનાનું તત્ત્વ અંદર છે. સમજાણું કાંઈ? એને લઈને '**અવિનાશી છે;...**'

'**વધ, બંધ અને છેદને યોગ્ય મૂર્તિથી (મૂર્તિકતાથી) રહિત હોવાને લીધે...**' આહાહા..! અચ્છેદ છે ને? '**વધ, બંધ અને છેદને યોગ્ય...**' એમાં વધ પણ નથી, બંધ પણ નથી અને છેદને યોગ્ય મૂર્તિથી રહિત. '**(મૂર્તિકતાથી) રહિત હોવાને લીધે અચ્છેદ્ય છે.**' અચ્છેદ્ય અને અભેદ એવા શબ્દો તો 'ગીતા'માં પણ આવે છે. પણ આવું તત્ત્વ હોય એને અચ્છેદ્ય અને અભેદ કહે છે. સમજાણું કાંઈ? અચ્છેદ્ય આવે છે ને આમાં? છેદાય નહિ, ભેદાય નહિ.

અહીં તો કહે છે, ભગવાન કારણપરમાત્મા ત્રિકાળી ધ્રુવ પરમસ્વભાવ, એને વધ નથી,

વધાય નહિ, બંધ નહિ અને છેદ નહિ. એવું ને એવું અચ્છેદ્ય વસ્તુ છે. કહો, સમજાણું કાંઈ? હીરાના થાંભલા પણ છેદાય જાય. જુઓને! તલવાર મૂકે પોતે સરકાર. કેવા? ચક્રવર્તી. એક એક તલવાર હજાર દેવ. આમ કાકડી કાપે એમ હીરાના થાંભલા કાપી નાખે. ફડાક દઈને. હીરાના થાંભલા, હોં! ઓલા થાંભલાની છે ને જાત ત્યાં? 'મુડબિદ્રી'? 'મુડબિદ્રી'. .. છે ને પહેલાનું. મકાન બધા જૂના જીર્ણ છે. એના થાંભલા એવા મોટા મજબૂત છે. પહેલાના 'રાજકુટુંબ' કહેવાય. છે, એના ઘરે ગયા હતા. થાંભલા. આ તો હીરાના થાંભલા. તલવાર હાથમાં હોય તો આમ કરે. કાકડી કરે એમ ચીતરી નાખે. પણ આ આત્મા કપાય નહિ. આહાહા..! છેદાય નહિ એવો આત્મા છે.

આત્મા ત્રિકાળી ધ્રુવ આત્માની વાત છે. એક સમયની પર્યાયનું પલટવું એ ભિન્ન ચીજ છે. એ સિવાયની આ ત્રિકાળી ચીજ આવો આત્મા છે, એનું આ વર્ણન છે. સમજાણું કાંઈ?

**'[હવે આ ૧૭૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

એવો સર્વજ્ઞે જોયો. આવો જોયો ભગવાને. ધ્રુવ આત્માને પરમાત્માએ આવો જોયો. એવો જે જોવે અને માને એ પરમાત્માને માનનારો કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એને એ પરમાત્મા અલ્પકાળમાં આ પર્યાય વઈ જશે. જેણે પરમાત્માનો આશ્રય લીધો એ પરમાત્મા થયા વિના રહે નહિ. આમાં પણ કરવું શું? કાંઈ કરવું? આ દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ તો કાંઈ આમાં આવ્યું નહિ. એ તો બધો વિકલ્પ છે. એની અહીં વાતેય ક્યાં છે. એ વિકલ્પ તો એની નિર્મળ પર્યાયમાં પણ નથી, તો દ્રવ્યમાં તો (ક્યાંથી હોય). આહાહા..! સમજાણું કાંઈ? આવો આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ સિવાય કોઈએ આ રીતે જાણ્યો નથી. કોઈએ આ રીતે કહ્યું પણ નથી. જાણે ત્યારે કહે ને? ક્યાં જાણ્યું છે એણે? સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? શ્વેતાંબરમાં પણ આ વાત આવી નથી. આહાહા..! અનાદિ સનાતન જૈનદર્શન, દિગંબર દર્શન, એની અંદર આ વાત છે. કહો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ કહે છે ને એ. બધું કલ્પિત બધું. 'ઉત્તરાધ્યયન' પણ કલ્પિત કરેલું છે. ભગવાનની વાણી તો આ દિગંબર સંતોએ રાખી એ વાણી છે. માર્ગ તો આ છે, બાપા! કોઈને ખોટું લગાડવા માટે કાંઈ નથી. વસ્તુનો સ્વભાવ આવો છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ઉત્તરાધ્યયન'માં છેલ્લે આવે છે ને? એમ કહે કે ભગવાનની દેશના... તદ્દન ખોટી વાત. એમાં તો કપડા રાખવા, આમ કરવું, તેમ કરવું એવું 'ઉત્તરાધ્યયન'માં છે. ખોટી વાત. બધી કલ્પના છે.

જિનેશ્વરદેવે તો આવો આત્મા કહ્યો અને એનો આશ્રય કરીને જેને સમ્યગ્દર્શન થાય એ બીજાને માને નહિ. અને એનો આશ્રય કરીને જેને ચારિત્ર થાય એની દશા બાહ્યમાં

નગ્ન થઈ જાય અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ વ્યવહારે હોય એને હેય તરીકે જાણે. આહાહા..! ભારે વાતું! સમજાણું કાંઈ? 'ઉત્તરાધ્યયન' માં તો બધો ઘણો ફેરફાર. કેશી સ્વામીની ચર્ચા આવે છે ને. ૨૩મા અધ્યયનમાં.

મુમુક્ષુ :–..

ઉત્તર :– જૂઠી-જૂઠી. અંતિમ દેશના ક્યાં હતી? ધ્યાનમાં છે. વાણી બંધ થઈ ગઈ. બધો ઘણો ફેરફાર છે. અત્યારે તો કોઈ સાથે વાંધાવચકા કાઢવા જેવું નથી. વસ્તુસ્વરૂપ આ છે. એવી વાત છે.

એક વ્યાખ્યા તો જુઓ આ! પરમસ્વભાવવાળું આ તત્ત્વ તે ચાર સ્વભાવવાળો પરમભાવ છે. આહાહા..! ત્રિકાળ અનંત ચતુષ્ટય જેમાં પડ્યા છે. ધ્રુવ અવિનાશી તરીકે. જેને અનંત ચતુષ્ટય પ્રગટ કરવા હોય એણે આ અનંત ચતુષ્ટયનો આશ્રય લેવો જોઈએ. બીજી કોઈ ક્રિયા એની છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? માથે કીધું ને? એનો આશ્રય કરવાથી. કહે છે, રાગાદિ વચ્ચે આવે એનો આશ્રય નહિ, એ કોઈ વસ્તુનું કારણ નથી. વ્યવહાર હોય ખરો વચમાં, પણ એ કોઈ કારણ નથી. એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર, ભક્તિ-પૂજાનો વિકલ્પ હોય પણ એ બંધનું કારણ છે. વ્યવહાર પરાશ્રિત તે બંધનું કારણ છે. સ્વઆશ્રિત તે મુક્તિનું કારણ છે. આવો માર્ગ ત્રિકાળ છે. માનવો, ન માનવો એ જગતને સ્વાધીન છે.

**[ હવે ૧૭૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

## શ્લોક–૨૯૬

(मालिनी)

**अविचलितमखंडज्ञानमद्वन्द्वनिष्ठं**
**निखिलदुरितदुर्गव्रातदावाग्निरूपम्।**
**भज भजसि निजोत्थं दिव्यशर्मामृतं त्वं**
**सकलविमलबोधस्ते भवत्येव तस्मात्।।२९६।।**

**[શ્લોકાર્થ :–] અવિચળ, અખંડજ્ઞાનરૂપ, અદ્વંદ્વનિષ્ઠ (રાગદ્વેષાદિ દ્વંદ્વમાં નહિ રહેલ) અને સમસ્ત પાપના દુસ્તર સમૂહને બાળવામાં દાવાનળ સમાન—એવા સ્વોત્પન્ન (પોતાથી ઉત્પન્ન થતા) દિવ્યસુખામૃતને (–દિવ્યસુખામૃતસ્વભાવી આત્મતત્ત્વને)—કે જેને તું ભજી રહ્યો છે તેને—ભજ; તેથી તને સકળ-વિમળ જ્ઞાન (કેવળજ્ઞાન) થશે જ. ૨૯૬.**

## શ્લોક–૨૯૬ ઉપર પ્રવચન

अविचलितमखंडज्ञानमद्वन्द्वनिष्ठं
निखिलदुरितदुर्गव्रातदावाग्निरूपम्।
भज भजसि निजोत्थं दिव्यशर्मामृतं त्वं
सकलविमलबोधस्ते भवत्येव तस्मात्।।२९६।।

**શ્લોકાર્થ :–** **'અવિચળ, અખંડજ્ઞાનરૂપ,...'** કેવો છે ભગવાનઆત્મા? ચળે નહિ એવો અખંડ જ્ઞાનરૂપ છે. અખંડ જ્ઞાનરૂપ એકરૂપ છે. ત્રિકાળ ત્રિકાળ અદ્વંદ્વ એટલે દ્વંદ્વ વિનાનો. **'અદ્વંદ્વનિષ્ઠ (રાગદ્વેષાદિ દ્વંદ્વમાં નહિ રહેલ) અને સમસ્ત પાપના દુસ્તર સમૂહને બાળવામાં...'** સમસ્ત પુણ્ય-પાપ દુસ્તર સમૂહને. દુસ્તર **'દાવાનળ સમાન–એવા સ્વોત્પન્ન (પોતાથી ઉત્પન્ન થતાં) દિવ્યસુખામૃતને...'** દિવ્ય આનંદના અમૃતને એવા **'દિવ્યસુખામૃતને (–દિવ્યસુખામૃતસ્વભાવી આત્મતત્ત્વને)...'** આહાહા..! જુઓ! પોતે. **'કે જેને તું ભજી રહ્યો છે તેને—ભજ;...'** ભગવાન પૂર્ણાનંદ સ્વભાવ, એને તું એકાગ્ર થઈને ભજી રહ્યો છો, એને ભજ. ભગવાનનો ભજન-બજન એ બધો વિકલ્પ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! લ્યો! આ ભજ કહે છે. ભજી રહ્યો છે એને ભજ.

પૂર્ણાનંદનો નાથ સહજાનંદ મૂર્તિ પ્રભુ, એને તું ભજી રહ્યો છે. એનું તારું વલણ ત્યાં જ છે. એને ભજ. આહાહા..! વ્યવહાર અને નિમિત્તને ન ભજ. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ પહેલેથી ભારે કહ્યો આ તો. માર્ગ જ એવો છે, ભગવાન! તું મોટો છો અને તારો માર્ગ પણ એવડો જ મોટો છે. આહાહા..! પોતે મુનિરાજ દિગંબર સંત છે. વનવાસી 'પદ્મપ્રભમલધારિદેવ'. આહાહા..! હવે એને ઓલા ખોટા ઠરાવે છે, હોં! આવા દાખલા નિશ્ચયના આપ્યા ને કહે છે ભજી રહ્યો છે એને. એ તો વચમાં એ વિકલ્પ આવે, એ થઈ જાય. મારું ભજન તો આત્મા આનંદસ્વરૂપ એનું ભજન છે. આહાહા..!

**'દિવ્યસુખામૃત...'**થી ભરેલો. દિવ્ય એટલે આનંદના અમૃતથી ભરેલો ભગવાન પૂર્ણ સ્વરૂપ, એવા આનંદને ભજે છો, અનુભવે છો. એને જ અનુભવ કર, બસ. બાકી કોઈ અનુભવવા જેવું નથી. આહાહા..! પોતાને ખાત્રી થઈ ગઈ છે કે હું આવા આત્માને જ ભજું છું. પૂર્ણાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન, એમાં જ મારી એકાગ્રતા અને સ્વસન્મુખતા છે. બસ, એમ ને એમ રાખ. એનું ભજન કરે. ભજે તેનું ભજન કર. ભજે છો એનું ભજન કર. આહાહા..! બીજી બધી વાત છોડી દે. વ્યવહારના વિકલ્પ હોય તો આનું ભજન કરતા એ બધું છૂટી જાય છે. સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયનું ભજન કરીને કીધું, આવા ત્રિકાળીને ભજ. એ ભજન પર્યાય છે.

પણ ત્રિકાળીને ભજ. એય..! જેને ભજી રહ્યો છો એટલે પર્યાય થઈ. ત્રિકાળી ભગવાન આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદ જેમાં. જેના આનંદના એક સમયમાં સ્વાદની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા તરણા, ઉકરડા જેવા લાગે. સડેલા મીંદડા ને કૂતરાના કલેવર હોય એવા એને (લાગે). આહાહા..!

દિવ્યસુખામૃત. ભગવાન! આનંદનો, અમૃતનો દરિયો પ્રભુ, સ્વભાવનો સાગર છે. સ્વભાવ છે એને કાંઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. એનો સ્વભાવ બેહદ અપરિમિત છે. એને તું ભજે છો. આહાહા..! જેનો અનુભવ તું કરે છો, એનો અનુભવ કર તું. આહાહા..! લ્યો! આ આત્મા ત્રિકાળી આવો (છે), એને ભજવું એનું નામ મોક્ષનો માર્ગ. આહાહા..! સમજાણું કાંઈ? આમાં વાદવિવાદને સ્થાન જ ક્યાં છે? વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. આહાહા..! આવડા મોટા ભગવાનનો વિશ્વાસ, એ વિશ્વાસની કિંમત કેટલી! આહાહા..! વિશ્વાસ એટલે સમ્યગ્દર્શન. આવો પરમાત્મા પરમસ્વભાવભાવનો એકલો પિંડ પ્રભુ, પૂર્ણ સાગર, એની શ્રદ્ધા. એની શ્રદ્ધામાં કિંમત કેટલી એ શ્રદ્ધાની–સમકિતની! આહાહા..! જેણે આવા આત્માને અંદરમાં સ્વીકાર્યો અને અનુભવમાં (લીધો એની કિંમત કેટલી!). (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૭૮

अव्वाबाहमणिंदियमणोवमं पुण्णपावणिम्मुक्कं।
पुणरागमणविरहियं णिच्चं अचलं अणालंबं।।१७८।।

अव्याबाधमतीन्द्रियमनुपमं पुण्यपापनिर्मुक्तम्।
पुनरागमनविरहितं नित्यमचलमनालंबम्।।१७८।।

अत्रापि निरुपाधिस्वरूपलक्षणपरमात्मतत्त्वमुक्तम्।

अखिलदुरघवीरवैरिवरूथिनीसंभ्रमागोचरसहजज्ञानदुर्गनिलयत्वादव्याबाधम्, सर्वात्मप्रदेशभरितचिदानन्दमयत्वादतीन्द्रियम्, त्रिषु तत्त्वेषु विशिष्टत्वादनौपम्यम्, संसृतिपुरंध्रिकासंभोगसंभवसुखदुःखाभावात्पुण्यपापनिर्मुक्तम्, पुनरागमनहेतुभूतप्रशस्ताप्रशस्तमोहरागद्वेषाभावात्पुनरागमनविरहितम्, नित्यमरणतद्भवमरणकारणकलेवरसंबन्धाभावान्नित्यम्, निजगुणपर्यायप्रच्यवनाभावादचलम्, परद्रव्यावलम्बनाभावादनालम्बमिति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः -

(मंदाक्रांता)

``आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः।

एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।''

અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,
પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.

અન્વયાર્થ :– (પરમાત્મતત્ત્વ) [ अव्याबाधम् ] અવ્યાબાધ, [ अतीन्द्रियम् ] અતીંદ્રિય, [ अनुपमम् ] અનુપમ, [ पुण्यपापनिर्मुक्तम् ] પુણ્યપાપ વિનાનું, [ पुनरागमनविरहितम् ] પુનરાગમન રહિત, [ नित्यम् ] નિત્ય, [ अचलम् ] અચળ અને [ अनालंबम् ] નિરાલંબ છે.

ટીકા :– અહીં પણ, નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવું પરમાત્મતત્ત્વ કહ્યું છે.

(પરમાત્મતત્ત્વ આવું છે :–) સમસ્ત દુષ્ટ [1]અઘરૂપી વીર શત્રુઓની સેનાના ધાંધલને અગોચર એવા સહજજ્ઞાનરૂપી કિલ્લામાં રહેઠાણ હોવાને લીધે અવ્યાબાધ (નિર્વિઘ્ન) છે; સર્વ આત્મપ્રદેશે ભરેલા ચિદાનંદમયપણાને લીધે અતીંદ્રિય છે; ત્રણ તત્ત્વોમાં વિશિષ્ટ હોવાને લીધે (બહિરાત્મતત્ત્વ, અંતરાત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ એ ત્રણેમાં વિશિષ્ટ—ખાસ પ્રકારનું—ઉત્તમ હોવાને લીધે) અનુપમ છે; સંસારરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સુખદુઃખનો અભાવ હોવાને લીધે પુણ્યપાપ વિનાનું છે; [2]પુનરાગમનના હેતુભૂત પ્રશસ્ત-અપ્રશસ્ત મોહરાગદ્વેષનો અભાવ હોવાને લીધે પુનરાગમન રહિત છે; [3]નિત્ય મરણના અને તે ભવ સંબંધી મરણના કારણભૂત કલેવરના (શરીરના) સંબંધનો અભાવ હોવાને લીધે નિત્ય છે; નિજ ગુણો અને પર્યાયોથી ચ્યુત નહિ થતું હોવાને લીધે અચળ છે; પરદ્રવ્યના અવલંબનનો અભાવ હોવાને લીધે નિરાલંબ છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

''[શ્લોકાર્થ :–] (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :) હે અંધ પ્રાણીઓ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે—ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે—અપદ છે, (તમારું સ્થાન નથી,) એમ તમે સમજો. (બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.) આ તરફ આવો—આ તરફ આવો, (અહીં નિવાસ કરો,) તમારું પદ આ છે—આ છે જ્યાં શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ

૧ અધ્યાત્મશાસ્ત્રોમાં ઘણાં સ્થળે પાપ તેમ જ પુણ્ય બન્નેને 'અઘ' અથવા 'પાપ' કહેવામાં આવે છે.

૨ પુનરાગમન = (ચાર ગતિમાંની કોઈ ગતિમાં) પાછા આવવું તે; ફરીને જન્મવું તે.

૩ નિત્ય મરણ = સમયે સમયે થતો આયુકર્મના નિષેકોનો ક્ષય.

**નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે—અવિનાશી છે. (અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.)''**

---

પ્રવચન નં. ૨૦૮, ગાથા–૧૭૮, શ્લોક–૨૯૭, ગુરુવાર, માગશર વદ ૭, તા.૯-૧૨-૭૧

---

૧૭૮–ગાથા.

**अव्वाबाहमणिंदियमणोवमं पुण्णपावणिम्मुक्कं।**
**पुणरागमणविरहियं णिच्चं अचलं अणालंबं।।१७८।।**
**અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.**

**ટીકા :– 'અહીં પણ,...'** એમ શબ્દ કહીને જાણે પૂર્વે કીધું એ જ કહેતા હોઈએ. એમ. પોતે તો એમાં પારિણામિકભાવ ઉતાર્યો છે. ૨૭૭માં તો એ કાલે આવી ગયું ને? અને આ તો સિદ્ધ ભગવાન પરમાત્મતત્ત્વની ગાથા છે. .. કારણપરમાત્માની. આ ગાથા હવે બધી કાર્યપરમાત્મા–સિદ્ધ પરમાત્મા (થયા એની આવશે). આ ટીકામાં **'અહીં પણ,...'** એમ શબ્દ છે. એટલી સંધી કરી છે. પાઠમાં છે ને? **'अत्रापि'** પહેલા છે ને. એનો અર્થ ત્યાં કીધું એવું જ અહીં પણ કહું છું. પણ એ તો અપેક્ષાએ બરાબર છે.

કારણપરમાત્મા જે ત્રિકાળ સ્વરૂપ છે, એની વ્યાખ્યા કરો કે કાર્યની કરો. જેમ કાર્યમાં રાગાદિ કાંઈ નથી એમ આત્મામાં પણ નથી, એમ લેવાય. વસ્તુ જેવી અંદર ચીજ છે તેવી જ પર્યાય પ્રગટ થાય તો એ એવી જ છે અને એના જેવી જ છે. સમજાણું કાંઈ? એની શૈલી છે ને આમાં? કે સિદ્ધનું જે કાર્ય પ્રગટ્યું એમાં જે કાંઈ નથી, એવું આત્મા દ્રવ્યમાં પણ નથી. વાત એટલી કે આત્મદ્રવ્ય એ ત્રિકાળી પરમસ્વભાવભાવ છે અને સિદ્ધમાં પર્યાય ક્ષાયિકભાવની છે.

કહે છે કે, **'અહીં પણ, નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવું પરમાત્મતત્ત્વ કહ્યું છે.'** સિદ્ધ ભગવાનનું સ્વરૂપ. **'(પરમાત્મતત્ત્વ આવું છે :–) સમસ્ત દુષ્ટ અઘરૂપી વીર શત્રુઓની સેનાના ધાંધલને...'** વેરી-વરુખી. ઠીક! ધાંધલ તો આપણો કાઠિયાવાડી શબ્દ છે. ધાંધલ-ધાંધલ નથી કહેતા? ધાંધલ કરોમાં. તોફાન કરોમાં. તમારે શું કહે છે?

મુમુક્ષુ :– ધાંધલબાજી કહે છે અમારામાં.

ઉત્તર :– હા. એ ધાંધલબાજી.

**'સમસ્ત દુષ્ટ અઘરૂપી વીર...'** આંકરા જે દુષ્ટ પુણ્ય-પાપરૂપી અઘ. પુણ્ય-પાપ બધા

અઘમાં ગણાય છે આમાં. પુણ્ય-પાપરૂપી જે અઘ, એવું જે **'વીર શત્રુઓની સેનાના ધાંધલ...'** આહાહા..! પુણ્ય-પાપના ભાવ વીર સેના છે, અનાદિથી એમાં ધાંધલ છે એમ કહે છે. એવાને **'અગોચર...'** એવી સેનાના ધાંધલને અગમ્ય **'એવા સહજજ્ઞાનરૂપી કિલ્લામાં રહેઠાણ હોવાને લીધે...'** સહજજ્ઞાનરૂપી કિલ્લામાં આત્માનું રહેઠાણ છે. એથી **'અવ્યાબાધ (નિર્વિઘ્ન) છે;...'** સિદ્ધ ભગવાનને કોઈ વિઘ્ન નથી. એમ દ્રવ્યને પણ કાંઈ વિઘ્ન નથી. દ્રવ્ય પણ એવું જ છે. અહીં તો એમ કહ્યું, સહજજ્ઞાનરૂપી કિલ્લો. એમાં તત્ત્વ રહેલું છે. જ્ઞાનરૂપી કિલ્લામાં સિદ્ધ ભગવાન રહેલ છે. એને કોઈ બહારના વિઘ્ન કે બાધા-પીડા નથી. વળી કેવા છે તે? એવો જ આત્મા છે એમ સમજવું. સમજાણું કાંઈ?

**'સર્વ આત્મપ્રદેશે ભરેલા ચિદાનંદમયપણાને લીધે અતીન્દ્રિય છે;...'** અસંખ્ય પ્રદેશે, એમ લીધું. **'સર્વ આત્મપ્રદેશે ભરેલા ચિદાનંદમય...'** જ્ઞાન ને આનંદમય છે. સિદ્ધ તો અસંખ્ય પ્રદેશમાં એકલા જ્ઞાન ને આનંદમય છે. આ આત્મા પણ અંદર વસ્તુએ અસંખ્ય પ્રદેશમાં એકલું જ્ઞાન ને આનંદમય ભરેલું તત્ત્વ છે. કહો, સમજાણું કાંઈ? **'અતીન્દ્રિય છે; ત્રણ તત્ત્વોમાં વિશિષ્ટ હોવાને લીધે (બહિરાત્મતત્ત્વ, અંતરાત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ એ ત્રણેમાં વિશિષ્ટ– ખાસ પ્રકારનું–ઉત્તમ હોવાને લીધે) અનુપમ છે;...'** કોઈ એને ઉપમા નથી. ત્રણમાં એ ઉત્તમ છે એમ કહે છે.

**'(બહિરાત્મતત્ત્વ, અંતરાત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ એ ત્રણેમાં વિશિષ્ટ- ખાસ પ્રકારનું– ઉત્તમ હોવાને લીધે)...'** સિદ્ધપદ એ ઉત્તમ તત્ત્વ છે. તેથી એને અનુપમ– એને કોઈ ઉપમા નથી. વસ્તુ ભગવાનઆત્મા પણ એવો છે. એ તો બહિરાત્મ, અંતરાત્મ અને પરમાત્માની પર્યાયથી પણ ભિન્ન (છે). સિદ્ધને જ આ બધું છે ઉતાર્યું છે. ટીકામાં સિદ્ધથી જ ચાલે છે. **'સંસારરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સુખદુઃખનો અભાવ હોવાને લીધે પુણ્યપાપ વિનાનું છે;...'** સિદ્ધને આત્માના આનંદની ઉત્પત્તિ છે. એથી સંસારની સ્ત્રીથી ઉત્પન્ન સુખ-દુઃખની કલ્પના, એવો જે એમાં ભાવ એનો અભાવ (છે). એ પુણ્યપાપ વિનાનું છે. આ આત્મા પણ સંસારના રાગથી ઉત્પન્ન સુખ-દુઃખની કલ્પના વિનાનો આત્મા છે.

**'પુનરાગમનના હેતુભૂત...'** **'(ચાર ગતિમાંની કોઈ ગતિમાં) પાછા આવવું તે; ફરીને જન્મવું તે.'** એવું જે **'પુનરાગમનના હેતુભૂત પ્રશસ્ત-અપ્રશસ્ત મોહરાગદ્વેષનો અભાવ હોવાને લીધે...'** પ્રશસ્ત અને અપ્રશસ્ત. ઠીક! મોહ પ્રશસ્ત-અપ્રશસ્ત, રાગ પ્રશસ્ત-અપ્રશસ્ત, દ્વેષ પ્રશસ્ત-અપ્રશસ્ત. ત્રણે. અપેક્ષા છે ને. કહે છે કે **'પ્રશસ્ત-અપ્રશસ્ત મોહરાગદ્વેષનો અભાવ હોવાને લીધે પુનરાગમન રહિત છે;...'** સિદ્ધને ન્યાંથી પાછું આવવું નથી.

**'નિત્ય મરણના અને તે ભવ સંબંધી મરણના કારણભૂત કલેવરના (શરીરના) સંબંધનો અભાવ હોવાને લીધે નિત્ય છે;...'** લ્યો! નિત્ય મરણ છે ને? સમય સમય આયુ. 'સમયે સમયે આયુ ઉદય આવિચી મરણ છે ને?' ક્ષણે ક્ષણે આયુષ્યના પરમાણુ જાય છે. ક્ષણે

ક્ષણે મૃત્યુ છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે એમાંથી ક્ષણે ક્ષણે મૃત્યુ જ થતું જાય છે. એ નિત્ય મરણ (છે). એનો પણ એમાં અભાવ છે. નિત્ય મરણનું મૂળ કારણ તો શરીર એનો પણ એમાં (અભાવ છે). **'ભવ સંબંધી મરણના કારણભૂત કલેવરના (શરીરના) સંબંધનો...'** આત્માને શરીરનો સંબંધ છે જ નહિ. સિદ્ધને. તેથી તે નિત્ય છે.

**'નિજ ગુણો અને પર્યાયોથી ચ્યુત નહિ થતું હોવાને લીધે...'** ભગવાન સિદ્ધ પરમાત્મા પોતાના નિજ ગુણો, જ્ઞાન-દર્શન-આનંદાદિ ભાવો અને અનંત કેવળજ્ઞાનાદિ એની પર્યાય, એનાથી ચ્યુત નહિ થતું. એમાંથી તો કોઈ દિ' ભ્રષ્ટ થતું નથી. એને લઈને...

મુમુક્ષુ :– ત્રિકાળીમાં આ બોલ કઈ રીતે ઉતારવા?

ઉત્તર :– ત્રિકાળીમાં એ નથી. અહીં તો સિદ્ધની વાત છે. એ તો આમ .. એમાં નથી એ આમાં નથી, એ જુદી વાત છે. ત્રિકાળીમાં તો પર્યાય નથી. એનું અહીં ન ઉતરે. જેટલું ઉતરે એટલું ઉતરે ને. અહીં તો ક્ષાયિક પર્યાય છે એને, એમ સિદ્ધ કરવું છે ને.

**'પરદ્રવ્યના અવલંબનનો અભાવ હોવાને લીધે...'** સિદ્ધ ભગવાનને પરદ્રવ્યનું અવલંબન નથી. તેથી તે **'નિરાલંબ છે.'** એમ આત્મા પણ પરદ્રવ્યના અભાવ વિનાનું નિરાલંબી તત્ત્વ છે. ભગવાનઆત્મા પરના આલંબન વિનાનો છે.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરીએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૮ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः**
**सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः।**
**एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः**
**शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।**

**શ્લોકાર્થ :– '(શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :) હે અંધ પ્રાણીઓ!'** એટલે કે ત્રિકાળી દ્રવ્યને નહિ જોનાર. જેને જોવું (જોઈએ) એને નહિ જોનાર હે અંધ પ્રાણી! એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? **'અનાદિ સંસારથી માંડીને...'** એકેન્દ્રિય, નિત્ય નિગોદ એનાથી **'માંડીને પર્યાયે પર્યાયે...'** સમયે સમયે **'આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...'** વિકારમાં ઘેલા બનતા થકા. પોતાનું નિજપદ આનંદ અને જ્ઞાન (સ્વરૂપ છે) એવા નિજપદથી આંધળા અને પરમાં મત્ત. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ, શુભ અને અશુભભાવ, તેમાં મત્ત થયેલા–મસ્ત થયેલા. એ જ હું, એમ માનીને ગાંડા થઈ ગયા છે. સમજાણું કાંઈ?

**'રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...'** નિરંતર વિકારમાં જ વર્તતા, પુણ્ય-પાપના વિકલ્પમાં જ વર્તતા. જે એનું સ્વરૂપ નથી, જે એના સ્વભાવમાં નથી, એમાં વિભાવમાં તદાત્મ્યપણે (વર્તતા થકા), એમ કહેવું છે. વિભાવમાં તદાત્મ્યપણે વર્તતા થકા **'જે પદમાં સૂતા છે–ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે–અપદ છે,...'** એ રાગનું પદ એ તારું

નથી. એમાં નિરાંતે સૂતો છો, કહે છે. આહાહા..! રાગ પુણ્ય-પાપનો વિકલ્પ એ તારું પદ નહિ. એમાં તું સોડ તાણીને સૂતો છો, કહે છે. (જ્યાં તું) નથી એમાં સૂતો છો, કહે છે. આહાહા..!

એ **'અપદ છે—અપદ છે, (તમારું સ્થાન નથી,)...'** વ્યવહારના વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિ રાગ, એમાં કહે છે કે અનાદિથી સૂતો છો. એ પદ તારું નથી, એ તારું સ્થાન નથી, એ તારું ધામ નથી, એ તારું ગામ નથી. સમજાણું કાંઈ? પડખું ફેરવ, એમ કહે છે. **'એમ તમે સમજો.'** એમ કીધું ને? **'(બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.)'** બે વાર કહ્યું ને? **'અપદ છે–અપદ છે,...'** આહાહા..! ભગવાન પોતાનું આનંદધામ નિજ જ્ઞાનધામ સ્વભાવ ધ્રુવ, એને ભૂલીને એકલા પુણ્ય-પાપના વિકલ્પનો વિકારનો વિભાવનો ભાવ, એમાં સૂતો છો. એ તારું સ્થાન, તારું પદ, તારો ભાવ એ નહિ. કહો, સમજાણું કાંઈ? શરીર ને દેશ ને કુટુંબ ને આબરૂ તો ક્યાંય રહી ગઈ. એ તો તારું સ્થાન નથી, એ તારા ઘર નહિ. પણ પુણ્ય-પાપના ભાવ એ પણ તારું સ્થાન અને તારું ઘર નહિ. આહાહા..!

અહીં તો ભાઈ ઘર કહે છે ને. અમારી ઘરવાળી છે. આ અમારા ઘરવાળા છે, એમ કહે છે ને. શું કરવું આમાં? ઘરવાળી-ઘરવાળો ક્યાંથી આવ્યો? પુણ્ય-પાપના ભાવ એ ઘરવાળો છે એમ નથી જ્યાં... આહાહા..! સમજાણું કાંઈ? એ તો પરઘર છે. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા. એ તો પરઘરના પરના પદાર્થો છે. પણ એણે એમાં નથી એવા ભાવ ઊભા કરીને સૂતો, એ તારા ઘર નહિ. આહાહા..! એ કરવટ બદલ હવે, કહે છે. પડખું બદલ. કરવટ સમજો છો? પડખું ફેરવ. સમજ. સમજ આ નહિ કામ કરે. આહાહા..! પુણ્યના ભાવ એ તારા ઘર નહિ. ભાવ, હોં! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ એ તારું પદ નહિ, એ તો વિભાવનું પદ છે, પરનું છે.

**'એમ તમે સમજો.'** એમ આવ્યું ને? **'(બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે).'** ભાઈ! એ તારા ઘર નહિ, ભાઈ! આહાહા..! બાપ કહે ને? છોકરો વ્યભિચારે કાંઈક ચડી ગયો હોય. બાવળ ને વાઘરણને, અરે..! ભાઈ! આ આપણા કામ, ઘર નહિ, ભાઈ! આ તું ક્યાં ચડી ગયો? એમ આ પુણ્ય-પાપના ભાવે ક્યાં ચડી ગયો છો તું? કહે છે. આહાહા..! એ તારા ઘર નહિ, એ તારું પદ નહિ, એ તારો ભાવ નહિ. તારું સ્થાન નહિ. ત્યાં રહેવા જેવું નથી. આહાહા..!

**'આ તરફ આવો—આ તરફ આવો,...'** લ્યો! ઠીક! એ દિશા બદલી દે. 'જયંતિભાઈ'! પણ આ છોકરા 'અમેરિકા' ભણે. એ મોટું કહેવામાં ઊંચું લાગે. એને છોડવું શી રીતે? એ તો છોડેલા જ પડ્યા છે. ક્યાં ગરી ગયા છે તારામાં? પણ તેં ઊભા કરેલા પુણ્ય અને પાપમાં .... છે. ... ચાલે છે. ... ગયા ને ભાઈ? 'નવરંગભાઈ' ગયા. **'આ તરફ આવો— આ તરફ આવો,...'** અહીં કહે છે. પુણ્યના પરભાવમાં વસી ગયો છે તો હવે ફર, એમ

કહે છે. કહો, સમજાણું કાંઈ? બાયડી, છોકરા, ઘર, મકાન, દુકાન તારું નહિ, એ તો અહીં કહ્યું નહિ. એ તો હતું જ કે દિ'? પણ ત્યાં ઓલું ઊભું કરીને માન્યું છે એ તારું નથી. ઓલું તો માન તોપણ તારા થતા નથી. આ તો માને કે રાગ મારો છે. એમ અહીં અસ્તિત્વ છે. ત્રિકાળી અસ્તિત્વની હયાતીની ખબર નહિ. એટલે ક્યાંક પોતાનું હોવાપણું તો માનશે ને? આહાહા..!

મુમુક્ષુ :– મહા સદ્‌ભાગ્યે આ મળ્યું એનો નકાર કેમ કરાય?

ઉત્તર :– ઠીક, પ્રશ્ન ઉઠે. મહાભાગ્યે વિષ્ટા મોઢામાં આવી એ કાઢી કેમ નખાય? મેસુબની વિષ્ટા સારી આવી. એક માણસને ઊલ્ટી થઈ. ઊલ્ટી થઈને એમાં એને મોઢે વિષ્ટા આવી. ઉઠી ન જતા ઊલટી થઈ. એમાં આંતરડાનો ભાગ ... એમાં વિષ્ટા આવી. હવે એ કેમ કાઢવી? અહીં તો પુણ્યની વાત છે. પુણ્યનો ભાવ છે ઓલાને આકરું લાગે છે. અરેરે..! વિષ્ટા કહે છે. અરે..! ઝેર છે. સાંભળને હવે.

ભગવાન અમૃતસ્વરૂપ આત્મા એનાથી વિરુદ્ધ ભાવ રાગ એ તો ઝેર છે. ઝેરમાં વસવું એ તારું સ્થાન નહિ, પ્રભુ! તું તો અમૃતમાં રહેનારો છો. આહાહા..! એ હંસલાને એક દાણાના ચારણ હોય નહિ પણ કાંકરાના તો હોય શેના. હંસ તે કાંઈ દાણા ખાતા હશે હંસલા? એ તો મોતી ચરે. બાપુ! તું કોણ છો, ભાઈ! આહાહા..!

જુઓને! કરુણાથી કહ્યું છે. આહાહા..! અપદ છે, અપદ છે. આ હોં! પુણ્યના સંયોગ-બંયોગની વાત પણ નથી. ભાવ જે વિકારી દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો ભાવ એ રાગભાવ છે, એ અપદભાવ છે. પ્રભુ! એ તારું સ્થાન નથી. આહાહા..! **'આ તરફ આવો–આ તરફ આવો,....'** એ..! આમ ગયો છો, ભાઈ! આહાહા..! બહુ ટૂંકું. રાગના વિકલ્પના વેગમાં ગયો છો, પ્રભુ! ત્યાંથી ખસ તું. અને અંદર ચૈતન્ય આનંદ ધાતુ છે, ચૈતન્યથી બિરાજમાન ભગવાન છે ત્યાં આવ ને, એમ કહે છે. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! શું છે? આહાહા..! 'હીરાભાઈ' જેવા છોકરા, બંગડીના વેપાર, ૩૦ રૂપિયાના પગારમાં દસ દસ હજારની પેદાશું. વળી પાછા હોંશિયાર, ડાહ્યા. ઇ પદ તારું નહિ, એમ કહે છે. એ તો નહિ, એના તરફના રાગનો ભાવ પણ તું નહિ. એ તો નહિ પણ ત્રણલોકના નાથ તરફનો રાગભાવ એ પણ તારું પદ નહિ. આહાહા..! પ્રભુ! તું તો ત્રણલોકનો નાથ પોતે છો ને. આહાહા..! એની કોર આવી જાને ન્યાં. એને પડખે ચડ ને. આહાહા..! મોટાને સંગે જા. આ પામરના સંગને છોડી દે.

**'આ તરફ આવો–આ તરફ આવો (અહીં નિવાસ કરો,) તમારું પદ આ છે—આ છે...'** આહાહા..! છ બોલ લીધા છે. અપદ છે, અપદ છે. બે થયા ઇ. આ પદ છે, આ પદ છે. આનંદ અને જ્ઞાનથી બિરાજમાન પ્રભુ તું છો. એ તારું પદ છે. આહાહા..! **'તમારું પદ આ છે–'** પૂર્ણ આનંદનું ધામ એ તારું પદ છે. ત્યાં નજર કર ને. રાગની નજરું છોડને, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ છે જ્યાં શુદ્ધ...'** લ્યો! છે ને? બે વાર ઇ પાછું આવ્યું. **'શુદ્ધ–શુદ્ધ...'** ભારે શ્લોક છે, હોં! આ તો 'સમયસાર'નો કળશ છે. આહાહા..! આ તો ઘણી વાર વંચાય છે. **'આ છે–આ છે...'** શું આ છે? **'જ્યાં શુદ્ધ–શુદ્ધ ચૈતન્યધાતુ...'** છે. આહાહા..! **'શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ...'** દ્રવ્યે શુદ્ધ અને ભાવે શુદ્ધ. એવી ચૈતન્યધાતુ, જ્ઞાનધાતુ. જ્ઞાનનો, આનંદનો સ્વભાવભાવ એવો જે ભાવ **'નિજ રસની અતિશયતાને લીધે...'** એ પોતે પોતાના સ્વભાવની મહિમાને લીધે **'સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે...'** સ્થિર સ્થિર સ્થાયી નિત્ય છે. કહો, સમજાણું કાંઈ? એક શ્લોકે બસ છે. આહાહા..! રાગની, પુણ્યની દૃષ્ટિને લઈને અને એના હોવાપણાના ભાસમાં આખો ભગવાન ચૈતન્યધાતુ હોવાપણે બિરાજમાન એ નજરે ન આવ્યો તને. સમજાણું કાંઈ?

**'શુદ્ધ ચૈતન્યધાતુ...'** જ્ઞાનાનંદ ધાતુ એટલે જેણે જ્ઞાન ને આનંદને ધારી રાખ્યા છે. એવી ચીજ **'નિજ રસની અતિશયતાને લીધે...'** પોતાના સ્વભાવની સામર્થ્યતાને લીધે, પોતાના સ્વભાવની વિશેષતાને લીધે, ચૈતન્યધાતુ નિજ શક્તિના સ્વભાવની ખાસ વિશેષતાને લીધે **'સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે—'** રાગભાવ તો ક્ષણે ક્ષણે ભિન્ન કર્મને આધીન થયેલો ભાવ ભિન્ન ભિન્ન થયા કરે છે. એ કાંઈ સ્થાયી નથી. આ સ્થાયી છે.

એનો સ્વીકાર કેમ થાય એને? પહેલા અનુમાનથી એમ નક્કી કરે કે આ વિકલ્પાદિ જે ભાવ છે એ તો ક્ષણિક અસ્થાયી અપદ છે. એની પાછળ અંતરમાં આખી ચીજ છે, વસ્તુ છે. ચૈતન્યધાતુથી ભરેલી, એવો જે ભગવાનઆત્મા, એના તરફ જવું, એમાં વળવું એમ પહેલો વિકલ્પ દ્વારા નિર્ણય કરે તો એને લક્ષ ફેરવવાનો પ્રસંગ બને. સમજાણું કાંઈ? રામની રમતુંમાં આવી જા, ભાઈ! એમ કહે છે. એ વિભાવની રમતું છોડ હવે. આહાહા..!

**'સ્થિર છે–અવિનાશી છે.'** ભગવાન ચૈતન્યધાતુ એટલે જેમ સોનાની ધાતુ સોનાપણે ધારી રાખી છે. રૂપાની ધાતુ, હીરાની ધાતુ. એમ આ ચૈતન્યધાતુ છે. એને ચૈતન્યપણું અનાદિઅનંત ધારી રાખ્યું છે. એવો જે ભગવાનઆત્મા એને પડખે આવ, અહીં આવ.. અહીં આવ. એ શુદ્ધ છે, શુદ્ધ છે. આહાહા..! ભારે વાણી!

**'(અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે.'** દ્રવ્યે પણ શુદ્ધ છે અને ભાવે–ગુણે પણ શુદ્ધ છે. **'સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે...'** ભગવાનઆત્મા અન્ય કર્મ, શરીરાદિ રજકણોના દ્રવ્યોથી જુદો હોવાથી **'શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે...'** પોતાના ભાવોથી પાછા. **'પરના નિમિત્તે થતા પોતાના ભાવ...'** એમ. પોતાની પર્યાયમાં થતાં. પુણ્ય અને પાપ અને રાગ અને દ્વેષ, વિભાવ, સંકલ્પ, વિકલ્પ **'પરના નિમિત્તે થતા પોતાના ભાવ...'** એની પર્યાયમાં થતાં, એનાથી રહિત. એને **'લીધે ભાવે શુદ્ધ છે.'**

'વળી (આ ૧૭૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૨૯૭

तथा हि -

(शार्दूलविक्रीडित)

भावाः पंच भवन्ति येषु सततं भावः परः पंचमः
स्थायी संसृतिनाशकारणमयं सम्यग्दृशां गोचरः।
तं मुक्त्वाखिलरागरोषनिकरं बुद्धवा पुनर्बुद्धिमान्
एको भाति कलौ युगे मुनिपतिः पापाटवीपावकः।।२९७।।

[શ્લોકાર્થ :–] ભાવો પાંચ છે, જેમાં આ પરમ પંચમ ભાવ (પરમ પારિણામિકભાવ) નિરંતર સ્થાયી છે, સંસારના નાશનું કારણ છે અને સમ્યગ્દષ્ટિઓને ગોચર છે. બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગદ્વેષના સમૂહને છોડીને તેમ જ તે પરમ પંચમ ભાવને જાણીને, એકલો, કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે (અર્થાત્ જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિક ભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે, તે જ એક પુરુષ પાપવનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે). ૨૯૭.

## શ્લોક–૨૯૭ ઉપર પ્રવચન

શ્લોક.

भावाः पंच भवन्ति येषु सततं भावः परः पंचमः
स्थायी संसृतिनाशकारणमयं सम्यग्दृशां गोचरः।
तं मुक्त्वाखिलरागरोषनिकरं बुद्धवा पुनर्बुद्धिमान्
एको भाति कलौ युगे मुनिपतिः पापाटवीपावकः।।२९७।।

**શ્લોકાર્થ :– 'ભાવો પાંચ છે,...'** ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ. પાંચ ભાવ છે. ઉદયભાવ આ રાગ-દ્વેષનો ભાવ એ ઉદયભાવ છે. ઉપશમભાવ સમકિતની પર્યાય. દર્શનમોહનું ઠરવું થતાં અને પોતામાં એ જાતનો પુરુષાર્થ થતાં જે ક્ષય થયા વિનાની દશા (થાય તે) ઉપશમ (ભાવ). ક્ષાયિકદશા પર્યાય–રાગાદિનો ક્ષય. ક્ષયોપશમ દશા (એમાં) કંઈક ઉદય અને કંઈક ઉઘાડ (હોય). એવો ઉદય, ઉપશમ,

ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર ભાવ અને પાંચમો પારિણામિકભાવ.

**'ભાવો પાંચ છે, જેમાં આ પરમ પંચમભાવ (પરમ પારિણામિકભાવ) નિરંતર સ્થાયી છે,...'** લ્યો! સ્થાયી છે, સ્થાયી છે. એમ છે. આહાહા..! આ કારણપરમાત્મા કહો પંચમ પારિણામિકભાવ કહો. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં પારિણામિકભાવના ગાણા બહુ ગાયા છે. ખુલ્લા.

અહો..! **'જેમાં પંચમભાવ (પરમ પારિણામિકભાવ) નિરંતર સ્થાયી છે,...'** ક્ષાયિકભાવ પણ સમયે સમયે પરિણમે છે. આ તો એમ ને એમ અપરિણામી ત્રિકાળ વસ્તુ. પારિણામિકભાવે અપરિણામી. આહાહા..! સમજાણું કાંઈ? પારિણામિકભાવે એટલે સહજ સ્વભાવે. બદલ્યા વિનાનું એમ ને એમ સ્થાયી નિત્ય છે. અને એ ભાવ **'સંસારના નાશનું કારણ છે...'** લ્યો! સમજાણું કાંઈ? આમ મોક્ષનું કારણ, સંસારના નાશનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. પણ એ પર્યાયનું કારણ આ દ્રવ્ય છે. આહાહા..!

**'સંસારના નાશનું કારણ છે...'** ત્રિકાળી સ્થાયીભાવ, નિત્યભાવ, ધ્રુવભાવ, અવિનાશી સ્વભાવભાવ, જેને આશ્રયે સંસારનો નાશ થાય માટે એ સંસારના નાશનું કારણ છે. કહો, અહીં તો દ્રવ્યને સંસારના નાશનું કારણ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? કેમકે દ્રવ્ય ત્રિકાળી વસ્તુ છે, એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. અને એ પર્યાયથી સંસારની પર્યાયનો નાશ દ્રવ્યને આશ્રયે થતાં દ્રવ્ય જ પોતે સંસારના નાશનું કારણ છે એમ કહ્યું. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દષ્ટિઓને ગોચર છે.'** વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય છે એ સમ્યગ્દર્શનમાં ગમ્ય છે. સમ્યગ્દષ્ટિને ત્રિકાળ ધ્રુવનું ભાન વર્તે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાનઆત્મા અનાદિઅનંત સ્વભાવનો ભંડાર ભરપૂર ભગવાન, એવી ચીજ, એવી વસ્તુ ધર્મીને ગમ્ય છે. એક બાજુ કહે કે ચાર ભાવને ગમ્ય નથી. આવ્યું છે આમાં પહેલા. ચાર ભાવને ગમ્ય નથી. એનો અર્થ જ કે ચાર ભાવના આશ્રયથી ગમ્ય નથી. એમ. ક્ષાયિકભાવને પણ ગમ્ય નથી એમ આવે છે. એનો અર્થ કે ક્ષાયિકભાવનો આશ્રય કરતાં એ ગમ્ય થાય એમ નથી. એનો (પારિણામિક ભાવનો) આશ્રય કરતા ગમ્ય થાય. આહાહા..! આવું ભારે આકરું કામ છે. જેણે અહીં જ્યાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજામાં ધર્મ માન્યો હોય હવે એને એમાંથી ખસવું (કઠણ પડે).

અહીં તો એનાથી તો ઠીક પણ આ ક્ષાયિક પર્યાય થાય એનાથી પણ ભિન્ન (છે). ક્ષાયિક પર્યાયના આશ્રયે પણ કર્મનો નાશ ન થાય એમ કહ્યું ને આમાં? ત્રિકાળને આશ્રયે થાય. સમજાણું કાંઈ? સંસારનો નાશ તો, મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર એ સંસાર, એનો નાશ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી થાય. પણ એ તો બેય પર્યાયની વાત કરી. અહીં તો ધ્રુવને આશ્રયે સંસારનો નાશ થાય એમ કહે છે. આહાહા..! મોટો ભગવાન ભીડ ભાંગે એવો પરમાત્મા છે, કહે છે. સમજાય છે? તારી સંસારની ભીડ ભાંગી નાખે એવો એ ભગવાન

છે. જેનું શરણ લેતા સંસારનો નાશ થઈ જાય. તે સમ્યગ્દષ્ટિને ગમ્ય છે.

**'બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગદ્વેષના સમૂહને છોડીને...'** મતિજ્ઞાનવાળો, બુદ્ધિવાળો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એવી બુદ્ધિવાળો જીવ **'સમસ્ત રાગદ્વેષના સમૂહને...'** બધો જે ઉદયભાવ છે, પુણ્ય-પાપના વિકલ્પની લાગણીનો ઉદયભાવ જે છે એને છોડીને. લ્યો! ઠીક! **'રાગદ્વેષના સમૂહને છોડીને...'** પણ શું થાય? શૈલી તો બધી કેવી નાખે! ક્ષણે-ક્ષણે કાંઈ એમ નખાતા હશે? એ તો એની મેળે નાશ થાય.. એની મેળે નાશ થાય.. થાય તો એની મેળાએ. ઉત્પન્ન ન થાય એનો અર્થ નાશ થાય એમ કહેવામાં આવે છે. આહાહા..! શબ્દોની રચનાથી કાંઈ ચર્ચાનો પાર પડે નહિ. એના ભાવ સમજવા માગે તો પાર પડે. અને તે એકલા શાસ્ત્રના અભ્યાસથી નિવેડો ન આવે. આહાહા..! અનુભવથી નિવેડા આવે. સમજાણું કાંઈ?

**'રાગદ્વેષના સમૂહને છોડીને તેમ જ તે પરમ પંચમ ભાવને જાણીને,...'** એમ પાછું. અહીં આનું લક્ષ છોડી અહીં લક્ષ કર્યું. પંચમ પારિણામિકભાવ. પરમ પંચમભાવ. એકલો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, આનંદભાવ. પૂર્ણાનંદરૂપ નિત્ય અવિનાશી સદશ્ય ભાવ, એને જાણીને. લ્યો! આ જાણવું. **'એકલો,...'** આહાહા..! **'એકલો, કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે...'** આહાહા..! અરે..! આવા પંચમકાળમાં પણ કળિયુગમાં પણ પુણ્ય-પાપના વિકલ્પનો આશ્રય છોડી અથવા લક્ષ છોડી અને ત્રિકાળી પંચમ પરમભાવના શરણમાં ગયો એ મુનિ એકલો થયો. જેણે પુણ્યના વિકલ્પના બેકલાનો પણ સંબંધ નથી. એકલો કળિયુગમાં... આહાહા..! આવો કળિયુગ છે તોપણ તું એકલો પડીને અંદર **'પાપવનના અગ્નિરૂપ મુનિવર...'** પાપરૂપી વનને બાળી નાખનાર મુનિવર જેવો. **'મુનિવર તરીકે શોભે છે...'** આહાહા..! સમજાણું કાંઈ?

એક વાર એક બાજુ તો એમ કહ્યું હતું, પ્રભુ! આપે કહેલા ચારિત્રને પાળવાને અમે તો આ કાળમાં તારી ભક્તિ અમને તારશે. કહ્યું હતું ને? ભક્તિ એટલે આત્માનું સમ્યગ્દર્શન. ન કરી શકે બધું તો એક શ્રદ્ધા તો રાખજે. એમ આવ્યું હતું ને? અહીં તો કહે છે, અત્યારે મુનિપણું શોભે છે. સમજાણું કાંઈ? આપે કહેલા મુનિવર... આ પંચમકાળમાં અમારા જેવાને.. પોતે 'પદ્મનાથ' મુનિ પોતે કહે છે.

અહીં કહે છે, અરે..! એવા કળિયુગમાં પણ ભલે કાળ કળિયુગ હોય પણ એ રાગ-દ્વેષના ઉદયભાવનું લક્ષ છોડી અને પૂર્ણ સ્વભાવ ધ્રુવધાતુ, એને શરણે ગયો એ પુણ્ય-પાપના વનને બાળી નાખવાને અગ્નિ સમાન મુનિવર અંતરના શરણે ગયો એ શોભે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવ, પુણ્યનો વ્યવહાર સારો હોય માટે શોભે એમ નહિ, એમ કહે છે. આહાહા..! પુણ્યના આચરણ સારા હોય, આવા ચરણાનુયોગના એ બાહ્યાચરણને કળી શકાય. એમ કહે છે. અહીં તો કહે છે કે અમારી શોભા, અમારો ભગવાન ધ્રુવ, એને શરણે જઈએ એ અમારી શોભા છે. શરણમાં વર્તીએ છીએ એ અમારી

શોભા છે. આહાહા..! પાંચ મહાવ્રતના પરિણામ કે અઠ્યાવીશ ગુણના વર્તન બરાબર હોય તો શોભીએ છીએ, એ અમારી શોભા નહિ. કહો, પંચમકાળના મુનિ પણ આટલી વાત જોરદાર કરે છે અંદર.

મુમુક્ષુ :– પોતાની વાત છે.

ઉત્તર :– હા પોતાની જ વાત છે.

કારણપરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ પંચમ પરમભાવ એને જાણીને એમાં રહે છે. વિકલ્પને છોડીને એકલો રહે છે. એવા ભાવમાં અંતરમાં વસે છે તે **'અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે...'** પુણ્ય-પાપને બાળવાને. આહાહા..! શુભાશુભભાવ ઉત્પત્તિ ન થવાને અગ્નિ સમાન છે. આહાહા..!

**'(અર્થાત્ જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિક ભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે,...)'** નિજ સ્વભાવની હયાતી એવો ત્રિકાળી ભાવ તેનો ઉગ્રપણે આશ્રય કરે છે. પર્યાયને આશ્રય દ્રવ્યનો આપે છે. **'(તે જ એક પુરુષ...)'** જુઓ ભાષા! **'(તે જ એક પુરુષ પાપવનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે.)'** વ્યવહારની ક્રિયા એ બાળવા જેવી છે, એમ અહીં તો કહે છે. રાખવા જેવી અને પાળવા જેવી નથી. ભગવાન 'કુંદુકંદાચાર્યે' અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. એય..! 'પંડિતજી'! અરે..! ભગવાન! એ તો વ્યવહારનયનું કથન છે. એનું જ્ઞાન કરાવે છે. બાકી છે મુનિ પુણ્ય ને પાપના વનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે. એને મુનિ કહીએ. આ ણમો લોએ સવ્વ સાહૂણંમાં આવા મુનિ હોય. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે, ણમો લોએ સવ્વ સાહૂણં, એમાં ક્યાં આવ્યા જૈનના સાધુ? પણ સાધુ જ જૈનના હોય એ સાધુ હોય. પંચમ પરમભાવને શરણે ઉગ્રપણે વર્તતા હોય એ જ સાધુ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો પંચમહાવ્રતને પાળનારો છું માટે શોભે છે એ વાત નહિ, એને તો બાળનારો છું માટે શોભું છું એમ કહ્યું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ ધ્રુવભાવ, એના આશ્રયથી પુણ્ય-પાપને બાળવામાં અગ્નિ સમાન એવા સંતો શોભે છે. જૈન સંપ્રદાયમાં આવા સાધુ (હોય) તેને મુનિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હવે હજી તો પંચમ પરમભાવ શું એનું તો નામ પણ સાંભળ્યું ન હોય. પંચમ પરમભાવ શું હશે કાંઈ? સંપ્રદાયમાં કાંઈ નામ નથી. છે?

મુમુક્ષુ :– પારિણામિકભાવ એવું નામ છે.

ઉત્તર :– નામ આવે એમાં ઉપદેશમાં ક્યાં છે? એ તો શાસ્ત્રના નામ આવે. પાંચ ભાવ અને પંચમ પારિણામિકભાવ, નિત્યભાવ એનું અસ્તિનું શરણ લેવું, એને આશ્રયે જવું, એનો સ્વીકાર થવો, એમાં સ્થિત થઈને રહેવું એનું નામ મુનિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– તત્વાર્થસૂત્રમાં તથા અન્યશાસ્ત્રમાં તો પારિણામિકભાવ આવે છે.

ઉત્તર :– આવે છે ને. શબ્દો આવે પણ એની વ્યાખ્યા ક્યાં છે ક્યાંય? 'તત્ત્વાર્થસૂત્ર'

ક્યાં એની સ્થાનકવાસીમાં છે નહિ. શ્વેતાંબરે આનું લઈને રાખ્યું છે. આનું મૂળ છે તો દિગંબરનું. એમાં ફેરફાર કરીને અમારું છે. સ્થાનકવાસી તો માને નહિ. એ તો ભાઈએ એક ઊભું કર્યું હતું. આત્મારામે પોતાના ૩૨ સૂત્ર સાથે મેળવવા. બિલકુલ ખોટી વાત. ૩૨ સૂત્રમાંથી...

મુમુક્ષુ :– સ્થાનકવાસી સાધુએ બહાર પાડ્યું છે કે અમારું છે.

ઉત્તર :– એમાં છે ને એ. શું નામ? છે ને આ 'આત્મારામ' કરીને. છે ને. આમાં મેળવવા માગે ૩૨ સૂત્રને.

મુમુક્ષુ :– એમના શાસ્ત્રમાંથી કાઢ્યું છે.

ઉત્તર :– ખોટી વાત. હતા કે દિ'.

મુમુક્ષુ :– એમ લખ્યું છે.

ઉત્તર :– લખે ને. લખવામાં શું જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– એ આધારેય આપ્યા હતા ને શાસ્ત્રના?

ઉત્તર :– આધાર મળતા વિનાના આપ્યા છે. ... શું નામ એ પુસ્તકનું? ભૂલી ગયા. આપણે છે ને. 'તત્ત્વાર્થસૂત્ર સમન્વય' એવું કાંઈક છે. 'આત્મારામભાઈ'એ કર્યું. એ ભાઈએ 'આત્મારામ' નામ શું? 'આત્મારામજી'એ બનાવ્યું છે. 'તત્ત્વાર્થસૂત્ર'માંથી આ રીતે કાઢેલું છે. એના હતા જ કે દિ'? એ તો હમણા નીકળ્યા. શ્વેતાંબર સ્થાનકવાસી હતા જ કે દિ'? બે હજાર વર્ષ પહેલા નીકળ્યા. ... આને બનાવેલું.

મુમુક્ષુ :– અધ્યાત્મના શાસ્ત્રો પણ હતા.

ઉત્તર :– શાસ્ત્રો તો કોના હતા?

મુમુક્ષુ :– શ્વેતાંબરના.

ઉત્તર :– ... આ ભાઈ છે ને? 'મોહનલાલ' 'ગોકુલચંદજી'. ત્યાં આવ્યા હતા 'જામનગર'.

મુમુક્ષુ :– આમ તો તત્વાર્થસૂત્ર જ છે.

ઉત્તર :– ૐ તત્ત્વાર્થસૂત્ર જૈનાગમ સમૂહ માટે. તત્ત્વાર્થસૂત્ર જૈનાગમ સમન્વય. જૈનના આગમની સાથે મેળવે છે. જિનાગમ મૂળ પાઠ, સંસ્કૃત છાયા ભાષા ટીકા સહિત, લ્યો. જૈન દિવાકર ઉપાધ્યાય મુનિ આત્મારામ... છે ને આખું વાક્ય. 'ગોકુળચંદ' છે ને એમાં એ ત્યાં 'જામનગર' આવ્યા હતા. 'દિલ્હી'ના છે.

મુમુક્ષુ :– આ નહિ રહી રહે.

ઉત્તર :– આ નહિ રહે. 'ગોકુળચંદજી'એ કહ્યું હતું, આ મહારાજ અહીં નહિ રહી શકે. એની લાઈન જુદી વાત કરે છે. એમ કહેતા હતા. એ સાવ ઓલાથી કહેતા હતા. વિરોધથી એમ નહિ. 'ગોકુળચંદ' માણસ ખાનદાન હતા. આમંત્રણ દેવા આવ્યા હતા ને ઓલું મોટું સાધુનું મળવાનું હતું ને? બ્યાવર.

મુમુક્ષુ :– 'અજમેર'માં કોન્ફરન્સ

ઉત્તર :– 'અજમેર'માં કોન્ફરન્સ ભરવાની હતી. બધા શેઠિયાઓ અગ્રેસર. બે દિ' સાંભળ્યું. આ મહારાજ અહીં નહિ રહી શકે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો કહે છે કે ... એનો અગ્રેસર. મોટો પૈસાવાળા ઘણા લાખોપતિ અને ખાનદાન માણસ, હોં! સાંભળવામાં પણ એને થાય ઓહો..! અહીંના દાખલાની વાત જ આ કાંઈક જુદી લાગે છે. આપણે તો કાંઈ સાંભળી નથી. 'વીરજીભાઈ'ને કીધેલું. 'વીરજીભાઈ' ગુજરી ગયા બિચારા.

આ તો આત્માની વાત, બાપા! બીજી જાતની છે. આહાહા..! જ્યાં ક્ષાયિકભાવનો પણ આશ્રય લેવો નથી. અરે..! જ્યાં ક્ષાયિકભાવને પણ પરદ્રવ્ય પરભાવ કહીને હેય બતાવવું છે. આહાહા..! જ્ઞેય તરીકે જાણવાલાયક છે. ઉપાદેય તરીકે ક્ષાયિકભાવ પણ નહિ. આહાહા..! ત્રિકાળ ભગવાન પરમાનંદ પરમાનંદનો નાથ, કહે છે કે એવો એક પંચમભાવ, એનું જેણે શરણ લીધું, એવા મુનિ આ જગતમાં શોભે છે અથવા એને જ મુનિ કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૭૯

**णवि दुक्खं णवि सुक्खं णवि पीडा णेव विज्जदे बाहा।**
**णवि मरणं णवि जणणं तत्थेव य होइ णिव्वाणं।।१७९।।**

नापि दुःखं नापि सौख्यं नापि पीडा नैव विद्यते बाधा।
नापि मरणं नापि जननं तत्रैव च भवति निर्वाणम्।।१७९।।

इह हि सांसारिकविकारनिकायाभावान्निर्वाणं भवतीत्युक्तम्।

निरुपरागरत्नत्रयात्मकपरमात्मनः सततान्तर्मुखाकारपरमाध्यात्मस्वरूपनिरतस्य तस्य वाऽशुभपरिणतेरभावान्न चाशुभकर्म अशुभकर्माभावान्न दुःखम्, शुभपरिणतेरभावान्न शुभकर्म शुभकर्माभावान्न खलु संसारसुखम्, पीडायोग्ययातनाशरीराभावान्न पीडा असाता वेदनीयकर्माभावान्नैव विद्यते बाधा, पंचविघनोकर्माभावान्न मरणम्, पंचविघनोकर्महेतुभूतकर्मपुद्गलस्वीकाराभावान्न जननम्। एवंलक्षणलक्षिताक्षुण्णविक्षेपविनिर्मुक्तपरमतत्त्वस्य सदा निर्वाण भवतीति।

**જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.**

અન્વયાર્થ :– [ न अपि दुःखं ] જ્યાં દુઃખ નથી, [ न अपि सौख्यं ] સુખ નથી, [ न अपि पीडा ] પીડા નથી, [ न एव बाधा विद्यते ] બાધા નથી, [ न अपि मरणं ] મરણ નથી, [ न अपि जननं ] જન્મ નથી, [ तत्र एव च निर्वाणम् भवति ] ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ દુઃખાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

ટીકા :– અહીં, (પરમતત્ત્વને) ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે [1]નિર્વાણ છે એમ કહ્યું છે.

[2]સતત અંતર્મુખાકાર પરમ-અધ્યાત્મસ્વરૂપમાં લીન એવા તે [3]નિરુપરાગરત્નત્રયાત્મક પરમાત્માને અશુભ પરિણતિના અભાવને લીધે અશુભ કર્મ નથી અને અશુભ કર્મના અભાવને લીધે દુઃખ નથી; શુભ પરિણતિના અભાવને લીધે શુભ કર્મ નથી અને શુભ કર્મના અભાવને લીધે ખરેખર સંસારસુખ નથી; પીડાયોગ્ય *યાતનાશરીરના અભાવને લીધે પીડા નથી; અશાતાવેદનીય કર્મના અભાવને લીધે બાધા નથી; પાંચ પ્રકારના નોકર્મના અભાવને લીધે મરણ નથી; પાંચ પ્રકારનાં નોકર્મના હેતુભૂત કર્મપુદ્ગલના સ્વીકારના અભાવને લીધે જન્મ નથી.—આવાં લક્ષણોથી લક્ષિત, અખંડ, વિક્ષેપરહિત પરમતત્ત્વને સદા નિર્વાણ છે.

---

## પ્રવચન નં. ૨૦૯, ગાથા–૧૭૯, શ્લોક–૨૯૮-૨૯૯, શુક્રવાર, માગશર વદ ૮, તા.૧૦-૧૨-૭૧

---

... આચાર્ય આરોહણ તિથિ છે. માગશર વદ આઠમ એટલે આમ સિદ્ધાંતની પોષ વદ આઠમ છે. આપણે આમ આઠમ... આચાર્ય પદ ૩૩ વર્ષે મળ્યું હતું. ૧૧ વર્ષે દીક્ષા લીધી હતી. અને ૩૩ વર્ષે આચાર્ય પદ હતું. ૯૨ વર્ષે દેહ છૂટી ગયો. આચાર્ય પદનો આરોહણ (દિવસ). માગશર વદ આઠમ. અત્યારે આ ત્રણ છે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. 'કુંદકુંદાચાર્ય'નું નામ ત્રીજે નંબરે આવે છે. ગણધર પછી

---

૧ નિર્વાણ = મોક્ષ; મુક્તિ. [પરમતત્ત્વ વિકારરહિત હોવાથી દ્રવ્ય-અપેક્ષાએ સદા મુક્ત જ છે. માટે મુમુક્ષુએ એમ સમજવું કે વિકારરહિત પરમતત્ત્વના સંપૂર્ણ આશ્રયથી જ (અર્થાત્ તેના જ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણથી) તે પરમતત્ત્વ પોતાના સ્વાભાવિક મુક્તપર્યાયે પરિણમે છે]

૨ સતત અંતર્મુખાકાર = નિરંતર અંતર્મુખ જેનો આકાર અર્થાત્ રૂપ છે એવા.

૩ નિરુપરાગ = નિર્વિકાર; નિર્મળ.

* યાતના = વેદના; પીડા. (શરીર વેદનાની મૂર્તિ છે.)

આખા શાસનના નાયક તરીકે એને સ્વીકાર્યા છે. ગણધર પછી એવી એમની શક્તિ. છે ને જુઓને! એક એક લીટી, એક એક પંક્તિ શાસ્ત્રની જુઓ તો ઓહોહો..! અલૌકિક આહાહા..! કેવળજ્ઞાનના કેડાયત! એને આચાર્યપદ તો કુદરતે સહેજે મળ્યું છે. એવી એમની શક્તિ હતી તે આચાર્યપદ (મળ્યું). માગશર વદ આઠમ. પંદર વર્ષ પહેલા 'મુંબઈ' ગયા હતા. નહિ? કલાશ્રીમાં હતા. નહિ? 'હરિભાઈ'! બહાર બેઠા હતા. નહિ? ઓલી ચણોઠી હતી ને. ચણોઠી. પંદર વર્ષ (પહેલા) 'મુંબઈ' ગયા હતા ને? (સંવત) ૨૦૧૩ની સાલમાં. માગશર વદ આઠમ ત્યાં હતી. જંગલમાં બેઠા હતા બહાર.

એ આ 'કુંદકુંદાચાર્ય'. એમનું આ બનાવેલું 'નિયમસાર' છે. ભગવાન પાસે જઈ, આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી.. કોઈ ઠેકાણે એવું આવે છે કે પોતાને ભગવાનનો વિરહ પડ્યો એટલે ભગવાન પાસે ગયા. કોઈ ઠેકાણે એવું પણ આવે છે કે કોઈ વિચારશ્રેણીમાં સૂક્ષ્મ વિચારમાં અંદર બરાબર સમાધાન ન થયું, ધ્યાનમાં ત્યાં 'પોન્નુર હિલ' 'વંદેવાસ'ની પાસે. 'મદ્રાસ'થી ૮૦ માઈલ આ બાજુ. સૂક્ષ્મ વિચારમાં જરી... એટલે એકદમ જવાનો વિચાર (આવ્યો) ભગવાનને નમસ્કાર કર્યો અને ભગવાનના ધ્વનિમાં પણ સદ્ધર્મ વૃદ્ધિ અસ્તુ એવું આવ્યું. આપણે શબ્દ છેલ્લે નાખ્યો.

'કુંદકુંદાચાર્ય'ની વાણી સાક્ષાત્ ભગવાનના સમવસરણમાંથી શ્રવણ થઈને આવેલી છે. એના અનુભવમાંથી. ચારિત્ર સહિતનો અનુભવ. પ્રમત્ત-અપ્રમત્તમાં ઝૂલતા હતા. એમાં આ એક વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા. એવો આ આચાર્યનો આરોહણ પદવીનો દિવસ છે આજે. પૂજા કરીને બાયુંએ? ત્યાં પૂજા કરીને? આદમી હતા? એકલા? કેટલા હતા? આદમી કેટલા હતા? એમ હું કહું છું.

મુમુક્ષુ :– ૧૫-૨૦ જણા હતા.

ઉત્તર :– ઠીક.

૧૭૯ ગાથા. પરમતત્ત્વ આત્મા ત્રિકાળી પરમતત્ત્વ અને પરમાત્મા સિદ્ધ બેયની અપેક્ષાથી વાત ચાલે છે.

**णवि दुक्खं णवि सुक्खं णवि पीडा णेव विज्जदे बाहा।**
**णवि मरणं णवि जणणं तत्थेव य होइ णिव्वाणं।।१७९।।**

**જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી.**

'**ટીકા :– અહીં, (પરમતત્ત્વને) ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે નિર્વાણ છે એમ કહ્યું છે.**' બેય અર્થ થાય છે. ત્રિકાળી આત્મતત્ત્વ નિર્વાણસ્વરૂપ જ છે અને સિદ્ધ છે એ વર્તમાન પર્યાયમાં નિર્વાણસ્વરૂપ છે. અહીં શૈલી એવી છે ને? જે કાંઈ પર્યાયમાં હોય

છે એવું એનો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ હોય છે. એવી શૈલી છે આમાં. એટલે **'(પરમતત્ત્વને) ખરેખર...'** એટલે ત્રિકાળી વસ્તુને **'સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે નિર્વાણ છે એમ કહ્યું છે.'** નીચે થોડો ખુલાસો કર્યો છે. **'નિર્વાણ = મોક્ષ; મુક્તિ. [પરમતત્ત્વ (ભગવાનઆત્મા) વિકારરહિત હોવાથી દ્રવ્ય-અપેક્ષાએ સદા મુક્ત જ છે.]'** આ વસ્તુ જે આત્મા વસ્તુ છે એ વસ્તુ પદાર્થની અપેક્ષાએ તો મુક્ત જ છે. પદાર્થ કાંઈ કોઈ બંધના, નિમિત્તના સંબંધમાં પદાર્થ આવ્યો નથી. આહાહા..! ત્રિકાળ નિર્વાણસ્વરૂપ જ ભગવાન છે. નિર્વાણ એટલે પૂર્ણ શુદ્ધ, પૂર્ણ પવિત્ર, પૂર્ણ શાંતિનો સાગર ભગવાન છે આત્મા. એમાંથી નિર્વાણપદ પર્યાયની પ્રાપ્તિ થાય છે.

**'માટે મુમુક્ષુએ એમ સમજવું કે વિકારરહિત પરમતત્ત્વના...'** પોતાનો આત્મા વિકારરહિત ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, એના આશ્રયે **'પરમ તત્ત્વના સંપૂર્ણ આશ્રયથી...'** એવો પરમાત્મા પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ સ્વભાવ મુક્તસ્વરૂપ, એનો જઘન્ય આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર થાય. પૂર્ણ આશ્રય કરવાથી મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

જેમાં મુક્તપણું પડ્યું છે. ત્રિકાળ વસ્તુ તો મુક્તસ્વરૂપ જ છે. એવા મુક્તસ્વરૂપમાં અંદરમાં પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ એવા શીતળભૂત, એકલો શાંત સાગરનો દરિયો આખો ભરેલો છે. આહાહા..! શાંત સાગર જ પોતે છે. શાંતિસાગર. એવા સ્વભાવનો અંતર આશ્રય લેતા એને શાંતિના અંશ સમકિત સહિત પ્રગટ થાય છે. એને પોતાની શાંતિ શોધવા માટે બહારમાં ક્યાંય જવું પડે એવું નથી, એમ કહે છે. એનામાં સુખનો સાગર છે. સુખનો ભરપૂર દરિયો ભર્યો છે. આહાહા..! વસ્તુ છે ને? અસ્તિ છે ને? અરૂપી પણ પદાર્થ છે ને? પદાર્થ છે તો એનો ભાવ છે ને? ભાવ છે તો એ પરિપૂર્ણ ભાવ છે. આનંદ, જ્ઞાન, દર્શન, શાંતિ વગેરે પરિપૂર્ણ ભાવ પડ્યો છે. એનો અંતર આશ્રય લીધે ધર્મની શાંતિની, સ્વચ્છતાની, પવિત્રતાની પ્રગટ દશા થાય છે એને અહીંયાં શરૂઆતનું સમ્યગ્દર્શન, જ્ઞાન કહેવામાં આવે છે.

**'સપૂર્ણ આશ્રયથી જ...'** એમ શબ્દ છે ને? **'સંપૂર્ણ આશ્રયથી જ. (અર્થાત્ તેના જ શ્રદ્ધા-જ્ઞાન-આચરણથી)...'** જેમાં પૂર્ણતા, શાંતિ અને આનંદ એવું તત્ત્વ ભરેલું છે. એના આશ્રયથી, એની શ્રદ્ધાથી, એના જ્ઞાનથી અને તેમાં રમણરૂપ આચરણથી. **'તે પરમતત્ત્વ પોતાના સ્વાભાવિક મુક્તપર્યાયે પરિણમે છે.'** પોતાના સ્વરૂપની પૂર્ણતાના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રની પરિણતિ થતાં એ પરમ તત્ત્વ સ્વભાવિક જે મુક્તસ્વરૂપ છે એ મુક્ત પર્યાયે પરિણમે છે. સમજાણું કાંઈ? આ એની મુક્તિ થવાની ક્રિયા. સુખી થવાના પંથ આ છે. આહાહા..! અંતરમાં આનંદથી ભરેલો ભગવાન, સત્ત્વ જેનું આનંદ છે, એનો આશ્રય કરવાથી સુખને પંથે દોરાય છે. પૂર્ણ આશ્રય કર્યે પૂર્ણ સુખી થઈ જાય. કહો, સમજાણું કાંઈ?

**'સતત અંતર્મુખાકાર પરમ-અધ્યાત્મસ્વરૂપમાં લીન એવા તે નિરુપરાગ-રત્નત્રયાત્મક પરમાત્માને...'** સિદ્ધ ભગવાન પણ આવા છે અને ત્રિકાળી તત્ત્વ પણ એવું છે. સિદ્ધ ભગવાનની પર્યાયની વાત, ત્રિકાળમાં દ્રવ્યની વાત. સમજાણું કાંઈ? **'સતત અંતર્મુખાકાર = નિરંતર અંતર્મુખ જેનો આકાર અર્થાત્ રૂપ છે...'** એક સમયની પર્યાયમાં અંતર્મુખ તત્ત્વ આવતું નથી. આખું તત્ત્વ નથી આવતું. એક સમયનો પર્યાય આવે એ જુદી વાત છે. અંતર્મુખ તત્ત્વ આખું, ત્રિકાળ અંદર દ્રવ્યસ્વભાવ જેનું સ્વરૂપ છે. **'પરમ-અધ્યાત્મસ્વરૂપમાં લીન...'** છે એ તો. ભગવાનઆત્મા પોતાના અધ્યાત્મ એટલે પોતાનો સ્વભાવ, એમાં લીન (છે). **'એવા તે નિરુપરાગ-રત્નત્રયાત્મક...' 'નિર્વિકાર; નિર્મળ.'** એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ **'પરમાત્માને...'** ત્રિકાળીને પણ અને સિદ્ધ પર્યાયને પણ. સમજાણું કાંઈ? આહાહા..! અને જે સિદ્ધમાં નથી તે અહીં આત્મામાં પણ નથી. સિદ્ધમાં છે તે અહીં આત્મામાં છે. કહો, સમજાણું કાંઈ?

**'અશુભ પરિણતિના અભાવને લીધે...'** ભગવાનઆત્માને અશુદ્ધ પર્યાય જ નથી. સિદ્ધને નથી અને દ્રવ્યસ્વભાવમાં પણ નથી. અશુભ પરિણતિ. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, શુભ-અશુભભાવ એવી જે અશુભ પરિણતિ. અહીંયાં એકલી અશુભ લીધી. એનામાં અશુભ કર્મ નથી. અશુભ પર્યાય નથી એટલે અશુભ કર્મ નથી અને અશુભ કર્મના અભાવને લીધે દુઃખ નથી. ભગવાનઆત્મામાં એ અશુભ પરિણતિ નથી, તેથી અશુભ કર્મ નથી, તેથી તેને દુઃખ નથી. સિદ્ધપર્યાયમાં પણ અશુભ પરિણતિ નથી, તેથી અશુભ કર્મ નથી, તેથી તેને દુઃખ નથી. આહાહા..!

**'શુભ પરિણતિના અભાવને લીધે...'** શુભ પરિણતિ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા જે શુભભાવ, એની **'પરિણતિના અભાવને લીધે શુભ કર્મ નથી...'** ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં પણ શુભ કર્મ નથી અને સિદ્ધપર્યાયને પણ શુભ પરિણતિ નથી. એને શુભ કર્મ નથી. **'શુભ કર્મના અભાવને લીધે ખરેખર સંસારસુખ નથી;...'** આ સંસારી સુખ કહે છે ને? એ બધા દુઃખ છે. કોઈ શુભ પરિણતિ હોય તો એને શુભકર્મ બંધાય અને એને લઈને આ સંયોગો બહારના મળે અને એમાં માને કે અમે સુખી છીએ. સુખ ક્યાં હતું સંસારમાં? ધૂળેય નથી. માને છે. આ 'અમેરિકન' સુખી છે બધા. એય...! 'માણેકલાલ'! તમારો ભત્રીજો કહે, ભાઈ! આ 'અમેરિકા'માં માણસ સુખી બહુ. કીધું, ધૂળેય સુખ નથી ક્યાંય. સુખ તો આત્મામાં છે. એમ કે અહીં બધા સાધારણ માણસ લાગે. પાંચ-પચાસ હજારની મૂડી કે કોઈને નહિ. ત્યાં તો મોટા મોટા બંગલા, મોટા શહેર ને હિન્દુસ્તાનથી પણ મોટો દેશ અને બધા ટોપા મોટા પહેરે. મોટી લાખ લાખ બે-બે લાખની મોટરું. ભુંગળા વગાડે ને આરસપહાણની નીચે સડકું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાંક હશે, લ્યોને. એવું સાંભળેલું હોય ક્યાંક. આરસપહાણની સડક આમ.

એના ઉપર મોટર ચાલે. એક મિનિટમાં એક માઈલ ચાલવું પડે એને. ઓછી કરે તો દંડ પડે.

મુમુક્ષુ :– ટ્રાફિક રોકાય જાય.

ઉત્તર :– ત્યાં બધું ચાલતું હોય એમાં બધાને રોકાવું પડે. એકદમ ચાલો, એકદમ ચાલો. કૂતરાની જેમ ચાલો. 'મુંબઈ' પણ એમ જ છે ને. 'મુંબઈ'માં શું છે? આહાહા..! ઘોડાની જેમ દોડે, કૂતરાની જેમ ભસે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. વાત સાચી. લોકો પણ કહે છે. આહાહા..!

ભગવાનની આત્મનગરી, અંતર આત્મનગર નિરુપાધિ નગર. આ ઉપાધિ 'મુંબઈ'. 'શ્રીમદ્' મોહમયી નગરી કીધી છે ને? આહાહા..! આ તો નિરુપાધિ નગરી. ભગવાનઆત્મા અનંત આનંદાદિ શક્તિઓનો સાગર ભગવાન, જેમાં નજર કર્યે આનંદ થાય, જેનો આશ્રય લીધે શાંતિ મળે એવી આત્મનગરી એ નગર છે. એને આશ્રય કરનાર સુખી છે. બાકી બધા દુઃખી છે. સળગી રહ્યા બધા. આ પણ માંસ ખાય, દારૂ પીવે ને આવું કરે ને વળી બહાર સુખી દેખાય. '...ભાઈ'! કહો, માંસ ખાય, દારૂ પીવે ને સુખી દેખાય. સુખી છે ક્યાં? બહારના સંયોગની અનુકૂળતાએ કાંઈ સુખ છે? અનુકૂળતા માને છે. અનુકૂળતા જ્ઞેય છે. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જાણે કે આ મને આમ બસ. પણ અંતે.. આવે છે. લખાણમાં આવે છે. કાલે આવ્યું હતું. એ લોકો પણ હવે થાકીને અધ્યાત્મ શાંતિ લેવા માગે છે. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... છાપામાં આવ્યું છે, કાલે જ આવ્યું છે. 'અમેરિકા'વાળા કેટલાક માથા મુંડાવી અને ભગવા લુગડા પહેરી હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... એમ મથે છે હવે. આ પૈસા-બૈસામાં ધૂળમાં કાંઈ નથી. આમાં કાલે જ આવ્યું છે.

મુમુક્ષુ :– એમાંથી એક વર્ગ થઈ ગયો.

ઉત્તર :– હા, એ તો 'મુંબઈ'માં આવ્યા છે ને કેટલાક 'અમેરિકનો'. લોકો ભેગા થાય. આહા...! આ લોકો પણ હરે કૃષ્ણ... હરે કૃષ્ણ.. હાથમાં તંબુરો ને ચામડી કાંઈક બીજી હોય, વિલાયતી હોય અને અંગ્રેજી બોલતા હોય અને એમાં કાંઈક આવું બોલે એટલે ઓહોહો..! એક મંડળ નીકળ્યું છે. લાખો માણસ એમાં છે. કાલે આવ્યું છે આ વીર વાણીમાં. અરે..! એમાં ક્યાંય ધૂળેય નથી. હરે કૃષ્ણમાં પણ નથી.

કર્મ કશે સો કૃષ્ણ કહીએ. કર્મને ટાળે એ કૃષ્ણ. એ તો આત્મા પોતે કૃષ્ણ છે. અને પાપનું અઘ હરતી ઇત હરિ. પાપના અઘને ટાળે તે હરિ એ આત્મા હરિ છે. બીજા હોય તો હરિ ને કૃષ્ણ હોય તો એના. આના હરિકૃષ્ણ તો આત્મા છે. એની જેને ખબર નથી એ બધા ભજન કો'કના કરે એ બધા દુઃખી થવાના, એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનું ભજન. નહોતું આપણે આવ્યું? જેને ભજે છે તેને ભજ. ૭૭માં આવ્યું હતું. જેને તું ભજી રહ્યો તેને ભજ. આહાહા..! ૧૭૭ કળશ છેલ્લો કળશ. ૨૯૬ કળશ.

આનંદસાગર આત્મા, એને ભજી રહ્યો છો તું, કહે છે. એનું ભજન, એની એકાગ્રતા તો કરી રહ્યો છો. એને ભજ હવે, બસ. આહાહા..! પૂર્ણાનંદની પ્રાપ્તિનો એ ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. કહે છે કે એ સંસારસુખ કલ્પનાનું અજ્ઞાનીએ માનેલું. અબજો રૂપિયા, મોટા મહેલ ને ધૂળમાં પણ નથી. આકુળતાથી પીડાતા હોય બિચારા. ક્યાંય શાંતિ નથી. ઊંઘ માટે ગોળિયું લેવી પડે. આહાહા..! એટલો તો સંકલ્પ-વિકલ્પનો ખદબદાટ.

મુમુક્ષુ :– ઘેન ચડે એટલે ઉંઘ આવે.

ઉત્તર :– એ તો ઘેનની વાત છે. એમાં આ નિંદ્રા ક્યાં હતી? આહાહા..! જેને નિંદ્રામાં પણ નિંદ્રાનું સુખ નથી એને આત્માનું સુખ તો ક્યાંથી હોય?

ભગવાનઆત્મા પ્રભુ પૂર્ણાનંદનું મંદિર પ્રભુ આત્મા, એમાં જાને, દેવદર્શન કરને, એમ કહે છે. આહાહા..! કહેશે આગળ, આનંદમંદિર આત્મા. એવો આનંદમંદિર પ્રભુ છે. એ મંદિરમાં દેવદર્શન કર અંદર. સમજાણું કાંઈ? એ દેવદર્શનથી તને આનંદ થશે, એમ કહે છે. તારો દેવ તું, હોં! તું. ભગવાનના દેવદર્શનમાં પણ શુભભાવ. એ દુઃખ. ભારે. કહો, સમજાણું કાંઈ? ભગવાનને તો ખરેખર સંસારિક સુખ છે નહિ. એટલા તો એ દુઃખી ખરાને ત્યારે? સંસારિક સુખ નહિ, ઇન્દ્રિયનું જ્ઞાન નહિ. નથી આવતું 'પરમાત્મપ્રકાશ'માં? ઇન્દ્રિયનું જ્ઞાન નથી એટલા ઇ દુઃખી છે. અજ્ઞાન છે. એ તો કહેવા માટે.

અહીં કહે છે કે '**પીડાયોગ્ય યાતનાશરીરના અભાવને લીધે...**' શું કહે છે? આ શરીર કેવું? કે યાતના શરીર. એ તો પીડા-વેદનાની મૂર્તિ છે. ભાષા શું છે? જુઓ! '**પીડાયોગ્ય યાતનાશરીર...**' પીડાને લાયક તે શરીર છે. એટલે કે વેદનાની તે મૂર્તિ છે. આહાહા..! એવી વેદનાની મૂર્તિ એવું... નીચે ખુલાસો કર્યો છે જુઓ. '**વેદના; પીડા. (શરીર વેદનાની મૂર્તિ છે.)**' પાઠ છે ને? '**પીડાયોગ્ય યાતનાશરીર...**' પીડાને યોગ્ય યાતનાનું શરીર. દુઃખનું શરીર દુઃખમૂર્તિ છે. એમાં કાંઈ ઠીક ન પડે એટલે આકરું કામ છે. 'પોપટભાઈ'! 'હસમુખ'ને થયું હતું ને જુઓને! છેલ્લું. આવા સપના આવે છે. મહારાજ! આવા સપના આવે છે. ભૂંડા સપના.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એને એ સ્થિતિ હતી. એને એમ થઈ ગયું કે મહારાજ આવ્યા, મારો રોગ દૂર થયો. મોટો ભાઈ હસમુખ. સંચો ચડી ગયો છે ક્યાંક. 'ન્યાલભાઈ' આવી ગયા ત્યાં. થઈ ગયો. લાઈને ચડી ગયો છે. 'ન્યાલભાઈ' આવ્યા છે ને. 'મુંબઈ' આવ્યા છે. ચડાવીને આવ્યા છે. આવવાના છે. એ આવવાના છે ને તમારા? એના વેવાઈ છે. ... આહાહા..!

આનંદના સાગરને અનુભવ અને એ ભોજન કર, ભાઈ! તારા ભોજન ખૂટે નહિ એવો એ ભંડાર છે. આ ભોજન તો ખૂટી જાય. આનંદનું મંદિર પ્રભુ. આહાહા..! થોડું પણ ઘણું લખ્યું જાણજે એમાં. તારો નાથ આનંદનો સાગર ભગવાન. અરે..! એની પાસે તું જાને. ત્યાં તને આનંદ મળશે. શરીર ને કુટુંબ ને આ જ્યાં ત્યાં ભટક્યા ભટક કરે છે, કહે

છે. એ બધા દુઃખના રસ્તા, આકુળતાના ગુમડાની એ પીડા છે. કહો, સમજાણું કાંઈ? એવું **'પીડાયોગ્ય યાતનાશરીરના અભાવને લીધે...'** વેદનાની મૂર્તિ. ભાઈએ એમ લખ્યું છે. 'શ્રીમદ્'.

મુમુક્ષુ :– નીચે લખ્યું છે આમાં.

ઉત્તર :– આમાં તો લખ્યું છે પણ 'શ્રીમદે' લખ્યું છે. આ શરીર વેદનાની મૂર્તિ છે. આહાહા..! શ્વાસ સરખો ન ચાલે ત્યાં રાડ (પડે), પેટમાં કાંઈક શ્વાસ ચડે ત્યાં રાડ, યાદ કરે ત્યાં રાડ, અટકે ત્યાં રાડ.

એક બાય હતી. 'પોરબંદર' (સંવત) ૧૯૮૭માં આવ્યા ત્યારે. સાડા ત્રણ વર્ષ સુધી આમ ઊંધી પડી રહી. એટલી પીડા.. એટલી પીડા.. આમ સૂવે તો પીડાનો પાર ન મળે. સાડા ત્રણ વર્ષ સુધી ઊંધે માથે. અંદર પેટમાં એવું કાંઈક હોય તો ત્યાં આમ હોય તો બહુ ન થાય. આહાહા..! બોલતી બાઈ હો મંગળીકને દેરાવાસી હતી. સાડા ત્રણ વર્ષથી આ પીડા છે આમ ને આમ. પીડાઉં છું...

મુમુક્ષુ :– મોટા ડોક્ટર...

ઉત્તર :– ડોક્ટર ધૂળ કરે. ડોક્ટર મરી જાય બધાય. ડોક્ટરો ચાલ્યા જાય. એમાં ડોક્ટર શું કરતો હતો? આહાહા..! 'નવનીતભાઈ'એ કહ્યું નહોતું? ત્યાં અમે ગયા (ત્યારે) પહેલું જ એ કહ્યું હતું કે દવાને હવાથી. 'નવનીતભાઈ' પહેલે દિ' એ દવાથી અને હવા બેયથી.. દવાથી કંટાળે. બધી દવા વિરુદ્ધ પડી. જેટલી લ્યે એટલી વિરુદ્ધ. ભાઈએ કહ્યું હતું પહેલે દિ'. દશમને દિ'. આસો વદ દશમ. પહેલા ત્યાં આવ્યા હતા ને? બે મહિના થયા. બે દિ' ઓછા. આસો દશમે ગયા હતા. દશમે ગયા હતા. પહેલા જ બોલ્યા હતા. અહીંની દવા ને હવા આહાહા..!

આત્મા આનંદસ્વરૂપ ભગવાન છે. જ્યાં છે ત્યાં તેં કોઈ દિ' નજર કરી નથી. અને નથી જ્યાં ત્યાં નજરને રોકી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બધા સુખી નથી. 'અમેરિકન' સુખી નથી, કાઠિયાવાડી સુખી નથી. ભાઈ કહેતા હતા સવારમાં. ... ત્યાં બધા સુખી કેમ હશે? ધૂળેય સુખી નથી. ધોળા ચામડા અને કાંઈ બંગલા મોટા એટલે સુખી થઈ ગયા? આહાહા..! અરે..રે..! સડેલા ગધેડાના ચામડામાં મેસુબ વીંટ્યો હોય, એમ આ ભગવાન આનંદમૂર્તિ શરીરના ચામડાના સંયોગમાં વીંટાયેલો દેખાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'પીડાયોગ્ય યાતનાશરીરના અભાવને લીધે પીડા નથી;...'** ભગવાનઆત્મામાં પીડા નથી અને સિદ્ધની પર્યાયમાં પણ પીડા નથી. બેય વાત અહીં લાગુ પડે છે. આહાહા..! કહો, સુખ હશે કે નહિ હવે અહીંયાં? એય...! 'ગુલાબચંદભાઈ'! ત્યાં તમે છ ભાઈઓ ભેગા હતા. કેટલું મોટું ગામ ... પાંચ-પાંચ, છ-છ લાખ રૂપિયા એક એક પાસે. ૩૦-૩૫ લાખ. મોટી આબરુ, લાંબા નાક. એવું સાંભળેલું. લોકો તમારી વાત. ... આહાહા..! ધૂળેય નથી ત્યાં. દુઃખના દરિયા છે. 'છોટુભાઈ'ને અહીંયાં જ શ્વાસ હતો ને? દમ હતો ને? સાંભળ્યું

હતું. ખબર છે બધી. શ્વાસ–દમ. અરે..! ભગવાન! વેદનાની મૂર્તિ છે આ તો. દુઃખની મૂર્તિ છે આ. પ્રભુ આનંદની મૂર્તિ આત્મા છે. એની ખબર ન મળે નિજ નિધાન દાટેલા પડ્યા (છે) એની એને ખબર નથી. આહાહા..!

**'અશાતાવેદનીય કર્મના અભાવને લીધે બાધા નથી;...'** અશાતાવેદનીય છે નહિ એટલે એને પ્રતિકૂળ સંયોગ નથી. કોને? આત્મદ્રવ્યને અને સિદ્ધની પર્યાયને. બેયને. આહાહા..! **'પાંચ પ્રકારના નોકર્મના અભાવને લીધે...'** પાંચ પ્રકારના નોકર્મ. ઔદારિક, વૈક્રિયક, આહારક, ભાષા અને મન. એવા **'અભાવને લીધે મરણ નથી;...'** નોકર્મ છે ને? એને ઉપલા પાંચ શરીર નથી. નોકર્મ વિના છે. સમજાણું કાંઈ? ઔદારિક શરીર નથી, વૈક્રિયક શરીર નથી, આહારક શરીર નથી, ભાષા ને મન નથી. આહાહા..! એના અભાવને લીધે મરણ નથી. નોકર્મ આવે છે. અર્થમાં આવે છે ને. આપણે આ નહિ? ૫૦ થી ૫૫ ગાથા. એમાં આવે છે ને?

મુમુક્ષુ :– ... સમયસારમાં ૨૯ બોલનો ઉકરડો તેમાં.

ઉત્તર :– 'સમયસાર'. આ તો 'પ્રવચનસાર' છે. 'સમયસાર' છે. આમાં આણે પાંચ લીધા છે. ઔદારિક, વૈક્રિયક, આહારક, ભાષા અને મન. એમ લીધું છે. કાર્માણ નોકર્મમાં ન જાય ને એટલે. શું આવ્યું? કેટલામું આવ્યું આ? ઓલામાં લખ્યું છે. આ આવ્યું. **'જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ (–પુદ્ગલસ્કંધ)રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી...'** છ પર્યાપ્તિયોગ્ય નથી, નોકર્મ. છ પર્યાપ્તિયોગ્ય નાખ્યું ને. એમાં નોકર્મ નાખ્યું. છે ઇ. ચૌદમો બોલ છે. **'છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ (પુદ્ગલસ્કંધ)રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી...'** ત્યાં એને ઓલા ત્રણ શરીરને નોકર્મ નાખ્યું. એટલે આણે 'શીતલપ્રસાદે' નોકર્મ અહીં નાખ્યું છે. ઔદારિક, આહારક, વૈક્રયિક, ભાષા, મન. આમાં આવ્યું છે ને. પાઠ છે. **'यत्षट्पर्याप्तत्रिशरीरयोग्यवस्तुरूपं नोकर्म तत्सर्वमपि नास्ति जीवस्य,'** જીવમાં એ છે નહિ. ઓલામાં તો ચિહ્ન કર્યા હોય ને. આ તો નવું પુસ્તક છે ને.

આત્મામાં ભાષા નથી, મન નથી અને ત્રણ શરીર નથી. નોકર્મની અપેક્ષાએ. ઓલા કાર્મણ શરીર નોકર્મ નથી અને સિદ્ધમાં પણ નથી. ઔદારિક નથી, વૈક્રિયક નથી, આહારક નથી. અને ભાષા ને મન નથી.

**'પાંચ પ્રકારનાં નોકર્મના હેતુભૂત...'** એ પાંચ પ્રકારનું જે નોકર્મ એનું કારણ **'કર્મપુદ્ગલના સ્વીકારના અભાવને લીધે જન્મ નથી.'** એ આત્માને જન્મ નથી, સિદ્ધને જન્મ નથી. આત્મા જન્મે? **'આવાં લક્ષણોથી લક્ષિત, અખંડ, વિક્ષેપરહિત પરમતત્ત્વને સદા નિર્વાણ છે.'** ત્યાં આ સદા શબ્દ આવ્યો ને એટલે જરી... **'વિક્ષેપરહિત પરમતત્ત્વને સદા નિર્વાણ છે.'** ત્રિકાળ દ્રવ્યને પણ સદા નિર્વાણ અને સિદ્ધપર્યાય પણ જ્યારથી થઈ ત્યારથી સદા નિર્વાણ છે. શીતળભૂત, શીતળીભૂત શાંતિ. એકલી શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયની શાંતિ. આહાહા..!

અકષાયની શાંતિ, કષાયની અશાંતિ. જેટલો કષાય શુભ, અશુભ વિકલ્પ, એ બધી

અશાંતિ. એનાથી રહિત અકષાયની શાંતિ, એ જીવમાં છે અને સિદ્ધમાં છે. અંદરમાં હતું તો એ શાંતિની પર્યાય આવી એમ કહે છે. કાંઈ શાંતિની પર્યાય બહારથી આવતી નથી. સિદ્ધપર્યાય એ અકષાયભાવ છે. એ અકષાયભાવ સ્વભાવમાં હતો એ પર્યાયમાં આવ્યો. દ્રવ્ય અને પર્યાય વચ્ચે રમતું છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

શરીરમાં રોગ આવે અને જરા આમ ચાર-છ મહિના તણાય (તો) કાયર થઈ જાય, કાયર. છ મહિના, આઠ મહિના, બાર મહિના. બાર-બાર વર્ષ. હવે તો આ શરીર છૂટી જાય. પીડા શેની છે એને? દેહમાં એકત્વબુદ્ધિની. પીડા બીજી કોઈ ચીજ નથી. આનંદમાં રાગને એકત્વ માન્યું એ પિડા ને દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું સદા નિર્વાણસ્વરૂપ ભગવાન અને પર્યાયમાં સિદ્ધ નિર્વાણસ્વરૂપ, એ જીવને સાધ્ય છે. નિર્વાણ પ્રાપ્તિ કરવી ઇ. અને એનું સાધન ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરવો તે. આહાહા..!

**'[હવે આ ૧૭૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]'**

## શ્લોક-૨૯૮

(मालिनी)

**भवभवसुखदु:खं विद्यते नैव बाधा**
**जननमरणपीडा नास्ति यस्येह नित्यम्।**
**तमहमभिनमामि स्तौमि संभावयामि**
**स्मरसुखविमुखस्सन् मुक्तिसौख्याय नित्यम्।।२९८।।**

**[શ્લોકાર્થ :–] આ લોકમાં જેને સદા ભવભવનાં સુખદુઃખ નથી, બાધા નથી, જન્મ, મરણ અને પીડા નથી, તેને (–તે પરમાત્માને) હું, મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે, કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો નિત્ય નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ૨૯૮.**

## શ્લોક-૨૯૮ ઉપર પ્રવચન

૨૯૮-કળશ.

**भवभवसुखदु:खं विद्यते नैव बाधा**
**जननमरणपीडा नास्ति यस्येह नित्यम्।**
**तमहमभिनमामि स्तौमि संभावयामि**
**स्मरसुखविमुखस्सन् मुक्तिसौख्याय नित्यम्।।२९८।।**

**શ્લોકાર્થ :– 'આ લોકમાં જેને સદા ભવભવનાં સુખદુઃખ નથી,...'** આ લોકમાં જેને સદા ત્રિકાળી ભગવાનઆત્મા, એને સુખ-દુઃખ નથી. ભવભવના સુખદુઃખ નથી. નારકી ને તિર્યંચનું દુઃખ. મનુષ્ય અને દેવનું દુઃખ. એ બેય પીડાવાળા સુખદુઃખ આત્મામાં નથી. એમ સિદ્ધની પર્યાયમાં પણ નથી. ચારે ગતિને અહીં તો દુઃખરૂપ લીધી. આહાહા..! **'બાધા નથી,...'** ભગવાનને બાધા નથી. પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્યને શું બાધા હોય? એ તો જ્ઞાન ને આનંદકિલ્લામાં પડ્યો છે. એમાં બીજાનો પ્રવેશ ક્યાંથી હોય? એવો ભગવાનઆત્મા બાધારહિત છે. એમ સિદ્ધની પર્યાયને પણ બાધા નથી.

**'જન્મ, મરણ અને પીડા નથી,...'** ભગવાનઆત્માને જન્મ નથી, આત્મા જન્મતો નથી, મરતો નથી, પીડા નથી. માથે બધું આવ્યું હતું ને? **'તેને (–તે પરમાત્માને) હું,...'** એવું પરમાત્મસ્વરૂપ મારું, એને હું **'મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે,...'** પૂર્ણ આનંદની દશારૂપ મુક્તિ, પૂર્ણ અતીન્દ્રિય આનંદની અવસ્થારૂપ મુક્તિ, એવા મુક્તિસુખની પ્રાપ્તિને માટે **'કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો...'** અસ્તિ-નાસ્તિ કરી. પાંચ ઇન્દ્રિયના વિષય-ભોગના કામની વાસના, એવું જે કામદેવનું સુખ. આહાહા..! પાંચ ઇન્દ્રિયના વલણમાં કલ્પનાનું કામદેવનું સુખ. આહાહા..! એનાથી વિમુખ વર્તતો થકો. ઇન્દ્રિયોના ભોગની વાસનારૂપી દુઃખ, એનાથી વિમુખ વર્તતો થકો અને ભગવાનઆત્માની સન્મુખ વર્તતો થકો **'નિત્ય નમું છું,...'** પૂર્ણાનંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર–સમુદ્ર, એને વિષયસુખના ભાવથી વિમુખ થયો થકો, એને હું નમું છું. લ્યો, આ ધર્મ. આહાહા..! અને એ મુક્તિના સુખ માટે આમ કરું છું એમ કહે છે. મુક્તિસુખ એનું ફળ. કહો, સમજાય છે કાંઈ?

**'મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે,..'** .. મુક્તિ છે ને? **'કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો...'** વિષયના સુખો, કામદેવના સુખ, ભોગ એ તો જળાહળ, હળાહળ ઝેર છે. આહાહા..! એના સુખથી પાછો ફરીને **'વિમુખ વર્તતો થકો,...'** નિત્ય ભગવાન આનંદમૂર્તિને નમું છું. ઓહોહો..! મારું નમન અને વલણ ત્રિકાળી આનંદકંદ પ્રભુ આત્મામાં છે, કહે છે. આહાહા..! ધર્મીનું નમન અને વલણ ત્રિકાળી ભગવાન સન્મુખનું હોય છે. સમજાણું કાંઈ? આ અંતરની વાતું જેને બેસવી કઠણ પડે ને, એ કહે, આ શું હશે?

તું મોટો ભગવાન છો અંદર. આ બહારના કામદેવના સુખથી વિમુખ છો તું. સમજાય છે? એ કામદેવના સુખથી વિમુખ થઈને અંદરમાં જા. આહાહા..! એને હું નિત્ય નમું છું. મારું વલણ એક સમય પણ દ્રવ્યના નમન સિવાય સમય મારો એકેય નથી. આહાહા..! એ વ્યવહારના વિકલ્પને નમું છું એ પણ મારું સ્વરૂપ નથી. નમતો જ નથી, કહે છે. આહાહા..! ભગવાન ધ્રુવ નિત્ય વજ્ર. સુખનો વજ્ર બિંબ પ્રભુ. એમાં મારું નિત્ય વલણ છે. એમાં જ મારો ત્રિકાળ આશ્રય છે. ત્રિકાળીનો મારે આશ્રય છે ત્રિકાળ-કાયમ. આહાહા..! એવા આત્માને નિત્ય નમું છું. શબ્દો થોડા, ભાવ ઘણા. સમજાણું કાંઈ? એની સ્તવના કરું છું. એ ત્રિકાળી

આનંદમૂર્તિની હું તો સ્તવના કરું છું. ભગવાનનું સ્તવન અને રાગનું સ્તવન એ મારી ચીજ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! આવો આત્મા ન બેસે. એ સર્વજ્ઞપણાની પર્યાય બેસતી નથી. અરે..રે..! તું આવો આત્મા નિત્યાનંદ સર્વજ્ઞસ્વભાવી તો ત્રિકાળ છો. એ સર્વજ્ઞની પર્યાય પ્રગટ કરવા સર્વજ્ઞસ્વભાવમાં જ હું સ્તવન કરું છું. એનું સ્તવન કરું છું. આહાહા..! સર્વજ્ઞસ્વભાવીનો જ હું આદર કરું છું. કેમકે સર્વજ્ઞપર્યાય પ્રગટ કરવા માટે. સમજાણું કાંઈ? અરે..રે..! આવા આત્માને એમ કહેવું કે સર્વજ્ઞપણું ન હોય. લોકોએ ગોઠવી દીધું છે, માન-મર્યાદાને. 'પંડિતજી'! આન, આવ્યું ને આન? માન-મર્યાદા કહ્યું ને? સંસ્કૃત ટીકામાં હિન્દી શબ્દકોષમાંથી સાંજે કાઢ્યું. માન, મર્યાદા, પ્રતિષ્ઠા. ભાઈએ પ્રતિષ્ઠા બહુ કરી. મનુષ્યની પ્રતિષ્ઠા બહુ કરી નાખી એમ કહે છે. માન બહુ આપી દીધું. આહાહા..! અરે..! ભગવાન શું કહે છે? ભાઈ! આહાહા..! એ સ્વભાવની મૂર્તિને બહુ માન આપ્યું. ભાઈ! એમ નથી. એ સ્વરૂપ જ એનું એવું છે. આહાહા..!

અહીં તો એક સમયની પર્યાયમાં જે કાંઈ સર્વજ્ઞ સ્વભાવમાં નમીને પ્રગટ થઈ, એના આગળ તો કહે છે કે હજી અનંતગુણો કાળ ને ક્ષેત્ર હોત, એનો સ્વભાવ જ જાણવાનો છે, એને ન જાણવાની વાત એમાં કેમ આવે? એવી સર્વજ્ઞની પર્યાય છે. એ પર્યાયને માટે, એ પર્યાય પ્રાપ્ત કરવા માટે જેમાં પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવ પૂર્ણ પડ્યો છે, એને હું નમું ને સ્તવું છું. આહાહા..! સમજાય છે કાંઈ? આ સ્તવના. લ્યો! આ સ્તુતિ સ્તુતિ. 'णाणसहावाधियं मुणदि आदं' એ સ્તુતિ કીધી ને? ભગવાન જ્ઞાનસ્વભાવી... આહાહા..! એ જ્ઞાનસ્વભાવ એટલે પરિપૂર્ણ સ્વભાવ. પરથી અધિક એટલે જુદો ભાવ. પાંચ ઇન્દ્રિયો, જડ અને ખંડ-ખંડ અને એના બાહ્ય વિષયો, એ બધી ત્રણેને ઇન્દ્રિય ગણીને એનાથી અધિક એટલે જુદો ભગવાન, જ્ઞાનસ્વભાવે જુદો. એને અપૂર્ણ કહેવો ને એની સર્વજ્ઞ પર્યાય ન થાય. ગજબ કરે છે, ભાઈ! પ્રભુને તું પામર ગણીને ગાળ્યું દે છો. આહાહા..! અરે..! એવા માનનારાઓને ગોતી ગોતી નાખ્યા માળે. અરે..! એવા માનનારા આખી દુનિયા અજ્ઞાની છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રતિષ્ઠાવાળા માણસોને ..

ઉત્તર :– પ્રતિષ્ઠા કોની? મૂંઢતા બધાય. આહાહા..! મૂર્ખાઈની પ્રતિષ્ઠા હતી. વાત સાચી.

ભાઈ! આવો જ્ઞાનસ્વભાવે અધિક. રાગ ને ખંડ ઇન્દ્રિય અને ભગવાનની વાણીથી પણ અધિક. અધિક એટલે જુદો. એવો પરિપૂર્ણ પરમાત્મા, એની એકાગ્રતા એ એની સ્તુતિ છે. આહાહા..! 'દેવીલાલજી'! ત્યારે વળી એવું સાંભળીને (કહે છે કે) જુઓ! આમાં તો તમે આમ કહો છો. અને વળી મંદિર ને ભગવાનની સ્તુતિ ક્યાં નાખો છો? કોઈ એમ કહે છે. અરે..! ભગવાન! એ તો અંદરમાં ઠરી શકે નહિ ત્યારે બહારના પરમાત્માના બહુમાનના વિકલ્પ આવે. અહીંનું બહુમાન છે એમાં ઠરી ન શકે ત્યારે પ્રાપ્ત થયેલા ઉપર બહુમાન

આવે. એવો શુભ વિકલ્પ હોય છે. એ ઉપચાર સ્તુતિ છે.

મુમુક્ષુ :– વિકલ્પ ન આવે તો?

ઉત્તર :– ન આવે એમ રહે નહિ. સમજાણું કાંઈ? પોતાથી ગુણમાં અધિક દશાવંતને વિનય કરવાનો ભાવ, આ બાજુ વિનય ઢળ્યો છે, એમાં બાકી રહેલી ચીજમાં પૂર્ણતાને પામેલાને વિનય આવ્યા વિના રહે નહિ. છે ઇ શુભભાવ. સમજાણું કાંઈ? એ વ્યવહાર છે, એ નિશ્ચયસ્તુતિ નથી. નિશ્ચયસ્તુતિ આત્માના ..ને પણ પૂર્ણ થયો નથી એટલે આવે. અને કરે એમ પણ કહેવાય. કરે. ભગવાનની સ્તુતિ કરે. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા.. આહાહા..! શું પણ ટીકા! પાઠ અને ટીકાએ તો રેલમછેલ અમૃતને કર્યો છે. અમૃતના સાગર ઉછાળ્યા છે.

મુમુક્ષુ :– ભાષા પૂરી મળી નથી.

ઉત્તર :– ભાષા પૂરી મળી નથી, ભાઈએ લખ્યું છે. ભાષા પૂરી મળી નથી. આવા મુનિને માટે એમ કહેવું કે બરાબર સમજ્યા નથી. ટીકામાં આવું કહ્યું. અરે..! ભગવાન! શું કરે છે તું? બાપુ! તારા પરમાત્મ દશાના અનાદર થાય છે. અસ્તુતિ થાય છે.

ધર્મીને પોતાના પૂર્ણ સ્વભાવની રુચિ સિવાય ક્યાંય રુચિ જામતી નથી. સમજાણું કાંઈ? એ વિષયની વાસનાનો વિકલ્પ હો, અરે..રે..! એ તો ઝેર છે. તેથી કહ્યું ને કે એનાથી વિમુક્ત વર્તતો થકો. સમજાણું કાંઈ? વિમુખ વર્તતો થકો તો બધું છોડી દે ને. કોઈ વખતે આવો વિકલ્પ આવે છે એ તો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો તું. એમ નથી. ભગવાન! તું સાંભળ. સમજાણું કાંઈ?

એ અમૃતના સાગરને દૃષ્ટિમાં રાખતા ઠરી શકતો નથી એમાં કોઈ ભાવ આવે. પણ એમાં એનો રસ હોય નહિ. ધર્મીને રાગમાં રાગનો રસ હોય નહિ. આહાહા..! રસ ન હોય તો આવે શું કરવા પણ? અરે..! ભગવાન! ભાઈ! એ તો રાગ ભલે હો. હોય પણ એ તો દોષ તરીકે વચ્ચે આવે. (તો કહે) ન લાવવો. પણ ન લાવવો, બાપુ! પૂર્ણ સાધક નથી, પૂર્ણ આશ્રય જ્યાં નથી ત્યાં પૂર્ણ સાધક નથી ત્યાં એ વચ્ચે બાધકપણું હોય છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. સત્ય જ આવું સ્વરૂપ છે. એને નિશ્ચય ન સમજે, વ્યવહારમાં ... આહાહા..! બાપુ! તારા આરા ક્યાં અટકશે? જન્મ-જરા-મરણના અંત લાવવાના છેડા તો આ આત્મા અંદર છે. એને સ્તવું છું એટલે જરી સ્તવવામાં આવ્યું. વ્યવહારને સ્તવતો નથી, એમ કહે છે. આવે ખરી વચ્ચે, પણ એમાં રસ નથી. સમજાણું કાંઈ?

**'સમ્યક્ પ્રકારે ભાવું છું.'** મારા ભગવાનને જ હું ભાવું છું. આહાહા..! મારો નાથ, પૂર્ણ આનંદનો નાથ (છે). એ કામદેવના સુખની વિસ્મયતા, આશ્ચર્યતા, પાંચ ઇન્દ્રિયના ભોગ તરફની અતિશયતા, આસક્તિ, વિસ્મયતા એને છોડી દઉં છું. આહાહા..! વિસ્મય સ્વરૂપ તો મારો આનંદ છે. ધર્મીને આ હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યક્ પ્રકારે એમ છે ને? **'संभावयामि'** છે ને? **'संभावयामि'**. મારો નાથ આત્મા પૂર્ણાનંદનો પ્રભુ અસ્તિપણે

બિરાજમાન છે. એ હું છું. એની હું ભાવના કરું છું. સમ્યક્ પ્રકારે એમાં એકાગ્ર થાઉં છું. એ જ મારું ધર્મનું આચરણ છે. આહાહા..! આકરું ભારે. દુનિયાને એવું લાગે કે આ શું? એકલું નિશ્ચય માંડ્યું. જુઓને! વચ્ચે વ્યવહારે વાત તો કરી. એ કરી એટલી હોંશની નથી વાત. '**भावयामि**'ની નથી. 'પંડિતજી'! '**संभावयामि**'ની નથી. હોય છે. એક છે કે વચ્ચે વ્યવહાર આવે છે. આવે છે ને? એથી કરીને એ સમ્યગ્દષ્ટિપણું મટી જાય છે, સમ્યગ્જ્ઞાન મટી જાય છે, એમ નથી. એના અંતરના આદરમાં કંઈ પણ વિઘ્ન પડે છે, એમ નથી. આદર તો એનો જ છે. સમજાણું કાંઈ? સાચી રીતે મારી ભાવના તો આત્મામાં છે, કહે છે. એ ભાવ આવો, પણ એની મારી ભાવના નથી. સમજાણું કાંઈ?

## શ્લોક-૨૯૯

(अनुष्टुभ्)

**आत्माराधनया हीनः सापराध इति स्मृतः ।**
**अहमात्मानमानन्दमंदिरं नौमि नित्यशः ।।२९९।।**

**[શ્લોકાર્થ :–] આત્માની આરાધના રહિત જીવને સાપરાધ (–અપરાધી) ગણવામાં આવ્યો છે. (તેથી) હું આનંદમંદિર આત્માને (આનંદના ઘરરૂપ નિજાત્માને) નિત્ય નમું છું. ૨૯૯.**

## શ્લોક-૨૯૯ ઉપર પ્રવચન

૨૯૯.

**आत्माराधनया हीनः सापराध इति स्मृतः ।**
**अहमात्मानमानन्दमंदिरं नौमि नित्यशः ।।२९९।।**

નિત્યમાં નમું છું. આહાહા..! મુનિની શૈલી. અરે..! ભગવાન! જે પોતાનો જ અનાદર કરે એ પછી આવા સંતોનો આદર કરે ક્યાંથી?

**શ્લોકાર્થ :– 'આત્માની આરાધના રહિત જીવને..'** નિત્યાનંદ સ્વભાવવાળો પ્રભુ, એવી આત્માની આરાધના સેવા, ઉપાસના વિનાના જીવને '**સાપરાધ (અપરાધી) ગણવામાં આવ્યો છે.**' આહાહા..! રાગની સેવા કરનારને તો અપરાધી કહેવામાં આવ્યો છે. આહાહા..! આત્માની આરાધના. આ દેવી ને દેવની આરાધના કરે છે ને? એ તો ક્યાંય ગઈ પણ ત્રણલોકના નાથની આરાધના, એ પણ વ્યવહારમાં જાય છે. ભગવાન પોતે પૂર્ણાનંદનો નાથ, જેમાં આનંદના

મીણા ચડે છે એવો પ્રભુ, એની સેવા રહિત અને રાગની સેવા સહિત (છે) એ અપરાધી છે, ગુનેગાર છે. એને ચાર ગતિના દંડ મળશે. આહાહા..! સમજાણું કાંઈ? **'ગણવામાં આવ્યો છે.'** અપરાધી ગણવામાં આવ્યો.

**'(તેથી) હું...'** આવા કારણે હું. એમ મુનિ પોતાની વાત ભેગી નાખી અને આનંદના આદર કરનારને પણ આવું હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'હું આનંદમંદિર આત્માને...'** લ્યો! હું તો અતીન્દ્રિય અનાકુળ આનંદમંદિર છું. એ આત્મા. આનંદમંદિર આત્મા. જેમાં પ્રવેશ કરતાં, એ ભગવાન આનંદમંદિરમાં જતા આનંદનો દેવ પ્રાપ્ત થાય. જેમાં આનંદનો દેવ આત્મા, એની પ્રાપ્તિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આ મંદિરમાં જાય છે ને? ષટ્ આવે છે ને? આવશ્યક. દેવપૂજા, ગુરુસેવા વગેરે. કહે છે કે, હું તો આનંદમંદિરમાં જાઉં છું.

**'આનંદમંદિર આત્માને (આનંદના ઘરરૂપ (આત્માને) નિજાત્માને)...'** એમ પાછું. **'નિત્ય નમું છું.'** કોઈપણ સમય મારા પૂર્ણાનંદના આદર વિનાનો છે નહિ. સમ્યગ્દષ્ટિને કોઈપણ ક્ષણ પૂર્ણાનંદનો નાથ આત્મમંદિરનો આદર વિના જતો નથી. આહાહા..! અને જો આત્માનો આદર ભૂલીને પરનો આદર થઈ ગયો તો મિથ્યાદષ્ટિ થઈ જાય. ભારે વાતું, ભાઈ! અહીં આત્મમંદિર (કહે) અને વળી પાછા મંદિર કરવા અને સ્વાધ્યાય મંદિર કરવા. એય...! 'દેવીલાલજી' પંડિત કહેવાય. એ પાછા સ્વાધ્યાય મંદિર કરે છે. મંદિર એક થયું, વળી સ્વાધ્યાય મંદિર (કરે છે). વાતું મોટી મોટી કરો અને વળી આવા પાછા ધંધા કરો. ભાઈ! એ તો એને કારણે થાય. ધર્મી જીવનો શુભ વિકલ્પ નિમિત્તરૂપે કહેવાય. બાકી આમ છે વાત. નિત્ય આનંદના ઘરમાં જાવ છું, એમ કહે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૮૦

**णवि इंद्रिय उवसग्गा णवि मोहो विम्हिओ ण णिद्दा य।**
**ण य तिण्हा णेव छुहा तत्थेव य होइ णिव्वाणं।।१८०।।**

**नापि इन्द्रियाः उपसर्गाः नापि मोहो विस्मयो न निद्रा च।**
**न च तृष्णा नैव क्षुधा तत्रैव च भवति निर्वाणम्।।१८०।।**

**परमनिर्वाणयोग्यपरमतत्त्वस्वरूपाख्यानमेतत्।**

**अखंडैकप्रदेशज्ञानस्वरूपत्वात् स्पर्शनरसनघ्राणचक्षुःश्रोताभिधानपंचेन्द्रियव्यापाराः देवमानवतिर्यगचेतनोपसर्गाश्च न भवन्ति, क्षायिकज्ञानयथाख्यातचारित्रमयत्वान्न दर्शनचारित्र-**

भेदविभिन्नमोहनीयद्वितयमपि, बाह्यप्रपंचविमुखत्वान्न विस्मयः, नित्योन्मीलितशुद्धज्ञानस्वरूपत्वान्न निद्रा, असातावेदनीयकर्मनिर्मूलनान्न क्षुधा तृषा च। तत्र परमब्रह्मणि नित्यं ब्रह्म भवतीति।

तथा चोक्तममृताशीतौ -

(मालिनी)

``ज्वरजननजराणां वेदना यत्र नास्ति
परभवति न मृत्युर्नागतिर्नो गतिर्वा।
तदतिविशदचित्तैर्लभ्यतेऽङ्गेऽपि तत्त्वं
गुणगुरुगुरुपादाम्भोजसेवाप्रसादात्।।''

---

**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.**

અન્વયાર્થ :– [ न अपि इन्द्रियाः उपसर्गाः ] જ્યાં ઇન્દ્રિયો નથી, ઉપસર્ગો નથી, [ न अपि मोहः विस्मयः ] મોહ નથી, વિસ્મય નથી, [ न निद्रा च ] નિંદ્રા નથી, [ न च तृष्णा ] તૃષા નથી, [ न एव क्षुधा ] ક્ષુધા નથી, [ तत्र एव च निर्वाणम् भवति ] ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ ઇન્દ્રિયાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

ટીકા :– આ, પરમ નિર્વાણને યોગ્ય પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.

(પરમતત્ત્વ) *અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોના વ્યાપારો નથી તથા દેવ, માનવ, તિર્યંચ ને અચેતનકૃત ઉપસર્ગો નથી; ક્ષાયિકજ્ઞાનમય અને યથાખ્યાતચારિત્રમય હોવાને લીધે (તેને) દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એવા ભેદવાળું બે પ્રકારનું મોહનીય નથી; બાહ્ય પ્રપંચથી વિમુખ હોવાને લીધે (તેને) વિસ્મય નથી; નિત્ય-પ્રકટિત શુદ્ધજ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) નિદ્રા નથી; અશાતાવેદનીય કર્મને નિર્મુળ કર્યું હોવાને લીધે (તેને) ક્ષુધા અને તૃષા નથી. તે પરમ બ્રહ્મમાં (–પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ (–નિર્વાણ) છે.

એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૮માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[શ્લોકાર્થ :–] જ્યાં (જે તત્ત્વમાં) જ્વર, જન્મ અને જરાની વેદના નથી, મૃત્યુ નથી, ગતિ કે આગતિ નથી, તે તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો, શરીરમાં રહ્યા છતાં પણ, ગુણમાં મોટા એવા ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી અનુભવે છે."

---

* ખંડરહિત અભિન્નપ્રદેશી જ્ઞાન પરમતત્ત્વનું સ્વરૂપ છે તેથી પરમતત્ત્વને ઇન્દ્રિયો અને ઉપસર્ગો નથી.

## પ્રવચન નં. ૨૧૦, ગાથા–૧૮૦, રવિવાર, માગશર વદ ૧૦, તા.૧૨-૧૨-૭૧

આ 'નિયમસાર'. ૧૮૦–ગાથા. નિર્વાણનું સ્વરૂપ છે. મોક્ષ થઈ ગયો એવા જે સિદ્ધભગવાન એ કેવા છે એનું સ્વરૂપ છે. દ્રવ્યે તો આત્માનું સ્વરૂપ એવું જ છે. એ વાત સમજાવે છે.

**णवि इंद्रिय उवसग्गा णवि मोहो विम्हिओ ण णिद्दा य।**
**ण य तिण्हा णेव छुहा तत्थेव य होइ णिव्वाणं।।१८०।।**

**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.**

**'ટીકા :– આ, પરમ નિર્વાણને...'** પરમ નિર્વાણ પર્યાય પ્રાપ્ત **'પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.'** આત્મા પોતે જ પરમ નિર્વાણસ્વરૂપ જ છે. ભગવાનઆત્મા પરમ શાંત અવિકારી નિર્વાણ શાંત પૂર્ણ સ્વરૂપ જ છે. એની પર્યાયમાં નિર્વાણ પ્રગટ થવું એનું નામ અહીંયાં નિર્વાણ અને સિદ્ધ કહે છે.

કેવું છે પરમતત્ત્વ? **'અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...'** સિદ્ધ ભગવાન છે એ છે તો અસંખ્ય પ્રદેશી, પણ અખંડ-એકપ્રદેશ. બધાના ભેદ ન પાડવા. અહીંયાં અખંડ એકપ્રદેશી સ્વરૂપ છે. **'અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...'** જ્ઞાન અસંખ્ય પ્રદેશમાં અખંડ છે ને? સમજાણું કાંઈ? **'અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...'** આમ તો જ્ઞાનસ્વરૂપ અખંડપ્રદેશી છે પણ એ એમ ન ગણતા, અસંખ્ય છે નિશ્ચયથી, જ્ઞાનસ્વરૂપ અસંખ્યપ્રદેશે છે નિશ્ચયથી, પણ એને અસંખ્યને છે અતિશય નિશ્ચય છે પણ ભેદની અપેક્ષાએ એને અસંખ્યને વ્યવહાર કહી એકને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'અખંડ-એકપ્રદેશી–'** એ શું કહેવું છે? ઇન્દ્રિયો નથી એમ કહેવું છે? ખંડ-ખંડ ઇન્દ્રિયથી જાણવું એ પ્રદેશનું ખંડ ખંડ થવું એવું એને નથી. નીચે છે. **'ખંડરહિત અભિન્નપ્રદેશી જ્ઞાન પરમતત્ત્વનું સ્વરૂપ છે...'** આમ તો અસંખ્ય પ્રદેશીને એક પ્રદેશી કહ્યો છે. સમજાણું કાંઈ? આવે છે ને 'પંચાસ્તિકાય'માં? ધર્માસ્તિકાયનું જ્યાં વર્ણન કર્યું છે ત્યાં અસંખ્ય પ્રદેશ હોવા છતાં એક પ્રદેશ (કહ્યું છે). અસંખ્ય કહેવાય એટલે વ્યવહાર કહે છે. અભિન્ન એકપ્રદેશી તે નિશ્ચય. બીજી બાજુ એમ કહે કે, અસંખ્ય પ્રદેશી નિયત પ્રદેશ છે. નિશ્ચય છે. કેમકે એટલા જ છે, ઓછા-વત્તા નથી.

એક ફેરી (સંવત) ૧૯૭૯ની સાલમાં પ્રશ્ન થયેલો. 'હંસરાજભાઈ' છે ને 'હંસરાજભાઈ'? એ કહે, આ બધા પ્રદેશ ગણ્યા છે એ તો કલ્પનાથી ગણ્યા છે. 'હંસરાજભાઈ' હતા ને? 'અમરેલી'. ... એ આવ્યા હતા સાંભળવા. આમ તો ... 'અમરેલી' જાવું (હતું). સામા આવ્યા

હતા. રસ્તામાં રેલ આવે છે. પાટા. રસ્તે. ત્યાં એ પ્રશ્ન ઉઠ્યો ગામમાં જતા સામે. અસંખ્ય પ્રદેશી ભગવાને કહ્યો છે એ બધી કલ્પના છે. કલ્પના એટલે શું? કીધું. અસંખ્ય પ્રદેશી જ છે. આકાશ અનંત પ્રદેશી જ છે. કલ્પનાથી કર્યું છે એમ નહિ. પણ એને વ્યવહાર કહ્યો છે એક ઠેકાણે, એનું કારણ કે અભેદની એકપણાની અપેક્ષાએ ભેદને વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ? ધર્માસ્તિમાં નાખ્યું છે ને? 'પંચાસ્તિકાય'. ત્યાં વ્યવહાર નાખ્યો છે. અસંખ્ય પ્રદેશ કહેવો એ વ્યવહાર છે. એકપ્રદેશી કહેવો એ નિશ્ચય છે. વસ્તુ તો વસ્તુ છે પણ અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનસ્વરૂપ વ્યાપેલું છે. છતાં એને અખંડ એકપ્રદેશી જ્ઞાનસ્વરૂપ એ એનો નિશ્ચય સ્વભાવ છે. એને લઈને પાંચ ઇન્દ્રિયો નથી. કારણ કે એ તો ખંડ ખંડ હોય તો ઇન્દ્રિયો હોય. તેથી આ લખાણ નાખવું પડ્યું.

ખંડ ખંડ ઇન્દ્રિય ભાવ એ છે નહિ સિદ્ધને. સિદ્ધને તો નથી પણ આત્માના સ્વભાવમાં પણ ખરેખર નથી. સમજાણું કાંઈ? ૩૧ ગાથામાં આવ્યું ને? ૩૧. 'સમયસાર'. ભાવઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય એનાથી જુદી ચીજ છે. ભાવઇન્દ્રિય એક એક ઇન્દ્રિયથી જાણવું એ ખંડજ્ઞાન છે. જડ આ તો છે એ તો જુદી વાત છે. વાણી આદિ, શબ્દ આદિ એ તો ઇન્દ્રિયનું નિમિત્ત છે એટલે એને પણ ઇન્દ્રિય કીધી. અને આ ખંડ ખંડ જ્ઞાનનો પર્યાય વર્તમાન ખંડથી એક એક વિષયને જાણે એ તો આત્મા નથી. સમજાણું કાંઈ? આત્મા તો એ ખંડ ઇન્દ્રિયથી અધિક–જુદો (છે). જુઓ! એ સમ્યગ્દર્શનનો વિષય. **'णाणसहावाधियं मुणदि आदं'** જ્ઞાનસ્વભાવે એ ખંડ ઇન્દ્રિયના ભાવથી અધિક, જુદો, ભિન્ન અતીન્દ્રિય (છે), એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ આત્મા આત્મારૂપે પર્યાયરૂપે પરિણમ્યો સિદ્ધ, એની આ વ્યાખ્યા ચાલે છે.

**'અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોના વ્યાપારો નથી...'** અખંડ જ્ઞાનનો જ્યાં વેપાર છે ત્યાં ખંડ જ્ઞાનનો વેપાર નથી. સમજાણું કાંઈ? અહીં પણ ખરેખર તો અખંડ, ખંડ ઇન્દ્રિયથી ભિન્ન એવો, ભગવાનઆત્મા છે એવું જ્યાં ભાન થયું એ પણ ખંડ ઇન્દ્રિયથી જાણવું એને હોતું નથી. સમજાણું કાંઈ? કેમકે એને ઇન્દ્રિયના વિષયનો ભોગ જ નથી આત્માને. સમજાણું કાંઈ? ક્યાં આવ્યું ઈ? અલિંગગ્રહણનો બારમો બોલ છે ને?

ભગવાનઆત્મા એને ઇન્દ્રિયના વિષયનો ભોગ જ નથી. ઇન્દ્રિયથી જાણવું એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જણાય એવો એ નથી અને ઇન્દ્રિયથી જાણે એવો પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જણાય એવો તો એ નથી પણ ઇન્દ્રિયથી જાણે એવો એ નથી. આહાહા..! એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? અને ઇન્દ્રિયના વિષયને ભોગવે નહિ એ આત્મા કહીએ. ઓલું છે ને? અખંડિત છે તેથી પાંચ ઇન્દ્રિયના વ્યાપારો નથી.

આત્મામાં એનો સ્વભાવ, ઇન્દ્રિયના વિષયને જાણવું કે ઇન્દ્રિયથી જાણવું કે ઇન્દ્રિયના વિષયને ભોગવવું એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? સમકિતી ઇન્દ્રિયના વિષયને ભોગવતો નથી. એમ કહે છે. ભોગવતો નથી એની વ્યાખ્યા શું? લ્યો, અભિપ્રાયથી નિવર્ત્યો નથી તેને જ્ઞાન નથી. ઓલો કહે, આસ્રવથી નિવર્ત્યો નથી માટે જ્ઞાન નથી. એમ નહિ. અભિપ્રાયમાંથી નિવર્ત્યો છે એટલે એને... સમજાણું કાંઈ? આસ્રવની નિવૃત્તિ જ છે. સમ્યગ્દષ્ટિને પુણ્ય-પાપના પરિણામ મારા છે એવો અભિપ્રાય છૂટી ગયો છે. તેથી એ આસ્રવરહિત જ છે. આહાહા..! ભારે વાત. એમ સમ્યગ્દષ્ટિ,..

અહીં તો ઇન્દ્રિયના વેપાર વિનાનો આત્મા સિદ્ધ એવો જ આ આત્મા છે અહીં. જે અતીન્દ્રિય આનંદનો ભોગવટો કરનાર એવો જે આત્મા, એ આત્મા ઇન્દ્રિયના વિષયને ભોગવે એવું એની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન ભોગવે નહિ પણ અહીં સમકિતી? આત્મા ન ભોગવે એનો અર્થ કે આત્માનો જાણનાર (પણ ન ભોગવે). સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા ઇન્દ્રિયના વિષયને ભોગવે નહિ અથવા આત્માને ઇન્દ્રિયના વિષયોનો વેપાર નહિ. એમ કહ્યું ને અહીં? સિદ્ધને ઇન્દ્રિયના વિષયનો વેપાર નહિ. એનો અર્થ એ થયો. ભગવાન આ આત્માને પણ ઇન્દ્રિયના વિષયનો વેપાર નથી. એનો એ અર્થ થયો કે જેણે આત્મા આવો જાણ્યો એવા સમકિતીને પણ ઇન્દ્રિયના વિષયનો વેપાર નથી. એને વિષયનો ભોગ નથી. આહાહા..! ભારે ભાઈ વાત. સમજાણું કાંઈ?

'નિયમસાર' છે. **'અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે...'** આ તો ટીકા 'પદ્મપ્રભમલધારીદેવ'ની છે. **'સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોના વ્યાપારો સિદ્ધને નથી...'**

મુમુક્ષુ :– દ્રવ્યને પણ નથી.

ઉત્તર :– થઈ રહ્યો ને. અર્થ જ થયો. દ્રવ્યને નથી. દ્રવ્યે નથી એટલે દ્રવ્યદષ્ટિવંતને પણ નથી. 'ચીમનભાઈ'! આહાહા..! ભારે માર્ગ.

ભગવાનઆત્મા નિર્વાણસ્વરૂપે બિરાજમાન (છે). કહે છે કે એ તો અખંડ એકપ્રદેશી જ્ઞાનસ્વરૂપ છે. એને પાંચ ઇન્દ્રિયથી જાણવું એવો વેપાર સિદ્ધને નથી. એનો અર્થ એ થયો કે એનો જે સ્વભાવ હતો એ આવી ગયો. ત્યારે હવે એનો સ્વભાવ–ત્રિકાળી ભગવાનઆત્માનો સ્વભાવ અખંડ એક જ્ઞાનસ્વભાવવાળો છે, ખંડ જ્ઞાનવાળો છે નહિ. ખંડજ્ઞાન વડે ઇન્દ્રિયનો વેપાર દ્રવ્યને નથી, સિદ્ધને નથી અને દ્રવ્યના દૃષ્ટિના જાણકાર સમકિતીને નથી. ભારે વાતું, ભાઈ! આમ ભોગવે ને. આમ છન્નું હજાર સ્ત્રી લાગે. આહાહા..! અરે..! ભાઈ! તને ખબર નથી. રાગનું અને હરખનું જેમ આત્માની પર્યાયમાં અસ્તિત્વ જ સ્વીકારતો નથી. એ તો સમ્યક્ ચૈતન્યમૂર્તિ અખંડ પ્રદેશ એવો એક ભગવાનઆત્મા, એના આશ્રયથી નિર્મળ દશા થાય એને એ કરે અને એ ભોગવે. સમજાણું કાંઈ? આહાહા..!

ક્ષાયિક સમકિતી છ ખંડના રાજ કરે, સિદ્ધ રાજ કરે તો સમકિતી રાજ કરે. સમજાણું

કાંઈ? આહાહા..! ભારે. **'णवि इंद्रिय'** એમાંથી કાઢ્યું બધું. ઇન્દ્રિય સિદ્ધને નથી. એટલે કે આત્માને ઇન્દ્રિય નથી. એટલે કે ઇન્દ્રિયનો વેપાર સિદ્ધને નથી, એટલે કે આત્માને ઇન્દ્રિયનો વેપાર નથી. એટલે કે સમકિતીને પણ ઇન્દ્રિયનો વેપાર નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વસ્તુ, ભાઈ! એક વાત કરી.

**'णवि इंद्रिय'**, હવે **'णवि उवसग्गा'**. **'णवि इंद्रिय'** **'णवि उवसग्गा'**. જ્યાં શરીરને વેપાર જ નથી એને ઉપસર્ગ જ નથી. **'દેવ, માનવ, તિર્યંચ ને અચેતનકૃત...'** ચાર. નારકી તો કાંઈ ઉપસર્ગ કરવા આવતા નથી. દેવ ઉપસર્ગ કરે. પ્રતિકૂળતા. માનવ, ઢોર કાં અચેતન. ઉપસર્ગ ભીંત પડે, ચારપાયે એવા પ્રતિકૂળ ઉપસર્ગો સિદ્ધને નથી. શરીર જ જ્યાં ઇન્દ્રિયનો વેપાર નથી ત્યાં વળી ઉપસર્ગ કેવો? એમ ભગવાનઆત્મામાં પણ ઉપસર્ગ નથી. એમ ધર્મીને પણ ઉપસર્ગ નથી. લ્યો. એય..! મુનિને ઉપસર્ગ થાય છે ને આ? સિંહણ ખાય છે, આ ખાય છે. ખાય છે કોને? અને ખાય કોણ? એના મોઢામાં આત્માના પ્રદેશ આવે છે? સમજાણું કાંઈ?

ધર્મી તો પોતાના આનંદના વેદનને અનુભવે છે. એમાં ઉપસર્ગ કેવો? આહાહા..! સમજાણું કાંઈ? ઉપસર્ગ લાગે એને.. યોગ તો ભલે ઉપસર્ગના હોય, એને ઉપસર્ગ લાગે તો દુઃખ થાય. અને દુઃખ તો વિભાવ છે, એ આત્માનો સ્વભાવ નથી. અને વિભાવમાં સમકિતી આવતો જ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ જ ચૈતન્ય આનંદમય એવું જ્યાં છે એવો અસ્તિભાવ અનુભવમાં સ્વીકાર્યો, એને કહે છે કે ઉપસર્ગ નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? આવી કર્મની ચીજ છે. મામુલી સાધારણ વાત કરે અને ધર્મ થઈ ગયો, આ ધર્મ થઈ ગયો, આ ફલાણું થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા..!

વળી એ સિદ્ધ ભગવાન કેવા છે? **'ક્ષાયિકજ્ઞાનમય અને યથાખ્યાતચારિત્રમય હોવાને લીધે...'** બે ભેદવાળો મોહ નથી એમ કહેવું છે. **'દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એવા ભેદવાળું બે પ્રકારનું મોહનીય નથી;...'** સિદ્ધને મોહ કેવો? એમ દ્રવ્યને મોહ કેવો? આહાહા..! ગજબ શૈલી છે! જેમ સિદ્ધ ભગવાનને ઇન્દ્રિય નથી એટલે ઉપસર્ગ નથી, મોહ નથી. મોહ નથી એવું થયું કેમ? કે એના દ્રવ્યસ્વભાવમાં મોહ હતો નહિ એટલે મોહરહિત થઈ ગયા. અને આત્મા પણ મોહરહિત અત્યારે છે તો મોહરહિત થઈને સિદ્ધ થશે. અને આત્માની દૃષ્ટિ થઈ એ જીવ પણ મોહરહિત જ છે. કહો, સમજાણું કાંઈ?

સાધકમાં ચોથે ગુણસ્થાનથી... આહાહા..! કેમકે મોહ તો એક દોષ છે. કર્મ તો એક કોર રાખો. દોષ પણ નથી. આહાહા..! સિદ્ધને નથી. એમ દ્રવ્યમાં નથી, એમ દ્રવ્યદૃષ્ટિવંતને નથી. સમજાણું કાંઈ? જુઓ! આવો ધર્મ છે. આહાહા..! વીતરાગી સ્વરૂપ એવો ભગવાનઆત્મા, એને વીતરાગતા સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ પ્રગટ થતાં, ધર્મ પ્રગટ થતાં એને અધર્મ એવો મોહ ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? બે **'ભેદવાળું બે પ્રકારનું મોહનીય નથી;....'**

વિસ્મય... આહાહા..!

**'બાહ્ય પ્રપંચથી વિમુખ હોવાને લીધે (તેને) વિસ્મય નથી;...'** સિદ્ધને વિસ્મય શું? પૂર્ણ કેવળજ્ઞાનથી પૂર્ણ જાણવું-દેખવું એક સમયમાં પરિણમન થઈ ગયું છે. આ... આ... એવું વિસ્મય નથી. એમ ભગવાનઆત્માના સ્વભાવમાં પણ વિસ્મય નથી. નહોતું ત્યારે તો થયો. આહાહા..! સમજાણું કાંઈ? અને એ આત્માનો સ્વીકાર કરનાર એનું આવું અસ્તિત્વ છે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ એમ અનુભવનાર, માનનાર, જાણનાર સાધક, એને વિસ્મય નથી. સમજાણું કાંઈ? વિસ્મય તો વિકલ્પ છે. એમાં નથી, એને નથી. એ તો પર છે. આહાહા..! સમજાણું કાંઈ? વિસ્મય નથી. આમ લાગે, કાંઈક નવું લાગે. નવું! આહાહા..! શું છે? વિસ્મયતા એમ તને પરની કાંઈ અદ્ભુતતા લાગે તો તે તો રાગ છે, એ વિકલ્પ છે. એવી વિસ્મયતા સિદ્ધને નથી. પણ સિદ્ધને એવી વિસ્મયતા નથી (એવું) થયું કેમ? વસ્તુમાં જ વિસ્મયતા નથી. આહાહા..! વિસ્મય આશ્ચર્યકારી રાગ થવો... આહાહા..! આવું! સમજાણું કાંઈ? આટલા પૈસા પેદા થઈ ગયા! નાની ઉંમરનો અને પાંચ, દસ કરોડ, પચ્ચીસ કરોડ, અબજ, બે અબજ. શું છે પણ હવે? સમજાણું કાંઈ? વિસ્મય નથી.

વળી એકકોર ભગવાનના શરીરને દેખીને જોવા (માટે) ઇન્દ્રો હજાર આંખુ કરે. એવું આવે શાસ્ત્રમાં, લ્યો. એવું શરીર છે સુંદર–રૂપાળું, બધા નમણા અવયવો અને આમ એક-બે આંખે જોવા તૃપ્ત (નહિ) થતાં હજાર (નેત્ર) કરે અને છે ક્ષાયિકસમકિતી. છતાં એને પર્યાયમાં વિસ્મય નથી. ગજબ વાત છે. સમજાણું કાંઈ? દ્રવ્યમાં તો નથી પણ દ્રવ્યમાં નથી એવું જેણે દ્રવ્યનું ભાન કર્યું, એને પણ એની પર્યાયમાં પણ નથી. આહા..હા..! ગજબ વાત છે. કહો, સમજાણું આમાં? લાખ પેદા થાય મહિનાના. બે લાખ પેદા થાય, પાંચ લાખ પેદા થાય. આહાહા..! છોકરો ભારે! ભારે જાગ્યો હો કહે. એય..! 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– છોકરો...

ઉત્તર :– છોકરો છોકરાનું પણ એમ કે..

ભાઈ! આ એનું વિસ્મયપણું થવું એ તો વસ્તુના સ્વરૂપમાં નથીને ભગવાન! હોય તો સિદ્ધ કેમ વિસ્મય વિનાના છે? આહાહા..! '...ભાઈ'! 'નાગ્નેશ'ના ઘરે કરોડપતિના દીકરા (હોય તો) વિસ્મય ન થાય? થાય કે નહિ કાંઈ? એય...! 'મૂળચંદભાઈ'!

મુમુક્ષુ :– તત્ત્વ નથી.

ઉત્તર :– વસ્તુનું સ્વરૂપ એવું નથી, એમ કહે છે. આહાહા..!

આ શું? અદ્ભુતાત્ અદ્ભુતમ્ તો એનું પોતાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એને કોઈ ચીજની અદ્ભુતતા દેખાતી નથી. આહાહા..! જુઓ! આ વીતરાગી માર્ગ. આહાહા..! સમજાણું કાંઈ? **'વિસ્મય નથી; નિત્ય-પ્રકટિત શુદ્ધજ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) નિદ્રા નથી;...'** ભગવાનને નિંદ્રા નથી. આહાહા..! નિત્ય પ્રકટિત. ભગવાનઆત્મા આનંદ સ્વરૂપે નિત્ય પ્રગટ્યો

છે. એવો શુદ્ધજ્ઞાનસ્વરૂપ હોવાને લીધે તેને નિંદ્રા નથી. આહાહા..! નિદ્રા નથી, ઉંઘ નથી.

મુમુક્ષુ :– ત્યાં ઉપર કર્મ લખ્યું છે.

ઉત્તર :– એ કર્મ છે તોપણ વાંધો નથી. કર્મ અને કર્મનો ભાવ બેય. કહો, સમજાણું કાંઈ? નિદ્રા નથી.

વસ્તુ આત્મદ્રવ્યમાં પણ નિદ્રા નથી. અને આત્મદ્રવ્યની દૃષ્ટિવંતને નિંદ્રા નથી. આહાહા..! એય..! નિંદ્રાના પ્રમાદભાવથી સમકિતી મુક્ત છે. એય..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદના સત્‌પણે બિરાજમાન, એવી ચીજમાં નિંદ્રા નથી. એની પર્યાયમાં પ્રાપ્ત થયા એવા સિદ્ધને નિંદ્રા નથી. અને એવી દ્રવ્યદૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ એને નિંદ્રાનો અભાવ છે. સાધુને આવે છે ને? પાછળ પહોરમાં જરી. એય..! ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો વ્યવહાર જણાવ્યો છે. ભારે વાત, ભાઈ! વીતરાગના માર્ગની શૈલી ગજબ છે. વસ્તુના સ્વભાવની શૈલી છે ને! સ્વભાવવાદીઓનું આ કથન છે.

મુમુક્ષુ :– પહેલા આવી ગયું હતું ને?

ઉત્તર :– પહેલા આવી ગયું ને. ન્યાં કીધું, વિભાવવાદીઓ તમારું માન્ય નથી. એ જ્ઞાન જાણે ને દર્શન દેખે. આત્મા જાણે-દેખે ભેગું, એવું બધું વિભાવવાદીઓની વાત છે. અમે તો એક જ અખંડાનંદ ભગવાન, પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યનો પિંડલો પ્રભુ, અનાકુળ આનંદનો એકલો દરિયો એવી વસ્તુમાં નિંદ્રા કેવી? અને એવી જ્યાં પર્યાય પૂર્ણ પ્રગટ થઈ ગઈ એને કેવી? અને પૂર્ણ થઈ નથી પણ ભાનમાં આવ્યો... આહાહા..! કહો, 'નેમિદાસભાઈ'! આવું છે આ.

**'નિંદ્રા નથી;...'** અહીં તો સમકિતી સૂવે છે ને. બે કલાક, ચાર-ચાર કલાક સૂવે. આઠ આઠ કલાક. મુનિ પણ પાછળમાં જરીક... એ તો વ્યવહાર થાય છે એ જાણવા લાયક છે. એના અસ્તિત્વમાં છે એમ નહિ. સમજાણું કાંઈ? એય..! '...ભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? **'અશાતાવેદનીય કર્મને નિર્મૂળ કર્યું હોવાને લીધે...'** ભગવાનને અશાતાવેદનીય કર્મના નિમિત્તે ક્ષુધા-તૃષા થાય એ અશાતાવેદનીય કર્મને મૂળમાંથી નાશ કર્યું હોવાથી **'(તેને) ક્ષુધા અને તૃષા નથી.'** આહાહા..! લ્યો! સિદ્ધ ભગવાનને ક્ષુધા-તૃષા નથી. હવે અહીં કેવળીને તો ક્ષુધા-તૃષા ઠરાવે છે. અહીં તો કહે છે કે સમકિતીને ક્ષુધા-તૃષા નથી. સાંભળને! એ તો જ્ઞાનમાં જ્ઞેય જાણવા લાયક છે. આહાહા..! જઠરમાં ક્ષુધાદિ થાય એ તો પર છે એમ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન. આહાહા..!

કહે છે, ક્ષુધા-તૃષા નથી તો પછી સમકિતી રોટલા નથી ખાતા? એય...! અજ્ઞાની પણ ખાતો નથી પણ એને રાગ થાય છે ને? પણ આ રાગ છે એનું અસ્તિત્વ સ્વીકારનારને

રાગ છે. રાગનું અસ્તિત્વ મારામાં નથી. હું તો વીતરાગમૂર્તિ ચિદાનંદ છું. આહાહા..! એવા સ્વીકારનારને ક્ષુધા-તૃષાની ઇચ્છા જ નથી. એ તો કહ્યું નહિ? નિર્જરા અધિકારમાં. આહારની ઇચ્છા નથી, પાણીની ઇચ્છા નથી. મુનિને નથી એ તો એનો અર્થ. આહાહા..! ગજબ શૈલી છે. ચારે બાજુથી જુઓ તો.

ભગવાનઆત્મા એકલો જ્ઞાનનો સાગર. અસ્તિ વસ્તુ છે ને? પદાર્થ છે ને? પદાર્થ છે તો એનો સ્વભાવ પરિપૂર્ણ હોય ને. પદાર્થ એક અને પરિપૂર્ણ (અને) તેનો સ્વભાવ અનંત જ્ઞાનાદિ પરિપૂર્ણ અને એક અભેદ. એવા આત્મામાં ક્ષુધા-તૃષા નથી. સિદ્ધને નથી, પરમાત્મા થયા એને નથી. તો કેવળીને પણ નથી. ત્યારે કહે છે, ભાઈ! સિદ્ધને અને કેવળીને લખ્યું છે તમારામાં. અગિયાર પરિષહ તો પછી તમારે કરવું પડ્યું હશે. એ તો ઉપચારથી. એય..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... એ લોકોએ વિરોધ કરવા લખ્યું છે. એણે અગિયાર લખ્યું ને. વળી કહે કે એ તો ઉપચારમાત્ર છે. એમ પાછો અર્થ કર્યો. અમારે પંડિતજીએ અર્થ કર્યાને બધા 'પંચાસ્તિકાય'ના? કરીને પછી ભૂંસાડ્યો વાળ્યો પાછળથી, એમ લખ્યું છે. એમ એ લોકો કહે છે, હોં! એ લોકો કહે છે. અરે..! સાંભળને. એ તો સ્પષ્ટીકરણ કર્યું છે એનું. એમાં શું કહેવા માગે છે એને ખુલ્લુ મૂક્યું છે. જે સામાન્યપણે હોય એને વિશેષપણે સ્પષ્ટ થાય. એમાં શું છે. સમજાણું કાંઈ?

ધર્મધારા. ધર્મ જેને પૂરો થઈ ગયો એવા સિદ્ધ. એને ક્ષુધા-તૃષા નથી. કેવળીને પણ નથી, વસ્તુમાં નથી, એમ જ્ઞાનધારામાં એ કહ્યું. ક્ષુધા-તૃષા જ્ઞાનધારામાં ભેગી આવતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કહો, 'હીરાભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– સાધક જીવને..

ઉત્તર :– સાધક, સિદ્ધ અને દ્રવ્ય. ત્રણે થઈ ગયા. દ્રવ્યમાં હોય તો પર્યાયમાં રહે સિદ્ધને. એમ દ્રવ્યમાં હોય તો સમકિતીને પર્યાયમાં રહે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન અદ્‌ભુતાત્ અદ્‌ભુત આનંદ અને જ્ઞાનનો વિલાસી આત્મા, એને ક્ષુધા-તૃષા કેવી? આહાહા..! સમજાણું કાંઈ?

**'તે પરમ બ્રહ્મમાં (–પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ (–નિર્વાણ) છે.'** આવા આત્મામાં તો સદાય નિર્વાણ જ છે, કહે છે. સિદ્ધપદની પર્યાયમાં સદાય નિર્વાણ છે. આ દ્રવ્યમાં પણ સદા નિર્વાણ છે. આહાહા..! અને સમકિતીને પણ મુક્તપણું દ્રવ્યનું ભાખ્યું એટલે એને દૃષ્ટિમાં સદાય નિર્વાણ–મુક્તપણું જ છે. આહાહા..! વ્યવહારથી મુક્ત છે, નિર્વાણ પૂર્ણ છે આ. મુક્તસ્વરૂપ ભગવાન છે એના મુક્તસ્વરૂપની દૃષ્ટિવંતને પણ મુક્તસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આ બધા આઠ કર્મ અને એના રાગના બધા ભર્યા છે ને? એ બધા વ્યવહાર જાણવા લાયક છે. મારામાં છે એમ ખતવવા લાયક નથી. આહાહા..!

**'તે પરમ બ્રહ્મમાં (–પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ (–નિર્વાણ) છે.'** એવા આત્મામાં જ નિર્વાણ છે. ક્યાંય બીજે નિર્વાણ બહાર જુદું છે (એમ નથી). નિર્વાણ અને આત્મા, સિદ્ધ ને આત્મા.. આગળ કહેશે, સિદ્ધ અને નિર્વાણ બેય એક જ છે. સમજાણું કાંઈ? આગળ ગાથા કહેશે ને છેલ્લી. પાછળની. એક જ વાત છે. નિર્વાણ કાંઈ નામ બીજું સિદ્ધ પડ્યું તેથી નામ માટે એમ કાંઈ નથી. પૂર્ણ શાંતિ... પૂર્ણ શાંતિ... પૂર્ણ શાંતિ... આહાહા..! આ બધા અબજોપતિ 'અમેરિકા'વાળા થાક્યા બિચારા હવે કે આમાં ક્યાંય સખ નથી લાગતું.

મુમુક્ષુ :– અબજોપતિ નથી અને અબજોપતિ માને તો પછી શેનું દુઃખ?

ઉત્તર :– આ તો એમ કે આવા મોટા બંગલા અને આમ છે. ઓહોહો..! ક્યાંય સુખ નથી. શાંતિ કે વિસામો દેખાય એવું નથી. આ તો કૂતરાની જેમ આ... મોટા બંગલા કર્યા પાંચ કરોડના. નીચે અને ઉપર ચડે. શું કહેવાય એ? લિફ્ટ. આમ ઉપર ચડે. કાગડો ઊડે એમ ઊડે. આ બેસીને ઊડે. શું છે પણ? આહાહા..! ત્યાં જાય, હેઠે ઉતરે. લ્યો આમ શું કહેવાય દીવાનપણું. દીવાનખાનું. દીવાનખાનું હોય ત્યાં. આઠ-દસ બંગલા મોટા. એય..! 'પોપટભાઈ'! એવા મકાન છે કે નહિ? છે કે નહિ તમારા? નવા થયા તે જોવા. ચાલીસ લાખનો નવો કર્યો ને? એ જોયો? એમ ઠીક. આમ લાગે.. લુગડાબુગડા પહેરાવી. જાણે કોઈ ઉપરથી ઉતર્યો સ્વર્ગમાંથી. ધૂળમાંય નથી ક્યાંય. આહાહા..! અરે..! સુખના સાગરની સામું ન જોતા, આ પર સામું જોઈને વિસ્મય અને ખુશી થાય છે, એ આત્માનો અનાદર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે પરમ બ્રહ્મમાં (–પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ (–નિર્વાણ) છે.'** દ્રવ્યરૂપે વસ્તુઆત્મા પણ સદા બ્રહ્મ (નિર્વાણ) છે. દ્રવ્ય આત્માનું દ્રવ્ય જે વસ્તુ છે એ મુક્તસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપ છે તો પર્યાયમાં મુક્ત થાય છે. સમજાણું કાંઈ? તું છો મોક્ષસ્વરૂપ, આવે છે. આપણે કળશમાં આવે છે. મુક્ત એવ. કળશમાં આવે છે. સમ્યગ્દષ્ટિ મુક્ત એવ. મુક્ત છે. વ્યવહારથી મુક્ત છે એટલે પછી વ્યવહાર એનામાં ન રહ્યો એટલે શું રહ્યું? રાગથી મુક્ત છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ!

જેણે ધર્મીને ધારણ કર્યો, ધર્મી એવો ભગવાનઆત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં, અનુભવીને ધાર્યો, એમાં કહે છે કે, રાગ ને સંસારનું કરવું, ટકવું છે નહિ. આહાહા..! નિર્વાણ. એ આવે છે. સમકિત થયું એની મુક્તિ થઈ એમ પણ આવે છે. મુક્ત થયો. એક પર્યાયમાં થોડી બાકી છે. એ આખા મુક્તસ્વરૂપને અનુભવમાં લીધો એણે આખા આત્માને શ્રદ્ધાએ-જ્ઞાને કબજે કર્યો. એ પર્યાય બહાર ... સમજાણું કાંઈ? આહાહા..! આવા આત્માની જેને ખબર નથી, આવા આત્માની જેને શ્રદ્ધા અને ઓળખાણ નથી, એ ગમે તેવા મોટા કહેવાતા હોય એ બધા ખોટા. આહાહા..!

**'એવી રીતે (શ્રી યોગીન્દ્રદેવકૃત) અમૃતાશીતીમાં (૫૮માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**ज्वरजननजराणां वेदना यत्र नास्ति**
**परभवति न मृत्युर्नागतिर्नो गतिर्वा।**
**तदतिविशदचित्तैर्लभ्यतेऽङ्गेऽपि तत्त्वं**
**गुणगुरुगुरुपादाम्भोजसेवाप्रसादात्।।**

બધા 'જ-જ' નાખ્યા. આ શરીરમાં પણ એવો જ ભગવાન છે, એમ કહે છે. જે તત્ત્વમાં જ્વર નથી એ ટાળવા નથી એમાં. આત્મ ભગવાન, જ્ઞાનાનંદ ભગવાનમાં તાવ કેવો? અને જ્યાં જન્મ નથી. સિદ્ધને તાવ ને જન્મ નથી એમ આત્માને પણ તાવ ને જન્મ નથી. આહાહા..! **'જરાની વેદના નથી,...'** વૃદ્ધાવસ્થા થાય, ઉંમર થાય, ચામડી ઢીલી પડે, ઉઠાય નહિ, પાણી મોઢામાંથી ઝરે, આંખમાં ચીપડા વળે, કાને બહેરાશ થાય. આહાહા..! એવી જરાની વેદના નથી. વૃદ્ધાવસ્થાની વેદના સિદ્ધ પરમાત્મા અશરીરીને નથી. એમ આ ભગવાનઆત્મામાં પણ જરા નથી. એ તો જડની અવસ્થા છે. સમજાણું કાંઈ? વૃદ્ધાવસ્થા તો દેહની છે, આત્માને છે નહિ. સિદ્ધને નથી એમ આત્માને પણ નથી. બરાબર હશે? બધાને હા પડાવે છે. પણ તું ન્યાય તો જો તારા અસ્તિમાં. તું કોઈ હોવાવાળો, સત્તાવાળો પદાર્થ છે કે નહિ? એ પદાર્થમાં શું એના સ્વભાવ છે? એનો સ્વભાવ જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. અણીન્દ્રિયતા (છે), એવો એનો સ્વભાવ પરિપૂર્ણ છે. એવા પરિપૂર્ણ સ્વભાવમાં આ ક્યાં? આવા ભગવાનમાં આ કેવું? આહાહા..!

જેમ પાણીમાં તેલ પડ્યા છતાં તેલ તો ઉપર જ રહે છે. અંદર પ્રવેશ કરે છે? પાણી તો સ્વચ્છ જ રહે છે. ઉપર તેલના બિંદુ નાખો તોપણ ઉપર રહે. પાણીમાં પ્રવેશ નહિ કરે. એમ અનંતબળનો ધણી ભગવાન પાણીવાળો, તેજવાળો, એમાં આ સંસારને રાગાદિ પ્રવેશ કરતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવડો મોટો આત્મા, એને બેસતું નથી. બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. જરી કાંઈક માન-અપમાનમાં એક નામે બોલાવે ત્યાં મોળો પડી જાય. ફલાણા ભાઈ કેમ ન કહ્યું? એમ કેમ કીધું? 'પોપટભાઈ' કેમ ન કહ્યું? એમ કેમ ન કહ્યું? 'પોપટ'! આ છે શું? આને મારી હિણપ શું દેખાણી? કે ભાષામાં મોટપ (ન રાખી). એની માં 'પોપટ' કહે તો વાંધો નહિ. નહિ? પણ જો જરીક એને ... એવું જો કોઈક કહે... (તો) આ શું? પણ ક્યાં છો તું પોપટ ને તું ક્યાં છો ... કાંઈ છે નહિ. આહાહા..! તારામાં જરા-ફરા છે નહિ. શરીર જ નથી એને વળી શરીરની અવસ્થા ક્યાંથી લાવવી અંદર? એમ કહે છે. આહાહા..!

**'મૃત્યુ નથી,...'** ઓલામાં જન્મ નાખ્યું હતું એટલે મૃત્યુ નથી. મરે કોણ? સિદ્ધ મરે? સૂર્ય મરે? આવે છે ને. આ સૂર્યનું કોઈએ સ્નાન કર્યું? સાંજે આથમી જાય તો મરી ગયો લાગે છે સૂર્ય, એમ કહ્યું? સાંજે આથમી જાય તો મરી ગયો સૂર્ય. કરો સ્નાન. આ જ્યાં શરીર છૂટે તો કહે, મરી ગયો. કરો સ્નાન. એવું છે. મરે કોણ? સમજાણું કાંઈ? સિદ્ધ મરે

નહિ, દ્રવ્ય મરે નહિ અને દ્રવ્યની પર્યાયવાળો મરે નહિ. જીવતી જ્યોત ચૈતન્ય ભગવાન, એને મરવું શું? આહાહા..! સમજાણું કાંઈ?

એને **'ગતિ કે આગતિ નથી,...'** ગતિ એટલે જવું અને આગતિ એટલે ગતિમાંથી પાછું ફરવું. એવું એને નથી. સિદ્ધને થઈ ગઈ એ થઈ ગઈ ગતિ, હવે છે નહિ. હવે જાવું ક્યાંય નથી ને આવવું નથી. આહાહા..! એમ આ આત્મામાં પણ ગતિ-આગતિ નથી. ક્યાંય કોઈ ગતિમાં ગયો અને એ ગતિમાંથી આવ્યો, એવું આત્મામાં નથી. એવા આત્માને સ્વીકારનારા ધર્મીને પણ ગતિ-આગતિ નથી. મનુષ્યગતિમાં સમકિતી છે? ના. દેવલોકમાં જાય છે. ના. ભારે. ભગવાન ચૈતન્યપ્રભુ અનાકુળ આનંદનું સ્વરૂપ જેનું, એમાં દૃષ્ટિ જ્યાં સ્થપાણી એ ક્યાં ગતિ કરે અને ક્યાં ગતિમાં જાય પાછો? જ્યાં છે ત્યાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો,...'** જુઓ! એવા તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો **'શરીરમાં રહ્યા છતાં પણ,...'** છે ને **'ઽઙ્ગેઽપિ'** શ્લોકમાં હતું. ત્રીજા પદમાં. શું કહેવું? વળી કહે છે કે શરીરમાં નથી. સમજાવવું શી રીતે? આહાહા..! **'શરીરમાં રહ્યા છતાં...'** એટલે ક્ષેત્રમાં એમ લાગે કે જાણે આ શરીરમાં છે. એમાં રહ્યા છતાં પણ **'ગુણમાં મોટા એવા ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી...'** આહાહા..! સંત, મહંત, ધર્માત્મા ગુરુ જેને આત્માની ગુરુતા પ્રગટ થઈ છે. જેને અંતરમાં ભગવાન એવો ગુરુ જ્ઞાનાનંદથી ભરેલો, એવી દશામાં ગુણની ગુરુતા પ્રગટ થઈ છે. આહાહા..! ગુણની મોટપ પ્રગટ થઈ છે. આ પદવીની મોટપ નથી કહેતા? જરીક આપે ત્યાં... આહાહા..! શું કહેવાય તમારે? જે.પી. પૂંછડા આવે ને જે.પી.ના કે આહાહા..! મોટો છે બહુ. આને આ પદવી આપી, આને આ પદવી આપી. પદવી જ કેવી? ન્યાં ક્યાં ગરી ગયો તો એ પદવીમાં? આહાહા..!

કહે છે, **'ગુણમાં મોટા એવા ગુરુનાં...'** ભાષા–વ્યાખ્યા આવી કરી. **'ગુણમાં મોટા એવા ગુરુ...'** પોતાના આત્માની આનંદની, જ્ઞાનની, ધર્મની દશા–પરિણતિ જેને ઘણી ઊંચી થઈ ગઈ છે એવા ગુણમાં મોટા. ગુણ શબ્દે એની પર્યાય. એ તો ગુણ છે. એની નિર્મળ પર્યાયમાં પોતાથી જે મોટા અધિક છે **'એવા ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી...'** કારણ કે એવા ગુરુ આત્માની વાત કરે છે. આવો આત્મા તું છો એને માન, અનુભવ. એના ઉપદેશમાં આ હોય છે, કહે છે.

મુમુક્ષુ :– 'મીઠાભાઈ'ની વાત આવી એના જેવી છે.

ઉત્તર :– એ ક્યાં આવી છે આમાં? શું કીધું?

મુમુક્ષુ :– 'મીઠાભાઈ'ની વાત તો ઉડાડી દેવાની છે.

ઉત્તર :– .. એમ કરીને ઉડાડી દેવાની. આહાહા..!

મોટો પ્રભુ, એવી જેને આત્માની દશામાં નિર્મળતા જેને ગુરુ એટલે વધી ગયેલી છે. એ પદવીમાં જે આવ્યા, ગુણમાં ગુરુ થયા એ પદ્વીમાં આવેલા, એમના ચરણકમળની સેવા.

લ્યો! ચરણ એટલે પગ દાબવા હશે? પાઠ તો આ છે. એના સમીપમાં એણે કહ્યું એવું સંઘર્યું. સમજાણું કાંઈ? આહાહા..! કીધું ને? 'કુંદકુંદાચાર્યે'. અમારા ગુરુ અંતર નિમગ્ન હતા આહાહા..! એમણે અમારા ઉપર મહેરબાની કરી. પ્રસાદી. અનુગ્રહ કરીને પ્રસાદી આપી છે. સમજાણું કાંઈ? સત્યનારાયણની કથામાં આવે છે ને? છેલ્લે શું કહેવાય ઇ? પ્રસાદી. પ્રસાદી નહિ બીજું કાંઈક કહે છે. પ્રસાદ. એ પ્રસાદ ન લીધો તો .. એવું આવે છે એમાં. એટલે શું ઓલા સાંભળનારા હોય એ છેક સુધી બેસે. એવા હેતુથી. સત્યનારાયણની કથા આવે છે ને? અમે સાંભળી છે. અમારા 'પાલેજ'માં. બ્રાહ્મણ બોલે. એમ કે આ પ્રસાદ લીધા વિના ફલાણી બાઈએ. કોઈક નામ આવે છે ખરું. 'લીલાવતી' કે એવું નામ. મેં તો ઘણા વર્ષ પહેલા સાંભળ્યું હતું. ઘણા વર્ષ પહેલાની વાત છે આ તો. 'પાલેજ'માં સાંભળ્યું હતું 'પાલેજ'માં. એમાં એક છોકરો ... એણે માંડી હતી સત્યનારાયણની કથા. એણે આ પ્રમાણે પ્રસાદ લીધા વિના ગઈ (તો) એનો ધણી મરી ગયો, એનું આમ થયું, તેમ થયું. વહાણ ડૂબ્યું. વહાણ ડૂબ્યું. આવા ગપ્પે ગપ્પા. એ પ્રસાદી આ. ધર્માત્માએ આત્માની આનંદની પ્રસાદી કરી અને એને સાંભળીને ધારી નહિ એના વહાણ બૂડ્યા, એમ કહે છે. ઓલાનું-ધૂળનું અહીં શું કામ? સત્યનારાયણની કથા સાંભળી છે ને? ત્યાં 'નાગ્નેશ'માં આવતી હશે. આહાહા..! નારાયણ તો આ ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્યનારાયણ, નરનો નારાયણ થાય એવી એનામાં તાકાત છે. એવા સત્યનારાયણની કથા સાંભળ્યા વિના કોરો જાય તો એના વહાણ બૂડે, એમ કહે છે.

મુમુક્ષુ :– .. બરાબર ફીટ થઈ ગયું.

ઉત્તર :– આ તે દિ' સાંભળેલી. વહાણ બૂડ્યું એમ કહે.

મુમુક્ષુ :– પાંદડા થઈ ગયા.

ઉત્તર :– પાંદડા થઈ ગયા. વહાણમાં માલ લઈને ભર્યા હતા એ પાંદડા થઈ ગયા.

મુમુક્ષુ :– શું ભર્યું હતું એના પાંદડા થયા?

ઉત્તર :– માલ. માલ ભર્યો એના પાંદડા થઈ ગયા. એય..! 'નેમિદાસજી'! સાંભળ્યું નથી? કથા તો સાંભળવા તો ગયા હશો. કોઈક વૈષ્ણવમાં થાતી હોય.. આહાહા..!

**'એવા ગુરુનાં ચરણકમળના સેવાના પ્રસાદથી...'** લ્યો! એ શરીરમાં રહ્યા પણ ભગવાન દેવ-ગુરુની કૃપાથી અને ગુરુની સેવાથી. આહાહા..! લ્યો! ઠીક! એને અનુભવ... બાપુ! પ્રભુ! તારો એવા આત્મા છે. સિદ્ધ સમાન જ તારું સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આ સિદ્ધની વ્યાખ્યા આવે છે પણ તું સિદ્ધ સમાન જ છો. એમ કરીને શરીરમાં અનુભવે છે. એને સિદ્ધ સમાનનો આનંદ આવે છે. થોડો ભલે હો. એને અહીંયાં ધર્મી કહેવામાં આવે છે. ટીકા કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

[ વળી ૧૮૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે. ]

## શ્લોક-૩૦૦

तथा हि -

(मंदाक्रांता)

यस्मिन् ब्रह्मण्यनुपमगुणालंकृते निर्विकल्पे-
ऽक्षानामुच्चैर्विविधविषमं वर्तनं नैव किंचित्।
नैवान्ये वा भविगुणगणाः संसृतेर्मूलभूताः
तस्मिन्नित्यं निजसुखमयं भाति निर्वाणमेकम्।।३००।।

[શ્લોકાર્થ :–] અનુપમ ગુણોથી અલંકૃત અને નિર્વિકલ્પ એવા જે બ્રહ્મમાં (આત્મતત્ત્વમાં) ઇન્દ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ, તથા સંસારના મૂળભૂત અન્ય (મોહ-વિસ્મયાદિ) *સંસારીગુણસમૂહો નથી જ, તે બ્રહ્મમાં સદા નિજસુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે. ૩૦૦.

---

પ્રવચન નં. ૨૧૧, ગાથા–૧૮૧-૧૮૨, શ્લોક–૩૦૦-૩૦૧, સોમવાર, માગશર વદ ૧૧, તા.૧૩-૧૨-૭૧

---

'નિયમસાર' ૧૮૦ ગાથાનો કળશ છે. ૩૦૦-કળશ.

यस्मिन् ब्रह्मण्यनुपमगुणालंकृते निर्विकल्पे-
ऽक्षानामुच्चैर्विविधविषमं वर्तनं नैव किंचित्।
नैवान्ये वा भविगुणगणाः संसृतेर्मूलभूताः
तस्मिन्नित्यं निजसुखमयं भाति निर्वाणमेकम्।।३००।।

સિદ્ધના ગુણની વ્યાખ્યા છે. એવા જ આત્માના છે. **'અનુપમ ગુણોથી અલંકૃત...'** ભગવાનઆત્મા અને સિદ્ધ એ અનુપમ ગુણોથી શોભાવાળો અલંકૃત છે. એનો અલંકાર અનંત અનંત અનુપમ ગુણો એ જ એના અલંકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આ દેહમાં જે ચૈતન્ય ભગવાનઆત્મા છે એ અનંત અનુપમ ગુણોથી શોભિત છે. જેમ શરીર રહિત પરમાત્મા શરીર રહિત અનંત અનુપમ ગુણથી શોભિત છે, એવો જ આ ભગવાનઆત્મા

---

* મોહ, વિસ્મય વગેરે દોષો સંસારીઓના ગુણો છે—કે જે સંસારના કારણભૂત છે.

અંદર અનંત અનુપમ ગુણથી અલંકૃત છે. સમજાણું કાંઈ?

એક પ્રશ્ન ઉઠ્યો હતો ને આ ક્ષાયિકનો? કે સિદ્ધને તો ક્ષાયિક છે અને યથાખ્યાતચારિત્ર છે. આત્મામાં ક્યાં છે સમકિતીને? ત્રણમાં ઉતાર્યું હતું ને? એમ છે કે, આત્મામાં અનંત ગુણ છે. એ અનંતગુણનું ભાન થતાં, સ્વસંવેદન આત્માની પ્રતીત અનુભવ થતાં, જેટલા ગુણો છે તેના બધા ગુણોનો અંશ પ્રગટ થયો. ખરેખર તો અઘાતિ પણ નિમિત્ત છે જે ગુણમાં એ ગુણનો એક અંશ પ્રગટ થયો છે. આહાહા..! સર્વ ગુણ છે. ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત અનંત ગુણના સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. એવા અનંતગુણનો જ્યાં અંતર સ્વભાવસન્મુખ થઈને સ્વીકાર થયો... સમજાય છે કાંઈ? એવા અનંતગુણના અસ્તિની સત્તાનો સ્વીકાર એટલે એ પોતે જ એની પર્યાયમાં અનંતા ગુણોનો અંશ પ્રગટ થયો અને દ્રવ્યથી જોઈએ તો એ સિદ્ધના આઠ ગુણથી અલંકૃત આત્મા છે. આવી ગયું છે એ? ૪૭-૪૮ ગાથામાં આવી ગયું છે એ. સિદ્ધ જેવા જ આત્મામાં આઠ ગુણો અલંકૃત છે. વસ્તુએ અંદર. સમજાણું કાંઈ? ૪૭-૪૮ ગાથા. જેવા સિદ્ધ પરમાત્મા અશરીરી આત્મ ભગવાન (છે) એવો જ આ આત્મા સિદ્ધના આઠ ગુણોથી અલંકૃત છે. એ તો ક્ષાયિકગુણ છે. સમજાણું કાંઈ? પણ એના સ્વભાવમાં એ બધું પડ્યું છે. એથી એ સિદ્ધ સમાન જ ભગવાનઆત્મા છે. ભારે બેસવું કઠણ.

બીજી વાત. આ એની પર્યાયમાં પણ, અવસ્થામાં પણ અનંતગુણોના જેટલા સંખ્યાએ ભાવ તેની અંશ શક્તિ પ્રગટ થઈ ગઈ છે. એ પ્રગટ થઈ છે એને એક નયે પૂર્ણ કહીએ તોપણ કહી શકાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાન પણ એક સમયમાં પરિપૂર્ણ પ્રભુ પૂર્ણમિદં એવો ભગવાનઆત્મા પોતાનો નિજ સ્વભાવ, એમાં જેટલા સિદ્ધને પ્રગટ થયા પર્યાય, ગુણો એ બધું એમાં છે. છે ને? 'પંડિતજી'! આહાહા..!

અરે..! આત્માની શું વાત! લોકોને આત્મા શું છે એને ખ્યાલમાં નથી. આ આત્મા,... આ તો હાડકા જડ, માટી, ધૂળ છે. અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પો થાય, રાગ એ તો પર છે, એ કાંઈ આત્મામાં છે નહિ. આહાહા..! આત્મા તો અનંતગુણના અનુપમ ગુણથી અલંકૃત છે. જેમ સિદ્ધ ભગવાન પણ અનંત અનંત બેહદ અપરિમીત ગુણની સંખ્યાથી પ્રગટમાં અલંકૃત અને અનુપમ છે. એવો જ આ ભગવાનઆત્મા (અલંકૃત છે). 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે? સિદ્ધમાં તો ક્ષાયિક પર્યાય છે. એમાં આ વળી ક્યાં નાખ્યું? આવ્યું હતું ને એમાં? ક્ષાયિક જ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર. આ વળી ક્યાં આમાં નાખ્યું પાછું? ભાઈ! વસ્તુએ આખો સ્વભાવ જ્યાં સ્વસન્મુખ થઈને પૂર્ણાનંદનો નાથ આત્મા, એ જ્યાં અનુભવમાં અને પ્રતીતમાં આવ્યો, કહે છે કે એને સિદ્ધ સમાન બધા ગુણો પ્રગટ્યા. અંશે ભલે પ્રગટ્યા, પણ પૂર્ણ પ્રગટ્યા એમ પણ કહેવામાં આવે છે. આહાહા..! અને અલ્પકાળમાં પ્રગટવાના છે. આહાહા..! જેણે અનંત અનંત બેહદ એવા ગુણોની સંખ્યાવાળું એક તત્ત્વ..

સવારે ભાઈ પૂછતા હતા, પણ અત્યારે આવ્યા નથી. 'વવાણિયા'ના હતા ને. ત્યાં ગુરુકુળમાં આવ્યા હતા. સવારમાં વ્યાખ્યાનમાં આવ્યા હતા. સવારે કે બપોરે. નહોતા બેઠા અહીંયાં? 'વવાણિયા'. ઘણું કરીને બ્રાહ્મણ છે. એ પૂછતા હતા કે તમારી વાત સાચી પણ એ કઈ રીતે આત્માને અમારે જાણવો? 'શ્રીમદ્દે' એમ કહ્યું કે 'જે સ્વરૂપ સમજ્યા વિના...' એમ બોલ્યા હતા. ત્યાં 'વવાણિયા'ના છે ને? અહીં આવ્યા હતા. ભાઈને ઠીક નથી ને ત્યાં ગયા હશે. 'મણિભાઈ'ને ઠીક નથી. 'અમદાવાદ' ગયા. આહાહા..!

અરે..! ભગવાન! તું તને અજાણ્યો રહે આ તો વિસ્મય થઈ ગયું છે. પોતે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત અનંતગુણના સાગરથી ભરેલો (છે). આહાહા..! કહે છે કે એની શોભા જ એવા અનંતાગુણને લઈને છે. આ શરીરને શણગારે છે ને? દાગીના ને આ ને આ... અંદર ટીલા ને ટપકા કરીને. આ તો ધૂળ-માટી છે, મડદા છે. એની શોભા માટે એના અવયવો એને પૂરતા નથી લાગતા. બીજી ચીજ કાંઈ નાખે આમ દાગીના .. એમ આત્મા અંદર અલંકૃત પોતાના ગુણથી શોભિત છે. એને બીજાની કોઈની જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એણે અનંતકાળથી ન જાણ્યું હોય તો એક પોતાનું તત્ત્વ. બાકી બધું એણે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંતવાર કર્યાં. કહો, સમજાણું કાંઈ? જૈનનો દિગંબર સાધુ પણ અનંતવાર થયો. શું થયું એમાં? વસ્તુ શું? ભગવાન અંદર આત્મા પરિપૂર્ણ ચૈતન્ય નાથ, એને જ્યાં અનુભવમાં અને એની દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી ધર્મી થઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

પહેલા શબ્દમાં જુઓને! **'અનુપમ ગુણોથી અલંકૃત...'** છે. સિદ્ધ પણ એમ છે અને આ આત્મા પણ એમ છે, એમ કહે છે. આહાહા..! **'નિર્વિકલ્પ...'** ભગવાન તો નિર્વિકલ્પ છે. રાગનો સંબંધ નથી. વિકલ્પ જે રાગાદિ (એની સાથે) સંબંધ નથી. અભેદ ચીજ છે આત્મા. પૂર્ણાનંદ પ્રભુ અભેદ ચીજ આત્મા, **'એવા જે બ્રહ્મમાં (આત્મતત્ત્વમાં) ઇન્દ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ,...'** આહાહા..! સિદ્ધને પણ નથી. નથી થયું કેમ? નહોતું તો નથી થયું. આહાહા..! અરે..! એનો વિશ્વાસ, એનો અનુભવ એ તો અલૌકિક ચીજ છે, ભાઈ! લોકોને એની કિંમત નથી. આ બહારની કિંમત કરે. બાયડી છોડી, છોકરા છોડ્યા, લુગડા ફેરવ્યા, નાગો થયો ને કાં બહારમાં સાધુ થયો, એ સંયમ. ધૂળેય સંયમ નથી, સાંભળને! બહારના ભેખ એવા પલટે એ તો જડના છે. ચૈતન્યનો ભેખ પલટ્યા વિના... આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'એવા જે બ્રહ્મમાં (આત્મતત્ત્વમાં) ઇન્દ્રિયોનું અતિ વિવિધ...'** ભગવાન સિદ્ધમાં અને આત્મામાં **'ઇન્દ્રિયોનું અતિ વિવિધ...'** પ્રકાર. પાંચ ઇન્દ્રિયનો છે ને? **'વિવિધ (પ્રકાર) અને વિષમ વર્તન..'** એ વર્તન સ્વરૂપમાં છે જ નહિ. સિદ્ધ ભગવાન એવા છે અને આ આત્મા પણ અણીન્દ્રિય (એવો જ છે). સમજાણું કાંઈ? માણસને એવું લાગે કે આ તો મોટી

મોટી વાતું છે. ભગવાન! તારા મોટપની શું વાત કરવી? તને જેટલો વ્યવહારથી ગણવામાં આવે એટલો એમાં છે નહિ એવો એ. સમજાણું કાંઈ? આહાહા..! સિદ્ધને તો વ્યવહારે આઠ ગુણ ગણ્યા. નિશ્ચયે તો અનંતગુણ છે. સમજાણું કાંઈ?

એવો બ્રહ્મ એટલે ભગવાનઆત્મા બ્રહ્મતત્ત્વ, આનંદતત્ત્વ આત્મા એમાં **'ઇન્દ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન (એ વર્તવું) જરા પણ નથી જ,...'** આહાહા..! અશરીરી ભગવાન સિદ્ધને નથી, તો અશરીરી વિકલ્પ વિનાનો આત્મા એમાં પણ આ નથી. ઇન્દ્રિયોનો વેપાર વિવિધ અને વિષમ ભગવાનઆત્મા અણીન્દ્રિયમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'નથી જ,...'** એમ પાછું. વિવિધ અનેક પ્રકાર અને વિપરીત એવું વર્તન જરા પણ નથી.

**'સંસારના મૂળભૂત અન્ય (મોહ-વિસ્મયાદિ) સંસારીગુણસમૂહો નથી જ,...'** સમજાણું કાંઈ? એ સંસારી ગુણો. આહાહા..! વિસ્મય ને જરા રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ એ બધા સંસારી ગુણો છે. સંસારને પુષ્ટ કરનારા છે. રખડવાના પુષ્ટ કરનારા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો વિકલ્પ એ રાગ (છે), એ સંસારીગુણ છે. આહાહા..! ભારે કામ ભાઈ આકરું. એય..! 'મોહનભાઈ'! એની જાતને જાણી નહિ અને જાતમાં શું છે એની ભાત પાડી નહિ એણે. ખોટી ભાત પાડી. રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ એ બધા સંસારીગુણો છે. આહાહા..! ગજબ વાત છે કે નહિ? એવો ભગવાનઆત્મા... કહે છે, **'(મોહ-વિસ્મયાદિ)'** શબ્દ ગાથામાં હતો ને? એ એમાં નથી. આહાહા..! હોય તો છૂટે નહિ. નથી એટલે છૂટી જાય છે. અને આત્મા જેવો પરમાત્મા છે એવો થઈ જાય છે. આહાહા..!

**'તે બ્રહ્મમાં સદા નિજસુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે.'** સિદ્ધને નિર્વાણ છે. શાંતિ પૂર્ણ થઈ ગઈ એ નિર્વાણ. એમ આત્મામાં પણ સદા નિજ સુખમય, આત્મા આનંદમય છે. નિજ સુખ અતીન્દ્રિય સચ્ચિદાનંદ આનંદ એનો સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદ એવો એનો ગુણ છે. એવા ગુણમય એક નિર્વાણ, એકરૂપ સ્વભાવ નિર્વાણ શાંતિ જેમાં પડી છે, એવો આત્મા છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ મૂળ આત્માની વાત મૂકી દઈને બીજી બધી વાતું. ઓલું કીધું ને કે સંયમ. કાલે બોલ્યા હતા ને? આ લુગડા ફેરવીને બેસે જરા બાયડી-છોકરા છોડીને. અમે સંયમ લીધા. ધૂળેય નથી, સાંભળને! એ બહારની ચીજ ક્યાં અંદર ગરી હતી તે છોડી? તેં માન્યું હતું કે હું અલ્પજ્ઞ અને રાગ-દ્વેષવાળો છું. એ છોડવું જોઈએ. હું સર્વજ્ઞ અને વીતરાગમૂર્તિ છું એવી માન્યતા દ્વારા અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ હોય એ છોડવું જોઈએ. એ તો છોડ્યું નહિ અને બહારનું છોડીને બેઠો. થઈ ગયા અમે સાધુ. ધૂળેય નથી, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આવું.

અરે..! તારી મોટપની શું વાત કરવી! પ્રભુ! તું મોટો કેવો? કે વાણીમાં ન આવે એવો. વિકલ્પના રાગમાં, પ્રશસ્ત રાગમાં ન આવે. અરે..! એમાં તો ન આવે પણ એક સમયની

પર્યાયમાં આખું રૂપ ન આવે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન બ્રહ્મસ્વરૂપ પ્રભુ અને સિદ્ધ બ્રહ્મસ્વરૂપ **'સદા નિજસુખમય...'** ત્રિકાળ આનંદમય છે. આહાહા..! નિજસુખમય. સુખવાળો એમ નહિ. નિજસુખમય. અભેદ છે. આહાહા..! અરે..! આનો સ્વીકાર, એની દૃષ્ટિ, એની કિંમતું શું છે! કહે છે. સમજાણું કાંઈ?

**'એક નિર્વાણ પ્રકાશમાન છે.'** મોક્ષસ્વરૂપ જ પ્રકાશમાન આત્મા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! બહારથી પાંચ-પચ્ચીસ લાખ મળે, બંગલો મળે, બાયડી મળે, છોકરા મળે કાંઈક (તો માને કે) અમે સુખી છીએ. મૂઢ છો. ઝેરના પ્યાલા પીને અમૃત છે એમ માને છો. સમજાણું કાંઈ? અંદરનો નિર્વિકલ્પ આનંદ, એને ભૂલીને આ બધા આનંદ છે, અમને મજા (છે). ઉત્સાહિત અમારું વીર્ય, પ્રફુલ્લિત વીર્ય થાય છે. અરે..! ભગવાન! એ તો ઝેરના સોજા છે. સમજાણું કાંઈ? શું હશે આમાં 'ત્રંબકભાઈ'? આ બધા પૈસાવાળા કહેવાય છે મોટા. એય..! કરોડપતિ, બે કરોડપતિ, પાંચ કરોડપતિ. જડના પતિ! ચૈતન્યના પતિ થયા વિના એની શાંતિ વળે એવું નથી. આહાહા..! એક નિર્વાણ... નિર્વાણ... નિર્વાણ... નિર્વાણની શાંતિ કરી. કષાયભાવ ઓલાઈ ગયો. નિર્વાણ એટલે કષાયભાવ ઓલાઈ ગયો અને અકષાયભાવ પ્રગટ્યો. સમજાણું કાંઈ? એને નિર્વાણ કહેવામાં આવે છે. ભગવાન પણ અકષાયભાવ સ્વરૂપ જ છે. કષાયભાવનો એમાં અભાવ છે. એથી આત્મા પણ .. પ્રકાશમાન નિર્વાણ (સ્વરૂપ છે). જેના સ્વીકારમાત્રથી શાંતિ આવે એની પૂર્ણ પ્રગટતાની શાંતિની શું વાત કરવી! સમજાણું કાંઈ? એ ૧૮૦નો કળશ થયો.

## ગાથા-૧૮૧

णवि कम्मं णोकम्मं णवि चिंता णेव अट्टरुद्दाणि।
णवि धम्मसुक्कझाणे तत्थेव य होइ णिव्वाणं।।१८१।।

नापि कर्म नोकर्म नापि चिन्ता नैवार्तरौद्रे।
नापि धर्मशुक्लध्याने तत्रैव च भवति निर्वाणम्।।१८१।।

सकलकर्मविनिर्मुक्तशुभाशुभशुद्धध्यानध्येयविकल्पविनिर्मुक्तपरमतत्त्वस्वरूपाख्यानमेतत्।

सदा निरंजनत्वान्न द्रव्यकर्माष्टकं, त्रिकालनिरुपाधिस्वरूपत्वान्न नोकर्मपंचकं च, अमनस्कत्वान्न चिंता, औदयिकादिविभावभावानामभावादार्तरौद्रध्याने न स्तः, धर्मशुक्लध्यानयोग्यचरमशरीराभावात्तद्द्वितयमपि न भवति। तत्रैव च महानंद इति।

**જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,**
**જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.**

અન્વયાર્થ :– [ न अपि कर्म नोकर्म ] જ્યાં કર્મ ને નોકર્મ નથી, [ न अपि चिन्ता ] ચિંતા નથી, [ न एव आर्तरौद्रे ] આર્ત ને રૌદ્ર ધ્યાન નથી, [ न अपि धर्मशुक्लध्याने ] ધર્મ ને શુક્લ ધ્યાન નથી, [ तत्र एव च निर्वाणम् भवति ] ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ કર્માદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

ટીકા :– આ, સર્વ કર્મોથી વિમુક્ત (–રહિત) તેમ જ શુભ, અશુભ ને શુદ્ધ ધ્યાન તથા ધ્યેયના વિકલ્પોથી વિમુક્ત પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.

(પરમતત્ત્વ) સદા નિરંજન હોવાને લીધે (તેને) આઠ દ્રવ્યકર્મ નથી; ત્રણે કાળે નિરુપાધિસ્વરૂપવાળું હોવાને લીધે (તેને) પાંચ નોકર્મ નથી; મન રહિત હોવાને લીધે ચિંતા નથી; ઔદયિકાદિ વિભાવભાવોનો અભાવ હોવાને લીધે આર્ત ને રૌદ્ર ધ્યાન નથી; ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે તે બે ધ્યાન નથી. ત્યાં જ મહા આનંદ છે.

## ગાથા–૧૮૧ ઉપર પ્રવચન

૧૮૧.

**णवि कम्मं णोकम्मं णवि चिंता णेव अट्टरुद्दाणि।**
**णवि धम्मसुक्कझाणे तत्थेव य होइ णिव्वाणं।।१८१।।**
**જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,**
**જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.**

આમ તો નિર્વાણ કહ્યું. અંદર પરમતત્ત્વ નાખ્યું. બેય વ્યાખ્યા છે.

ટીકા :– **'આ, સર્વ કર્મોથી વિમુક્ત (–રહિત)...'** સર્વ કર્મો જડ અને ભાવથી રહિત **'તેમ જ શુભ, અશુભ ને શુદ્ધ ધ્યાન તથા ધ્યેયના વિકલ્પોથી વિમુક્ત...'** શુભ ધ્યાન અને અશુભ ધ્યાન, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. એ ધ્યાન અને ધ્યેયના ભેદના વિકલ્પથી મુક્ત **'પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.'** પરમતત્ત્વ સિદ્ધ ભગવાન અશરીરી થયા એ અને પરમતત્ત્વ આ ભગવાનઆત્મા બેયનું કથન છે. આહાહા..! પણ આ હોળી પાછી ક્યાંથી ઉપાધિ આવી? હેં ! 'નેમીદાસભાઈ'! કેટલી વ્યવસ્થામાં રોકાવું... આહાહા..! આ કરવું ને આ કરવું ને આ કરવું... ડાહ્યા માણસ હોય તો વ્યવસ્થાથી કામ લે ને?

મુમુક્ષુ :– પરનું (કામ) લેવાય છે જ ક્યાં?

ઉત્તર :– ધૂળમાંય નથી લેવાતું, સાંભળને! ડાહ્યો કોને કહેવો? બહારના કામની વ્યવસ્થામાં

ડાહ્યો (માને) એ તો મૂંઢ છે. આહાહા..! ભગવાનઆત્મા! 'નેમિદાસભાઈ'! એકલાએ ઉપાધિ કેટલી? શું કરવું આ મકાનનું? આ બધું નાખવું ક્યાં? કેમ કરવું? કેટલી ચિંતાઓ આવે અંદર, લ્યો! બધી સરખાય રાખવી જોઈએ. જરી હાથમાંય રાખે. નહિતર પાછી કોઈ સેવા નહિ કરે. એ બધી ઉપાધિ કેટલી? એય..! 'પોપટભાઈ'! આહાહા..! ભાઈ! તારા હાથમાં અનંતગુણનો હીરો છે. સમજાય છે કાંઈ? એ તારા હાથમાં તારી ચીજ છે. આ તો ધૂળેય તારી ચીજ નથી. આહાહા..! નથી ત્યાં મુંઝાણો, છે ત્યાં જોતો નથી. 'પોપટભાઈ'! આહાહા..!

**'સદા નિરંજન હોવાને લીધે...'** સિદ્ધ ભગવાન તો સદા નિરંજન છે. એમ આ આત્મા પણ ત્રિકાળ નિરંજન છે. આહાહા..! **'સદા નિરંજન...'** છે ને? ત્રણે કાળ ભગવાન રાગના અંજન અને મેલથી રહિત પ્રભુ છે. નિરંજન નાથ. અંજન-અંજન, નિ-અંજન. પુણ્ય અને પાપના વિકલ્પો અંજન એટલે મેલ એટલે કાળપ છે. એનાથી ભગવાનઆત્મા નિરંજન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'સદા નિરંજન...'** ત્રણે કાળે, પ્રભુ! તારી જાતમાં તો નિરંજનતા છે. અંજન એટલે મેલ. આંખમાં અંજન લગાવે છે ને? ત્યારે એ અંજનથી વળી શોભે એમ કહે. આ અંજનથી અશોભે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કહે. અંજન લગાવે. નાના છોકરાને સવારમાં લગાવે છે ને. કાળી લાગે. સારી લાગે. આમ ચીકણી લાગે ચીકણી ને શોભે. અહીં કહે છે કે અંજનથી આત્મા અશોભે. એ તો નિરંજનથી શોભે છે. આહાહા..!

**'સદા નિરંજન હોવાને લીધે...'** ત્રણે કાળે સિદ્ધ ભગવાન અને આત્મા નિરંજન (છે). **'આઠ દ્રવ્યકર્મ નથી;...'** એ આઠ કર્મ નથી. કર્મ કર્મમાં (છે). જડ છે એ તો. જડ જડમાં, આત્મા આત્મામાં. આત્મામાં કર્મ કેવા? ભારે આકરું. બધા વર્ણવ્યા. આઠ કર્મ સહિત છે. અરે..! ત્રિલોકનાથ તો એમ કહે છે કે આઠ કર્મને લઈને જીવ રખડ્યો. લ્યો! આ એમ કહે છે. એય..! (સંવત) ૨૦૦૬ની સાલમાં ત્યાં 'પાલિતાણા'. ૨૨ વર્ષ થયા. 'પ્રતાપભાઈ' કેવા 'પ્રતાપ'ને? 'જીવા પ્રતાપ'. એ આવ્યા લઈને. .. ખબર છે, હોં! આમ કહે છે આમ. તમે પુણ્ય-પાપ માનતા નથી. કર્મને લઈને રખડે છે. ભગવાન એમ કહે છે કર્મને (લઈને રખડે છે). તમે કહો છો, કર્મને લઈને નહિ. પોતાની ભૂલને લઈને રખડે છે. એમ નહિ. ભગવાને એમ નથી કહ્યું. આવી તકરાર હવે. અરરર..! શું કરે છે તું આ? તું ભૂલ્યો અને ભૂલ નાખ કર્મને માથે. આવો અન્યાય કરનારને આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કેમ થાય? આહાહા..!

કહે છે કે, તું તો આઠ કર્મ વિનાનો છો. વસ્તુ આત્મા આઠ કર્મ વિનાની છે. કર્મ તો જડ છે. ભગવાન તો ચૈતન્યમૂર્તિ આત્મા છે. એમાં કર્મ કેવા અંદર? આહાહા..! આ વાંધા ઊઠ્યા એય..! 'ચેતનજી'!

મુમુક્ષુ :- અનંત ઉપકારી..

ઉત્તર :– અનંત ઉપકારી એમ કહે છે. એમ કહ્યું હતું, હોં! 'અનંત ઉપકારી જિનરાજ એમ કહે છે કે આઠ કર્મને લઈને રખડ્યો. તમે એનો વિરોધ કરો છો.' કર્મને લઈને રખડ્યો નથી, પોતાના સ્વરૂપને ન જાણ્યું, ન માન્યું, ન ઓળખ્યું માટે રખડ્યો છે. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' કર્મ-બર્મ કોઈ રખડાવતું નથી. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' આ તો એક સાદી વાત છે, લ્યો! અને એમાં પણ તકરાર. અરે..! ભગવાન ક્યાં લઈને બેઠો. ભાઈ! તું તકરાર વિનાની ચીજ છો ને, નાથ! આ તકરારના વિકલ્પો તને શોભે છે? ભાઈ! આહાહા..! એ નિરંજન નિરાકાર બ્રહ્મ પ્રભુ સદા આઠ કર્મથી રહિત છે. **'ત્રણે કાળે નિરુપાધિસ્વરૂપવાળું હોવાને લીધે (તેને) પાંચ નોકર્મ નથી;...'** આહાહા..! શરીર નથી, મન, ભાષા પણ એને નથી. ભગવાનઆત્મામાં ભાષા અને મન છે નહિ. એ તો ભિન્ન છે. ચૈતન્યમૂર્તિ અરૂપી આનંદઘન છે. સમજાણું કાંઈ?

અરે..રે..! એના ઘરની વાતું સાંભળવા મળે નહિ અને પરઘરની માંડીને બેસે. આહાહા..! એના રખડવાના આરા કે દિ' ઓરા આવે? બહારની હોંશું. આહાહા..! છોકરો પરણતો હોય, પચ્ચીસ-પચાસ લાખની મૂડી હોય અને પાંચ લાખ ખરચવા હોય. જુઓ! પછી હું પહોળો ને શેરી સાંકડી. સો મોટરું તૈયાર કરજો. સગાવહાલાને કહે. એકસાથે મોટો વરઘોડો કાઢવો છે. જેટલા આપણા સગાવહાલા કે આડતિયા કે બધા (માટે) મોટરું લાવજો. રાત્રે વરઘોડો ભાઈનો કાઢવો છે. ચોર્યાશીમાં રખડવા જાય છે ને હવે. આહાહા..! જુઓ! આ એની હોશું. અરે..! તારે ચૈતન્યમૂર્તિ ભગવાન, એના આવા ગુણો કર્મ વિનાની ચીજ, એમાં આરૂઢ થવાની તને હોંશ ન આવે અને આમાં હોંશ આવે. આહાહા..! એણે સાચા તત્ત્વને ન જાણ્યું, ન માન્યું એટલે એનો અર્થ કે એણે સાચા તત્ત્વને મારી નાખ્યું છે. સ્વીકાર કર્યો નથી. આહાહા..! એ જીવિયા વવરોવિયા છે. ઇચ્છામિ પડિક્કમણું આવે છે કે ને નહિ? 'પોપટભાઈ'! કર્યું હતું? કે નહિ કર્યું હોય? 'ગુલાબભાઈ'એ નહિ કર્યું હોય. સામાયિકમાં નથી આવતું? સામાયિકમાં. પહેલું ણમો અરિહંતાણં, પછી તિક્ખુત્તો, પછી ઇરિયા વહિયાએ, પછી તસ્સઉતરી, પછી લોગ્ગસ, પછી કરેમિભંતે પછી નમોત્થુણં. સાત પાઠ આવે છે. તમે કર્યા હતા કે નહિ? આહાહા..!

**'ત્રણે કાળે નિરુપાધિસ્વરૂપવાળું હોવાને લીધે...'** ભાષા, મન ને શરીર એમાં નથી. **'મન રહિત હોવાને લીધે ચિંતા નથી.'** ભગવાનઆત્મામાં મન ક્યાં છે? એમ સિદ્ધને મન ક્યાં છે? મન હોય તો ચિંતા (થાય). આહાહા..! કોની ચિંતા? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા નિશ્ચિંત સ્વરૂપ છે. એવું તારું તત્ત્વ અનાદિનું એવું છે. પણ માન્યું નથી. માન્યું નથી. માન્યતા બીજે નાખી દીધી. આહાહા..!

**'ઔદયિકાદિ વિભાવભાવોનો અભાવ હોવાને લીધે...'** કળશમાં તો સિદ્ધ જ લેશે ચોખ્ખા. કળશમાં લેશે. કહે છે કે સિદ્ધ ભગવાનમાં ઉદય ઉપશમાદિ છે નહિ. એમ આત્મામાં એ

ઉદય, ઉપશમાદિ કાંઈ છે નહિ અંદર. આ તો ક્ષાયિકભાવ પણ આત્મામાં નથી. આહાહા..! ક્ષાયિકભાવ પણ એને એક સ્વદ્રવ્યની પૂર્ણ અખંડતાની અપેક્ષાએ એક અંશ દશાને પણ પરદ્રવ્ય કહીને, પરભાવ કહીને હેય ઠરાવ્યું છે. આહાહા..! એની નજરુંમાં આવો આત્મા છે, એવો જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને આત્મજ્ઞાન અને દર્શન થાય નહિ. આહાહા..! ભાઈ સવારમાં પૂછતા હતા શું કરવું કહે હવે. .. તો છે. .. બરાબર એને સમજણ જોઈએ. જેવી રીતે છે એવી રીતે જ્ઞાન કરવું. જ્ઞાન આવીને પછી અંદર ઢળે ત્યારે અનુભવ થાય. એ તો સિદ્ધને જે રીતે વ્યવહારુ-વ્યવહારુ વિકલ્પથી લક્ષમાં, શ્રદ્ધામાં, વિશ્વાસમાં લેવું જોઈએ. એવી રીતે ન આવે તો તો અંતરમાં એનો જવાબ નહિ આવે. અંતરનો જવાબ એટલે? એ અંતર્મુખ નહિ થઈ શકે. સમજાણું કાંઈ?

રાગ-દ્વેષનો **'વિભાવભાવોનો અભાવ હોવાને લીધે...'** આ સિદ્ધની વ્યાખ્યા છે એટલે ક્ષાયિકભાવનો અભાવ ન ... **'આર્ત ને રૌદ્ર ધ્યાન નથી;...'** એમ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમતત્ત્વ આત્મા, એને આર્ત ને રૌદ્ર, વિરુદ્ધ વિકારીભાવનું ધ્યાન એ સ્વરૂપમાં છે નહિ. આ **'ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે...'** લ્યો! ધર્મધ્યાન અને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે **'તે બે ધ્યાન નથી.'** સમજાણું? ઓલામાં મન નથી માટે ચિંતા નથી. સમજાણું કાંઈ? નિરંજન હોવાને લીધે કર્મ નથી. સદા નિરુપાધિ હોવાને લીધે પાંચ નોકર્મ નથી. આ ન્યાય આપ્યા. ઔદયિકાદિનો અભાવ હોવાને લીધે ધ્યાન નથી.

**'ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે તે બે ધ્યાન નથી. ત્યાં જ મહા આનંદ છે.'** આત્માની મોક્ષદશા, સિદ્ધદશા, ત્યાં આનંદ છે અને એ આનંદનું ધામ ભગવાન પોતે છે. એ આનંદ ક્યાંયથી બહારથી આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો નાથ, એનો સ્વીકાર થતાં જે આનંદ પર્યાયમાં પ્રગટ થાય એને ધર્મ કહીએ અને એની પૂર્ણ આનંદદશા પ્રગટ થાય એને સિદ્ધ કહીએ. આહાહા..!

શાકભાજીની કિંમત કરી માણસે પણ આત્માની કિંમત ન કરી. આહાહા..! કારેલા સારા આવ્યા હોય ને ઘીમાં કડકડા કર્યા હોય અને એમાં કેરીનો રસ ને રોટલી ખાતો હોય તો.. આહાહા..! જાણે કે આ શું આવ્યું? ધૂળેય નથી, સાંભળને! માળા! એ વિષયો સુખનું કારણ છે? એ અકિંચિત્ છે. તેં કલ્પના કરી છે કે આ ઠીક છે. એ તો તારી કલ્પનાનો વિષય થયો. સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'માં આવે છે ને. વિષયો શું કરે? આ તો 'પ્રવચનસાર'માં. વિષયો શું કરે? વિષયો તો અકિંચિત્કર છે. તારી કલ્પના તેં માની છે કે આ મને ઠીક છે. એ ભાવ તારો રોકાયેલો એ તારો ભાવ છે. બીજાને લઈને નથી કાંઈ. કલ્પના તેં માની છે કે આ સારું. આહાહા..! સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે. શરીર સુંદર, રૂપાળુ, ધોળું માખણ જેવું એને અડવાથી સુખ છે. એ વિષયોએ કાંઈ તને

સુખની કલ્પના નથી કરાવી. તેમ એમાં વિષયનું સુખ છે પણ નહિ. તેં કલ્પનાથી એમ માન્યું કે આમાં આમ છે. એ તો તારો વિષય, એમાં પર વિષય કરે શું? આહાહા..! પરનો વિષય બનાવીને કલ્પના તેં કરી. સ્વને વિષય બનાવીને નિર્વિકલ્પ (અનુભવ) કરે એ સુખનું કારણ છે. સમજાણું કાંઈ? આત્મા, આત્મા માન્યો.

'**ત્યાં જ મહા આનંદ છે.**' જ્યાં શુક્લધ્યાન અને ધર્મધ્યાન પણ નથી, એમ કહે છે. ત્યાં મહા આનંદ છે. શુક્લધ્યાન હોય ત્યાં પણ હજી પૂર્ણ આનંદ નથી. અવ્યાબાધ આનંદ નથી. લ્યો! સમજાણું કાંઈ? એમ આત્મામાં મહાઆનંદ છે. આવે છે ને એ વાત. કેટલાક ગુણ સમકિતાદિ પ્રગટ્યા એટલો તો યોગનો અભાવ પણ થયો છે એટલો. તે પ્રકારનું ભાઈ આવે છે ને? અનંતાનુબંધી ગયું, મિથ્યાત્વ ગયું તો એટલો એ સંબંધીનો જોગ પણ ગયો છે. વાત સાચી. આહાહા..! એમ તો ગયા પણ ખરેખર તો જેટલા ચાર અઘાતિ કર્મ છે એનો અંશ પણ ગયો છે. આખો આત્મા આખા ગુણનો પિંડ જ્યાં નિર્મળની પર્યાયમાં આવ્યો (ત્યાં) અવ્યાબાધ આદિ પર્યાયનો અંશ તો આવ્યો છે. સમજાણું કાંઈ? શું કહેવાય છે આ?

કહે છે કે, અઘાતિ કર્મના નિમિત્તવાળા જે ગુણો છે ને? અવગુણ. એનો પણ જરીક અંશે તો સમ્યગ્દર્શન થતાં યોગનો ગુણ પણ એક અંશે નિર્મળ થયો છે તે સંબંધનો. મિથ્યાત્વ અનંતાનુબંધીનો ... એટલો તો અઘાતિના જે નિમિત્તવાળા ગુણ એનો અંશે તો શુદ્ધ થયો છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં કેવળજ્ઞાનનો અંશ પ્રગટે છે, એ હજી કબુલ કરવું એને મુશ્કેલ પડે છે. કેવળજ્ઞાન તો પૂર્ણ સ્વરૂપ અખંડ છે. એ ક્ષાયિક છે માટે એમાં કટકો કહે.. અરે..! ભગવાન! વાંધો છે ને. આહાહા..! આખી ચીજમાં વળી આ અંશ ક્યો? અરે..! પ્રભુ! એ તો અંશ છે એ એનો છે, ભાઈ! એ તો પૂર્ણ નથી પ્રગટ્યો એટલે એને ઘાતિકર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! અનંતાગુણોમાં એ અંશ ભેગો આવ્યો કે નહિ?

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કીધું છે ને? અનાદિનો જે ક્ષયોપશમનો અંશ છે એ પણ બંધનું કારણ નથી, એમ ત્યાં કીધું છે. એની જાતનો છે ઇ. આહાહા..! ભલે સ્વલક્ષી ન હો. પણ ઉઘાડ તો છે ને? ઉઘાડનો અંશ કાંઈ બંધનું કારણ છે? પણ આખો આત્મા છે એ દૃષ્ટિનું જ્યાં ભાન થયું ત્યાં તેના પરિણામ બધા અબંધ પરિણામ જ થયા છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડા પરિણામ બંધના રહ્યા એ પૃથકમાં રહ્યા. તેથી એને સિદ્ધ સમાનની પર્યાય થઈ એમ પણ કહેવાય. આહાહા..! ગજબ વાત છે ને એની! આ કરોડ, બે કરોડ થાય ત્યાં અબજપતિનો ઓલો કૂદકો મારે કે હવે અબજ પતિ થાવું છે, હવે અમારે આમ થાવું છે, અમારે આમ થાવું છે. ત્યાં એની હોશું. નથી એને પણ જાણે લાવ્યો અને આવી જશે એમ માને. એમ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, કહે છે કે જ્યાં મહાઆનંદ છે, એની જ્યાં અંતરમાં સ્વીકાર દશા થઈ એ પર્યાયમાં પણ મહાઆનંદ પ્રગટ થાય. આહાહા..! સિદ્ધને મહા આનંદ પૂર્ણ છે.

'[હવે આ ૧૮૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક-૩૦૧

(मंदाक्रांता)

निर्वाणस्थे प्रहतदुरितध्वान्तसंघे विशुद्धे
कर्माशेषं न च न च पुनर्ध्यानकं तच्चतुष्कम्।
तस्मिन्सिद्धे भगवति परंब्रह्मणि ज्ञानपुंजे
काचिन्मुक्तिर्भवति वचसां मानसानां च दूरम्।।३०१।।

[શ્લોકાર્થ :–] જે નિર્વાણમાં સ્થિત છે, જેણે પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કર્યો છે અને જે વિશુદ્ધ છે, તેમાં (–તે પરમબ્રહ્મમાં) અશેષ (સમસ્ત) કર્મ નથી તેમ જ પેલાં ચાર ધ્યાનો નથી. તે સિદ્ધરૂપ ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં કોઈ એવી મુક્તિ છે કે જે વચન ને મનથી દૂર છે. ૩૦૧.

## શ્લોક-૩૦૧ ઉપર પ્રવચન

निर्वाणस्थे प्रहतदुरितध्वान्तसंघे विशुद्धे
कर्माशेषं न च न च पुनर्ध्यानकं तच्चतुष्कम्।
तस्मिन्सिद्धे भगवति परंब्रह्मणि ज्ञानपुंजे
काचिन्मुक्तिर्भवति वचसां मानसानां च दूरम्।।३०१।।

આહાહા..! શબ્દ ઓછા પડે છે ને!

**શ્લોકાર્થ :– 'જે નિર્વાણમાં સ્થિત છે,...'** જે આત્માની શાંતિ પૂર્ણ પરમાત્મ દશા પ્રગટ થઈ છે એમાં નિર્વાણમાં સ્થિત છે. **'જેણે પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કર્યો છે...'** અહીં તો પુણ્ય અને પાપ બેય પાપ છે. એવા પુણ્ય અને પાપના ભાવનો જેણે નાશ કર્યો છે. એ અંધકાર છે, કહે છે. દેખો ભાષા! ચૈતન્યના પ્રકાશની આગળ એ પુણ્ય અને પાપના બે ભાવ તે અજ્ઞાન અને અંધકાર છે. સમજાણું કાંઈ? **'प्रहतदुरित'** એનો જેણે નાશ કર્યો છે. અરે..! જ્ઞાન ભગવાન આગળ અજ્ઞાન અંધકાર કેમ રહે? સૂરજનો પ્રકાશ થાય અને અંધકાર રહે, એમ બને નહિ.

'લાલન' નહોતા દાખલો આપતા? કે અંધકાર અને પ્રકાશ બે થઈને અંધકારે કરી

ફરિયાદ કે આ મને રહેવા નથી દેતો. કહે, આવજો બેય ભેગા થઈને. ન્યાય આપશું. પણ સૂર્ય આવે ત્યાં અંધકાર ન હોય અને અંધકાર હોય ત્યાં સૂર્ય ન હોય. ભેગા કે દિ' થાય? અંધકારે ફરિયાદ કરી કે આ સૂર્ય મને નડ્યા જ કરે છે. અમારો નાશ કરી નાખે છે. જરીક આપ ન્યાય આપો, ન્યાય. આવજો બેય ભેગા થઈને કોર્ટમાં. મારી પાસે આવજો તો ખરા ભેગા થઈને. ભેગા થાય શી રીતે? આહાહા..! જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર નથી. ત્યાં ભેગા થાય શી રીતે? એવું આવે છે. લોકો વાતું કરે છે.

અહીં તો ભગવાન કેવળજ્ઞાનનો નાથ... આહાહા..! એના ચૈતન્યપ્રકાશના નૂર આગળ એ ચૈતન્યના પ્રકાશના પૂરના પ્રવાહ આગળ પુણ્યના, પાપના અંધકારનો તો નાશ થઈ જાય છે. કહો, 'ભીખાભાઈ'! આવો આત્મા. હવે એમાં પાંચ, પચાસ હજાર મળે, લાખ, બે લાખ તો એમ થઈ જાય કે આહાહા..! બાહુબળે સાંપડ્યા છે મને, નહોતા ને સાંપડ્યા. બાપા નહોતા કાંઈ મૂકી ગયા. અને અમે બાહુબળે રળ્યા છીએ. એમ કરીને બાપને હલકા ઠરાવ્યા. એય..! 'મલૂકચંદભાઈ'! કહ્યું હતું એક વખત. ખબર છે? 'અમદાવાદ'માં કહ્યું હતું. બાપાએ ક્યાં પૈસાનો ધક્કો જોયો છે. ધક્કો નહિ, શબ્દ કાંઈક (બીજો) હતો. શું હતું? એ કાંઈક હતું. એમણે રસ ક્યાં જોયો છે, એમ કહ્યું હતું. એની પાસે કેટલા હોય પચાસ હજાર, લાખ, બે લાખ થયા હમણા વળી. ૩૫-૪૦ હજાર એના બાપ પાસે હતા. ભાઈઓ બધા ભેગા ગણાય. આહાહા..! છોકરાઓ કરોડોપતિ થયા તો કહે, એ તો બાપાએ પૈસાનો રસ ક્યાં જોયો છે. અમે રસ જોયો છે એનો. આહાહા..! ઝેરના રસ છે. આહાહા..! ભારે. પણ દુનિયાથી ઊંધું ભારે, હોં! આહાહા..!

કહે છે, નિર્વાણ પરમાત્મસ્વરૂપ એવા ચૈતન્યના પ્રકાશમાં જે સ્થિત છે. જેણે પાપ અને પુણ્યના અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કર્યો છે **'અને જે વિશુદ્ધ છે,...'** લ્યો! અહીં તો વિશુદ્ધ નિર્મળતાના (અર્થમાં) છે. વિશુદ્ધ. શુભભાવને વિશુદ્ધ કહેવાય, શુદ્ધને પણ વિશુદ્ધ કહેવાય છે. પૂર્ણ શુદ્ધ, વિ-શુદ્ધ–વિશેષે પૂર્ણ શુદ્ધતા જેને પ્રગટી એવા પરમાત્મા સિદ્ધ, **'તેમાં (–તે પરમબ્રહ્મમાં) અશેષ (સમસ્ત) કર્મ નથી...'** કોઈ કર્મ માત્ર નથી. આહાહા..! અને કર્મ નથી તો કર્મના કારણે થતા ભાવ પણ નથી. એ **'પેલાં ચાર ધ્યાનો નથી.'** પેલા આવ્યા ને? તત્‌ને? તત્ ચતુષ્ટય ને. એમાં. **'પેલાં ચાર ધ્યાનો નથી.'** આર્ત, રૌદ્રધ્યાન નથી. સમજાણું કાંઈ? પહેલી ચર્ચા થાતી હતી, પડિક્કમણામાં આવે છે ને? પડિક્કમામિ ચઉહિં જાણેહિ, પડિકમામિ ચઉહિ ઝાણેહિં ચોથા શ્રમણ સૂત્રમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. પહેલા ચાર ધ્યાનથી કેમ પાછો ફરે? અરે..! પણ ચારે ધ્યાનથી પાછો ફરે ત્યારે પૂર્ણ થાય છે. એય..! પડિક્કમણા ચોથા સૂત્રમાં. શ્રમણસૂત્રમાં પડિક્કમામિ ચઉહિં જાણેહિ ... રાડ પાડે.

મુમુક્ષુ :– એ તો એના પુસ્તકમાંથી.

ઉત્તર :– એનામાં સૂત્ર છે પણ એનો અર્થ કરવામાં રાડ પાડતા. આ તો ઘણા વર્ષની વાત છે, હોં! ૫૦ વર્ષ (થયા). પડિક્કમામિ ચઉહિં ઝાણેહિં એ આવે છે કે નહિ? શુક્લધ્યાનથી પાછા ફરવું? પડિકમણાથી પાછા ફરવું એમ એનો અર્થ છે. એનો અર્થ જ એ છે કે ચાર ધ્યાન મારામાં નથી. હું તો અખંડાનંદ એકરૂપ છું. સમજાણું કાંઈ? શ્રમણસુત્રમાં આવે છે. સ્થાનકવાસીમાં આવે છે, દેરાવાસીમા નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– તો શુક્લધ્યાનનો દોષ લાગ્યો હશે? એનો અર્થ જ એ છે. વાત તો એમ જ છે. એમ કે ચાર ધ્યાનનો દોષ લાગ્યો તો શુક્લધ્યાન.. શુક્લધ્યાન તો તારે નથી. અને એ શુક્લધ્યાન જ પોતે અધુરું છે. એ મારું પૂર્ણ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

**'તે સિદ્ધરૂપ ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં કોઈ એવી મુક્તિ છે...'** સિદ્ધરૂપ ભગવાન અશરીરી પ્રભુ થયા એવા ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં **'કોઈ એવી મુક્તિ છે કે જે વચન ને મનથી દૂર છે.'** વચન અને મનના વિકલ્પથી પણ દૂર છે. એવી મુક્તિ એને મોક્ષ કહીએ. સમજાણું કાંઈ? વચનાતીત, વિકલ્પાતીત, મનથી રહિત એવી પૂર્ણ આનંદની દશા, પૂર્ણ જ્ઞાનપુંજની પ્રગટ દશા, એને મુક્તિ કહેવામાં આવે છે. અહીં તો કહે, વૈકૂંઠમાં જાવ ત્યાં તમને ભગવાન મળશે. એની સેવા કરજો. હજી ત્યાં નોકર રહેવું છે એને. આવા ને આવા. મુક્તિની ખબર પણ ન મળે. અને ત્યાં પછી તમે અમારા સાધુને વહોરાવ્યું, આપ્યા હશે લાડવા, ત્યાં તમને લાડવા મળશે. હજી એને શરીર, એને ભાણા, એને લાડવા ને આવી મુક્તિ વૈકૂંઠની. ગપે ગપ માર્યા છે ને. આહાહા..! (અહીં) તો મુક્તિ એટલે પરમ આનંદની તારી દશા એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. આહાહા..! ત્યાં વળી ભગવાન પાસે જાય અને ભગવાનની સેવા કરે ત્યાં તો હજી નોકર રહ્યો.

મુમુક્ષુ :– ભગવાનને સેવાની જરૂર શું છે?

ઉત્તર :– ભગવાનને શરીર નથી તો સેવા કોની કરે? ભગવાન તો શરીરરહિત છે. આહાહા..! ભારે પણ ગપ્પ માર્યાં છે ને. લોકો બિચારાને કાંઈ ખબર ન મળે. આંધળે આંધળા.. 'અંધો અંધ પલાય...' આવે છે ને? 'સૂયગડાંગ'માં આવે છે. આંધળો દેખાડનાર, આંધળો ચાલનાર. બેય પડે ખાડમાં. આવો ભગવાનઆત્મા એની મુક્તિ કોઈ અલૌકિક મન અને વચનથી પાર છે. ત્યાં વળી શરીર ને એને સેવા ને એવું હોય નહિ. એ અજ્ઞાનીઓએ કલ્પીને ગોઠવણ કરી. આહાહા..! એ ૧૮૧ થઈ.

## ગાથા–૧૮૨

विज्जदि केवलणाणं केवलसोक्खं च केवलं विरियं।
केवलदिट्ठि अमुत्तं अत्थित्तं सप्पदेसत्तं।।१८२।।
विद्यते केवलज्ञानं केवलसौख्यं च केवलं वीर्यम्।
केवलदृष्टिरमूर्तत्वमस्तित्वं सप्रदेशत्वम्।।१८२।।

भगवतः सिद्धस्य स्वभावगुणस्वरूपाख्यानमेतत्।

निरवशेषेणान्तर्मुखाकारस्वात्माश्रयनिश्चयपरमशुक्लध्यानबलेन ज्ञानावरणाद्यष्टविधकर्मविलये जाते ततो भगवतः सिद्धपरमेष्ठिनः केवलज्ञानकेवलदर्शनकेवलवीर्यकेवलसौख्यामूर्तत्वास्तित्वसप्रदेशत्वादिस्वभावगुणा भवंति इति।

દ્રગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,
અસ્તિત્વ, મુર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.

અન્વયાર્થ :– [ केवलज्ञानं ] (સિદ્ધભગવાનને) કેવળજ્ઞાન, [ केवलदृष्टिः ] કેવળદર્શન, [ केवलसौख्यं च ] કેવળસુખ, [ केवलं वीर्यम् ] કેવળવીર્ય, [ अमूर्तत्वम् ] અમૂર્તત્વ, [ अस्तित्वं ] અસ્તિત્વ અને [ सप्रदेशत्वम् ] સપ્રદેશત્વ [ विद्यते ] હોય છે.

ટીકા :– આ, ભગવાન સિદ્ધના સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે.

નિરવશેષપણે અંતર્મુખાકાર (–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં કર્મોનો વિલય થતાં, તે કારણે ભગવાન સિદ્ધપરમેષ્ઠીને કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ, અમૂર્તત્વ, અસ્તિત્વ, સપ્રદેશત્વ વગેરે સ્વભાવગુણો હોય છે.

## ગાથા–૧૮૨ ઉપર પ્રવચન

૧૮૨. હવે આમાં તો ચોખ્ખી વાત છે. પરમાત્મા જ્યારે આત્મા સિદ્ધ થાય પરમાત્મા, ત્યારે એમાં શું હોય છે એનું વર્ણન છે. અત્યારે પણ એ બધું શક્તિમાં છે. પણ પર્યાયમાં પ્રગટ થાય ત્યારે શું એનું વર્ણન કરે છે.

विज्जदि केवलणाणं केवलसोक्खं च केवलं विरियं।
केवलदिट्ठि अमुत्तं अत्थित्तं सप्पदेसत्तं।।१८२।।

**દૃગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,**
**અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.**

**ટીકા :–** **'આ, ભગવાન સિદ્ધના...'** સિદ્ધ એટલે પરમાત્મા થાય તે. સંસારનો નાશ કરીને પોતાની પરમાત્મદશા પ્રગટ કરે એને અહીંયાં સિદ્ધ ભગવાન મુક્તિદશા કહે છે. **'આ, ભગવાન સિદ્ધના સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે.'** લ્યો! ગુણો-ગુણો. પર્યાયની વાત છે. ભાષા તો એમ જ બોલાયને. શું કહે? **'સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે.'** હવે એને સિદ્ધપદ કેમ પ્રાપ્ત થાય એની વાત કરે છે.

**'નિરવશેષપણે અંતર્મુખાકાર...'** અંતર્મુખ સ્વરૂપ. ભગવાનઆત્મા અંતરમાં પૂર્ણાનંદ છે એને અંતર્મુખે ધ્યાન કરીને **'(–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે (વસ્તુ ભગવાન) એવા), સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી...'** લ્યો! એવો સ્વાત્મા, એને આશ્રયે નિશ્ચય એટલે પરમશુક્લ ધ્યાન. આહાહા..! નિશ્ચય પરમ શુક્લધ્યાન. છેલ્લું છે ને આ તો? એના બળથી **'જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં કર્મોનો...'** નાશ એમ થયો. કર્મોનો નાશ થયો તો આ બળ પ્રગટ્યું એમ નથી કહ્યું અહીંયાં. આવા બળથી જ્ઞાનાવરણીય કર્મોનો નાશ કર્યો.

**'આઠ પ્રકારના કર્મોનો વિલય થતાં,...'** વિલય એટલે નાશ. પણ આવા બળથી નાશ થતાં એમ કહ્યું છે. ઓલા એમ કહે છે, કર્મનો નાશ થાય તો ગુણ પ્રગટ થાય એમ કહો. અહીં તો આત્મબળના ધ્યાનમાં આવા કર્મ નાશ થઈ જશે. સમજાણું કાંઈ? ... બાકી તો પોતાના સ્વભાવનો આશ્રય કરે એટલે એનો અશુદ્ધતાનો નાશ થઈ જતાં એનું નિમિત્તપણું કર્મને છે એ કર્મ પણ એની મેળે પરિણમી જાય. કર્મ અકર્મરૂપે થઈ જાય. કર્મ અકર્મરૂપે થાય એ કર્મનો નાશ કહેવામાં આવે છે.

**'તે કારણે ભગવાન સિદ્ધપરમેષ્ઠીને કેવળજ્ઞાન,...'** પૂર્ણ જ્ઞાન. **'કેવળદર્શન,...'** પૂર્ણ દર્શન. **'કેવળવીર્ય,...'** એકરૂપ વીર્ય. **'કેવળસુખ,...'** એકરૂપ સુખ. **'અમૂર્તત્વ, અસ્તિત્વ,...'** હોવાપણું પૂર્ણ સિદ્ધ પ્રગટ કર્યું. **'સપ્રદેશત્વ...'** અસંખ્ય પ્રદેશી છે ને?

મુમુક્ષુ :– ભગવાનને...

ઉત્તર :– હા. એ ક્યાં વયા ગયા બતાવે છે. બીજા કરતા જુદી મુક્તિની દશા. સપ્રદેશત્વ વગેરે સ્વભાવપર્યાયો પ્રગટ થઈ ગઈ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક-૩૦૨

(मंदाक्रांता)

बन्धच्छेदाद्भगवति पुनर्नित्यशुद्धे प्रसिद्धे
तस्मिन्सिद्धे भवि नितरां केवलज्ञानमेतत्।
दृष्टिः साक्षादखिलविषया सौख्यमात्यंतिकं च
शक्त्याद्यन्यद्गुणमणिगणं शुद्धशुद्धश्च नित्यम्।।३०२।।

**[શ્લોકાર્થ :–] બંધના છેદને લીધે, ભગવાન તેમ જ નિત્યશુદ્ધ એવા તે પ્રસિદ્ધ સિદ્ધમાં (–સિદ્ધપરમેષ્ઠીમાં) સદા અત્યંતપણે આ કેવળજ્ઞાન હોય છે, સમગ્ર જેનો વિષય છે એવું સાક્ષાત્ દર્શન હોય છે, *આત્યંતિક સૌખ્ય હોય છે તથા શુદ્ધશુદ્ધ એવો વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે. ૩૦૨.**

**પ્રવચન નં. ૨૧૨, ગાથા–૧૮૨-૧૮૪, શ્લોક–૩૦૨-૩૦૩, મંગળવાર, માગશર વદ ૧૨, તા.૧૪-૧૨-૭૧**

'નિયમસાર' ૧૮૨ ગાથાનો કળશ છે. માર્ગ સાધનનું ફળ બતાવે છે. આમાં બે અધિકાર છે ને? એક તો મોક્ષનો માર્ગ અને એનું ફળ સિદ્ધપદ અથવા મુક્તિ. આ મુક્તિ એટલે સિદ્ધ ભગવાનના ગુણોનું વર્ણન છે. જેણે આત્માને પૂર્ણ પરમાત્મસ્વભાવનું સાધન અંતર કર્યું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા, તેને ફળરૂપે મુક્તિ સિદ્ધિ, સિદ્ધિરૂપી સિદ્ધ થાય. મુક્તિ અને મુક્ત બેય એક જ છે. સિદ્ધ જીવ કહો કે એને મુક્તિ કહો. આવા જીવને એ પ્રાપ્ત થાય છે. જેણે આત્માનું આરાધન કર્યું છે એ સિદ્ધના ગુણોના સ્વરૂપનું વર્ણન છે. ૩૦૨ કળશ છે.

बन्धच्छेदाद्भगवति पुनर्नित्यशुद्धे प्रसिद्धे
तस्मिन्सिद्धे भवि नितरां केवलज्ञानमेतत्।
दृष्टिः साक्षादखिलविषया सौख्यमात्यंतिकं च
शक्त्याद्यन्यद्गुणमणिगणं शुद्धशुद्धश्च नित्यम्।।३०२।।

---

* આત્યંતિક = સર્વશ્રેષ્ઠ; અનંત.

કહે છે કે, પરમાત્મા સિદ્ધ થાય, એણે મોક્ષમાર્ગ આરાધ્યો એના ફળરૂપે એમાં અનંતગુણો હોય છે. ગુણ શબ્દે પર્યાય પ્રગટ લીધા છે. **'બંધના છેદને લીધે,...'** એણે શું કર્યું પહેલું? કે બંધનો છેદ કર્યો. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ એ બંધ (ભાવ છે). એનો છેદ કરીને. (સિદ્ધ) એમ કર્યું કે પહેલા એને બંધ હતો. **'બંધના છેદને લીધે, ભગવાન તેમ જ નિત્યશુદ્ધ...'** ભગવાન તો ખરા પણ એ નિત્યશુદ્ધ. પરમાત્મદશા, સિદ્ધદશા પ્રગટ થઈ ત્યારથી એ નિત્યશુદ્ધ છે. સાદિઅનંત. એને અહીં નિત્યશુદ્ધ કહેવામાં આવે છે.

**'એવા તે પ્રસિદ્ધ સિદ્ધમાં...'** આહાહા..! કહે છે, એ તો પ્રસિદ્ધ સિદ્ધ છે. મુક્તને પામેલા સિદ્ધ સ્વભાવને પ્રાપ્ત પ્રસિદ્ધ છે. જેમ સંસાર પ્રસિદ્ધ છે, એમ સંસારના અભાવ-સ્વભાવરૂપ સિદ્ધ પણ પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ? એવા **'(–સિદ્ધપરમેષ્ઠીમાં) સદા અત્યંતપણે...'** નિરંતર અત્યંતપણે **'આ કેવળજ્ઞાન હોય છે,...'** કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે. એવું સિદ્ધ ભગવાનમાં કેવળજ્ઞાન સદા અત્યંતપણે હોય છે.

**'સમગ્ર જેનો વિષય છે એવું સાક્ષાત્ દર્શન હોય છે,...'** **'साक्षादखिलविषया'** કેવળદર્શન ત્રણકાળ ત્રણલોકના જે પદાર્થો છે તેને સામાન્ય રીતે સમગ્ર પૂર્ણ (દેખે) એવો જેનો વિષય છે. ત્રણકાળ ત્રણલોક જેને સામાન્યપણે અભેદપણે દેખાય એવો એ દર્શનનો વિષય છે. કેવળદર્શન. **'એવું સાક્ષાત્ દર્શન હોય છે, આત્યંતિક સૌખ્ય હોય છે...'** **'સર્વશ્રેષ્ઠ; અનંત'** જેને આનંદ હોય છે. સંસાર દશામાં એકલું દુઃખ છે. મોક્ષમાર્ગની દશામાં કંઈક આનંદ છે અને કંઈક દુઃખની અવસ્થા પણ છે. પૂર્ણ આનંદ નથી. સિદ્ધમાં પૂર્ણ આનંદ, અનંત આનંદ છે. સર્વશ્રેષ્ઠ આનંદ. સર્વશ્રેષ્ઠ એટલે કે આ સંસારના કાંઈક સુખ હશે? એ નહિ, પણ મોક્ષમાર્ગી જીવને આનંદ જે છે એના કરતા સર્વશ્રેષ્ઠ આનંદ છે. સમ્યગ્દર્શનમાં આનંદની શરૂઆત થઈ જાય. સમજાણું કાંઈ?

ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન, દર્શન અને વીર્ય ચતુષ્ટયથી ભરેલો પદાર્થ છે. વસ્તુ છે ને? વસ્તુ છે તો એનો સ્વભાવ હોય ને? સ્વભાવ હોય એને મર્યાદા શી? અનંત જ્ઞાન-દર્શન-આનંદ અને વીર્ય જેમાં-આત્મામાં પડ્યા છે. એવું જેણે સાધન કર્યું, એકાગ્રતા કરી એને અનંત સુખ સર્વોત્કૃષ્ટ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પણ ધર્મની શરૂઆત ધર્મ કરનારને અતીન્દ્રિય આનંદ આવે છે, એમ કહે છે. પણ એ અપૂર્ણ આનંદ છે. સમજાણું કાંઈ? અને એના સાધન તરીકે સાધીને પૂર્ણ દશા પ્રગટ થઈ–સિદ્ધ પરમાત્મા, એ તો અનંત સર્વશ્રેષ્ઠ સુખને પ્રાપ્ત છે. એવું સુખ જગતમાં એના સિવાય બીજે નથી. લ્યો! આ સુખી તો સિદ્ધને સુખી કહે છે. પૈસાવાળા, છોકરાવાળા, આબરૂવાળા નહીં? કહો, ક્યાં ગયા તારા દાદા? સમજાણું આમાં? દુનિયા સુખી કહે છે ને? ગાંડા કહે છે બધા. આહાહા..!

... આવે છે ને કાંઈક? કે સુખ તો અનંત મોક્ષમાં છે. માટે મોક્ષનું સાધન કરવું એ

જીવને હિતકર અને શ્રેયકર છે. બાકી બધી ધૂળધાણી છે. એવું સર્વોત્કૃષ્ટ સુખ સમ્યગ્દર્શનથી પ્રગટ થતાં બારમે (ગુણસ્થાને) આનંદ થાય, પણ સિદ્ધને તો પૂર્ણ અનંત આનંદ અવ્યાબાધ પ્રગટ થાય. સમજાણું કાંઈ? આઠેય કર્મનું ફળ દુઃખ કહ્યું છે ને? ત્યાં તો આઠેયનો અભાવ થઈ ગયો. પરિપૂર્ણ સર્વોત્કૃષ્ટ આનંદ, પૂર્ણ અતીન્દ્રિય આનંદનો અનુભવ, એવા સિદ્ધને અનંત આનંદ હોય છે.

કહે છે, '**તથા શુદ્ધશુદ્ધ એવો વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે.**' જેની પર્યાયો બધી અનંતગુણની શુદ્ધ શુદ્ધ થઈ ગઈ છે. વીર્ય એટલે પુરુષાર્થ. '**વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે.**' અન્ય ગુણોરૂપી મણિનો સમૂહ–ઢગલો હોય છે ત્યાં. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એને પરમાત્મદશા કે મુક્તદશા કે સિદ્ધદશા કે સિદ્ધ પરમેષ્ઠી કહેવામાં આવે છે. એ આત્માનું પૂર્ણ શુદ્ધ પવિત્રપદ તે સિદ્ધપદ. સમજાણું કાંઈ?

## ગાથા–૧૮૩

णिव्वाणमेव सिद्धा सिद्धा णिव्वाणमिदि समुद्दिट्ठा।
कम्मविमुक्को अप्पा गच्छइ लोयग्गपज्जंतं।।१८३।।

निर्वाणमेव सिद्धाः सिद्धा निर्वाणमिति समुद्दिष्टाः।
कर्मविमुक्त आत्मा गच्छति लोकाग्रपर्यन्तम्।।१८३।।

सिद्धिसिद्धयोरेकत्वप्रतिपादनपरायणमेतत्।

निर्वाणशब्दोऽत्र द्विष्ठो भवति। कथमिति चेत्, निर्वाणमेव सिद्धा इति वचनात्। सिद्धाः सिद्धक्षेत्रे तिष्ठंतीति व्यवहारः, निश्चयतो भगवंतः स्वस्वरूपे तिष्ठंति। ततो हेतोर्निर्वाणमेव सिद्धाः सिद्धा निर्वाणम् इत्यनेन क्रमेण निर्वाणशब्दसिद्धशब्दयोरेकत्वं सफलं जातम्। अपि च यः कश्चिदासन्नभव्यजीवः परमगुरुप्रसादासादितपरमभावभावनया सकलकर्मकलंकपंकविमुक्तः स परमात्मा भूत्वा लोकाग्रपर्यन्तं गच्छतीति।

---

**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.**

અન્વયાર્થ :– [ निर्वाणम् एव सिद्धाः ] નિર્વાણ તે જ સિદ્ધો છે અને [ सिद्धाः निर्वाणम् ] સિદ્ધો તે નિર્વાણ છે [ इति समुद्दिष्टाः ] એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. [ कर्मविमुक्तः आत्मा ] કર્મથી વિમુક્ત આત્મા [ लोकाग्रपर्यन्तम् ] લોકાગ્ર પર્યંત [ गच्छति ] જાય છે.

**ટીકા :– આ, સિદ્ધિ અને સિદ્ધના એકત્વના પ્રતિપાદન વિષે છે.**

**નિર્વાણ શબ્દના અહીં બે અર્થ છે. કઈ રીતે? 'નિર્વાણ તે જ સિદ્ધો છે' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે એમ વ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવંતો નિજ સ્વરૂપે રહે છે; તે કારણથી 'નિર્વાણ તે જ સિદ્ધો છે અને સિદ્ધો તે નિર્વાણ છે' એવા આ પ્રકાર વડે નિર્વાણશબ્દનું અને સિદ્ધશબ્દનું એકત્વ સફળ થયું.**

**વળી, જે કોઈ આસન્નભવ્ય જીવ પરમગુરુના પ્રસાદ વડે પ્રાપ્ત પરમભાવની ભાવના વડે સકળ કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે, તે પરમાત્મા થઈને લોકાગ્ર પર્યંત જાય છે.**

## ગાથા–૧૮૩ ઉપર પ્રવચન

૧૮૩.

**णिव्वाणमेव सिद्धा सिद्धा णिव्वाणमिदि समुद्दिट्ठा।**
**कम्मविमुक्को अप्पा गच्छइ लोयग्गपज्जंतं।।१८३।।**
**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.**

ઉપાદાનથી પહેલી વાત લીધી.

'**ટીકા :– આ, સિદ્ધિ...**' સિદ્ધિ એટલે મુક્તિ '**અને સિદ્ધ(આત્મા) એકત્વના પ્રતિપાદન વિષે છે.**' મુક્તિની પર્યાય અને સિદ્ધ બેય એકત્વ છે. બેય જુદા નથી. મુક્તિ ઉપર છે અને સિદ્ધ નીચે છે કે બહાર છે એમ નહિ, એમ કહે છે. સિદ્ધની પૂર્ણ દશા એ જ મુક્તિ અને એ પોતે મુક્ત જીવ. બે અભેદ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અભેદ જ છે. અભેદ છે એટલે? જુદી ચીજ નથી. જેમ આત્મા અને બીજા પરમાણુ જુદા એમ નથી. બાકી છે તો પર્યાય પર્યાયની. અહીં તો મુક્તિ અને મુક્તજીવની દશા, સિદ્ધિ અને સિદ્ધપર્યાય બેય એક જ છે એમ કહેવું છે. સિદ્ધની પર્યાય અને મુક્તિ બેય એક જ છે. મુક્તિ ઉપર થાય છે, રહે છે એમ કહેવું તે વ્યવહાર છે. એમ કહે છે. પોતામાં જ મુક્તિ છે. સમજાણું કાંઈ? સિદ્ધની પર્યાયની પૂર્ણતા એ મુક્તિ, એ મુક્ત જીવની દશા. સમજાણું કાંઈ?

'**નિર્વાણ શબ્દના અહીં બે અર્થ છે. કઈ રીતે? 'નિર્વાણ તે જ સિદ્ધો છે'...**' લ્યો, ઠીક! એ નિર્વાણ તે સિદ્ધ એની પર્યાય છે. નિર્વાણ થયા તે સિદ્ધની પર્યાય છે. તે સિદ્ધ છે. એમ સિદ્ધથી લેવું છે ને. '**નિર્વાણ તે જ સિદ્ધો છે.**' પરિપૂર્ણ શાંતિ પ્રગટ થઈ એ જ

સિદ્ધ છે. નિર્વાણ જુદું ક્ષેત્ર છે અને સિદ્ધની પર્યાયનું જુદું ક્ષેત્ર છે એમ નથી, એમ કહેવું છે. **'એવું (શાસ્ત્રનું) વચન હોવાથી સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે એમ વ્યવહાર છે,...'** સિદ્ધ ભગવાન સિદ્ધક્ષેત્રમાં રહે છે એ વ્યવહાર છે. એ પોતાની મુક્તદશામાં જ રહે છે. સિદ્ધ મુક્તિમાં રહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ સિદ્ધ પર્યાય પર્યાય મુક્તિ છે એ જ એની પર્યાય છે, એ જ એનું એમ કે સ્થાન છે. સિદ્ધની પર્યાય એ જ મુક્તિ, એમ કહેવું છે. એ નિર્વાણ. નિર્વાણ કોઈ બીજી ચીજ છે અને મુક્ત પર્યાય કોઈ જુદી ચીજ છે, એમ નથી. સિદ્ધો લીધા છે ને? સિદ્ધની પર્યાય.

**'સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે એમ વ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવંતો નિજસ્વરૂપે રહે છે;...'** બસ, આ ... અહીં જેમ સંસારદશા એની પર્યાયનું જ સ્વરૂપ છે. એમ મુક્તદશા, મુક્તિ એની પર્યાયનું જ સ્વરૂપ છે. એ ઉપર રહે છે માટે મુક્તિ છે એમ છે નહિ. છેલ્લી ગાથાઓ છે ને એમાં સૌનું વર્ણન કરે છે. **'તે કારણથી નિર્વાણ તે જ સિદ્ધો છે...'** જુઓ! નિર્વાણપદ પૂર્ણ શાંતિ અને પૂર્ણ કષાયનું ઓલવવું થઈને અકષાય પર્યાય થઈ એ જ સિદ્ધ છે. **'અને સિદ્ધો તે નિર્વાણ છે...'** સિદ્ધની પર્યાય તે નિર્વાણ છે. સમજાણું કાંઈ?

**'એવા આ પ્રકાર વડે નિર્વાણશબ્દનું અને સિદ્ધશબ્દનું...'** સિદ્ધ તો પર્યાયરૂપ થઈને? સિદ્ધનો જીવ છે એ બીજી ચીજ છે. સિદ્ધ એની જે પર્યાય છે એ જ નિર્વાણ છે. નિર્વાણ એ સિદ્ધ. સમજાણું કાંઈ? એમ કહે ને, ભગવાનઆત્મા મુક્તિ પામ્યા. એટલે મુક્તિ ક્યાંક હશે. એમ પામ્યા હશે? ભગવાન સિદ્ધક્ષેત્રને પામ્યા. એ ક્ષેત્ર નહિ. પોતાની પૂર્ણ પર્યાયને પામ્યા એ એનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ? **'નિર્વાણશબ્દનું અને સિદ્ધશબ્દનું એકત્વ સફળ થયું.'** લ્યો! બેય એકત્વ છે, જુદા છે નહિ.

હવે એ ટીકાકાર શ્લોક નાખે છે. **'कम्मविमुक्को अप्पा गच्छइ लोयग्गपज्जंतं।'** એમ છે ને? **'વળી જે કોઈ આસન્નભવ્ય જીવ...'** જેને હવે મોક્ષ નજીક છે. સંસારનો કિનારો આવી ગયો છે. એવા આસન્ન એટલે નજીક. ભવ્યતા જેની નજીક છે. મુક્તિ થવાની જેની લાયકાત તદ્દન નજીક છે. સમજાણું કાંઈ? એવા **'આસન્નભવ્ય જીવ પરમગુરુના પ્રસાદ વડે પ્રાપ્ત...'** ગુરુએ એને એમ કહ્યું હતું કે પૂર્ણાનંદનો નાથ તું છો, એનું આરાધન કર. એટલે એને પરમગુરુના પ્રસાદ વડે, પ્રસાદી એ કહી એને. તારો ભગવાન પૂર્ણ શાંતિ, આનંદથી ભરેલો પદાર્થ છે. સ્વભાવવાન છે. એનો સ્વભાવ પૂર્ણ છે એનું આરાધન કર. એટલે એના **'પ્રસાદ વડે પ્રાપ્ત પરમભાવની ભાવના...'** જોયું! એમ એણે કહ્યું હતું એવું એણે કર્યું.

**'પરમભાવની ભાવના...'** પરમભાવ એવો પારિણામિક જ્ઞાયક ત્રિકાળી સ્વભાવ, શુદ્ધ આનંદ ધ્રુવ તત્ત્વ, એની ભાવના એટલે એકાગ્રતા. લ્યો, આ ભાવનામાં નિશ્ચય મોક્ષમાર્ગ

નાખી દીધો. ભગવાન પૂર્ણ સ્વરૂપ, અનંતજ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો પરમભાવ, એની ભાવના. પુણ્ય-પાપની અને વ્યવહારની ભાવના નહિ, એમ કહે છે. અને ભાવના શબ્દે કલ્પના અને ચિંતવના એમ નહિ. અર્થ તો એવો કરશે આમાં. નિજ ભાવના ... મારી નિજ ભાવના માટે મેં બનાવ્યું છે. ટીકામાં કહ્યું નિજભાવના એટલે અશુભવંચનાર્થે. બનાવવું છે ખરું ને. ... એમ છે એટલે જરી એવો અર્થ લીધો. નહિતર ભાવનાનો અર્થ તો સ્વરૂપની એકાગ્રતા તે છે. સમજાણું કાંઈ?

ભાવની ભાવના. એ પરમભાવની ભાવના પાછું. ભાવ તો પર્યાયને પણ કહે, શુભભાવને પણ ભાવ કહે. નિર્મળ પર્યાયને ભાવ કહે, ગુણને ભાવ કહે અને દ્રવ્યને પણ ભાવ કહે. અહીં પરમભાવ ત્રિકાળી સ્વભાવભાવ નિત્યાનંદ પ્રભુ, એ પરમભાવ–વસ્તુ, એની ભાવના. એની સન્મુખતાની એકતા એ મોક્ષનો માર્ગ છે. પાછા પરમગુરુ સર્વજ્ઞ પણ કહેવાય અને બીજા ગુરુને પણ પરમગુરુ કહેવાય. પણ એમને કહેવાનો આશય આ હતો એમ કહે છે. એ આશય એણે આરાધ્યો. સમજાણું કાંઈ?

**'પરમભાવની ભાવના વડે...'** પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા... સ્વરૂપ કંઈ એનું દુઃખરૂપ હોય? દુઃખ તો વિકૃત છે, એ તો અવસ્થામાં હોય. સ્વભાવમાં ન હોય. સ્વભાવ પરમ અતીન્દ્રિય અનંત-અનંત... માથે કહ્યું છે ને? આત્યંતિક સુખ પ્રગટ્યું, સર્વશ્રેષ્ઠ. એ અંદર હતું. પૂર્ણ સુખ અને પૂર્ણ આનંદ એવો એનો સ્વભાવ, એની કરી ભાવના–એકાગ્રતા. અહીં તો નિશ્ચયમોક્ષમાર્ગથી મુક્તિ થાય એમ કહ્યું. વ્યવહાર હેતુ છે ને. પંડિતજી! નિયતનો હેતુ.

મુમુક્ષુ :– નિયત કે ઉપાદાન.

ઉત્તર :– એને તો એક જ વાત કરી. આ એને કેટલાકને ગોઠતું નથી. સુંદર માર્ગમાં નાખ્યું હતું. નાખશે આમાં હવે. પહેલા નાખ્યું છે. સુંદર માર્ગ–નિશ્ચય અને વ્યવહાર બે સુંદર માર્ગ છે. પણ પાછી પ્રાપ્તિ નિશ્ચયથી થાય એમ નીચે કહેશે. સમજાણું કાંઈ? છે ને એ? કેટલામું છે એ? અભેદ સર્વજ્ઞ વીતરાગમાર્ગને નિંદે છે.

જુઓ! **'તે સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત) જીવોનાં કુહેતુકુદષ્ટાંતયુક્ત કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે, હે ભવ્ય અભક્તિ ન કરજે,...'** પાછું ત્યાં એ લીધું. જોયું? ૧૮૬. કહેવાય એમ કે પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર રત્નત્રય–વ્યવહારરત્નત્રય અને અભેદ ઉપચાર રત્નત્રયાત્મક– નિશ્ચય સ્વભાવના આશ્રયથી પ્રગટ થયેલી દશા એ અભેદ ઉપચાર. રત્નત્રય ભેદ પડ્યો એ અપેક્ષાએ.

સર્વજ્ઞ વીતરાગના માર્ગને નિંદે છે. આવાને કોઈ નિંદે કે, અરે..! મારા સ્વાર્થીયા એકલા. અમારુ કરીએ, અમારું કરીએ, અમે કોઈકનું કરીએ નહિ. વ્યવહારે કરવાનું નહિ અમારે તો. આવે એને જાણવા જેવું હોય. કોઈનું કરવું નહિ. સમજાણું કાંઈ? આ પાંજરાપોળનું કરે, દાન નામ આપે ત્યારે કાકા કહેવાય, નહિતર કાકા શી રીતે કહેવાય? કરતા હશે

કે નહિ? નથી કર્યું અત્યાર સુધી? આહાહા..! લોકો કહે છે કે માળા આ તો સ્વાર્થના પૂતળા. લ્યો! અમે કોઈનું કરી શકીએ નહિ, એમ કરીને છૂટી જાય છે પરનું કરવામાં. અમે કોઈનું કાંઈ કરી શકીએ નહિ. એમ કરી શકાય જ નહિ. એમ કરીને પરથી છૂટા પડવાનું આણે ઠીક ગોત્યું. આહાહા..! ઠીક છે ને, દાન છે એ પુણ્ય છે, ધર્મ નહિ. એક જણાએ વળી એમ કહ્યું. ઠીક ગોતી કાઢ્યું કે દાન કરવામાં પુણ્ય છે, ધર્મ નહિ. એટલે પુણ્ય ન કરે આવું. અનેક પ્રકારના માણસ છે. આહાહા..!

અહીં તો બીજું કહેવું છે કે બેને સુંદર કહ્યો. પણ પાછું **'તે સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત) જીવોનાં કુહેતુકુદૃષ્ટાંતયુક્ત કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત શુદ્ધરત્નત્રય માર્ગ પ્રત્યે,...'** શુદ્ધરત્નત્રય માર્ગ પ્રત્યે **'હે ભવ્ય! અભક્તિ ન કરજે,...'** ઓલું જ્ઞાન કરાવ્યું સાથે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વાર્થનો સાધનાર છે, ભાઈ! પરનું કાંઈ કરી શકે નહિ. લોકોને પરનું કરે તો બહુ સારું લાગે. ઘણાની સેવા કરીએ, ઘણાની આણે સેવા કરી છે. ધૂળેય કરી નથી, સાંભળને! સેવા કોની કરે? દેશ સેવા, કુટુંબ સેવા, નાત સેવા, ગામ સેવા, પાંજરાપોળના ઢોરની સેવા. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ..

ઉત્તર :– એ જ કહું છું. કરી શકાય છે અને આ ના પાડે છે માટે હવે કરશે નહિ. કોણ કરે? ભાઈ! પણ લોકોને સારું બહુ લાગે, હોં! અમે તો તમારા સેવક છીએ. ખરે ટાણે અમે તો સેવા કરવા ઊભા છીએ. આહાહા..! બિરૂદ આપો એમને મોટું–સેવાભાવીનું. અરે..! આમ ને આમ અજ્ઞાની અનાદિથી ઠગાય છે. કોની સેવા કરે?

અહીં તો કહે છે કે જ્ઞાનની એણે કોઈ દિ' સેવા કરી નથી. એ આવે છે ને ૧૯મી ગાથામાં. કોઈકે પૂછ્યું છે, મહારાજ! આ જ્ઞાન અને આત્મા તો એકરૂપ છે, જુદા નથી. અને તમે કહો છો કે આત્માની સેવા કરો, જ્ઞાનની સેવા કરો. એ તો અભેદ છે. એમાં સેવા કોની કરવી? પરની સેવાની વાત તો છે નહિ. પણ આ પોતે આત્મા અને જ્ઞાન. વસ્તુ પોતે, એનો સ્વભાવ જ્ઞાન એની સેવા શેની? એ તો અભેદ છે. ભાઈ! તેં અનંતકાળમાં આત્માના જ્ઞાનની સેવા કરી નથી. આહાહા..! જ્ઞાન અને આત્મા એકરૂપ છે, એવી તેં કોઈ દિ' સેવા કરી નથી. આહાહા..! એ સેવા કીધી છે, લ્યો! એય...! 'પંડિતજી'! કેવા અમારે શું કહે? 'પંડિતજી'ને યાદ છે. યોગી એટલે અગમ્યમ. એ કઈ? આ. ઓલી સેવા નહિ. આહાહા..! કેટલા સંસ્થાના ઉપરી, કેટલા સંસ્થાના નાયક... આહાહા..! એમ કરીને લોકોના વખાણ કરે. એવું હશે કે નહિ તમારે? 'ગુલાબભાઈ'! મોટા .. ઘણા પડે. મોટા હોય તો પડે ને ક્યાંક. પડવું જોઈએ ને. એ કાંઈક એણે સેવા કરી ને અહીં આમ કર્યું, ફલાણું, ઢીંકણું. આ અનેકની વાત છે ને. અહીં તો દાખલો આપ્યો. સેવાભાવી છીએ. ભાઈ! કેવું સારું લાગે. સેવા કોની કરે પણ? સાંભળને!

એ શરીરના રજકણની પર્યાય કરી શકે નહિ, સેવા કરે કોની? એ રાગની સેવા કરવા જાય તો મિથ્યાત્વ થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? સેવા એટલે એ મારા છે. હું એને રાખું. દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના ભાવ એ રાગ, એને રાખું એનું નામ સેવા. મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! મૂંઢ છે. અંદરથી વલોવાય ગયો છે, એમ કહે છે. એકલું સ્વ પ્રયોજનને સિદ્ધ કરી શકે એવું તત્ત્વ છે. સમજાણું કાંઈ? દયા મંડળી, સેવા મંડળી એવા મંડળના નામ આપે અને અગ્રેસર થાવું હોય મોઢા આગળ. એ તો કહે, કામ આપે છે. ઓહો..! એમણે તો બધું મૂળ તો સંસ્થાનો અગ્રદૂત છે. ઓલાને એમ થઈ જાય કે આહાહા..! ધૂળેય નથી, સાંભળને. ડોક્ટર-બોક્ટર નથી ને? ડોક્ટર સેવાભાવી કહેવાય બહુ. હોય પૈસાના અર્થી એકલા. સેવાભાવી છે. ઓનરરી છે. ધૂળેય નથી, સાંભળને! ભગવાનઆત્મા!

અહીં તો ઇ કહે છે, જુઓ! સમજાણું? **'આસન્નભવ્ય જીવ...'** પરમભાવની ભાવના વડે. આ વાત ક્યાં એ તો. શું કીધું? પૂર્ણાનંદનો નાથ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો એવો જે આત્મા અનંતગુણનો પિંડ, અનંતગુણનું મણિરત્ન, એની અંતર એકાગ્રતા એ એની સેવા છે અને એ એની ભાવના છે. એ સાચી સેવા અને સાચી ભાવના છે. બાકી બધા ગપેગપ છે. સમજાણું કાંઈ? પોતાનું નામ રાખવા માટે થઈને સંસારના અધિપતિ તરીકે કહેવરાવવું હોય તો ઘણામાં જરી નામ રાખે. ભલે બાર મહિનામાં બે દિ' જતો હોય પણ થોડું થોડું નામ રાખે. ઘણા સંસ્થાના સેવક હતા. સેવક હતા એટલે બીજું કાંઈક, અધિપતિ હતા. મારી નાખ્યા. એના પ્રમુખ હતા. આહાહા..! અરે..! ભગવાન! ભ્રમણા તે કેવી છે!

અહીં તો પરમપ્રભુ આત્મા સર્વજ્ઞ સ્વભાવે બિરાજમાન અનંત આનંદે શોભિત પ્રભુ, એવો જે એનો ત્રિકાળ પરમભાવ, એમાં પર્યાય એટલે એકાગ્રતા કરવી, એ ભાવના (છે અને) એનાથી મુક્તિ છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ આવે છે. શ્વેતાંબરમાં આચાર્ય થાય ને ત્રીજે ભવે મુક્તિ થાય. સાધુને વાર લાગે. વ્યવહાર જ નાખ્યો છે એકલો. 'ભગવતી'માં આવે છે એવું. ત્રીજા માટે આચાર્ય માટે મથે છે ને ઘણા? આચાર્યની પદવી આપે તો શાસ્ત્રના અર્થ કરે, ત્રીજા ભવે મોક્ષ જાય. એકલા સાધુ ત્રીજે ન જાય. અહીં તો કહે છે કે આચાર્ય પદ છોડે ત્યારે સાધુ પદમાં આવે ત્યારે મુક્તિ થાય. આહાહા..! જગતને પ્રવૃત્તિની એટલી મહિમા અને એ ભાળે ને! આહાહા..! ભગવાનની સ્તુતિ કરતો હોય, ભગવાનને વંદન કરતો હોય સાત-આઠ દસ વાર. જય મહારાજ... જય મહારાજ... જય મહારાજ... ત્યારે એમ લાગે કે આ કરે છે કાંઈક. દેખાય. આહાહા..! ભાઈ! એ તો પ્રવૃત્તિની જડની દશાઓ છે. એના પરિણામમાં કાંઈ હોય તો રાગની મંદતા. એ પ્રવૃત્તિના પુણ્યના પરિણામ છે. સમજાણું કાંઈ? એ આત્માની ભાવના નહિ. આહાહા..!

અહીં તો એમ કહેવું છે કે પરમગુરુએ આમ કહ્યું હતું અને એવું એણે કર્યું. આ કરવા જેવું છે. એ સિવાય બીજી કોઈ ચીજના વખાણ કરવા જેવા નથી. આહાહા..!

**'આસન્નભવ્ય જીવ...'** આહાહા..! જેના સંસારના કિનારા નજીક આવી ગયા છે. 'કુંદકુંદાચાર્ય' માટે કહ્યું છે ને પહેલું? ઓહોહો..! 'પ્રવચનસાર'. 'કુંદકુંદાચાર્ય', જેના સંસારના કિનારા આવી ગયા છે. આહાહા..! એવા પરમભાવની ભાવના કરનારા. સમજાય છે કાંઈ? એ 'પ્રવચનસાર'ના કર્તા છે એમ બતાવવું છે ને!

**'આસન્નભવ્ય જીવ...'** **'कम्मविमुक्को अप्पा'** એની વ્યાખ્યા કરે છે. ત્રીજા પદની. કહે છે કે કર્મથી મુક્ત કેમ થાય? કે **'પરમ ભાવની ભાવના વડે...'** એક જ સિદ્ધાંત અને એક જ સત્ય. આનંદનો નાથ ભગવાન જ્ઞાનનો સાગર, એમાં એકાગ્ર થવાની ભાવના એ જ મોક્ષનો માર્ગ અને એ જ મુક્તિનો ઉપાય છે. **'સકળકર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે,...'** લ્યો! જે કોઈ આત્મા પરમભાવ એવો જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, શુદ્ધભાવ, પવિત્રભાવ, આનંદભાવ એવો જે ત્રિકાળી આત્માનો પરમભાવ, એની ભાવના–એની એકાગ્રતા (કરે છે), એ વડે **'સકળકર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે,...'** આઠેય કર્મનું રહિતપણું આ ભાવનાથી થાય છે. કહો, સમજાણું કાંઈ? માર્ગની ખબર ન મળે અને ભટક્યા ભટક કરે. અહીંથી મળશે ને અહીંથી મળશે. શાસ્ત્રમાં એવું આવે, ત્યાગના અર્થમાં પુસ્તક આપવું, મુનિએ ત્યાગ કરવો. ધર્મ... એટલે સમજી લે. કઈ અપેક્ષા છે પણ? સ્વભાવના આશ્રયે એટલો રાગનો અભાવ થાય છે એ અપેક્ષાએ ત્યાગની નાસ્તિથી વાત કરી છે. પુસ્તક દેવું, ત્યાગ ધર્મ એ છે. ... આહાહા..! દસ પ્રકારના ધર્મ માંહેલો આ પુસ્તક દેવું એ ધર્મ થઈ ગયો. લખ્યું છે ત્યારે તો વાત ચાલે છે આ. આમાં લખેલું છે. 'પદ્મનંદી પંચવિંશતિ'માં, 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં. આહાહા..! એય..! લખાણ કર્યા એ ખોટા હશે? એનો અર્થ સમજ્યા વિના. લખાણ કરીને શું લખાણ? લખાણ કર્યા એનો મેળ રહ્યો નહિ. અર્થ કરવાને સમજે નહિ.

અહીં તો કહે છે, ભગવાનઆત્મા એક સ્વરૂપે પ્રભુ ત્રિકાળ છે એની અંતરની એકાગ્રતાની સન્મુખતાની એકાગ્રતા, એ એક જ મોક્ષનો માર્ગ અને ભાવના છે. વીતરાગમાર્ગમાં બીજી કોઈ ચીજ છે નહિ. બીજે તો કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? આ ત્યાં નાખ્યું હતું. **'कम्मविमुक्को अप्पा'** એમાં નાખ્યું હતું પણ કેમ મુક્ત થયા? ઓલા અપવાસ કરીને, માસ ખમણા કરીને, અઢ્ઢાઈ કરીને ધર્મની નિર્જરા થઈ, ધર્મ પામ્યા, એમ હશે? તારા અપવાસ-બપવાસ ક્યાં હતા? બહારનો ત્યાગ આહારનો એ તો એની મેળે જુદો જ પડેલો છે. એ હતો કે દિ' કે છોડે? રાગને દ્રવ્યસ્વભાવમાં ગ્રહતો તો કે દિ'? આહાહા..! ફક્ત દ્રવ્ય સ્વભાવમાં એકાગ્ર થતાં રાગ છૂટી જાય છે એટલે કર્મ છૂટી જાય છે. એને અહીંયાં ખોળે છે આત્મા એમ કહેવામાં આવે છે. આહાહા..! વીતરાગ માર્ગ નિરાલંબી માર્ગ છે, જેને વ્યવહારનું આલંબન નથી.

એવા **'કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે,...'** કર્મકલંકરૂપી કાદવ. કર્મનું કલંક છે એને. આહાહા..! એવો જે કાદવ. વિમુક્ત–પૂર્ણ વિશેષ મુક્ત થાય છે. **'તે પરમાત્મા**

**થઈને...**' એ પરમાત્મા સિદ્ધ થઈને '**લોકાગ્ર પર્યંત જાય છે.**' લોકને છેડે જાય એ વ્યવહાર કહેવાય છે. છે તો ત્યાં પોતામાં ને પોતામાં. સિદ્ધ છે એ પોતામાં. લોકાગ્રે જાય છે. લોકને અગ્રે સિદ્ધ ભગવાન પરક્ષેત્રના લોકને અગ્રે જાય એ વ્યવહાર ક્ષેત્ર બતાવ્યું છે. નિશ્ચયથી તો પોતાની પર્યાયમાં જ પરિણમી રહ્યા છે. આકાશના ક્ષેત્રમાં છે એ કહેવું એ તો એક વ્યવહાર છે. આહાહા..! લોકાગ્ર-લોકને અગ્રે છેડા સુધી જાય છે એમ કહે છે. લોકનો છેડો હોય ત્યાં જાય. અનંતા સિદ્ધો પોતાના આનંદમાં ત્યાં બિરાજે છે.

**'[હવે આ ૧૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક-૩૦૩

(मालिनी)

**अथ जिनमतमुक्तेर्मुक्तजीवस्य भेदं**
**क्वचिदपि न च विद्मो युक्तितश्चागमाच्च।**
**यदि पुनरिह भव्यः कर्म निर्मूल्य सर्वं**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।३०३।।**

**[શ્લોકાર્થ :–] જિનસંમત મુક્તિમાં અને મુક્ત જીવમાં અમે ક્યાંય પણ યુક્તિથી કે આગમથી ભેદ જાણતા નથી. વળી, આ લોકમાં જો કોઈ ભવ્ય જીવ સર્વ કર્મને નિર્મૂળ કરે છે, તો તે પરમશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) કામિનીનો વલ્લભ થાય છે. ૩૦૩.**

## શ્લોક-૩૦૩ ઉપર પ્રવચન

૩૦૩.

**अथ जिनमतमुक्तेर्मुक्तजीवस्य भेदं**
**क्वचिदपि न च विद्मो युक्तितश्चागमाच्च।**
**यदि पुनरिह भव्यः कर्म निर्मूल्य सर्वं**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।३०३।।**

લ્યો! અહીં જીવ લીધો.

**શ્લોકાર્થ :– 'જિનસંમત મુક્તિમાં અને મુક્ત જીવમાં...**' મુક્તજીવ. જિનસંમત વીતરાગે કહેલી મુક્તિ. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, એણે કહેલી સિદ્ધદશા મુક્તિમાં અને મુક્તજીવમાં

એમાં **'અમે ક્યાંય પણ યુક્તિથી કે આગમથી ભેદ જાણતા નથી.'** એ મુક્તિ એ જ અને સિદ્ધપર્યાય પણ એ. **'વળી, આ લોકમાં જો કોઈ ભવ્ય જીવ...'** આ લોકમાં જો કોઈ ભવ્યજીવ **'સર્વ કર્મને નિર્મૂળ કરે છે,...'** ભગવાનઆત્માનું ધ્યાન કરી અને સર્વ કર્મને નિર્મૂળ કરે છે. મૂળથી ઉખેડી નાખે છે, કહે છે. **'તો તે પરમશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) કામિનીનો વલ્લભ થાય છે.'** તો એને મુક્તરૂપી દશા એક સમય પણ છોડતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

આ સ્ત્રીઓ તો આવી ને ગઈ. કેટલી? ઇન્દ્રના એક ભવમાં પણ આયુષ્ય બે સાગર અને ઓલીની નાની સ્થિતિ હોય. એની સ્થિતિમાં કેટલી આવે ને મરે ને જાય, મરે ને જાય. ઓલો તો બે સાગર એક જ છે. ઇન્દ્રાણીની સ્થિતિ નાની હોય છે. એવા એવા તો કેટલા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો તો એક સાગરોપમ (થાય). ઓલાની બહુ તો પંચાવનની મોટી હોય તો. એવી સ્ત્રીઓ એની હયાતીમાં કરોડો મરીને જાય ને આવે. એ કાંઈ વલ્લભા કહેવાય નહિ. વલ્લભા તો છોડે નહિ એક સમય, એને વલ્લભ કહેવાય. એમ કહે છે ને, જુઓ!

પોતાના સ્વરૂપને પ્રાપ્ત થતા આત્માની મુક્ત દશા થઈ તે પરિણતિ એક સમય પણ એને છોડતી નથી. એ એની ખરી કામીની છે. આહાહા..! **'કામિનીનો વલ્લભ થાય છે.'** એમ છે ને? એવા શબ્દો ઘણીવાર આવે છે. ઘણા કળશમાં આવી ગયા. ૧૮૩ થઈ.

## ગાથા–૧૮૪

**जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी।**
**धम्मत्थिकायभावे तत्तो परदो ण गच्छंति।।१८४।।**

जीवानां पुद्गलानां गमनं जानीहि यावद्धर्मास्तिकः।
धर्मास्तिकायाभावे तस्मात्परतो न गच्छंति।।१८४।।

अत्र सिद्धक्षेत्रादुपरि जीवपुद्गलानां गमनं निषिद्धम्।

जीवानां स्वभावक्रिया सिद्धिगमनं, विभावक्रिया षट्कापक्रमयुक्तत्वम्; पुद्गलानां स्वभावक्रिया परमाणुगतिः, विभावक्रिया व्द्यणुकादिस्कन्धगतिः। अतोऽमीषां त्रिलोकशिखरादुपरि गतिक्रिया नास्ति, परतो गतिहेतोर्धर्मास्तिकायाभावात्; यथा जलाभावे मत्स्यानां गतिक्रिया नास्ति। अत एव यावद्धर्मास्तिकायस्तिष्ठति तत्क्षेत्रपर्यन्तं स्वभावविभावगतिक्रियापरिणतानां जीवपुद्गलानां गतिरिति।

**ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્‌ગલોનું ગમન છે,**
**ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.**

અન્વયાર્થ :– [ यावत् धर्मास्तिकः ] જ્યાં સુધી ધર્માસ્તિકાય છે ત્યાં સુધી [ जीवानां पुद्गलानां ] જીવોનું અને પુદ્‌ગલોનું [ गमनं ] ગમન [ जानीहि ] જાણ; [ धर्मास्तिकायाभावे ] ધર્માસ્તિકાયના અભાવે [ तस्मात् परतः ] તેથી આગળ [ न गच्छंति ] તેઓ જતાં નથી.

ટીકા :– અહીં, સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્‌ગલોના ગમનનો નિષેધ કર્યો છે.

જીવોની સ્વભાવક્રિયા સિદ્ધિગમન (સિદ્ધક્ષેત્રમાં ગમન) છે અને વિભાવક્રિયા (અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે; પુદ્‌ગલોની સ્વભાવક્રિયા પરમાણુની ગતિ છે અને વિભાવક્રિયા *દ્વિ-અણુકાદિ સ્કંધોની ગતિ છે. માટે આમની (જીવ-પુદ્‌ગલોની) ગતિક્રિયા ત્રિલોકના શિખરથી ઉપર નથી, કારણ કે આગળ ગતિ હેતુ (ગતિના નિમિત્તભૂત) ધર્માસ્તિકાયનો અભાવ છે; જેમ જળના અભાવે માછલાંની ગતિક્રિયા હોતી નથી તેમ. આથી જ, જ્યાં સુધી ધર્માસ્તિકાય છે તે ક્ષેત્ર સુધી સ્વભાવગતિક્રિયા અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોની ગતિ હોય છે.

## ગાથા-૧૮૪ ઉપર પ્રવચન

**जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी।**
**धम्मत्थिकायभावे तत्तो परदो ण गच्छंति।।१८४।।**
**ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્‌ગલોનું ગમન છે,**
**ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.**

જુઓ! પહેલું ઉપાદાન લીધું પછી નિમિત્ત લીધું આમાં. પહેલું તો લીધું કે સિદ્ધ ભગવાન પરમાત્મા અહીં દેહમાં થાય છે. (પછી) લોકાગ્રે જાય છે. આઠ કર્મ રહિત તો અહીં થાય છે. એ જેમ હળવી ચીજ ઊંચે જાય એમ આ ઊંચે લોકાગ્રે જાય. પોતાની લાયકાત જ લોકાગ્રે જવાની, લોકાગ્રે રહેવાની છે. ધર્માસ્તિકાય આગળ નથી માટે જતા નથી એમ કહેવું એ તો ધર્માસ્તિને સિદ્ધ કરવા માટે છે. શાસ્ત્રમાં એમ આવે છે. આગળ કેમ જતા નથી? ધર્માસ્તિ અહીંયાં છે. (ત્યાં) ધર્માસ્તિનો અભાવ છે. રહે નહિ. એટલી જ સ્થિતિ જ છે. ત્યાં સુધી જ ધર્માસ્તિ છે. લોકાગ્ર સુધી જ ધર્માસ્તિકાય છે. એને આ વાંધો પહેલેથી ઊઠ્યો હતો લ્યો. .. આવ્યા હતા ને? પંડિત હતા એની સાથે. જુઓ! ધર્માસ્તિકાયના અભાવે સિદ્ધ આગળ જતા નથી.

લ્યો! અહીં ઓલો અભાવ છે માટે ગમન થાતું નથી એમ કહ્યું. એમ જ આવે છે.

---

* દ્વિ-અણુકાદિ = બે પરમાણુથી માંડીને અનંત પરમાણુના બનેલા સ્કંધો.

'તત્ત્વાર્થસૂત્ર'માં એમ આવે છે ને? 'તત્ત્વાર્થસુત્ર'માં. 'ધર્માસ્તિકાય અભાવા.' એમ જ આવે ને? નિમિત્ત સમજાવવું છે ત્યારે. એમ કહે, કાળ ન હોય તો પરિણમન ન થાય, ધર્માસ્તિ ન હોય તો ગતિ ન થાય. લ્યો. અધર્માસ્તિ ન હોય તો સ્થિતિ ન થાય. એ તો નિમિત્તને સિદ્ધ કરવાની વ્યાખ્યા છે.

**'ટીકા :– અહીં, સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્ગલોના ગમનનો નિષેધ કર્યો છે.'** લોકાગ્રે સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાંથી આગળ જતા નથી. કેમ જતા નથી? કે એની પોતાની ઉપાદાનની લાયકાત જ એટલી છે અને ધર્માસ્તિકાયનો અભાવ છે. નિમિતનો. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે છે કે ધર્માસ્તિકાયનો અભાવ એટલે સિદ્ધ આગળ જતાં નથી એટલી એની પરતંત્રતા છે. નહિતર અનેકાંત રહેતું નથી. કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. સિદ્ધને પણ પરતંત્ર ઠરાવવા છે હજી. આ અનેકાંતની વ્યાખ્યા એક પંડિત એમ કરે છે.

મુમુક્ષુ :– નીચે રહી જાય છે.

ઉત્તર :– નીચે રહી જાય. ઠીક. ધર્માસ્તિકાય નથી તો આગળ નથી જતા. એટલી પરતંત્રતા નથી? એકાંત થઈ જશે નહિતર. અનેકાંત થવું જોઈએ. સ્વતંત્ર કથંચિત્, કથંચિત્ પરતંત્ર. ત્યાં પણ પરતંત્ર. પણ એ તો સ્વતંત્રથી જ ત્યાં રહેલા છે. ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિ (થઈ) એમાં જ રહેલા છે. પણ ત્યાં ક્ષેત્ર એટલું ત્યાં રહેવાની એની યોગ્યતા છે. લોકનો જીવ છે ને? લોકનું દ્રવ્ય છે તો લોકમાં રહે. લોકનું દ્રવ્ય અલોકમાં જાય? આહાહા..! આ ચર્ચાના મોટા વાંધા ઊઠ્યા છે. એય..!

કેટલા દોકડા નિમિત્તના? પચાસ દોકડા. અને પચાસ આત્માના. એમ કરીને સો દોકડાએ થાય. એવી વાત ચાલી હતી તે દિ'. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાયે રોક્યું કેટલા દોકડાએ? પચાસ. પોતે રોકાણો એ પચાસ સ્વતંત્ર પોતાની, પચાસ એને કારણે એમ કરીને ... એમ છે જ નહિ. સો એ સો દોકડાએ ત્યાં સ્વતંત્ર રહેલા છે. એ બહુ નાખે છે. જ્યાં હોય ત્યાં આ બહુ નાખે. જુઓ! સિદ્ધક્ષેત્રથી આગળ જતા નથી. ધર્માસ્તિ નામનું નિમિત્ત નથી માટે. જુઓ! નિમિત્તનો પ્રભાવ. આ પંડિતજીને તો હવે બધાને સવળું થઈ ગયું. સવળી હા પાડે છે. કહો, સમજાણું આમાં?

**'જીવોની સ્વભાવક્રિયા સિદ્ધિગમન (સિદ્ધક્ષેત્રમાં ગમન) છે...'** શું કીધું? અહીંયાં આત્મા ભગવાન, પૂર્ણાનંદનું સાધન કરીને સિદ્ધ થાય છે. અહીં શરીરમાં સિદ્ધ થાય છે. એ હવે જ્યારે સ્વભાવિક ક્રિયા સિદ્ધિગમન, અહીંથી ગમન થાય છે. સિદ્ધક્ષેત્રમાં ગમન એ સ્વભાવિક ક્રિયા છે. ગમન છે માટે વિભાવિક ક્રિયા છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ગતિ કરે છે ને અહીંથી? જેટલું ગમન કરે, ગતિ કરે એટલો વિભાવ છે કે નહિ? ના. એ તો સ્વભાવક્રિયા થઈ તે ગમન છે. શુદ્ધ સ્વભાવની ક્રિયાનું એ તો ગમન છે. વિભાવ-બિભાવ છે નહિ. આહાહા..!

**'અને વિભાવક્રિયા...'** નીચે ખુલાસો કર્યો છે. સુધાર્યું છે. કૌંસમાં **'(અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે;...'** તે વિભાવ ક્રિયા. છકાય છકાય એમ કરી નાખ્યું હતું ને. ઓલા પાઠમાં એમ હતું ને. છ અપક્રમ એને ઠેકાણે છકાય એમ કરી નાખ્યું હતું. ભાઈએ એમ કરી નાખ્યું હતું ને? 'શીતલપ્રસાદે'. છ અપક્રમ મૂળ તો એમ છે. છ કાય નહિ પણ છ અપક્રમ. છ દિશાએ. વિભાવવાળા સંસારી જીવ છ દિશામાં જાય. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ અને અધો. છ દિશામાં ગમન. વિભાવિક ક્રિયાવાળાનું છ દિશામાં ગમન, સ્વભાવિક ક્રિયાવાળાનું એક આમ સીધું ગમન. એમ છે. એટલું ચેકી નાખવું. છ કાયના ક્રમથી સંયુક્તપણું અથવા છકાયનું ભ્રમણ, એ કાઢી નાખવું. કાઢી નાખ્યું છે? ઠીક.

**'(અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે;...'** અન્ય ભવમાં જતા એ કૌંસમાં. છ દિશાઓમાં ગમન એ વિભાવિક ક્રિયાનું સ્વરૂપ છે. **'પુદ્ગલોની સ્વભાવક્રિયા પરમાણુની ગતિ છે...'** આ પુદ્ગલ છે ને આ જડ-માટી? એનો એક પરમાણુ આમ ગતિ કરે એ સ્વભાવક્રિયા છે. જેમ સિદ્ધની ગમનની સ્વભાવક્રિયા છે, એમ પરમાણુની પણ એક પરમાણુની પણ સ્વભાવક્રિયા છે. સ્વભાવક્રિયા પગથિયું છે. લ્યો! એક પરમાણુ ચૌદ રાજુલોકમાં જાય આમ, તોપણ એ સ્વભાવિક ક્રિયા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ..શક્તિની એની. એ પર્યાય એને ત્યાં સુધી. સિદ્ધ તો અહીંથી થાય છે. એ સાત રાજુલોક હોય તો. એક પરમાણુ તો નીચે હોય અને ઉપર જાય. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે એટલો ચૌદ રાજુલોક જાય છતાં એ સ્વભાવિક ક્રિયા છે. ગમન આટલું કરે માટે વિભાવિક છે એમ નહિ.

મુમુક્ષુ :– પૂરું કરે તોપણ સ્વભાવિક?

ઉત્તર :– સ્વભાવ જ છે એનો એ. એક પરમાણુ બીજે ક્ષેત્ર જાય તો એ સ્વભાવ થઈ જાય. પરમાણુની જ ક્રિયા સ્વભાવિક છે. ગમન કરે ચૌદ રાજુલોક તો. એમ અહીં તો. બહુ ગતિ કરી આવડી મોટી માટે વિભાવ હશે? સમજાણું કાંઈ?

વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. સર્વજ્ઞ કેવળી પરમાત્માએ કહેલું સ્વરૂપ ઘણું ઝીણું... ઘણું ઝીણું... પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. ક્યાં આંતરો કેટલો? હવે એને બીજા સાથે મેળવે છે. સમન્વય કરો. એ પણ ધર્મ છે અને આ પણ ધર્મ છે. કોની સાથે કરે? આમાં બે વાત કરી. સિદ્ધને સાત રાજુ જવાનું છે. સાત રાજુ સમજાણું અહીંથી? તો એ સ્વભાવિક ક્રિયા છે. પરમાણુ ચૌદ રાજુ જાય તો એ સ્વભાવિક ક્રિયા છે. એક પ્રદેશ જાય એ તો... આ તો છેક નરકના, સાતમા નરકની પાતાળે પરમાણુ હોય તો એક સમયમાં સિદ્ધ છે ત્યાં ચાલ્યો જાય. આહાહા..! એને ખબર નથી કે અમે આમ જઈએ છીએ. એનો એ સ્વભાવ છે. છતાં એટલી ગતિવાનને પણ ઝડપી આટલી ગતિ. એક સમયમાં તો અસંખ્ય

પ્રદેશ લોકના આકાશના બધા. છતાં એને સ્વભાવિકક્રિયા કહેવાય. વિભાવિક છે નહિ. ગમન કરે એ વિભાવિક એવો અર્થ સાચો છે નહિ, એમ કહે છે. ગમન કરવું એ વિભાવ છે, એ વાત સાચી નથી.

**'પુદ્ગલોની સ્વભાવક્રિયા પરમાણુની ગતિ છે અને વિભાવક્રિયા...'** હવે એમાં પાછી વિભાવ. **'દ્વિ-અણુકાદિ સ્કંધોની ગતિ છે.' 'બે પરમાણુથી માંડીને અનંત પરમાણુના બનેલા સ્કંધો.'** આ શરીર જુઓ આ. આની વિભાવિકક્રિયા છે આ. આંગળી ચાલે છે તે અનંતા પરમાણુનો વિભાવ છે આ. એની મેળાએ, હોં! આત્માને લઈને નહિ. ઘણા રજકણનો જથ્થો છે માટે એને વિભાવ કહેવામાં આવે છે. એકથી આગળ વધી ગયા બે થયા. બે થયા એ વિભાવ...

**'દ્વિ-અણુકાદિ સ્કંધોની ગતિ છે.'** તેને વિભાવિક ક્રિયા કહેવામાં આવે છે. અહીં તો સમય સમયના માપ લીધા છે. વસ્તુની સ્થિતિ એક સમયમાં એકલો પરમાણુ અને સિદ્ધ થાય એ સ્વભાવિકક્રિયા. બે પરમાણુ અને સંસારિક સાથે ગમન કરે તે વિભાવિકક્રિયા. **'માટે આમની (જીવ-પુદ્ગલોની) ગતિક્રિયા ત્રિલોકના શિખરથી ઉપર નથી,...'** ત્રણલોકથી ઉપર આગળ છે નહિ. **'કારણ કે આગળ ગતિ હેતુ (ગતિના નિમિત્તભૂત) ધર્માસ્તિકાયનો અભાવ છે;...'** લ્યો! ઠીક! નિમિત્ત છે ને? **'(ગતિના નિમિત્તભૂત) ધર્માસ્તિકાયનો અભાવ છે;...'** હમણા ખૂબ લખ્યું છે એક જણાએ. 'મોતીલાલે' બધું આવું ખૂબ લખ્યું છે. જુઓ! આ થાય. આના વિના આ ન થાય, આના વિના આ ન થાય. નિમિત્તનો પ્રભાવ છે. નિમિત્ત અકિંચિત્કર માને એના માટે આ વાત નહિ સિદ્ધ થાય. અરે..! ભગવાન! એને એ વાત બેઠી હોય છે. પરાધીન અનાદિની. આ વાત કીધી એક સમયનો એનો પોતાનો સ્વતંત્ર સ્વભાવ છે. માટે જ અહીં છે અને રહે છે. જાય છે ને રહે છે. પરને કારણે જાય છે ને રહે છે એમ નથી. ધર્માસ્તિકાયનો અભાવ છે, લ્યો.!

**'જેમ જળના અભાવે માછલાની ગતિક્રિયા હોતી નથી તેમ.'** પાણી ન હોય તો માછલું કાંઈ પૃથ્વી ઉપર ચાલે નહિ. **'જ્યાં સુધી ધર્માસ્તિકાય છે તે ક્ષેત્ર સુધી સ્વભાવગતિક્રિયા...'** દાખલામાં પણ એમ માને. પાણી હોય ત્યાં માછલું ગતિ કરે. પછી ન કરી શકે. એ તો એની સ્થિતિ જ એવી છે. ગતિ કરવાની યોગ્યતા પોતાની હોય ત્યારે પાણી હોય છે. બસ. આ તો એ બધા શબ્દો છે. ગતિ પરિણત જીવ, સ્થિતિ પરિણત જીવ. એમ છે ને? બધે એવું છે જ તે. ગતિ પરણિત જીવને ધર્માસ્તિ નિમિત્ત, સ્થિતિ પરણિત જીવ ને પુદ્ગલને અધર્માસ્તિ નિમિત્ત. **'ક્ષેત્ર સુધી સ્વભાવગતિક્રિયા અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોની ગતિ હોય છે.'** ધર્માસ્તિકાય હોય ત્યાં સુધી સ્વભાવવાળા પરમાણુ અને સિદ્ધ, વિભાવવાળા બે પરમાણુ અને સંસારી, એની ગતિ ત્યાં સુધી હોય છે. આગળ હોતી નથી. એવો જ વસ્તુનો સ્વભાવ છે. એમ બરાબર એણે જાણવું જોઈએ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૦૪

(अनुष्टुभ्)

त्रिलोकशिखरादूर्ध्वं जीवपुद्गलयोर्द्वयोः।
नैवास्ति गमनं नित्यं गतिहेतोरभावतः।।३०४।।

**[શ્લોકાર્થ :–] ગતિહેતુના અભાવને લીધે, સદા (અર્થાત્ કદાપિ) ત્રિલોકના શિખરથી ઊંચે જીવ અને પુદ્ગલ બન્નેનું ગમન હોતું નથી જ. ૩૦૪.**

**પ્રવચન નં. ૨૧૩, ગાથા–૧૮૫-૧૮૬, શ્લોક–૩૦૪-૩૦૫, બુધવાર, માગશર વદ ૧૩, તા.૧૫-૧૨-૭૧**

त्रिलोकशिखरादूर्ध्वं जीवपुद्गलयोर्द्वयोः।
नैवास्ति गमनं नित्यं गतिहेतोरभावतः।।३०४।।

સિદ્ધ ભગવાન લોકાગ્રે જાય છે, આગળ જતા નથી એનું વ્યવહાર કારણ બતાવે છે. **'ગતિહેતુના અભાવને લીધે,...'** નિમિત્ત. ગતિહેતુ. ગતિનો હેતુ એવા જે ધર્માસ્તિકાયના અભાવને લીધે. ગતિમાં નિમિત્તના અભાવને લીધે. નિમિત્તપણું એને નથી. ત્યાં એ સિદ્ધ કર્યું, જુઓ! પહેલું લોકાગ્રે છે એમ ઉપાદાનમાં લઈ ગયા હતા. અહીંયાં આમ (કહ્યું). બેય રીતે સમજાવવું છે ને? **'ગતિહેતુના અભાવને લીધે,...'** આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ અહીંયાં જ પોતાની પર્યાયમાં પ્રાપ્ત કરે છે. (એ) લોકાગ્રે જઈને સ્થિત (રહે) છે. એ તો એનો ઉપાદાનનો પોતાનો નિજ સ્વભાવ છે. હવે એને વ્યવહારથી વર્ણવે છે કે ગતિહેતુ–એને જે ગતિ કરવાનું જે નિમિત્ત છે ધર્માસ્તિ, એનો ત્યાં અભાવ છે.

**'સદા (અર્થાત્ કદાપિ) ત્રિલોકના શિખરથી ઊંચે જીવ...' 'ત્રિલોકના શિખરથી ઊંચે જીવ અને પુદ્ગલ બંનેનું ગમન હોતું નથી.'** ત્યાં આગળ એની સ્થિતિ છે. એ નિમિત્તપણું બતાવ્યું. ઉપાદાન તો લોકાગ્રે રહેવાની જ પોતાની યોગ્યતા છે. સમજાણું કાંઈ? આમાં ત્રણ પ્રશ્ન ઉઠયા હતાને? શેઠ આવ્યા ત્યારે. ધર્માસ્તિકાય અભાવા. દેખો! નિમિત્તની મુખ્યતા. ધર્માસ્તિકાય નથી આગળ માટે સિદ્ધ જતા નથી. ત્યાં એની લોકાગ્રે રહેવાની સ્થિતિ છે માટે આગળ જતા નથી.

મુમુક્ષુ :– એ અહીં કેમ સિદ્ધ થયું?

ઉત્તર :– એ અહીં ક્યાં? પહેલું સિદ્ધ થયું ને ઓલું. લોકાગ્રે જાય એ તો પહેલું સિદ્ધ કર્યું.

મુમુક્ષુ :– પહેલા સિદ્ધ કર્યા પછી બીજું એનાથી એની કિંમત વધારે હોયને.

ઉત્તર :– .. બીજું એનાથી વિરુદ્ધ કહે? કિંમત તો પહેલા એકડાની હોય કે બીજાની? બીજું છે એ નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું છે. એમાં કાંઈ એને નથી. પહેલી આ ચર્ચા જ વાંધા ઉઠ્યા હતા. એ તો પુદ્ગલ બંનેનું ગમન હોતું નથી એ તો પોતાની યોગ્યતા એવી છે અને નિમિત્ત આ આગળ નથી, એમ બેનું સિદ્ધ કર્યું છે.

## ગાથા–૧૮૫

णियमं णियमस्स फलं णिद्दिट्ठं पवयणस्स भत्तीए।
पुव्वावरविरोधो जदि अवणीय पूरयंतु समयण्हा।।१८५।।

नियमो नियमस्य फलं निर्दिष्टं प्रवचनस्य भक्त्या।
पूर्वापरविरोधो यद्यपनीय पूरयंतु समयज्ञाः।।१८५।।

शास्त्रादौ गृहीतस्य नियमशब्दस्य तत्फलस्य चोपसंहारोऽयम्।

नियमस्तावच्छुद्धरत्नत्रयव्याख्यानस्वरूपेण प्रतिपादितः। तत्फलं परमनिर्वाणमिति प्रतिपादितम्। न कवित्वदर्पात् प्रवचनभक्त्या प्रतिपादितमेतत् सर्वमिति यावत्। यद्यपि पूर्वापरदोषो विद्यते चेत्तदोषात्मकं लुप्त्वा परमकवीश्वरास्समयविदश्चोत्तमं पदं कुर्वन्त्विति।

---

પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો!
યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.

અન્વયાર્થ :– [ नियमः ] નિયમ અને [ नियमस्य फलं ] નિયમનું ફળ [ प्रवचनस्य भक्त्या ] પ્રવચનની ભક્તિથી [ निर्दिष्टम् ] દર્શાવવામાં આવ્યાં. [ यदि ] જો (તેમાં કાંઈ) [ पूर्वापरविरोधः ] પૂર્વાપર (આગળપાછળ) વિરોધ હોય તો [ समयज्ञाः ] સમયજ્ઞો (આગમના જ્ઞાતાઓ) [ अपनीय ] તેને દૂર કરી [ पूरयंतु ] પૂર્તિ કરજો.

ટીકા :– આ, શાસ્ત્રના આદિમાં લેવામાં આવેલા નિયમશબ્દનો અને તેના ફળનો ઉપસંહાર છે.

પ્રથમ તો, નિયમ શુદ્ધરત્નત્રયના વ્યાખ્યાનસ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો; તેનું ફળ પરમ નિર્વાણ તરીકે પ્રતિપાદિત કરવામાં આવ્યું. આ બધું કવિપણાના અભિમાનથી નહિ પણ પ્રવચનની ભક્તિથી પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. જો (તેમાં કાંઈ) પૂર્વાપર દોષ હોય તો સમયજ્ઞ પરમ-કવીશ્વરો દોષાત્મક પદનો લોપ કરીને ઉત્તમ પદ કરજો.

## ગાથા-૧૮૫ ઉપર પ્રવચન

હવે ૧૮૫.

**णियमं णियमस्स फलं णिद्दिट्ठं पवयणस्स भत्तीए।**
**पुव्वावरविरोधो जदि अवणीय पूरयंतु समयण्हा।।१८५।।**
**પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો!**
**યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.**

'**ટીકા :– આ, શાસ્ત્રના આદિમાં લેવામાં આવેલા નિયમ શબ્દનો અને તેના ફળનો ઉપસંહાર છે.**' બીજી ગાથામાં કહ્યું હતું 'मग्गो मग्गफलं त्ति'. માર્ગ અને માર્ગનું ફળ, બેનો અહીંયાં ઉપસંહાર કરે છે. '**પ્રથમ તો, નિયમ...**' નામ નથી આપ્યા પણ એનું સ્વરૂપ આપ્યું છે. '**શુદ્ધરત્નત્રયના વ્યાખ્યાનસ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો;...**' સમજાણું કાંઈ? પહેલેથી ત્યાં એમ લીધું હતું કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ નિયમ છે. ત્રીજી ગાથામાં. 'णियमेण य जं कज्जं'. જે નિયમથી જીવને સુખને માટે કરવા લાયક (છે), એને નિયમ કહેવામાં આવે છે. આનંદની પ્રાપ્તિ માટે કરવાલાયક તે જ્ઞાન, દર્શન ને ચારિત્ર, એને નિયમ કહે છે. સમજાણું કાંઈ? આમ નિયમ લેવા અને નિયમ પાળવા ને, એ આ. સમજાણું કાંઈ?

આત્માનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ, એનું જ્ઞાન, એની શ્રદ્ધા ને એમાં રમણતા. એ નિયમ. એ નિયમનું કર્તવ્ય એણે કરવું, એ નિયમ એણે કરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં સાર શબ્દ વિપરીતનો અભાવ બતાવવા (કહ્યો હતો). બાકી નિયમ એટલે સમ્યગ્જ્ઞાન, દર્શન ને ચારિત્ર. જ્ઞાન, દર્શન ને ચારિત્ર એ નિયમ. સમજાણું કાંઈ? જ્ઞાનથી વાત ઉપાડી છે. નિયમ એટલે કે જ્ઞાન, દર્શન ને ચારિત્ર. એટલે કે શુદ્ધરત્નત્રય. વ્યવહારરત્નત્રયના નિષેધ માટે શુદ્ધરત્નત્રય કહ્યા. શુદ્ધરત્નત્રય એટલે કે આત્મા જ્ઞાન અને આનંદના પૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ (છે), એને આશ્રયે થયેલું જ્ઞાન, દર્શન ને ચારિત્ર એનું નામ શુદ્ધરત્નત્રય. શુદ્ધરત્નત્રય કહેતાં અશુદ્ધરત્નત્રય વ્યવહારનો એમાં નિષેધ થાય છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચમહાવ્રતનો વિકલ્પ રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ, એ શાસ્ત્રજ્ઞાન એ વિકલ્પજ્ઞાન છે, એ ત્રણેનો નિષેધ કરવા માટે સાર શબ્દ યોજેલ છે, એમ આવ્યું હતું ને પહેલું? ત્રીજી ગાથામાં. અહીં એ નિષેધની વાત ન લેતાં અસ્તિથી વાત લીધી.

'**પ્રથમ તો,..**' 'तावत्' છે ને? '**नियमस्ताव**' એમ છે ને? '**नियमस्तावच्छुद्धरत्नत्रयव्याख्यान-स्वरूपेण प्रतिपादितः**' અરે..! ભગવાનઆત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, એના ઉપાયરૂપી શુદ્ધરત્નત્રય. એ એનું કારણ અને એ એનો ઉપાય. એ શુદ્ધરત્નત્રય એટલે કે

આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ (છે) તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા અને તેની રમણતા (થાય) એનું નામ શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય નિયમ કહેવામાં આવે છે. કહે છે કે એના **'વ્યાખ્યાનસ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો;...'** શુદ્ધરત્નત્રયના કથન માટે આ બધું કહ્યું છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયના વ્યાખ્યાન સ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. પહેલો વ્યવહાર આવ્યો હોય. હોય એને જણાવ્યો હો, પણ આની પ્રાપ્તિ માટે એનું વર્ણન કરવામાં આવ્યું છે.

**'તેનું ફળ પરમ નિર્વાણ...'** ભગવાનઆત્મા એના પૂર્ણ સ્વભાવનું અંતર્મુખ સ્વસંવેદનજ્ઞાન, અંતરના આશ્રયની શ્રદ્ધા અને અંતરમાં રમણતા, એનું ફળ પરમ નિર્વાણ છે. કહો, સમજાણું કાંઈ? એનું ફળ એ વખતે આનંદ આવે એમ ન લેતા... સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયની પરિણતિ તે આનંદરૂપ છે. પણ અહીં તો કહે છે કે એ શુદ્ધરત્નત્રય કારણરૂપે છે, ઉપાયરૂપે છે એથી એનું ફળ તે નિર્વાણ છે. સમજાણું કાંઈ? એ વખતે આત્માના સ્વભાવનું ભાન, શ્રદ્ધા અને રમણતા હોય એ વખતે ફળરૂપ તો આનંદનું વેદન છે. એ અહીં લેવું નથી. એ તો પોતે શુદ્ધરત્નત્રયમાં આનંદનું ફળ એ ભેગું આવી ગયું. સમજાણું કાંઈ? આ તો અહીંયાં અંતર્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની રમણતા દ્વારા નિર્વાણ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિ તેનું ફળ છે. આહાહા..!

**'તેનું ફળ પરમ નિર્વાણ તરીકે...'** તે એમ કીધું કે **'પ્રતિપાદિત કરવામાં આવ્યું.'** એના ફળનું પણ એમાં કથન કરવામાં આવ્યું છે. **'આ બધું કવિપણાના અભિમાનથી નહિ પણ પ્રવચનની ભક્તિથી...'** પાઠમાં છે ને? **'पवयण'** ભક્તિથી. અહો..! પ્રવચન ભગવાનના કહેલા ભાવો અને એના કથનો, એની ભક્તિથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની ભક્તિ, પ્રવચનની ભક્તિ, એને માટે આ 'નિયમસાર' કહેવામાં આવ્યું છે. પ્રવચનની ભક્તિથી કહેવામાં આવ્યું છે. કહે છે, અમે કાંઈક જાણીએ છીએ એ માટે કહેવામાં આવ્યું છે, અમને આવું આવડે છે માટે અમારી પ્રસિદ્ધિ કરવા માટે અમે આ કહીએ છીએ, એમ નથી. ફક્ત ભગવાનઆત્મા એના જે શુદ્ધરત્નત્રય અને એના કથનો ભગવાનના, એની ભક્તિથી અમે તો કહીએ છીએ. સમજાણું કાંઈ? અમે તો એના સેવક છીએ.

મુમુક્ષુ :– સેવક તો દોષ છે, રાગ છે.

ઉત્તર :– ઇ સેવક એટલે પૂર્ણ પ્રાપ્તિના કારણની સેવના એ જ ભગવાનની સેવના છે. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદની, શાંતિની પ્રાપ્તિરૂપી મુક્તિ, એના કારણનું સેવન એ જ ભગવાનનું સેવન છે.

મુમુક્ષુ :– અમે તો ભગવાનના...

ઉત્તર :– .. તે ભગવાનનો ... ભગવાને કહ્યું છે એના અમે સાધક છીએ, સાધનારા છીએ, એના .. છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'જો (તેમાં કાંઈ) પૂર્વાપર દોષ હોય...'** આગળ-પાછળ કોઈ શબ્દોના વ્યાકરણ આદિ નિયમોના ફેરફાર હોય, એ તો 'સમયસાર'માં (પાંચમી ગાથામાં) આવ્યું છે–'छलं ण घेत्तव्वं'. એ શબ્દોમાં ફેર હોય તો છળ ન કરવો. ત્યાં એટલું સુધારી લેવું તમારે. અહીં સુધારી લેવું કહ્યું. ત્યાં એને કહ્યું છે કે તું ત્યાં એ વાતમાં અટકીશ નહિ. અમારે તો ભગવાનઆત્મા આનંદની વાત કરવી છે. એનો અનુભવ કરજે. સમજાણું કાંઈ? આ કોઈ પંડિતાઈ ને કોઈ કવિપણાની ચતુરાઈથી કહેવામાં આવ્યું છે એમ નહિ, એમ કહે છે. આહાહા..! દેખાવ-દેખાવ. શું કહે હિન્દીમાં? દિખાવા, પ્રદર્શન કરવા. દેખાવા કે અમે આવા ડાહ્યા છીએ એમ દેખાવા કરવા માટે કહ્યું નથી. દુનિયામાં અમારી પ્રસિદ્ધિ પામે માટે કહ્યું છે એમ અમે કહેવા નથી માગતા. ફક્ત વીતરાગનો માર્ગ આવો આનંદસ્વરૂપ છે, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ છે, એના આગમોમાં એમ કહ્યું છે. તેના પ્રેમ અને ભક્તિથી અમે આ વાત કરીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

એમાં કોઈ શબ્દોમાં, વ્યાકરણમાં, નિયમમાં, કાળભેદમાં, ધાતુ આદિમાં કોઈ શબ્દમાં ફેરફાર હોય **'તો સમયજ્ઞ...'** આગમના જાણ **'પરમ-કવીશ્વરો દોષાત્મક પદનો લોપ...'** છે ને? એના પદની દોષાત્મકની વ્યાખ્યા છે. વસ્તુનો અનુભવ જે કહીએ છીએ એ તો બરાબર છે અમારે. એમાં પદો, શબ્દોની કોઈ શૈલીમાં આગળ-પાછળ શબ્દ .. હોય એનો **'પદનો લોપ કરીને ઉત્તમ પદ કરજો.'** પદને સારા કરજો, તમે એવા બહુ હોંશિયાર કવિશ્વર હો તો. સમજાણું કાંઈ? પદોની રચનામાં...

**'[હવે આ ૧૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૩૦૫

(मालिनी)

जयति नियमसारस्तत्फलं चोत्तमानां
हृदयसरसिजाते निर्वृतेः कारणत्वात्।
प्रवचनकृतभक्त्या सूत्रकृद्भिः कृतो यः
स खलुं निखिलभव्यश्रेणिनिर्वाणमार्गः।।३०५।।

**[શ્લોકાર્થ :–] મુક્તિનું કારણ હોવાથી નિયમસાર તેમ જ તેનું ફળ ઉત્તમ પુરુષોનાં હૃદયકમળમાં જયવંત છે. પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે જે આ નિયમસાર રચેલ છે), તે ખરેખર સમસ્ત ભવ્યસમૂહને નિર્વાણનો માર્ગ છે. ૩૦૫.**

## શ્લોક–૩૦૫ ઉપર પ્રવચન

૩૦૫.

जयति नियमसारस्तत्फलं चोत्तमानां
हृदयसरसिजाते निर्वृतेः कारणत्वात्।
प्रवचनकृतभक्त्या सूत्रकृद्भिः कृतो यः
स खलुं निखिलभव्यश्रेणिनिर्वाणमार्गः।।३०५।।

**શ્લોકાર્થ :–** **'મુક્તિનું કારણ હોવાથી નિયમસાર...'** એ સાર લીધો અહીં. ઓલો નિયમ પાઠમાં હતો. ... નામ છે ને એટલે. **'મુક્તિનું કારણ...'** પરમ શાંતિ અને પરમ આનંદની પ્રાપ્તિ. અરે..! સંસારના દુઃખોથી થાક્યો હોય એને (માટે વાત છે). સંસારના સ્વર્ગાદિના સુખ પણ દુઃખ છે ઇ. આહાહા..! એમાંથી જેને થાક લાગ્યો હોય કે.. આહાહા..! કે પ્રભુ! આવા દુઃખ હવે સહ્યા નથી જતાં. ભક્તિમાં નહોતું આવ્યું? કાલે આવ્યું હતું. એવા દુઃખથી જેને મુક્ત થવું હોય એને આ **'મુક્તિનું કારણ હોવાથી નિયમસાર...'** કહેવામાં આવ્યું છે.

**'તેમ જ તેનું ફળ ઉત્તમ પુરુષોનાં હૃદયકમળમાં જયવંત છે.'** એમ કહે છે. આહાહા..! શું કીધું ઇ? મુક્તિનું કારણ એવો જે નિયમસાર (એ) જ્ઞાનીના હૃદયમાં બિરાજમાન જયવંત વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમ આનંદ અને પરમ જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એના સન્મુખનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ્ઞાનીના હૃદયમાં વર્તમાન જયવંત વર્તે છે, એમ કહે છે. વિદ્યમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ અદ્ધરથી વાત કરીએ છીએ એમ નહિ, છે અમારી પાસે, એમ કહે છે.

**'મુક્તિનું કારણ હોવાથી નિયમસાર તેમ જ તેનું ફળ ઉત્તમ પુરુષોનાં હૃદયકમળમાં જયવંત છે.'** મોક્ષ કેવો છે એનું પણ એને જ્ઞાન વર્તે છે. આહાહા..! **'પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે...'** દિવ્યધ્વનિ–ભગવાનની વાણી, એની જે ભક્તિ. ઠીક! એનાથી સૂત્રકાર 'કુંદકુંદાચાર્ય' મહારાજ, જે આ કરેલ છે **'તે ખરેખર...'** **'(અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે જે આ નિયમસાર રચેલ છે),...'** લ્યો! 'નિયમસાર' કરેલ છે, રચેલ છે એમ કહ્યું. નિમિત્તપણે બતાવે છે, નિમિત્તપણું બતાવે છે. વાણી તો વાણીને કારણે રચાય છે. પણ ભાવની રચનાવાળા જે હતા એણે આ વાણીની રચના કરી એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અંતરમાં વસ્તુના પૂર્ણ સ્વભાવના આનંદના વેદનની દશામાં હતા. એમાં એ હતા. એની રચના એમણે કરી હતી. પણ એવી સ્થિતિવાન પ્રાણી, એને અનુસરતી વાણીની રચના પણ કરી એમ કહેવામાં વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? કહેનાર એમણે તો 'નિયમસાર' રચ્યો છે. એટલે કે પોતાની પર્યાય નિર્મળ શુદ્ધ સ્વભાવના આશ્રયની એમણે

રચી એ નિયમસાર રચ્યો એમણે. ભાવનિયમસાર. અને તેને અનુસરતી વાણી નીકળી એને અમે નિમિત્તથી કહીએ છીએ કે અમે એને રચ્યો. સમજાણું કાંઈ? આહાહા..!

'કુંદકુંદાચાર્ય' અને આ મુનિઓ, દિગંબર સંતો ગજબ કામ કરે છે! એની વાત કરતા કે 'નિયમસાર' અમે રચ્યું છે. અમારો ભગવાન રાગથી રહિત. સારનો અર્થ છે ને? એવો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર જયવંત વર્તે છે એમ કહ્યું ને પહેલું? વર્તમાન છે. આહાહા..! અને એને અનુસરીને વાણી નીકળી. વાણી વાણીને કારણે બોલાય છે. પણ નિમિત્તપણું છે એટલે કે અમે આને રચતા આને રચીએ છીએ એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે જે આ નિયમસાર રચેલ છે), તે ખરેખર સમસ્ત ભવ્યસમૂહને...'** સમસ્ત ભવ્યસમૂહને. આહાહા..! બધા ભવ્યસમૂહને. ભવ્યના સમૂહ–ઢગલા, એને **'નિર્વાણનો માર્ગ છે.'** નિયમ છે. એને નિયમ મોક્ષનો માર્ગ નિર્વાણનો માર્ગ આ છે. સંતોએ રચ્યો અને વાણીની રચનામાં નિમિત્ત એટલે એમણે વાણી રચી એમ કહી અને ભવ્યસમૂહને આ મોક્ષનો માર્ગ કહ્યો. આહાહા..! એ ૧૮૫ ગાથા થઈ.

## ગાથા–૧૮૬

ईसाभावेण पुणो केई णिंदंति सुदरं मग्गं।
तेसिं वयणं सोच्चाऽभत्तिं मा कुणह जिणमग्गे।।१८६।।

ईर्षाभावेन पुनः केचिन्निन्दन्ति सुन्दरं मार्गम्।
तेषां वचनं श्रुत्वा अभक्तिं मा कुरुध्वं जिनमार्गे।।१८६।।

इह हि भव्यस्य शिक्षणमुक्तम्।

केचन मंदबुद्धयः त्रिकालनिरावरणनित्यानंदैकलक्षणनिर्विकल्पकनिजकारणपरमात्मतत्त्व-सम्यक्श्रद्धानपरिज्ञानानुष्ठानरूपशुद्धरत्नत्रयप्रतिपक्षमिथ्यात्वकर्मोदयसामर्थ्येन मिथ्यादर्शनज्ञानचारित्रपरायणाः ईर्ष्याभावेन समस्तरपरिणामेन सुन्दरं मार्गं सर्वज्ञवीतरागस्य मार्गं पापक्रियानिवृत्तिलक्षणं भेदोपचाररत्नत्रयात्मकमभेदोपचाररत्नत्रयात्मकं केचिन्निन्दन्ति, तेषां स्वरूपविकलानां कुहेतुदृष्टान्तसमन्वितं कुतर्कवचनं श्रुत्वा ह्यभक्ति जिनेश्वरप्रणीतशुद्धरत्नत्रयमार्गे हे भव्य मा कुरुष्व, पुनर्भक्तिः कर्तव्येति।

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેના સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.

અન્વયાર્થ :– [ पुनः ] પરંતુ [ ईर्षाभावेन ] ઈર્ષાભાવથી [ केचित् ] કોઈ લોકો [ सुन्दरं मार्गम् ] સુંદર માર્ગને [ निन्दन्ति ] નિંદે છે [ तेषां वचनं ] તેમનાં વચન [ श्रुत्वा ] સાંભળીને [ जिनमार्गे ] જિનમાર્ગ પ્રત્યે [ अभक्तिं ] અભક્તિ [ मा कुरुध्वम् ] ન કરજો.

ટીકા :– અહીં ભવ્યને શિખામણ દીધી છે.

કોઈ મંદબુદ્ધિઓ ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવા નિર્વિકલ્પ નિજ કારણપરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયથી પ્રતિપક્ષ મિથ્યાત્વકર્મોદયના સામર્થ્ય વડે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રપરાયણ વર્તતા થકા ઈર્ષાભાવથી અર્થાત્ મત્સરયુક્ત પરિણામથી સુંદર માર્ગને—પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક અને અભેદોપચાર-રત્નત્રયાત્મક સર્વજ્ઞવીતરાગના માર્ગને–નિંદે છે, તે સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત) જીવોનાં કુહેતુકુદૃષ્ટાંતયુક્ત કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે, હે ભવ્ય! અભક્તિ ન કરજે, પરંતુ ભક્તિ કર્તવ્ય છે.

## ગાથા–૧૮૬ ઉપર પ્રવચન

હવે અહીંયાં ૧૮૬.

ईसाभावेण पुणो केई णिंदंति सुदरं मग्गं।
तेसिं वयणं सोच्चाऽभत्तिं मा कुणह जिणमग्गे।।१८६।।

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેના સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.

આવો માર્ગ સુંદર, એની કોઈ નિંદા કરે. આ સ્વાર્થના પૂતળા, અમે અમારું કરીએ... અમે અમારું કરીએ... એવી નિંદાઓ કરનારા. કરો. પણ સ્વરૂપની ભક્તિ તેમાં મોળપ લાવવા દઈશ નહિ. સમજાણું કાંઈ? પાછો જિનમાર્ગ લીધો, નિશ્ચય. છેલ્લે પોતે એ લીધું છે. શુદ્ધરત્નત્રય માર્ગ પ્રત્યે અભક્તિ ન કરજે, એમ કીધું છે ને? અંદર માર્ગની વ્યાખ્યા કરતા નિશ્ચય-વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ?

**ટીકા :– 'અહીં ભવ્યને શિખામણ દીધી છે.'** ભવ્યને શિખામણ દીધી છે. લાયક જીવને કહેવામાં આવે છે. આહાહા..! **'કોઈ મંદબુદ્ધિઓ...'** આવો નિયમ-મોક્ષનો માર્ગ, શુદ્ધરત્નત્રય સ્વદ્રવ્યને આશ્રયે થતી દશા એવો માર્ગ, એને નહિ સમજનારા, ઈર્ષા કરનારાઓ. સમજાણું

કાંઈ? કહ્યું હતું. ઘણા વર્ષ પહેલાં અહીં એક પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૧૯૯૨ની સાલ પહેલા. આ સિદ્ધ ભગવાન શું કરે? કીધું, સિદ્ધ ભગવાન કોઈનું કાંઈ ન કરે. એ તો પોતાના આનંદના અનુભવને કરે. (તો પેલો કહે), અરે..! આવા સિદ્ધ! અહીં અમે પણ કાંઈક થોડા ઘણા બીજાનું કરીએ અને એ મોટા થયા ને કાંઈ ન કરે? અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી. ત્યારે અમારે એવા સિદ્ધ નથી જોતા. પણ હતા ક્યાં? ભાઈ! સમજાણું કાંઈ? 'હીરાભાઈ'ના મકાનમાં પ્રશ્ન કર્યો હતો. એ તો ગુજરી ગયા બિચારા. ... 'મુંબઈ'. એને કાંઈ ધર્મ-બરમની ખબર ન મળે. બસ, મોઢા આગળ પડવું. એ કહે, આ સિદ્ધ ભગવાન પૂર્ણ થઈને, પરમાત્મા થઈને શું કરે? કીધું, પરનું કાંઈ ન કરે. પોતાના પૂર્ણ આનંદનો અનુભવ કરે. લે, આવા સિદ્ધ! મોટા થયા અને કોઈનું કાંઈ ન કરે એ મોટા શેના? એય..! પંડિતજી! અમે પણ અહીં ગામમાં, દેશમાં કે કુટુંબમાં કાંઈક બધે જ્યાં હોય ત્યાં સુધારા-વધારા કરવા મથીએ છીએ. એ કાંઈ ન કરે કોઈનું? કીધું, હરામ છે કાંઈ કરે તો કોઈકનું. તમે કાંઈ કરતા નથી. અહીં પણ કોણ કરે છે કોઈનું? એ તો મફતનો અજ્ઞાની મૂંઢ માને છે. ચોપડા-બોપડા, નામા-બામા જોતો હશે કે નહિ અહીં? આ બધું શું અત્યાર સુધી કર્યું ત્યારે? ઓડીટર થયા ને બધા. ઓડીટર નામ. એ..! આ અમારે મંત્રી છે. કેટલું કામ કર્યું 'પોરબંદર'માં, જુઓને! ..માં કાકો ને કાકી બે વખણાતા. અમારા 'પાલેજ'માં એક કાકો-કાકી કહેવાતા. મુસલમાન હતા. જૂના માણસ. ગામમાં પહેલા આવેલા. એટલે એ કાકો-કાકી કહેવાય. અમારા ઘરની પાસે જ હતા. મુસલમાન હતા. આખા ગામમાં એક કાકો કાકી કહેવાય. એમ આ 'પોરબંદર'માં આ કહેવાતા.

મુમુક્ષુ :– 'પોરબંદર' તો ઘણું મોટું ગામ છે.

ઉત્તર :– વાત સાચી. ઓલું તો નાનું. 'પાલેજ' એટલે શું ત્યાં. અને તે દિ' તો સાધારણ હતું. તે દિ' તો સાધારણ હતા. અત્યારે તો વધી ગયું. તે દિ' કાકો-કાકી કહેવાતા. અને આ તો મોટા 'પોરબંદર'ના. એ તો રહ્યા નહિ, હોં! નહિ? કાકી તો વઈ ગઈ. આ એક રહ્યા. કોના કાકી ને કોના કાકીડા? આહાહા..!

અહીં તો કહે છે, હે ભવ્ય જીવ! તારા સ્વ પ્રયોજન–માર્ગને સાધતો (હો અને) દુનિયા એમ કહે કે આ તો એકલા સ્વાર્થિયા છે. કોઈનું કાંઈ કરવું નહિ ને અમે ધર્મી! કોઈનું કાંઈ કરવું નહિ. પોતાનું તો કૂતરા પેટ ભરે. એમ વળી એક કહેતો હતો. એય..! 'ચેતનજી'! એ તો 'ચેતનજી'ને ખબર છે નામ શું હશે. એ આવ્યો હતો. (સંવત) ૧૯૯૨માં ત્યાં આવ્યો હતો. એ કહે, કૂતરા પણ પેટ ભરે. અરે..! પ્રભુ! શું કહે છે? ભાઈ! તું શું કહે છે? સાધુ, હોં! નામધારી. પોતાનું તો કૂતરા પણ પેટ ભરે. પરનું કરે એ ખરા. વાહ રે વાહ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમ થતી હશે? ઠીક! 'ચેતનજી' છે ને. એનું નામ તમારા જેવું નામ છે,

એય...! ખબર છે? 'હિંમતલાલ જેઠાલાલ' આવ્યા છે. એ આજ કહેતા હતા, 'ચંદુભાઈ' કહેતા હતા. આહાહા...!

આ ભગવાન પોતાનું કર્યા સિવાય... આ અજ્ઞાનપણે રાગ-દ્વેષ ને મિથ્યાત્વ એ પોતા માટે કરે છે. એ કોઈ પરનું કરે છે? આહાહા...! કરે શેનું પણ? જગતના તત્ત્વો અનંત અનંતપણે પરિણમી રહ્યા છે. અનંતપણે રહીને અનંતપણે, દ્રવ્યપણે અને પર્યાયપણે રહેલા છે. હવે એમાં અનંતમાંથી એક બીજાનું કરે તો અનંત ખૂટી જાય છે. અનંતની સંખ્યા રહેતી નથી.

કહે છે કે **'કોઈ મંદબુદ્ધિઓ ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** હવે અહીંયાં ઉપાડે છે, જુઓ! ઓલામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર લીધું. અહીં શ્રદ્ધાથી ઉપાડે છે. **'ત્રિકાળ-નિરાવરણ,...'** મોક્ષમાર્ગ તો એ છે. નિયમ એ મોક્ષમાર્ગ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર. ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો. અહીં શ્રદ્ધાથી કહ્યું. ત્રિકાળ નિરાવરણ ભગવાનઆત્મા **'નિત્ય આનંદ જેનું એક લક્ષણ...'** આહાહા...! ભગવાનનું–આત્માનું લક્ષણ નિત્ય આનંદ. અતીન્દ્રિય નિત્ય આનંદ જેનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

**'કોઈ મંદબુદ્ધિઓ...'** એટલું. હવે **'ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** એક લક્ષણ છે. જોયું! અહીંયાં જ્ઞાન લક્ષણ ન લેતા આનંદનું લક્ષણ લીધું છે. આહાહા...! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદમાં બિરાજમાન આત્મા છે. એ એનું લક્ષણ છે. આહાહા...! રાગ અને પુણ્યના પરિણામ એનું લક્ષણ નથી. જ્યારે જણાવવું હોય ત્યારે બીજું જણાવે. આવે છે ને 'પંચાસ્તિકાય'માં? ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણ. ત્રણ લક્ષણ છે. દરેક પર્યાય, દરેક ઉત્પાદ-વ્યય એ પણ એનું લક્ષણ છે. પણ એ તો એક સામાન્ય રૂપ બતાવવું છે. આ તો ખાસ જેને જુદો પાડીને બતાવવું છે. સમજાણું કાંઈ? જેને જુદું પડવું છે અને જુદું પાડીને બતાવવું છે. આહાહા...!

ત્રિકાળ પ્રભુ નિરાવરણ વસ્તુ છે. વસ્તુને આવરણ કેવું? એવી ચીજ જે સત્ત્વ, સત્ સત્ સત્ સત્નું સત્ત્વ. 'સમયસાર'માં તો એ આવ્યું હતું. શુદ્ધ અને અશુદ્ધ જીવનું સત્ત્વ છે. એના સત્ત્વમાં છે. આવ્યું હતું કે નહિ? એ તો પર્યાય બતાવવા. આ તો દ્રવ્ય બતાવવું છે. સમજાણું કાંઈ? શુદ્ધ-અશુદ્ધ પર્યાય પણ જીવનું સત્ત્વ છે. સત્ત્વ એટલે એના સત્ત્વના સત્માં થાય છે, કાંઈ પરમાં થતા નથી. પણ અહીં તો દ્રવ્યને બતાવવું છે, વસ્તુ કહી છે. ઓલી તો પર્યાયને બતાવવી હતી.

અહો...! ત્રણે કાળે નિરાવરણ પ્રભુ બિરાજે છે. અને **'નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** એ સુખ ને આનંદ એ જ જેનું લક્ષણ છે અને આનંદના લક્ષણે તે આત્મા લક્ષિત થઈ શકે છે. આહાહા...! **'એવા નિર્વિકલ્પ નિજ કારણપરમાત્મતત્ત્વના...'** એવા ત્રિકાળ નિરાવરણ અને નિત્ય આનંદ લક્ષણ, એવા નિર્વિકલ્પ અભેદ નિજ કારણપરમાત્મા, પોતાનો કારણપરમાત્મા વસ્તુ, એવા **'કારણપરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...'** એવો

પોતાનો પરમાત્મા કારણસ્વરૂપ ભગવાન, એની સાચી અંતર શ્રદ્ધા, એનું આત્મજ્ઞાન, તેવા આત્મામાં અનુષ્ઠાનરૂપ--આચરણરૂપ એ ચારિત્ર. અનુષ્ઠાનરૂપ '**શુદ્ધરત્નત્રયથી...**' આવા '**સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...**' એમ શું? '**શુદ્ધરત્નત્રય...**' એવા '**શુદ્ધરત્નત્રયથી...**' એટલી વ્યાખ્યા કહી હવે. એનાથી વિરુદ્ધવાળા તારી નિંદા કરે તો અભક્તિ કરીશ એમ કીધું. '**પ્રતિપક્ષ...**' અહીં એના પ્રતિપક્ષ આ આવ્યું. ઓલામાં વળી ત્યાં પ્રતિપક્ષ આ લેવા જાય તો ઓલું મળતું નથી નિયમસાર. વ્યવહારના પરિહાર અર્થે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ તો એની વસ્તુની વાત છે. વ્યવહારના પરિહાર અર્થે વિકલ્પ છે ને? નિયમસાર. વ્યવહારનો પરિહાર એટલે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, એના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે. ત્યાં તો એની વિકારી પર્યાયથી વિરૂદ્ધ એમ.

અહીં તો કહે છે કે '**શુદ્ધરત્નત્રયથી પ્રતિપક્ષ મિથ્યાત્વકર્મોદય...**'વાળા એમ કહે છે. જ્યાં ઠેકાણે જે હોય ત્યાં.. ત્યારે ત્યાં ઓલા રાડ પાડે કે નહિ, અહીંયાં એમ નહિ. અહીંયાં એમ લેવું મિથ્યાત્વ અને દર્શન એ વિરોધ છે. એના પરિહાર અર્થે મોક્ષમાર્ગ કહ્યો છે. એમ કહે છે. અહીં તો વિરોધ કરનારાઓને લેવા છે ને? ઓલી તો વિરોધપર્યાયથી રહિત નિયમસાર છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો કારણપરમાત્મા પોતાનો ભગવાન નિત્યાનંદ પ્રભુ, શાશ્વત વસ્તુ એની સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન ને અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રય, જે મોક્ષનો માર્ગ છે, એવા રત્નત્રયથી વિરૂદ્ધ '**મિથ્યાત્વકર્મોદયના સામર્થ્ય વડે...**' વિપરીત એવો દર્શનમોહ, એના ઉદયના સામર્થ્ય વડે એમાં જોડાતા. એમાં જોડાય છે.

મુમુક્ષુ :– ઉદયનું જોર આવ્યું ખરા.

ઉત્તર :– આવ્યું, કર્મ ઉદય છે ને? એના ઉદયનું સામર્થ્ય કહેવાય. એના ઉદયનું સામર્થ્ય. આત્માનું સામર્થ્ય ક્યાં છે?

'**મિથ્યાદર્શન–**' જેને મિથ્યાશ્રદ્ધા છે, મિથ્યાજ્ઞાન છે, મિથ્યાચારિત્રમાં પરાયણ છે. '**પરાયણ વર્તતા થકા...**' આહાહા..! '**ઈર્ષાભાવથી અર્થાત્ મત્સરયુક્ત પરિણામથી...**' ઈર્ષા– અમે આમ જાણનારા છીએ, અમે આમ જાણનારા. આ તમે બધા સ્વાર્થના પૂતળાઓ, આત્માનું અમે કરીએ છીએ, અમે આત્માનું કરીએ છીએ. એમ કરીને એવા સુંદર માર્ગની નિંદા કોઈ કરે. મત્સરયુક્તથી ઈર્ષા ભાવે. એવા '**પરિણામથી સુંદર માર્ગને...**' હવે સુંદર માર્ગની જરી વ્યાખ્યા કરે છે.

'**णिंदंति सुदरं मग्गं**' '**પાપક્રિયાથી નિવૃત્ત જેનું લક્ષણ છે એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક...**' પહેલો એ વ્યવહાર લીધો. મુનિનો માર્ગ. પાપના પરિણામથી નિવૃત્તિ છે જેને. અહિંસાદિના પરિણામ, વ્યવહારરત્નત્રયના પરિણામ છે એને. '**પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક...**' વ્યવહારરત્નત્રય. વ્યવહારરત્નત્રય એવો જે એનો

વિકલ્પ અને અભેદ ઉપચાર રત્નત્રય એ નિશ્ચય. અભેદ ઉપચાર રત્નત્રયસ્વરૂપ **'સર્વજ્ઞ વીતરાગના માર્ગને—'** જુઓ! **'ભેદોપચાર-રત્નત્રયાત્મક અને અભેદોપચાર રત્નત્રયાત્મક સર્વજ્ઞવીતરાગના માર્ગને...'** આહાહા..! બેયનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે ને? વ્યવહારે આવો હોય. આરાધવો છે નિશ્ચય પણ એમાં વ્યવહાર આવો હોય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી. વીતરાગનો વ્યવહાર જ જુદી જાતનો.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતના વિકલ્પ, એમાં સાવદ્યનો ત્યાગ, હિંસાનો ત્યાગ. બાહ્ય. એવો વ્યવહાર રત્નત્રયસ્વરૂપ અને અભેદ ઉપચાર રત્નત્રય સ્વરૂપ **'સર્વજ્ઞવીતરાગના માર્ગને–નિંદે છે, તે સ્વરૂપ...'** મંદબુદ્ધિ (શબ્દ હતો) પહેલેથી. કોઈ મંદબુદ્ધિઓ આ રીતે નિંદે છે. સમજાણું કાંઈ? અમારું કાંઈ ન કરે એ વીતરાગ શેના? ભગવાન શેના મોટા? એમ કહે. મોટા થાય તો ઘણાનું કરે ને? લ્યો! આ તો અમે અમારું કરીએ. અમે મોક્ષના માર્ગમાં મોટા છીએ. એ નહિ. એમ ન હોય. દુનિયાનું કરવું જોઈએ. અને કદાચિત ભવ કરવો પડે દુનિયા માટે તો ભવ કરવો. સમજાણું કાંઈ? એ વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? જગતના હિતને માટે ભવ કરવો પડતો હોય તો અમે ભવ કરશું.

મુમુક્ષુ :– એમાંય જગતનું કલ્યાણ છે ને.

ઉત્તર :– એનાથી જગતનું ધૂળમાંય કલ્યાણ થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– .. ને બીજાને લાભ થાય.

ઉત્તર :– ધૂળેય ન થાય કોઈને. કોને લાભ થાય? પોતે પોતાનું કરે, એમાં વળી વિકલ્પ કોઈ આવી ગયો અને તીર્થંકરગોત્ર બંધાય ગયું તો સામાને નિમિત્ત થાય. એ પણ ઓલો કરે ત્યારે નિમિત્ત થાય કે નહિ? આનાથી ત્યાં ક્યાં થાય છે? સમજાણું કાંઈ?

કહે છે કે, અરે..! એવા મંદબુદ્ધિઓ આવા વીતરાગ માર્ગને. સર્વજ્ઞવીતરાગ શબ્દ અહીં પાડ્યો છે. આહાહા..! ત્રણકાળ ત્રણલોક જેને એક સમયના સૂક્ષ્મ કાળમાં જાણવામાં આવી ગયા છે. એવા સર્વજ્ઞ વીતરાગ, એનો જે કહેલો મારગ, એને કોઈ નિંદે... આહાહા..! આ કોઈ ભગવાનને માને નહિ. ભગવાન માને તો કહે, રાગ થાય. આ ભારે. સમજાણું કાંઈ? એવા **'સર્વજ્ઞ વીતરાગના માર્ગને–નિંદે છે, તે સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત)...'** વિકળેન્દ્રિય, વિકળેન્દ્રિય નથી થતા? બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઈન્દ્રિય એ વિકળેન્દ્રિય છે. પૂરી પાંચ ઇન્દ્રિય વિનાના. સ્વરૂપ પ્રાપ્તિ રહિત. જેને ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ અખંડાનંદ સ્વરૂપની પ્રાપ્તિ જેને નથી અને આવા મિથ્યા શ્રદ્ધા-જ્ઞાનની પ્રાપ્તિ એને છે. આહાહા..!

એવા **'જીવોના કુહેતુ...'** ખોટા હેતુ આપે. **'કુદૃષ્ટાંત...'** દૃષ્ટાંત ખોટા આપે એને. સમજાણું કાંઈ? એવા કુહેતુ અને કુદૃષ્ટાંત સહિત કુતર્ક. પોતાના દાખલા આપે. આમ થાય, ફલાણું થાય, ઘણાને તાર્યા, મોક્ષમાર્ગમાં લઈ ગયા. એકલા રહે, એકલા રહે એ તો સ્વાર્થના પૂતળા કહેવાય. પરમાર્થ કરે એ મોટા પરમાર્થી કહેવાય. એય..! કેટલા પાંજરાપોળમાં રોકાવું નહિ

પડ્યું હોય? તે દિ' બધાના કાકા શેના કહેવાતા હશે? કો'કના કામ કર્યા હોય ત્યારે... આહાહા..! ત્યારે વળી તમે કહો કે તમારાથી કાંઈ થાય નહિ અને વળી કહો કે બીજાને સમજાવવા ઊભા થયા. તમારો મેળ ક્યાં છે આમાં કાંઈ? એય..! તમે કહો કે કોઈથી કોઈનું કાંઈ થાય નહિ. વળી કહે કે અમે તમને સમજાવીએ. તમારો મેળ ક્યાં છે આમાં કાંઈ? 'માવાણી'! આવા તો વિરોધ કરે છે. તમે કહો કે મૌન રહેવામાં લાભ છે. વળી પાછા બોલવાની વાતું તમે કરો. આમાં તમારો મેળ ક્યાં છે? એય..! 'ભીખાભાઈ'! એવા કુહેતુ મૂકી અને કુદૃષ્ટાંત આપી અને કુતર્કોના વચનો બોલે. સમજાણું કાંઈ? એમાં વળી તમે કહો કે ક્રમબદ્ધ થાય. વળી તમે સમજાવીને એનું ક્રમબદ્ધ ફેરવી નખાવો છો. એ કહે છે ને. કુતર્ક મૂકીને કુતર્ક કરે છે. એ ... દૃષ્ટાંત દઈને કુતર્ક કરે. સમજાણું કાંઈ? જે સમયે જે પર્યાય...

મુમુક્ષુ :– .. બરોબર લાગે.

ઉત્તર :– એ તો ... એવી લાગે એને. એને કાળે એની પર્યાય થશે તો પછી તમે એને આમ કર, એમ સમજાવવાનું શું કરવા મફતમાં મંડ્યા છો? કહો, સમજાણું કાંઈ? પણ ભાઈ! વાણીને કાળે વાણી નીકળી, એ પાછું લેને ભેગું. અને વિકલ્પને કાળે વિકલ્પ આવ્યો અને જાણે છે કે આ વિકલ્પ ને વાણી છે એ જાણવાના કાળે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ એ જાણવાનો હતો. સમજાણું કાંઈ? આહાહા..! ભારે માર્ગ ઓલો છે. ઓલાને કીધું ને, જુઓ! 'ફુલચંદજી' કહે કે, જુઓ! અમે આ કર્યું છે. 'સોનગઢ' માનતા નથી. 'સોનગઢ' કહે કે નથી કરી શકતા. જુઓ! એમ લખ્યું છે કે આ હું કરું છું. જૈન તત્ત્વ મિમાંસા. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! એ તો તારો કુહેતુ છે. સમજાવવાની પરની ભાષા તો એવી જ આવે. સમજાણું કાંઈ? તમે સમજાવો છો ને. પણ તમે ક્રમબદ્ધ માનતા નથી અને પરનું કરી શકતા નથી એમ પણ માનતા નથી. એ તો 'સોનગઢ' કહે છે એમ એ માનતા નથી. આહાહા..!

**'કુહેતુકુદૃષ્ટાંતયુક્ત...'** પાછો દાખલો આપે એના જેવો. આ એની મેળાએ થઈ જાય. લ્યો, આ દીવાને તમે આમ ચાંપ મારો પ્રકાશ થાય, ફટ્ટ. શું કરવા ઊભા થયા? એની મેળાએ થાશે નહિ? થવા દે એની મેળાએ. ચાંપ નથી દેવો. ત્યાં તો ઊભા થઈ આમ દાબે ત્યારે દીવો થાય. એકકોર માનો છો કે ન થાય કહે અને વળી કહે કે અમે કરીએ તો થાય. આ બેમાં તમારો મેળ ક્યાં છે? એય..! 'વજુભાઈ'! આહાહા..! એવા સ્વરૂપવિકળ જીવોના, ભાઈ! એને ખબર નથી. એ કુહેતુ મૂકશે, કુદૃષ્ટાંતનો દાખલો પણ એને મેળ આવે એવો કહેશે. આ 'પંચાધ્યાયી'માં કહ્યું છે, નહિ? નયાભાસ. નયાભાસમાં કહ્યું છે. કુદૃષ્ટાંતો આ ઉદાહરણ-દાખલો આપીને સિદ્ધ કરશે. પણ કુનય છે, એ કુનયો છે.

એવા **'કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત...'** વીતરાગ પરમેશ્વર પ્રાપ્ત જેણે કર્યું છે, એણે કહેલું જિનેશ્વરપ્રણીત. વીતરાગસર્વજ્ઞ પરમેશ્વર પ્રણીત, એમણે કહેલો **'શુદ્ધરત્નત્રયમાર્ગ...'**

જુઓ! અહીં લીધું એકલું. બે હતું એ જણાવ્યું. આ **'શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે,...'** શુદ્ધરત્નત્રયમાર્ગ, શુદ્ધરત્નત્રયમાર્ગ. એકલો સ્વના પ્રયોજનનો જ માર્ગ. જેમાં આત્મા પોતાનું જ કરી શકે, પરનું કાંઈ જરીએ નહિ. તેમ પર પાસેથી કાંઈ જરીએ લે નહિ. એવો જે શુદ્ધરત્નત્રય સર્વજ્ઞે કહેલો માર્ગ, એના પ્રત્યે **'હે ભવ્ય! અભક્તિ ન કરજે,...'** આવો માર્ગ હોય તો આવા નિંદા કરનારાના આટલા બધા ટોળા કેમ નીકળે? એમ માનીશ નહિ. એ તે એમ જ હોય. ભગવાને કહેલો માર્ગ એમાં અભક્તિ કરીશ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આખી દુનિયા કદાચિત ડોલી ઉઠે પણ સત્યથી ખસીશ નહિ, ભાઈ! આમાં શું હશે? આમાં કાંઈક હશે? આ બધા આવડા મોટા મોટા પંડિતો અને આ... એક જણો અત્યારે કહેતો હતો, કે આવા મોટા મહારાજ કહેવાય એ બધા ખોટું કહેતા હશે? એણે બાહ્ય ત્યાગ ઉપરથી કિંમત કરી હોય ને એટલે એ મોટા કહેવાય.

સંસારમાં રહ્યા છતાં, બાયડી-છોકરામાં રહ્યા દેખાય છતાં સમકિતી એને નાના લાગે. સમકિતી જીવ એને નાના લાગે. ઓલા મોટા લાગે. આવો ત્યાગ. બાયડી-છોકરા, રાજ-પાટ છોડ્યા, વેપાર-ધંધા છોડ્યા અને આવા ત્યાગી થયા એના વચનો માન્ય હોય કે નહિ? સાંભળને હવે. ત્યાં એણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો જ છે કે દિ'? એણે તો સમકિતનો ત્યાગ કર્યો છે. એના વચન મોટા, એને મોટા માનવા એ તો તારી ભૂલ છે. સમજાણું કાંઈ?

**'જિનેશ્વરપ્રણીત...'** વીતરાગે કહેલો માર્ગ **'શુદ્ધરત્નત્રયમાર્ગ...'** એક જ કીધો છે, જુઓ! પાઠમાં જિનમાર્ગ છે ખરું ને? **'मा कुणह जिणमग्गे।'** વીતરાગી ભગવાનઆત્મા, એના આશ્રયની દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર, એમાં પ્રેમ ન છોડીશ. અભક્તિ ન કરીશ. એક જ હોય તોય બસ છે. સત્યને સંખ્યાની જરૂર નથી. એકલી હા પાડનારા ઘણા મળે તો આ સત્ય કહેવાય, એવું છે નહિ. આહાહા..! **'પરંતુ ભક્તિ કર્તવ્ય છે.'** અસ્તિથી લીધું. દુનિયાના કુહેતુ, કુદૃષ્ટાંતયુક્ત કુતર્કના વચનો, કુતર્કના વચનો. ઇ કહે છે કે, કેવળજ્ઞાનીને હિસાબે બધા જીવમાં ક્રમબદ્ધ થાય. પણ શ્રુતજ્ઞાની એમ માને પણ એમાં આચરણને માટે એમ ન હોય. શ્રુતજ્ઞાની કહે કે હું પુરુષાર્થ કરું એ પ્રમાણે થાશે. પણ પુરુષાર્થ પ્રમાણે થાશે એ પણ ભગવાને દીઠું નથી એમાં? આહાહા..! સમજાણું કાંઈ?

એક જણો 'લલિતપુર'નો એમ કહેતો હતો, આ તમારી વાત છે એ એકાદને બેસે એવી છે. પંડિતજી હતા તમે? 'મહેન્દ્રકુમાર' બોલ્યો ... .. હતો. આ પણ હતા. 'રામજીભાઈ'ને બહુ ચર્ચા થઈ હતી. એક બીજો હતો. 'લલિતુપર'નો હતો. એ કહે કે, આ વાત તો તમારી એકાદને બેસે. પણ એકાદને બેસે પણ સત્ છે કે નહિ હવે? એકાદને બેસે ન બેસે એનું તારે શું કામ હતું? ન બેસે તો શું થઈ ગયું? એક પંડિત હતા, પંડિત. ગુજરી ગયા. નાની ઉંમરમાં ગુજરી ગયા.

અરે..રે..! બાપા! આવા કાળ આવ્યા. વિચાર કર્યા નહીં. કરવાનું કાંઈ અને કરી બેસે

કાંઈ. અરે..! આંખ્યું વિંચાશે ને જાશે. અંધારે ઓરડે જઈને ચોર્યાશીના અવતારમાં ક્યાં અવતરશે? બાપુ! એટલે આ અવતાર છૂટવાની વાત, સ્વના આશ્રયની માર્ગની ક્રિયા, એ અંતરની ક્રિયા એ જેને ન બેસે એ ઈર્ષાથી નિંદા કરે. સમજાણું કાંઈ? ભક્તિ કરજે, ભાઈ! આહાહા..! એટલે કે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એની રુચિ, જ્ઞાન ને રમણતા કરજે. એમાં મોળપ આવવા દઈશ નહિ, એમ કહે છે. અભક્તિ ન કરીશ. સમજાણું કાંઈ? ભક્તિ કરજે. ટીકાકાર શ્લોક કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૦૬

(શાર્દૂલવિક્રીડિત)

देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे
विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने*।
नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां
जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे।।३०६।।

**[શ્લોકાર્થ :-] દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે, જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે, અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે, જેમાં બુદ્ધિરૂપી જળ (?) સુકાય છે અને જે દર્શનમોહયુક્ત જીવોને અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત +દુર્ગમ છે, તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈન દર્શન એક જ શરણ છે. ૩૦૬.**

**પ્રવચન નં. ૨૧૪, ગાથા-૧૮૭, શ્લોક-૩૦૬-૩૦૭, ગુરુવાર, માગશર વદ ૧૪, તા.૧૬-૧૨-૭૧**

૧૮૬ ગાથાના બે કળશ છે. ૩૦૬ કળશ.

देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे
विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने*।

---

* અહીં કાંઈક અશુદ્ધિ હોય એમ લાગે છે.

+ દુર્ગમ = મુશ્કેલીથી ઓળંગી શકાય એવું; દુસ્તર. (સંસાર-અટવીને વિષે અનેક કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો મિથ્યાદૃષ્ટિઓને અત્યંત કઠિન છે અને તેથી સંસાર-અટવી અત્યંત દુસ્તર છે.)

**नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां**
**जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे।।३०६।।**

કહે છે, કે આ સંસારરૂપી અટવી વિકટ સ્થળ છે. જેમાં **'દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે,...'** એક દેહ, બીજો દેહ એમ અનંત દેહ, એનો જે સમૂહ એની પંક્તિ-ધારા. વનમાં જેમ વૃક્ષની પંક્તિ હોય, અટવીમાં જેમ વૃક્ષની પંક્તિનો સમૂહ હોય, એમ સંસારરૂપી અટવીમાં આ દેહસમૂહરૂપી વૃક્ષની પંક્તિ છે. એક પછી એક... એક પછી એક... એક પછી એક દેહ એને મળ્યા જ કરે. એમાં દેહસમૂહ-દેહનો ઢગલો આખો. એવા **'દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી...'** શ્રેણીથી **'જે ભયંકર છે,...'** સંસારઅટવી. **'જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે,...'** અટવીમાં જેમ સિંહ અને વાઘ (હોય છે) એમ દુઃખની પરંપરા એક પછી એક... એક પછી એક... દુઃખ તો ચાલ્યા જ કરે છે. સંસારમાં (કોઈ) દુઃખ રહિત છે નહિ. **'દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે,...'** રાગ-દ્વેષની આકુળતા, ચાહે તો સ્વર્ગમાં હો, નરકમાં હો, શેઠાઈમાં હો, રાંકાઈમાં હો પણ એને દુઃખની પરંપરા (ચાલુ જ છે). એમાં તો જંગલી પશુ–દુઃખની પરંપરા છે. વેરી ચીરી નાખે એવા પશુઓ છે. સંસારઅટવી એવી છે.

**'અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...'** કરાળ કાળ ક્ષણમાં બધાનો નાશ કરી નાખે. કરાળ કાળરૂપી અગ્નિ વનને જેમ બાળે, એમ આ પોતાના અનેક પ્રકારના શરીરાદિનો નાશ કરી નાખે છે. સગવડતા અને અગવડતા બધાનો કરાળ કાળ સંસાર. સંસાર દાવાનળથી સળગી રહ્યો છે.

**'જેમાં બુદ્ધિરૂપી જળ ( ?) સુકાય છે...'** કાંઈક અશુદ્ધિ છે અંદર. બુદ્ધિરૂપી જળ સુકાય જાય છે. આત્માનું જ્ઞાન શું છે એનું એને ભાન નથી. સંસારના ડહાપણ એ પણ આત્માના જ્ઞાનને સુકવી નાખે છે. સમજાણું કાંઈ? **'અને જે દર્શનમોહયુક્ત જીવોને...'** જેને શ્રદ્ધા વિપરીત છે એવા જીવોને **'અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે,...'** કુનય, કુતર્કો, કુનય ને કુશાસ્ત્ર એ રૂપી માર્ગને લીધે અત્યંત દુર્ગમ છે. એ અટવીમાંથી નીકળવું (દુર્ગમ છે). એવી અટવી હોય એમાં જાળ, બાવળ, કાંટા આડાઅવળા ભર્યા હોય એમાંથી રસ્તો કાઢવો મુશ્કેલ છે. એમ આ દર્શનમોહ જીવને અનેક કુનય, કુતર્કો દ્વારા માર્ગ અત્યંત દુર્ગમ છે. નીચે અર્થ છે. **'મુશ્કેલીથી ઓળંગી શકાય એવું; દુસ્તર'** છે. એ ચોર્યાશીના અવતારમાંથી નીકળવું મહાદુસ્તર છે.

**'(સંસાર-અટવીને વિષે અનેક કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો...'** અનેક જાળા, જાંખરા, બાવળના કાંટા વચમાં અટવીમાં પડ્યા હોય, એમાંથી કેડો-માર્ગ કાઢવો કે આ માર્ગે શહેરમાં પહોંચી શકાય, એવો કેડો ગોતવો જેમ મહા મુશ્કેલ છે. એમ આ સંસારની

અટવીમાં રખડતા જીવને કુનય માર્ગમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો, સત્ય શું છે એ શોધવું **'મિથ્યાદષ્ટિઓને અત્યંત કઠિન છે...'** ક્યાંક ક્યાંક ભરાય જાય. સમજાણું કાંઈ? વિપરીત નયના આશયે એકાંતમાં કાં પર્યાયમાં કાં દ્રવ્યમાં કા એકાંત ભેદમાં કા એકાંત અભેદમાં ભરાય જાય, કહે છે. વસ્તુની સ્થિતિ શોધવી, આ કુનયના કારણે, બહુ મુશ્કેલ છે. **'તેથી સંસાર-અટવી અત્યંત દુસ્તર છે.'** દુસ્તર. તરવી એટલે અટવીમાંથી નીકળવું. કહો, ધર્મને નામે પણ એકલા કુનયો વર્તે એમાંથી નીકળવું અને સત્યને શોધવું ઘણું દુસ્તર, તરવું-નીકળવું મહામુશ્કેલ છે. અહો..!

**'તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં...'** સંસારરૂપી અટવીનું વિકટ મેદાન. આહા..હા..! **'જૈન દર્શન એક જ શરણ છે.'** આત્માનો વીતરાગી સ્વભાવ એ જૈનદર્શન. જૈનદર્શને એ કહ્યું કે તારો સ્વભાવ વીતરાગ આનંદસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા..! એ એક જ શરણ છે, બીજું કોઈ શરણ છે નહિ. સમજાણું કાંઈ? આવી અટવીમાંથી નીકળવા માટે (કે જે) દુર્ગમ અટવી (છે, એમાં) એક જૈનદર્શન જ શરણ છે. **'એક જ શરણ છે.'** લ્યો! જૈનદર્શન એક જ શરણ છે. બીજું કોઈ નથી? બીજું ક્યાં (કોઈ છે). આત્માનો વીતરાગી સ્વભાવ એ જૈનદર્શન અને એની પર્યાયની પ્રાપ્તિ થવી એ જૈનશાસન. ત્રિકાળી આનંદમૂર્તિ ભગવાન વીતરાગસ્વરૂપ, એનું શરણ–એનો આશ્રય (એ) એક જ ઉદ્ધાર કરવાનો ઉપાય છે. એક શ્લોક થયો. કોઈને એમ લાગે કે આ તો એકાંત છે. પોતે જૈનદર્શનની વાત એકાંતમાં નાખે છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગ સર્વજ્ઞદેવે કહ્યું અને પ્રગટ કર્યું એવું એ સ્વરૂપ જૈનદર્શન એટલે આત્મા, જેમાં રાગ નથી, જેમાં સંસાર છે નહિ, એવો જે ત્રિકાળી સ્વભાવ એ એક જ શરણ છે. સમજાણું કાંઈ?

## શ્લોક–૩૦૭

**तथा हि -**

(शार्दूलविक्रीडित)

**लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-**
**स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमितीर्थेश्वरम्।**
**स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः**
**जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका।।३०७।।**

**[શ્લોકાર્થ :–] જે પ્રભુનું જ્ઞાનશરીર સદા લોકાલોકનું નિકેતન છે (અર્થાત્ જે નેમિનાથપ્રભુના જ્ઞાનમાં લોકાલોક સદા સમાય છે—જણાય છે), તે શ્રી નેમિનાથ તીર્થેશ્વરને—કે જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને—સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે? (તોપણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે એમ હું જાણું છું. ૩૦૭.**

## શ્લોક–૩૦૭ ઉપર પ્રવચન

૩૦૭.

**लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-**
**स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमितीर्थेश्वरम्।**
**स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः**
**जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका।।३०७।।**

ઉત્સુક, અત્યંત ઉત્સુક, અતિ ઉત્સુક. અર્થ કર્યો છે ને. 'નેમિનાથ' ભગવાનને યાદ કર્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ તો પોતે બ્રહ્મચારી હતા ને? બાળબ્રહ્મચારી હતા. 'પદ્મપ્રભમલધારીદેવ' બાળબ્રહ્મચારી (હતા) એટલે બાળબ્રહ્મચારી તીર્થંકરને યાદ કર્યા છે.

**શ્લોકાર્થ :– 'જે પ્રભુનું જ્ઞાનશરીર...'** 'નેમિનાથ' ભગવાનનું જ્ઞાનશરીર, હોં! એ જ્ઞાન એનું શરીર. **'સદા લોકાલોકનું...'** ઘર છે. નિકેતન. નિકેતન એટલે ઘર. ભગવાન નેમિનાથ પ્રભુ, જેનો જ્ઞાનરૂપી સ્વભાવ શરીર (છે) એ લોકાલોકનું ઘર છે એટલે કે લોકાલોકને જાણવા સમર્થ છે. લોકાલોક જેમાં જણાય છે. કહો. શબ્દ તો આમ લીધો છે. ભગવાન જ્ઞાનસ્વભાવ લોકાલોકનું નિકેતન (છે). નિકેતન એટલે રહેવાનું સ્થાન છે. એય..! પંડિતજી! ઘર છે. લોકાલોક અહીં રહે છે. એનો અર્થ **'નેમિનાથપ્રભુના જ્ઞાનમાં લોકાલોક સદા સમાય છે–જણાય છે.'** એવું એમનું જ્ઞાનશરીર છે. જ્ઞાનશરીર. દેહશરીર તો જડ છે, આ તો માટી છે. સમજાણું કાંઈ?

**'શ્રી નેમિનાથ તીર્થેશ્વરને–'** તીર્થેશ્વર એ છે. તીર્થના ઈશ્વર છે. તીર્થેશ્વર-તીર્થના ઈશ્વર. તરનારા આત્માઓના પણ એ ઈશ્વર છે. સાધકના એ પરમેશ્વર છે એમ કહે છે. **'જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી...'** આવે છે ને? નેમિનાથ ભગવાન અને 'કૃષ્ણ'ની રાણી 'રુક્ષ્મણી'. 'નેમિનાથ' ભગવાને સ્નાન કર્યું એટલે લુંગડું કાઢી નાખ્યું અને 'રુક્ષ્મણી'ને કીધું, ધોઈ નાખ. 'રુક્ષ્મણી' કહે કે તમે કોણ કહેનાર? અમને તો અમારા 'શ્રીકૃષ્ણ' જે શંખનો ધ્વનિ ફૂંકે તો આમ દ્વારિકાને હલાવી દે, એ પુરુષ પણ અમને ન કહે અને તમે?

'નેમિનાથ' ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા. એમ કહ્યું એટલે ભગવાને જ્યાં શંખ હતો, નાગની શૈયા હતી. નાગની શૈયા. પાટી હોય છે ને? પલંગની પાટી. એમ નાગની પાટી હતી. ... પોચુ, સુંવાળુ.. એવી નાગ શૈયા હતી. 'શ્રીકૃષ્ણ'ને સૂવાને માટે. નાગની શૈયા. ત્યાં ગયા. અને ત્યાં જઈને શંખ લીધો. શંખ લઈને ફૂંક્યોં. ત્યાં 'દ્વારિકા' ધ્રુજી ઊઠી. શંખ ફૂંક્યોં ત્યાં એટલું અવાજનું જોર થયું. 'દ્વારિકા' ધ્રુજી ઉઠી. અહીં તો આખી પૃથ્વી ધ્રુજાવી. પણ એ આખું સ્થાન છે એને ધ્રુજાવી દીધું. શંખ હાથમાં લઈને ફૂંક્યો ત્યાં.

**'જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી...'** લ્યો! શંખને કારણે ફૂંક પડ્યો ત્યાં ધરતી ધ્રુજી ઉઠી. નિમિત્તથી (કથન છે).

મુમુક્ષુ :– માનવું કે ન માનવું?

ઉત્તર :– એ અહીંયાં સિદ્ધ ક્યાં કરવું છે? અહીં તો એણે આ કર્યું એમાં આમ થયું. એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને-સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે?'** એનું સ્તવન કરવાને ત્રણલોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે? એવી જેની શક્તિ (એવા) નેમિનાથ ભગવાન કેવળજ્ઞાન પામ્યા, પૂર્ણાનંદની દશા પામ્યા, એની કોણ મનુષ્યો કે દેવો સ્તુતિ કરે? એની અલૌકિક ચીજ જ્યાં... જેની પર્યાય અનંત જ્ઞાન અને અનંત આનંદપણે પરિણમી ગઈ છે એનું શું કહેવું ? લોકાલોકથી પણ અનંતગુણો કાળ-ક્ષેત્ર હોત તો જાણે એવું જેની જ્ઞાનની પર્યાયનું પરિણમન સ્વચ્છ અને શુદ્ધ છે એની સ્તુતિ કરવાને કોણ સમર્થ છે? સમજાણું કાંઈ?

**'ત્રણ લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે?'** એમ કહે છે. ગણધરો પણ સમર્થ શું છે, એમ કહે છે. **'(તોપણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે...'** લ્યો? એમના પ્રત્યે અતિઉત્સુક-ઉત્સાહરૂપી ભક્તિ જાગી છે એટલે કરીએ છીએ. આહા..હા..! આવે છે ને? છે તો વિકલ્પ પણ એ અશુભની જ્યારે સ્થિતિ ન હોય તો એવો ભાવ હોય છે. અંદરમા ઠરી શકે નહિ તો એવો વિકલ્પ હોય છે.

મુમુક્ષુ :– ન હોય તો?

ઉત્તર :– હોય જ. ન હોય એમ કાંઈ (નથી). વીતરાગ પૂર્ણ થાય ને ન હોય? કાં વીતરાગ થઈ જાય કાં અજ્ઞાની થઈ જાય. સમજાણું કાંઈ? ભાવ આવે છે ને? વીતરાગતામાં કેટલો કાળ રહે?

કહે છે કે **'જિન પ્રત્યે...'** એવા વીતરાગ ભગવાન પ્રત્યે જેનો સ્વભાવ એકલો વીતરાગ પૂર્ણ થઈ ગયો. અહો..! જેવો એનો સ્વભાવ હતો એવી વ્યક્ત દશા પ્રગટ થઈ ગઈ. જિનસ્વરૂપ જ આત્મા હતો. વીતરાગસ્વરૂપે હતો એવો પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. એના **'પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે એમ હું જાણું છું.'** સ્તવવાનું કારણ આ એક જ છે એમ કહે

છે. બીજું કોઈ કારણ નથી. કહો, સમજાણું? આવ્યું હતું ને? **'अभक्तिं मा कुरुध्वं'** ૧૮૬માં. એમાંથી એ કાઢ્યું. હવે આ છેલ્લી ગાથા. ૧૮૭.

મુમુક્ષુ :– હે ભવ્ય! અભક્તિ ન કર...

ઉત્તર :– ભક્તિ કરજે. એ નિશ્ચય ભક્તિની વાત ત્યાં તો છે. આ વ્યવહાર ભક્તિ પણ એમાં કાઢે છે.

મુમુક્ષુ :– મહાપુરુષો આવા દોષ કરે એનું શું કરવું?

ઉત્તર :– દોષ કરે છે એ આવે છે. હોય છે. ભાવ હોય છે. ભાવ હોય છે ને, નથી હોતો એમ નહિ. શુભભાવ પણ વ્યવહારે પ્રશંસનીય છે ને. વ્યવહારે. નિશ્ચયથી અપ્રશંસનીય છે. .. ભાવ આવે, એ હોય છે.

## ગાથા–૧૮૭

**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं।।१८७।।**

निजभावनानिमित्तं मया कृतं नियमसारनामश्रुतम्।
ज्ञात्वा जिनोपदेशं पूर्वापरदोषनिर्मुक्तम्।।१८७।।

शास्त्रनामधेयकथनद्वारेण शास्त्रोपसंहारोपन्यासोऽयम्।

अत्राचार्याः प्रारब्धस्यान्तगमनत्वात् नितरां कृतार्थतां परिप्राप्य निजभावनानिमित्तमशुभवंचनार्थं नियमसाराभिधानं श्रुतं परमाध्यात्मशास्त्रशतकुशलेन मया कृतम्। किं कृत्वा? पूर्वं ज्ञात्वा अवंचकपरमगुरुप्रसादेन बुद्ध्वेति। कम? जिनोपदेशं वीतरागसर्वज्ञमुखारविन्दविनिर्गतपरमोपदेशम्। तं पुनः किंविशिष्टम्? पूर्वापरदोषनिर्मुक्तं पूर्वापरदोषहेतुभूतसकलमोहरागद्वेषाभावादाप्तमुखविनिर्गतत्वान्निर्दोषमिति।

किञ्च अस्य खलु निखिलागमार्थसार्थप्रतिपादनसमर्थस्य नियमशब्दसंसूचितविशुद्धमोक्षमार्गस्य अंचितपञ्चास्तिकायपरिसनाथस्य संचितपंचाचारप्रपञ्चस्य षड्द्रव्यविचित्रस्य सप्ततत्त्वनवपदार्थगर्भीकृतस्य पंचभावप्रपंचप्रतिपादनपरायणस्य निश्चयप्रतिक्रमणप्रत्याख्यान-प्रायश्चितपरमालोचनानियमव्युत्सर्गप्रभृतिसकलपरमार्थक्रियाकांडाडंबरसमृद्धस्य उपयोगत्रयविशालस्य परमेश्वरस्य शास्त्रस्य द्विविधं किल तात्पर्यं, सूत्रतात्पर्यं शास्त्रतात्पर्यं चेति। सूत्रतात्पर्यं पद्योपन्यासेन प्रतिसूत्रमेव प्रतिपादितम्, शास्त्रतात्पर्यं त्विदमुपदर्शनेन। भागवतं शास्त्रमिदं निर्वाणसुंदरीसमुद्भवपरमवीतरागात्मकनिर्व्याबाधनिरन्तरानङ्गपरमानन्दप्रदं निरतिशयनित्यशुद्धनिरंजननिजकारणपरमात्मभावनाकारणं समस्तनयनिचयांचितं पंचमगति

हेतुभूतं पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहेण निर्मितमिदं ये खलुं निश्चयव्यवहारनययोरविरोधेन जानन्ति ते खलु महान्तः समस्ताध्यात्मशास्त्रहृदयवेदिनः परमानंदवीतरागसुखाभिलाषिणः परित्यक्तबाह्याभ्यन्तरचतुर्विंशतिपरिग्रहप्रपंचाः त्रिकालनिरुपाधिस्वरूपनिरतनिजकारण-परमात्मस्वरूपश्रद्धानपरिज्ञानाचरणात्मक भेदोपचारकल्पनानिरपेक्षस्वस्थरत्नत्रयपरायणाः सन्तः शब्दब्रह्मफलस्य शाश्वतसुखस्य भोक्तारो भवन्तीति।

---

નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,
સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.

અન્વયાર્થ :– [ पूर्वापरदोशनिर्मुक्तम् ] પૂર્વાપર દોષ રહિત [ जिनोपदेशं ] જિનોપદેશને [ ज्ञात्वा ] જાણીને [ मया ] મેં [ निजभावनानिमित्तं ] નિજભાવનાનિમિત્તે [ नियमसारनामश्रुतम् ] નિયમસાર નામનું શાસ્ત્ર [ कृतम् ] કર્યું છે.

ટીકા :– આ, શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.

અહીં આચાર્યશ્રી (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પહોંચવાથી અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે કે સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં નિજભાવના નિમિત્તે—અશુભવંચનાર્થે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે. શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે)? પહેલા *અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને. શું જાણીને? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને. કેવો છે તે ઉપદેશ? પૂર્વાપર દોષ રહિત છે અર્થાત્ પૂર્વાપર દોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે જે આપ્ત છે તેમના મુખથી નીકળેલો હોવાથી નિર્દોષ છે.

વળી (આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે), જે (નિયમસારશાસ્ત્ર) ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે, જેણે નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે, જે શોભિત પંચાસ્તિકાય સહિત છે (અર્થાત્ જેમાં પાંચ અસ્તિકાયનું વર્ણન કરવામાં આવ્યું છે), જેમાં પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે (અર્થાત્ જેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારરૂપ પાંચ પ્રકારના આચારનું કથન કરવામાં આવ્યું છે), જે છ દ્રવ્યોથી વિચિત્ર છે (અર્થાત્ જે છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું—સુંદર છે), સાત તત્ત્વો અને નવ પદાર્થો જેની અંદર સમાયેલાં છે, જે પાંચ ભાવરૂપ વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે, જે નિશ્ચય-પ્રતિક્રમણ, નિશ્ચય-પ્રત્યાખ્યાન, નિશ્ચય-પ્રાયશ્ચિત્ત, પરમ-આલોચના, નિયમ, વ્યુત્સર્ગ વગેરે સકળ પરમાર્થ ક્રિયાકાંડના આડંબરથી સમૃદ્ધ છે (અર્થાત્ જેમાં પરમાર્થ ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે)

* અવંચક = છેતરે નહિ એવા; નિષ્કપટી; સરળ; ઋજુ.

અને જે ત્રણ ઉપયોગથી સુસંપન્ન છે (અર્થાત્ જેમાં અશુભ, શુભ ને શુદ્ધ ઉપયોગનું પુષ્કળ કથન છે)—એવા આ પરમેશ્વર શાસ્ત્રનું ખરેખર બે પ્રકારનું તાત્પર્ય છે : સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. સૂત્રતાત્પર્ય તો પદ્યકથનથી દરેક સૂત્રને વિષે (–પદ્ય દ્વારા દરેક ગાથાના અંતે) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે અને શાસ્ત્રતાત્પર્ય આ નીચે પ્રમાણે ટીકા વડે પ્રતિપાદિત કરવામાં આવે છે. : આ (નિયમસારશાસ્ત્ર) *ભાગવત શાસ્ત્ર છે. જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતાં, પરમવીતરાગાત્મક, [૧]નિરાબાધ, નિરંતર અને [૨]અનંગ પરમાનંદનું દેનારું છે, જે [૩]નિરતિશય, નિત્યશુદ્ધ, નિરંજન નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે, જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે, જે પંચમ ગતિના હેતુભૂત છે અને જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી (નિર્ગ્રંથ મુનિવરથી) રચાયેલું છે—એવા આ ભાગવત શાસ્ત્રને જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે, તે મહાપુરુષો—સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના [૪]હૃદયને જાણનારાઓ અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ—બાહ્ય અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને, ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણાત્મક ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ એવા [૫]સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા, શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.

## ગાથા–૧૮૭ ઉપર પ્રવચન

છેલ્લી ગાથા. ૧૮૭.

**णियभावणाणिमित्तं मए कदं णिमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं।।१८७।।**

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૯.**

આવો શબ્દ તો આ ચાર શાસ્ત્રમાં... આમાં જ આવે છે. '**मए कदं**' મેં કર્યું.

---

* ભાગવત = ભગવાનનું; દૈવી; પવિત્ર.
૧ નિરાબાધ = બાધારહિત; નિર્વિઘ્ન.
૨ અનંગ = અશરીરી; આત્મિક; અતીંદ્રિય.
૩ નિરતિશય = જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.
૪ હૃદય = હાર્દ; રહસ્ય; મર્મ. (આ ભાગવત શાસ્ત્રને જેઓ સમ્યક્ પ્રકારે જાણે છે, તેઓ સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હાર્દના જ્ઞાતા છે.)
૫ સ્વસ્થ = નિજાત્મસ્થિત. (નિજાત્મસ્થિત શુદ્ધરત્નત્રય ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ છે.)

**'પૂર્વાપર દોષ રહિત જિનોપદેશને જાણીને મેં...'** આ કર્યું છે એમ કહે છે. આમાં ક્યાંય વિરોધ છે નહિ. **'આ શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.'** નિયમસાર શાસ્ત્ર અહીંયાં પૂરું થાય છે. **'અહીં આચાર્યશ્રી (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પહોંચવાથી...'** શરૂ કરેલા કાર્યના અંતના-છેડાને પહોંચવાથી **'અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે...'** કૃતાર્થતાને પામીને કહે છે. કૃત કર્યું મેં. જે ધાર્યું હતું એ પૂરું થયું. **'કે સેંકડો પરમ-અધ્યાત્મ શાસ્ત્રોમાં કુશળ...'** ટીકાકાર તો એ લખે ને. કેવા છે 'કુંદકુંદાચાર્ય'? **'સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં...'** **'मए कदं'** પૂર્વાપર જિનનો ઉપદેશ બધો જાણ્યો છે એમ કહે છે. છેલ્લામાં તેમ અર્થ આવ્યો ને? એ પૂર્વાપર ઉપદેશ મેં સેંકડો વાર વાંચ્યો છે.

મુમુક્ષુ :– એટલા બધા શાસ્ત્ર વાંચ્યા?

ઉત્તર :– આવ્યા છે વાંચનમાં.

મુમુક્ષુ :– એટલા બધા પણ?

ઉત્તર :– એટલા બધા શું હજારો હોય છે. કહો, સમજાણું કાંઈ? ઘણો વખત હોય શાસ્ત્ર-સ્વાધ્યાયનો તો આવે એ. મુનિને પણ સ્વાધ્યાયનો કાળ ધ્યાન વિના હોય છે. ધ્યાનમાં રહી શકે કેટલું? એને સ્વાધ્યાયકાળ પણ હોય છે. નહિતર તો તેને સાચું ધ્યાન તો તરત જ આવે છે. છતાં છઠ્ઠા ગુણસ્થાનમાં શાસ્ત્ર સ્વાધ્યાયનો ભાવ હોય છે. બતાવે છે એ, સ્વાધ્યાયમાં બતાવે છે ઇ ને. વીતરાગતા પૂર્ણાનંદ, પૂર્ણ સ્વરૂપ એનું શરણ છે, એનો આશ્રય છે. કીધું તો ત્યાં એ છે. ભલે વિકલ્પ છે. સમજાણું કાંઈ? એનાથી જવાતું નથી પણ એ બતાવે છે ઇ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં...'** એ પોતે. 'પદ્મપ્રભમલધારીદેવ'. **'નિજભાવનાને નિમિત્તે—'** નિજભાવનાને નિમિત્તે. એનો અર્થ એટલો કર્યો **'અશુભવંચનાર્થે...'** વિકલ્પ છે ખરો ને? શાસ્ત્ર બનવાનો વિકલ્પ છે એ અશુભથી ટળવા માટે, અશુભને ટાળવા માટે આ શુભભાવ છે, એટલી વાત છે. **'અશુભવંચનાર્થે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે.'** 'નિયમસાર' નામનો આ સિદ્ધાંત મેં કર્યું છે. **'શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે)? પહેલાં અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને.'** જોયું? **'णच्चा जिणोवदेसं'** **'પહેલાં...'** એ જાણ્યું મારા ગુરુ પાસેથી. ગુરુ કેવા છે? કે અવંચક છે. **'છેતરે નહિ એવા; નિષ્કપટી; સરળ; ઋજુ.'** જેવું સ્વરૂપ હતું એવું કહેતા હતા. સમજાય છે કાંઈ? પામેલા હતા તે પ્રમાણે કહેતા હતા. એમ કહે છે અહીં તો. **'અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને.'** પ્રસાદ (એટલે) મહેરબાનીથી. અમારા પરમ ગુરુ પ્રભુ, એની મહેરબાનીથી આ મેં જાણ્યું એમ કહે છે, જુઓ!

**'શું જાણીને? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને.'** જાણ્યો. લ્યો, વીતરાગ સર્વજ્ઞના મુખ-અરવિંદ. મુખરૂપી અરવિંદ-કમળ, તેમાંથી

**'નીકળેલા પરમ ઉપદેશને'** અમે જાણ્યો. ઠીક! એને અમે જાણ્યો, એમ કહે છે. **'કેવો છે તે ઉપદેશ? પૂર્વાપર દોષ રહિત છે...'** પહેલા કંઈક કહ્યું અને પછી કંઈક અને વિરોધ એમાં છે નહિ. પૂર્વ અને અપર. પહેલા અને પછી. અપર એટલે પછી. પહેલા અને પછી. **'દોષ રહિત છે અર્થાત્ પૂર્વાપર દોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે...'** મોહ અને રાગ-દ્વેષનો જેને-વીતરાગને અભાવ છે, એને લીધે પૂર્વાપર દોષરહિત જ એની વાણી હોય છે. એવા **'જે આપ્ત છે તેમના મુખથી નીકળેલો હોવાથી નિર્દોષ છે.'** કેવો છે ઉપદેશ? એમ કીધું ને? નિર્દોષ છે. ભગવાનની વાણી, પહેલા-પછી વિરોધ રહિત છે તેથી તે નિર્દોષ છે.

**'વળી (આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે),...'** આ સિદ્ધાંતના સાર સંબંધી એમ સમજવું કે **'જે (નિયમસારશાસ્ત્ર) ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે,...'** ઠીક! એ તો દરેકને હોય છે ને. 'અષ્ટ સહસ્ત્રી'નું કહ્યું નહોતું રાત્રે? તમે હતા ને. એક અષ્ટ સહસ્ત્રીમાં બધું આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ.

આ **'(નિયમસારશાસ્ત્ર) ખરેખર...'** ખરેખર એમ પાછું. **'સમસ્ત આગમના અર્થસમૂહનું (આગમનો અર્થ)પ્રતિપાદન કરવામાં સમર્થ છે,...'** બધા પદાર્થો ભગવાને જે જોયા ત્રણકાળ, ત્રણલોકના બધાને કહેવા એ સમર્થ છે. આ 'નિયમસાર' એકમાં બધું આવી જાય છે એમ કહે છે. 'સમયસાર', 'પ્રવચનસાર' બધામાં આવી જાય છે. **'જેણે નિયમ-શબ્દથી...'** હવે 'નિયમસાર'નો અર્થ કરે છે. **'નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...'** લ્યો! નિયમ-શબ્દથી. 'નિયમસાર' છે ને? વિશુદ્ધ મોક્ષમાર્ગ–શુદ્ધમોક્ષમાર્ગ–નિશ્ચયમોક્ષમાર્ગ-યથાર્થમોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે 'નિયમસારે' દર્શાવ્યો છે. પરની અપેક્ષા વિનાનો, વ્યવહારની પણ અપેક્ષા વિનાનો એવો નિરપેક્ષ માર્ગ વિશુદ્ધ દ્રવ્યને આશ્રયે પ્રગટ થતો, એવા મોક્ષમાર્ગને જેણે દર્શાવ્યો છે. રાત્રે નહોતા. નહિ? આ પ્રશ્ન રાત્રે થયો હતો. કે અભૂતાર્થ છે ને અસત્યાર્થ? પર્યાય દ્રવ્યમાં નથી માટે અસત્યાર્થ છે ને?

મુમુક્ષુ :– ગૌણ કરીને...

ઉત્તર :– દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને, દ્રવ્યમાં પર્યાય ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું, એમ ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા પણ એ જ કીધું ને. દ્રવ્યમાં-ધ્રુવમાં પર્યાય છે ખરી. પણ એને ગૌણ કરીને કહેવામાં આવ્યું. રાત્રે ચર્ચા થઈ હતી. પર્યાય છે એ પર્યાયને ગૌણ કરીને. દ્રવ્યની વાત પણ અહીં ક્યાં છે? ત્રિકાળ દ્રવ્ય જે છે એમાં પર્યાય છે નહિ એ વાત અહીં છે જ નહિ. એનું અહીં કામ નથી. ત્રિકાળ દ્રવ્યનું મુખ્યપણું બતાવીને જે પર્યાય વર્તે છે તે

પણ ગૌણ કરીને નથી એમ કીધું. પર્યાય છે એને ગૌણ કરીને નથી કીધું. દ્રવ્યમાં પર્યાય નથી કે દ્રવ્યમાં પર્યાય છે માટે ગૌણ કરીને કહ્યું એ વાત અહીં પ્રશ્ન છે નહિ. સમજાણું કાંઈ? એય..! તમે નહોતા. યાદ કર્યા હતા.

અસત્યાર્થ કહ્યું છે એ તો ત્રિકાળી દ્રવ્યની મુખ્યતા-દૃષ્ટિ કરાવવા પર્યાય પર્યાયમાં હોવા છતાં એને ગૌણ કરીને એ પર્યાય નથી, અવિદ્યમાન છે, પર્યાય પોતે અવિદ્યમાન છે, વર્તમાન અવસ્થા અવિદ્યમાન છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'મોહનભાઈ' હતા કે નહિ? પછી કહ્યું હતું ને રાત્રે? આ ચાલતું હતું કે નહિ? યાદ રહ્યું નહિ હોય. ભગવાનઆત્માના બે અંશો છે. બે અંશ છે એમાં એક અંશ નથી, એ અંશરૂપે અંશ નથી.

મુમુક્ષુ :– અંશમાં અંશ નથી, આખી વસ્તુમાં અંશ નથી?

ઉત્તર :– એનો અહીં પ્રશ્ન જ નથી. બે અંશો છે. એક ત્રિકાળી અંશ અને એક પર્યાય અંશ. એમાં ત્રિકાળી અંશની અપેક્ષાએ પર્યાય અંશ પોતે નથી. છે ઇ પોતે નથી. સમજાણું કાંઈ? કેમ નથી? પર્યાય છે તો ખરી પણ એને લક્ષ ત્યાંનું છોડાવવું છે અને દ્રવ્યની મુખ્યતાની દૃષ્ટિ કરાવવી છે. એટલે છે છતાં તે નથી એમ કહેવામાં આવે છે. એમ વાત છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથા તો...

મુમુક્ષુ :– આપ બધી વાર કહો છો કે દ્રવ્યમાં પર્યાય નથી એટલે અમને ઇ દૃઢ થઈ ગયું.

ઉત્તર :– એ માટે તો આ વાત છંછેડી. કેમ 'હીરાભાઈ'? 'હીરાભાઈ' આવું કહે છે. પણ એણે શી રીતે દૃઢ થયું? એય..! 'ચેતનજી'! હતા કે નહિ તમે?

દ્રવ્યમાં પર્યાય છે કે નથી એ પશ્ન નથી.

મુમુક્ષુ :– આપ જ્યારે કહો છો ને ત્યારે એમને બહુ આનંદ થાય છે.

ઉત્તર :– 'ચેતનજી'! ઠીક સ્પષ્ટીકરણ કરાવે છે ને.

મુમુક્ષુ :– સાક્ષી હાજર છે ને. સાક્ષીની ગેરહાજરીમાં વાત નથી થાતી.

ઉત્તર :– રાત્રે કહ્યું હતું કે અહીં જે વ્યવહાર અસત્ય કહ્યો છે એ પર્યાયને જ જૂઠી કીધી છે. દ્રવ્યમાં પર્યાય નથી એ કહે છે એ પ્રશ્ન અહીં છે જ નહિ. દ્રવ્યમાં તો પર્યાય છે જ નહિ. એ તો પ્રશ્ન જ નથી. આ તો પર્યાયમાં પર્યાય, પર્યાય છે એ નથી એમ કહેવું છે અહીં તો. કેમકે ત્રિકાળ સત્યાર્થનો આશ્રય લેવા એને મુખ્યપણે કરીને પર્યાય હોવા છતાં એને ગૌણ કરીને એ નથી એમ કહેવામાં આવ્યું. એ પર્યાય ગૌણ કરીને નથી કહેવામાં આવ્યું. દ્રવ્યમાં પર્યાય નથી એ પ્રશ્ન અહીંયા છે જ નહિ. એય..! 'ચેતનજી'!

મુમુક્ષુ :– બહુ આનંદ બધાને આવ્યો. બધી વાત આવે એમાં ઇ વાત આવે ત્યારે...

ઉત્તર :– વાત જેમ હોય એમ જાણવી. દ્રવ્ય વસ્તુ સામાન્ય છે એમાં તો પર્યાય નથી જ. એ પ્રશ્ન જ નથી. સમજાણું કાંઈ? હવે અહીં તો પર્યાય પર્યાયપણે છે, ભૂતાર્થ છે, વ્યવહાર એ ભૂતાર્થ છે. એને અહીં નિશ્ચયથી અસત્ય છે એમ ગૌણ કરીને, અભાવ કરીને અસત્ય

છે એમ નહિ. સમજાણું કાંઈ? 'દિલીપ' હતો કે નહિ?

મુમુક્ષુ :– હા, જી બરાબર.

ઉત્તર :– હા. એમ લ્યો. ડોસાને સમજાવે.

મુમુક્ષુ :– ડોસા ક્યાં છે? સૌ સરખા છે.

ઉત્તર :– આ ડોસા છે ને. એના બાપનો બાપ હતો.

૧૧મી ગાથાની શું શૈલી છે ને! વસ્તુ પોતે આમ ધ્રુવ નિત્યાનંદ ભૂતાર્થ-સત્યાર્થ-પરમાર્થ એ વસ્તુ. બસ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. એમ મુખ્યપણે એને છે એમ કહીને પર્યાયને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આ મુખ્યપણે કરીને છે અને પર્યાય જે છે એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? એય..! પંડિતજી! 'હિંમતભાઈ'! રાત્રે આવ્યું હતું આ. **'ववहारोऽभूदत्थो'** કહેવું છે ને? વ્યવહાર એટલે પર્યાય. રાગાદિ ભલે હોય એને કાંઈ નહિ, આપણે મુખ્ય પર્યાય છે. કીધું ને કે અનિત્ય પર્યાય નથી જ એમ માનવું તો વેદાંત થઈ જશે. પર્યાય પર્યાયપણે નથી, હોં! દ્રવ્યમાં નથી એ પ્રશ્ન અહીં છે જ નહિ.

મુમુક્ષુ :– ... ધ્રુવમાં?

ઉત્તર :– ધ્રુવમાં ક્યાં છે? આ અંશ અહીં છે, એ અંશ અહીં નથી. એ પ્રશ્ન અહીં નથી. આ અંશ અહીં છે, એ અંશ નથી. એ અંશ અહીં નથી એમ નહિ. એ અંશ અહીં છે એ નથી. કેમ? મુખ્યનો આશ્રય કરાવવા ઓલાને ગૌણ કરીને નથી એમ કરીને કાઢી નાખ્યો. સમજાણું કાંઈ? આ (ચર્ચા) કરી હતી. રાત્રે ખુબ કરી હતી. નહિ? હજી આજ બપોરે આવશે તો ફરી વખત આવશે. વળી આમાં યાદ આવી ગયું. આમાં આ આવ્યું ને? **'વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...'**

મુમુક્ષુ :– બપોરે વધારે આવ્યું. કેમકે ૧૧મી ગાથાનો જ એ વિષય છે ને.

ઉત્તર :– આ એનો જ વિષય છે. અમારા 'ભીખાભાઈ'એ સરખો જવાબ આપ્યો હતો. પૂછ્યું'તું તો જવાબ સરખો આપ્યો હતો. .. પૂછ્યું હતું.

આ તો સીધી વાત છે. ભગવાનઆત્મા બે અંશે પ્રમાણ અંશે છે. બે અંશ. એક અંશ વર્તમાન પર્યાય અને એક ત્રિકાળ. વસ્તુ દ્રવ્ય એ. એને દ્રવ્ય કહેવું. પરથી જુદું પાડવું. હવે બેમાંથી દ્રવ્ય ધ્રુવ જે મુખ્ય છે તેને દ્રવ્ય સિદ્ધ કરીને એનો આશ્રય લેવા, આ લક્ષ છોડાવવા એ પર્યાય છે છતાં તે નથી. તે નથી આ છે, આ નથી ને આ છે (એમ કહ્યું છે). 'વજુભાઈ'! છે? જુઓ! રાત્રે તમે નહોતા.

મુમુક્ષુ :– બપોરે ...

ઉત્તર :– એ વિચાર તો પહેલા આવી ગયો હતો. ત્યારે વળી રાત્રે કોઈ પૂછે નહિ અને બેઠા સૌ. ત્યારે કાંઈક હાલવું જોઈએ ને.

મુમુક્ષુ :– નિર્વિકલ્પ સમાધિમાં બેઠા હતા.

ઉત્તર :– કાંઈ સૂઝ પડતી ન હોય કે શું પૂછવું.

મુમુક્ષુ :– નિર્વિકલ્પ સમાધિનો એક એવો અર્થ થાય છે ને.

ઉત્તર :– આહા..હા..!

**'જેણે નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...'** સ્વના આશ્રયથી સમ્યગ્દર્શન થાય એ એમાં દર્શાવ્યું છે. 'નિયમસાર'માં તો કારણ પરમાત્માને જ્યાં ત્યાં વર્ણવ્યો છે ને ! આહા..હા..! કારણપરમાત્મા કહો કે દ્રવ્ય કહો. ભૂતાર્થ કહો, સત્યાર્થ કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો. બધું એક જ છે. આહા..હા..! કહે છે, **'નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ...'** જુઓ ! અહીં મોક્ષમાર્ગને, નિશ્ચયમોક્ષમાર્ગને પણ વિશુદ્ધ શબ્દ વપરાય છે. વિશેષે–શુદ્ધ.

મુમુક્ષુ :– શુભ નહિ ને?

ઉત્તર :– નહિ શુભ નહિ. શુભ નહિ અને એકલું શુદ્ધ પણ નહિ. વિશેષ શુદ્ધ. એવો **'મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે...'** પાછો. જેમ છે તેમ દેખાડ્યો છે.

**'જે શોભિત પંચાસ્તિકાય સહિત છે...'** પંચાસ્તિકાયથી શોભાયમાન, પંચાસ્તિકાયનું વર્ણન પણ આમાં સારી રીતે રીતે કર્યું છે.

મુમુક્ષુ :– બીજા પરપદાર્થ જાણવાનું શું?

ઉત્તર :– આ પર છે એ વિના સ્વ જુદો કેમ પડશે? પરને જાણ્યા વિના...

મુમુક્ષુ :– પર જુદો જ છે.

ઉત્તર :– જુદો જ છે એ ક્યાં એને લક્ષમાં છે. જુદો છે એ તો વાણીમાં આવ્યું.

આ પંચાસ્તિકાય અને એની જ્ઞાનની પર્યાય, પંચાસ્તિકાયને જાણવાની પર્યાય, એ પર્યાયને પણ ગૌણ કરીને આના ઉપર દૃષ્ટિ દેવી જોઈએ. પંચાસ્તિકાય તો ક્યાંય આઘા રહી ગયા. સમજાણું કાંઈ? આમાં બધું છે એમ કહે છે.

**'પંચાસ્તિકાય...'** શોભિત. પંચાસ્તિકાય સહિત. **'જેમાં પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે.'** જુઓ! એમાં પહેલું જ્ઞાનાચાર લીધું છે. **'જ્ઞાનાચાર, દર્શનાચાર,...'** જુઓ! પંચાચાર પ્રપંચ એટલે વિસ્તાર, એનો સંચય એટલે ગોઠવવામાં આવ્યું છે. **'જેમાં જ્ઞાનાચાર,...'** ત્યાં પહેલો જ્ઞાનાચાર લીધો. ત્યાં સમકિત આચાર નથી લીધો પહેલો. સમજાણું કાંઈ? અહીં પહેલા શબ્દમાં જ જ્ઞાન-દર્શન-ચારિત્ર મૂક્યું છે. 'કુંદકુંદાચાર્યે' પોતે. 'નિયમસાર'ની શરૂઆતમાં આવ્યું ને પહેલું? જુઓને. કાલે બતાવ્યું હતું. **'णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं'** 'કુંદકુંદાચાર્ય'ના (શબ્દ) છે. ટીકામાં પણ એમ કહ્યું. નહિતર ઓલા પદની ગોઠવણીમાં આમ આવ્યું હોય અને એમ હોય. ટીકામાં એમ છે કે **'જ્ઞાન-દર્શન-ચારિત્ર તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે.'** અને પહેલેથી જ ભાષા વાપરી છે ને, જુઓને! **'ઉપયોગને સંપૂર્ણપણે**

**અંતર્મુખ કરીને ગ્રહણ કરવા જેવું નિજ.. પરિજ્ઞાન તે જ્ઞાન છે.**' જાણવું તો જ્ઞાનમાં આવે છે ને.

અહીં કહે છે કે '**પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે....**' કેટલો ઢગલો પડ્યો છે આમાં એમ કહે છે. 'નિયમસાર'માં એ બધું વર્ણન છે. '**(અર્થાત્ જેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર,...)**' જ્ઞાનનો આચાર નિશ્ચય, દર્શનાચાર નિશ્ચય. વ્યવહાર ભલે હો, એ જાણવા લાયક છે. '**ચારિત્રાચાર, તપાચાર...**' ઇચ્છાનિરોધ, '**વીર્યાચાર...**' વીર્યની સ્ફુરણાનું આચરણ. '**પાંચ પ્રકારના આચારનું કથન કરવામાં આવ્યું છે, જે છ દ્રવ્યોથી વિચિત્ર છે (અર્થાત્ જે છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું—સુંદર છે),...**' 'નિયમસાર'માં છ દ્રવ્યનું વર્ણન છે.

'**છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું-સુંદર છે. સાત તત્ત્વ અને નવ પદાર્થો જેની અંદર સમાયેલાં છે,...**' લ્યો! સાત તત્ત્વની વ્યાખ્યા છે. પુણ્ય-પાપને આસ્રવમાં સમાડી દઈ અને સાત તત્ત્વ અને નવ પદાર્થ જુદા પાડીને '**જેની અંદર સમાયેલાં છે, જે પાંચ ભાવરૂપ વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે,...**' ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક એવા પાંચ ભાવરૂપ. ચાર પર્યાય અને એક ગુણ. એવા '**વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે,...**' પાંચ ભાવમાં ચાર પર્યાય છે. એ પર્યાયને જ અહીં ભૂતાર્થ કહી છે. પરમપારિણામિકભાવને ભૂતાર્થ, સત્યાર્થ (કહ્યો છે).

'**જે નિશ્ચય-પ્રતિક્રમણ,...**' નિશ્ચય પ્રતિક્રમણ પોતાના સ્વરૂપમાં રાગથી ખસીને સ્થિર થવું. પંચમહાવ્રતના પરિણામ અને એ બધા વ્યવહાર ક્રિયાકાંડ છે. પણ આ નિશ્ચય હોય એને. સમજાણું કાંઈ? '**સકળ પરમાર્થ ક્રિયાકાંડના આડંબરથી...**' એટલે કે પુષ્કળ નિરૂપણ છે, આડંબરનો અર્થ ઇ. ઘણું એમાં છે. સમૃદ્ધ છે. '**(અર્થાત્ જેમાં પરમાર્થ ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે) અને જે ત્રણ ઉપયોગથી સુસંપન્ન છે (અર્થાત્ જેમાં અશુભ, શુભ ને શુદ્ધ ઉપયોગનું પુષ્કળ કથન છે)...**' શુભ કોને કહેવો, અશુભ કોને કહેવો અને શુદ્ધ ઉપયોગ (કોને કહેવો), બે મલિન અને એક નિર્મળ એનું આમાં પુષ્કળ વર્ણન છે.

'**એવા આ પરમેશ્વર શાસ્ત્રનું,...**' લ્યો! એવા પરમેશ્વર-પરમ ઈશ્વર. ગ્રંથાધિરાજના ઠેકાણે પરમેશ્વર શાસ્ત્ર (કહ્યું). ઠીક! ગ્રંથરાજ. પણ આ તો ગ્રંથનો પરમેશ્વર છે. આહા..હા..! '**પરમેશ્વર શાસ્ત્રનું ખરેખર બે પ્રકારનું તાત્પર્ય છે :...**' એવા પરમેશ્વર શાસ્ત્રનો ખરેખર બે પ્રકારનો સાર છે. એક '**સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય.**' સૂત્રતાત્પર્ય એટલે ગાથાદીઠ જે કહેવું એ સૂત્રતાત્પર્ય. '**સૂત્રતાત્પર્ય તો પદ્યકથનથી દરેક સૂત્રને વિષે (—પદ્ય દ્વારા દરેક ગાથાના અંતે) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.**' આ સૂત્રમાં શું કહેવું છે? એ સૂત્રતાત્પર્ય. ગાથામાં (કહ્યું તે). '**અને શાસ્ત્રતાત્પર્ય..**' આખા બધા આ સિદ્ધાંત શાસ્ત્રો આટલા બધા કહ્યાં એ બધાનું તાત્પર્ય '**આ નીચે પ્રમાણે ટીકા વડે પ્રતિપાદિત કરવામાં આવે છે...**'

'**આ (નિમયસારશાસ્ત્ર) ભાગવત શાસ્ત્ર છે.**' લ્યો! ભગવતી શાસ્ત્ર છે. '**ભાગવત =**

**ભગવાનનું; દૈવી; પવિત્ર.'** ભગવાનનું શાસ્ત્ર, લ્યો. દૈવી અને પવિત્ર શાસ્ત્ર. (ભાગવત) **'જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા,...'** મુખ્યરૂપી સુંદરી પરિણતિ. મોક્ષરૂપી દશા, આત્માની પરમ આનંદદશા, અતીન્દ્રિય આનંદની અમૃતદશા. એ રૂપી પરિણતિથી ઉત્પન્ન થતાં **'પરમવીતરાગાત્મક,...'** પરમ વીતરાગસ્વરૂપ **'નિરાબાધ,...' 'બાધા રહિત; નિર્વિઘ્ન.' 'નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે,...'** મોક્ષરૂપી સુંદરી એટલે પરિણતિ, એનાથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગસ્વરૂપ નિરાબાધ–વિઘ્ન ન મળે હવે, નિરંતર પાછું, અંતર પડ્યા વિના. અનંગ. **'અશરીરી; આત્મિક; અતીન્દ્રિય'** આનંદ **'અનંગ પરમાનંદનું દેનારું છે,..'** અનંગ પરમાનંદ. અનંગ પરમાનંદ-અશરીરી આત્માનો જે પરમ આનંદ, એનું આ શાસ્ત્ર દેનારું છે. સમજાણું કાંઈ?

વળી એ શાસ્ત્ર **'નિરતિશય,...' 'જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુત્તમ;...'** અનુત્તમ એટલે ઉત્તમમાં ઉત્તમ. **'શ્રેષ્ઠ; અજોડ.'** આમ તો અનુત્તમનો અર્થ એવો થાય. એના જેવું કોઈ ઊંચું નથી. **'નિરતિશય, નિત્યશુદ્ધ,...'** એવો જે ભગવાનઆત્મા, કારણપરમાત્મા **'નિરતિશય,..'** એના સિવાય કોઈ ઊંચું નહિ એવું **'નિત્યશુદ્ધ, નિરંજન નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે,...'** પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનું અભેદ સ્વરૂપ, એની ભાવનાનું આ કારણ છે. આ 'નિયમસાર' એની ભાવનાને બતાવે છે. આહા..હા..! આને મોક્ષમાર્ગ કહ્યો. સમજાણું કાંઈ? આવી ભાષા પણ ક્યાંય નથી. **'જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે,...'** ઘણા નયોનું વર્ણન કર્યું છે. જે સમસ્ત નયોનો ઢગલો-સમૂહ, એનાથી શોભિત છે. વ્યવહાર કોને કહેવો સદ્‌ભૂત, અસદ્‌ભૂત, ઉપચાર, અનુપચાર, નિશ્ચય, યથાર્થ, પરમાર્થ વગેરે. **'જે પંચમ ગતિના હેતુભૂત છે...'** એવું આ ભાગવત્ શાસ્ત્ર છે. **'પંચમ ગતિના હેતુભૂત છે...'** આ મોક્ષનું કારણ છે. આહા..હા..!

**'જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી (નિર્ગ્રંથ મુનિવરથી) રચાયેલું છે...'** નિર્ગ્રંથ મુનિથી રચાયેલું છે 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્ત્રવાળાએ રચ્યા હોય એ નહિ આ. પાંચ ઇન્દ્રિયના ફેલાવથી રહિત છે. મુનિ અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે અને બાહ્યમાં દેહમાત્ર પરિગ્રહ છે. લ્યો! નિર્ગ્રંથ મુનિવર. એનાથી આ રચાયેલું છે. **'એવા આ ભાગવત્ શાસ્ત્રને જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે,...'** જેઓ એ નિશ્ચયનય અને વ્યવહારનયનો અવિરોધ. બેને મેળ કરીને-નિશ્ચય આ અને વ્યવહાર આ એમ. **'તે મહાપુરુષો–સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને...'** હૃદય (અર્થાત્) **'હાર્દ; રહસ્ય; મર્મ (આ ભાગવત શાસ્ત્રને જેઓ સમ્યક્ પ્રકારે જાણે છે, તેઓ સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હાર્દના જ્ઞાતા છે.)'** આને બરાબર જાણે એને બધા અધ્યાત્મ શાસ્ત્રનું હૃદય હાથ આવી જાય છે કે આ ઠેકાણે આ કહ્યું છે, આ ઠેકાણે આ અપેક્ષાથી કીધું છે. **'સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને,...'** મર્મને, એના રહસ્યને **'જાણનારાઓ અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ—'** પરમાનંદરૂપ વીતરાગ સુખ આત્માનો આનંદ, એના અભિલાષીઓ.

**'બાહ્ય અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને,...'** મુનિની વાત લેવી છે ને? આહા..હા..! **'બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને,...'** ચૌદ પ્રકારનો અંતર અને દસ પ્રકારનો બાહ્ય. પરિગ્રહના વિસ્તારને છોડીને **'ત્રિકાળનિરૂપાધિ સ્વરૂપમાં લીન...'** ત્રણે કાળે ઉપાધિ વિનાનું દ્રવ્યસ્વરૂપ, એમાં લીન-સ્વરૂપમાં લીન. **'ત્રિકાળનિરૂપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના...'** એ વસ્તુ ત્રણે કાળે લીન જ છે, એમ કહે છે. એ વસ્તુ ત્રણે કાળે નિરૂપાધિ સ્વરૂપમાં લીન છે. એવો નિજ કારણપરમાત્મા, લ્યો! **'નિજ કારણપરમાત્માના સ્વરૂપનાં...'** અહીં લીધું આ હવે. શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ. એવી જે નિરૂપાધિ ત્રણે કાળે સ્વરૂપમાં લીન જ વસ્તુ છે, એના સ્વરૂપનાં શ્રદ્ધાન. એનું શ્રદ્ધાન, એનું જ્ઞાન, ત્રિકાળી કારણપરમાત્માના સ્વરૂપનું શ્રદ્ધાન, નિજ કારણપરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, નિજ કારણપરમાત્માના સ્વરૂપનું આચરણ. આહા..હા..!

**'આચરણાત્મક ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ...'** પહેલી ગાથામાં કહ્યું હતું પહેલા શરૂ કર્યું ત્યાં. ત્રીજી ગાથામાં. નિરપેક્ષ રત્નત્રય... નિરપેક્ષ ભેદોપચાર કલ્પના. વ્યવહારની જે કલ્પના, વ્યવહાર શ્રદ્ધા એ બધા ઉપચારથી નિરપેક્ષ છે. એ છે તો નિશ્ચય થાય છે એમ નહિ. એની અપેક્ષા વિનાનું. **'એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા,...'** સ્વસ્થ. આહા..હા..! નિજાત્મસ્થિત, નિજાત્મસ્થિત શુદ્ધરત્નત્રય ભેદોપચાર કલ્પનાથી નિરપેક્ષ છે. **'એવા સ્વસ્થ...'** સ્વ નામ પોતામાં રહેલા **'રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા,...'** ઠીક! એમાં પરાયણ વર્તતા થકા. **'રત્નત્રયમાં પરાયણ વર્તતા થકાં, શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.'** લ્યો! 'સમયસાર'માં છેલ્લું લીધું. સુખ પામી જાય છે. શબ્દબ્રહ્મના. જુઓ! શબ્દબ્રહ્મનું ફળ આ. વીતરાગી દિવ્યધ્વનિના શાસ્ત્રનું ફળ આ. **'શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખ...'** આત્માનો અતીન્દ્રિય આનંદ, એનો એ જીવ ભોક્તા થાય છે. સમજાણું કાંઈ? હવે એના ચાર શ્લોક કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્લોક–૩૦૮

(मालिनी)

सुकविजनपयोजानन्दिमित्रेण शस्तं
ललितपदनिकायैर्निर्मितं शास्त्रमेतत्।
निजमनसि विधत्ते यो विशुद्धात्मकांक्षी
स भवति परमश्रीकामिनीकामरूपः।।३०८।।

**[શ્લોકાર્થ :–] સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા (–વિકસાવનારા) સૂર્યે લલિત પદસમૂહો વડે રચેલા આ ઉત્તમ શાસ્ત્રને જે વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ નિજ મનમાં ધારણ કરે છે, તે પરમશ્રીરૂપી કામીનીનો વલ્લભ થાય છે. ૩૦૮**

**પ્રવચન નં. ૨૧૫, શ્લોક–૩૦૮ થી ૩૧૧, શનિવાર, પોષ સુદ ૧, તા.૧૮-૧૨-૭૧**

છેલ્લા કળશ છે ને?

**सुकविजनपयोजानन्दिमित्रेण शस्तं**
**ललितपदनिकायैर्निर्मितं शास्त्रमेतत्।**
**निजमनसि विधते यो विशुद्धात्मकांक्षी**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।३०८।।**

ઓલીકોર અર્થ છે. હવે આ 'નિયમસાર' પૂરું કરે છે.

**શ્લોકાર્થ :– 'સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા...'** જેમ કમળને ખીલવવામાં સૂર્ય નિમિત્ત છે એમ સુકવિજનરૂપી કમળો એને આનંદ દેનારા **'સૂર્યે...' 'સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા (–વિકસાવનારા) સૂર્યે...'** કમળને જેમ ખીલવવામાં સૂર્ય કારણ છે એમ **'સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા...'** આ કવિ સૂર્ય છે. **'લલિત પદસમૂહો વડે...'** ઘણા ઊંચા પદના સમૂહ વડે **'રચેલા આ ઉત્તમ શાસ્ત્રને જે વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ...'** વિશુદ્ધ અર્થ પવિત્રતાના અર્થમાં (છે). તદ્દન શુદ્ધ. વિશુદ્ધ નિર્મળ આનંદ પવિત્ર ધામ ભગવાન, તેને અહીં વિશુદ્ધ શબ્દના અર્થમાં કહ્યું છે. અહીં વિશુદ્ધ તો શુભભાવને પણ કહેવાય છે, પણ અહીંયાં વિશુદ્ધ તો આખા આત્માને (કહ્યો છે).

નિર્મળાનંદ પ્રભુ, એકલો જ્ઞાનાનંદથી ભરેલો આત્મા, એવા **'વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ,..'** એની જેને અભિલાષા છે એવો જીવ. **'નિજ મનમાં ધારણ કરે છે,...'** નિજ મનમાં શાસ્ત્રના ભાવને ધારણ કરે છે. મનમાં એટલે જ્ઞાનમાં, આમનો કરેલો ભાવ–શુદ્ધ આત્મા પવિત્ર–એને શ્રદ્ધા-જ્ઞાનથી ધારે છે. એ જીવ **'પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે.'** મોક્ષનો માર્ગ અને મોક્ષ બેય બતાવી દીધા. **'તે પરમશ્રી...'** પરમ આનંદરૂપી લક્ષ્મી, મુક્તિની સિદ્ધપદની પૂર્ણ આત્માની દશા, એ રૂપી કામિની–એની જે પરિણતિ–સ્ત્રી, એનો વલ્લભ થાય છે. એ પર્યાય એને કદી હવે છોડશે નહિ. પૂર્ણ આનંદની પ્રાપ્તિ. ગ્રંથમાં કહેલા ભાવો, સ્વભાવનો આશ્રય લેતા ભાવ, તે ભાવ મોક્ષનો માર્ગ છે. એને જેણે અંતરમાં ધાર્યો મોક્ષનો માર્ગ, પૂર્ણ પવિત્ર ભગવાન આનંદસ્વરૂપ, એની શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતાથી માર્ગને ધાર્યો તે સર્વ કાળમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિને પામશે. એમ કહ્યું.

## શ્લોક–૩૦૯

(अनुष्टुभ्)

पद्मप्रभाभिधानोद्धसिन्धुनाथसमुद्भवा।
उपन्यासोर्मिमालेयं स्थेयाच्चेतसि सा सताम्।।३०९।।

[શ્લોકાર્થ :–] **પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા–કથની (ટીકા), તે સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો. ૩૦૯.**

## શ્લોક–૩૦૯ ઉપર પ્રવચન

૩૦૯.

पद्मप्रभाभिधानोद्धसिन्धुनाथसमुद्भवा।
उपन्यासोर्मिमालेयं स्थेयाच्चेतसि सा सताम्।।३०९।।

**શ્લોકાર્થ :– 'પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા—'** ટીકાને ઊર્મિમાળા–ઉરની-હૃદયની ધારાવાહી. 'પદ્મપ્રભમુનિ' પોતે મુનિ છે, સંત છે, દિગંબર છે. આત્માના અતીન્દ્રિય આનંદના ઝુલામાં ઝુલનારા છે. એ કહે છે કે આવા **'પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા—'** હૃદયની અંદર ઊર્મિથી થયેલી આ કથા, એમ કહે છે. **'કથની (ટીકા), તે સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો.'** સત્પુરુષોના, ધર્માત્માના જ્ઞાનમાં આ ભાવ સ્થિર રહો. એ ટીકા સ્થિત રહો એટલે ભાવ સ્થિત રહો. ટીકાનો ભાવ તો એ છે. પરમ નિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વ્યવહારના નિમિત્તની અપેક્ષા વિનાની દશા, એને અહીંયાં મોક્ષનો માર્ગ કહ્યો છે.

**'તે સત્પુરુષોના ચિત્તમાં સ્થિત રહો.'** જ્ઞાનીના જ્ઞાનમાં જ એ સ્થિત હોય, એમ કહે છે. અજ્ઞાનીને હોય નહિ. આહાહા..! આમાં કહેલો ભાવ–પૂર્ણાનંદ પ્રભુ, એવો આનંદ અને જ્ઞાનનો સ્વભાવનો સાગર આત્મા, એમાં ભાવ એની પર્યાયમાં આ વસ્તુ આવી છે એમ સ્થિર થઈને રહો. એમ અહીંયાં આશીર્વાદ અથવા મંગળિક કર્યું છે. છેલ્લું મંગળિક છે ને?

## શ્લોક-૩૧૦

(अनुष्टुभ्)

अस्मिन् लक्षणशास्त्रस्य विरुद्धं पदमस्ति चेत्।
लुप्त्वा तत्कवयो भद्राः कुर्वन्तु पदमुत्तमम्।।३१०।।

**[શ્લોકાર્થ :–] આમાં જો કોઈ પદ લક્ષણશાસ્ત્રથી વિરુદ્ધ હોય તો ભદ્ર કવિઓ તેનો લોપ કરીને ઉત્તમ પદ કરજો. ૩૧૦.**

### ગાથા–૩૧૦ ઉપર પ્રવચન

૩૧૦.

अस्मिन् लक्षणशास्त्रस्य विरुद्धं पदमस्ति चेत्।
लुप्त्वा तत्कवयो भद्राः कुर्वन्तु पदमुत्तमम्।।३१०।।

**શ્લોકાર્થ :– 'આમાં જો કોઈ પદ લક્ષણશાસ્ત્રથી વિરુદ્ધ હોય...'** અનુભવથી વિરુદ્ધ નહિ. શાસ્ત્રોના કોઈ શબ્દોમાં લક્ષણ શાસ્ત્ર અનેક પ્રકારના છે. ધાતુ, કાળ, ભેદ વગેરે શબ્દો વિરુદ્ધ હોય **'તો ભદ્ર કવિઓ તેનો લોપ કરીને ઉત્તમ પદ કરજો.'** સરળ પ્રાણી, ભદ્ર જીવો, એ શબ્દનો કાંઈ મેળમાં અમેળ થતો હોય તો એનો લોપ કરીને ઉત્તમ પદ કરજો. એમ પોતાની નિર્માનતા બતાવી. શબ્દમાં, હોં! શબ્દની રીતની પદ્ધતિમાં. કોઈ કાનોમાત્ર કોઈ ફેરફાર હોય (તો ઉત્તમ પદ કરજો).

## શ્લોક-૩૧૧

(वसंततिलका)

यावत्सदागतिपथे रुचिरे विरेजे
तारागणैःपरिवृतं सकलेन्दुबिंबम्।
तात्पर्यवृत्तिरपहस्तितहेयवृत्तिः
स्थेयात्सतां विपुलचेतसि तावदेव।।३११।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ शुद्धोपयोगाधिकारो द्वादशमः श्रुतस्कन्धः ।।

समाप्ता चेयं तात्पर्यवृत्तिः ।

[શ્લોકાર્થ :–] જ્યાં સુધી તારાગણોથી વિંટળાયેલું પૂર્ણચંદ્રબિંબ ઉજ્જવળ ગગનમાં વિરાજે (શોભે), બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ ટીકા)—કે જેણે હેય વૃત્તિઓને નિરસ્ત કરી છે (અર્થાત્ જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે) તે—સત્પુરુષોના વિશાળ હૃદયમાં સ્થિત રહો. ૩૧૧.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધોપયોગ અધિકાર નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

આમ (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

## ગાથા–૩૧૧ ઉપર પ્રવચન

છેલ્લો કળશ–૩૧૧.

यावत्सदागतिपथे रुचिरे विरेजे
तारागणैःपरिवृतं सकलेन्दुबिंबम्।
तात्पर्यवृत्तिरपहस्तितहेयवृत्तिः
स्थेयात्सतां विपुलचेतसि तावदेव।।३११।।

**શ્લોકાર્થ :– 'જ્યાં સુધી તારાગણોથી વિંટળાયેલું પૂર્ણ ચંદ્રબિંબ...'** ચંદ્રની આસપાસ તારાગણો રહે છે. એવો જે ચંદ્ર એ સદા તેની ગતિના સુંદર માર્ગમાં બિરાજે છે. એ પૂર્ણ ચંદ્રનો ગોળો સદા તેની ગતિમાં ગમન કરે છે ને સદાય? ગતિના સુંદર માર્ગમાં શોભે છે. **'બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ ટીકા)—'** ચંદ્ર જ્યાં સુધી એની ગતિમાં શોભે છે ત્યાં સુધી આ ટીકા શોભો, એમ કહે છે. **'બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ**

**ટીકા)**—' તાત્પર્યવૃત્તિ છે ને? તાત્પર્યસાર **'કે જેણે હેય વૃત્તિઓને નિરસ્ત કરી છે...'** આખી ટીકામાં જે પુણ્ય અને પાપના વિકલ્પ, નિમિત્ત, એ બધાને જેણે હેય બનાવ્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, પરમાત્મ પોતાનું નિજ સ્વરૂપ સ્વભાવ, એને ઉપાદેય કરી એ સિવાય બીજી ચીજોને હેય બનાવી છે. ખરેખર તો અહીંયાં પર્યાયને હેય બનાવી છે. ૫૦ (ગાથામાં). એક જ ભગવાનઆત્મા અભેદ. પર્યાયનો ભેદ નહિ, ગુણનો ભેદ નહિ. કહ્યું છે ને? ક્ષાયિકભાવની પર્યાય પણ હેય છે. આહાહા..! એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યની પૂર્ણતા એમાં નથી, એથી એ પરદ્રવ્ય છે. અને પરભાવ છે. સ્વભાવ એકરૂપ ત્રિકાળ છે અને એક સમયનો પર્યાય આ સ્વભાવ એ પરભાવ છે. આ ઉપાદેય તો એ હેય છે. એમ આખી ટીકામાં આમ કહ્યું છે, કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'હેય વૃત્તિઓને...'** છોડવાયોગ્ય પરિણતિને **'નિરસ્ત કરી છે (અર્થાત્ જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે) તે—સત્પુરુષોના વિશાળ હૃદયમાં...'** સત્પુરુષોનાં વિશાળ જ્ઞાનમાં એ **'સ્થિત રહો.'** વૃત્તિઓને હેય કરી અને ત્રિકાળ જ્ઞાયકભાવને ઉપાદેય કરીને સ્થાપ્યો છે કે જ્ઞાનીના હૃદયમાં એ વાત રહો. ઓહોહો..!

લ્યો! એ 'નિયમસાર'નું વાંચન પૂરું થયું. પછી આમાં વધારે પોતે કહ્યું છે. છેલ્લું 'હિંમતભાઈ'નું નામ આમાં નાખ્યું હવે. છેલ્લું. બીજા ઓલામાં નહોતું નાખ્યું. પરાણે નાખ્યું ને? **'(અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધોપયોગ અધિકાર નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** આ બાર અધિકાર છે. **'આમ (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.'** લ્યો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)